Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# ગુરુકહાન । દૃષ્ટિમહાન

## (ભાગ-૫)



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

પ્રસ્તુતકર્તા :
**શ્રીમતી જયાબેન જયંતિલાલ ચમનલાલ દોશી-પરિવાર**
વઢવાણ / મુંબઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ જ્ઞાન : દૃષ્ટિ નિધાન

## (ભાગ–૫)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**

-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(સંપાદક : ગુજરાતી આત્મધર્મ )

**પ્રશમ જિતુભાઈ મોદી**

(સંપાદક : આત્મ-જાગ્રતિ )

-: પ્રકાશક :-

**શ્રીમતી જયાબેન જયંતીલાલ ચમનલાલ દોશી પરિવાર**

**પાર્લા-મુંબઈ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૩૦૦

વિ.સં. ૨૦૬૮ | વીર સં. ૨૫૩૮ | ઈ.સ. ૨૦૧૨

**-: પ્રકાશન તિથિ :-**

**સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશીની પ્રથમ પુણ્યતિથિ**

**શ્રાવણ વદ-૪ (તા. ૧૭-૦૮-૨૦૧૨)**

## : પ્રાપ્તિસ્થાન :

* **અક્ષય જે. દોશી**
૧૦૬-શ્રીપાલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
ઓસીવારા બ્રીજની બાજુમાં
એસ.વી. રોડ, જોગેશ્વરી (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૧૦૨**
**ટે. નં. : ૦૨૨-૨૬૭૯૬૬૪૧**

* **જિતુભાઈ નાગરદાસ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાનનગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો. નં. : ૦૯૬૬૨૫૨૪૪૬૦/ ૦૯૭૨૨૮૩૩૧૪૩**

* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૦૦૦૫૬**
**ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨**

* **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ, 'સ્વરુચિ',
સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ
**રાજકોટ-૩૬૦૦૦૫**
**ટે.નં. : ૦૨૮૧-૨૪૭૯૭૨૮**
**મો. નં. : ૦૯૩૭૪૧ ૦૦૫૦૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

**મુદ્રક :**
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જો કોઈ થયા હોય તો તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી જ પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શનશ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી— એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછીવધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગપ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાનઅધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસરાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશઅમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુજગત ઉપર પરમ ઉપકાર કર્યો છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં અમોએ ભાગ ૧, ભાગ ૨, ભાગ ૩ અને ભાગ ૪ પ્રસિદ્ધ કર્યાં જેનું શ્રવણપાન કરતાં ગુરુભક્તોએ ધ્યાન દોર્યું કે સીડીપ્રવચનનું શ્રવણ કરતી વખતે હાથમાં અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક હોય તો પ્રવચનોનો ભાવ વિશેષરૂપે સમજવો સરળ બને. તેથી અમોએ ગુરુભક્તોની ભાવના સાકાર કરવાનો નિર્ણય કર્યો અને તેને સફળ કરવા શ્રી જયસુખભાઈ ભાયાણી તથા શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા પરિવારે પ્રમોદ બતાવતાં ભાગ૧, ભાગ૨, ભાગ૩ તથા ભાગ૪ પુસ્તક પ્રકાશિત થયા. કેટલાય મંડળોમાં ભાગ૧, ભાગ૨, ભાગ૩ તથા ભાગ૪ની સીડી પ્રવચનોનો સભામાં સ્વાધ્યાય કરતાં મુમુક્ષુઓએ એટલો બધો પ્રમોદ વ્યક્ત કર્યો કે સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવારને ભાગ૫ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના થવાથી આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યાં છે.

આ પુસ્તકપ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શનશ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ.

—સંકલનકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં જીવન
વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા
પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૨૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ–૫ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

–સંકલનકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે— 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દામોદર શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે.....''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં **CD** યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર ‘અભિનંદન ગ્રંથ’ આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્સમાગમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી—નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર—ઉદ્દિષ્ટ ભોજન—પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? વિ.સં. ૧૯૯૪મા સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે''—એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !''—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ–૫)



| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નિયમસાર | ૩૮ | ૩૦-૦૧-૭૮ | ૫૨ | ૧ |
| ૨. | શ્રી નિયમસાર | ૩૮ | ૦૧-૦૨-૭૮ | ૫૩ | ૧૨ |
| ૩. | શ્રી કળશટીકા | ૨૧૫ | ૦૨-૧૧-૬૫ | ૨૦૭ | ૨૨ |
| ૪. | શ્રી સમયસાર | ૬ | રાજકોટ | R ૦૦૪ | ૩૫ |
| ૫. | શ્રી સમયસાર | ૬ | ૨૮-૦૪-૬૬ | R ૦૦૫ | ૪૮ |
| ૬. | શ્રી પ્રવચનસાર | ૪૯ | ૨૪-૦૨-૭૯ | ૪૯ | ૬૦ |
| ૭. | શ્રી નિયમસાર | ૧૬૫/૨૮૨ | ૦૧-૧૨-૭૧ | ૧૯૧ | ૭૩ |
| ૮. | શ્રી નિયમસાર | ૧૬૭ | ૦૩-૧૨-૭૧ | ૧૯૨ | ૮૬ |
| ૯. | શ્રી પ્રવચનસાર | ૧૩૯-૧૪૦ | ૨૮-૦૬-૭૫ | ૧૭૮ | ૯૯ |
| ૧૦. | શ્રી કળશટીકા | ૨૦૭ | ૧૩-૦૨-૭૮ | ૨૩૧ | ૧૧૨ |
| ૧૧. | શ્રી કળશટીકા | ૨૦૮ | ૧૪-૦૨-૭૮ | ૨૩૨ | ૧૨૫ |
| ૧૨. | શ્રી કળશટીકા | ૨૫૮ | ૨૨-૧૨-૬૫ | ૨૫૭ | ૧૩૯ |
| ૧૩. | શ્રી કળશટીકા | ૨૧૬ | ૨૪-૦૨-૭૮ | ૨૪૦ | ૧૫૪ |
| ૧૪. | શ્રી સમયસાર | ૪૯ | ૨૧-૦૯-૬૧ | ૭૪ | ૧૬૭ |
| ૧૫. | શ્રી પ્રવચનસાર | ૧૭૨ | ૨૦-૧૨-૭૭ | ૫૬ | ૧૮૧ |
| ૧૬. | શ્રી સમયસાર | ૭૯ | ૨૯-૦૫-૬૯ | ૧૫૧ | ૧૯૪ |
| ૧૭. | શ્રી સમયસાર | ૧૭-૧૮ | રાજકોટ | R ૦૨૫ | ૨૦૮ |
| ૧૮. | શ્રી સમયસાર | ૪૯ | ૧૫-૦૫-૮૦ | R ૦૪૭ | ૨૨૧ |
| ૧૯. | શ્રી પ્રવચનસાર | ૧૧૨ | ૦૭-૦૭-૭૯ | ૧૨૨ | ૨૩૪ |
| ૨૦. | શ્રી નિયમસાર | ૨૬-૨૭ | ૩૧-૦૩-૭૧ | ૨૯ | ૨૪૬ |
| ૨૧ | શ્રી ભાવપાહુડ | ૭૮-૭૯ | ૨૫-૧૦-૭૦ | ૧૨૩ | ૨૫૯ |
| ૨૨ | શ્રી ભાવપાહુડ | ૮૮-૮૯ | ૩૦-૧૦-૭૦ | ૧૨૭ | ૨૭૩ |
| ૨૩ | શ્રી સમયસાર | ૮૭-૮૮-૮૯ | ૧૫-૦૬-૬૯ | ૧૬૫ | ૨૮૫ |
| ૨૪ | શ્રી સમયસાર | ૯૨ | ૧૯-૦૬-૬૯ | ૧૬૮ | ૨૯૯ |
| ૨૫ | શ્રી સમયસાર | ૧૦૦ | ૦૨-૦૭-૬૯ | ૧૮૧ | ૩૧૧ |

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

**શ્રી પરમાત્મને નમઃ**

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

**( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )**

**(ભાગ–૫)**

❖ ❖ ❖

## શ્રી નિયમસાર, ગાથા–૩૮, પ્રવચન નં. ૫૨

**તા. ૩૦-૧-૧૯૭૮**

**[૧]**

'નિયમસાર' અધિકાર ત્રીજો. જીવ-અજીવ બે અધિકાર આવી ગયા છે. શુદ્ધભાવ અધિકાર. આ શુદ્ધભાવ એટલે? જે પુણ્ય અને પાપના અશુદ્ધભાવ, એ રહિત જે શુદ્ધભાવ, પર્યાય નહિ, આ શુદ્ધભાવ ત્રિકાળની વાત છે. શુભ અને અશુભભાવ જે અશુદ્ધ છે એ અપેક્ષાથી આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ શુદ્ધ છે, પણ એ શુદ્ધ આ ભાવ નહિ, એ આ શુદ્ધભાવ અધિકાર નહિ. આ શુદ્ધભાવ અધિકાર તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને કહે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધભાવ એ પર્યાય છે. સમ્યગ્દર્શન નિશ્ચય હો, વ્યવહારનય તો અશુદ્ધમાં ગયો. નિશ્ચય સમ્યગ્દર્શન આત્માનું ધ્રુવસ્વરૂપ જે ત્રિકાળી, એને અહીં શુદ્ધભાવ કહે છે. એના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે નિર્મળ પર્યાય–મોક્ષનો માર્ગ (પ્રગટ થયો) એ શુદ્ધપર્યાય અહીંયાં નથી (લેવી). અહીંયાં તો શુદ્ધપર્યાય પણ હેય છે. આશ્રય કરવા લાયક નથી એમ કહેવું છે. આહાહાહા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિમિત્ત તો હેય છે, નિમિત્ત તરફનો શુભ-અશુભભાવ પણ હેય છે, પણ પર્યાયમાં જે દ્રવ્યના આશ્રયથી શુદ્ધ મોક્ષનો માર્ગ ઉત્પન્ન થાય છે–ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ. ઉદયભાવ તો અશુદ્ધમાં ગયા. હવે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ, જે **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'**. એ નિર્મળ પર્યાયને પણ અહીં હેયમાં નાખે છે. એ અધિકાર નહિ. અહીં તો શુદ્ધભાવનો અધિકાર, ત્રિકાળી વસ્તુ છે. એ શુદ્ધભાવ અધિકાર.

**जीवादिबहित्त्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।**

નીચે હરિગીત :

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે;**
**—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

**'ટીકા :– આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** છોડવાલાયક શું છે? આશ્રય કરવા લાયક શું છે? અને ઉપાદેય - આશ્રય કરવાલાયક કોણ છે? એનું અહીં કથન છે. છે? સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહા..! **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** એની વ્યાખ્યા. **'જીવાદિ સાત તત્ત્વો...'** એ કોણ જીવ? - પર્યાય. વ્યવહારજીવ. પુણ્ય-પાપનો ભાવ તો ઉદયભાવમાં અશુદ્ધ છે. એ બહિર્તત્ત્વ છે. પણ અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શુદ્ધ આનંદનો સ્વાદ આવ્યો એ પર્યાય પણ જીવની બહિર્તત્ત્વ છે. એ જીવરૂપ પર્યાય બહિર્તત્ત્વ છે. ત્રિકાળી આત્મા અંતઃતત્ત્વ છે. આહા..હા...! સમજાણું કાંઈ?

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ....'** જીવની પર્યાય અહીં જીવમાં લેવી. પર્યાય પછી ઉદયની હોય કે ઉપશમ કે ક્ષાયિક કે ક્ષયોપશમની હોય, એ બહિર્તત્ત્વમાં જાય છે. આહા..હા...! એ **'જીવાદિ સાત તત્ત્વો...'** સંવર, નિર્જરા અને મોક્ષ, એ પણ બહિર્તત્ત્વમાં જાય છે. આહા..હા...! કેમ કે એનો આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક તો ત્રિકાળી ભાવ છે. જેથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય એવો ત્રિકાળી ભાવ એ એક ઉપાદેય છે. આહા..હા...! સમજાણું કાંઈ? પાંચ ભાવ છે ને પાંચ ભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પારિણામિકભાવ, તો એ પારિણામિકભાવરૂપ જે ત્રિકાળી ધ્રુવ, એ સિવાય. સિવાયને હિન્દીમાં શું કહેવાય? અલાવા. હિન્દી બહુ આવડતું નથી. એ સિવાય ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક આદિ જે ચાર ભાવ છે એ જીવાદિ બહિર્તત્ત્વમાં જાય છે. આહા..હા...! 'યશપાલજી'! ઝીણી વાત છે, ભગવાન! આહા..હા...!

તારું રૂપ તો ભગવાન છે ને, નાથ! આહા..હા...! પરમાત્મસ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન; મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' એ કડી 'સમયસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નાટક'ની છે. 'ઘટ ઘટ અંતર જિન વસે,...' આત્મા ત્રિકાળી જિનસ્વરૂપ જ છે. આહા..હા...! વીતરાગ અકષાયમૂર્તિ પ્રભુ છે. એ પરમપારિણામિકભાવ કહો, જ્ઞાયકભાવ કહો, ધ્રુવભાવ કહો, સામાન્યભાવ કહો, એકરૂપભાવ કહો એને અહીં શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી આ જીવાદિ બાહ્યતત્ત્વ હેય. ભિન્ન છે. આહા..હા...! નિમિત્ત તો હેય છે જ કેમકે પરદ્રવ્ય છે. પરદ્રવ્ય તો પોતાને ક્યારે સ્પર્શતો નથી અને પોતાની પર્યાય પરદ્રવ્યને ક્યારેય સ્પર્શી નથી. પણ એને જે સ્પર્શે છે એ પર્યાય પર્યાયમાં રાગાદિ ભાવ, વિકાર, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, એ અશુદ્ધભાવમાં જાય છે. એ પણ બહિર્તત્ત્વ છે. અને સ્વભાવના આશ્રયે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! 'ઘટ ઘટ અંતર જિન વસે, અને ઘટ ઘટ અંતર જૈન...' અંતરમાં જે સ્વરૂપ પૂર્ણ છે એનો અનુભવ થયો, એના આશ્રયથી વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ એ જૈનપણું. પણ એ જૈનપણું પણ પર્યાય છે. એને અહીં જીવાદિ તત્ત્વોમાં હેય કહેવામાં આવ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ?

**'જીવાદિ...'** એટલે એની પર્યાય – ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કે ઉદય, એ જીવ પર્યાય. અજીવ શરીરાદિ, કર્મ આદિ, પુણ્ય-પાપ – આસ્રવ, બંધ – રાગમાં રોકાવું અને સંવર, નિર્જરા, મોક્ષ. એ બધા જીવાદિ તત્ત્વોમાં અહીંયા પુણ્ય-પાપને જુદાં નથી પાડ્યા પણ આસ્રવમાં નાખ્યા છે. માટે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** આહા..હા...! એ તો પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી. આહા..હા...! આ કથની તો જુઓ! વીતરાગી સંત સિવાય આવી વાત ક્યાંય નથી. એ અંતરની વાત છે. સમજાણું કાંઈ? અહીંયાં તો હજી વ્યવહારરત્નત્રય સમ્યગ્દર્શન વિના, આત્મા અનુભવ વિનાના વ્રત અને તપ સાધન છે અને એનાથી સાધ્ય–નિશ્ચય થાય છે. શાસ્ત્રમાં આવે છે, ભિન્ન સાધ્ય-સાધન. એ તો સમજાવવાની ચીજ કહી. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું કે ત્યાં ક્યો ભાવ હતો. અરે..! પ્રભુ!

અહીં તો કહે છે કે ક્ષાયિક સમકિત હોય અને કેવળજ્ઞાન હોય, મોક્ષતત્ત્વની પર્યાય ક્ષાયિકભાવે જે હોય, એ પણ જીવાદિ તત્ત્વ પરદ્રવ્યમાં જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** આહા..હા..! અંદર ઘણે ઠેકાણે આવે છે. ૧૦૫ પાને છે, ૧૯૯મા છે. ચાર-પાંચ ઠેકાણે છે. એ તો પરદ્રવ્ય છે. આહા..હા...! કેમ કે જેમાંથી નવી પર્યાય ઉત્પન્ન ન થાય, જેમ પરદ્રવ્યમાંથી પોતાની વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ ન થાય, એમ પર્યાયમાંથી નિર્મળ પર્યાય પ્રગટ ન થાય. તો એ પર્યાયને અહીં પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. શું કહે છે ?

ફરીથી, જેમ પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યથી પોતાની કોઈ નિર્મળ પર્યાય ઉત્પન્ન નથી થતી કેમ કે પરદ્રવ્ય ભિન્ન છે. એમ પોતાની નિર્મળ પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય એમાંથી ઉત્પન્ન નથી થતી અને એના આશ્રયે ઉત્પન્ન નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાય જે છે, નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય અને એનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપેય. આ તો ઉપાય. ઉપેય-મોક્ષ એ પણ પર્યાય છે. એ પણ ક્ષાયિકભાવની (પર્યાય છે). પંચમ પારિણામિકભાવ દ્રવ્યની, ક્ષાયિકભાવની પર્યાય છે. તો એ પર્યાયને પણ અહીં પરદ્રવ્ય કીધી છે.

**શ્રોતા :–** આવું ઝીણું સમજવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ વિના એ તત્ત્વ પક્કડમાં નહિ આવે. ભગવાન ! તું અંદરમાં કેવો છો ? એ તો આનંદનું દળ છે, અતીન્દ્રિય આનંદનું દળ છે. આહા..હા...! સવારે નહોતું કહ્યું ? શક્કરકંદની વાત કહી હતી ને ? સવારે કહ્યું હતું? આજે નહિ, કાલે કહ્યું હતું. એ શક્કરકંદ નથી હોતા? અમારે શક્કરિયા કહે છે. ઉપરની જે લાલ છાલ છે, એ સિવાય જુઓ તો શક્કરકંદ છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ છે. લાલ છાલ હોય છે ને ? આ વૈષ્ણવ શિવારાત્રીમાં બહુ ખાય છે. છે તો કંદમૂળ, એમાં અનંત જીવ છે. પણ અહીં કહે છે કે લાલ છાલ, છાલ કહે છે? ઉપરની છાલ એ ન જુઓ તો આખું દળ છે એ તો સાકરનો કંદ છે, સાકરની મીઠાશનો પિંડ છે.

એમ ભગવાનઆત્મા... આહા..હા...! પુણ્ય અને પાપ, દયા અને દાનના વિકલ્પ છે એ તો ઉપરની છાલ છે, છાલ છે. એ છાલની નીચે જુઓ તો જેમ સાકરનો પિંડ છે એમ આ અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. આહા..હા...! એ અતીન્દ્રિય આનંદનો પિંડ છે, એ સ્વદ્રવ્ય છે. એ સિવાય બીજી કોઈપણ પર્યાય હોય, ક્ષાયિકભાવની પર્યાય હોય, ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ક્ષાયિક સમકિત હોય એને તો અહીં બહિર્તત્ત્વમાં નાખ્યા છે, કેમ કે એનો આશ્રય કરવાથી લાભ નથી થતો. એ છે તો લાભરૂપ પણ એનો આશ્રય કરવાથી એ પર્યાય છે માટે વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીંયા કહે છે, **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...'** પર્યાયનો સમૂહ, હોં ! પર્યાયનો સમૂહ એ. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ – એ પર્યાયનો સમૂહ **'પરદ્રવ્ય હોવાને લીધે...'** આહા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ વાત આવી. ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં (આ વાત આવી છે). સભામાં તો ઇન્દ્રો એકાવતારી બેઠા છે. શક્રેન્દ્રિય એક અવતારી એક ભવે મોક્ષ જનારા છે. સુધર્મ એકભવતારી છે. છેલ્લા ભવમાં મનુષ્ય થઈને મોક્ષે જશે. એની પત્નિ ઇન્દ્રાણિ પણ એકભવતારી છે. સભામાં એ હતા અને ગણધર સંતો હતા. એ સભામાં ભગવાનની વાણીમાં આ આવ્યું. આહા..હા...!

પ્રભુ ! તું કોણ છે ? તું પર્યાય જેવડો છો ? આહા...! તું રાગ જેટલો છો ? આહા..હા...! અને પર્યાયને તો વ્યવહારઆત્મા કહેવામાં આવે છે. આહા..હા...! જે અગિયારમી ગાથામાં કહ્યું. **'ववहारो अभूदत्थो'**. પર્યાય માત્ર અભૂતાર્થ કીધી, જૂઠી કીધી. જૂઠીની અપેક્ષા શું ? કે મુખ્ય ધ્રુવની દૃષ્ટિ કરાવવા મુખ્યને નિશ્ચય કહ્યો અને પર્યાય છે તો ખરી પણ ગૌણ કરીને, વ્યવહાર કહીને નથી એમ કહી છે. એ નથી એમ નથી. ગૌણ કરીને, વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરીને અભૂતાર્થ કહી છે. ૧૧મી ગાથા. આહા..હા...! એ વાત અહીં લીધી છે કે જેટલી વ્યવહાર અભૂતાર્થ પર્યાય છે એ બધી પરદ્રવ્ય છે. આહા..હા...!

**'હોવાને લીધે...'** કારણ આપ્યું. કેમ ઉપાદેય નથી ? પાઠમાં તો હેય છે, પાઠમાં હેય છે–**'बहित्त्वं हेयं'**. પણ અર્થ એવો કર્યો કે **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** એમ લીધું. પાઠમાં હેય છે. સમજાણું કાંઈ ? પણ હેય છે એ એનો હેતુ બતાવવો હતો કે એ ઉપાદેય નથી, એ આશ્રય કરવા લાયક નથી; એ કારણે હેયનો અર્થ ઉપાદેય નથી એમ કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** અહીં તો ક્ષાયિક નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કીધી. આહા..હા...! કેમ કે આ શુદ્ધભાવ અધિકાર છે ને આ? ત્રિકાળી શુદ્ધનો પિંડ જે પ્રભુ છે, એ સ્વદ્રવ્ય છે. એ અપેક્ષાથી પર્યાય માત્રને બહિર્તત્ત્વ કહીને પરદ્રવ્ય કહી છે. આહા..હા...! આવું છે, પ્રભુ ! અરે..રે..! આમાં કોની સાથે ચર્ચા કરવી, વાત કરવી ?

લોકો આ સમજે નહિ અને પછી માને કે એકાંત અમારું છે. કરો બાપુ! તમે પણ ભગવાન છો. અંદર તો ભગવાન છો, ભાઈ! અંદર તો ભગવાન સ્વરૂપ છો. એ તો પર્યાયમાં તારી ભૂલ છે અને તે પણ એક સમયની ભૂલ છે. એક સેકન્ડનો અસંખ્યમો ભાગ, એમાં એક સમયની ભૂલ. ભગવાન ત્રિકાળી તો નિર્ભૂલ ભગવાન સ્વરૂપ છે. આ શુદ્ધભાવ (કહ્યો તે). આહા..હા...!

**શ્રોતા :–** ભૂલનો ટાઈમ થોડો પણ જોર કેટલું !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જોર એ તો એક સમય જ રહે છે. સંસારની પર્યાય એક સમય જ રહે છે. બીજા સમયે બીજી, ભલે એવીને એવી (થાય) પણ બીજી (થાય). અરે..! કેવળજ્ઞાન પણ એક સમયે જે ઉત્પન્ન થાય છે તે બીજા સમયે એ નથી હોતું. એવું પણ એ નહિ. આહા..હા...! એ કારણે પર્યાયને બહિર્તત્ત્વ કહી છે. સમજાણું કાંઈ ? ઝીણું પડે, પ્રભુ ! પણ શું કરે ? માર્ગ તો જે છે એ છે. સમજમાં ન આવે એટલે ન ચાલે એથી કાંઈ માર્ગ બીજો થઈ જાય છે ? આ તો અનંત કેવળીઓ, અનંત તીર્થંકરો (કહે છે). ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો કદી વિરહ નથી હોતો. શું કીધું? ત્રણે કાળ ત્રિકાળ છે. તો ત્રિકાળ વસ્તુ જ્ઞેય છે ને ? તો ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો કદી વિરહ નથી હોતો. અનાદિથી સર્વજ્ઞ છે, અનાદિથી ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો ક્યારેય વિરહ નથી હોતો. આહા..હા...! સર્વજ્ઞ પ્રગટ, હોં ! આહા..હા...!

અહીં એ સર્વજ્ઞ પરમાત્માની વાણી છે. ચાહે તો વર્તમાન ભગવાન હો, ચાહે તો ભૂતના ભગવાન હો, ચાહે તો ભવિષ્યના (હો). એ અહીં કહ્યું હતું ને ! હમણા એક તકરાર થઈ હતી, ભાઈ ! એક 'જયસાગર' સાધુ છે ને ? અહીંયાં આપણે ણમો લોએ સવ્વ અરિહંતાણં કહ્યું ને ? એમાં એણે ભૂલ કાઢી કે આ ણમો લોએ સવ્વ અરિહંતાણં કેમ કહ્યું ? પાઠમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ણમો અરિહંતાણં છે. આ છાપામાં આવ્યું હતું, જૈનસંદેશમાં કે ક્યાંક આવ્યું હતું.

**શ્રોતા :–** નમો સવ્વ સાહુણં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અરે..! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એમ 'ધવલ'માં પાઠ છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. અમે બોલીએ છીએ તો છેલ્લે બોલીએ છીએ. ચારમાં નથી બોલતા. છેલ્લે બોલીએ છીએ કે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એ અંત દીપક છે. અંતદીપક એટલે છેલ્લે કહ્યું. પણ પાંચેમાં લાગુ પડે છે. ણમો લોએ સવ્વ... પણ એ બધાને લોએ થાયને એ જાણે બધા સાધુ આવી જાય છે ? જૈન સિવાય અન્ય સાધુ પણ આવી જાય, એમ નથી. અને અન્યમાં તો કોઈ માર્ગ જ નથી ને ! પ્રભુ ! શું કહીએ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમ્યગ્દર્શન નથી હોતું, ગ્રહિત મિથ્યાદર્શનમાં છે. શું કહે ? લોકોને દુઃખ લાગે. ભાઈ ! શ્વેતાંબર પંથ પણ ગ્રહિત મિથ્યાદૃષ્ટિ છે. જૈન ધર્મના હજારો બોલ ફેરવી નાખ્યા. પંડિતજી ! એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પાંચમાં અધ્યાયમાં છે ને? અન્યમતમાં નાખ્યા છે. દુઃખ લાગે માટે નહિ, આ તો સત્ય છે, પ્રભુ! તું આત્મા છો, પ્રભુ! તને દુઃખ લાગે નહિ પણ વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા...! પાંચમો અધ્યાય છે ને ? મોક્ષમાર્ગ અધિકાર, અન્યમત અધિકાર. એમાં વેદાંત, વૈશેષિક, સાંખ્ય, ઇસ્લામ, સ્થાનકવાસી, શ્વેતાંબર બધાંને અન્યમતમાં નાખ્યા છે. આહા..હા...! આ તો વસ્તુસ્થિતિ છે. દિગંબર ધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ જે અનાદિ છે પર્યાય અને દ્રવ્ય, નિમિત્ત અને ઉપાદાન... આહા..હા...! જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું જાણ્યું છે એવું વાણીમાં આવ્યું છે. સંતોએ અનુભવ કરીને એ રીતે રચના કરી. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેટલાક લોકો એમ કહે કે જુઓ ! આમ કહીને પછી શ્વેતાંબરમાં બધાને લઈ જશે. વળી એમ કહે. અર...ર...! પ્રભુ ! તું શું કરે છે ? ભાઈ ! અરે..! ભગવાન તું શું કરે છે ? ભાઈ ! અમે તો શ્વેતાંબરને બધાને જાણ્યા છે. આ બધા બનાવી અને પછી વસ્ત્ર સહિત છે ને ? પણ ભાઈ ! અમે મુનિ ક્યાં છીએ ? સમજાણું કાંઈ ? પછી બધાને શ્વેતાંબર બનાવી દેશે. ભગવાન ! એવા તર્ક ન હોય, ભાઈ ! આહા..હા...! આ તો વસ્તુનું સ્વરૂપ છે, પ્રભુ!

૭૨ ગાથામાં છે. પંડિતજી ! 'સમયસાર'ની ૭૨ ગાથા છે ને કર્તા-કર્મની ? એમાં તો એમ લીધું છે કે પુણ્ય અને પાપભાવ અશુચિ છે. એમ કહીને ટીકાકાર ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' ભગવાનઆત્મા નિર્મળ છે એમ લીધું છે. ટીકામાં ભગવાન કહ્યા છે. બધાને ભગવાન કીધા છે. ત્રણ બોલ લીધા છે. અશુચિ, જડ અને દુઃખ. ૭૨ ગાથામાં છે. આ 'નિયમસાર' છે. 'સમયસાર'માં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુણ્ય અને પાપ વ્યવહારત્રય પણ એ અશુચિ મેલ છે. તો એની સામે આમ પ્રભુ ભગવાનઆત્મા, એમ સંસ્કૃત ટીકામાં કહ્યું છે. ભગવાનઆત્મા ત્રિકાળ, હોં ! નિર્મળાનંદ પ્રભુ છે. આ શુદ્ધભાવ છે. બીજો બોલ એમ લીધો કે પુણ્ય અને પાપનો ભાવ.. પ્રભુ ! એ જડ છે. કેમ ? – કે ચૈતન્યનો, આનંદના અંશનો એ રાગમાં અભાવ છે. આહા..હા...! પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો. રાગ ચાહે તો વ્યવહારરત્નત્રયનો, મહાવ્રતનો હોય, પણ એ રાગ જડ છે. કેમ ? – કે ભગવાનઆત્મા ચૈતન્ય વિજ્ઞાનઘન છે, એમ લીધું છે. બીજો બોલ લીધો છે. ત્યાં પણ ભગવાન કહ્યું. અને જડ કેમ ? ભગવાન જ્ઞાન અને આનંદ સ્વરૂપ પ્રભુ છે, તો એનો અંશ રાગમાં નથી. સૂર્યના કિરણમાં સૂર્યનો પ્રકાશ આવે છે. તો આત્માના કિરણમાં નિર્મળતા હોવી જોઈએ. આ મલિનતા છે એ જીવ નથી, એ અજીવ છે, જડ છે. ભગવાનઆત્મા... ટીકામાં ત્રણવાર ભગવાન ભગવાન લીધું છે. આહા..હા...! એ તો વિજ્ઞાનઘન છે ને, પ્રભુ! એ તો ચૈતન્ય છે અને વ્યવહાર તો અચેતન – જડ છે.

ત્રીજો બોલ. એ પુણ્ય-પાપનો ભાવ, દયા-દાન, વ્રતાદિનો ભાવ એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ ? 'સમયસાર'ની ૭૨ ગાથા જોઈ લેજો. ૭૨મા છે. પછી ૭૪ ગાથામાં વિસ્તાર ઘણો છે. આ તો ટીકામાં ભગવાન .... એટલે વાત કરી. ભગવાનઆત્મા... આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' તો એમ કરીને બોલાવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં કહે છે કે ભગવાન જે ત્રિકાળી સ્વદ્રવ્ય છે, એ સિવાય **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...'** કારણ આપ્યું. **'પરદ્રવ્ય હોવાને લીધે...'** જીવાદિ તત્ત્વ–પર્યાય, હોં ! આ પર્યાયની વાત છે. **'સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** આહા..હા...! કેવળજ્ઞાનની પર્યાય ઉપાદેય નથી. કેવળજ્ઞાન છે એની તો આ વાત નથી. આ તો સાધક જેને નય છે એની વાત છે. તો નય તો શુદ્ધજ્ઞાનીને હોય છે. નિશ્ચય અને વ્યવહાર તો શ્રુતજ્ઞાનનો ભાગ છે. શ્રુતપ્રમાણ છે એ અવયવી છે અને નય–નિશ્ચય અને વ્યવહાર એના અવયવો છે. અહીં કેવળીની વાત નથી, કેવળી તો પૂર્ણ થઈ ગયા. પણ નિશ્ચયવાળાને કેવળજ્ઞાનની પર્યાય પણ... આહા..હા...! બહિર્તત્ત્વ છે. કેમ કે એનું લક્ષ નથી કરવાનું. આહા..હા...! સમજાણું કાંઈ ? તેથી ઉપાદેય નથી.

**'પરદ્રવ્ય હોવાને લીધે (વાસ્તવમાં) ખરેખર ઉપાદેય નથી.'** **'जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम् ।'** એ સંસ્કૃત છે. આહા..હા..! 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ છે. મુનિરાજ, ભાવલિંગી સંત. મુનિના ભાવલિંગના લક્ષણો કયા ? તીવ્ર આનંદનું સ્વસંવેદન જેની મહોર-છાપ છે એ ભાવલિંગ મુનિનું છે. દ્રવ્યલિંગ હો, પંચ મહાવ્રતના વિકલ્પ હો, નગ્નપણું હોય છે તો એમ જ હોય છે, બીજું નથી હોતું. પણ એ વસ્તુસ્થિતિ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં તો ભાવલિંગને પણ... 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે, ભાવલિંગ છે એ આત્મા નથી. ત્રિકાળીની વાત લેવી છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, આવે છે ને. 'પરમાત્મપ્રકાશ' છે. બધું જોયું છે. એકવાર નહિ, અનેકવાર જોયું છે. આહા..હા...!

અહીં તો કહે છે, **'પરદ્રવ્ય હોવાને લીધે...'** એમ કારણ આપ્યું. **'ખરેખર ઉપાદેય નથી.'** આહા..હા...! હજી તો અહીંયાં વ્યવહાર, રાગની ક્રિયાને સમ્યગ્દર્શન વગર ઉપાદેય બનાવવું છે. પ્રભુ ! એ વિરુદ્ધ છે. તારી વીતરાગતા એમાં ઉત્પન્ન નહિ થાય. આહા..હા...! તું વીતરાગ સ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ છે માટે એમાંથી વીતરાગતા ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ ? જિનસ્વરૂપ જ છે. તો જિનસ્વરૂપ પરિણતિમાં પર્યાય પ્રગટ થશે. કોઈ ચીજ બહારથી નથી આવતી. પણ અહીં ત્યાં સુધી કહ્યું કે જિનસ્વરૂપ જે ત્રિકાળ છે એનો અનુભવ થયો, એ પણ પર્યાય છે અને એનો આશ્રય કરવા લાયક નથી એ કારણે ઉપાદેય નથી. આહા..હા...! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન ! ભાષા કોઈ સંસ્કૃત, વ્યાકરણ અને આકરી નથી. ચાર ચોપડી ભણ્યા હોય તો ખ્યાલમાં આવી જાય. આમાં કોઈ વ્યાકરણ અને સંસ્કૃતની જરૂર નથી. આહા..હા...! અંતરના સંસ્કારની જરૂર છે. એક વાત.

હવે કહે છે, **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...'** પોતે મુનિ છે ને ? પોતે મુનિ છે તો મુનિથી વાત લીધી છે. મુનિ કેવા હોય છે ? અથવા મુનિ કહે કે અમે કેવા છીએ ? – કે **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...'** **'શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રતન.'** વૈરાગ્ય, પરથી ઉદાસ... ઉદાસ... ઉદાસ... જેનું ઉદાસીન – ઉત્ + આસન. ઉત્ - આસન. ઉદાસીન. દૃષ્ટિ ધ્રુવમાં પડી છે. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ પણ પરથી ઉદાસ છે પણ ત્રણ કષાયનો ભાવ હજી છે. પણ મુનિને તો ત્રણ કષાયનો અભાવ છે, સંજ્વલનનો એક (કષાય) છે પણ એનાથી પણ ઉદાસ છે. એ સહજ સ્વભાવિક વૈરાગ્ય કોને હોય છે ? – કે જેને સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર હોય તેને વૈરાગ્ય હોય છે. આમ બાયડી, છોકરા, કુટુંબ છોડી દીધા માટે વૈરાગ્ય છે એ વૈરાગ્ય નથી. પુણ્ય-પાપના અધિકારમાં તો એમ કહ્યું કે વૈરાગ્ય તેને કહીએ કે જે પુણ્ય અને પાપથી વિરક્ત હોય અને સ્વભાવમાં રક્ત હોય, એ અસ્તિ અને વિરક્ત હોય એ નાસ્તિ, એને વૈરાગ્ય કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત છે.

**'સહજ વૈરાગ્યરૂપી મહેલ...'** એનું શિખર. શિખર ઉપરનું રત્ન, ચૂડામણિ. એવા **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** એ બાજુ છે. મુનિરાજ તો પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહા..હા...! પહેલાં પરદ્રવ્ય કહ્યા ને ? **'જીવાદિ સાત તત્ત્વો પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** તો નાસ્તિથી કહે છે. અસ્તિથી તો કહ્યું. એ **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** આહા..હા...! સ્વદ્રવ્યમાં પર્યાયના પ્રકાર–ભેદ પડ્યા એ પરદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય નથી, માટે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. ધર્માત્મા સંતો સમ્યગ્દૃષ્ટિ છે પણ એ નીચલા દરજ્જાની અનુભૂતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આ ઉત્કૃષ્ટ અનુભૂતિ છે. સમજાણું કાંઈ ? ચોથા ગુણસ્થાનમાં અનુભૂતિ છે, આનંદનો અંશ છે, પણ હજી જે દશા પંચમની હોવી જોઈએ તે નથી અને મુનિની હોવી જોઈએ તે નથી; એટલે ઉગ્ર વૈરાગી તો એને ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...'** નીચે છે. **'ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.'** કલગી હોય ને એનું રતન. એ **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** આહા..હા...! પહેલાં તો સાત તત્ત્વોને પરદ્રવ્ય કહ્યા. ગજબ વાત કરે છે. આહા..હા...! મુનિરાજ તો એને કહીએ... અરે..! સમ્યગ્દષ્ટિ પણ એને કહીએ... આહા..હા...! **'પરદ્રવ્યથી પરાઙ્મુખ છે,...'** સ્વદ્રવ્યથી સન્મુખ છે અને પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહા..હા...! આટલી શરતો છે. આટલી શરતે સમ્યગ્દર્શન અને મુનિપણું થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ?

**'સહજ વૈરાગ્યરૂપી શિખરનો જે શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** આહા..હા...! એ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાયને અહીં પરદ્રવ્ય કહીને પરદ્રવ્યથી પરાઙ્મુખ છે એમ કહે છે. આહા..હા...! શેઠ ! 'માણેકચંદજી શેઠ' ! પૂછ્યું હતું, પહેલાં આવ્યા હતા. મેં પંડિતજીને પૂછ્યું હતું. અહીં આવી ગયા હતા પહેલાં. નામ યાદ નથી. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! મુનિરાજ અથવા સમ્યગ્દષ્ટિ જીવ પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. આહા..હા...! આ શુદ્ધભાવ અધિકાર છે ને ? શુદ્ધભાવ જે ત્રિકાળ ધ્રુવ, એનું લક્ષ ક્યારેય એમાંથી છૂટતું નથી. આહા..હા...! ચાહે તો શુભરાગ હોય, અશુભરાગ હોય પણ ધ્રુવના ધ્યાનના ધ્યેયથી એનું લક્ષ ક્યારેય છૂટતું નથી. આહા..હા...! એ કારણે અહીં કહે છે કે મુનિને વિશેષ વૈરાગ્ય, મહાવૈરાગ્ય (છે). આહા..હા...!

મુનિરાજ તો અંતર પ્રચુર આનંદના વેદનમાં મશગુલ પડ્યા છે, અતીન્દ્રિય આનંદમાં. તેથી પરદ્રવ્યથી તો પરાઙ્મુખ છે. આહા..હા...! એ ૪૯ (મી ગાથાના છ) બોલ આવી ગયા ને, ભાઈ! આપણે. ૪૯ ગાથા. 'સમયસાર' (ની ગાથાના છ) એના છ બોલ અવ્યક્તના છે. તો એમાં એક બોલમાં એમ કહ્યું કે વ્યક્ત-અવ્યક્તને, વ્યક્ત નામ પર્યાય અને અવ્યક્ત નામ દ્રવ્ય, બેનું એક સાથે જ્ઞાન હોવા છતાં વ્યક્તને સ્પર્શતો નથી, એ કારણે એને અવ્યક્ત કહેવામાં આવે આવે છે. એ પાંચમો બોલ છે. છ બોલના વ્યાખ્યાન હમણા ચાલી ગયા. અવ્યક્તના છ બોલ છે. સાત વ્યાખ્યાન થઈ ગયા. એક-એકનો... ૧૦૧ વ્યાખ્યાન ઘણા સૂક્ષ્મ થઈ ગયા. આખા ૪૭ નય, ૪૭ શક્તિ, અલિંગગ્રહણના ૨૦ બોલ, છ અવ્યક્ત (ના બોલ) અને દસ બોલ 'શ્રીમદ્'ના. દસ બોલ કાલે પૂરા થઈ ગયા. ૧૦૧ વ્યાખ્યાનનું એકસાથે પુસ્તક થાશે. એમાં આ થોડું 'જીતુભાઈ' (સંકલનકાર) એ માગ્યું કે ૩૮મી ગાથા થોડી વાંચો. કાલે અમે નક્કી કર્યું.

**'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત...'** આહા..હા...! 'સમયસાર'ની ૩૧મી ગાથામાં આવ્યું ને ? **'जो इंदिये जिणित्ता'** એની વ્યાખ્યા શું ? સંસ્કૃત ટીકામાં એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લીધું છે. **'जो इंदिये जिणित्ता'**. આ દ્રવ્યઇન્દ્રિય જડ, ભાવઇન્દ્રિય–એક-એક વિષયને જાણનારી અને ભગવાનની વાણી અને સ્ત્રી, કુટુંબ અને ભગવાન એ ઇન્દ્રિય છે. ત્રણેને ઇન્દ્રિય કહ્યું છે. સંસ્કૃત ટીકામાં 'અમૃતચંદ્રાચાર્યે' ત્રણેને ઇન્દ્રિય કહ્યું છે. અનિન્દ્રિય ભગવાનઆત્મા.. આહા..હા...! જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય – આ પણ ઇન્દ્રિય, એક-એક ખંડ-અંશ વિષયને જાણે છે અને ઇન્દ્રિયનો વિષય છે તેને પણ ત્યાં ઇન્દ્રિય કહ્યું છે. **'जो इंदिये जिणित्ता'** **'જે ઇંદ્રિયોને જીતીને..'** નામ ત્રણે દ્રવ્યન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષય, તેને જીતીને એટલે લક્ષ છોડીને. ત્રણેનું લક્ષ છોડીને... આહા..હા...! **'અધિક આત્માને જાણે છે...'** **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।'** આ મૂળ પાઠ છે. **'ઇંદ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ...'** ભગવાન ત્રિકાળ ચૈતન્યબ્રહ્મ, પ્રભુ ! **'णाणसहावाधियं मुणदि आदं।'** આત્માને એનાથી ભિન્ન જાણે છે. આહા..હા...! એને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. આ ઇન્દ્રિયોમાં વિષય ન લીધા અને શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એ ઇન્દ્રિયને જીતી નથી. સમજાણું કાંઈ?

શરીરથી બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું છે. 'છ ઢાળા'માં આવે છે ને ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર...' નગ્ન મુનિ, દિગંબર મુનિ, પંચ મહાવ્રત ધરનાર, અઠ્યાવીસ મૂળગુણ પાળનાર... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો ? – કે એ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના ભાવ છે એ દુઃખ છે, વિકલ્પ છે, રાગ છે, દુઃખ છે. આત્મજ્ઞાન વગર સુખ ન પામ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,...' અને લિંગ પાહુડમાં તો એમ કહ્યું કે દ્રવ્યલિંગ એવું ધારણ કરી કોઈ ક્ષેત્ર બાકી નહિ હોય કે એણે અનંત જન્મ-મરણ નહિ કર્યા હોય. દ્રવ્યલિંગ ધારણ કરવા છતાં પણ...! કારણ કે એ કોઈ ચીજ નથી. પંચ મહાવ્રતનાં પરિણામ – મહાવ્રતના વિકલ્પ અંતર સમ્યગ્દર્શન, સ્વદ્રવ્યના અનુભવ વગર આનંદ આવતો નથી અને સ્વદ્રવ્યના અનુભવ વગર બધું પરદ્રવ્ય છે. પંચ મહાવ્રત આદિ તો દુઃખરૂપ છે. આહા..હા...! મોક્ષમાર્ગ અહીંયા હેય કહ્યું એ દુઃખરૂપ વાત નથી, એ તો આશ્રય કરવા લાયક નથી માટે કહ્યું; અને પુણ્ય-પાપનો ભાવ તો દુઃખરૂપ છે. મહાવ્રતના પરિણામ આસ્રવ છે. 'તત્ત્વાર્થસૂત્ર'ના છઠ્ઠા અધ્યાયમાં (કહ્યું છે), આસ્રવ છે એ દુઃખ છે. આહા..હા...! આવી વાત છે. માણસને આકરું લાગે અને પછી ટીકા કરે. એ કરે. એને ન બેસે માટે કરે. એમાં કાંઈ નહિ. ભગવાન છો ને પ્રભુ ! તું તો. અમને કાંઈ તારા પ્રત્યે વેર-વિરોધ છે નહિ. ભગવાન છો. તત્ત્વેષુ મૈત્રી ... પરમાત્મા. આત્મા તો સાધર્મી છે. આત્માના સ્વભાવ તરીકે દરેક જીવ સાધર્મી છે. આહા..હા...! પર્યાયમાં ભૂલ છે એ તો એક સમયની છે. એને કાઢી નાખ...! કોઈ પ્રત્યે વેર-વિરોધ કરવો નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં એ કહે છે, મુનિ તો સહજ પરથી પરાઙ્મુખ છે. આહા..હા...! **'પાંચ ઇન્દ્રિયોંના ફેલાવ રહિત...'** પાંચ ઇન્દ્રિય તરફનું એને લક્ષ જ નથી. **'દેહમાત્ર જેને પરિગ્રહ છે,...'** મુનિને એક શરીર ન છૂટ્યું જાય, એ સિવાય બીજી કોઈ ચીજ હોતી નથી. સાચા સંત ભાવલિંગી, એને વસ્ત્રનો ટૂકડો પણ નથી હોતો; અને વસ્ત્રનો ટૂકડો રાખીને મુનિ છે એમ માને – મનાવે, 'निगोदं गच्छई'. 'સૂત્ર પાહુડ'ની ૧૬મી ગાથા. 'निगोदं गच्छई' મુનિ. આહા..હા...! એ શું વધારે કહ્યું છે ? કાકડીના ચોરને ફાંસી, એમ કહ્યું છે ? એમ નથી. એની નવે તત્ત્વની ભૂલ છે. વસ્ત્રનો ટૂકડો રહે તો એટલો અજીવનો સંયોગ રહ્યો; એ સંયોગ મુનિને હોતો જ નથી, તો અજીવ તત્ત્વની ભૂલ (થઈ). અને વસ્ત્ર લેવાનો વિકલ્પ છે એ મુનિની યોગ્યતામાં હોતો જ નથી તો એ વિકલ્પના આસ્રવની ભૂલ છે. અને આવો વિકલ્પ હોય તો સંવર વિશેષ હોય છે, તો વિકલ્પવાળાને સંવર મુનિપણાની યોગ્યતા નથી તો સંવરની ભૂલ છે. એમ નવે તત્ત્વની ભૂલ એમાંથી નીકળે છે. આહા..હા...!

અહીં કહે છે, મુનિ તો એક.. છે ? **'દેહમાત્ર જેને પરિગ્રહ છે,..'** આહા..હા...! **'જે પરમ જિનયોગીશ્વર છે,...'** પરમ જિનયોગીશ્વર એટલા શબ્દ વાપર્યા છે. આહા..હા...! મુનિ પરમજિન–પર્યાયમાં, હોં ! પરમ જિનયોગીશ્વર. પરમ જિનસ્વરૂપ ભગવાનમાં પરમયોગ જોડી દીધો છે. ઘણો ઉગ્ર દ્રવ્યનો આશ્રય ધ્રુવનો શુદ્ધભાવનો લીધો છે. **'પરમ જિનયોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–'** આહા..હા...! સ્વદ્રવ્ય જે પરમ પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ એને તીક્ષ્ણબુદ્ધિએ પકડ્યું છે. અંદરમાં પકડી લીધું છે અને ઘણી સ્થિરતા થઈ છે. વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી. રાગનું સ્વામીપણું તો રાંકાઈ છે–ભીખારાપણું છે. ગણધરદેવ પણ રાગપણે પરિણમે છે પણ રાગના સ્વામીપણે પરિણમતા નથી. તુરત વીતરાગતા આવશે નહીં ત્યાં સુધી રાગ આવશે ખરો, પણ રાગના સ્વામીપણે હું પરિણમતો નથી. કેમ કે સ્વ-સ્વામી નામનો મારો ગુણ હોવાથી દ્રવ્ય-ગુણ તે મારા સ્વ ને હું તેનો સ્વામી છું. મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.**
**૧૦૫. --- દ્રવ્યદષ્ટિ જિનેશ્વર – પર્યાયદષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૩૮, પ્રવચન નં. ૫૩
## તા. ૧-૨-૧૯૭૮
## [૨]

એવો અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો... આહા..હા...! ભગવાનઆત્મા જે ત્રિકાળી સમ્યગ્દર્શનનો વિષય છે કે જેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે એ તો અતીન્દ્રિય સ્વભાવવાળો છે. આહા..હા...! **'અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો, અતીન્દ્રિય સ્વભાવવાળો.'** હવે એનો વિશેષ અર્થ કરે છે. શુદ્ધ છે... શુદ્ધ છે... પવિત્ર પિંડ છે. **'સહજ-પરમ-પારિણામિકભાવ.'** જેને છઠ્ઠી ગાથામાં જ્ઞાયક કહ્યો, અગિયારમી ગાથામાં જેને ભૂતાર્થ કહ્યો તેને અહીંયા પરમપારિણામિકભાવ કહ્યો. આહા..હા...! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ !

પરમપારિણામિકભાવ અર્થાત્ જેના ચાર ભાવમાં ઉદયમાં તો કર્મનું નિમિત્ત આવે છે અને ત્રણ ભાવમાં નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે માટે એ અપેક્ષિત ભાવ થયો. આ નિરપેક્ષ ભાવ ત્રિકાળ એને પરિણામિકભાવ કહે છે. સમજાણું કાંઈ? એ પરમપારિણામિકભાવ સ્વભાવિક શુદ્ધ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે. આહા..હા..! જેનો પરમપારિણામિક સહજ સ્વભાવ અનાદિઅનંત શુદ્ધ અતીન્દ્રિય આનંદ સ્વભાવ છે, અસ્તિરૂપ છે. મોજૂદગી ચીજ એવી છે. પર્યાયબુદ્ધિ છોડીને... કેમ ?

'પંચાસ્તિકાય'માં ૧૭૨ ગાથામાં લીધું છે કે ચારે અનુયોગનો સાર શું ? ભાઈ ! 'ચરણાનુયોગ'માં આમ કહ્યું ને 'દ્રવ્યાનુયોગ'માં આમ કહ્યું ને કથાનુયોગમાં આમ કહ્યું. ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. 'પંચાસ્તિકાય'ની ૧૭૨મી ગાથા. વીતરાગતા તાત્પર્ય છે, તો વીતરાગતા કઈ રીતે ઉત્પન્ન થાય ? તાત્પર્ય તો વીતરાગતા કહ્યું. 'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથની ટીકા. સમજાણું કાંઈ ? ભાઈ ! વીતરાગતા તાત્પર્ય. હવે આપણે અહીંયા મેળવવું છે ને ? આહા..હા...! ચાર અનુયોગનો સાર–તાત્પર્ય. ત્યાં પાઠ એમ છે કે સૂત્ર નામ ગાથા દીઠ તાત્પર્ય તો કહ્યું પણ બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. જૈનદર્શનના બધા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા તો પર્યાય થઈ, તો વીતરાગતાની પર્યાય કઈ રીતે ઉત્પન્ન થાય ? આહા..હા...! એ વાત અહીં કહે છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શન એ પણ વીતરાગી પર્યાય છે. ત્રિકાળી પરમ સ્વભાવભાવને ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યેય બનાવીને ધ્યેય કર્યું એને જ ઉપાદેય કહ્યું. એને ઉપાદેય કરીને જે પર્યાયમાં સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ થયા એ વીતરાગી પર્યાય છે. એ ચાર અનુયોગનો સાર વીતરાગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય છે અને વીતરાગી પર્યાય ઉત્પન્ન થવી એ પરમપારિણામિકભાવના આશ્રયથી ઉત્પન્ન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ કહે છે. ટીકા તો ગજબની ટીકા છે. આહા..હા...! આવી ટીકા તો ક્યાંય (છે નહિ). 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિએ બનાવી છે. પાઠમાં છે એને સ્પષ્ટ કર્યું છે. જેમ ગાય અને ભેંસના આંચળ હોય છે ને ? આંચળમાં દૂધ હોય છે ને ? તો અંદર છે એ કાઢે છે. આમ કરીને નથી કાઢતા. અહીં તો બધું જોઈને એક એક વાત નક્કી કરી છે. ભેંસને અને ગાયને દોહે છે ને ? તો આમ નથી દોહતા. આ અને આ. આ ખાડા પડે છે ને? ખાડાને શું કહે છે? દૂધ આમ નીકળે છે. એમ શાસ્ત્રના શબ્દમાં ભાવ ભર્યા છે. એને 'પદ્મપ્રભમલધારીદેવે' તર્ક કરીને ટીકા દ્વારા ખોલી નાખ્યા છે. એમાં ભાવ છે. એને બહાર કાઢ્યા છે. સમજાણું કાંઈ ? પાઠમાં છે ને ?

**'जीवादिबहित्त्च्वं हेयमुवादेयमप्पणो अप्पा।'** પાઠમાં છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. **'उवादेयमप्पणो अप्पा।'** એ **'अप्पणो अप्पा'** એ પરમપારિણામિકભાવ કે કારણપરમાત્મા, કારણજીવ, ધ્રુવજીવ, નિત્યજીવ, અતીન્દ્રિય સ્વભાવવાળો સુસહજ સ્વભાવવાળો જીવ એને અહીં કારણપરમાત્મા કહે છે. જુઓ ! જેનો સ્વભાવ છે, જુઓ ! **'એવો કારણપરમાત્મા...'** આહા..હા...! વીતરાગતાના સારમાં પણ આ આવ્યું. ચારે અનુયોગનો સાર દ્રવ્યનો આશ્રય લેવો. આહા..હા...!

પૂર્ણ બ્રહ્મ પ્રભુ ! **'पूर्णमिदं'** અન્યમતિમાં **'पूर्णमिदं'** તો કહે છે પણ એને પર્યાય-બર્યાયની ખબર નથી. એ તો એકાંત (કહે છે). અહીં તો **'पूर्णमिदं'** નિર્ણય કરનારી પર્યાય તો છે. પર્યાય છે, પર્યાય નથી એમ નથી. ૧૧મી ગાથામાં તો એમ કહ્યું કે પર્યાય અભૂતાર્થ છે. વ્યવહાર ભૂતાર્થ છે. વ્યવહાર એટલે ત્યાં પર્યાય છે. પર્યાય અભૂતાર્થ–જૂઠી છે. એ તો જૂઠી કેમ કહ્યું ? પોતાનું મુખ્ય પ્રયોજન ધ્રુવનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે એ પ્રયોજન સિદ્ધિ ધ્રુવને મુખ્ય કરીને, નિશ્ચય કરીને આશ્રય કરે તો પ્રયોજન સિદ્ધ થાય છે. એ કારણે મુખ્યને નિશ્ચય કરીને ઉપાદેય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કરીને હેય કહ્યું. હેય કહ્યું અથવા અસત્યાર્થ કહ્યું. આહા..હા...! ગજબ વાત છે. દિગંબર સંતોના એક-એક શબ્દમાં અનંત આગમ ભર્યા છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' કહે છે, જ્ઞાનીના વાક્યમાં અને શબ્દમાં એક શબ્દમાં અનંત આગમ-અનંત આગમ. એવો પાઠ છે. આહા..હા...! પણ એ તો સમ્યગ્દર્શન વગર એ વાતને ખોલવી શક્ય નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં એ કહે છે કે ખરેખર **'એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** ભાષા જુઓ ! પર્યાય એ આત્મા છે એનો નકાર કર્યો. આહા..હા...! આવ્યું ? શું કહ્યું ? કે જે **'અનાદિ-અનંત અમૂર્તિ અતીંદ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે–એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** પર્યાયને આત્મા (નથી કહ્યું). નિર્ણય કરનારી પર્યાયને આત્મા નથી કહ્યું, કેમ કે નિર્ણય કરે છે એ પર્યાય છે અને મુખ્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિશ્ચય કરીને એને અભૂતાર્થ કહી છે. નિર્ણય પર્યાય કરે છે.

બીજી રીતે કહીએ તો નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. આહા..હા...! નિત્યનો નિર્ણય નિત્ય–ધ્રુવ કેમ કરે ? સમજાણું કાંઈ ? એ નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. અનિત્ય કહો કે પર્યાય કહો. પણ પર્યાયનો વિષય શું આવ્યો ? કારણપરમાત્મા. આહા..હા...! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન–આત્મજ્ઞાન એનો વિષય એ **'ખરેખર 'આત્મા' એ છે.'** એને જ આત્મા કહ્યો. **'ખરેખર 'આત્મા' એ જ છે.'** પર્યાયને વ્યવહાર કહીને અનાત્મા કહ્યું છે. કેમ કે પર્યાયને અભૂતાર્થ કહીને, અસત્યાર્થ કહીને એ અનાત્મા છે એમ કહ્યું. વ્યવહારનયનો વિષય, હોં ! અને વસ્તુ જે ત્રિકાળ છે એ જ ખરેખર આત્મા છે. પણ એ ખરેખર આત્મા છે એનો નિર્ણય સમ્યગ્દર્શનની પર્યાય કરે છે અને જ્ઞાન કરે છે એ સમ્યગ્જ્ઞાન. એ જ્ઞાનમાં કારણપરમાત્મા આવતો નથી એ શ્રદ્ધાની પર્યાયમાં કારણપરમાત્મા આવતો નથી; પણ કારણ પરમાત્માનું જેટલું સામર્થ્ય છે એટલું જ્ઞાનમાં અને અને પ્રતીતમાં આવી જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! શું ગંભીર એની શૈલી ! આહા..હા...!

બીજી એક વાત. દરેક વસ્તુ ક્રમબદ્ધ છે. જે સમયે પર્યાય ઉત્પન્ન થનારી તે સમયે જ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ ? ત્યાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? એ પ્રશ્ન અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં ઊઠ્યો હતો. ૬૦ વર્ષ પહેલાં. ક્રમબદ્ધ તો છે. 'સર્વવિશુદ્ધ અધિકાર'માં પહેલી ગાથા. ... જે સમયે જે પર્યાય ઉત્પન્ન થનારી છે એ સમયે જ એ ઉત્પન્ન થશે એવો અનાદિ અનંત પર્યાયનો ક્રમબદ્ધ (સ્વભાવ છે). આયત સમુદાય એમ કહ્યું છે. 'પ્રવચનસાર' ૯૨-૯૩ ગાથા છે. આયત સમુદાય. આમ એક પછી એક.. એક પછી એક.. એક પછી એક... જેમ હારમાં મોતી હોય છે મોતી, એ એક પછી એક હોય છે, આડાઅવળા નથી હોતા. એમ ભગવાનઆત્મા ધ્રુવ, કારણપરમાત્મા, એની પર્યાય તો ક્રમસર એક પછી એક, એક પછી એક જે થવાની છે તે જ થશે. આહા..હા...! પણ એ ક્રમબદ્ધનું તાત્પર્ય શું ? તાત્પર્ય વીતરાગતા છે. અને વીતરાગતા કઈ રીતે ઉત્પન્ન થાય ? અંદર આવી ગયું. ક્રમબદ્ધમાં પણ દ્રવ્યનો આશ્રય લેવો. આહા..હા...! સમજાણું કાંઈ ? થોડું સૂક્ષ્મ છે, ભગવાન ! વાત તો ઘણી ગંભીર છે. આહા..હા...!

'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં તો એમ કહ્યું, ઉત્પાદના આશ્રયે ઉત્પાદ છે, વ્યયના આશ્રયે વ્યય છે, ધ્રુવના આશ્રયે ધ્રુવ છે. પરના આશ્રયે તો નહિ. ક્રમબદ્ધ છે પણ જે ઉત્પાદના કાળે ઉત્પાદ થાય છે, એ ઉત્પાદમાં વ્યયની અપેક્ષા નથી, વ્યયમાં ઉત્પાદની અપેક્ષા નથી, ધ્રુવમાં ઉત્પાદની અપેક્ષા નથી. ઉત્પાદ ઉત્પાદના આશ્રયે છે. સત્ છે ને ? ત્રણે સત્ છે ને ? સમજાણું કાંઈ ? ઘણી સૂક્ષ્મ વાત છે. મગજમાં એટલી બધી આવતા આવતા કઠણ પડી જાય. સમજાણું કાંઈ ?

૪૭ શક્તિ ગુણ છે ને ? એમાં એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે. 'સમયસાર'ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



૪૭ શક્તિમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ એવો એક આત્મામાં ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, શાંતિગુણ છે, શાંતિ એટલે વીતરાગતા, એવો એક ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે. એ ગુણના કારણે નવી પર્યાય ક્રમસરમાં આવનારી આવે છે, પૂર્વની પર્યાયનો વ્યય છે, ધ્રુવ છે; પણ ત્રણમાંથી કોઈ એકની અપેક્ષા નથી. ત્રણ સત્ છે, માટે અહેતૂક છે, માટે કોઈની અપેક્ષા નથી. એમ 'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં કહ્યું. આહા..હા...! ગજબ વાત છે. હવે લોકોને ક્યાં આટલું બધું સમજાય ?

હવે એમાં બીજી 'પ્રવચનસાર'ની ૧૦૨ ગાથા. ત્યાં એમ કહ્યું કે એનો જન્મક્ષણ છે. એ તો તત્ત્વાર્થસૂત્રમાં આવે છે ને **'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્', 'ષત્ દ્રવ્ય લક્ષણં'** આવે છે ને ? તો અહીં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ અંદરમાં છે. એ ગુણના કારણે સમયે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે ઉત્પન્ન થશે. તો ક્રમબદ્ધ પણ થઈ ગયું અને નિમિત્તથી થતું નથી એમ પણ થઈ ગયું. નિમિત્ત હોય છે, નિમિત્ત ચીજ છે.

એ તો હમણા 'કૈલાશચંદજી'એ જૈનસંદેશમાં બે પ્રશ્ન કબુલ કર્યા. ક્રમબદ્ધ છે અને નિમિત્ત છે ખરું. 'સોનગઢ'વાળા નિમિત્ત માને છે પણ નિમિત્તથી પરમાં થાય છે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! એ બે વાત કબુલ કરી. જૈનસંદેશમાં સાત-આઠ મહિના પહેલાં આવ્યું હતું. એની પણ ચર્ચા 'વર્ણીજી' સાથે થઈ હતી. મિથ્યાત્વ જે થાય છે... 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથા. તે દિ' ચર્ચા થઈ હતી. ૨૧ વર્ષ થયા. 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથા. એમાં એમ કહ્યું છે કે વિકાર જે થાય છે એ પોતાના ષટ્કારકથી થાય છે, પરકારકની અપેક્ષા એને નથી. શેઠજી ! બરાબર સમજાય છે ? આહા..હા...! શું કહ્યું ?

ક્રમબદ્ધમાં જે પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે એમાં ઉત્પાદની કોઈ અપેક્ષા નથી. વિકારની (પર્યાય), હોં ! વિકાર જે થાય છે મિથ્યાત્વનો, રાગનો, દ્વેષનો એ એક સમયની પર્યાયમાં ષટ્કારકથી થાય છે, એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, એને નિમિત્તની અપેક્ષા નથી; નિમિત્ત હો પણ એની અપેક્ષાથી, એના કારણથી–કારકથી અહીંયા વિકાર ઉત્પન્ન થાય છે એમ નથી. ૬૨મી ગાથા. ઘણી ચર્ચા થઈ હતી. 'ઈંદોર'વાળા 'બંસીધરજી' હતા. પણ એ લોકોને ન બેઠી. એ તો અભિન્નની વાત છે. પણ અભિન્નનો અર્થ શું ? સ્વની પર્યાય સ્વથી થાય છે એનું નામ અભિન્ન. પરથી નહિ. આહા..હા...!

અહીં તો વિકારી પર્યાય હોય કે અવિકારી પર્યાય હોય, એ પોતાની અપેક્ષાથી ઉત્પન્ન થાય છે. એક વાત. એને દ્રવ્ય-ગુણ અને બીજા કારકની અપેક્ષા નથી. બીજી વાત. ત્રીજી (વાત), એ જે પર્યાય ઉત્પન્ન થાય છે એ ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. ષટ્કારકની શક્તિ ધ્રુવમાં છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ ગુણ છે. બધામાં ગુણ છે. પરમાણુમાં પણ છે અને છ દ્રવ્યમાં છે. કર્તા નામનો ગુણ, કર્મ–કાર્ય, કરણ–સાધન, સંપ્રદાન–રાખવું, અપાદાન–એનાથી, અધિકરણ–આધાર. સમજાણું કાંઈ ? અહીં એના આધારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ છે એમ નથી. એ પરમાણુમાં ષટ્કારકની શક્તિ પડી છે. આહા..હા...! તો પરમાણુમાં તો શક્તિ ધ્રુવ છે. પણ જે પર્યાય અહીં રહી છે એ પર્યાય પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થઈને રહી છે. આહા..હા...! આ તે કોણ માને ? પાગલ જ કહે ને.

એક ફેરી નહોતું કહ્યું કે પગ ચાલે છે એ જમીનને અડતા નથી. આત્માથી પગ ચાલતા જ નથી. અરે..! પ્રભુ ! સમજાણું કાંઈ ? કેમ કે પરમાણુ એક છે, એમાં અનંત ગુણ છે, એમાં કર્તા, કર્મ, કરણ–સાધન (આદિ) છ ષટ્કારક પડ્યા છે, એ તો ધ્રુવ છે. પણ એક સમયની પર્યાયમાં ષટ્કારક છે. છએ દ્રવ્યમાં. આહા..હા...! આ વાત વીતરાગ સિવાય અને અંતરદૃષ્ટિ સિવાય આ વાત અંદર બેસે એવી નથી, બાપુ ! સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત કોઈએ કરી નથી, ક્યાંય છે નહિ, અને સર્વજ્ઞસ્વભાવ પોતાનો છે માટે સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન થઈ છે, તો સર્વજ્ઞસ્વભાવ જેને અંતરદૃષ્ટિમાં ઉપાદેય કહ્યો, એ કારણ પરમાત્માને ઉપાદેય કહો કે સર્વજ્ઞસ્વભાવ ઉપાદેય કહો. આહા..હા...! સમજાણું કાંઈ ? એ પર્યાય, છએ દ્રવ્યની એક સમયની પર્યાય. કર્તા પણ પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું અપાદાન પર્યાય, પર્યાયનું સંપ્રદાન પર્યાય, પોતે કરી અને પોતે રહી, પર્યાયનું અપાદાન પર્યાયથી પર્યાય થઈ, પર્યાયના આધારે પર્યાય રહી. આહા..હા...! ગજબ વાત છે. દુનિયા તો ગાંડી કહે. આ તે જૈનધર્મ કેવો ! ભગવાન ! બાપુ ! જૈનધર્મ નહિ, વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ ?

દરેક દ્રવ્યનો દ્રવ્ય-ગુણ તો ધ્રુવ (છે) પણ એની એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર (થાય છે). કેમ કે પર્યાય પણ સત્ છે. એ અધિકારમાં કહ્યું છે કે દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, ત્રણ અહેતુ છે, એને હેતુ નથી. આહા..હા...! પાછળ અપેક્ષાથી વાત કરો એ નિમિત્તથી છે. 'ઈષ્ટોપદેશ'ની ૩૫મી ગાથામાં દૃષ્ટાંત આપ્યું છે ને, 'ઈષ્ટોપદેશ' પ્રિય ઉપદેશ, સત્ય ઉપદેશ એને કહીએ કે દરેક પદાર્થની પર્યાય ધર્માસ્તિકાયવત્ (છે), ૩૫મી ગાથામાં એમ કહ્યું છે. દરેક પદાર્થની પર્યાય... ધર્માસ્તિકાયવત કેમ કહ્યું ? કે પોતાની ગતિના પરિણામ પોતાથી કરે છે તો ધર્માસ્તિ નિમિત્ત. બસ. પણ નિમિત્તથી અહીં ગતે કરે છે એમ નહિ. સમજાણું કાંઈ ? અને એ ૩૫મી ગાથામાં કહ્યું, બધું એમા લઈ લેવું. ધર્માસ્તિકાયવત્. પવનથી ધજા હલે છે, ધજા, તો કહે છે કે પવન ધજાને સ્પર્શ્યો નથી.

અહીં તો પર્યાયને સિદ્ધ કરવી છે ને ? આ સમ્યગ્દર્શન પર્યાય, એનો આશ્રય ત્રિકાળી ભગવાન, પણ એ પર્યાય ક્રમબદ્ધમાં એનો આશ્રય લે છે તો ઉત્પન્ન થાય છે. અને તે પર્યાય ઉત્પન્ન થવામાં કર્મના અભાવની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયની અપેક્ષા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? દ્રવ્ય-ગુણનું લક્ષ કરે છે માટે આશ્રય કહ્યું, પણ લક્ષ કરે છે એ પર્યાય દ્રવ્યના કારણે નહિ. એ પર્યાય પોતાના સત્તાના સ્વભાવને કારણે સ્વ ઉપર લક્ષ કરે છે. આહા..હા...! એ પર્યાયનું સામર્થ્ય છે. આહા..હા...! આવી વાત છે. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? તો ત્યાં ષટ્કારકથી વિકાર ઉત્પન્ન થાય એનો નકાર કર્યો છે. અને અહીં તો એ બધું કહે છે. અમે તો આ વાત (સંવત) ૧૯૭૧ની સાલથી કરીએ છીએ. ૧૯૭૧ની સાલમાં વ્યાખ્યાનમાં પહેલી વાત મૂકી હતી. 'લાઠી'. ખળભળાટ થઈ ગયો. અરે..! કર્મ વગર વિકાર થાય છે ? કર્મ વગર વિકાર થાય છે ? કીધું, કર્મ વગર વિકાર થાય છે. વિકારનું ષટ્કારક પરિણમન સ્વથી છે. ષટ્કારક પરિણમન તે દિ' આટલું બધું નહોતું. આ તો ૧૯૭૧ની સાલની વાત. કેટલા વર્ષ થયા ? ૬૩ વર્ષ પહેલાં 'લાઠી'માં ચોમાસુ હતું. ત્યાં એમ કહ્યું હતું. વિકાર થાય છે... આહા..હા...! પરની અપેક્ષા વગર વિકાર થાય છે. સમજાણું કાંઈ ? ખળભળાટ. કર્મથી વિકાર નથી થતો. સમજાણું કાંઈ ?

બે વાત કહી હતી. તે વખતે ખુલાસો કર્યો હતો. ગુરુ બેઠા હતા. ગુરુ સાંભળતા હતા. આ શું કહે છે ? આ શું કહે છે ? સાંભળતા હતા. બહુ ભદ્રિક હતા, શાંત હતા. પાંચ-પાંચ હજાર માણસમાં વ્યાખ્યાન આપતા હતા પણ નજર ઉંચી ન કરે. એવા પાકા બ્રહ્મચારી હતા. દૃષ્ટિ તો હતી જ ક્યાં, આ વસ્તુ જ નહોતી. પણ આમ શાંત હતા. આ વાત અમે કહેતા હતા, એ સામે બેસીને સાંભળતા હતા. આ શું કહે છે ? કર્મ વગર વિકાર થાય છે ? કર્મ પરદ્રવ્ય છે. વિકાર પોતાની પર્યાયમાં સ્વતંત્ર છે. સમજાણું કાંઈ ? એવો જ્યારે નિર્ણય થાય ત્યારે એની પર્યાય દ્રવ્ય ઉપર આશ્રય કરે છે. કારણ કે વિકાર મારા કારણે મારાથી થયો છે, તો વિકાર છે એ તો દુઃખ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

તો તેનાથી દૃષ્ટિ જ્યાં પલટે છે, ત્યારે કારણપરમાત્માનો આશ્રય લઈને સમ્યગ્દૃષ્ટિ પલટે છે. આહા..હા...! આખો સાર આવી ગયો. વીતરાગતાનું તાત્પર્ય પણ આવી ગયું, ક્રમબદ્ધ પણ આવી ગયું, નિમિત્તથી નથી થતું એ પણ આવી ગયું. નિમિત્ત છે. દરેક પર્યાયને ઉચિત નિમિત્ત હોય જ છે. ઉચિત, હોં ! ઉચિત અર્થ કેમ કહ્યો ? કે ઉચિત એને યોગ્ય હોય એવું નિમિત્ત હોય, પણ નિમિત્તથી થતું નથી. આહા..હા...! કોણ માને આ ?

ધજા ચાલે છે. ધજા કહે છે ? એ પવનથી નથી ચાલતી એમ કહે છે. ધજાના પરમાણુની પર્યાય એ સમયે પોતાના ષટ્કારકના પરિણમનથી એમ થાય છે. પવનને સ્પર્શતી નથી. પણ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તને અડી નથી અને પોતાથી પરિણમન કરે છે. ભગવાન ! એવો ભગવાનઆત્મા ! પોતાની પર્યાયમાં પરની અપેક્ષા નથી. વિકારની કે અવિકારની. આ અવિકારી પર્યાયમાં પરની અપેક્ષા નથી. સર્વ ભગવાન કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ, એ મને ઉપાદેય છે. આ મને ઉપાદેય છે એવો ભેદ પણ ત્યાં નથી. પણ કથન શું કરવું ?

સમ્યગ્દર્શનમાં... આ કહ્યું ને ? **'ખરેખર 'આત્મા' છે.'** આહા..હા...! એ આત્મા એમ. નિત્ય તે આત્મા. **'અતિ-આસન્ન ભવ્યજીવોને...'** આહા..હા...! અતિ નજીક જેને સંસાર આવ્યો, અલ્પકાળમાં મુક્તિ થઈને કેવળજ્ઞાન થશે જ થશે. એવા **'અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય..'** એવો નિજ પરમાત્મા. ધ્રુવ જે અતીન્દ્રિય સ્વભાવથી સહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રિકાળી પ્રભુ ! એવો નિજ પરમાત્મા. પર પરમાત્મા નહિ. '**નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' આહા..હા...! છે ? આહા..હા...! આ એક જ ઉપાદેય છે. આહા..હા...! ત્યાં તો આવી વિકૃત દશા નથી. સમજાણું કાંઈ ?

(સંવત) ૧૯૮૫ની સાલમાં સંપ્રદાયમાં ચર્ચા થઈ હતી. અમે સંપ્રદાયમાં હતા પણ અમારી કોઈ સંપ્રદાયની દૃષ્ટિ નહોતી. તો ૧૯૮૫ની સાલમાં ઘણી સભા હતી. અમારી તો બહુ પ્રતિષ્ઠા હતી ને. પંદરસો પંદરસો માણસો તે દિ' વ્યાખ્યાનમાં (આવતા). અપાસરામાં માણસો સમાય નહિ. ગલીમાં (ઉભા રહેતા). પહેલેથી પ્રતિષ્ઠા હતી, અમે તો બ્રહ્મચર્ય હતા. ભલે અમારો જન્મ 'ઉમરાળા'માં (થયો), પણ અમારી દુકાન 'પાલેજ'માં છે ને ? તો 'પાલેજ'માં અમારી પ્રસિદ્ધિ ઘણી હતી. પૈસા થોડા હતા. પણ લોકો 'પાલેજ'વાળા કહેતા હતા. એમાં 'પાલેજ'વાળા 'કાનજીભાઈ' દીક્ષા લે છે. આહા..હા...!

(સંવત) ૧૯૮૫ની સાલમાં વ્યાખ્યાનમાં થોડું કહ્યું. શેઠિયા બેઠા હતા. ૫૦-૫૦ હજારની પેદાશવાળા. કીધું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. પંડિતજી ! ભાવ શુભ છે ને ? ઉદયભાવ છે. સત્ય અને સરળ સીધી ભાષાથી કહીએ તો અધર્મ છે. આ તો ૧૯૮૫ની વાત છે. કેટલા વર્ષ થયા ? ૧૫ + ૪ + ૩૦ = ૪૯. મોટી સભા હતી. શેઠિયા બેઠા હતા. અપાસરો મોટો (હતો), (માણસો) સમાતા નહોતા, બહાર ગલીઓ ભરાતી. પહેલેથી અમારી પ્રસિદ્ધિ મોટી હતી ને. દીક્ષા લેતી વખતે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ઉદયભાવ, વિકાર છે, ધર્મ નથી. ધર્મથી બંધ હોય નહિ. જેનાથી બંધ થાય એ ધર્મ નહિ. બરાબર છે ? શેઠજી ! આ તો સત્ય છે, પ્રભુ ! આહા..હા...! આ તો અંદરથી વાત આવી હતી.

એક બીજી વાત કરી હતી. પંચ મહાવ્રત તે આસ્રવ છે. ૪૯ વર્ષ પહેલાં પંદરસો માણસ સભામાં. પંચ મહાવ્રત તે આસ્રવ છે, રાગ છે, બંધનું કારણ છે એ સંવર-નિર્જરા નથી. ખળભળાટ થઈ ગયો હતો. પ્રભુ ! માર્ગ તો આ છે, ભાઈ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો એ કહ્યું, જુઓ ! કે એવો ભાવ. એ આત્મા.. ખરેખર.. ખરેખર શબ્દ પડ્યો છે ને ? '**કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.**' આહા..હા...! આ તો એક-એક શબ્દની કિંમત છે. સમજાણું કાંઈ ? '**અતિ-આસન્ન ભવ્યજીવોને...**' આહા..હા...! '**એવા નિજ પરમાત્મા સિવાય...**' નિજ પરમાત્માથી ભિન્ન પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. આહા..હા...!

**શ્રોતા :–** આમાં અપવાસ કરવો પડે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ કરે અપવાસ ? ઉપવાસની વ્યાખ્યા સૂક્ષ્મ છે. ઉપ નામ આત્મા આનંદસ્વરૂપની સમીપમાં વસવું એ ઉપવાસ છે. વ્યાખ્યા બીજી છે, ભાઈ ! આ જે અપવાસ કરે છે એ તો અપ–વાસ છે. રાગની મમતા કરે એ તો માઠો વાસ છે. આહા..હા...! આવો માર્ગ પ્રભુ ! આકરો તો પડે. શું થાય ? ષોડશકારણભાવના પણ બંધનું કારણ, એને આસ્રવ કહેવો અને અધર્મ કહેવો. આહા..હા...! હોય છે, જ્ઞાનીને આવે છે, જ્યાં સુધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વીતરાગતા ન થાય ત્યાં સુધી અનુભવદૃષ્ટિ હોવા છતાં વીતરાગતા અને આ કારણપરમાત્મા ઉપાદેય હોવા છતાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં આવો શુભભાવ આવે છે, પણ છે હેય. અહીં કહ્યું ને ? **'કાંઈ ઉપાદેય નથી.'** આહા..હા...!

**શ્રોતા** :- કારણપરમાત્મા પર્યાયને કરી આપે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ.. નહિ.. નહિ. એ તો પહેલાં કહ્યું ને ? પર્યાય પોતે જ પરમાત્માના આદર, ઉપાદેયમાં કર્તા છે. પર્યાયમાં ષટ્કારક પડ્યા છે. એ દ્રવ્ય છે એ કોઈ પર્યાય (દેતું નથી). પ્રભુ ! બહુ ઝીણું...! શું થાય ? માર્ગ તો આ છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, વર્તમાન ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે એ પણ આ જ કહે છે, ઇન્દ્રની સભા અને ગણધરોની સભા વચ્ચે આ કહે છે. ભાઈ ! આ મારગડા એવા કોઈ સૂક્ષ્મ છે. આહા..હા...!

ભાઈએ એમ પૂછ્યું કે પર્યાયને દ્રવ્યે કરી દીધી કે નહિ ? એમ કહે છે. શું કહ્યું ? ભાષા સમજ્યા ? જે સમ્યગ્દર્શન પર્યાય થઈ, તો દ્રવ્યે મદદ કરીને દ્રવ્યથી પર્યાય કર્તા થઈ કે નહિ ? – નહિ. પર્યાયમાં પરિણમનમાં ષટ્કારક છે. દ્રવ્યમાં ષટ્કારક છે એ તો ધ્રુવરૂપ છે. કારણપરમાત્મા વાસ્તવિક આત્મા જે કહ્યો એમાં ષટ્કારક ગુણ પડ્યા છે. જેમ જ્ઞાન, દર્શન, આનંદ ૪૭ શક્તિનું વર્ણન કર્યું ને ? એવી અનંત શક્તિ છે. એમાં ષટ્કારક શક્તિ પડી છે પણ એ તો ધ્રુવ છે. એ પલટતી નથી. આહા..હા...! પહેલાં કહ્યું ને ? ઉત્પાદના આશ્રયે ઉત્પાદ થાય છે. એ તો 'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં પહેલાં કહ્યું. આહા..હા...! ભાષા તો વ્યવહાર સમજમાં આવે તેથી આવે કે દ્રવ્યનો આશ્રય કર્યો તો પર્યાય થઈ; પણ એનો અર્થ એવો છે, પ્રભુ ! આશ્રય કોણે કર્યો ? – પર્યાયે. પર્યાયની તાકાતથી આશ્રય કર્યો ? કે દ્રવ્યની તાકાતથી આશ્રય કર્યો ?

**શ્રોતા** :- દ્રવ્યનો સહારો બિલકુલ નથી...!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવી વાતો છે, પ્રભુ ! આહા..હા...! શું કહ્યું ?

અહીં કહ્યું કે એ ખરેખર ઉપાદેય છે. એમ કહ્યું ને ? આહા..! પરમાત્મા એ જ આત્મા અને એ જ ઉપાદેય છે. આહા..હા...! પણ જેણે પર્યાયમાં ઉપાદેય કર્યો... આહા..હા...! એ પર્યાય કાંઈ દ્રવ્યે નથી આપી. દ્રવ્ય તો ત્રિકાળ છે. દ્રવ્ય આપે તો દ્રવ્ય ત્રિકાળ છે તો કેમ નથી આપતું ? સમજાણું કાંઈ ?

**શ્રોતા** :- પર્યાય તો દ્રવ્યની શરણમાં ગઈ તો દ્રવ્ય કૃપા નથી કરતું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ શરણ લેવાનો અર્થ શું ? એ કહે છે ને, આમ લક્ષ કરે છે એ પર્યાયની તાકાતથી લક્ષ કરે છે, દ્રવ્યની તાકાતથી નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

એક વાત ખ્યાલમાં આવી હતી. વઈ ગઈ. કાંઈક બીજી અંદરથી આવી હતી. હા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



યાદ આવ્યું. 'યોગીન્દ્રદેવ', ભાઈ ! 'યોગસાર'. 'યોગસાર' છે ને ? એમાં લીધું છે કે પર્યાયનો દાતા આત્મા નથી. એવો પાઠ છે. 'અમિતગતિ આચાર્ય'. 'અમિતગતિ આચાર્ય'નો દોહો છે. અહીં તો બધા શાસ્ત્રો ચાલ્યા છે ને બધા વ્યાખ્યાન પણ થયા છે. પર્યાયનો દાતા આત્મા નથી. એય..! 'નવલચંદભાઈ'! અહીં તો ૪૩ વર્ષ થયા. અનેક પ્રકારની ઘણી વાતો ચાલી છે. એમાં પાઠ છે. પર્યાયનો દાતા આત્મા નથી. નિમિત્તથી તો થતી નથી પણ આત્મા દાતા નથી. આ તે કાંઈ વાત છે ! કેમ કે પર્યાય સત્ છે અને સત્ છે એને કોઈનો હેતુ નથી, કોઈની અપેક્ષા નથી. એનું નામ સત્ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનની પર્યાય ખરેખર આત્માનું અવલંબન કરે છે એ પોતાના સામર્થ્યથી કરે છે. દ્રવ્યનું સામર્થ્ય છે ભલે, પણ એ પર્યાયના સામર્થ્યમાં દ્રવ્યના સામર્થ્યની શ્રદ્ધા આવી જાય છે. દ્રવ્યમાં જેટલું સામર્થ્ય છે એટલું પર્યાયમાં જ્ઞાન આવી જાય છે, સમજાણું કાંઈ ? પણ એ પર્યાયના સામર્થ્યથી સ્વનો આશ્રય લીધો છે. આહા..હા...! બહુ ઝીણું બાપુ આ તો. આ ગાથા જ એવી છે.

**શ્રોતા** :– જે કોઈ આશ્રય ન આપે એનો આશ્રય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આશ્રયનો અર્થ શું ? એ તો ભાઈ આપણે 'ન્યાલચંદભાઈ' થઈ ગયા ને. એ આશ્રયમાં જરી બહુ વિચાર કરતા હતા. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' 'સોગાનીજી'. એમને અહીંયા સમ્યગ્દર્શન થયું હતું. અહીંયા અનુભવ થયો હતો. આવ્યા હતા. બાવા ને જોગીનો ને જૈન શાસ્ત્રનો ઘણો પરિચય હતો, પછી અહીં આવ્યા. એટલું કહ્યું, પ્રભુ ! આ રાગનો કણ ઉત્પન્ન થાય છે એનાથી પ્રભુ ભિન્ન છે. અહીં આવ્યા. ઘણું વાંચન હતું. ઘણા પૈસાવાળા હતા. લાખોપતિ. 'કલકત્તા'. છોકરાઓ આવે છે. અહીં આપણે રસોડું છે ને ? ત્યાં ગયા. વિચારની ધૂન ચડી ગઈ. ધૂન ચડતા.. ચડતા.. ચડતા... સાંજથી સવાર સુધી. ભેદ પાડતા.. પાડતા... પાડતા... સવાર થયા પહેલાં અનુભવ–સમ્યગ્દદર્શન થઈ ગયું. ઘણી શક્તિ હતી, ઘણી તાકાત હતી.

સમ્યગ્દર્શનમાં કોઈ વિદ્વતાની જરૂર નથી, ગૃહસ્થાશ્રમમાં પણ થાય છે. નારકીમાં પણ થાય છે ને ? સાતમી નરકમાં મિથ્યાત્વ લઈને જાય છે અને મિથ્યાત્વ લઈને નીકળે છે, વચ્ચે સમકિત થાય છે. આહા..હા...! સાતમી નરકમાં સમકિત લઈને નથી જતાં, મિથ્યાત્વ લઈને જાય છે અને નીકળે છે ત્યારે સમકિત નથી રહેતું. છતાં અંદરમાં સમકિત ઉત્પન્ન થઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એટલા પ્રતિકૂળ સંયોગ, એને છૂટે નહિ. આહા..હા...! પોતાની પર્યાયમાં પોતાનો પરમાત્મા–આત્મા, એનો આશ્રય ઉપાદેય કરીને લીધો એ પર્યાયને કોઈ પરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ ? અને સમ્યગ્દૃષ્ટિને... છે ?

**'એવા નિજ પરમાત્મા સિવાય (બીજાું)...'** છે ને ? સિવાય. વ્યવહારનો નહિ, પર્યાયનો નહિ, રાગનો નહિ, નિમિત્તનો નહિ. આહા..હા...! **'સિવાય (બીજાું) કાંઈ ઉપાદેય નથી.'** છે ? આકરું લાગે, પ્રભુ ! સત્ય તો આ છે. ભાઈ ! માર્ગ તો આ છે, પ્રભુ ! આ કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મહંત થવાની (વાત) નથી, બાપુ ! દુનિયામાં દેખાડો કરવો કે અમે વિદ્વાન છીએ, અમે ત્યાગી છીએ. ખરો ત્યાગ તો મિથ્યાત્વનો ત્યાગ એ ત્યાગ છે. આ (કારણપરમાત્મા) ઉપાદેય થાય છે તો મિથ્યાત્વનો ત્યાગ થાય છે. બીજી રીતે કહીએ તો મિથ્યાત્વનો વ્યય થાય છે, સમકિતની ઉત્પત્તિ થાય છે. એ ઉત્પત્તિમાં આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ ? જરી સૂક્ષ્મ વાત છે. અહીં સુધી આવી ગયું. હવે એનો કળશ કહેશે. નીચે કળશ છે ને ?

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

* ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા ! ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે–એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને ? આહાહા ! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં, જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ ! ૧૧૯.

--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર-કળશટીકા, કળશ-૨૧૫, પ્રવચન નં. ૨૦૭, તા. ૨-૧૧-૧૯૬૫ [૩]

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, 'કળશ ટીકા'નો ૨૧૫ શ્લોક. આમ ૨૩. જુઓ! દાખલો આપ્યો ને ? અગ્નિનો-અગ્નિનો. ભાવાર્થથી ફરીને લઈએ, એની સાથે મેળ છે એટલે. ભાવાર્થ છે ને વચમાં ?

**'ભાવાર્થ આમ છે કે – જેમ અગ્નિનો દાહકસ્વભાવ...'** અગ્નિનો બીજાને બાળવાનો સ્વભાવ છે. **'સમસ્ત દાહ્યવસ્તુને બાળે છે,...'** બળવાલાયક જેટલા પદાર્થો છે એને અગ્નિ બાળે છે. **'અગ્નિ પોતાના શુદ્ધ સ્વરૂપે છે–'** અગ્નિ બીજાને બાળતી થકી અગ્નિ, અગ્નિના શુદ્ધ સ્વરૂપે રહેલી છે. અગ્નિ કાંઈ પરરૂપે થઈ નથી. કહો, બરાબર હશે આ ? અગ્નિ કોલસાને બાળતા અગ્નિ અગ્નિરૂપ રહી છે, કોલસારૂપ પરરૂપે થઈ નથી. લાકડાને બાળતા, પાંદડાને બાળતા અગ્નિ તો અગ્નિરૂપે શુદ્ધ રહી છે, એનું અગ્નિનું બીજું રૂપ થયું નથી.

**'અગ્નિનો એવો જ સ્વભાવ છે;....'** અગ્નિનો એવો જ સ્વભાવ છે. **'તેમ જીવ જ્ઞાનસ્વરૂપ છે,...'** જીવ જ્ઞાનસ્વરૂપ છે. **'સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** બધા જાણવાયોગ્ય પદાર્થને આત્મા જાણે છે. **'જાણતો થકો પોતાના સ્વરૂપે છે–'** શરીર, કર્મ, રાગ આદિને જાણતા છતાં આત્મા જ્ઞાનસ્વરૂપ રહેલ છે. જ્ઞાનસ્વરૂપ રહીને બીજાને જાણે છે. એવો આત્માનો જ્ઞાન સહજ સ્વભાવ છે. કહો, સમજાણું ? **'જાણતો થકો પોતાના સ્વરૂપે છે–એવો વસ્તુનો સ્વભાવ છે.'** પરને જાણતાં પરરૂપે જ્ઞાન થયું નથી. એ જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક પોતામાં રહીને પરને જાણવું એ પણ કહેવું એ વ્યવહાર છે, પણ પરનું અને સ્વનું જ્ઞાન એ પોતાના અસ્તિમાં પોતાથી પરિણમી રહ્યું છે. એવો આત્માનો સ્વભાવ છે.

**'જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો,...'** પર વસ્તુને જાણવાથી જ્ઞાનમાં મલિનતા થઈ ગઈ એમ ન જાણો, એમ છે નહિ. સમજાણું કાંઈ ? જ્ઞાન સ્વને જાણતાં પરને જાણે, એથી જ્ઞાનમાં અશુદ્ધતા આવી કે દુઃખરૂપ જ્ઞાન થઈ ગયું એમ છે નહિ. સમજાણું કાંઈ ? કેમ કે આત્મામાં આનંદ સ્વભાવ છે. જેમ જ્ઞાન સ્વભાવ છે એમ આત્મામાં આનંદ સ્વભાવ છે. તો આનંદની સાથે રહેલું જ્ઞાન પરને જાણતાં દુઃખરૂપ જ્ઞાન થાય છે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** આનંદ સ્વરૂપમાં રહીને જ જાણે છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આનંદમાં અને જ્ઞાનમાં રહીને જ જાણે છે બસ એમ. વાત ઇ છે. પોતાનો આનંદ આત્મામાં છે. એ આનંદમય છે એમ જ્ઞાનમય છે. એવા આત્માને પરને જાણવાથી આત્માની દશામાં જ્ઞાનમાં મેલાપણું એટલે દુઃખરૂપ થઈ જાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ ?

આત્મા વસ્તુ છે, એને ક્યારે આત્મા માન્યો કહેવાય ? – કે મારો આત્મા સ્વ અને પરને જાણવાના સામર્થ્યવાળો છે અને હું આનંદસ્વરૂપ છું. હું આનંદરૂપ છું. મારો આનંદ પરમાં છે અને પરથી છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ ? અહીં તો જ્ઞાનથી વાત લીધી છે કે આમ પર–પ્રકાશે છે ત્યાં દુઃખરૂપ થઈ જાય છે ? ક્યાંથી થાય ? એ જ્ઞાન સ્વના દ્રવ્યને જાણતું, આનંદને જાણતું, જ્ઞાન સ્વ-પરપ્રકાશકે પરિણમતું, એ પરિણમતું તેમાં મલિન કે દુઃખરૂપ થતું નથી. એ જ્ઞાન પરને જાણતાં પણ સ્વને સાથે જાણે, એથી જ્ઞાન આનંદપણે પરિણમતું, આનંદપણે પરિણમતું શુદ્ધપણે જ્ઞાન રહે છે. 'પોપટભાઈ'! આહા..હા...!

કેમ કે જ્ઞાન આનંદસ્વરૂપ છે. આ જ્ઞાન એટલે કે આત્મા. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એને આત્મા માન્યો ક્યારે કહેવાય ? – કે મારો આનંદ મારામાં અને મારું જ્ઞાન સ્વપરને જાણવું એ મારામાં (છે). સ્વ-પરને જાણવું એ જ્ઞાન મારું મારામાં (છે). એમ જ્યારે માન્યું ત્યારે આનંદ પણ મારામાં એવું આનંદની સાથે પરિણમન થતું સ્વ-પરનું જાણવું એ દુઃખરૂપ ન થયું, પણ એ તો આનંદરૂપ થયું એટલે કે શુદ્ધરૂપ થયું. આહા..હા...! સમજાણું કાંઈ ? શું કીધું ?

**'જાણતો થકો પોતાના સ્વરૂપે છે–એવો વસ્તુનો સ્વભાવ છે.'** ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ જ્ઞાન છે. એ જ્ઞાનને જ્ઞાન જાણતાં અને એ જ્ઞાન પરને જાણતાં, જુઓ ! આ વસ્તુ અલૌકિકની વાત છે આ. આહા..હા...! સર્વવિશુદ્ધજ્ઞાન છે ને ? સર્વવિશુદ્ધજ્ઞાન. અત્યારે, હોં ! એની માન્યતામાં ફેર (છે) એ એણે ફેર કર્યો છે.

સમ્યગ્દર્શનમાં.. સમ્યગ્દર્શનમાં એટલે કે આત્મામાં આનંદ અને જ્ઞાન સ્વ-પરપ્રકાશક એવી પ્રતીતિના ભાનમાં જેણે મતિને આત્મામાં સ્થાપી છે – એમ છેલ્લે આવશે. એટલે કે આ આત્મા આનંદ છે અને આ આત્મા સ્વ અને પરને પોતામાં રહીને જાણવામાં મેલો થતો નથી પણ આનંદરૂપ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જગતને વાત બહુ ઝીણી પડે. વાસ્તવિક શું છે ? એ ચૈતન્ય પોતે આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એમાં આનંદ અને જ્ઞાનમાં સ્વ-પરનું જાણવું થયું એ તો જ્ઞાનનું એવું સ્વરૂપ જ છે અને એવું સ્વરૂપ તે વસ્તુનું સ્વરૂપ છે. એથી જ્ઞાનમાં પરનું જાણવું એની સાથે આનંદનું થવું થાય છે. એમાં અશુદ્ધતાનું દુઃખરૂપ થવું એ સ્વ-પરના જાણવામાં થતું નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

આત્માને માન્યો ક્યારે કહેવાય ? – કે આત્મા સ્વ-પરને જાણવાના જ્ઞાન સ્વભાવવાળો અને આત્મા અતીન્દ્રિય આનંદવાળો (છે). એથી સમ્યગ્દર્શનમાં મારો આનંદ પરમાં છે એ વાત રહેતી નથી. સમજાય છે કાંઈ ? અને મારું જ્ઞાન પરને જાણતાં દુઃખરૂપ થાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ રહેતું નથી. આહા..હા...! 'રતિભાઈ'! સમજાય છે આમાં ? ભારે પણ એને..

ભગવાનઆત્મા... આત્મા એટલે અત્યારે જ્ઞાનપ્રધાન. સર્વવિશુદ્ધ છે ને ? એટલે એકલો જ્ઞાનપૂંજ, બસ, થઈ ગયું ! જ્ઞાનનો પૂંજ. ખડી એટલે ધોળપનો પૂંજ, અફીણ એટલે કડવાશનો ઢગલો, સાકર એટલે ગળપણનો પૂંજ એમ આત્મા એટલે ચૈતન્ય જ્ઞાનનો પૂંજ. હવે એ જ્ઞાનમાં આનંદ ભેગો છે. એ જ્ઞાન પરને જાણતાં એનું મલિનપણું થઈ જાય છે એમ નથી. એ સ્વ અને પરનું જાણવું એ એનો સ્વતઃ સ્વભાવ છે. તેથી સ્વને અને પરને જાણવાના કાળમાં એ અશુદ્ધ નહિ પણ આનંદરૂપે થાય છે એટલે શુદ્ધ સ્વભાવરૂપે થાય છે. આહા..હા...! 'સુરેન્દ્રભાઈ'! સમજાણું આમાં ?

પરને જાણતાં પર મારા, રાગ મારો, શરીર મારું, કર્મ મારું, એમ પરને જાણતા મારું માને, એ જાણવું મારું એમ નહિ પણ એ પર વસ્તુ મારી માને, એ તો મિથ્યાત્વભાવ અને દુઃખરૂપ છે. એ અશુદ્ધ થયું. સમજાણું કાંઈ ?

આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન અને આનંદ છે; એટલે કે એનું જ્ઞાન પરને જાણવું એ તો સ્વનું સ્વરૂપ છે; અને પરને જાણવામાં પોતાના આનંદનું–શુદ્ધતાનું સ્વરૂપ એને પ્રગટે છે. એ ઉપરાંત થઈ જાય કે આ પરને જાણતા આ રાગ મારો, રાગનું જ્ઞાન એ તો મારું. પણ રાગ મારો, શરીર મારું, કર્મ મારું, જે અંતરમાં એ ચીજ નથી. સમજાણું કાંઈ ? જે જેમાં નથી એમાં એને માને તો તે જ્ઞાન અશુદ્ધ અને દુઃખરૂપ થયું. 'પોપટભાઈ'! સમજાય છે આમાં ? આહા..હા...!

આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ પદાર્થ મહાન આનંદઘન, એની સાથે રહેલું જ્ઞાન... અહીં તો જ્ઞાનપ્રધાનથી કથન છે. એ જ્ઞાનમાં આનો ભાસ થઈ ગયો ને આનો ? આ રાગનો, આ વિકલ્પનો, આ શરીરનો, આ દુર્ગંધનો, આનો ને આનો ભાસ થયો એ તો ભાસવું એ તો એનું સ્વરૂપ છે. એ ભાસવું એમાં કાઢી નાખ તો સ્વ-પરપ્રકાશક જ્ઞાન રહેતું નથી. એટલે જ્ઞાન રહેતું નથી એટલે આત્મા રહેતો નથી. એટલે આત્મા રહેતો નથી એટલે એકપણ ગુણ રહેતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? સ્વ-પરપ્રકાશક સ્વભાવ (છે) એમાંથી પરપ્રકાશપણું (થવું) એ પોતાનું સ્વરૂપ છે. એને જો કાઢી નાખ તો એ ગુણ રહેતો નથી. એની સાથે ગુણ ન રહેતાં એ અનંત ગુણ સાથે છે એનો પણ અભાવ થઈ જાય છે. અભાવ થઈને એકલો આત્મા રહેતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જાણતો થકો પોતાના સ્વરૂપે છે–'** જાણતો થકો પોતાના સ્વરૂપે છે, સ્વ-રૂપ છે, પરને જાણતાં... અહીં તો પરને જાણવાની પ્રધાનતા છે, હોં ! સ્વને જાણવું તો એમાં છે જ. પરને જાણતાં **'પોતાના સ્વરૂપે છે–એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો,...'** પર વસ્તુ જણાઈ ગઈ માટે હું દુઃખરૂપ થઈ ગયો અને અશુદ્ધ થઈ ગયો એમ ન જાણ, એમ ન માન. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક એ આનંદરૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધ થાય છે એમ જાણ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? 'ન્યાલભાઈ'! આ ... છે.

ભાઈ ! તારું સ્વરૂપ જ એવું છે, શું કરવું ? કહે હવે. સ્વ ને પરને જાણવું એવડો એ આત્મા એમ પાછું. એવડા આત્મામાંથી પરનું જાણવું એ અશુદ્ધ જાણ તો એ વસ્તુ નીકળી જાય છે. જ્ઞાન સ્વ-પર (પ્રકાશક) રહેતું નથી. એટલે એકલું પર ઉપર એકાકાર થતાં દુઃખરૂપ દશા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ?

મૂળ વાસ્તવિક તત્ત્વ શું છે ? અને તત્ત્વ-જ્ઞ એનું જ્ઞાન. એનો જ્ઞાનસ્વભાવ. અગ્નિનો સ્વભાવ પરને બાળતા એ અગ્નિ અગ્નિરૂપ રહી છે ? કે અગ્નિ પરરૂપે થઈ છે ? એમ જ્ઞાન પરને જાણતાં જ્ઞાન સ્વરૂપે–વસ્તુસ્વરૂપે સ્વરૂપમાં છે કે તે પરરૂપે થઈ છે ? સ્વરૂપમાં જ છે. તો સ્વરૂપમાં છે તો જ્ઞાન આનંદરૂપ જ છે. અશુદ્ધ છે નહિ, શુદ્ધરૂપ જ છે. સમજાણું કાંઈ ? **'તે ન માનો, જીવ શુદ્ધ છે;....'** જીવ આનંદરૂપ અને જ્ઞાનના સ્વ-પરપ્રકાશકરૂપ છે. આહા..હા...!

**શ્રોતા :–** સ્વ-પરપ્રકાશક એક સમયમાં છે તો એક સમય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક સમયમાં, એક સમયમાં. સ્વને પ્રકાશે અને પછી પરને પ્રકાશે એમ નહિ. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયના જાણપણાથી જીવને અશુદ્ધપણું માને છે તે ન માનો, જીવ શુદ્ધ છે; [વિશેષ સમાધાન કરે છે–]'** વધારે સમાધાન કરે છે. **'કારણ કે 'किम् अपि द्रव्यान्तरं एकद्रव्यगतं न चकास्ति''** જુઓ! હવે ભાષા. આ તો અધ્યાત્મ વાત, અંતરની વાત છે ને ? અપૂર્વ વાત છે એટલે એને જરી એકાગ્ર થવું જોઈએ. તો એ પકડાય એવી વાત છે. આ કાંઈ એમ ને એમ ચાલતા.. ચાલતા... ચાલતા... પેલા મોટા ઘેંટા હોય ને ? ચાલે ને નડે તો ખબર પડે, પણ ઝીણા કંથવા હોય તો ? આડા આવે નહિ એટલે કાંઈ નથી. જીવાત કાંઈ નહોતી... જીવાત કાંઈ નહોતી... પણ ક્યાંથી જીવાત નહોતી ? ઝીણું જોયા વિના ? જોડા પહેરે અને ચાલ્યો જાય અને કીડીઓના મોટા .. કચરાતા હોય. નીચે કોઈ જીવાત નહોતી. પણ શી રીતે તે જોઈ નહોતી ? પગને બોકડો કે કચરો કાંઈ નડ્યું નથી. સમજાણું કાંઈ ?

એમ આ શું ચીજ છે એની ખબરું વિના ક્યાંય અમને ભૂલ નથી, અમને કાંઈ ભૂલ નથી. પણ ભૂલ નથી ભાન વિના ? તારું તત્ત્વ જ એવું ભગવાનઆત્મા ત્રણે કાળે એવું છે, હોં ! એની માન્યતામાં ફેર પડ્યો છે. વસ્તુનો સ્વભાવ હોય એ ત્રણ કાળે હોય કે એક કાળે હોય અને બીજે કાળે ન હોય, એમ થાય છે ?

કહે છે. શું કહે છે ? જુઓ ! ''**किम् अपि द्रव्यान्तरं एकद्रव्यगतं न चकास्ति** (**किम् अपि द्रव्यान्तरं**)' દ્રવ્યાંતર એટલે આ જીવદ્રવ્યથી અનેરા દ્રવ્યો. ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય, એનાથી અનેરા દ્રવ્યો. અનેરા એટલે **'કોઈ જ્ઞેયરૂપ પુદ્‌ગલ..'** જુઓ ! આ શરીર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્મ, વિષ્ટા, સોનું, લાકડા, લોઢા, મકાન, ધૂડ, પૈસા અને આબરૂ – એ બધા પુદ્ગલ. સમજાણું કાંઈ ? એ દ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય. એ દ્રવ્યાંતર છે. આ દ્રવ્યથી અનેરું દ્રવ્ય છે. પુદ્ગલદ્રવ્ય. આ જીવદ્રવ્યથી અનેરા દ્રવ્ય છે. કર્મ, શરીર, આબરૂ, કીર્તિ, પૈસા, મકાન, પુસ્તક, ચોપડી આદિ વગેરે. આ દ્રવ્યથી, આ વસ્તુથી અનેરા દ્રવ્ય છે, અન્ય દ્રવ્ય છે, ભિન્ન વસ્તુ છે, જ્ઞેય છે. આ જ્ઞાનદ્રવ્ય છે ત્યારે એ જ્ઞેયદ્રવ્ય છે. એમ અત્યારે સિદ્ધ કરવું છે.

**'કોઈ જ્ઞેયરૂપ પુદ્ગલ...'** પુદ્ગલ એટલે બધા પરમાણુ આદિ, હોં ! સમજાણું ? **'પુદ્ગલદ્રવ્ય અથવા ધર્મ, અધર્મ, આકાશ, કાળદ્રવ્ય શુદ્ધ જીવવસ્તુમાં એકદ્રવ્યરૂપે પરિણમે છે એમ શોભતું નથી.'** શું કહે છે ? આ ભગવાનઆત્મા જ્ઞાનરૂપ દ્રવ્ય, એમાં પુદ્ગલદ્રવ્યરૂપ. **'एकद्रव्यगतं न चकास्ति'** એક દ્રવ્ય એટલે શુદ્ધ દ્રવ્ય. શુદ્ધ દ્રવ્ય એટલે ? પોતાની શુદ્ધ જીવવસ્તુ. એમ આ એકદ્રવ્યરૂપથી એ પુદ્ગલ જીવદ્રવ્યના જ્ઞાનદ્રવ્યરૂપે... જીવ જ્ઞાનદ્રવ્યરૂપ છે અને પુદ્ગલ જ્ઞેયદ્રવ્યરૂપ છે. એ જ્ઞેયદ્રવ્યરૂપ જ્ઞાનદ્રવ્યરૂપમાં એકપણે પામે છે એમ હોઈ શકતું નથી. સમજાણું કાંઈ ? છે કે નહિ ? પુસ્તક તો કેટલા રાખ્યા છે તેથી ? હજી ખુણામાં અંદર પડ્યા છે.

એકકોર જાણનાર જ્ઞાયક દ્રવ્ય. એ દ્રવ્ય સ્વ. દ્રવ્યાંતર એ પુદ્ગલ પહેલો લીધો. એમ બધું લેવું. **'પુદ્ગલદ્રવ્ય અથવા ધર્મ, અધર્મ, આકાશ, કાળદ્રવ્ય શુદ્ધ જીવવસ્તુમાં...'** **'एकद्रव्य'**. **एकद्रव्य** એટલે શુદ્ધ જીવ વસ્તુ. શુદ્ધ જીવ જ્ઞાનવસ્તુ, શુદ્ધ જીવ જ્ઞાનપદાર્થ ભગવાનઆત્મા, એમાં **'गतं'** **'गतं'** એટલે એકદ્રવ્યરૂપે પરિણમવું. આત્મજ્ઞાનમાં બીજું દ્રવ્ય પુદ્ગલ **'गतं'** નામ એકદ્રવ્યરૂપે થવું, એમ કોઈ દિ' શોભતું નથી એટલે હોતું નથી. સમજાણું કાંઈ ?

જ્ઞાન ચૈતન્યદ્રવ્ય, એનાથી અનેરું દ્રવ્ય આ પુદ્ગલ. ધર્મ, અધર્મ, આકાશ, કાળ તો અરૂપીને એકકોર રાખો. આ પુદ્ગલદ્રવ્ય. એ રાગાદિ બધું, હોં ! પુણ્ય-પાપના વિકલ્પો, દયા-દાનના રાગ, એ બધા પુદ્ગલાદિ ચીજો એ **'एकद्रव्य'** એટલે શુદ્ધજીવ વસ્તુ, જ્ઞાનમયવસ્તુ, સર્વવિશુદ્ધ જ્ઞાનમય વસ્તુ. **'एकद्रव्य'**, એની અંદર **'गतं'**. **'गतं'** એ રાગ, પુણ્ય, વિકલ્પ એ આત્મા જ્ઞાનમાં જ્ઞાયકમાં એકરૂપ પરિણમે એવું કોઈ દિ' હોઈ શકતું નથી. કહો, સમજાણું આમાં ? **'એક દ્રવ્યરૂપે પરિણમે છે એમ'** '(**न चकासति**)' ન માનો એટલે **'શોભતું નથી.'** એમ છે નહિ. એમ શોભતું નથી એટલે એમ છે નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું ?

અરિસો, અરિસારૂપમાં છે. એ સામે લાકડા, લોઢારૂપે એકદ્રવ્ય આ દ્રવ્યની અંદર **'गतं'** ઘૂસી ગયા ? એકરૂપે થયા છે ? જણાય છે અંદર. સામે લાકડા, લોઢા, કોલસા હોય તો આમ અંદર જણાય કે નહિ ? તો એ શું છે ? એ પરદ્રવ્ય છે ? પરદ્રવ્ય એમાં **'एकद्रव्य गतं'** આવી ગયું છે ? એક સ્વદ્રવ્યમાં પરદ્રવ્ય ઘૂસી ગયું છે ? એ તો અરિસો છે.

એમ આ એકદ્રવ્ય જ્ઞાયક ચૈતન્ય-અરિસો, એનાથી પુદ્ગલ રાગ, દ્વેષ, શરીર, વાણી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મન એ '**एकद्रव्य गतं**' થઈ ગયું છે ? આ દ્રવ્યમાં આવી ગયા છે ? એ સંબંધીનું જ્ઞાન એ તો પોતાનું જ્ઞાન છે. એ સંબંધીનું જ્ઞાન જ પોતાનું છે. એ ચીજ ક્યાં અહીં આવી ગઈ છે ? સમજાણું કાંઈ ? '**એકદ્રવ્યરૂપે પરિણમે છે એમ** (**न चकासति**)' એમ બની શકતું નથી. નથી બની શકતું એનો અર્થ કીધો કે '**શોભતું નથી.**' '...ભાઈ'! કેટલું ઝીણું પડે છે ? અરિસાનો દાખલો આપીને કીધુંને.

અરિસો આમ છે. ત્રણ હાથનો પહોળો આટલો હોય. એ અરિસો એક દ્રવ્ય. એમાં બીજા દ્રવ્યો અહીં આવી જાય અને આ રૂપે થાય એમ બનતું નથી. એટલે એમ શોભા પામતું નથી એટલે કે એમ બનતું નથી. એમ આ ચૈતન્ય અરિસો ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા છે. એમાં શરીર, વાણી, મન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકલ્પ, રાગ એનું અહીં જ્ઞાન (થાય) એ એનું જ્ઞાન નથી, એ તો જ્ઞાન પોતાનું સ્વ-પરપ્રકાશ છે. એવું સ્વ-પરપ્રકાશક જે એક દ્રવ્ય, સ્વ-પરપ્રકાશક જ્ઞાન એવું જે એક દ્રવ્ય, જેમ અરિસો એમ, અથવા એવું એક દ્રવ્ય, એમાં રાગ-દ્વેષ આદિ એકરૂપે થાય અને અહીં પરિણમી જાય એવું ત્રણકાળ, ત્રણલોકમાં બનતું નથી એટલે કે શોભતું નથી. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ ? 'વજુભાઈ'! ચોખ્ખી વાત છે. રસવાળો છે, રુચિવાળો છે.

આ વસ્તુ જ આવી છે. બધું હવે માથાકૂટ કરીને મરી ગયો. આ સંચા થયા, આ ઢીકણું થયું, આ ફલાણું થયું, મેં કર્યું. તેં શું કર્યું ? તારામાં તો સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળું ચૈતન્ય છે. એ ચૈતન્યમાં અંદરમાં પરદ્રવ્યો આવી ગયા ? શું થયું તારાથી ? આહા..હા...! શું હશે આમાં ? 'ગુલાબચંદભાઈ'! ડાહ્યા થાય તો આ બધા વેપારના ભાવ આમાં આવી જતા હશે કે નહિ ?

**શ્રોતા :–** એ સંબંધીનું પોતાનું જ્ઞાન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધમાલ કરી હશે કે નહિ ? 'કલકત્તા' બધું વેપાર કરવામાં નહિ કરી હોય ? તો ત્યાં શું કર્યું હશે ?

કહે છે, ભગવાન ! જ્યાં જ્યાં તું હતો, જ્યાં જ્યાં તું હતો, ત્યાં ત્યાં સ્વ-પરપ્રકાશક ચૈતન્યદ્રવ્યપણે તું હતો. ચૈતન્યપ્રકાશક સ્વ-પરપ્રકાશક સત્ત્વના સત્ત્વપણે હતો. ત્યાં ત્યાં જે પર પદાર્થ રાગાદિ તે કાળે થયા, એ વસ્તુ શું અહીં સ્વ-પરપ્રકાશક અસ્તિ એવું પોતાનું દ્રવ્ય, એમાં રાગાદિ અહીં થઈ ગયા ? અહીં જ્ઞાન સ્વ-પરપ્રકાશકમાં આવી ગયા ? જ્ઞાન એનું આવ્યું નથી, જ્ઞાન તો પોતાનું સ્વપરપ્રકાશનું સ્વદ્રવ્યપણું છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એમાં ક્યાં જ્ઞાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં ક્યાં ? એ તો સમજાવવું છે એના સંબંધી, એના સંબંધી કે દિ' હતું ? એ તો આત્મા સંબંધીનું જ્ઞાન છે. કહો, સમજાય છે કે નહિ આમાં ? એય..! 'આશિષ'! આ બીજી જાતની કોલેજ છે. કાલેજે બધે ગપ્પે ગપ્પ માર્યા છે. રળવા માટે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મમતા માટે ભેગા થઈને હેરાન થઈ જાય છે ત્યાં. સમજાણું આમાં ? આહા..હા...! આ એક ભણે તો લોકાલોકનું જ્ઞાન થયા વિના એને રહે નહિ. આહા..હા...! એ પાછું લોકાલોકને માટે ભણવું ન પડે, હોં ! એ તો આ જ્ઞાન. સ્વ-પરપ્રકાશકનું અસ્તિત્વ તે સ્વદ્રવ્ય, તે સ્વદ્રવ્ય. એમ આ સ્વવસ્તુ. એમાં પરવસ્તુ જણાણી, એમ નથી. એ તો પોતાનું સ્વરૂપ જ જણાણું છે. સ્વ-પરપ્રકાશક પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એ જણાણું છે, એ જણાણું છે. એ ચીજ જણાતાં એ ચીજ અહીં જ્ઞાનમાં આવી ગઈ છે (એમ નથી). લાવો ન્યાયથી. ન્યાયથી (નક્કી) કરશો કે નહિ ?

અરિસામાં અહીં કાળા કોલસા, વિષ્ટા, વિંછી બહાર પડ્યો હોય, લ્યો ! સર્પ આમ ફેણ માંડીને બેઠો હોય. એ તો અરીસાનું સ્વરૂપ છે. અરીસાના સ્વરૂપમાં અસ્તિત્વ અરિસો પોતાના દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ ? પેલા સર્પ અને વિંછી એમાં અંદર આવી ગયો છે ? તો બે વિંછી જીવ થઈ જાય. એક અહીં વિંછી જીવ અને એક ત્યાં.

એમ આ ચૈતન્યવસ્તુ, ભગવાનઆત્મા સ્વદ્રવ્ય. એમ કીધું ને ? અહીંયાં શું કીધું ? **'एकद्रव्यगतं'** આ શબ્દ પડ્યો છે. કાંઈ પણ **'द्रव्यान्तरं एकद्रव्यगतं न चकास्ति''** આ એક શબ્દમાં આખો સિદ્ધાંત ભરી દીધો. કોઈપણ **'द्रव्यान्तरं'** – આ દ્રવ્ય જે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ, સ્વ-પરસ્વરૂપ—સ્વ-પરપ્રકાશસ્વરૂપ એવું સ્વદ્રવ્ય એમાં **'किम् अपि एकद्रव्यगतं'** એક શુદ્ધ જીવદ્રવ્ય જે છે, આ શુદ્ધ જ્ઞાયક જીવદ્રવ્ય છે, એમ **'न चकास्ति'** એમ અંદર કોઈ દિ' આવતું નથી. નથી આવતું એટલે કે બીજું અહીં આવે તો શોભા થાય. પણ એ સંબંધીનું અહીંયાં પોતાનું સ્વ-પરજ્ઞાન છે એમાં જ એની શોભા અને સ્વદ્રવ્ય છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! એ ભૂલ પાછી નાખે કોને માથે ? – કર્મને માથે. આહા..હા...!

'શ્રીમદ્દે' કહ્યું છે કે એલા..! તું તારો વેરી. ભારે આશ્ચર્યની વાત. કર્મ, બર્મ, વેરી કોઈ નથી. તું તારો વેરી કોઈ આશ્ચર્યની વાત અને હે જીવ ! તું ભૂલ્યો.. તું ભૂલ્યો. અંતરમાં આનંદ છે, બહારમાં શોધે ક્યાંય નહિ મળે. એનો અર્થ કે તારું જ્ઞાન સ્વ-પરપ્રકાશક અંદર ગોતે મળે, આ પરને જ્ઞેયને લઈને મળે એવું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! ધર્મને નામે કેટલાક એમ માને કે બસ, પરદ્રવ્ય આપણને કાંઈ નુકસાન કરતું નથી માટે પરદ્રવ્ય ભોગવો. પણ ભોગવે કોણ ? સમજ તો ખરો. એથી વાત પહેલાં આવી ગઈ છે. શંખને અધિકારે. ભોગવે કોણ ? પરદ્રવ્યનું જ્ઞાન એ તો તારું જ્ઞાન છે, એનું નહિ. એવું સ્વદ્રવ્ય, સ્વવસ્તુ કે જે સ્વ-પરપ્રકાશક જ્ઞાનનો પુંજ સ્વદ્રવ્ય (છે), એમાં રાગ, દયા, દાન, વિકલ્પ અને પરવસ્તુ એ **'एकद्रव्यगतं'** આ એક દ્રવ્ય જે શુદ્ધ વસ્તુ એમાં **'गतं'** બીજું દ્રવ્ય આવી જાય એવું બનતું નથી. કહો, સમજાણું આમાં ? આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે–જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** કેટલું ઝીણું પડે છે આમાં ? – પરમ સત્ય ! બાપા પણ હવે ખુશી થઈ ગયા છે. 'ભૂરાભાઈ' કહેતા હતા એક ફેરી 'ભુરાભાઈ' કહેતા હતા. ભાઈ ! બાપુ ! તારી ચીજ જ આ છે. હવે તારે શું કરવું છે તે કહે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ ! તું તો આવો છો, ભાઈ ! તારી પ્રભુતાની વાતું શું કરવી ? એમ કહે છે. તારી પ્રભુતા એટલે સ્વ-પરને જાણવાના સમર્થવાળી તારી પ્રભુતા એ તારું તત્ત્વ. સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાનઆત્મા સ્વ-પરને પ્રકાશવું એવું સ્વ-તત્ત્વ પોતાના સામર્થ્યની પ્રભુતાવાળું તત્ત્વ (છે). એમાં બીજું આ એક દ્રવ્યમાં રાગ, પુણ્યના વિકલ્પો અને શરીર-કર્મ આવી ક્યાં ગયા ? કે જેથી તને એમ થયું કે અરે..! આ જણાણું ! અરે...! આ જણાણું ! પણ જણાણું એ નથી. એ તો તારું સ્વ-પરપ્રકાશક જ્ઞાન જણાણું છે. સમજાણું કાંઈ ? ખરેખર તો જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે એવું સ્વદ્રવ્ય, એ સ્વદ્રવ્ય જણાય છે કે સ્વ-પરપ્રકાશક હું છું – એમ સ્વદ્રવ્ય જણાય છે. એને ઠેકાણે કહે કે આ દ્રવ્ય જણાણું અને અશુદ્ધ થઈ ગયો. તેં મફતની ભ્રાંતિ ઊભી કરી છે. આહા..હા...!

એ તો ભગવાનઆત્મા.. આહા..હા...! ત્રણલોકના નાથ ચૈતન્ય સર્વજ્ઞ પ્રભુ ! એની વાણી એમ નિમિત્તથી કહેવાય, નિમિત્ત છે એટલે. બાકી સર્વજ્ઞ સર્વજ્ઞ (છે). વાણીનું વાણીથી નીકળે છે એને કારણે. આહા..હા...! સમજાણું ? કહે છે કે વાણી નીકળવું અને વાણીનું જાણવું... લોકાલોકનું જાણવું છે. જાણવું છે તો ત્યાં જ્ઞાન મેલું થયું ? એ તો જ્ઞાનની સ્વ-પરપ્રકાશના સ્વ-અસ્તિત્વના સ્વભાવનું જે દ્રવ્ય હતું તે રીતે પરિણમી ગયું છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

આ સર્વજ્ઞ સ્વભાવ. જુઓ! અહીં તો વળી સર્વજ્ઞ મગજમાં કેમ આવ્યું ? બધું જાણે છે એમ આવ્યું ને ? બધું જાણે ને ? એટલે વળી આ આવ્યું. ભાઈ ! તું અત્યારે સર્વને જાણનારો છે, લે ! ઠીક. આહા..હા...! શું કીધું ? ભગવાન યાદ આવ્યા પણ આ ભગવાન એવો છે એમ કહે છે. આહા..હા...! ભગવાન ! તું એવો છો કે સ્વને-પરને પ્રકાશે આનંદસહિત એવો તું છો. એ તારું સ્વદ્રવ્ય, એ તારું સ્વતત્ત્વ, એ તારો આત્મા ! હવે એમાં આ પરવસ્તુ અહીં આવી ગઈ એમ જે માનવું, એ કહે છે કેમ પણ આવે ? ત્રણકાળમાં રાગ જ્ઞાનરૂપે થાય શી રીતે ? ત્રણકાળમાં શરીર, કર્મ, વાણી એ આત્માના જ્ઞાનરૂપે, આત્મારૂપે થાય શી રીતે ? સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** આવી ખાતરી તો ધર્મી જ કરાવી શકે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પોતે જ કરે એવો ખાતરીવાળો છે. એવી એનામાં તાકાત છે. એની તાકાતનો સ્વભાવ જ એવડો છે એમ કહે છે. સ્વ-પરને જાણવું એવો નિર્ણય કરી, નિશ્ચય કરી અને અનુભવ કરે એ જ એની તાકાત છે, એવી તાકાત જ એની છે. વિતરીત કરવું, માનવું એ એના તાકાત–સ્વભાવમાં છે નહિ. એ તો એની પર્યાયમાં ભ્રમ ઉત્પન્ન કરે છે, એમ કહે છે. આહા..હા...! શું કીધું ?

આવો ભગવાનઆત્મા સ્વને–પરને જાણવાવાળું સત્ત્વ તે જ હું. એવી ખાતરી કરનારો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવ જ એનો પોતાનો છે. પરને જાણવું એ પરનું જાણવું નથી. એ પરનું જણાય એ તો પોતાનું સ્વ-પર જ્ઞાન પોતે પોતાને જાણે છે. એમાં તને એમ થાય કે આ રાગાદિ થયું, પણ ક્યાં થયું છે ? જ્ઞાન સ્વરૂપ ભગવાન રાગરૂપે, શરીરરૂપે દેખાય એ ચીજે **'द्रव्यान्तरं'** જ્ઞાનરૂપી દ્રવ્ય, જ્ઞાનરૂપી ચૈતન્ય, એમાં એકદ્રવ્ય એટલે શુદ્ધ વસ્તુ, એમાં અનેરા દ્રવ્યો કોઈ રીતે આવ્યા નથી. સમજાણું કાંઈ ? એવા આવ્યા નથી, એવી માન્યતાનો અનુભવ થવો એવો તારો સ્વભાવ છે. આહા..હા...! કહો, 'વજુભાઈ'! આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાન જ્ઞાનને જ જાણે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને જ જાણે છે, કોને જાણે છે એ ? આહા..હા...! સમજાણું કાંઈ ?

જીવ બધા જ્ઞાનસ્વરૂપ છે એટલે જીવ અહીં નથી લેવા. અહીં બધા જીવનો શુદ્ધ દ્રવ્ય સ્વભાવ. અહીં બધા એમ લેવા છે. એકલો જીવ. એકલો જીવ લ્યો તો બીજા... પણ અહીં તો જીવનું શુદ્ધ જ્ઞાન અધિક સ્વરૂપ છે. એટલે બધા જીવમાં આ બીજા જ જણાય છે એ એનું જાણવું એનું નથી. એનો સ્વ-પરપ્રકાશક શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો સ્વભાવ નિગોદથી માંડીને સિદ્ધ સુધી (છે). આહા..હા...! માન્યતામાં ભ્રમ પડી ગયો છે એ તો ઊભું કર્યું કલ્પના, પર્યાયના અંશમાં; દ્રવ્ય-ગુણમાં એ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! ભારે ! આમાં પણ ક્યાંય વાદ-વિવાદને અવકાશ જ ક્યાં છે ? એ આનાથી થયું... આનાથી થયું... હવે થયું છે ક્યાં ? થયું છે તારાથી લે. કર્મનો ઉઘાડ થયો તે ક્ષયોપશમ થયો એ વાત તો ત્યાં રહી ગઈ.

અહીં તો સ્વ-પરપ્રકાશ સ્વભાવ, સ્વભાવરૂપે છે, એ રૂપે જ્યાં અંદર છે એમ જાણ્યું અને માન્યું, સુખરૂપ છે. પરનું જાણવું થયું એટલે પર આમાં આવી ગયું એમ નથી. એનો આખું એકલું તત્ત્વ રહી ગયું. એટલે આ સ્વ-પર જાણવાની અપેક્ષાએ સ્વતત્ત્વ છે અને પરતત્ત્વ આની અપેક્ષાએ પરતત્ત્વ છે જ નહિ. શું કીધું ? હું જ એકલો સ્વ-પરપ્રકાશક સ્વતત્ત્વ છું, એવી અપેક્ષાએ પરવસ્તુ છે જ નહિ. હવે પરવસ્તુ છે એ અહીં આવી નથી. અહીં તો એકલું સ્વ-પરપ્રકાશનું જ્ઞાન જ રહી ગયું, સર્વજ્ઞસ્વભાવ જ એકલો (રહી ગયો). એ સ્વ છે. પર પરપણે હો. એ પરપણે, મારાપણે તે નથી. પરપણે હો તો પર મારારૂપ કોઈ દિ' થતું નથી. સમજાય છે કાંઈ આમાં ? આમાં તો કાંઈ એવી બહુ કઠણ-ઝીણી વાત નથી. પણ હવે એને કોઈ દિ' આ તત્ત્વ શું છે ? એણે વિચાર જ કર્યા નથી અને એમને એમ આંધળી દોડે ચાલ્યો ગયો છે એમ ને એમ.

**શ્રોતા :–** બહુ મહિમાવાળી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ મહિમાવાળાની મહિમા એવી હોય ને. મહિમાવાળો જ પદાર્થ છે, મહિમાસ્વરૂપ જ એવો એ છે. ઓહો..! જેને ચૈતન્યચમત્કાર કીધો, લ્યો. ચમત્કાર. આહા..હા...! એ શું કહે છે ? ચિત્‌ચમત્કાર. ઓહો..! ભગવાનઆત્મા સ્વ અને પરને જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો ચિત્‌ચમત્કાર. ચમત્કાર એટલે ? કાળ થોડો, વસ્તુ અનંત, જાણવું પોતામાં, પરને અડ્યા વિના આવો ચૈતન્યચમત્કાર તે ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ ? એક સમયમાં હોં પણ પાછો એ. ઉપયોગ ભલે અસંખ્ય સમય હોય પણ એક સમયમાં જાણવું બધાંને, રહેવું પોતામાં. બધાંને જાણવું કહેવું એ ઉપચાર, બધાને જાણવા સંબંધીનું જ્ઞાન પોતાનું પોતામાં, એમાં રહ્યો સ્વને જાણે અને પૂરું જાણે. એવી ચમત્કાર ચીજ હોય તો એ ચૈતન્ય જ છે. એવી બીજી કોઈ ચીજ હોઈ શકે નહિ. આહા..હા...! એને આ પુણ્યના દયા, દાનના વિકલ્પ સંબંધીનું જ્ઞાન નહિ. એની શેની મહિમા રહે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

એનો મહિમા વાણી દ્વારા કેટલો આવે, કહે છે. કારણ કે વાણીનો એ જાણનાર જ્ઞાનનું સ્વરૂપ પોતાને કારણે એ જાણે છે. વાણીને કરતો નથી અને વાણીને ખરેખર જાણતો પણ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! એવો ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ચમત્કાર. ચમત્કાર બીજો કયો સમત્કાર ? એના પોતાના અસ્તિમાં રહી, પરની સામું જોયા વિના અનંતપણું જે જગતનું છે... રાગાદિ નજીકમાં એક ક્ષેત્રે એક કાળે થયેલા. એક ક્ષેત્રે અને એક કાળે (થયેલા) રાગાદિ. સમજાણું ? એમ એક ક્ષેત્રે એક કાળે શરીરાદિ બીજા રજકણો, એને ભગવાનઆત્મા સ્વ-પરપ્રકાશનું સત્ત્વ એવું તત્ત્વ, પોતે પોતાને જાણે છે, એમાં પરનું જાણપણું આવ્યું એમ કહેવું એ વ્યવહાર છે. તો પર આમાં આવી ગયું એ છે જ ક્યાં ? સમજાણું કાંઈ ? ભાઈ ! સર્વવિશુદ્ધ ચૈતન્યમૂર્તિ આવો અહીં વર્ણવે છે.

**શ્રોતા :–** પોતાને જ જાણે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાને જ જાણે, બીજાને કોને જાણે ? કારણ કે એ જાતની જ્ઞાનની પર્યાય તે કાળે એવી થઈ તો એને જાણે છે. બીજે કાળે બીજી થઈ તો એને જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે – જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** જુઓ ! એ સર્વજ્ઞ પોતે આવ્યો. એ.. અત્યારે. **'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ ! એ બધા જ્ઞેયો જાણે એમ કહેવું એ ઠીક. **'જ્ઞાન જ્ઞાનરૂપ છે,...'** જાણતાં પણ જ્ઞાન જ્ઞાનરૂપ રહેલું છે. જીવ જ્ઞાનરૂપ રહીને જાણે છે, પરરૂપ થઈને જાણતું નથી અને પરરૂપનું જ્ઞાન નથી, પોતાનું સ્વ-પરપ્રકાશ જ્ઞાનરૂપ છે. **'જ્ઞેયવસ્તુ જ્ઞેયરૂપ છે;...'** જેટલા રાગ-દ્વેષાદિ, પુણ્ય-પાપ, શરીરાદિ બધા જાણવા યોગ્ય તે પરરૂપ છે.

**'કોઈ દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ છોડીને...'** કોઈ દ્રવ્ય કોઈ વસ્તુ પોતાના દ્રવ્યપણાને છોડીને **'અન્ય દ્રવ્યરૂપ તો નથી થયું. એવો અનુભવ કોને છે તે કહે છે.'** જુઓ ! પહેલો શબ્દ હવે આવ્યો. બધું કહીને. સિદ્ધ કરવું છે ને એ. **'शुद्धद्रव्यनिरूपणार्पितमते स्तत्वं समुत्यश्यतो'** આહા..હા...! આ તો ભાગવત કથા છે. 'પોપટભાઈ'! આ ભગવાનઆત્માની ભાગવત્ કથા. આ ભાગવત્ ભગવાન વીતરાગસ્વરૂપ (છે). વીતરાગસ્વરૂપ એટલે પર ને અને સ્વને જાણવાનું

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ છે. એવો ભગવાન... કહે છે **'કોઈ દ્રવ્ય પોતાનું દ્રવ્યત્વ છોડીને અન્ય દ્રવ્યરૂપ તો નથી થયું. એવો અનુભવ કોને છે...'** આવું જ્ઞાન કોને હોય છે ? આવું ભાન કોને હોય છે ? હવે એ સિદ્ધ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'शुद्धद्रव्यनिरूपणार्पितमतेः'** આ શબ્દ આવ્યો. ઓહોહો..! **'शुद्धद्रव्य'** **'સમસ્ત વિકલ્પથી રહિત શુદ્ધ ચેતનામાત્ર જીવવસ્તુ...'** જુઓ ! શું કીધું ? આ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર છે ને ?

ભગવાનઆત્મા અત્યારે **'સમસ્ત વિકલ્પથી રહિત...'** રાગથી રહિત શુદ્ધ ચૈતન્યમાત્ર. રાગ તો જ્ઞેયમાં ગયું, પરવસ્તુ. ભગવાનઆત્મા સમસ્ત રાગ(રહિત) વસ્તુ ચૈતન્યમૂર્તિ, વસ્તુ ચૈતન્યમૂર્તિ વર્તમાનમાં સમસ્ત વિકલ્પરહિત. પુણ્ય-પાપના સંબંધીનું જ્ઞાન એ તો સ્વનું થયું. પણ એ વસ્તુ છે એ તો રાગ અને વિકલ્પરહિત છે. સમજાણું કાંઈ ?

અરે..! દેડકા સમજી જાય. ન સમજે શું ! આત્મા છે કે નહિ ? એને એમ ન માનવું કે હું લાયક નથી. લાયક નથી એ આત્માના સામર્થ્યની પ્રતીત કરતો નથી. સમજાણું કાંઈ ? હું લાયક નથી એમ કરીને કો'કમાં સોંપે છે. પણ હું પોતે સર્વજ્ઞ થવાને લાયક છું. સર્વજ્ઞની પ્રતીત કરવાને લાયક એવો મારો સ્વભાવ (છે), તો સર્વજ્ઞ થવાનો સ્વભાવ પર્યાયમાં થાય એ તો મારો ત્રિકાળ સ્વભાવ છે.

**શ્રોતા :–** ... વાણી તો ... લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધા આત્મા.. અહીં તો બધા આત્માની વાત છે. ન કરે એ એને ઘરે રહ્યા. એ આત્મા નહિ. આહા..હા...!

કહે છે, ભગવાનઆત્મા શુદ્ધ દ્રવ્ય સમસ્ત રાગથી રહિત, એ તો નાસ્તિથી વાત કરી, પણ શુદ્ધદ્રવ્યનું અસ્તિ શું ? પાઠમાં તો **'शुद्धद्रव्य'** શબ્દ પડ્યો છે. પણ સમજાવ્યું એણે. સમસ્ત રાગાદિ રહિત. અત્યારે હોં આ વસ્તુ. **'શુદ્ધ ચેતનામાત્ર જીવવસ્તુ...'** એકલો જ્ઞાયકમાત્ર વસ્તુ. શુદ્ધથી આનંદ ચેતનામાત્ર વસ્તુ. '**(निरुपण**)' એટલે કે તેમાં દૃષ્ટિ જોડી છે. કથન કર્યું એમ નહિ. '**(निरुपण**)' તો શબ્દ છે. પણ શબ્દ નહિ, એમણે કહેલું વાચ્ય, વસ્તુનું સ્વરૂપ, એમાં જ્યાં પ્રત્યક્ષ અંદર દૃષ્ટિ કરી, પ્રત્યક્ષ અનુભવમાં (આવ્યો). પ્રત્યક્ષ અનુભવ એટલે રાગની અપેક્ષા નહિ, પરની અપેક્ષા નહિ.

સ્વ-પરપ્રકાશક સ્વરૂપ ચૈતન્યપદાર્થ, એવી શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ, એટલે કે રાગાદિરહિત વસ્તુ એમાં પ્રત્યક્ષ દૃષ્ટિ કરી છે એને '**(निरुपण**)' શબ્દ કર્યો. એ વસ્તુને દૃષ્ટિમાં લીધી છે. એટલે કે રાગની અપેક્ષા મૂકી દઈને, સ્વરૂપ ચૈતન્યમૂર્તિ આવું છે, એવું પ્રત્યક્ષ જેને જ્ઞાનનું વેદન છે એણે શુદ્ધદ્રવ્યમાં મતિને સ્થાપી છે, એને આવું જ્ઞાન હોય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો તે કાળ લીધો પાછો. આહા..હા...! શુદ્ધ ચેતનામાત્ર ભગવાનઆત્મા એને **'निरुपण'** એટલે પ્રત્યક્ષ અનુભવ. એ **'निरुपण'** પણ તો અહીં કથન કર્યું. નિરુપણ શબ્દમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તકરારું કરે. ભાઈ ! કથન બે પ્રકારે ચાલે, સાંભળને. આ કથન સ્વભાવ માટેનું કથન છે. એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદપ્રભુ, જેના સ્વભાવના ચિત્‌ચમત્કાર સામર્થ્યની અનંતતા, અચિંત્યતા, અમાપતા એવો આત્મા, એવો અંતરમાં પ્રત્યક્ષ અનુભવ, એ દૃષ્ટિ મૂકીને પ્રત્યક્ષ વેદન કર્યું છે. એવા પ્રત્યક્ષ અનુભવમાં, પ્રત્યક્ષ શબ્દે રાગરહિત, મનની અપેક્ષા વિના, સ્વભાવસ્વરૂપ છે તેમ તેને અનુભવમાં લીધો છે.

'**अर्पितमते:**' એવા અનુભવમાં '**સ્થાપ્યું છે બુદ્ધિનું સર્વસ્વ જેણે...**' એટલે કે મતિનું સર્વસ્વ ત્યાં સ્થાપ્યું છે. ક્યાંય આમ રાગમાં અટકવું એમ નહિ. જ્ઞાનનો જે વર્તમાન પર્યાય, બધો આ બાજુ પૂર્ણાનંદસ્વરૂપ જે સ્વ-પરપ્રકાશક છે, એવા સ્વતત્ત્વમાં જેણે મતિને સર્વસ્વ સ્થાપી છે. કાંઈ હવે આ બાજુથી આ બાજુમાં રહી નથી. આહા..હા...! સમજાણું ? શુદ્ધદ્રવ્ય પ્રત્યક્ષપણામાં '**अर्पितमते:**' મતિ ત્યાં જોડી દીધી છે, સ્થાપિત છે. '**अर्पितमते:**'. મતિ સ્થાપી છે, અર્પ્યું છે, મતિને ત્યાં અર્પી દીધી છે, મતિને ત્યાં અર્પી દીધી છે. ક્યાં ? શુદ્ધ ચૈતન્યવસ્તુ છે ત્યાં. મતિને સ્થાપિ છે, અર્પી છે, કરી છે, સર્વસ્વ મતિનું જોડાણ જ ત્યાં થઈ ગયું છે. સમજાણું કાંઈ ?

'**બુદ્ધિનું સર્વસ્વ જેણે એવા જીવને.**' એવા જીવને સ્વપરપ્રકાશમાં એકલો આત્મા પરથી રહિત, પરથી જાણતાં મેલો છે એમ ભાસતું નથી. આહા..હા...! પણ પરથી રહિત સ્વ-પરના જાણવાવાળા સામર્થ્યવાળું તત્ત્વ, મતિને (ત્યાં) સ્થાપી છે. તેથી સ્વ-પરપ્રકાશના પ્રકાશ સાથે આનંદનો પ્રત્યક્ષ અનુભવ વેદન વર્તે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઓલું કાઢ્યું ને ? પરને જાણતા અશુદ્ધ થઈ ગયું ? – કે નહિ. સ્વ-પરને જાણવાના સ્વભાવમાં દૃષ્ટિને સ્થાપી ત્યાં આનંદવાળું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ ? આ હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે, હોં ! મોટી મોટી વાતોમાં લાગે. એ તો ... અરે..! ભગવાન ! બાપુ ! 'છોટુભાઈ'! ઘણા બધા કહે છે ને ? આ નીચે કહેશે. જુઓ! નીચે. '**એવો સ્વભાવ સમ્યગ્દષ્ટિ જીવ જાણે છે.**' સમજાણું કાંઈ ?

'**બુદ્ધિનું સર્વસ્વ જેણે એવા જીવને. વળી કેવા જીવને ?**' '**तत्त्वं समुत्पश्यत:**' '**तत्त्वं समुत्पश्यत:**' '**સત્તામાત્ર શુદ્ધ જીવવસ્તુ...**' સત્તા હોવાવાળી શુદ્ધ જીવવસ્તુ. જુઓ ! આ નીચેની વાત ચાલે સમ્યગ્દર્શનમાં. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા સ્વ-પરપ્રકાશ ચૈતન્યની મૂર્તિ, એવી શુદ્ધચૈતન્ય સત્ત્વનું તત્ત્વ, એવા તત્ત્વને '**સત્તામાત્ર શુદ્ધ જીવવસ્તુ...**' એનું '**समुत्पश्यत:**' બે વ્યાખ્યા '**तत्त्वं समुत्पश्यत:**' તત્ત્વ એટલે શું ? – કે હોવાવાળો એકલો શુદ્ધ વસ્તુ તે તત્ત્વ. '**समुत्पश्यत:**' એટલે શું ? સમ્યક્ પ્રકારે '**समुत्पश्यत:**' સમ્યક્ પ્રકારે એટલે '**પ્રત્યક્ષ આસ્વાદે છે.**' જુઓ ! ભેગો આનંદ આવ્યો. ઓલો કહેતો હતો એ... પરને જાણું છું... સમજાણું ? એ સ્વ-પરને જાણવાનું અસ્તિત્વ તત્ત્વ જ એવું છે, એ પ્રકાશમય મૂર્તિમાં મતિ સ્થાપતા '**तत्त्वं**' તત્ત્વ નામ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ જે છે. '**समुत्पश्यत:**' જોયું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'समुत्पश्यतः'** સમ્યક્ પ્રકારે અધિકપણે અનુભવે છે. એને જ પોતાને રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન **'સત્તામાત્ર શુદ્ધ જીવવસ્તુને...'** **'सम्'** સમ્યક્ પ્રકારે તત્ત્વને **'उत्'** પ્રયત્નથી **'पश्यतः'** એટલે પ્રત્યક્ષ દેખે છે. આ આનંદરૂપ છે એવો પ્રત્યક્ષ આસ્વાદ આવે છે એને આ ખબર પડે છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અર્થ પણ કેવા કર્યા છે, જુઓને ! તત્ત્વને દેખે. તત્ત્વ પણ **'तत्त्वं सम् उत् पश्यतः'** ત્રણ શબ્દ પડ્યા છે. **'तत्त्वं समुत्पश्यतः'** આહા..હા...! **'उत्'**–ઉગ્રપણે પોતાના સમ્યક્ પ્રકારે તત્ત્વ દેખે છે. દેખે એટલે તત્ત્વને અનુભવે છે. કહો, સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે–'** લ્યો. એનો ભાવાર્થ. **'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે,...'** ભગવાનઆત્મા તો બધાને જાણે છે, બસ. સમજાણું ? જાણે છે. **'સમસ્ત જ્ઞેયને જાણે છે, સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે,...'** સમસ્ત જ્ઞેયને જાણે છે, પણ સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે. આ બેનો પાછો સરવાળો કર્યો. આહા..હા...! ભારે પણ ટીકા આવી ને. બહાર ટાણે આવી ગઈ, હોં ! આ પુસ્તક બહાર ટાણે આવ્યું. આહા..હા...!

જીવ ભગવાનઆત્મા સમસ્ત વસ્તુને–જ્ઞેયને જાણે છે. જાણવા છતાં **'સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે,...'** રાગાદિથી પણ ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા ભિન્ન છે. **'એવો સ્વભાવ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે.'** સમજાણું કાંઈ ? આહા..હા...! એક એક કળશે પણ આખું સર્વજ્ઞપદ. સર્વ જાણે છે એમ કીધું ને ? એટલે સર્વજ્ઞ પદ જ થયું. એ તો સર્વને જાણે છે. એ જ્ઞાન ભલે પરોક્ષ હોય પણ આનંદના સ્વાદથી જ્ઞાન સાથે પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ એમ છે–'** કે આખા શ્લોકનો ભાવ અર્થ, તાત્પર્ય અર્થ એવો છે કે, ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ ! હવે પછી સાથે દાખલો આપશે. ૨૧૬ શ્લોકમાં. લોકોને ખ્યાલ આપતા. **'જીવ સમસ્ત જ્ઞેયને જાણે છે, સમસ્ત જ્ઞેયથી ભિન્ન છે,'** ભગવાનઆત્મા ક્ષણે બધું જાણતાં છતાં બધાથી ભિન્ન છે. **'એવો સ્વભાવ..'** કોનો ? જીવનો. **'એવો સ્વભાવ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે.'** સમ્યગ્દૃષ્ટિ જીવ આવા સ્વભાવને જાણે, માને અને અનુભવે છે. જુઓ ! નીકળ્યું પાછું. પેલા બધામાં આવ્યું ને કે પરદ્રવ્યને જાણે... પરદ્રવ્યને જાણે... તો પરદ્રવ્ય આવ્યું, પણ રાગાદિ ? સમજાણું ? એ બધું આવી ગયું. સમસ્ત વિકલ્પથી રહિત બધું આવી ગયું. એ બધું... બધું... બધું... એ તો એ જ વાત છે એમાં. રાગાદિ શું વળી ! પરદ્રવ્ય એટલે ? પરદ્રવ્ય એ રાગાદિ બધું પર. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ ! એવો શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ, પરદ્રવ્યને જાણતાં છતાં જાણવાના અસ્તિત્વમાં પરદ્રવ્યથી ભિન્નપણું રહ્યું છે. એ જાણવામાં એ આવ્યું એમ નથી, જાણવું જુદું રહી ગયું છે. જાણવાથી પરવસ્તુ જુદી રહી ગઈ છે. જાણવું સ્વ-પરપ્રકાશનું પોતામાં રહી ગયું છે. **'એવો સ્વભાવ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે.'** અજ્ઞાનીને એનો પત્તો ખાતો નથી. એ શ્લોક પૂરો થયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર, ગાથા-૬, પ્રવચન નં. ૪
## [રાજકોટ]
## [૪]

આ 'સમયસાર'ની છઠ્ઠી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો, મહારાજ ! આપના ગુરુના ઉપદેશથી શુદ્ધાત્મ તત્ત્વનો જે ઉપદેશ મળ્યો, એના વડે આત્માના શુદ્ધાત્મતત્ત્વનો વૈભવ, અંતરમાંથી આત્માના આનંદનો વૈભવ પ્રગટ્યો. એવો આત્મા તમે જાણ્યો. એને આપ શુદ્ધ કહો છે. એ શુદ્ધ આત્મા કોણ છે ? અને કેમ પમાય છે ? જેના આત્મામાં આ એક ધગશ જાગી છે. આ આત્મા તે શુદ્ધ કોણ છે ? જેને શાસ્ત્રકાર અથવા સર્વજ્ઞની વાણીમાં શુદ્ધાત્મા... શુદ્ધાત્મા... શુદ્ધાત્મા.. એ કહે છે એ છે કઈ રીતે ? એવી જેને અંતરમાં ધગશ (જાગી છે), બીજી લાલસા, બીજી ઇચ્છાઓની ઇચ્છા નથી, બીજી ઇચ્છાઓની ઇચ્છા નથી, બીજા ભાવની જેને અંતરમાં ઇચ્છા નથી. જેને આ આત્મા શુદ્ધ પવિત્ર શું છે ? એવી જેને જાણવાની અનંતકાળમાં જે જિજ્ઞાસા થઈ નથી, એવી જિજ્ઞાસા થઈ છે, એ પૂછે છે. એને આ ઉત્તર દેવામાં આવે છે. સમજાણું કાંઈ ? અહીં સુધી આવ્યું એ.

**'અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.'** શું કહ્યું ? ભગવાનઆત્મા અનંત આનંદ આદિ, જ્ઞાન આદિ શુદ્ધ ગુણનો ભંડાર સાગર ચૈતન્યરત્નાકર પ્રભુ આત્મા છે. એ ચૈતન્યના રત્નના દરિયામાં જેમ અસંખ્ય રત્નો પડ્યા હોય, એમ ભગવાન ચૈતન્યમાં અનંત રત્ન પડ્યા છે. એ અનંત ચૈતન્યરત્નાકર કઈ રીતે શુદ્ધ કહેવાય ? કે ભાઈ! એ જ્ઞાયકભાવ છે, એ પુણ્ય-પાપના, શુભ-અશુભના ભાવરૂપે ત્રણકાળમાં કોઈ દિ' થયો નથી. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને પરદ્રવ્યના લક્ષના પ્રેમથી, આસક્તિથી દૃષ્ટિને ઊઠાવી, ભગવાનઆત્માના પવિત્ર સ્વરૂપ તરફમાં જેની દૃષ્ટિ અને જ્ઞાનમાં જુકાવ જેમાં આત્માના સ્વભાવ તરફ થયો છે. થતાં થતાં જે આત્મા પરદ્રવ્યથી ભિન્ન પડી અને સ્વભાવના ભાન દ્વારા જેનું સેવન થયું છે. જ્ઞાન-દર્શન-આનંદની પર્યાય દ્વારા આત્મા અંતરમાં એકત્વ થયો છે. ત્યારે એ શુદ્ધપણાની દશાનું-અવસ્થાનું ભાન થયું એમાં આ આત્મા શુદ્ધ જ્ઞાયક છે તેમ જણાણો. આહા..હા...! સમજાય છે કાંઈ ?

જે અનાદિ રાગાદિની વિકલ્પની મીઠાશમાં પડ્યો હતો એને ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ઢંકાઈ ગયો હતો. અનાદિ રાગાદિ વિકલ્પના પ્રેમમાં આત્મા ફસાયેલો, ભગવાન પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્યના તેજ અને આનંદની શુદ્ધતાને જાણી શકતો નહોતો. એ જ્યારે ભગવાનઆત્મા પોતાના સ્વભાવની સન્મુખતાની વિકાર અને વિકલ્પ આદિ વ્યવહાર અને નિમિત્તથી વિમુખતા થઈને શુદ્ધ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને, આત્મા શુદ્ધ ભગવાન જ્ઞાયક છે – એમ અંતર સેવવામાં આવતાં એના ભાનમાં એમ આવ્યું કે અરે..! આ આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે. ત્યારે તેને શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં પર તરફના વલણના સેવનને છોડી, ભગવાન પોતાના નિજ સ્વરૂપના ભાનમાં અંદર આવ્યો, નિજઘરને જોવા આવ્યો, પરઘરમાં વ્યભિચાર અનાદિથી કરે છે, શુભ-અશુભરાગના વ્યભિચારમાં રોકાઈને ભગવાનઆત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપને આડ મારી હતી, એ પોતાના શુદ્ધસ્વરૂપ તરફની મીઠાશના વલણે અને વિકારના પુણ્ય-પાપની મીઠાશના છેદે, ભગવાનઆત્મામાં અંતર્મુખ થતાં એ આત્મા આવિર્ભાવપણાને–પ્રગટપણાને પામે છે. એટલે કે શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનની અંદર આ આત્મા શુદ્ધ છે એમ શક્તિરૂપે જે હતો, એને પર્યાયમાં પ્રગટરૂપે જ્યાં જણાણો ત્યારે તે આત્મા પ્રગટ થયો, આવિર્ભાવે પ્રસિદ્ધ થયો, આ આત્મખ્યાતિ થઈ, એને આત્માનો અનુભવ થયો, એને આત્મા શુદ્ધ છે એમ જાણવામાં આવ્યું. ભારે વ્યાખ્યા, ભાઈ ! સમજાણું કાંઈ ?

આ ધાર્મિકની પહેલી ક્રિયા. આહા..હા...! એની રીત અને વિધિ પણ ખ્યાલમાં ન હોય, એ રીત અને વિધિનો યોગ ને પ્રયોગ ને અજમાઈશ કેમ કરે ? સમજાય છે કાંઈ ? એની વિધિનો પ્રયોગ શું છે ? એની જ્યાં ખબર નથી એનો યોગ અને જોડાણ ક્યાં કરવો અને ક્યાંથી છૂટવું એનો ખ્યાલ ન મળે, એ આત્માને અજમાવવા કે આ તે કોણ છે ? એને અજમાવાના વલણમાં એનું વીર્ય વળે નહિ. સમજાણું કાંઈ ? અહીં સુધી આવ્યું.

‘**અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...**’ એ જ વખતે તેને ‘**શુદ્ધ કહેવાય છે.**’ આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીં ખૂબી તો એ છે કે જે પુણ્ય અને પાપના ભાવનું સેવન હતું એ અનાત્માનું સેવન હતું. સમજાય છે કાંઈ ? ભગવાન અનાકુળ આનંદનો નાથ, એને છોડીને વિકારના વિકલ્પની મીઠાશમાં, સેવનમાં ભેટામાં ભેટમાં પડ્યો હતો, એ સંસારદશા, મિથ્યાત્વદશા, પરિભ્રમણની દશા (હતી). એને ભગવાનઆત્મા એમ પહેલાં ગુરુગમે જાણ્યો છે. સમજાય છે કાંઈ ? એ ચિદાનંદ જ્ઞાયકજ્યોત જ્ઞાયકજ્યોત સ્વરૂપ સંપદાથી ભરેલો પદાર્થ, એ અરૂપી હોવા છતાં તેના અનંત સ્વરૂપ સંપદાથી ભરેલો એ ભગવાન પદાર્થ પરમાત્મા છે. એમ યોગને પહેલાં વિકલ્પ દ્વારા જ્ઞાન અને ખ્યાલ થયો હતો. એ ખ્યાલને અંતરમાં વાળતા, આ આત્મા એના તરફની શક્તિનું જે સત્ત્વ ભર્યું છે, એના તરફની એકાગ્રતા થતાં તે વ્યક્તપણાપણે જે પ્રગટ દશા થઈ – શુદ્ધતા, વીતરાગતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા– એ દશામાં જણાણો કે આ આત્મા શુદ્ધ છે. એ વિના કોઈ રીતે આત્મા શુદ્ધ છે એ જણાવાને અને જાણવાને બીજી રીતે લાયક નથી. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હવે એને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી એ વાત હવે ગાથાના ચોથા પદમાં કરે છે. **'णादो जो सो दु सो चेव'** આટલા ... છે. ભગવાનઆત્મા **'णावो'** જ્ઞાયક તે જ્ઞાયક જ છે. આ એના ચોથા પદના શબ્દાર્થ છે. ઝીણી વાત છે, ભાઈ ! એ સાધરણ વાત નથી. એણે અનંતકાળમાં આત્મા ગમ્ય કર્યો નથી, એથી એ વાત મોંઘી લાગે છે. કેટલાક કોઈ કોઈ કહેતું કે અમે અહીં સાંભળનારાને, એને સાંભળતા સાંભળતા સહેજ જોલા આવી જાય છે. પણ વચ્ચે કોઈ એકાદ દષ્ટાંત આવી જાય વળી શ્લોકનો, દેશીની ઢબ આવી જાય તો વળી જાગૃત થઈ જઈએ. ***ભાઈ...! એ દેશી અને દષ્ટાંત વસ્તુને સિદ્ધ કરવા માટે હોય છે. સમજાણું ? પણ વસ્તુની સિદ્ધિ જે રીતે થતી હોય ત્યારે એને જોલા આવે એનો અર્થ કે એની દરકાર એને નથી. એને એનું ગમ્ય થાવું જોઈએ.*** પોતાને એમ કહ્યું છે કે અમારા પરિણામ અમને દુર્લભ છે. અને વિકારી પરિણામ સાંભળવા અને સમજવા સુલભ છે. સમજાય છે કાંઈ ? તો કહે છે, ભગવાન ! એક તું જ જાણવા અને દેખવાવાળુ તત્ત્વ અને એને જાણ્યો ન જાય, દેખ્યો ન જાય કહેતાં લાજ આવતી નથી તને ?

આ 'અનુભવ પ્રકાશ' છે એ. 'અનુભવપ્રકાશ' છે, અનુભવપ્રકાશ. સમજાણું કાંઈ ? ભગવાન ! જાણનાર, દેખનાર તું, તને, તારો. એવો જાણનાર, દેખનાર ભગવાન અનાદિ સનાતન સત્ય સ્વરૂપ, અને એને એમ કહેવું કે અરે..! હું મને ન જણાઉં. જાણનાર, દેખનાર પોતે અને હું ન જણાઉં, ભગવાન ! બોલતાં લાજ નથી આવતી ? એમ કહેતાં તને લાજ નથી આવતી ? એના ચૈતન્યની તેજની શક્તિને સંભાળવા જે પ્રયત્ન જોઈએ તે પ્રયત્નની કચાશને માટે જણાતો નથી. સમજાય છે કાંઈ ? તેથી અહીં લીધું છે ને કે ભિન્નપણે સેવવામાં આવતા શુદ્ધ કહેવાય છે. તારો પ્રયત્ન. પ્ર–યત્ન. પ્ર–વિશેષપણાને પ્રયત્નપણું અંતર સ્વરૂપ તરફ ઢળતા એ આત્મા જણાયા વિના, શુદ્ધ દેખાયા વિના, શુદ્ધ અનુભવ આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ ? એને કારણ જાણવાનું જેટલું છે તેટલું આપે નહિ, અને જણાય નહિ એમ કહેવું, એની અંદર શરમ છે એને. સમજાણું કાંઈ ? ***એને જાણવા માટે જેટલું કારણ અને પ્રયત્ન દેવો જોઈએ, એટલું કારણ અને પ્રયત્ન ન સેવે અને અમને જણાતો નથી એમ કહેવું, એ લાજનું વચન છે.***

શાસ્ત્રકાર કહે છે કે ભાઈ ! તને કેમ આટલી બધી નિર્લેપતા થઈ ગઈ ? સમજાય છે કાંઈ ? સંસાર ચતુરનો ચાતુરી આત્માને જાણવામાં બફમ... 'પોપટભાઈ'! સંસારની ચુતરનો ચાતુરી, વાત કરે તો દેવનો દીકરો ઉતર્યો જાણે. બેઠા હોય, પાંચ, દસ વીસમાં આનું આમ હોય ને આનું આમ હોય અને એનું આમ હોય. અલક-મલકની ઉતારે ઉપરથી, વિકથા અને કુકથા. એલા ! ભગવાનની વાર્તા તને ન બેસે ! અને આ દુનિયાની પરની કુથલીમાં તને પ્રેમમાં કેટલો કાળ જાય તો પણ જોલા આવે નહિ. નાટકમાં રાતના બે વાગી જાય તો એમાં ચાલ્યો જાય. આ ભગવાન આ પણ નાટક છે ને આ ? આ સમયસાર નાટક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એક સમયમાં જ્ઞાયકપણે પ્રસિદ્ધ છે કહે છે. હવે એ જ્ઞાયકપણે પ્રસિદ્ધ છે એથી જ્ઞેયની અશુદ્ધતા એને લાગુ પડે છે કે નહિ ? એ વાત અહીંયા ચાલે છે. ચોથા પદની વ્યાખ્યા જરી ઝીણી છે. જુઓ ! શું કહે છે ? **'વળી દાહ્યના...'** લાકડા અથવા ... આ તો પહેલો ઉપોદ્‌ઘાત કરી બાંધ્યું. જરી ઝીણી વાત છે એટલે એને ધ્યાન રાખવા માટે. ભાઈ ! તું તને ન જણાય એમ કેમ કહેવાય ભાઈ ? જાણનારો જાણથી કામ કરે, જાણનારો જાણવાથી કામ કરે અને એ જાણનારો હું જણાઉં નહિ, ભાઈ ! તારા પ્રયત્નની કચાશ અને વિપરીતતા છે. સમજાય છે કાંઈ ?

જેને જાણ્યે અનંત આનંદ આવે... આહા..હા...! જેને જ્ઞેય બનાવ્યે અનંત સંસારના ક્લેશનો નાશ થાય, એવા ભગવાનને જાણવા માટે પ્રયત્ન જેટલો જોઈએ તેટલો ન કર અને એમ કહે કે મને આત્મા જણાતો નથી. ભાઈ ! એમ ન બોલાય. સમજાણું કાંઈ ? પાંચ લાખનું રત્ન હોય એ પાંચ મિઢોળિયે લેવા જાય તો એમ ન મળે. સમજાય છે કાંઈ ? એમ ભગવાનઆત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સત્‌ સત્‌ અનંત ગુણનો સાહેબો એ આત્મા છે. આહા..હા...! સહજાત્મસ્વરૂપ, ભગવાન અનંત અનંત ગુણનો સ્વસ્વામિસંબંધવાળું તત્ત્વ છે એ. આહા..હા...! એવા તત્ત્વને કહે છે કે જ્ઞાયકપણું જે પ્રસિદ્ધપણે જ્ઞાનમાં આવ્યું અને શુદ્ધ કહેવાણો, હવે એ જ્ઞાયક છે એમ કહેતાં જ્ઞેયને જાણે છે એવો અંદરમાં ધ્વનિ ઊઠે છે. જ્ઞાયક... જ્ઞાયક... એમાં તો એવો ધ્વનિ ઊઠ્યો કે જાણે છે પરને, એવો ધ્વનિ ઉઠ્યો. જાણનારો જાણે છે. જાણે છે એનો અર્થ એવો આવ્યો કે કાંઈક પરને જાણે છે, એટલી પરાધીનતા તને એમાં આવી. સમજાણું કાંઈ ?

કહે છે **'(બળવાયોગ્ય...)'** લાકડા આદિ અથવા ... કે ધાતુ કે જે અગ્નિમાં જટ બળી જતી હશે એવી કોઈ હશે. સમજાણું કાંઈ ? એને **'આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** અગ્નિને અગ્નિ કહેવાય છે. પરવસ્તુને બાળવાના આકારે પોતે થઈ છે, એ અગ્નિનું રૂપ છે, એ લાકડાનું કે બળી ચીજનું એ રૂપ નથી. પણ કહેવાય એમ કે આને બાળે છે, દહન છે, આ અડવું દહન છે, બીજાને બાળે છે એમ કહેવાય છે. છતાં પરને બાળવાના આકારપણે પોતે થઈ છે, પરને આકારે થઈ નથી. સમજાણું કાંઈ ? અહીં તો જ્ઞેયને સિદ્ધ કરે છે અને જ્ઞેયને આકારે જ્ઞાનનું પરિણમન સ્વમાં થાય, એ પણ સિદ્ધ કરે છે, એને જાણતાં આત્મા જણાણો છે, બીજી વાત જણાણી નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? જરી આ તો મુદ્દાની રકમની વાત છે. સમજાય છે ? એકલા માખણની વાત છે. એને માખણના પિંડાથી જેમ મીઠાશ થવા માંડે એવી આ વાત છે. એટલે શબ્દો જરા એને કઠણ પડતા હોય, પણ એના ભાવો તો બહુ સહેલા છે. સમજાય છે કાંઈ ?

કહે છે એ દાહ્યકૃત અગ્નિને જેમ બીજી ચીજને બાળવાના કાળે, બીજી ચીજ બળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના આકારે અગ્નિ થઈ એટલે એમ કહ્યું કે આ અગ્નિ દહન છે. પણ અગ્નિ પોતાના જ આકારે થઈ છે, પરના આકારે થઈ નથી. અગ્નિ પોતાના રૂપમાં રહીને, અગ્નિ પોતાના રૂપમાં રહીને અગ્નિરૂપ જ થયેલી છે, પર બાળવાના આકારે અગ્નિ થઈ નથી. સમજાણું કાંઈ ? **'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...'** તેથી બળવાલાયક પદાર્થને લઈને અહીં આકાર એવો થયો, પણ તેથી પરને કારણે આ દશા થઈ છે, એવી અશુદ્ધતા અગ્નિને લાગુ પડતી નથી. આહા..હા...!

**'તેવી રીતે...'** હવે સિદ્ધાંત. **'જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'...'** તે ભાવ, ભગવાન જ્ઞાયકભાવ, જાણક ભગવાન, જાણક સ્વરૂપ જ્ઞેયાકાર થવાથી. એ રાગાદિ ભાવ છે ને ? એ બધા જ્ઞેય છે. અંદર રાગાદિ વિકલ્પ ઊઠે ને એ જ્ઞેય છે. વ્યવહાર, દયા, દાન, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ જે ઊઠે એ જ્ઞેય છે. ધ્યાન રાખજો. એ આકારે થવાથી, એ વખતે જ્ઞાનમાં જેવો રાગ હતો તે પણે જ્ઞાન પરિણમ્યું છે. તે પણે એટલે ? જેવો રાગ છે તે સંબંધીના પ્રકારનું અહીં જ્ઞાન આત્માના જ્ઞેયાકારપણે જ્ઞાનની દશા પોતાથી થઈ છે.

આ ચોથા બોલમાં સદ્ભુત ઉપચારનયનો નિશ્ચય છે, ભાઈ ! ચાર નયો છે. થોડી ઝીણી વાત છે. નયના ચાર પ્રકાર અધ્યાત્મમાં વ્યવહારના છે. એક સદ્ભૂત ઉપચાર, એક સદ્ભૂત અનુપચાર, અસદ્ભૂત ઉપચાર અને અસદ્ભૂત અનુપચાર. ઝીણી વાત છે. અમે શક્તિ પ્રમાણે થોડું થોડું સ્પષ્ટ કરીએ છીએ. અહીંયાં ચોથા પદમાં એક નયનો નિષેધ કરવો છે. ભગવાનઆત્મા આમ રાગ જે થાય તેને જાણવા છતાં એ રાગરૂપે જ્ઞાન થયું નથી. એ જ્ઞાન તો પોતાના પર્યાયની તે કાળની યોગ્યતાપણે પરિણમેલું જ્ઞાન જ્ઞેયાકારે કહેવું એમ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાન જ્ઞાનાકારે પરિણમી રહ્યું છે. સમજાણું કાંઈ ?

એ રાગ છે માટે જ્ઞાન એમ થયું છે, એમ જ્ઞાનની પર્યાયને એટલી પરાધીનતા પણ લાગુ પડતી નથી. જે પ્રકારનો રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે, એ જ પ્રકારનું જ્ઞાન સ્વ-આકારે જ્ઞાન પોતાપણે પરિણમે છે, તેથી તેને જ્ઞેયાકારથી પરિણમેણું એથી જ્ઞેયની અશુદ્ધતાકૃત જ્ઞાન થયું, એવું એને લાગુ પડતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આ વાત સાંભળતા પણ મીઠાશ આવે એવું છે, ભાઈ ! અરે...! પણ એણે કોઈ દિ' પરમાત્માની વાત સાંભળી નથી. સમજાય છે ? આહા..હા...!

આ કહ્યું નહોતું ? પરમ દિ' કહ્યું હતું ને ? 'આનંદઘનજી'નું નહોતું કહ્યું ? એય..! પ્રભુ ! અવસર મળ્યા હો હવે. એ સાહેબા હવે તું ચુકીશ નહિ. વાલિયા મારા વાલમ તારા ચૈતન્યના તત્ત્વને હવે ન ચુકીશ, ભાઈ ! ઘણા ચૂક્યો, પ્રભુ ! ઘણો કાળ ગયો હોં. સમજાણું કાંઈ ? વાલમ મારા એ સાહેબા ! તું તારી ચીજને હવે ન ચુકશી. તારા જ્ઞાનમાં એ ચીજો... અહીં તો ભાઈ ઓલો વ્યવહાર આવે, એ સંબંધી જ્ઞાન થયું, પણ વ્યવહાર હતો માટે જ્ઞાન થયું એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ વખતે જ્ઞાયકની પરિણતિનો આકાર જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે પ્રકારે સ્વતઃ, રાગને અને વ્યવહારને અને વિકલ્પને લઈને નહિ, સ્વતઃ તે જ્ઞાનમાં પરિણમનનો જ્ઞાયકનો ભાવ જ એવો, સ્વ આકારે પરિણમેલો છે એને જ્ઞેય કૃતની અશુદ્ધતા તે સમયે લાગુ પડતી નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે કે એ **'જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'...'** તે કોણ ? જ્ઞાયકભાવ. **'જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.'** જાણે છે... જાણે છે... જાણે છે, જાણનાર જાણે છે એમ પ્રસિદ્ધ છે. **'તોપણ જ્ઞેયકૃત...'** જાણે છે... જાણે છે... ભગવાનઆત્મા જાણે છે. જાણે છે એટલે કે જાણે આ જ્ઞેયપણે જ્ઞેયને જાણે છે ? એમ નથી. એ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જે રાગાદિ વિકલ્પ ઊઠે એ પ્રકારે જ્ઞાન પોતાના આકારપણે પરિણમવાના સ્વકાળે તે રીતે જ્ઞાયક પરિણમી રહ્યો છે. આહા..હા...! વ્યવહારને સિદ્ધ કરે છે, એનું પાછું જ્ઞાન પરિણમન કરીને એનો નિષેધ કરે છે કે એને કારણે આ જ્ઞાન નથી. સમજાણું કાંઈ ?

કહે છે, **'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ કે...'** હવે એનું કારણ આપે છે, ભાઈ ! જ્ઞેયાકાર થવાથી તેને **'અશુદ્ધતા નથી; કારણ કે..'** હવે અહીંયાં કારણ સિદ્ધ કરે છે. ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાયકની મૂર્તિ પ્રભુ ! અનંત ગુણનો સાહેબો પ્રભુ છે, એ એને જ્ઞાયકપણું પ્રસિદ્ધ (છે), જ્ઞાયક જ્ઞાયક એમ પ્રસિદ્ધ છે. છતાં એના ધ્વનિમાં એમ આવ્યું કે જાણે એ પરને જાણતાં, પરને કારણે જાણતું હોય, એવી એક પરાધીનતા જેવો અવાજ ઊઠે. 'જાણનાર છે' એમ કહેતાં. સમજાણું કાંઈ ? પણ ભગવાન ! એ તારું જ્ઞાન એ સમયે જેવા રાગાદિના વિકલ્પ (આવે) એ પણે પરિણમવા છતાં, તેને લઈને પરિણમ્યું છે એમ નથી.

ભગવાનઆત્મા જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય, પોતાના જ્ઞાનની વર્તમાન અવસ્થાપણે પરિણમતો, કારણ કે **'જ્ઞેયાકાર અવસ્થામાં...'** હવે જરા ઝીણી વાતમાં શબ્દ આવે છે. એ **'જ્ઞેયાકાર અવસ્થામાં...'** અવસ્થા પોતાની, ભાઈ ! આહા..હા...! કહે છે કે એને અશુદ્ધતા કેમ નથી ? જ્ઞેયકૃત રાગ છે અને એવું રાગનું અહીં જ્ઞાન થયું. દયા, દાનના ભાવ આવ્યા તો એવું જ અહીંયા જ્ઞાન થયું. જ્ઞાન થયું, હોં ! દયા, દાનના ભાવને લઈને જ્ઞાન નથી. આહા..હા...! એ વ્યવહારનું જ્ઞાન થયું, એ જ્ઞાન એને લઈને નથી થયું. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ સંધિ છે, ભાઈ ! સમજાણું કાંઈ ? એ આવ્યું હતું ને, ભાઈ ! સંધિ વિસંધિ થઈ નથી. 'ઈષ્ટોપદેશ'માં આવ્યું હતું. એક શ્લોકમાં આવ્યું હતું. ભિન્ન છે તે એક થયા નથી. મફતનું તેં માન્યું છે. બે વચ્ચે ભિન્નતા છે. રાગ અને રાગનું જ્ઞાન, બે વચ્ચે તદ્દન ભિન્નતા છે. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા એકલી ચૈતન્યશક્તિના નૂરવાળો પ્રભુ ! જ્યારે પરના લક્ષ છોડીને સ્વના લક્ષે ચૈતન્યનું સેવન થયું, એટલે જ્ઞાયકપણે આત્મા પર્યાયમાં પ્રસિદ્ધિ પામ્યો અને એમ કહેવામાં આવ્યું કે એ જાણનાર છે. તો જાણનાર છે તો કાંઈ જણાય છે એવી ચીજને લઈને જાણનાર છે, એવો ધ્વનિ-અવાજ ઊઠે છે. પણ એ જ્ઞેયકૃત જણાવા યોગ્ય ચીજને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લઈને ત્યાં જ્ઞાન સ્વતઃ પરિણમ્યું છે એ પરને લઈને પરિણમ્યું છે એમ તેને અશુદ્ધતા લાગુ પડતી નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

શું કહે છે ? **'કે જ્ઞેયાકાર અવસ્થામાં...'** અવસ્થા કોની ? પોતાની. રાગાદિ વિકલ્પ છે એને જાણવાપણે જ્ઞાન પરિણમ્યું છે. એ **'અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** જ્ઞાયકપણે જણાયો છે, એ જ્ઞેયપણે થઈને જણાણો નથી. અંદર જ્ઞાયકપણે જણાણો. આહા..હા...! ઝીણી વાત છે થોડી. ભાઈ ! એના મારગડા એવા ... અને જુદા છે કે એના મારગને એણે કોઈ દિ' પ્રાપ્ત કર્યો નથી. એટલે એને મોંઘુ લાગે. પણ એની ચીજ સહજ ચીજ છે એ એને મોંઘી કેમ હોય ?

ભગવાન સહજાત્મસ્વરૂપ સહજાત્મસ્વરૂપ એવો ભગવાન જ્ઞાનની જ્યોતે પરની ચીજના કાળે, પોતે પોતાના કાળે પરની ચીજના કારણ વિના સ્વતઃ પોતાનું પરિણમન થયું, એ વખતે જ્ઞાયકપણે જણાયો, એ તો જ્ઞાયકપણે જણાયો છે, હું જ્ઞાયક છું એમ જણાયું છે, હું રાગ છું એમ જણાયું નથી. આહા..હા...! બહુ ઝીણું પણ, ભાઈ ! 'બિહારીલાલજી'! અરે..! આ વાત. વકીલના કાયદા કાઢવા હોય તો .... રસનું કસ કહે છે ને જરી ? આ તો રસના કસના પણ રસના કસ ... હતા.

ભાઈ ! એ તારી આખી મહિમાવાળી ચૈતન્યમૂડી–પૂંજી ભગવાન પડી છે ને. આ એના ભાન કાળમાં આને જાણતાં, એને જાણતાં જાણે એના આકારે પરિણમ્યું એમ બોલાય પણ એમ છે નહિ. ભગવાન પોતાના જ્ઞાયક સ્વરૂપપણે એના અસ્તિ કાળમાં રાગ અને વિકલ્પની, દયા-દાનના વ્યવહારની, હોં ! આહા..હા...! એથી અહીં કહે છે કે નિશ્ચયને તો લાભ નથી પણ રાગ છે માટે જ્ઞાનને એને લઈને લાભ છે એમ નથી. આહા..હા...! શું કહ્યું સમજાણું આમાં ?

ભગવાનઆત્મા ચૈતન્યના નૂરથી ભરેલો, પ્રભુ ! એ રાગ અને વિકલ્પ વ્યવહાર વચમાં આવે ખરો. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવા વિકલ્પો, શુભભાવ હો, પણ કહે છે કે શુભભાવ છે માટે નિશ્ચય પ્રાપ્ત થાય છે એ તો કાઢી નાખ્યું. એના લક્ષને ફેરવ્યું અને આમ લક્ષ કર્યું ત્યારે પ્રાપ્ત થયો. એ તો પહેલાં કાઢી નાખ્યું. હવે રાગ સંબંધીનું જ્ઞાન થયું, એને કાઢી નાખે છે અહીં તો હવે. એ.. 'નવરંગભાઈ'! ભારે માર્ગ, ભાઈ આ તો ! અરે..! બાપા ! તારા માર્ગ તો મોટા જ હોયને, ભાઈ !

'દેખો એક અપૂર્વ છેલા, આપ બાજી અને આપ બાજીગર. આપ ગુરુ, આપ ચેલા દેખો આ અપૂર્વ ખેલા.' ભગવાન જાણનાર પોતે અને જણાવા યોગ્ય પણ પોતે. સમજાણું કાંઈ ? દેખો 'દેખો એક અપૂર્વ ખેલા...' ભગવાનઆત્મા એ રાગને જાણે એમ નહિ એમ કહે છે અહીં તો. આહા..હા...! ભગવાન **'જ્ઞેયાકાર અવસ્થામાં...'** પ્રભુ ! કોઈક કહે, **'જ્ઞાયકપણે જે જણાયો...'** રાગપણે જણાયો, વ્યવહારપણે જણાયો એમ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** રાગને લઈને જણાણો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ પણ નહિ, એ જ્ઞાયકપણે જણાયો છે. સમજાણું કાંઈ ? એ જ્ઞેયાકાર અવસ્થામાં ભગવાન જ્ઞાયકપણે જણાયો છે, જાણનાર જાણનારપણે જણાયો છે, જાણનારપણે જણાયો છે, જણાવાયોગ્યપણે જણાયો છે. રાગ જણાવાયોગ્યપણે જણાયો એમ નહિ. ભારે વાત...!

એ '**જ્ઞાયકપણે જે જણાયો...**' ભાષા શું છે ? કે એને જ્ઞેયકૃત અશુદ્ધતા કેમ નથી એનું અહીં કારણ આપે છે. કારણ આપે છે. કારણ એટલે ? કે જે ભગવાનઆત્મા પોતાની શક્તિના સેવનમાં જ્યાં આવ્યો અને શક્તિની વ્યક્ત દશા સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું, એ દ્વારા શુદ્ધ છે એમ ભાન થયું, હવે એનું પરિણમન રાગ અને ભિન્ન-ભિન્ન જાતના વિકલ્પો ઊઠે, તે પ્રકારે તે જ્ઞાન સ્વતઃ સ્વને જાણતું પરને જાણવારૂપે સ્વતઃ પરિણમવાની લાયકાતથી પરિણમે છે, એ વખતે રાગને જ્ઞાન જાણતું નથી, જ્ઞાયક જ્ઞાયકને જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ભાઈ ! આ તો ચૈતન્યના ખેલ છે. એના ખેલ કોઈ દિ' એણે ખેલ્યા નથી. સમજાય છે ? એ જ્ઞાનીની કસરતમાં વ્યાયામ લેવા કોઈ દિ' આવ્યો નથી. આ વ્યાયામ–કસરતું કરે છે ને ? જો ને દોડ ધામ... અમે જ્યાં ઉતરીએ છીએ ત્યાં પાછળ બહુ છે ઓલા. સાંજના છોકરા બહુ આવે છે.

કહે છે કે ભાઈ ! એ સમ્યગ્જ્ઞાનની કસરતમાં, વ્યાયામમાં તું કોઈ દિ' આવ્યો નથી. એ વ્યાયામ કેમ થાય અને ચૈતન્યની કસરતો અંદરમાં કેમ થાય ? ભગવાનઆત્મા પોતાના જ્ઞાનની શ્રદ્ધા દ્વારા જ્યાં ચૈતન્યને પકડ્યો છે, હવે કહે છે કે એ જ્ઞાયક જ જણાતો નવી નવી અવસ્થાપણે પરિણમે છે. જ્ઞાયકપણે જણાતો પરિણમે છે. પરને જણાતો, પરને જાણતો પરિણમતો નથી. ઘણું ઝીણું ભારે, ભાઈ ! સમજાણું કાંઈ ?

'**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપપ્રકાશની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ,...**' જ્ઞાયક જ છે, જ્ઞાયક જ છે. પરને જાણવા વખતે પણ જ્ઞાયક જ છે અને સ્વને જાણવાના કાળમાં પણ એ જ્ઞાયક જ છે. એમાં જ્ઞાયકના બે ભાગ પડી ગયા છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? '**સ્વરૂપપ્રકાશની અવસ્થામાં પણ,...**' ... કીધો પછી જ્ઞાયકપણે, જ્ઞેયપણે પરિણમ્યું છે છતાં તે જ્ઞાયકપણે રહીને પરિણમ્યું છે. સમજાય છે ? અને એને જ્ઞાયકપણે આમ જોતાં એ પોતે જ્ઞાયકપણે જ છે. સ્વને .. કાળ તો સ્વનો છે. જ્ઞાયકપણે જણાય છે અને સ્વને કાળે જ્ઞાયકપણે જ જણાય છે.

'**દીવાની જેમ,...**' દીવાની જેમ દાખલો આપે છે. હવે જરી ધ્યાન રાખજો, હોં! '**કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...**' શું કહે છે ? '**સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ...**' ... ઓલો છેલ્લો શબ્દ છે એ. એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો, અરે..! ઊંચી પેદાશની જગતની વાત હોય તો કેટલું ધ્યાન રાખીને જોલા ઉડાડીને સાંભળે. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? ધૂડની વાત મળે અને પાંચ હજાર પેદા થાય. ધૂડ છે. મમતાના પોટલા બાંધવા છે તારે. હોળી સળગવાની વાત સાંભળવાની હોય તો એને પ્રેમ આવે, રાતના બે વાગ્યા સુધી.

ભાઈ ! આ ચીજમાં જેમાં આંખ મીંચાઈ નહિ અને જેમાં આંખ ખૂલે એવી વાત... આહા..હા...! એ ચૈતન્યના ખેલે ખેલતો ભગવાનઆત્મા, અહીં જાગ્યાની વાત છે ને હવે ? .. પછીની વાત છે ને ભાઈ આ ? આહા..હા...! કહે છે કે એ જાણવું જાણવું એમ પ્રસિદ્ધ થતાં, જાણે કે પરને જાણવું એવું પ્રસિદ્ધિપણું પામતું હશે ? – કે ના. એ પરને જાણવા કાળે પણ પોતે પોતાને જ જાણે છે. સમજાણું કાંઈ ? કહો, 'વિઠ્ઠલભાઈ'! વળી 'મુળજીભાઈ' યાદ આવી ગયા અંદરમાં. છેલ્લું છે ને થોડું...

આત્મા છે, ભાઈ ! ધ્યાન રાખજો આ શરીરનો રોગ આત્મામાં જણાય છે. આ રોગ ને કાયાનો જાણનાર આત્મા છે. એને જાણનારો છે. એને જાણનારો છે ? છેલ્લો શબ્દ કયો ? 'રવજીભાઈ' કહેતાં હતા. આ વાત .. પરને જાણે ? કે આત્મા આત્માને જાણે ? વીર્યવાળા માણસ હતા ને. ઘૂંટેલું ઘણુંને. '..ભાઈ'! 'કાયાનો ધર્મ જીવપદમાં જણાય છે.' એટલે કાયામાં રોગ છે એમ જીવ જાણે ? શરીરમાં રોગ છે એમ જાણે ? કે તે રોગના કાળમાં જ્ઞાન જ્ઞાનપણે પરિણમ્યું તેને જ્ઞાન જાણે ? એય...! '..ભાઈ'! 'મુળજીભાઈ' વીર્યવાળા હતા, હોં ! બડખમદાર હતા. ... જુદી જાતના હતા. કેવો રોગ ? આ શું કહેવાય તમારે ? હાર્ટ ફેઈલ. આત્મા એનો જાણનાર છે. એ રોગ જડની ચીજ છે. જાણનાર એનો છે ? એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાપણે થયું એનો જાણનાર છે એ તો. સમજાણું કાંઈ ? આહા..હા...! એણે ઘણું સાંભળ્યું હતું ને. ભાઈ ! એકવાર અવ્યક્તપણે પણ એના જ્ઞાનમાં એ વાત રુચિતી હોવી જોઈએ.

ભગવાનઆત્મા જ્ઞેયાકાર દશામાં પણ જ્ઞાયકપણે જણાયો. આમાં પુનરુક્તિ દોષ ન લાગે, હોં ! રાંકને ગોળનો ગાંગડો મળે તો એ ગોળનો ગાંગડો જટ ન ઓગળે એમ મોઢામાં પલાળે. એકદમ ભાંગીને ખાઈ જાય તો વાર લાગે નહિ. એમ આત્માના આનંદનો અનુભવ, એને વધારે વાર લાગે એમાં એને વધારે આનંદ આવે. કહે છે, ભગવાનઆત્મા, ચૈતન્યના તેજે જેવું સ્વરૂપ છે એવું આત્માના ભાનમાં પ્રકાશ્યું. હવે ભાનકાળમાં રાગને જાણતું જ્ઞાન રાગપણે પરિણમતું નથી, એ જ્ઞાનપણે પરિણમતું જ્ઞાયકપણે જણાણો છે, રાગપણે છે એમ એ જણાણો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? થોડું મોંઘું પડે પણ આ સંઘરવા જેવું છે. સમજાણું કાંઈ ? વાણિયાને પણ જો ચાર રૂપિયે મણ મળતું હોય અને અહીં આઠ રૂપિયા ઊપજતા હોય તો થોડો માલ સંગ્રહી રાખે. જેટલા રૂપિયા હોય એટલા કાઢીને સંગ્રહી રાખે. લાખ, બે લાખ, પાંચ લાખ... આ વાત સંઘરવા જેવી છે, ભાઈ ! તારા ઘરની વાત તને જગાડે એવી આ વાત છે.

પરની પરાધીનતા એને નથી, એમ કહે છે. રાગને જાણતાં જાણ્યાનું જ્ઞાન પરિણમ્યું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ રાગને લઈને નહિ, એ રાગને લઈને, જ્ઞેયને લઈને નહિ, અને જ્ઞેયને જાણે છે એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે...! આ સ્થિતિની એને ખબર નહિ અને એને અંદરમાં ધર્મ થાય ? સમજાણું કાંઈ ?

કહે છે કે એ ભગવાનઆત્મા એમ ન સમજવું કે અમે શરીરે નાના માટે બાળક છીએ કે આ બાયડીનું શરીર માટે.. આત્મા બાળક-સ્ત્રી-પુરુષ છે જ નહિ. બહારના હાડકાના આકાર ભગવાનઆત્માને છુતા નથી, અડતા નથી. અહીં તો અંદરનો રાગ જ્ઞાનને અડતો નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ ? શરીરના આકાર આવા ધૂડ અને સુંદર, ઇન્દ્રિયો ને એ તો માટી-ધૂડના પૂતળા હતા. ભગવાન ચૈતન્ય અરૂપી ચીજમાં એનો સ્પર્શ નથી. એ તો બહારને બહાર લટક્યા અને ફર્યા કરે છે.

ભગવાનઆત્મા ચૈતન્યના ભાને જ્યાં અંતરમાં શુદ્ધ છું એમ પર્યાયમાં, અવસ્થામાં ભાન થયું, એ અવસ્થામાં ભિન્ન ભિન્ન રાગના કાળે જ્ઞાન પણ તે પ્રમાણે પરિણમવા લાગ્યું, માટે તેને રાગને કારણે અહીંયા પરાધીનતા છે અને રાગને જાણે છે, એમ નથી. ભગવાન સ્વતંત્રપણે તે કાળમાં જ્ઞાનપણે તે પ્રકારના પરિણમનમાં પોતે જ્ઞાયકપણે જણાય છે. જાણનારને જાણું છું, પરને નહિ. સમજાય છે કાંઈ ? અધ્યાત્મની ચાર નયમાં એક નયનો આમાં નિષેધ કરે છે. સદ્ભૂત ઉપચારનયનો. આને જાણે છે એવું પ્રમાણજ્ઞાન કહેવું એ પણ સદ્ભૂત ઉપચાર વ્યવહારનય છે. એ તો પોતે પોતાને જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** જણાયો શી રીતે ? જ્ઞાયકપણે જણાયો. આહા..હા...! એની દશામાં આ રાગનો આકાર ક્યાં પેસી જાય છે ? એ દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ ઊઠે એ જ્ઞાનની દશામાં ક્યાં અડે છે ? ભાઈ ! એ ચૈતન્યના તેજે ગોળો પરિણમતો, પોતાના ભાવે પોતે રાગાદિ જેવા ભાવ હોય, એ પ્રકારે પરિણમતો છતાં તેને પરને કારણે પરિણમન છે, અને પરને જાણે છે એવું એને લાગુ પડતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ કોની પેઠે ? **'દીવાની જેમ,...'** જ્ઞાયક જ છે એમ લેવું. ભાઈ ! **'સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** જ્ઞાયક જ છે. એટલે આ દૃષ્ટાંતને સિદ્ધ કરીને જ્ઞાયકને સિદ્ધ કરે છે. કે **'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...'** એટલે ? **'જ્ઞાયક જ છે– પોતે જાણનારો માટે પોતે કર્તા...'** જુઓ ! જાણનારો એ પોતે ને પોતે જાણનારો **'કર્તા અને પોતાને જાણ્યો...'** જ્ઞાયકને એ **'પોતે જ કર્મ.'** આ જ્ઞાયક તે કર્મ, હોં ! જ્ઞાયક. જાણનારો તે કર્તા પોતે ને પોતે. જણાયો જ્ઞાયક તે કર્મ, જણાયો તે કર્મ, રાગ જણાણો નથી. દીવાની જેમ જ્ઞાયક જ છે. એટલે આ દૃષ્ટાંતને સિદ્ધ કરીને જ્ઞાયકને સિદ્ધ કરે છે.

**'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...'** એટલે ? – કે જ્ઞાયક છે એટલે પોતે જાણનારો માટે પોતે કર્તા. જુઓ ! જાણનારો એ પોતે અને પોતે જાણનારો એ કર્તા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતાને એટલે જ્ઞાયકને જાણ્યો એ પોતે કર્મ. આ જ્ઞાયક તે કર્મ, હોં ! જ્ઞાયક. જાણનારો તે કર્તા પોતે ને પોતે. જણાયો જ્ઞાયક તે કર્મ, જણાયો તે કર્મ. રાગ જણાયો નથી. આહા..હા..હા...! આમ જ્ઞાયક. એનો જ્ઞાયક આત્મા પર્યાયના નિર્મળપણે પરિણમતો કર્તા જ્ઞાયકને જાણે છે. ઝીણું છે ને, બાપુ ! આ તો માર્ગ બીજો છે ને એટલે એને જરી ધીરજ તો રાખવી પડે. કેટલી ધીરજ જોઈએ આમાં. જેમાં વિકલ્પને અવકાશ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઊઠે એવો જેમાં અંદરમાં અવકાશ નથી. આ એને જાણવું એવો એમાં અવકાશ નથી. આહા..હા...! 'ચંદુભાઈ'!

ભગવાન ચૈતન્યના તેજે ભગવાન બિરાજમાન પોતે પોતાના ધામમાં અંદર આવ્યો. જાણ્યું કે હું ચૈતન્ય શુદ્ધ આનંદકંદ છું. એ વખતની એની દશાઓ જે થાય, એ દશાને જાણે જ્ઞેયથી થઈ હોય એમ તો નથી, પણ જ્ઞેયને જાણે છે એમ નથી. જ્ઞાયકપણે જણાય છે. ભગવાનઆત્મા જ્ઞાનની પર્યાયપણે કર્તા થઈ અને જ્ઞાયકને જાણે છે. ભગવાનઆત્મા જ્ઞાયકની પર્યાયના પરિણમનપણે થઈ એ કર્તા અને જ્ઞાયકને જાણે છે. એ વસ્તુ તે કર્મ થયું.

કર્તા અને કર્મના છ બોલ છે ને ? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ- છ વિભક્તિ છે. એમાં અહીં બે લાગુ પાડ્યા છે કે કર્તા ભગવાનઆત્મા પોતાના જ્ઞાન શુદ્ધ પરિણમનની પર્યાયવાળો કર્તા. જ્ઞેય નહિ, રાગ નહિ, ભાઈ ! આહા..હા...! ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાને પરિણમતો એ આત્મા પોતે કર્તા. જ્ઞાયક એમ જણાણો, આ જણાયો છે એ એનું કર્મ. ઝીણું ઘણું છે, ભાઈ ! સમજાણું કાંઈ ? પણ બાપા ! તારી વાત ઝીણી હોય ને ? તું કાંઈ ઇન્દ્રિયગ્રાહ્ય છો ? આ ઇન્દ્રિય તો જડ-માટી છે. એનાથી ગ્રાહ્ય આત્મા છે ? એ નિમિત્ત થાય તો આ ધૂળ – પર જાણવામાં નિમિત્ત થાય, પણ કાંઈ સ્વ જાણવામાં કામ આવે છે આ ? આ તો માટી-ધૂડ છે.

એ અતીન્દ્રિય ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય પર્યાયથી પ્રગટે એવો પ્રભુ ! એ અતીન્દ્રિય જ્ઞાનપણે પરિણમતો, પોતે જ કર્તા અને પોતાનું જ્ઞાયકપણું તે તેનું કામ એટલે કર્મ. સમજાણું કાંઈ ? હવે કર્તા-કર્મ વળી કોઈકે સાંભળ્યું ન હોય. આમ તો આવે છે. નિશાળમાં ... વ્યાકરણમાં આવે છે, કે દેવદત્ત કર્તા અને ઓલું કેરી કાપે એ કર્મ. એની ક્રિયા થાય એ આમ. ફલાણું એવું ઘણું બધું આવે છે. પણ એ આમ... વાડીમાં.. આધાર આપે છે ને ? કર્તા, કર્મ, કરણ, સાધન આને માટે અથવા આ વડે કેરી કાપી, કેરી કપાઈ તે કામ થયું, કાપવાની ક્રિયા થઈ, કર્તા દેવદત્ત થયો, એને કરણ એટલે હથોડી અથવા છરી વડે કાપી એ કરણ થયું, વાડીમાં કાપી આધાર થયો. ત્યાં ભિન્ન-ભિન્ન કહે છે ને ? છ કારક આત્મામાં અભિન્ન છે. સમજાણું કાંઈ ?

કહે છે, ભગવાનઆત્માએ પોતાના જ્ઞાયક સ્વભાવના પરિણમનથી કર્તા થઈ પોતે પોતાના આધારમાં પોતે પોતાના જ્ઞાયકપણે પોતે જાણે છે. સમજાણું કાંઈ ? પોતે જાણનારો માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતે કર્તા, એનો એ જાણનારો માટે કર્તા અને પોતાને જાણ્યો, જ્ઞાયકને, હોં ! આહા..હા...! સ્વરૂપ જ્ઞાયક ભગવાન એને જાણ્યું, એને જાણ્યું એ કર્મ. આ જાણ્યું એ કર્મ કહેવાય છે. સમજાય છે ? જે વડે જણાયો એ કર્તા થયો. આ જણાયો એ કર્મ થયું. જ્ઞાયક પોતે જ્ઞાનની પર્યાય અવસ્થાએ પરિણમતો કર્તા, જ્ઞાયકને જાણ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? એ ભગવાનના સ્વતંત્રતાના લ્હેરની લ્હેરીઓ એવી છે. સમજાણું કાંઈ આમાં ? 'રતિભાઈ'! એની વાત તો અદ્ભુત ન હોય તો કોની હોય ? જે જગતની કિંમતું કરનારો એની કિંમતની શું વાત ?

ભગવાનઆત્મા પોતે જ્ઞાયક છે અને પોતે જ કર્તા અને જાણનારો પોતે. **'જેમ દીપક...'** ધ્યાન રાખજો. દીવો **'ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...'** ઘટપટને પ્રકાશવા કાળે પણ દીપક તો દીપક જ છે, કાંઈ ઘટપટપણે થયો નથી. એમ ભગવાનઆત્મા પુણ્ય, પાપ, દયા, દાન વિકલ્પના જાણવાના કાળે જાણનારો જ રહ્યો છે, એ રાગરૂપે થયો નથી. દીપક કાંઈ ઘટપટને પ્રકાશવા કાળે દીપક ઘટપટપણે થયો નથી. એમ ભગવાનઆત્મા જાણનાર... જાણનાર... જાણનાર, એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને દયા, દાનના વિકલ્પને જાણવા કાળે જ્ઞાયક જ રહ્યો છે. ઘટપટને પ્રકાશવા કાળે પણ દીવો દીવાપણે જ રહ્યો છે. સમજાણું કાંઈ ? આવી ધર્મકથા હશે ? આ ! ધર્મકથા તમે સાંભળી હોય તો કાંઈક આમ હોય.. આમ હોય... એ બધું આ તારા બાદશાહની વાતું છે, બાપા ! એ ચૈતન્યબાદશાહની આ વાત અને એની કથા માંડી છે. આ ભાગવત્ કથા છે. આહા..હા...! 'નિયમસાર'માં આવે છે ને ? ભાગવત્ શાસ્ત્ર છે, ભગવાનનું શાસ્ત્ર છે આ. આતમ ભગવાન એવો ભાગવત એનું આ શાસ્ત્ર છે.

કહે છે, એ દીપક પોતે પોતાની જ્યોતિ.. હવે ખૂબી અહીં છે, ભાઈ! **'જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને–પોતાની જ્યોતિરૂપ શિખાને—'** દીવો પોતાને પોતાની જ્યોતિરૂપ શિખાને– **'પ્રકાશવાની અવસ્થામાં...'** જ્યોતિરૂપ શિખાને પ્રકાશે, પોતે પોતાને પ્રકાશવાની અવસ્થામાં દીપક જ છે. સમજાણું કાંઈ ? દીવાનો દાખલો એટલા માટે આપે છે કે જરી એને સિદ્ધાંત સમજવાનો સહેલો પડે. ત્યાંથી ઉપાડીને અંદરમાં લઈ જવા માટે દાખલો આપવામાં આવે છે. દાખલો, દાખલા ખાતર હોતો નથી.

કહે છે, ભગવાન ! એ દીવો છે એ ઘટપટ આમ છે એમ જણાવે છે. છતાં પ્રકાશના પ્રકાશ સ્વરૂપથી ખસીને કાંઈ ઘટપટરૂપે થયો નથી. દીવો તો દીવારૂપે રહીને જ દીવાને પ્રકાશે છે. એમ ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત સમ્યક્ ભાન થયા, એટલે રાગ-દ્વેષને પ્રકાશતા કોઈ રાગ-દ્વેષરૂપ થયો નથી, એ તો જ્ઞાયકપણે રહીને રાગ-દ્વેષને પ્રકાશે છે. સમજાણું કાંઈ ? એ **'જ્યોતિરૂપ શિખાને–પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,..'** હોં ! પાછું એમ કીધું. પોતાને પ્રકાશવા કાળે પણ દીવો જ છે. ઘટપટાદિ અવસ્થામાં પણ દીવો છે અને પોતારૂપે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દીવો જ છે. રાગ-દ્વેષને જાણતાં વખતે આત્મા જ્ઞાયક છે, પોતાને જાણતી વખતે પણ જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ ? એ દીવાની જેમ... દીવો જ પોતે કર્મ થયું. આહા..હા...!

દીવાએ પોતાને જ્યોતિ દ્વારા દીવાને પ્રકાશ્યો છે. દીવો કર્મ થયું. દીવો પદાર્થ આખો કર્મ થયું. એમ જ્ઞાયકે પોતાના જ્ઞાયકપણાની પર્યાય દ્વારા પોતે પોતાને જાણ્યો. જ્ઞાયક આખું કર્મ થયું, વસ્તુ આખી કર્મ થઈ. એ અન્ય કાંઈ નથી. દીવો અનેરાપણે થયો નથી. તેમ જ્ઞાયકનું સમજવું. એમ ભગવાન ચૈતન્યજ્યોત આમ જ્યાં અંતરમાં સ્વભાવની દૃષ્ટિ પડી ત્યારે રાગને પ્રકાશવા કાળે પણ જ્ઞાયક જ્ઞાયકપણે કરીને પ્રકાશે છે અને પોતાને પ્રકાશવા કાળે પણ જ્ઞાયકને જ્ઞાયકપણે રહીને જાણે છે. પરપણે થઈને પરને જાણે છે કે સ્વપણામાં પરપણું નથી માટે સ્વપણાને જાણવારૂપે સ્વપણે રહે છે, એમ નથી. પરને જાણવા કાળે પણ સ્વપણે રહીને જ જાણે છે. સ્વને જાણે છે. સ્વને જાણવા વખતે સ્વપણે રહીને સ્વને જ જાણે છે. આવું એનું સ્વરૂપ પ્રસિદ્ધ અંદરમાં થાય, આ એને ધર્મદશા અને સમ્યગ્દર્શન કહે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભાઈ ! તારે પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્‌ગલ છે અને પુણ્ય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું – એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આ નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય-પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું ૧૧૭.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬, પ્રવચન નં. ૫
## તા. ૨૮-૦૪-૧૯૬૬
## [૫]

આ 'સમયસાર'. વાર્તા પૂરી થાય પછી થાય ને ? આ 'સમયસાર' છઠ્ઠી ગાથા છે. એમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે. આ આત્મા એને જાણવો જોઈએ એ આત્મા શુદ્ધ છે. શુદ્ધ છે એટલે જાણવો જોઈએ અને એ જાણે જ આત્માને કલ્યાણનું કારણ થાય. કોઈ કહે આત્મા શુદ્ધ કેવો છે ? કે જેને જાણ્યે બધું જણાય અને જેને જાણ્યે આત્મહિત થાય. એ આત્માને જ્ઞાયક કહ્યો. પહેલાં ઘણી વ્યાખ્યા થઈ ગઈ છે. આ વળી ચોથો બોલો થોડો સાર આવ્યો એટલે ફરીને લે છે.

આત્મા એક સમયમાં આદિ-અંત વિનાનો, સ્પષ્ટ અંતરમાં પ્રગટરૂપે ચૈતન્યજ્યોત સૂર્ય આનંદકંદ છે. એ આત્મા.. પહેલું કહેવાઈ ગયું કે શુભ અને અશુભભાવ જે થાય છે, જેનાથી નવા પુણ્ય અને પાપ બંધાય છે, એવા શુભ-અશુભભાવપણે એ જ્ઞાયક ચૈતન્યવસ્તુ થઈ નથી. સમજાય છે કાંઈ ? વસ્તુ જે છે ચિદ્‌ઘન જ્ઞાયકમૂર્તિ, એ જ્ઞાનસ્વભાવ ભગવાનઆત્મા એ શુભ-અશુભ રાગ, એ ભાવ એ પણે ચૈતન્યદ્રવ્ય વસ્તુ થઈ નથી. થઈ નથી માટે તેને પ્રમત્ત અને અપ્રમત્ત એવા ભેદ લાગુ પડતા નથી. સમજાણું કાંઈ ?

જે આખો ભગવાન અંતર્‌દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિનો વિષય. 'એક જાણીએ, દેખીએ રમી રહીએ એક ઠોર, સમળ વિમળ ન વિચારીએ.' એ પ્રમત્ત છે કે અપ્રમત્ત છે કે નિર્મળ થશે, એ જેના ભેદમાં–પર્યાયમાં છે એ વસ્તુમાં નથી. વસ્તુ જે જ્ઞાનઘન ચૈતન્યજ્યોત આનંદકંદ મૂર્તિ, એ તો શુભ-અશુભ વિકલ્પ અને કર્મના બાંધવાવાળો જે ભાવ, એ બાંધવાવાળા ભાવપણે પરિણમ્યો નથી. એટલે એ અબંધસ્વરૂપ જ ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? એ જ્ઞાયકને આ કારણે પ્રમત્ત-અપ્રમત્તના ભેદો, શુદ્ધ જ્ઞાન આનંદ સ્વરૂપ અંતર દૃષ્ટિ કરવા લાયક જે પદાર્થ છે, એમાં આ લાગુ પડતું નથી.

હવે એમાં એક ધ્વનિ ઊઠ્યો, કે જાણક છે ને... જાણક છે ને... જાણક છે ને ! એ જાણક જ્ઞાયક છે તો એવો પ્રસિદ્ધ અર્થ ઊઠ્યો કે કાંઈક પરને એ જાણે છે. તો પરને જાણે છે એટલી તો એમાં પરપણાની અપેક્ષા આવી તો એ જ્ઞાયકપણાને એટલું પરાધીનપણું, અશુદ્ધપણું એટલી તો પર અપેક્ષા એમાં આવી કે નહિ ? જરી ઝીણી વાત છે. પણ ઝીણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ઝીણું જ હોય ને ? ભગવાનઆત્મા એક સમયમાં ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ, એને એમ થાય કે જાણક છે, જાણક છે એ. એમ કહેતાં જાણે જ્ઞેય જણવાયોગ્ય ચીજને જાણે છે એટલી અપેક્ષા એને આવી કે નહિ ? એટલી એને અશુદ્ધતા લાગુ પડી કે નહિ ? – કે ના. કેમ ? દૃષ્ટાંત (આપે છે).

**'દાહ્યના આકારે થવાથી...'** એ તો દાહ્ય ગમે તે બળવાને લાયક. પછી કાંઈ નામનું કાંઈ (કામ નથી). દાહ્ય નામ બળવાલાયક જે ચીજ છે એના **'આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** જાણે કે બળવાલાયકને બાળતી હોય. જાણે કે દહન અગ્નિ બળવાલાયકને બાળતી હોય અને એ રૂપે થતી હોય, એવો દહન શબ્દમાં જાણે ધ્વનિ ઊઠતો હોય. તોપણ કહે છે કે **'દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...'** બળવાલાયક ચીજની અપેક્ષાથી તે અગ્નિ પરિણમી છે એમ નથી. બળવાલાયક વસ્તુને આકારે પરિણમી છે એમ નથી. એ તો અગ્નિ તો અગ્નિને આકારે જ (રહી છે). જુઓ ! વર્તમાન દશાની વાત કરે છે, હોં ! આહા..હા...!

જ્ઞાયકપણું, એક વસ્તુનું ત્રિકાળપણું એ વસ્તુ તો જ્ઞાયક જ છે કહે છે. પણ એમાં જ્ઞેય પર્યાયમાં–અવસ્થામાં જણાવા લાયક વસ્તુને જાણવાપણે પરિણમ્યોને ? એટલે તે અવસ્થાપણે થયો ને ? – કહે, ના. જણાવાયોગ્ય વસ્તુનું જે સ્વરૂપ, એનું જે પોતાનું જ્ઞાન, એ પોતાના જ્ઞાયકપણે પોતે પરિણમ્યો છે. પરિણમ્યો એટલે કે થયો છે. જ્ઞાયક પોતાની સત્તામાં તે જ્ઞાયકપણે પરિણમીને થયો છે. એ જ્ઞેય જેમ દાહ્ય બળવા લાયકને આકારે અગ્નિ થવા છતાં અગ્નિ તો પોતાને જ આકારે થઈ છે, પરના આકારે થઈ નથી. પર્યાય પોતાથી સ્વતંત્ર પરિણમી છે એમ કહે છે. સમજાણું કાંઈ ? એ તો ભાઈ આ મોડા આવે એ મોડા બેસે, એ તો બધું એમ ચાલે છે. સમજાણું આમાં ?

વસ્તુ ચૈતન્યજ્યોત જાણે કે પરને જાણતાં પરનું જાણવું એમાં આવ્યું, એમ જાણવું આવ્યું ને ? – કહે, ના. એ તો પોતે જ જાણવારૂપે થયો એટલે પોતે પોતાને જ જાણે છે. સમજાય છે કાંઈ ? એ રાગાદિ ભાવ, વ્યવહાર વિકલ્પો હો એના પણે અહીં જ્ઞાન પરિણમ્યું છે એમ નથી. જ્ઞાન પોતાની સ્વસત્તામાં–પોતાના હોવાપણામાં–પોતે જ્ઞેયાકારનું જે સ્વરૂપ એવા જ્ઞાન આકારરૂપે આત્મા પોતે પોતાથી થયો છે, જ્ઞેયને કારણે થયો નથી. ઝીણું ભારે વાત, ભાઈ !

અહીં તો અંતર્મુખ જોતાં એ જ્ઞાન રાગપણે જાણે જ્ઞેયપણે જ્ઞેયનિષ્ઠ થઈને પરિણમ્યું હોય, એમ જ્ઞાયકના ધ્વનિમાં એમ આવે છે, પણ એમ નથી. જ્ઞાયક તો ત્રિકાળ રહ્યો. પણ વર્તમાનમાં જે રાગાદિને જાણવા કાળે જાણે કે રાગને જાણતો હોય, એમ જાણે છે એમ ધ્વનિમાં આવ્યું હોય, છતાં એ જ્ઞાન પોતે પોતાપણે પરિણમીને પોતે પોતાને જાણે છે. સમજાય છે કાંઈ ? ઝીણું બહુ પણ, ભાઈ ! સાધારણ માણસને તો આ... પણ બાપુ ! જેને હિત કરવું છે એ કાંઈ અંતરની ચીજને ભાળ્યા વિના, જોયા વિના અને એની સ્વતંત્રતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મર્યાદા અંતર દૃષ્ટિમાં આવ્યા વિના એનું હિત થાય એવું નથી. સમજાય છે કાંઈ ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ અનાદિ સનાતન શાશ્વત જ્ઞાયક પ્રભુ ! કહે છે કે એ તો જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પણ આ જાણવાના કાળે આવું કાંઈ થાય છે ને ? ભાઈ ! કહે છે, જ્ઞેયાકાર થવાથી તે ભાવ એટલે જ્ઞાયકભાવ, તેને જ્ઞાયકપણું પ્રસિદ્ધ ધ્વનિમાં એમ આવે. તોપણ તેને જાણવાના ભાવપણે પરિણમ્યું છે એમ નથી. **'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી,...'** જણાવાલાયક વસ્તુને કારણે થયો છે એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? અંતર્મુખ જોતાં એ જ્ઞાયક જ્ઞાયકપણે છે, અને વર્તમાન રાગાદિ અથવા જ્ઞેય બીજા પદાર્થ જે હોય, એ પ્રકારે જાણે જ્ઞાન પરિણમ્યું હોય, અવસ્થામાં થયું હોય પણ એ પરને કારણે થયું નથી. તે પ્રકારના જ્ઞાનનો આકાર નામ વિશેષપણે પોતાની અસ્તિમાં, હયાતીમાં, મોજૂદગીમાં પોતાને કારણે પોતે જ્ઞાન જ્ઞેયને જાણવારૂપે થયું એ પોતાના રૂપે થયું છે, જ્ઞેયરૂપે થયું નથી. સમજાણું કાંઈ ?

કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં.. એટલે ? અવસ્થા જ્ઞેય આકાર કીધો એ તો વ્યવહાર કહ્યો. રાગાદિ જ્ઞેયના આકારે એટલે કે એ તો નિમિત્તથી કથન કર્યું, પણ જ્ઞેયાકારની અવસ્થા પોતામાં પોતાના કારણે થઈ. આહા..હા...! એ જ્ઞાયકપણે જે જણાયો. જ્ઞાન ચૈતન્ય ભગવાન પરનું જ્ઞાન કરવાના કાળમાં પોતે જ્ઞાયકપણે જણાયો છે, એ જ્ઞેયપણે જણાયો નથી. આ તો છેલ્લેમાં છેલ્લી માખણની વાત છે. એકલું તત્ત્વ ચૈતન્ય ભગવાન નીતરતું, જ્ઞાયકભાવપણે તો બિરાજમાન (છે), પણ વર્તમાન પર્યાયપણે પરિણમન એ જ્ઞાયકના લક્ષે થયેલું છે. એ જાણનાર પોતે ક્રિયાનો કર્તા છે. કઈ (ક્રિયાનો) ? – જાણવાની અવસ્થાનો. રાગ એ કર્તા છે અને અહીં થયું છે એમ નથી. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા જ્ઞાનની... સ્વરૂપરૂપ તો ત્રિકાળ, પણ વર્તમાન જ્ઞાનની દશાની અવસ્થા-અવસ્થા કાર્યરૂપ થાય, એ પણે જ્ઞાયક પોતે થયો છે અને તે જાણવાના ક્રિયાનો કર્તા પોતે પોતાને કારણે છે. તે રાગાદિ છે, દયા-દાન-વ્રતાદિના વિકલ્પો છે, એ છે માટે અહીં જ્ઞાનનું થવું થયું છે. એ અસ્તિ છે માટે જ્ઞાનનું થવું અસ્તિરૂપે છે એમ નથી. ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? એ જ્ઞાયક **'જ્ઞાયકપણે જે જણાયો...'** એમ કીધું. એ જ્ઞેય રાગ, પુણ્ય અને વ્યવહાર વિકલ્પ, તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાને કારણે (થયું છે). ભગવાનઆત્મા પોતે તે રૂપે જ્ઞાન પોતાની દશારૂપે થયો, એ જ્ઞાયકપણે જણાયો, તે જ્ઞેયપણે જણાયો નથી. વ્યવહારપણાથી કે વ્યવહારને જાણતો નથી. સમજાય છે ? વ્યવહાર રાગાદિથી જાણતો નથી અને રાગને જાણતો નથી. આહા..હા...!

અહીં તો કહે છે કે ભગવાન જ્ઞાયક ચૈતન્યમૂર્તિ, એને રાગની મંદતાના વિકલ્પો આ જે દુનિયા એને વ્યવહાર કહે છે, દુનિયા શું લોકો એને વ્યવહાર કહે છે, એ રાગ એ આત્માની જ્ઞાયકપણાની દૃષ્ટિ કરાવવામાં બિલકુલ મદદગાર નથી. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાન અનંત ગુણનો સાહેબો, એ પોતે જ પોતાના સ્વભાવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્યાં પોતાનું ભાન કરે છે, ત્યાં કહે છે કે ઓલો રાગ છે એનાથી તો અહીં શુદ્ધતા થતી નથી, એ તો જ્ઞાયકના આશ્રયે શુદ્ધતા પ્રગટ થઈ છે. ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ધ્રુવ. એની અંતરમાં રુચિ અને પરિણમન થતાં એ શુદ્ધતા તો ત્રિકાળ જ્ઞાયકને કારણે થઈ છે. આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદની દશાનું વેદન એ કાંઈ રાગની મંદતા હતી તો આ વેદન થયું એમ નથી. સમજાણું કાંઈ ? એ તો જ્ઞાયક ત્રિકાળ ચૈતન્યજ્યોત અતીન્દ્રિય અનાકુળ આનંદનો સાગર ભગવાન છે, નિત્યાનંદ પ્રભુ છે. એ નિત્યાનંદના સ્વભાવ ઉપર એકાકાર થતાં એ આનંદનો અનુભવ એ દ્રવ્યને કારણે, વસ્તુને કારણે આનો અનુભવ છે. આનંદનો અનુભવ અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે કે આનંદ છે, એ ત્રણે દશારૂપ આનંદ છે. આહા..હા...! સમજાય છે ? અને જે રાગાદિ આકુળતા બાકી રહી, એ આકુળતાથી આનંદનું વેદન નથી થયું, પણ એ આકુળતા છે માટે એનું જ્ઞાન એને કારણે થયું એમ પણ નથી. આહા..હા...! જ્ઞાન હો, વેદન તો જે ચૈતન્ય જ્ઞાયક ત્રિકાળ સ્વરૂપ અંતરની દૃષ્ટિ થતાં, જે અતીન્દ્રિય આનંદમાંથી આનંદનો અંકુર ફાટીને વેદન થયું, એ આનંદના વેદનમાં રાગની મંદતા કે નિમિત્ત બિલકુલ કારણ નથી. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા આમ ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિ, એની દૃષ્ટિ કરતાં એ જ્ઞાયક તો એવો ને એવો છે. એમ ભાન થતાં એની દશામાં શાંતિ અને અનાકૂળ આનંદનું વેદન (થયું), એમાં પ્રતીત, જ્ઞાન અને રમણતા (થયા) એ બધો મોક્ષનો માર્ગ એ દ્રવ્યના અંતરને આશ્રયે થયો છે, રાગની મંદતાની અપેક્ષા રાખીને થયો નથી. પણ એ જ્ઞાનમાં એવું જણાઈ ગયું કે આ બરાબર જે જાતનો રાગ – દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો જે જાતનો રાગ – એ જાતનો જ જ્ઞાનમાં ઝલકવું એટલે જ્ઞાનનું પરિણમવું... સમજાય છે કાંઈ ? એ જ્ઞાનનું જે આકારે પરિણમવું એ જ્ઞેયના આકારે કહ્યું એટલે જે જ્ઞેય છે તેની જે વિશેષતા છે, જે તેની વિશેષતા છે તે પ્રકારનું જ્ઞાન અહીં પોતાને કારણે પરિણમ્યું છે. એમાં રાગની મંદતાની પણ જાણવાની અંતર દશામાં બિલકુલ મદદ નથી, એની સહાય છે નહિ. સમજાણું કાંઈ ? આમાં જ્ઞાનમાં એ છે માટે થયું એમ નથી. એ તો પોતે જ તે કાળે જ્ઞાયક ભગવાન પોતાના જ્ઞાયકની જે આકૃતિની વર્તમાન દશાની યોગ્યતાપણે પરિણમન થાય, એમાં એ નિમિત્ત કહેવાય છે. નિમિત્ત એટલે પૃથક્. એને લઈને અહીં પરિણમન છે એમ નથી. આમ અંદરમાં ભાન થવું તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! આ માર્ગ માણસને એવો કઠણ પડે કે માણસ કહે બીજો રસ્તો લઈ લ્યો. બીજે રસ્તે જવાય. પણ આ રસ્તા વિના ક્યાંય બીજો રસ્તો નથી. ત્રણકાળ, ત્રણલોકમાં નથી. દુનિયા ભલે એને મનાવે અને માને. સમજાય છે કાંઈ ? સંપ્રદાયના ગુરુઓ અને સંપ્રદાયને માનનારા, એને બીજી રીતે ગમે તે રીતે મનાવે કે આમ થાશે.. આમ થાશે... આમ હશે... બધી થોથા વાત છે. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સત્ય ભગવાન પ્રભુ ચૈતન્યમૂર્તિ, અનંત ગુણનો સત્ સાહેબો એ તો એના સ્વાધીનપણે જ જણાય અને પ્રગટે એવો એ છે. એવા ભગવાનઆત્માને કોઈની અપેક્ષા – રાગની, નિમિત્તની, દેવ-ગુરુ-શાસ્ત્રની પણ જેને અપેક્ષા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? એવો નિર્વાણનાથ પરમાત્મા, પોતે હોં! બીજો કોઈ નહિ અહીં. આહા..હા...! કહે છે કે એને એ અશુદ્ધતા નથી. કેમ ? – કે જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જ રહ્યો છે અને સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. જ્ઞાયક જ છે ત્યાં જોર છે. પેલો તો વચ્ચે દાખલો દેવો છે. કોની પેઠે ? કે **'દીવાની જેમ...'** જ્ઞાયક જ છે એમ લેવું. વચલું તો દૃષ્ટાંત સિદ્ધ કરવું છે.

**'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...'** કર્તા અને કર્મ એક હોવાથી, કર્તા અને કર્મ જુદા નહિ હોવાથી. એટલે શું ? – કે આત્મા જ પોતે પોતાના જ્ઞાનની દશારૂપે પરિણમતો, દશામાં આનંદરૂપે, જ્ઞાનરૂપે થતો, એ પોતે જ જ્ઞાયકપણે થઈને સ્વતંત્રપણે પોતે જ્ઞાયક જ છે. પરની અપેક્ષા એમાં જરાપણ નથી. કહે છે કે એ **'કર્તા-કર્મનું અનન્યપણું..'** છે. અનન્ય એટલે ? એક છે. એક એટલે જાણનારો જણાણો એ કર્મ છે, જાણનારો જાણે છે તે કર્તા છે. એ બધું એક જ છે. કર્તા અને કર્મ બે જુદાં નથી. ભારે, ભાઈ ! સમજાણું આમાં કાંઈ ?

વાત એવી છે કે એ અંતરના અંતર્મુખની દૃષ્ટિ થતાં, એના જ્ઞાયકપણાનું ભાન થતાં એ જ્ઞાનની દશાનું થવું એ તદ્દન નિરપેક્ષ વિકલ્પ અને પરની અપેક્ષા વિના ભગવાન પોતાના સ્વકાળે તે જ્ઞાનની અવસ્થારૂપે થાય છે. એટલે જાણનારો પણ પોતે અને જણાણો પણ પોતે. જણાણો એ જ્ઞાયક અને એ જાણવાની ક્રિયાનો કરનાર પણ એ જ્ઞાયક. રાગ કર્તા અને જાણવાનું કાર્ય થયું તે કર્મ, એમ નથી. સમજાણું કાંઈ ?

આમાં બહુ ધ્યાન રાખ્યા વિના પકડાય એવું નથી. એક જણો કહે કે ભાઈ ! મને આ બહુ ઝીણું પડે છે. ઝોલું આવી જાય છે. ભાઈ ! આમાં ઝોલા ઊડી જાય એવું છે. આમાં ક્યાં ઝોલા આવે ? સમજાણું કાંઈ ? એ વાતનું જે રૂપ અને સ્વરૂપ છે, એ તેના ખ્યાલમાં ન આવે તો ખ્યાલમાં આવ્યા વિના એ કઈ બાજુ પ્રયોગ કરવો અને કેની કોર જાવું અને ક્યાંથી ખસવું – એ અસ્તિ-નાસ્તિ શી રીતે કરશે ? સમજાણું કાંઈ ? આહા..હા...! આ તો હજી સમ્યગ્દર્શન થવાની વાત છે. સમજાણું ? સમ્યગ્દર્શન.

ભગવાનઆત્મા જ્ઞાયકપણાની પ્રસિદ્ધિ (થઈ), દૃષ્ટિમાં સ્વજ્ઞેયને પકડી જે જ્ઞાન પ્રસિદ્ધ થયું, આનંદપણે પ્રસિદ્ધ થયો, એને જ્ઞાન પ્રગટ થયું, એ કહે છે કે જ્ઞાનમાં વિશેષપણે રાગાદિ ભાવ, તે પણે એનું જ્ઞાનનું પરિણમવું, એવું ભિન્ન ભિન્ન ભાસે છે ને ? જ્ઞાયકમાં તો એકરૂપ છે. પણ આ જ્ઞાનમાં ભિન્ન ભિન્ન અવસ્થા ભિન્ન ભિન્ન પ્રકારની છે. જેવા જેવા પ્રકારના જ્ઞેયો, તે તે પ્રકારનું અહીં જ્ઞાનનું પરિણમવું થાય છે. એટલે કે જ્ઞાનનું તે પ્રકારનું પરિણમવું તે જ્ઞેયને કારણે નથી. સમજાય છે કાંઈ ? તે ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત પોતે જ પોતાની તે અવસ્થાને કાળે, તે આકૃતિરૂપે જ્ઞાયક પોતે થઈ, જાણવાની ક્રિયાનો કર્તા થઈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જણાવાયોગ્યની ક્રિયાને કર્તા બનાવી અને જાણવાયોગ્યની ક્રિયાનો કર્તા થાય એમ નથી. જણાવાયોગ્ય વસ્તુને કર્તા બનાવી અને જણાવાયોગ્ય વસ્તુનું કાર્ય કરે એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

બાપુ ! આ વાત તો પરમાત્માને પ્રગટ કરવાની છે. એ પોતે સાક્ષાત્ પરમાત્મા સાહેબો છે. આહા..હા...! પણ એને આમ રાંક જેવું લાગે ને. એને આમ છે. અમે પરાધીન છીએ. અહીં તો કહે છે, ત્રિકાળ જ્ઞાયકજ્યોત એ દૃષ્ટિનો વિષય એને તો પકડ્યો, પણ હવે અહીંયાં વર્તમાનમાં જ્ઞાનમાં વિવિધતા આવી, તો જ્ઞેયોની વિવિધતાને કારણે જ્ઞાનમાં વિવિધતાની દશા થવા લાગી એમ છે નહિ. જ્ઞાયક તો એકરૂપ છે. દૃષ્ટિમાં, અનુભવમાં, પ્રતીતમાં જ્ઞાયક આમ છે એમ લીધો, પણ તેની દશાની વિવિધતામાં જ્ઞાનના પ્રકાર થવા માંડ્યા, જ્ઞાન એકરૂપ નથી થતું, જ્ઞાન એકરૂપ નથી રહેતું, સમય-સમય ભિન્ન ભિન્ન જ્ઞેયાકાર જેવો જ્ઞેય છે તે રૂપે, પણ પોતાને કારણે તે રૂપે પરિણમે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ ચીજ એવી છે કે સાંભળે રાખવા જેવી છે. એ... 'નવરંગભાઈ'! આહા..હા...! એને પુનરુક્તિ લાગુ પડતી નથી. એની દશા વારંવાર આનંદરૂપે અનંતકાળ થયા કરે. આહા..હા...! ભાઈ ! આ સંપ્રદાયની વાત નથી. આ વસ્તુની સ્થિતિની મર્યાદા આવી છે, વસ્તુની મર્યાદા જ આવી છે. એવી છે જેવી તેને જાણવી અને અનુભવવી એનું નામ સમ્યગ્દર્શન છે. એ કોઈનો સંપ્રદાય કે આ અમારી વાત છે અને આ તમારી વાત છે એમ નથી. '...લાલજી'! અમારો આ ધર્મ છે અને તમારો આ ધર્મ છે. એમ નથી, ભગવાન ! આ વસ્તુ જ આવી છે. સમજાણું કાંઈ ?

એ આત્મા પોતે જાણનારો માટે પોતે કર્તા. જુઓ ! અર્થમાં તો એણે લખ્યું છે ને કે હું આ જાણનારો છે તે હું છું. એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે છે એમ એના ભાવાર્થમાં 'જયચંદ્ર પંડિતે' નાખ્યું છે. ૧૫મે પાને આ બાજુમાં છે. એનો અર્થ, એ જ્ઞાયક પરિણમન કરનાર છે ને ? અહીં પાછું પરિણમન સિદ્ધ કરીને સ્વતંત્ર સિદ્ધ કરે છે. એકલો કૂટસ્થ નથી. કૂટસ્થ જો હોય તો વિકારનો અભાવ થઈ, નિર્વિકાર આનંદનો અનુભવ એ દશામાં ન આવે. પણ નિત્ય પરિણામી વસ્તુ છે એ નિત્યને જ્યાં જ્ઞાનમાં લીધું, ત્યારે હવે પરિણામમાં જ્ઞાનનું પરિણમવું થવું તો થાય છે. જાણવાની અવસ્થા ભિન્ન-ભિન્ન પ્રકારે ત્યાં થાય છે. આહા..હા...!

૧૨મીમાં લીધુંને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એનો અર્થ જ એ છે. એ તો આ વ્યવહાર છે એ જાણેલો પ્રયોજનવાન છે એટલી વાત કરવી છે. અહીં તો જાણનારો જે રૂપે પરિણમી જાય છે. ભગવાનઆત્મા ચૈતન્યનો ગાંગડો... ચૈતન્યનો ગાંગડો... જેની ગાંઠમાં એકલા મસ્કતી રત્ન ભર્યા હોય... 'અનુભવપ્રકાશ'માં એક દાખલો આપ્યો છે. જેની ગાંસડીમાં મસ્કતી ઊંચા રત્ન ભર્યા હોય, એમ આત્મા એટલે જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા, વિભુતા, સ્વસંવેદતા વગેરે અનંત ચૈતન્યરત્નની ગાંસડી આત્મા છે. એ ગાંસડીનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકરૂપ છે અહીં તો. અભેદમાં આ છે બધું અંદર. પણ જ્ઞાયકપણે જોતાં અભેદમાં ભેદ દેખાય નહિ. છતાં તેમાં ભેદ નથી એમ નહિ. એટલે શું કહ્યું ?

ભગવાનઆત્મા આમ ચૈતન્યજ્યોત એટલે એક જ ચૈતન્યગુણ છે એમ નહિ. ચૈતન્ય એટલે જ્ઞાન, એની પ્રતીત, એનો આનંદ, એની સ્વચ્છતા, એની પરમેશ્વરતા, એની વિભૂતા, એના કર્તા, કર્મ, કરણ આદિ અનંત શક્તિનો ચૈતન્ય રત્નાકર દરિયો છે. આહા..હા...! આવડા શરીરમાં આવડો ક્યાં હશે ? ભાઈ ! એ સ્વભાવિક સ્વયંસિદ્ધ અણકરાયેલી અકૃત્રિમ વસ્તુ છે. ભગવાનઆત્મા ચૈતન્યબિંબ પદાર્થ, કહે છે કે એ અનંત ગુણના રત્નસ્વરૂપ ભગવાન, એકરૂપને જાણતાં પર્યાયમાં તો અનેકરૂપતા થાય છે. આહા..હા...! એ જ્ઞાનની અનેકરૂપતા થાય છે એ શું છે ? એ કાંઈ પરાધીનતા છે ? પરની અપેક્ષા રાખીને એ થાય છે ? કે જેવા પ્રકારના દયાના ભાવ આવ્યા તો એવું જ અહીં જ્ઞાન થાય. હિંસાનો ભાવ આવ્યો તો એવું જ્ઞાન થાય, સત્ય બોલવાનો વિકલ્પ આવ્યો, શરીરથી બ્રહ્મચર્ય પાળું એવો વિકલ્પ આવ્યો જ્ઞાન એવું થાય, જ્ઞાન એ પ્રકારનું થાય. તો એ જ્ઞાનના પરિણમમાં જાણે જ્ઞાન જ્ઞેયનિષ્ઠ હોય, એટલે કે જાણે એને આધારે હોય, એટલે કે જેવું છે તેવું જ્ઞાન અહીં થાય. એટલે કાંઈ એની મદદ હોય ? – કે એમાં કાંઈ મદદ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! બધી વાત તો અનંતવાર જગતે સાંભળી છે, પણ આત્માની ખરી વાત એણે સાંભળી નથી. સમજાણું કાંઈ ?

કહે છે, અહો..! **'પોતે જાણનારો માટે પોતે કર્તા...'** એમ કરીને શું કહે છે ? જે પ્રકારના રાગ અને નિમિત્તો ખ્યાલમાં આવે માટે તે નિમિત્ત અને રાગ કાંઈ આ જ્ઞાનદશાને રચે છે એમ નથી. સમજાણું કાંઈ ? સમય સમયનો ભગવાન જ્ઞાનરૂપે વિવિધપણે પરિણમતા આકારે વિશેષપણે, વિશેષપણે, એનો કર્તા પોતે જ છે. ભગવાન જ્ઞાયકપ્રભુ પોતે જાણવાની ક્રિયાનો પોતે કર્તા અને ભગવાનઆત્મા જ્ઞાયક પોતે જણાયો, એ પોતે જ તે કર્તાનું એ કર્મ છે. સમજાણું કાંઈ ?

થોડું પણ સત્ય હોય તો એને એમાંથી લાભ થશે. અગિયાર અંગની લાંબી અને મોટી મોટી વાતું ભણી ગયો પણ મૂળ વાતને પકડ્યા વિના એને કાંઈ લાભ ન થયો. અગિયાર અંગ અને નવ પૂર્વ, પલાખાનો પાર ન મળે, એના પલાખાનો પાર ન મળે. પણ આ પલાખું શીખ્યા વિના (એના જન્મ-મરણના અંત નહિ આવે).

ભગવાનઆત્મા જ્ઞાયકપણે ત્રિકાળ વસ્તુ, તે શુભ-અશુભભાવે થયો નથી. માટે તેને પ્રમત્ત-અપ્રમત્તના ભેદો અભેદને સ્પર્શતા નથી, અડતા નથી. એવો જ્ઞાયક દૃષ્ટિમાં આવ્યો, અરે..! તેને તે કાળે જ્ઞાનની પર્યાય... અહીં જુઓ દૃષ્ટિમાં અભેદ થયો. હવે જ્ઞાનના પરિણમનમાં ભિન્ન ભિન્નતા થવા માંડી. કારણ કે જેવા પ્રકારનો વ્યવહાર તે જ પ્રકારના જ્ઞાનનું પરિણમવું પોતાને કારણે સ્વતંત્ર થાય છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આઠ-આઠ વર્ષની બાલિકાઓ સમ્યગ્દર્શનને પામે છે. એમ ન સમજવું કે અમે આમ સાધારણ છીએ, અમે ભોળા છીએ, અમને ખબર નથી. નહિ તું ભોળો નથી. પ્રભુ ! તું ભગવાન છો ને, ભાઈ ! તને ભગવાનથી ઓછો કેવો એ તને ગાળ્યું છે. સમજાય છે કાંઈ ? એ ચૈતન્યનાથ પૂર્ણાનંદનો નાથ, એને ઓછો કહેવો, દસ કરોડનો આસામી હોય એને ભિખારી કહેવો એ વ્યાજબી છે ? ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રિકાળ ચૈતન્યનાથ પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ ભગવાન છે. એ ભગવાન દૃષ્ટિમાં પૂરો છે. દૃષ્ટિમાં પૂરાનો આદર છે. દૃષ્ટિમાં અપૂર્ણનો આદર નથી. પણ તેનું વર્તમાન ભાન થયા છતાં વર્તમાન જ્ઞાનની વિવિધતાપણે જ્ઞાન જાણે કે એવા વિકલ્પ અને એવા નિમિત્તોના સંગના અસ્તિત્વ કાળે, એ પ્રકારનું જ્ઞાન પરિણમે એટલે એ પરની અપેક્ષાવાળું એ જ્ઞાન થયું કે નહિ ? એટલો પરાશ્રય થયો કે નહિ ? – એટલો પરાશ્રય એમાં છે નહિ. સમજાણું કાંઈ ? એવો જ્ઞાયક ભગવાનઆત્મા સ્વરૂપનું ભાન થયે તેના જ્ઞાનના પરિણમનના આકારે પોતે જ્ઞાનાકારે જ્ઞાનાકાર થયું છે. જ્ઞેયાકારે નહિ પણ જાણક આકારે જ્ઞાન થયું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

પોતાને જાણ્યો માટે પોતે કર્મ. આહા..હા...! વળી આ કર્મ કેવું હશે ? એક તો જડકર્મ કહેવાય. એ કર્મ હશે આ ? એ તો જડકર્મ કેમ કહ્યું કે એ પરમાણુમાં કર્મરૂપ અવસ્થા થઈ, એ કાર્ય અવસ્થા થઈ. એ જડમાં આ સુખ-દુઃખ થાય એમાં નિમિત્ત પડે એવી ચીજ, એને કર્મ કહ્યું. વિકારી પરિણામ જીવના શુભ અને અશુભ થાય એ પણ એક ભાવકર્મ કહ્યું. એ કર્મ એટલે કાર્ય, કર્મ એટલે એક અસ્તિત્વ દશા, એ આ કર્મ નહિ. તેમ તેની જાણવાની વર્તમાનદશા જે છે, એ કર્મ નહિ. આહા..હા...!

આ જડ શરીરની અવસ્થા એ પણ એનું કર્મ કહેવાય. કર્મ એટલે કાર્ય. આ આમ થાય છે ને ? એ એના-જડના કાર્ય છે, હોં ! આત્માના નહિ. આ વાણીનો ધ્વનિ ઊઠે એ જડનું કાર્ય છે, આત્મા નહિ. આત્મામાં રજકણની ખાણ નથી પડી કે ધ્વનિ ઊઠે. એ વાણી-ધ્વનિ જડમાંથી અદ્ધરથી ઊઠે છે. આહા..હા...! ભગવાન તો અનંત શાંતગુણ અને અનાકૂળ આનંદકંદની ખાણ છે. ત્યાં ક્યાં રજકણ પડ્યો હતો તે (ધ્વનિ ઉઠે). સમજાણું કાંઈ ? એ ધ્વનિના રજકણની પર્યાયને પણ કર્મ-કાર્ય કહેવાય છે. એ અહીં નહિ. જડની અવસ્થાને કાર્ય-કર્મ કહેવાય છે, એ નહિ. શુભાશુભભાવ પરિણામને કર્મ કહેવાય છે, એ નહિ. ભગવાનઆત્માના જ્ઞાયકપણે થતાં એની નિર્મળદશારૂપી કામ થાય છે, કામ થાય છે. એ કર્મ અહીં નહિ. એ અત્યારે અહીં નહિ. સમજાણું કાંઈ ? ભગવાનઆત્માએ જાણવાના કાર્ય કર્યા, એમાં જણાણો એ જણાયો એ ભગવાન જણાયો. આ ચૈતન્યખાણ મહાન, એ જણાણો તે કર્મ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, **'(જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...'** શું કહે છે ? દીવો ઘટ અને પટને પ્રકાશવા કાળે પ્રકાશવાયોગ્ય પદાર્થરૂપે થયો નથી, એ તો દીપકપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહીને પ્રકાશે છે. દીવો દીવાના પ્રકાશના સ્થાનમાં, કાળમાં, ભાવમાં, અસ્તિમાં રહીને પરને પ્રકાશે છે. પરના અસ્તિત્વને લઈને દીવો પ્રકાશે છે એમ નહિ. સમજાય છે કાંઈ ? અહીં ભગવાનઆત્માને ઉપમા આપવી છે, પણ દીવો ઘટપટાદિ પ્રકાશિત કરવાની દશામાં, પ્રકાશિત કરવાની દશામાં પણ એ દીવો તો દીવો જ છે. કાંઈ ઘટપટાદિ પ્રકાશવા કાળે ઘટપટ થઈને પ્રકાશે છે (એમ નથી). દીવાપણે રહીને, થઈને પ્રકાશે છે. સમજાય છે કાંઈ ? **'અને પોતાને—પોતાની જ્યોતિરૂપ શિખાને—...'** દીવાની જ્યોતિ... જ્યોતિ... જ્યોતિ... જ્યોતિરૂપ શિખા. આહા..હા...! એને **'પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી;...'** દીવો છોડીને કાંઈ (પરરૂપે થયો નથી). પરને પ્રકાશવાકાળે પણ દીવો દીવાપણે રહ્યો છે, પોતાને પ્રકાશવા કાળે પણ દીવો દીવો થઈને રહેલો છે.

**'તેમ જ્ઞાયકનું સમજવું.'** એટલે ? એની સાથે કહી દીધું ને ? ભગવાન ચૈતન્યદીવો ચૈતન્યસૂર્ય ભગવાન પ્રકાશની મૂર્તિ છે. આ બધા પ્રકાશને પણ પ્રકાશનારો એ ભગવાનઆત્મા (છે). આ પ્રકાશ છે એમ કોણે નક્કી કર્યું ? એ પોતે. ભગવાન ચૈતન્ય પોતે પ્રકાશક છે એમ નક્કી કરે છે. એ પ્રકાશનું પ્રકાશપણું જેણે નક્કી કર્યું, એ નક્કી કરનારની પર્યાય પોતાથી થયેલી છે, પ્રકાશને કારણે નહિ, બહારના પ્રકાશને કારણે નહિ. કહો, સમજાણું કાંઈ ?

કોઈકે પૂછ્યું હતું ને ? ત્રણ વર્ષ પહેલાં. એક 'જામનગર'નો છોકરો હતો ને ? સાત વર્ષનો. મહારાજ ! તમે આત્મા આત્મા કરો છો પણ અહીં જોઈએ છીએ તો અંધારા દેખાય. સાત વર્ષનો છોકરો હતો. 'જામનગર'માં છે ને હજી ? આવ્યો છે કે નહિ ? સમજાણું ? આત્મા જાણવો, આત્મા ઓળખવો, આત્મા જાણ્યા વિના બધા મીંડા. કહે છે આંખ બંધ કરીએ તો અંધારા દેખાય. સાત વર્ષનો છોકરો પૂછે. ભાઈ ! ભગવાન ! એ અંધારામાં અંધારું દેખાય કે અંધારાને જાણનારો કોઈ પ્રકાશમાં અંધારું દેખાય ? આ અંધારું છે, એ અંધારાના અસ્તિત્વમાં અસ્તિત્વને લઈને અંધારું દેખાય. જે દેખે છે તે અંધારામય નથી. એ ચૈતન્યસૂર્યમાં આ અંધારું દેખાય છે. અંધારું એનું અસ્તિત્વ અંધારાને ખબર નથી. એ ચૈતન્યના નૂર ભગવાન અસ્તિત્વની મર્યાદામાં ચૈતન્યના પ્રકાશમાં અંધારું જણાય છે. તું આમ જુએ છે, પણ આમ જો.

જગતની કોઈપણ ચીજને કાળે... આ એ કહે છે, ભાઈ ! કોઈપણ ચીજને કાળે... દાખલો આપ્યો છે, આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં. જ્યાં જ્યાં દરિયો છે ત્યાં જો એને કાંઠે કૂવો ખોદે તો મીઠું પાણી નીકળે. એમ ભગવાનઆત્મા આમ આ રાગ, આ જ્ઞેય, આ શરીર, આ વાણી, આ.. આ... આ... એને તે કાળે આ.. આ... તેને ન જોતાં એ કાળે તેને જાણનારો આ જો તો ત્યાં મીઠું પાણી નીકળશે. સમજાણું કાંઈ ? આખો ચૈતન્ય દરિયો જ્યાં જ્યાં જોતા એ આ રાગ.. એ આ સ્ત્રી... એ આ.. આ દરિયો, આ મીઠું, આ ખાટું, બાપુ ! એને તું આમ જાણવા જા તે કાળે જાણનારની દશા તે જાણનારની દશા જ એ જોવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આમ ન જોતાં આમ જાણનાર એ પોતે છે એ કર્તા એ પોતાને કારણે પોતાનું કારણ છે. સમજાણું કાંઈ ?

અહીં તો ઓલું આવ્યું ને ? જ્ઞેયકૃત એને અશુદ્ધતા નથી. જ્યાં જ્યાં તે તે નજરમાં જ્ઞાનરૂપે પરિણમે છે, ત્યાં ત્યાં એ જોવે છે કે આ... આ... એમ નથી. આ એને જાણનારું જ્ઞાન પોતાપણે પરિણમ્યું એને ત્યાં જો. મન-વચન-કાયાના કર્તવ્યો અને એના ફળો, તે તે ક્ષણે તેને જાણનારું જ્ઞાન, જ્ઞાનપણે પરિણમીને જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

તન-મન-ધન-વચન-કાયા આદિ બધી દશામાં કામ જે થાય, તે જ કાળે ભગવાન જ્ઞાન પોતાના જ્ઞાયકપણાની દૃષ્ટિવાળો એને આમ જોવે તો જ્ઞાનનું કાર્ય પોતે જ કરનારો અને પોતે જ એનો કર્તા છે. એ ત્રીજો દેખાય તે કારણે દેખાય છે અને ત્રીજો કર્તા થઈને આ જ્ઞાન તે કાળે થાય છે, એમ નથી. સમજાણું કાંઈ ?

ભાઈ ! આ ખારા સમુદ્રનો દાખલો આપ્યો છે. દરિયો ખારો પણ ત્યાં જોડે જો ખોદે તો પાણી મીઠા કૂવામાં નીકળે. એમ આ જગતની ચીજો, જ્ઞેયો, આ શરીર, આ રાગ, આ માખણ, આ ધૂડ, આ પૈસા... તે તે કાળે તે તે કાળમાં તે જોનારની ચીજોને તું જો છો. પણ જોનાર આ આ છે, આ છે એમ જે જોવે છે એ ચીજને જો તો જ્ઞાન પોતાથી પરિણમી રહ્યું છે. જ્ઞાન પોતાથી તે પ્રકારે થઈ રહ્યું છે. પરને જોતો નથી, પોતાને જોવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'તેમ જ્ઞાયકનું સમજવું.'** કહે છે. દીવો ઘડા અને મકાનના પ્રકાશવા કાળે દીવો, દીવારૂપે રહીને પ્રકાશે છે અને પોતાનો પ્રકાશ પણ દીવો દીવાપણે રહીને પ્રકાશે છે. એમ ભગવાન ચૈતન્યસૂર્ય પર વસ્તુના જ્ઞાન કાળે પણ પોતાના જ્ઞાનપણે જ પરિણમીને પોતાને પ્રકાશે છે. અને પોતે આ જ્ઞાયક છે એમ પણ જાણવામાં હું પોતે પોતાપણે પરિણમતો, પોતે પોતાને જાણતો પરિણમે છે. જેનું કામ જ્ઞાયકપણું એ એનું કર્મ થયું છે. આહા..હા...! ઝીણું તો છે, ભાઈ ! પણ શું થાય ? બીજી કોઈ રીત ન મળે ત્યાં. જે એની રીત હોય એ આવે ને ? જે રીત ન હોય એ કાંઈ બીજી રીત કરવા જાય... સમજાય છે કાંઈ ?

શીરાનો દાખલો ઘણીવાર નથી આપતા ? શીરો જે વિધિએ થાય એ વિધેએ થાય. લોટમાં પહેલાં ઘી શેકે અને પછી ગોળના પાણી નખાય. પણ કોઈ એવી ડાહીની દીકરી નીકળે કે લાવને ગોળના પાણી પછી નાખવા એ કરતાં પહેલાં ગોળના પાણીએ લોટ શેકીને પછી ઘી નાખીએ, એ વિધિ નહિ. એ શીરો ન થાય. એ તો પેટીશ થાય, પેટીશ ગુમડા બાંધવા માટે. પેટીશ પણ સરખી ન થાય. પેટીશ કરે ત્યારે બાઈયુંક કહે, જાતુંવળતું ઘી નાખજો. જાતુવળતું એટલે ? ઘી બિલકુલ ન પડે એમ પણ નહિ અને જાજુ રહે એમ પણ નહિ. આ લોટને શેકીને ગોળ અને સાકરના પાણીથી લોટ શેકીને ઘી નાખીને શીરા કરવા છે. અમે શીરો કરવા બેઠા. મૂઢ ! શીરો નહિ થાય. તારું ત્રણે જાશે. લોટ જાશે, ઘી જાશે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને ગોળ પણ જાશે.

એમ ભગવાનઆત્માને જાણવાની જે રીત અને પ્રકાર છે તેથી બીજી રીતે કરવા જાય તો નહિ જણાય. આ રખડવાનું મળશે. આહા..હા...! સમજાણું આમાં ? કે પણ મને મોંઘો પડેને ભાઈ સાહેબ ! આ પાંચ રૂપિયાનું શેર એમ કાંઈક કહે છે ને ? અત્યારે બહુ મોંઘા ઘી છે એમ કહે છે ને ? પાંચ રૂપિયે શેર. આહા..હા...! એક રૂપિયાનું મળતું હતું. આહા..હા...! એને ઠેકાણે ભાઈ ! ઘી બચાવવું છે અમારે. માટે પહેલાં ગોળના પાણીમાં શેકો. એમ આત્માની આ વિધિ એને કઠણ પડે અને બીજી વિધિ કરવા જાય, ભગવાન હાથ નહિ આવે. સમજાય છે કાંઈ ? એને સમ્યગ્દર્શનમાં એનું પ્રતિતપણું આવશે નહિ. આહા..હા...!

કહે છે, દુનિયાની સાધારણ વાત તો કહેનારા ઘણા છે. ભગવાન પરમેશ્વરની વાત સમજવા માટે લાયક કહેનારા બહુ ઓછા હોય છે. ઓલામાં તો પાંચ-પાંચ હજાર, દસ-દસ લાખ માણસ. આહા..હા...! શું આહા..હા...! શું આહા..? કીડીના ... તો બહુ હોય. એથી કાંઈ માણસની ગણતરીમાં ગણાય ? બાપા ! આ વાત જ કોઈ જુદી જાતની છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** પરમેશ્વરી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરમેશ્વરી વાત છે, પરમેશ્વરી વાત છે. એમાં ત્રણકાળમાં ફેર નહિ.

ભગવાન ચિદાનંદ પરમેશ્વર કહે છે કે પણ પકડ્યો તો જ્ઞાયકને, પણ આ જાણવામાં વિવિધ પ્રકારનું થાય એનું શું સમજવું ? એટલી તો પર અપેક્ષાની આધીનતા કાંઈક જણાઈ કે નહિ ? અરે..! સાંભળ રે સાંભળ ! ભગવાન સ્વલક્ષે જ્ઞાનના તે પ્રકારે, જ્ઞાનના આકારે પરિણમવું એ પોતે જ કર્તા અને પોતે જ પોતાનું કામ કરે છે, પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. પૂર્વના આગ્રહ પકડ્યા હોય છે ને ? એ આગ્રહ એવા નડે ને. શાસ્ત્ર વાંચતા પણ નડે, બોલતા પણ નડે અને મનાવતા નડે અને માનતા પણ નડે. એમાંથી ખસવું એને આમ હાય.. હાય.. પરસેવો વળી જાય. મરણતુલ્ય લાગે. સત્ય થોડું બહાર આવતા જગતને મરણતુલ્ય લાગે.

બાપુ ! તું પરમાત્મા છો, પ્રભુ ! તારી પરમાત્માની રીત પકડવાની આ છે, અને તેના જાણવાના સ્વતંત્ર પ્રકાર તારે લઈને છે. કોઈ પરમેશ્વર આત્માને સર્વજ્ઞ તારી દે, એવો તું નથી. શું કીધું ? સર્વજ્ઞ તને તારે એ એવા નથી અને તું એનાથી તર એવો તું નથી. ભાઈ ! તું તો તારાથી તર અને પાર પડે એવો તું પોતે જ છો. આહા..હા...!

ભગવાનઆત્મા... કહે છે, એ જ્યોતિરૂપે અવસ્થામાં એ દીપક, એમ ભગવાન પોતાના જાણવાની દશાના કાળમાં એ શુદ્ધ આત્મા અને પરને જાણવાના કાળમાં એમ કહેવાણું કે આને જાણે છે, એ વખતે પણ પોતે પોતામાં રહીને જ જાણે છે. એમાં પોતે ફીટીને બે કોઈ દિ' થયો નથી. માન્યો છે એને, થયો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાલ બોલ આવ્યો હતો. વળી 'લાલભાઈ' કહે ભાઈ ! કાલે ફરીને લેજો. કાલે તો આપણે આનો વિસ્તાર કર્યો હતો, નહિ ? 'નવરંગભાઈ'!

**શ્રોતા** :– આજે તો કાંઈક વધારે આવ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એક રીતે કાંઈ આવે ? ભાષાવર્ગણા ભિન્ન ભિન્ન હોય છે ને ? પર્યાય પણ અંદર ભિન્ન ભિન્ન હોય છે. વાણી જુદી જુદી છે. વાણીનો આત્મા ક્યાં કર્તા છે ? એ વાણી કેમ નીકળવી એ કાંઈ આત્માને આધારે નથી. આહા..હા...! ચૈતન્યબિંબમાં વાણી કેવી ? કે વાણી આમ બોલું અને આમ થાય એવું એમાં ક્યાં છે ? સમજાણું કાંઈ ? આહા..હા...!

આવો આત્મા ! એવી સ્વતંત્રા એને બેસતી નથી. કોઈ રીતે મને રાંકો કહે, ઓછો કરીને બોલાવે, પરાધીન કરીને મારું સ્વરૂપ કોઈ બતાવે (તો) આ રીતે રાજી થાય. ભારે ભાઈ આ તો ! છે ? કે તને રાગથી લાભ થશે. અમે તને લાભ કરી દેશું લાવ. અમારી સામું જો, અમે તને લાભ આપશું. ધૂડમાં પણ નહિ થાય, સાંભળને ! જેની સામું જોવું છે એની સામે જોતો આમ જોઈએ ક્યાં લાભ મળે એવું છે ન્યાં ? સમજાય છે કાંઈ ?

ચૈતન્ય ભગવાનઆત્મા એકલી સ્વભાવની ગાંગડી ચૈતન્ય ધ્રુવ અરૂપી આનંદઘન પરમાત્મા, એનું જ્ઞાયકપણું તો એવું ને એવું (છે), પણ આ જાણવાની પર્યાય ભિન્ન-ભિન્ન થાય પણ એ પોતાને કારણે થાય છે. આ ચોથા બોલમાં એમ સિદ્ધ કરવું છે, લ્યો. સમજાણું કાંઈ ? કારણ કે શુદ્ધિ પણ વધતી જાય છે. જ્ઞાયકને પકડતાં એકરૂપ વસ્તુને દૃષ્ટિમાં લેતા એમ ને એમ ઠરતાં, એમ ને એમ ટકતા શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. શુદ્ધિની જેટલી વૃદ્ધિ થાય તેવું જ જ્ઞાન જાણે છે. હવે પોતાની વાત પાછી આવી. સમજાણું કાંઈ ? શુદ્ધિ વધે છે તેવું જ જ્ઞાન જાણે છે. અને જે સામે છે એવું જ જાણે છે. પણ એ જ્ઞાન પોતે તે પ્રકારે સ્વતંત્રપણે પરિણમવાને લાયક છે. આહા..હા...! ભાઈ ! શું કીધું સમજાણું ?

વળી અંદરથી આ આવ્યું. શુદ્ધિ વધી માટે જ્ઞાન પરિણમ્યુ છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? શુદ્ધિ તો જ્ઞાનનો પર્યાય છે, જ્ઞેય છે. શુદ્ધિ તો જ્ઞાનપર્યાયનો જ્ઞેય છે. એ જ્ઞાનનું પરિણમન શુદ્ધિને આકારે થયું માટે એને કારણે જ્ઞાન પરિણમ્યું એમ નથી. અહીં જ્ઞાયક પ્રસિદ્ધ કરવો છે ને ? જ્ઞાયક જ્ઞાયક. જાણવું પ્રસિદ્ધ થાય છે એ સ્વતંત્ર પોતાને કારણે થાય છે. આવા વર્તમાન દશા ને જ્ઞાયકનો મેળ થવો, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મની શરૂઆત છે. એને અલ્પકાળમાં કૈવલ્ય અને પરમાત્મા થયા વિના રહેવાનો નથી. એ બીજ જેને ઊગે એની પૂનમ થયા વિના રહે નહિ. એમ આવું બોધિબીજનું અંતર અંતર ભાન થાય એને કેવળજ્ઞાન પરમાત્મદશા થયા વિના રહે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા-૪૯, પ્રવચન નં. ૪૯
## તા. ૨૪-૦૨-૧૯૭૯
## [૬]

'પ્રવચનસાર' ૪૯ મી ગાથા. ટીકા ફરીને. ત્રણ લીટી થઈ ગઈ છે. **'પ્રથમ તો આ આત્મા...'** આહા..હા..! **'ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી...'** સ્વયં જ્ઞાનમય હોવાથી, જ્ઞાનવાળો એમ પણ નહિ. એ સ્વયં જ્ઞાનસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા...! **'જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે..'** આત્માનો સ્વભાવ જ્ઞાતા છે. **'જ્ઞાન જ છે;...'** **'જ્ઞાતાપણાને લીધે...'** ભગવાનઆત્મા.. ઝીણી વાત છે, ભાઈ ! અત્યારે તો એ વાત બધી ઓલી થઈ ગઈ છે ને. આ દેહમાં પ્રભુ ! જ્ઞાનસ્વરૂપી જ્ઞાનસ્વભાવી હોવાથી તે આત્મા જ્ઞાતા છે. આહા..હા..! તેથી **'જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું...'** જ્ઞાન તો દરેક આત્મામાં છે. **'પ્રતિભાસમય મહાસામાન્ય છે.'** બધામાં છે અપેક્ષાએ.

હવે, **'પ્રતિભાસમય મહાસામાન્ય...'** પ્રતિભાસમય, જે જ્ઞાન છે એ પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે. આહા..હા..! શક્તિના સ્વરૂપમાં એવું લીધું છે. ૪૭ શક્તિ છે ને ? જ્યાં અનંત ગુણો અક્રમ છે અને એ ગુણની પરિણતિ નિર્મળ ક્રમ છે. રાગને ત્યાં લીધો નથી, કારણ કે એ એનું સ્વરૂપ નથી. આહા..હા...! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એવો આનંદસ્વરૂપી એવા અનંત ગુણસ્વરૂપી, જ્ઞાન તો પ્રધાનપણે મુખ્ય સ્વ-પરને જાણવાની તાકાતવાળો માટે જ્ઞાનને લીધું છે. બાકી જ્ઞાન સિવાય અનંત ગુણસ્વરૂપ સામાન્ય સ્વભાવ છે, અનંત ગુણ છે. એની જે વિશેષ દશા, અહીંયાં તો આ આવું કેમ લીધું છે ? કે એક આત્મા કેવડો છે ? આહા..હા...! એક આત્મા કેવડો છે ? કે એવડો છે એ કે તે જ્ઞાનમય છે, તેથી જ્ઞાતા છે, તેથી તે જ્ઞાતાના પર્યાયના વિશેષમાં જગતના ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય નિમિત્તરૂપે છે અને પર્યાય તે રૂપે પરિણમે છે એવું એનું સ્વરૂપ છે. ઓહોહો..! આ એક એક આત્માની વાત ચાલે છે. અહીં તો આજ વળી...

**શ્રોતા :–** કીડીનો પણ આત્મા એવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કીડીનો શું એક નિગોદના આટલા ભાગમાં... અહીં કણી છે ને ? અહીં અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના જીવ છે. એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. એક શરીરમાં અસંખ્ય ભાગમાં ઔદારિક શરીર અહીં અસંખ્ય છે. એક શરીરમાં અનંતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવ છે. આહા..હા...! એક એક જીવ અનંત ગુણની શક્તિથી ભરેલો છે. હવે, અહીં તો પર્યાયમાં પૂર્ણ છે એમ બતાવવું છે. જેવું એનું જ્ઞાન પૂર્ણ સ્વરૂપ છે, એવું જ એની પર્યાયમાં વિશેષમાં (પૂર્ણ બતાવવું છે). આહા..હા...!

એક કોર જ્ઞાનની એક જ પર્યાય લ્યો અને એક બાજુ આખો આત્મા અને ગુણ અને લોકાલોક લ્યો તો એક જ પર્યાયમાં બધું આવી જાય છે. શું કીધું સમજાણું ? ઝીણું છે, 'હસુભાઈ'! 'ચુડગર'ને ઝીણું લાગે એવું છે પણ હવે ઘરે થોડીઘણી વાત કરજો. આ તો અત્યારે ચાલતું નથી, બાપા ! સત્ય વાત એવી છે.

ભગવાનઆત્મા અંદર જે આ છે, એનો જ્ઞાનસ્વભાવ છે તેમ ખરેખર તો... સુખગુણ છે ને, ભાઈ ? સુખગુણ છે. ત્યાં ૪૭માં દર્શન અને ચારિત્ર જુદું નથી લીધું. એ દર્શન, સમકિત અને ચારિત્રને સુખમાં ભેગું નાખીને ત્રણ ગુણનું વર્ણન છે એ. મારે અહીં બીજું કહેવું છે કે આત્મા જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાન વીતરાગ સ્વભાવે છે. એ આનંદ સ્વભાવે છે એ વીતરાગ સ્વભાવે છે. કેમ કે આત્મામાં એક ચારિત્ર નામનો વીતરાગી ગુણ, અકષાય સ્વભાવનો ગુણ છે. આહા..હા...! એ અકષાય સ્વભાવ એટલે વીતરાગ સ્વભાવ એ અનંતા ગુણમાં એનું રૂપ છે. આહા..હા...! ધીમેથી સાંભળવું. આ તો અગમગમ્યની વાતું છે, પ્રભુ ! આ તો દુનિયામાં ક્યાંય (ચાલતી નથી). આહા..હા...!

ભગવાન જ્ઞાનસ્વભાવ છે એટલે કે વીતરાગસ્વભાવ છે. આહા..હા...! એનો દર્શનસ્વભાવ છે એ વીતરાગસ્વભાવ છે. કેમ કે એમાં વીતરાગસ્વભાવ એનો ગુણ છે અને એ ગુણનું અનંત ગુણમાં રૂપ છે, એટલે જેટલા અનંતા ગુણ છે એ બધામાં વીતરાગપણાનું રૂપ છે. આહા..હા...! આ ખુલાસો કાલનો ચાલે છે. કે આ બધું લાંબુ શું કામ કર્યું ? પણ આત્મા કેવડો છે એને બતાવે છે. આવા આત્માને જાણવો. પંડિતજી ! આહા..હા...! જેમાં એવો સ્વભાવ છે કે વીતરાગસ્વરૂપ એમાં છે. આહા..હા...!

એ ષટ્કારકો અંદર અનંત ભર્યા છે. કર્તા-કર્મ-કરણ એ કર્તાપણાની શક્તિ પણ અનંત છે. એ કર્તાની શક્તિમાં પણ વીતરાગનું રૂપ છે. કર્મશક્તિ. કર્મ એટલે કાર્ય થવાની, એ કાર્યશક્તિમાં પણ વીતરાગનું રૂપ છે. આહા..હા...! કર્તા, કર્મ, કરણ. કરણ નામનો ગુણ સાધન છે તેમાં પણ વીતરાગનું રૂપ છે. આહા..હા...! 'જિન સોહિ હૈ આત્મા, અન્ય સોહિ હૈ કર્મ, એ હિ વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહા..હા...! ભગવાનઆત્મા. કાને પડવા દો હળવે હળવે. આહા..હા...! એ બધા ષટ્કારકો જે છે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ – એ વીતરાગ સ્વરૂપે છે, એમાં વીતરાગી રૂપ છે. એટલે એ ષટ્ ગુણનું જે પરિણમન થાય, વિકૃત એ વિકૃત છે એ એનું સ્વરૂપ નથી. એથી ભાવ નામનો એક ગુણ લીધો છે કે જે ભાવ નામના ગુણને લઈને જે.. કેમ કે વિકાર થાય એવો કોઈ ગુણ નથી. એથી ષટ્કારકના વિકારપણે જે પરિણમન થાય છે, એનાથી રહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ નામનો ગુણ છે. ૪૭મા. આહા..હા...!

એ ષટ્કારકની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, કામ, ક્રોધ આદિ વિકૃતરૂપ થાય, એનાથી રહિત એવો એનો ભાવ નામનો ગુણ છે કે જે ભાવ ગુણને લઈને નિર્મળ પર્યાયનો જ ક્રમ ત્યાં હોય. મલિનતા છે એ તો ફક્ત તેના જ્ઞાનમાં, જ્ઞેયમાં જાય છે એટલે ખરેખર એને ગણ્યું જ નથી. આહા..હા...! ભગવાનઆત્મા એ ષટ્કારકના વિકૃતપણે પરિણમે એનાથી રહિત એનો ગુણ છે. એટલે વીતરાગ સ્વભાવ છે, એક વાત.

ષટ્કારક જે ગુણ છે, એ ષટ્કારકપણે પરિણમવું એવો પણ ક્રિયા નામનો એક ગુણ છે. આ ક્રિયા. સમજાય છે કાંઈ ? આહા..હા...! એ ક્રિયા નામનો ગુણ છે, એની પર્યાય જે છે, એ વીતરાગી પર્યાય છે. આહા..હા...! એથી અનંત ગુણનું રૂપ વીતરાગ છે અને તેની એક સમયની અનંતી પર્યાયો, એમાં એક સમયની જ્ઞાનની પર્યાય જે અહીં વિશેષ લીધી કે જે એક સમયના જ્ઞાનમાં... આહા..હા...! દ્રવ્ય-ગુણ તો એમાં જણાય છે, પણ લોકાલોક અનંત કેવળીઓ અને લોકાલોક જાણે. એક જ પર્યાયનું અસ્તિત્વ આવડું મોટું છે. સમજાય છે કાંઈ ?

એક કોર એક સમયની જ્ઞાનની પર્યાય અને એકકોર પોતાનું ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ગુણ અને એ પર્યાય અને ત્રિકાળી આ એક જ સમયની પર્યાય એ બધું અસ્તિત્વ છે. ભાઈ ! એ આત્મા શું છે ? કેવડો છે ? એની ખબર નથી. આહા..હા...! એ વીતરાગભાવપણે, જ્ઞાનપણે પરિણમતા એ વીતરાગભાવપણે પરિણમે છે. સમજાય છે કાંઈ ? એ પર્યાયમાં એક સમયની પર્યાયમાં દ્રવ્ય-ગુણ પોતાના, પોતે અને બધું, એટલી તાકાત એની એક પર્યાયમાં છે.

એવડી જ બીજી શ્રદ્ધાની પર્યાયમાં એટલી તાકાત છે કે જે એક સમયની પર્યાય જે દ્રવ્ય-ગુણને જાણે, એને પ્રતીત કરવાની તાકાત અનંતી છે. પર્યાયની વાત, હોં ! ઝીણી વાત છે. ન્યાં પૈસા-બૈસામાં કાંઈ નથી, થાણા-બાણામાં. આહા..હા...!

બીજી વાત, કે એક સમયની પર્યાય આવડી મોટી, એવડી જ મોટી એક શ્રદ્ધાની પર્યાય છે, એવડી જ મોટી એક આનંદની પર્યાય છે, એવડી જ મોટી. કારણ કે આવડા મોટામાં આનંદ છે. એવડી જ મોટી એક સ્વરૂપાચરણ ચારિત્રની પર્યાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એવી એક એક પર્યાયની આટલી તાકાત કે જાણે આખો લોકોલોક અને દ્રવ્ય-ગુણ પોતાની એક પર્યાયમાં આખું અસ્તિત્વ છે. આહા..હા...! એવી શ્રદ્ધાની એક પર્યાયમાં શ્રદ્ધા સંબંધીનું પૂર્ણ અસ્તિત્વ છે. આવી જે એક સમયની પર્યાય છે, કેવળજ્ઞાનીની શ્રદ્ધાને પરમઅવગાઢ સમકિત કીધું છે એનો અર્થ આ છે. આહા..હા...!

એ શ્રદ્ધાગુણ સામાન્ય ત્રિકાળ પણ એની જે પર્યાય છે, એ જ્ઞાયક અને જ્ઞેય, બન્નેને જાણવાનું જે સ્વરૂપ છે એવી એ બેની પ્રતીત છે. જ્ઞાયકની અને જ્ઞેયની. જે અનંતા જ્ઞેયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેને એક સમયની જ્ઞાનની વિષેશ પર્યાયમાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે છે, વસ્તુ તો અહીં છે. આહા..હા...! એમ એક સમયની વીતરાગી પર્યાય જે છે, ચારિત્રની પર્યાય એક સમયની. પૂર્ણ-પૂર્ણ પ્રભુ ! એ તો શું કહીએ ? આહા..હા...! જેની એક જ પર્યાયમાં આખો લોકાલોક જાણે એ પોતે જ છે, બસ. એવી બીજી પર્યાયમાં જાણે આખો લોકાલોક પોતે જ છે. એમ આનંદની એક સમયની પર્યાયમાં વીતરાગતા એટલી ભરી છે કે જે પૂર્ણ રૂપ છે જેનું. વીતરાગતાનું પૂર્ણ રૂપ છે. એમ અનંત ગુણમાં વીતરાગતાનું રૂપ છે અને એક સમયની પર્યાયમાં જે અનંતી પર્યાયો છે, એમાં દરેક પર્યાયમાં વીતરાગપણાનું રૂપ છે. આહા..હા...!

**શ્રોતા :–** વીતરાગનું રૂપ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રૂપ છે. આહા..હા...! વાત ઝીણી પડશે, બાપા ! આ તો જુદી જાતની વાત છે. સર્વને જાણે તે આત્માને જાણે અને આત્માને જાણે તે સર્વને જાણે એમ કેમ કહે છે ? આહા..હા...! બાપુ ! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવ આત્માનું વર્ણન કરે છે. આહા..હા...! ભાઈ ! પ્રભુ ! તું કેવડો છો ? ક્યાં છો ? કેટલો છો ? આહા..હા...! પ્રભુ ! તારી એક સમયની જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય જાય એ લોકાલોક છે માટે નહિ. આહા..હા...! એમાં દ્રવ્ય, ગુણ છે માટે એ પર્યાયની તાકાત જ એટલી છે.

**શ્રોતા :–** ...જ્ઞાનની પર્યાયની વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં આ બધું છે. એમાં તો ઘણું છે પણ રાત્રે એકવાર પોણો કલાક કહેવાઈ ગયું હતું. હવે તો એ પાછું આવે ત્યારે છે ને. એકવાર રાત્રે પોણો કલાક, ચાર-પાચ દિ' પહેલાં. 'રામજીભાઈ' નહોતાં. પોણો કલાક એકલો વીતરાગ.. વીતરાગ... વીતરાગ... વીતરાગ ચાલ્યું હતું. ખબર છે ? લોકોએ નવું સાંભળ્યું. આહા..હા...!

અનંતા અનંતા ગુણો છે એ વીતરાગસ્વરૂપે છે અને એની એક સમયની પર્યાય પણ વીતરાગસ્વરૂપે છે. આહા..હા...! એનો અકાર્યકારણ નામનો ગુણ છે એ વીતરાગ સ્વરૂપે છે કે તે રાગનું કારણ ન થાય અને રાગનું કાર્ય ન કરે. આહા..હા...! ભગવાનઆત્મામાં એક અકાર્યકારણ નામનો સામાન્ય ત્રિકાળ ગુણ છે. એની પર્યાયમાં અકાર્યકારણપણું પરિણમતા... આહા..હા...! એ વિકારનું કારણ ન થાય અને વિકારનું કાર્ય ઉત્પન્ન ન કરે, એવો એ વીતરાગી પર્યાયનો સ્વભાવ છે. સમજાય એટલું સમજો, બાપુ ! આ તો દરિયો છે. આત્મા એટલે અનંત ગુણનો દરિયો, બાપુ ! એમાં અનંત ચૈતન્યના રત્નો ભર્યા છે. આહા..હા...!

એ વીતરાગ... વીતરાગ... વીતરાગ... ષટ્કારકપણે પરિણમે છે પણ એ વીતરાગી પર્યાયપણે. ભાવમાં ષટ્કારકપણે પરિણમે છે એ વિકારપણે એનાથી રહિત વીતરાગીપણે. ક્રિયાવર્તી શક્તિમાં પણ પરિણમે છે તે વીતરાગી પર્યાયપણે. ભાવશક્તિ પણ પરિણમે છે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! એ વિકારથી રહિત વીતરાગપણે પરિણમે છે. આહા..હા...!

ભાવ નામનો એક જુદો ગુણ છે. આ ભાવ ષટ્કારકપણે વિકૃત પરિણમે એનાથી અભાવસ્વરૂપી ભાવ. અને ભગવાનઆત્મામાં એક ભાવ(ગુણ) એવો છે કે એની વર્તમાનમાં અનંત ગુણની પર્યાય અંદર ઉત્પન્ન થાય એવો ભાવનો ગુણ છે. એને ઉત્પન્ન કરે તો થાય એમ નહિ. આહા..હા...! ભાવ, અભાવ, ભાવ-અભાવ.. છે ને ? છ. એમાં પહેલો ભાવ. ભગવાનઆત્મામાં એક વીતરાગી ભાવગુણ છે. આહા..હા...! કારણ કે ભાવગુણમાં પણ વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગી ભાવ, એની પર્યાયમાં વીતરાગી પર્યાય હોય જ. જેણે જ્ઞાયકભાવની દૃષ્ટિ કરી એને એની પર્યાયમાં વીતરાગભાવ ઉત્પન્ન હોય જ. ઉત્પન્ન કરું તો થાય (એમ નહીં), એ અંદર હોય જ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એમ અનંતા ગુણની પર્યાય તે વીતરાગભાવે તેમ હોય જ. કારણ કે એ ભાવનું રૂપ અનંત ગુણમાં છે. ભાઈ ! આ તો કાલના ઓલામાંથી બધું મગજમાં (આવ્યું) કે આટલું બધું એક આત્મામાં તે શું ? બાપુ ! પણ આત્મા તે કોણ ? ભાઈ ! તને શું કહીએ ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ વીતરાગી ભાવ નામનો ગુણ છે, અનંતા ગુણમાં એનુ રૂપ છે. તેથી તેની પર્યાયમાં પણ એક ભાવ છે એટલે ભાવ પર્યાયપણે ઉત્પન્ન થાય જ. ઉત્પન્ન કરું એવું ત્યાં નથી. આહા..હા...! એ જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડતા સારા ભગવાનને પકડ્યો... આહા..હા...! તો તેને ભાવ નામની શક્તિથી અનંત ગુણમાં તે ભાવનું રૂપ છે, માટે અનંત ગુણની પર્યાય ત્યાં હોય જ. સમજાણું કાંઈ ? આહા..હા...! એવો વીતરાગનો પિંડ, પ્રભુ ! એ સુખશક્તિમાં ચારિત્રગુણ છે, એ ચારિત્રગુણ કહો કે વીતરાગભાવ કહો. સુખશક્તિ. આહા..હા...! દર્શનશક્તિ, ચારિત્રશક્તિ એ બધા ગુણ છે. એને ત્યાં ૪૭ શક્તિમાં સુખશક્તિમાં નાખી દીધું. આહા..હા...! પણ એ એક એક શક્તિનું વિશેષપણું, એ શક્તિ છે એ તો ગુણરૂપે, સત્ત્વરૂપે, સત્ ધ્રુવરૂપે પણ એનું જે વિશેષ.. અહીં વિશેષ કહે છે ને ? સામાન્ય જ્ઞાન છે એની વિશેષ પર્યાયો જે છે... આહા..હા...! એ વિશેષ પર્યાયમાં એટલી તાકાત છે કે લોકાલોક છે તો એમાં નિમિત્ત છે અને એનું જાણવું પોતાથી થાય છે એવી તાકાત છે. 'ચીમનભાઈ'! આ આવું છે. આહા..હા...!

એકવાર તો બહુ ચાલ્યું હતું. અત્યારે તો કાંઈ નથી. એ તો આવે ત્યારે આવે ને. પોણો કલાક વીતરાગ.. વીતરાગ... વીતરાગ... આહા..હા...! એનો કર્તાગુણ વીતરાગ, એનો કાર્યગુણ વીતરાગ. કાર્ય જે થાય છે. પર્યાયમાં જે નિર્મળ કાર્ય થાય છે, એ કાર્ય નામનો ગુણ છે. આ કર્મગુણ. કર્મ કહો કે કાર્ય કહો. એ કાર્યગુણ છે માટે પર્યાયમાં કાર્ય થાય જ. કાર્ય કરું તો (થાય) એમ નહિ, કાર્ય થાય જ. અને તે અનંતી પર્યાયમાં તે વીતરાગીરૂપી કાર્ય થાય જ. કારણ કે ભાવગુણ છે એ એમાં વીતરાગ રૂપ છે અને અનંતા ગુણમાં વીતરાગનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રૂપ છે. માટે, ભાવગુણને લઈને જે પર્યાય અસ્તિપણે થાય એ બધી વીતરાગપણે થાય. વીતરાગપણે હોય જ એવો એનો સ્વભાવ છે. આહા..હા...! 'હસુભાઈ'! એમાં ક્યાંય હાથ એવું નથી. આહા..હા...! કહો, 'હસુભાઈ'! અમારે 'હસુભાઈ' 'બોટાદ'. ઓળખો છો ? 'હસમુખભાઈ'. નિવૃત્તિ લઈને બેઠા છે. સંતોષ કરીને. આહા..હા...!

જ્યારે એક સમયની પર્યાય જ્ઞાન, એમાં પણ જે પર્યાયે ચારિત્રગુણ પ્રગટ્યો, એનું રૂપ પણ જ્ઞાનની પર્યાયમાં છે અને જ્ઞાનની પર્યાયનું રૂપ વીતરાગી પર્યાયમાં છે. કેટલીક વાર તો અંદર આઘી ચાલતી નથી. ઘણા વિચારો કરેલો. પહેલાં તો મંથન... જેમ કે આત્મામાં એક જ્ઞાનગુણ છે અને એક અસ્તિત્વગુણ, સત્તા હોવાપણું એક ગુણ છે. તો એ અસ્તિત્વગુણ છે એ જ્ઞાનગુણમાં ન હોય. છતાં એનું રૂપ હોય. એટલે ? કે જ્ઞાનગુણ છે, પર્યાય છે, પર્યાય છે, એ પોતાના સત્તા-અસ્તિત્વગુણને લઈને છે. અસ્તિત્વ બીજો ગુણ છે એને લઈને નહિ. આહા..હા...! 'રમણભાઈ'! જુદી જાત છે, બાપુ ! આહા..હા...!

**શ્રોતા :–** એક એક ગુણ અહમ્ ઇન્દ્ર થઈ ગયો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહમ્ ઇન્દ્ર જ છે. વીતરાગસ્વરૂપે છે. આહા..હા...! તેની એક-એક પર્યાય વીતરાગસ્વરૂપે છે. અહીં વિશેષ તો એ સિદ્ધ કરવું છે ને ? આહા..હા...! પોતે પોતે સ્વયંભુ તો ઉત્પન્ન થયું, પણ એ ઉત્પન્ન થયું કેમ ? – કે એનામાં એક ભાવ નામનો ગુણ છે, વીતરાગ નામનો ગુણ છે, ચારિત્ર નામ એટલે વીતરાગ નામનો ગુણ છે, એ ગુણનું રૂપ દરેક ગુણમાં છે અને એ ગુણનું રૂપ પર્યાયમાં પણ છે. આહા..હા...! અનંતી પર્યાયો જે એક સમયમાં ઊપજે, એક પર્યાયની આટલી તાકાત કે જે લોકાલોક અને દ્રવ્ય-ગુણ પોતાના (જાણી લે), એક પર્યાય હોય. ભલે દ્રવ્ય, ગુણ અને પર્યાય અહીં આવે નહિ, એ પર્યાયમાં લોકાલોક આવે નહિ. જાણવાની પર્યાયમાં લોકાલોક આવે નહિ, જાણવાની પર્યાયમાં દ્રવ્ય-ગુણ આવે નહિ પણ દ્રવ્ય અને ગુણનું જેટલું સામર્થ્ય છે એ બધું પર્યાયમાં આવે. આહા..હા...!

આ એક જાણે એ સર્વ જાણે એમ કેમ કહ્યું ? કે એક જાણે એની એક પર્યાય જાણે. પર્યાય જાણે પણ પર્યાયને જાણવાનો હેતુ, એનું લક્ષ દ્રવ્ય ઉપર છે, જ્ઞાયક ઉપર આશ્રય છે. પર્યાયને જાણવી, એવું કીધું પણ એનું તાત્પર્ય પાછું વીતરાગતા છે, ચારે અનુયોગની સ્થિતિનું. અને એ વીતરાગતા ઉત્પન્ન કેમ થાય ? કે જ્ઞાયકભાવ ભગવાન છે તેનો આશ્રય લે તો વીતરાગતા થાય. એ વીતરાગ પર્યાય થાય, એ સ્વતંત્ર કર્તા થઈને વીતરાગી ત્રિકાળ જિનસ્વરૂપનો આશ્રય લે છે, લક્ષ કરે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એવો જે વીતરાગી પર્યાય અનંત ગુણ વીતરાગ અને અનંતગુણી પર્યાયો. આહા..હા...!

એક સમયમાં અનંતી પર્યાય છે, એક નહિ; અને અનંતી પર્યાયના પરિણમન વિનાનું કોઈ દ્રવ્ય હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ ? અને અનંત ગુણની અનંતી પર્યાય જે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ એક એક પર્યાયમાં આટલું પૂર્ણ રૂપ એનું સ્વરૂપ છે, એવું એવું પૂર્ણ અનંતી પર્યાયનું રૂપ એક એક અનંતમાં છે. આહા..હા...! અને એવી અનંતી પર્યાયો જે છે, એનું એકરૂપ ગુણ છે. જેમ જ્ઞાનની એવી અનંતી પર્યાયો, પણ એનું રૂપ જ્ઞાનગુણમાં છે. એની શક્તિ દર્શનમાં છે. એવા અનંત પર્યાયનો પિંડ જે ગુણ, એવા અનંતી પર્યાય જે આવડી તાકાતવાળી, એવી એવી જે સાદિ અનંત પર્યાય... આહા..હા...! એનો પિંડ એક ગુણ છે. અને એ અનંતા ગુણનો પિંડ તે દ્રવ્ય છે.

એક-એક દ્રવ્ય પોતાપણે છે, પરપણે નથી. અતદ્ભાવ આવ્યો છે, ભાઈ! 'પ્રવચનસાર'માં. સર્વથા અન્ય ભાવ જેમ પૃથક્ પ્રદેશવાળો છે એમ નહિ, પણ અતદ્ભાવ છે. દ્રવ્યમાં ગુણ નથી, ગુણમાં દ્રવ્ય નથી, ગુણમાં પર્યાય નથી. આહા..હા...! એવો અતદ્ભાવ સ્વપણે છે, ગુણપણે નથી. ગુણ એક એક ગુણપણે છે, અનંત ગુણપણે નથી. એક એક પર્યાય સ્વપણે છે, અનંત પર્યાયપણે નથી. એવી બીજી, ત્રીજી એમ અનંત. આહા..હા...! એના અસ્તિ-નાસ્તિના ભંગ અનંત ઊઠે છે. સપ્તભંગી. ૪૭મા આવે છે ને ? અનંતધર્મત્વશક્તિ. ૧૫મી, ૧૫મી છે ઘણું કરીને. જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકુચિતવિકાસત્વ, પરિણમ્યપરિણામકત્વ, શું કીધું ? અનંતધર્મ પછી. પરિણમ્યપરિણામકત્વ, ત્યાગઉપાદાન, અગુરુલઘુત્વ, ઉત્પાદવ્યયધ્રુવત્વ, સ્વધર્મવ્યાપકત્વ, સાધારણ અનંતધર્મ. એ ૨૭મી આવી. આહા..હા...! અનંતધર્મસ્વરૂપ એક શક્તિ છે. એ એક શક્તિનું એક એક ગુણમાં અનંતધર્મપણાનું રૂપ છે. સમજાય એટલું જ સમજવું, ભાઈ ! આ તો.. સમજાય છે કાંઈ ? આહા..હા...! વચનાતીતના નાથને વચનમાં કેટલું એને કહેવું ?

**શ્રોતા :–** .... સ્વાહા થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વાહા થઈ જાય છે. કીધું છે ને. આહા..હા...! એક એક પર્યાય સ્વપણે છે અને બીજાપણે નથી, એવી અનંત સપ્તભંગી એક પર્યાયમાં ઊઠે છે, એવી અનંત પર્યાયમાં ઊઠે છે, એવા અનંતા ગુણમાં ઊઠે છે, એવા એક પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ છે. આહા..હા...! કારણ કે કેવળજ્ઞાનની એક સમયની પર્યાય અનંતા કેવળી અને અનંતા જીવ જાણે, તો એની પર્યાયનું સામર્થ્ય કેટલું થયું ! સમજાણું કાંઈ આમાં ? એક સમયની પર્યાય અનંતા સિદ્ધને જાણે, ત્રણલોકને જાણે તો એક પર્યાયમાં એના અંશ કેટલા થયા ? આહા..હા...! એ એક એક અંશમાં સ્વપણે છે અને પરપણે નથી એવો એનો સ્વભાવ છે. આહા..હા...! ભાઈ ! આ વાત તો અંદર સમજ્યા વિના આત્મા આવડો છે એમ એને નહિ બેસે. આત્મા કેવડો છે ? આહા..હા...!

**શ્રોતા :–** આપે બેસાડવો જ પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો અમારે 'ચંદુભાઈ' જરીક કાલે કહ્યું, એક જાણે તો સર્વ જાણે, આવું બધું લાંબુ શું ? એ લાંબુ નથી. એવડો તું છો એવડો એને જાહેર કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને તે એવડો છે એને જાણ, તો એમાં બધું જાણવાનું આવી ગયું છે. બધું જાણવાનું જાણ, તો એ બધું જાણવાનું એ પર્યાયમાં આવી ગયું માટે એ ... છે. 'ચીમનભાઈ'! આવું છે, પ્રભુ ! કોણ જાણે ભગવાન તો શું કરતા હશે હજી ? એની દિવ્યધ્વનિમાં તો... આહા..હા...!

**શ્રોતા :–** આ દિવ્યધ્વનિ છૂટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા...! ભગવાનની દિવ્યધ્વનિ તો અલૌકિક છે. આ તો 'પ્રવચનસાર' છે ને ? પ્ર-વચનો, દિવ્યવચનો છે. દિવ્યધ્વનિનું વચન આ છે. આહા..હા...! એકલો વીતરાગભાવ. પર્યાયદીઠ વીતરાગભાવ, ગુણદીઠ વીતરાગભાવ... આહા..હા...! આખી વસ્તુ જિનસ્વરૂપી. જિન સો હી હૈ આત્મા. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન...' આહા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે...' એ જિનસ્વરૂપ જ છે, એના અનંતા ગુણો જિનસ્વરૂપે છે, એની નિર્મળ અનંતી પર્યાય જિનસ્વરૂપે છે. આહા..હા...! અરે..રે..!

**શ્રોતા :–** સ્વયં જ્ઞાનમયનો અર્થ ચાલે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સ્વયં જ્ઞાનમય વિશેષતાનો અર્થ ચાલે છે. વિશેષોમાં વ્યાપનારો એનો અર્થ ચાલે છે. આહા..હા...! શું કહીએ ? પ્રભુના વિરહ પડ્યા અને આ વાત પાછળ રહી ગઈ અને લોકોએ વાદવિવાદે ચડાવી દીધી. વસ્તુની સ્થિતિ છે, મર્યાદા જે છે. આહા..હા...!

અહીં કહે છે કે એક-એક પર્યાય અને એક-એક ગુણ વીતરાગભાવે ભરેલી, એ પણ અનંત અનંત પાછી. આહા..હા...! એક પર્યાયમાં જ્યાં અનંતા કેવળીઓ જણાય, અનંતા કેવળી-સિદ્ધો જણાય. આહા..હા...! 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં.' શાસ્ત્રમાં એવો શબ્દ આવે છે. ટૂંકો શબ્દ અત્યારે 'ણમો અરિહંતાણં' થઈ ગયો છે અને પાછળથી 'ણમો લોએ સવ્વ સાહૂણં' એ અંતદીપક છે. એટલે ખરેખર તો 'ણમો લોએ સવ્વ અરિહંતાણં' છે. પણ એથી ઉપરાંત 'ધવલ'માં 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્જાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં' (લખ્યું છે). આહા..હા...!

ભૂત અને ભવિષ્ય, તીર્થંકરો કે આચાર્યો, ઉપાધ્યાય થઈ ગયા... આહા..હા...! અને હું એને નમન કરું છું એટલી મારી પર્યાયની તાકાત છે. આહા..હા...! બધાને મારા જ્ઞાનના ખ્યાલમાં લઈ... આહા..હા...! જેમ પર્યાયવિશેષ છે એમ આ જ્ઞાનના ખ્યાલમાં લઈ, ત્રણકાળના અરિહંતો ત્રણકાળના સિદ્ધો.. તેથી **'वंदित्तु सव्व सिद्धे'** કીધું છે ને ? આહા..હા...! પહેલી જ ગાથા. બાપુ ! પાર પડે એવું નથી, ભાઈ ! એની એક ગાથા, એનું એક પદ... આહા..હા...! શ્રુતકેવળીઓ જાણે અને સર્વજ્ઞ ભગવાન જાણે. આહા..હા...! એવો જે ભગવાનઆત્મા એક જ...

(સંવત) ૧૯૮૫ની સાલમાં એકવાર કહ્યું હતું. 'વીરજીભાઈ' સાથે વાત ચાલતા. 'વીરજી'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વકીલ હતા ને ? ૧૯૮૫ની સાલમાં અમારે 'નારાયણભાઈ'ની દીક્ષા થઈને ? કીધું, જુઓ ! આ એક જ પર્યાય છે ને એ બસ છે, કારણ કે લોકાલોકનું જ્ઞાન આવે તો એક સમયની પર્યાય એ જ આખું તત્ત્વ છે, બસ. તો એવા એવા અનંતી પર્યાય અને એવી એવી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંતા ગુણનો પિંડ પ્રભુ! આહા..હા...! એવા નિર્વિકલ્પ સ્વભાવો બધા છે જેમાં રાગની ગંધ નથી. દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એના ગુણમાં અને પર્યાયમાં ગંધ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'તે (પ્રતિભાસમય મહાસામાન્ય) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...'**

**શ્રોતા :–** સામાન્ય કરતાં વિશેષનો મહિમા તો હોવો જ જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિશેષ કરતાં સામાન્યનો મહિમા છે કારણ કે એક સમયમાં આટલું છે એવી અનંતી પર્યાયનો ગુણ છે, એવા અનંતી પર્યાયનો બીજો ગુણ છે, એવા અનંત ગુણનું દ્રવ્ય છે. એની શું વાત કરવી !! આહા..હા...! ધન્ય ભાગ્ય હોય એને કાને પડે એવી વાત છે ! આહા..હા...! મગજમાં જેટલું ખ્યાલમાં આવે એટલું બધું આવી શકાતું નથી. આહા..હા...! શું ચીજ છે એ ! આહા..!

**'પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...'** એક સમયનો વિશેષ પર્યાય, જ્ઞાનનો એક સમયનો વિશેષ પર્યાય. ગુણ સામાન્ય, પણ એની વિશેષ પર્યાય. એ **'અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...'** આહા..હા...! જેટલા દ્રવ્ય, ગુણ, પર્યાય લોકાલોકના છે, એ બધાને જાણવામાં વ્યાપે છે. છે ? લ્યો, અહીં સુધી આવ્યું હતું અને પાછું આમાં એ આવ્યું. લ્યો, હમણા તો કલાક થવા આવશે. અડધો કલાક ઉપર થયું.

**'વિશેષોના નિમિત્ત...'** શું કહે છે ? જે જ્ઞાન સામાન્ય છે, તેની જે પર્યાય વિશેષ છે, એ વિશેષની પૂર્ણતાનું નિમિત્ત શું છે ? સર્વ દ્રવ્યપર્યાયો છે. આ તો હાથ આવે એવું ન મળે. પેલા ઘરના ચોપડા હોય તો તરત હાથ આવે. આનું આ છે, આ ઢીકણું આ ઠેકાણે. આની પાસે પાંચ હજાર લેણા છે. અરે..! ભાઈ! આ તો તારું નામું છે.

**શ્રોતા :–** ઓલું તો પાનું ફરે ને સોનું ઝરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સોનું ઝરે એનો અર્થ એ કે કાંઈક કાંઈક પાનામાં રહી ગયું હોય. કોઈક ઠેકાણે સોનું ઝરે, એટલે આની પાસે આટલા પૈસા પેદા થઈ ગયા, એમ છે. આ તો... આહા..હા...! એક એક પર્યાય ફરે અને અનંતો આનંદ ફરે. એવું અહીં છે. ઓલામાં સોનું ઝરે અને આમાં આનંદ ઝરે. આહા..હા...!

**શ્રોતા :–** કેટલો આનંદ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની અનંતતા. કીધી નહીં ! એક સમયની જ્ઞાન પર્યાયમાં વિશેષમાં અનંતા નિમિત્ત છે. એવડા સુખની એક સમયની પર્યાયમાં, એ જ્ઞાનનું સુખ, અસ્તિત્વનું સુખ, વસ્તુત્વનું સુખ બધા આવ્યા છે પણ જરા અટક્યું છે ક્યાં ? કે સર્વદર્શીમાં અસ્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ઠીક પણ સર્વદર્શીનું અસ્તિત્વમાં એનું રૂપ શું છે ? સમજાય છે ? એ અલૌકિક વાત છે. સર્વદર્શી, સર્વજ્ઞ શક્તિ છે, એનું દરેક ગુણમાં રૂપ છે. અસ્તિત્વગુણ છે એમાં એનું રૂપ શું ? કોઈ અલૌકિક વાતું છે, બાપા એ તો.

આહા..હા...! વિચારો તો બધા આવી ગયા છે ને ? એ કાંઈ નવા નથી. આહા..હા...! આ વીતરાગમાર્ગ છે. આ વીતરાગોનું કહેલું તત્ત્વ આ છે. આહા..હા...! એવડા આત્માને એકને જાણે એ બધાને ભેગું જાણે જ છે. એ બધાને જાણે એવડો તો એ આત્મા છે. બધાને જાણે એવડો તો એ આત્મા છે. તેથી તે સર્વને જાણે તે આત્માને જાણે. અને આમાં તો એકને જાણે તે સર્વને જાણે. એક એવડો જ એ આત્મા છે કે જેની પર્યાયમાં લોકાલોક જણાય, અનંતી પર્યાયો એને જાણે ત્યાં એકને જાણે તો સર્વને જાણે તો સર્વનું જ્ઞાન એમાં આવી જાય છે. આહા..હા...! પંડિતજી ! આહા..હા...!

એક જાણે તે સર્વને જાણે. એ આ બોલ છે ને ? ૪૯મો. છે ને ? મથાળું નથી ? **'એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી...'** કેમ કે એકને જાણે તો એક આવડો છે એને નથી જાણતો તો સર્વ એમાં આવી જાય છે એને જાણતો નથી. આહા..હા...! આવી વાતું, બાપા ! આ તો લોકો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ધર્મ થઈ ગયો. ધૂડમાં પણ ધર્મ નથી, સાંભળને. તારો નાથ અંદર મોટો બિરાજે છે. 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી નિજરૂપા પરરૂપા..' પણ પરરૂપ જ્ઞાનની પર્યાયમાં સર્વ આવી જાય છે. એ કીધુંને અહીંયાં. આહા..હા...! છે ?

**'વિશેષોનાં નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો છે.'** સર્વ દ્રવ્યપર્યાય એટલે સર્વ સિદ્ધો અને સર્વ પર્યાયો, નિગોદના અનંતા જીવો, એના અનંતા ગુણો અને એની અનંતી પર્યાયો, એથી અનંતગુણા પુદ્ગલો અને એક એક પરમાણુમાં એટલા એટલા ગુણો, એક જીવના જેટલા ગુણો તેટલા ગુણો એક પરમાણુમાં ભલે જડ અને આ ચૈતન્ય. અને એક-એક પરમાણુના અનંતા ગુણો, આકાશનો અંત નથી, એવા જે અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ચાલ્યો જાય તો પછી આકાશ થઈ રહે છે એમ છે ? તો એના પ્રદેશથી અનંતગુણા તો એક પરમાણુમાં ગુણ છે. આહા..હા...! એથી અનંતગુણા તો એક ભગવાનઆત્મામાં ગુણ છે. આહા..હા...! એવું જે નિમિત્ત, **'વિશેષોનાં નિમિત્ત સર્વદ્રવ્ય પર્યાયો છે.'** આહા..હા...! કહો, સમજાય છે ?

થોડો વિચાર કરવાનો વખત રહે એવું છે. વિચાર કરે તો... આ કાંઈ એમને એમ ઓલો પ્રોફેસર હાંકે જાય, કોલેજમાં એક કલાક બોલી જાય એટલે થઈ રહ્યું પછી. આ એમ નથી. આ તો એને સાંભળનારને સાથે વિચારમાં આવે, એવું અંદર હળવે-હળવે (કહેવાય) છે. આહા..હા...! અરે..! આ કર્યા વિના એણે કાંઈ કર્યું નથી.

આવો આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ, જેની એક સમયની પર્યાયમાં લોકાલોક, એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સામર્થ્ય કેટલું તે જ્ઞાનમાં આવી જાય. એવી એવી એક ગુણની અનંતી પર્યાયો. 'ચિદ્‌વિલાસ'માં આવે છે કે એક ગુણની અનંતી પર્યાય, એક ગુણની અનંતી શક્તિ અને અનંતી પર્યાય બે આવે છે. 'ચિદ્‌વિલાસ'માં બે બોલ આવે છે. શું ? એક ગુણ, એની અનંતી પર્યાય અને એક ગુણની અનંતી શક્તિ. એવું આવે છે, બે બોલ આવે છે. 'ચિદ્‌વિલાસ' 'દીપચંદજી'. આહા..હા...! એક એક ગુણ... આહા..હા...! અનંતી શક્તિ. એક ગુણમાં અનંતી શક્તિ. પર્યાયો થાય એ જુદી વસ્તું. એક ગુણની ત્રિકાળ પર્યાય થાય એ જુદી, પણ એક ગુણમાં પોતે અનંતી શક્તિ છે. આહા..હા...! અરે..!

**શ્રોતા :–** અનંતગુણ એનું રૂપ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક એક ગુણની અનંતી શક્તિ, એવા અનંત ગુણની શક્તિનો પિંડ તે દ્રવ્ય. આહા..હા...! ભાઈ 'દીપચંદજી'એ બે બોલ લીધા છે. બે-ચાર ઠેકાણે લીધા છે. નિશ્ચય અધિકારમાં. એક એક ગુણમાં અનંતી શક્તિ અને એક એક ગુણની અનંતી પર્યાય એ જુદી. પર્યાય છે માટે અનંતી શક્તિ એમ પણ નહિ. એક એક ગુણમાં પોતાની અનંતી શક્તિ છે. પોતે અનંત શક્તિ, અનંત ગુણનું રૂપ જેમાં ધારણ છે. આહા..હા...! એવી અનંતી શક્તિનો એક ગુણ અને એવી એક એક ગુણની ત્રિકાળી પર્યાય. એમાં આપણે તો અહીં સાદિ અનંત શુદ્ધ (પર્યાય) લેવાની છે. સમજાય છે કાંઈ ?

'સાદિ અનંત-અનંત સમાધિ સુખ'. જે ભૂતકાળની પર્યાયોથી અનંતગુણી પર્યાય છે. સંખ્યા. ભૂતકાળ છે એનો અંત આવ્યો, એ અનાદિ શાંત છે, અને અહીંયાં કેવળજ્ઞાન થયું ત્યારે અનંતકાળ રહેશે, સાદિ અનંત છે. તેથી ભૂતકાળની સંખ્યા કરતાં ભવિષ્યની અનંતગુણી સંખ્યા છે. આહા..હા...! એવા અનંતગુણની સંખ્યાને પણ વિશેષજ્ઞાનમાં એ બધા નિમિત્તો છે તો વિશેષ જાણે છે. જાણવાનું કાર્ય પોતાના ઉપાદાનથી છે. સમજાણું કાંઈ ?

**'હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી,...'** આહા..હા...! આવો જે ભગવાનઆત્મા, જેના વિશેષોમાં લોકાલોકના દ્રવ્યપર્યાય નિમિત્ત છે, એવો જે આત્માનો પર્યાય, એવો એ આત્મા... આહા..હા...! એને **'સ્વાનુભવ પ્રત્યક્ષ કરતો નથી,...'** અનુભવમાં તેને પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનમાં કરતો નથી. આહા..! **'તે (પુરુષ) પ્રતિભાસમય મહાસામાન્યવડે વ્યાપ્ય (-વ્યપાવાયોગ્ય) જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ?'** જે આવો ભગવાન છે તેને... આહા..હા...!

૩૨૦ ગાથામાં કહ્યું છે ને ? કેવો છે પ્રભુ અંદર ? જે સકળનિરાવણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. અહીં પ્રત્યક્ષ કહ્યું ને. એ પ્રત્યક્ષ થાય એવો જ એનો સ્વભાવ છે. બારમો ગુણ છે ને ? સ્વસંવેદન પ્રકાશગુણ. બારમો પ્રકાશગુણ, સ્વસંવેદન પ્રકાશ. એ પ્રત્યક્ષ થાય તેવો જ એનો સ્વભાવ છે. આહા..હા...! એવો પ્રત્યક્ષ આત્મા જેણે પ્રત્યક્ષ કર્યો નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે, **'વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ?'** જેના પર્યાયમાં આટલી તાકાત છે એવા આત્માને જેણે પ્રત્યક્ષ કર્યો નથી, એ બીજા બધાને શી રીતે જાણી શકે ? એકને ન જાણે એ બધાને ન જાણે, એકને જાણે એ બધાને જાણે. આહા..હા...! આવી વાત કઈ હશે આ ? પેલી તો ભાઈ ! ભગવાનની પૂજા કરવી, દર્શન કરવા, સવારમાં આ કરવું, ટોકરી વગાડવી, જાપ કરવા 'ણમો અરિહંતાણં..' હવે એ બધી વાત મૂકને. એ બધી ક્રિયાઓ તો જડની છે. એ જડની ક્રિયાઓ અને તે વખતે થતો રાગ, તેની જ્ઞાનની પર્યાયની વિશેષતામાં તે બધા નિમિત્તો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ જ્ઞાનની પર્યાય રાગથી થઈ નથી થઈ. જ્ઞાનની પર્યાય સામે ભગવાનને દેખ્યા માટે એનાથી એને જાણવાની પર્યાય થઈ નથી. આહા..હા...!

એક જ સમયમાં ષટ્કારકના પરિણમનપણે પરિણમતિ પર્યાય નિર્મળ અને તે જ સમયમાં બીજો રાગ છે, તે ષટ્કારકપણે પરિણમતો, એ જ્ઞાનધારા અને રાગધારા બે એક સમયે વર્તે છે. આહા..હા...! શું કહે છે આ ? કાંઈ દરકાર ન મળે. વાણિયા જે કુળમાં જન્મ્યા એ... મજૂરી કરી, મજૂરી હોં ! બધી આ. 'હસુભાઈ'! બધી તમારી મજૂરી હશે ? મોટી મજૂરી રાગની છે.

**શ્રોતા** :– મજૂરી કહો ત્યાં સુધી વાંધો નથી પણ પછી આપ કહો કે એ પાપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પાપ, આખો દિ' પાપ છે. છ ભાઈઓ ભેગા થઈને વાતું કરે કે આનું આમ છે, આનું તેમ છે, ઢીકણું ફીકણું બધું પાપ છે. વેચવાનો ભાવ પાપ છે. પૈસા દેવાનો ભાવ પાપ છે.

**શ્રોતા** :– એક ખાવું પીવું એ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ ખાવા-પીવાનો ભાવ થાય એ પાપ છે. આહા..હા...!

**શ્રોતા** :– ઊઠવું-બેસવું,....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ બધું કોણ ઊઠે અને બેસે. એમાં ભાવ થાય તે પાપ છે. આહા..હા...! અહીં તો એ પાપના પરિણામ છે એ જ્ઞાનવિશેષમાં નિમિત્ત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, પ્રભુ ! એનામાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. આત્મામાં ઈશ્વરતા નામનો એક ગુણ છે કે જેથી અનંત ગુણ ઈશ્વરરૂપે છે. આહા..હા...! અને તે અનંત ગુણની પર્યાય.. આહા..હા...! સ્વાધીનપણે સ્વતંત્રપણે શોભાયમાન છે, અખંડપણે એનો પ્રતાપ છે. આહા..હા...! જેના ગુણમાં અખંડ પ્રતાપ સ્વતંત્ર શોભા છે, એવો જ અખંડ પ્રતાપ, સ્વતંત્ર શોભા દરેક ગુણમાં છે. આહા..હા...! અને એની એક સમયની પર્યાય છે, એમાં પણ અખંડ પ્રતાપ જેનો છે એવી સ્વતંત્રતાથી શોભિત તે પર્યાય છે, એવી અનંતી એક સમયની પર્યાયો છે. એ પર્યાયમાં આ બધું જણાય છે. કહે છે કે જો એક આવડો આત્મા છે એમ ન જાણ્યો, એણે પરને પણ જાણ્યું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અમારે તો રોકાવું જોઈએ એમ કહે છે. અમારે 'હસુભાઈ' તો નિવૃત્તિ લઈને બેઠા છે, જુઓને ! આહા..હા...! અરે..! આવું ક્યારે મળે ? બાપા ! આહા..હા...! અને તે વાતને ધારણામાં લે એ કાંઈ વસ્તુ નથી. એથી અહીંયાં કીધું, **'કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ?'** છે એમાં ? ધારણામાં લે. એ ધારણામાં વાત લે એ તો પરજ્ઞેયનિષ્ઠ છે, પરજ્ઞેયનિષ્ઠ છે. આહા..હા...!

**શ્રોતા :–** સ્વમાં નિષ્ઠ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વજ્ઞેયમાં નિષ્ઠ નથી. 'બહેનનાં વચનામૃત'માં આવે છે. આહા..હા...! શાસ્ત્રનું જાણવું થાય, એનું જે ધારણાનું જ્ઞાન (થાય), એ પરાલંબી પરસત્તાવલંબી જ્ઞાન છે. તેથી તેમાં નિષ્ઠ છે, રોકાઈ ગયો છે, એ સ્વજ્ઞાનમાં નિષ્ઠ નથી. આહા..હા...! સમજાણું આમાં ?

ભગવાનઆત્મા... આહા..હા..! ભગવાન કેમ કહીએ છીએ ? (સમયસારમાં) ૭૨ (ગાથામાં) ભગવાન તરીકે બોલાવ્યા છે. આચાર્યોએ, મહાસંતોએ, ભગવાનઆત્મા. ભગ્ નામ અનંત આનંદ આદિની લક્ષ્મી. ભગનો અર્થ એ થાય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદની લક્ષ્મી. વાન એટલે સ્વરૂપ. એ આવા આનંદ આદિ સ્વરૂપવાન છે. વાન– એનું એ રૂપ છે. માણસ નથી કહેતાં કે આ કાળા વાને છે, ધોળા વાને છે, લાલ વાને છે, રૂપાળો છે વાને. તો આ વાન એ શું છે ? એ અનંત ગુણની લક્ષ્મી એનું વાન છે. આહા..હા...! અરે..રે..! સમજાણું કાંઈ ?

એ **'અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (–જાણી) શકે ? (ન જ કરી શકે.) આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.'** આવડો આત્મા છે તેને જે જાણતો નથી તે સર્વને જાણતો નથી. ૪૮મી ગાથામાં સર્વને જાણતો નથી તે એકને જાણતો નથી. અહીં એકને જાણતો નથી તે સર્વને જાણતો નથી. બીજી રીતે કહીએ તો સર્વને જાણે છે તે એકને જાણે છે અને એકને જાણે છે એ સર્વને જાણે છે. આહા..હા...!

**'હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...'** જોયું ? ૪૮ ગાથાનો સરવાળો કર્યો. **'સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન;...'** આહા..હા..! **'અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...'** શું કહે છે હવે ? કે જાણનારો ભગવાન છે અને જ્ઞેય અન્યત્વ પર છે, એમ હોવા છતાં જ્ઞાનની પર્યાયને બધું સમાય જાય છે. એનું જ્ઞાન આવે છે એમાં જાણે સમાઈ ગયું હોય. એ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૧૫૯, ૧૬૫, ૧૬૬
## શ્લોક–૨૮૦, ૨૮૧, ૨૮૨, પ્રવચન નં.૧૯૧
## તા.૦૧-૧૨-૧૯૭૧
## [૭]

'નિયમસાર'. આ વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે. પહેલી ગાથામાં જોકે આવી ગયું હતું, ૧૫૯ પહેલી ગાથા, વ્યવહારનયથી પરને જાણે, નિશ્ચયથી સ્વને જાણે. પણ વધારે સ્પષ્ટ (કરે છે). પહેલી જ ગાથા શરૂ કરી તેમાં આવ્યું. ૧૫૯. ૧૫૯ ને ? શરૂઆતની પહેલી.

**जाणदि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।१५९।।**

ભાઈ ! કેવળજ્ઞાન અને કેવળદર્શનનો વિષય છે ને ? જરી સૂક્ષ્મ સૂક્ષ્મ પડે એવો. પણ સાંભળીને જરી વિચારવો તો પડશે ને ? કહે છે કે વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન. વ્યવહાર કેમ કહ્યો ? કઈ અપેક્ષાએ કહ્યો ? એ કથન છે આમાં. સમસ્ત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી... કેવળી ભગવાનને પ્રાપ્ત થતું સકળ વિમળ કેવળજ્ઞાન. સમસ્ત કર્મનો ક્ષય થવાથી એમ શબ્દ ઉપાડ્યો છે. ટૂંકું કહેવું હોય તો એમ જ કહે ને. કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થતું સકળ વિમળ કેવળજ્ઞાન, પુદ્‌ગલ આદિ મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન, પરદ્રવ્ય-ગુણ-પર્યાયનો પ્રકાશક કઈ રીતે છે ? પુદ્‌ગલાદિ મૂર્ત અને અમૂર્ત. એક મૂર્ત અને પાંચ અમૂર્ત (દ્રવ્ય), એક ચેતન અને પાંચ અચેતન. છ દ્રવ્ય છે ને ? એવા પરદ્રવ્ય–ગુણ–પર્યાય સમૂહનું. પરદ્રવ્યના ગુણ અને પર્યાયનો સમૂહ, પ્રકાશક કઈ રીતે થયો ? એ પ્રશ્ન થાય, તેનો ઉત્તર એમ છે.

**'पराश्रितो व्यवहार:' ('વ્યવહાર પરાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી,...'** વ્યવહારનયના બળે એમ છે. વ્યવહારનયના બળે જ્ઞાન પરપ્રકાશક છે એમ છે. એનો ખુલાસો આગળ નીચે કર્યો છે. વ્યવહારે કેમ કહ્યું ? પરમાં તન્મય થતો નથી. પરને જાણતો નથી એમ નહિ. સમજાણું કાંઈ ? એમાં તન્મય થઈને જાણતો નથી તેથી એને વ્યવહાર કહેવામાં આવે છે. ખુલાસો આગળ કર્યો છે. મોટો પેરેગ્રાફ છે. ૩૩૬ પાને છે.

**'વ્યવહારનયના બળે એમ છે (અર્થાત્ પરપ્રકાશક છે);...'** શું પરપ્રકાશક છે ? કેવળજ્ઞાન. ભગવાનનું કેવળજ્ઞાન વ્યવહારથી પરપ્રકાશક છે. એટલે કે પરમાં તન્મય થયા વિના જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, એથી એને વ્યવહારે પરપ્રકાશક કહેવામાં આવે છે. **'તેથી દર્શન પણ તેવું જ...'** જેવું જ્ઞાન છે એવું દર્શન પણ પરપ્રકાશક જ છે. **'વળી ત્રણલોકના પ્રક્ષોભના હેતુભૂત...'** ભગવાનને જ્ઞાન થતાં ત્રણલોકમાં આનંદનો ખળભળાટ થઈ જાય છે. ક્ષણભર તો નારકીને પણ શાતા (થઈ જાય છે). શાતાનો આનંદ, હોં ! અતીન્દ્રિય આનંદની વાત નથી અહીં. સમજાણું કાંઈ ?

લોકના **'ત્રણલોકના પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકર પરમદેવને.'** ત્રણલોકના પ્રક્ષોભના હેતુભૂત કહ્યું છે ને ? નિમિત્ત. **'તીર્થંકર પરમદેવને કે જેઓ સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે.'** સિદ્ધ છે એ તો પરોક્ષ વંદનાને યોગ્ય છે. આ તો અરિહંત સાક્ષાત્ સમવસરણમાં બિરાજતા હોય, તો **'સો ઇન્દ્રોની પ્રત્યક્ષ વંદનાને યોગ્ય છે અને કાર્ય પરમાત્મા છે...'** પોતે કાર્યપરમાત્મા છે. પૂર્ણ જ્ઞાન-દર્શન આદિ પૂર્ણ દશા થઈ ગઈ એનું નામ કાર્યપરમાત્મા. **'તેમને જ્ઞાનની માફક જ વ્યવહારના બળે પરપ્રકાશપણું છે;...'** આત્માને પણ એમ છે. જ્ઞાનને પરપ્રકાશપણું છે, દર્શનને પણ પરપ્રકાશપણું છે અને આત્માને પણ પરપ્રકાશપણું છે. **'તેથી વ્યવહારનયના બળે તે ભગવાનનું કેવળજ્ઞાન-દર્શન પણ તેવું જ છે.'** જો કે પહેલાં આવી ગયું હતું. દર્શન સામાન્ય. પહેલાં આવી ગયું હતું ને ? તેથી દર્શન પણ તેવું જ છે એટલું કહ્યું હતું.

**'ભગવાનનું કેવળદર્શન પણ તેવું જ છે.'** પરને પ્રકાશનારું. વ્યવહારનયે. વ્યવહારનો અર્થ કે એમાં નિમિત્તની અપેક્ષા આવી ને ? પરને જાણે એટલી અપેક્ષા આવી, એટલે પરને જાણે એવી અપેક્ષા આવી તો વ્યવહાર. **'એવી રીતે શ્રુતબિન્દુમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** આચાર્યએ આમાં ઘણી ગાથાઓ લીધી છે. અભેદને સિદ્ધ કરવા ભેદને વ્યવહાર કહેવો છે અને અભેદને નિશ્ચય કહેવો છે. એ શ્રુતબિંદુમાં કહ્યું છે :

**जयति विजित्तदोषोऽमर्त्यमर्त्येन्द्रमौलि-**
**प्रविलसदुरुमालाभ्यर्चितांध्रिर्जिनेन्द्रः ।**
**त्रिजागदजगती यस्येद्दशौ व्यश्नुवाते**
**सममिव विषयेष्वन्योन्यवृत्तिं निषेद्‌धुम्।।**

ભગવાન **'જેમણે દોષોને જીત્યા છે,...'** સર્વજ્ઞ પરમાત્મા, તીર્થંકરદેવ અને કેવળી આદિ બધા **'દોષોને જીત્યા છે, જેમનાં ચરણો દેવેંદ્રો તેમ જ નરેંદ્રોના મુગટોમાં પ્રકાશતી કીમતી માળાઓથી પૂજાય છે...'** ભગવાનના ચરણ પૂજાય છે. **'જેમનાં ચરણોમાં ઇંદ્રો તથા ચક્રવર્તીઓના મણિમાળાયુક્ત મુકટવાળા મસ્તકો અત્યંત ઝૂકે છે,...'** એ પુણ્ય વર્ણવ્યું. દોષો નાશ થયા છે એ ગુણ વર્ણવ્યા. ભગવાને દોષો જીત્યા છે એ ગુણ વર્ણવ્યા અને આ પુણ્ય વર્ણવ્યું. પુણ્ય પણ એવું. પવિત્રતા પૂરી અને પુણ્ય પણ પૂર્ણ. તીર્થંકર બન્નેમાં પૂરા હોય.

**'અને (લોકાલોકના સમસ્ત) પદાર્થો એકબીજામાં પ્રવેશ ન પામે...'** એટલે કે જુદાં જુદાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જણાય, પરમાણુપરમાણુપણે, આત્માઆત્માપણે, ધર્માસ્તિધર્માસ્તિપણે, ગુણગુણપણે, પર્યાયપર્યાયપણે. **'એકબીજામાં પ્રવેશ ન પામે એવી રીતે ત્રણલોક અને અલોક જેમનામાં એકી સાથે જ વ્યાપે છે...'** લ્યો. ત્રણલોક અને અલોક જેમાં એકી સાથે જ વ્યાપે છે. **'(અર્થાત્ જે જિનેન્દ્રને યુગપદ્ જણાય છે), તે જિનેન્દ્ર જયવંત છે.'** આ જગતમાં જિનેન્દ્ર બિરાજે છે. જ્ઞાનથી પરને જાણે, દર્શનથી પરને દેખે, આત્માથી પણ સ્વ-પરને દેખે. એ વ્યવહાર થઈ ગયો ને ? બે થયા એટલે. એવું જિનેન્દ્રપણું જયવંત વર્તે છે. એની ટીકા મુનિ પોતે કહે છે.

**व्यवहारेणनयेन ज्ञानपुंजोऽयमात्मा**
**प्रकटतरसुदृष्टिः सर्वलोकप्रदर्शी।**
**विदितसकलमूर्तामूर्ततत्त्वार्थसार्थः**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।२८०।।**

કેવળજ્ઞાન, કેવળદર્શનમાં ગડબડ છે એ બધી સમજાવે છે. કેટલાક તો કેવળજ્ઞાન છે જ નહિ એમ કહે, એક સમયમાં વળી બધું જાણે એવું હોય ? કોઈ કહે કેવળજ્ઞાન જાણે અને કેવળદર્શન દેખે. એનો ફેર છે, સમય ફેર છે. એ પહેલીવાર ખુલાસો કરી ગયા. કોઈ કહે, ભાઈ ! કેવળજ્ઞાન અને કેવળદર્શન... જ્ઞાન પરને પ્રકાશે, દર્શન સ્વને પ્રકાશે. એકલો ભેદ જ છે. એમ માને એની સામે આ બધી દલીલ (છે). સમજાણું કાંઈ ? આવે ત્યારે બધી વાત આવે ને.

**'જ્ઞાનપુંજ એવો આ આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વલોકને દેખે છે...'** આત્મા સિવાય પર ચીજ છે ને ? એટલે એને દેખે છે એમ કહેવું એ વ્યવહારનય છે. કારણ કે એને દેખતા કે એના સુખ-દુઃખને વેદતા નથી. પોતાને દેખતા તો પોતાના આનંદને વેદતા પોતાને દેખે છે અને પરને દેખતા પરના સુખ-દુઃખ જાણતાં–દેખતા નથી. એથી એને તન્મય થયા વિના દેખે માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. નથી જાણતાં માટે નહિ. વ્યવહારે જાણે છે અને ખરેખર જાણતા નથી એમ નહિ. સમજાણું કાંઈ ? વ્યવહારે જાણે, નિશ્ચયથી નહિ–એમ નહિ. વ્યવહારે જાણે એનો અર્થ કે એમાં તન્મય થઈને જાણતા નથી, પણ જાણે છે બધું. સમજાણું કાંઈ ? આવડો આત્મા એક પર્યાયમાં જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ એનું સામર્થ્ય એવડું, એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**'આત્મા અત્યંત સ્પષ્ટ દર્શન થતાં (અર્થાત્ કેવળદર્શન પ્રગટ થતાં) વ્યવહારનયથી સર્વ લોકોને દેખે છે તથા (સાથે વર્તતા કેવળજ્ઞાનને લીધે)...'** હવે જ્ઞાન નાખ્યું. **'સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થસમૂહને જાણે છે.'** પહેલાંમાં દેખવાની વાત હતી. **'તે (કેવળદર્શન જ્ઞાનયુક્ત) આત્મા...'** હવે આત્મા નાખ્યો. દર્શન પરને દેખે, જ્ઞાન પરને જાણે, એમ આત્મા પણ... **'તે (કેવળદર્શન જ્ઞાનયુક્ત) આત્મા પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ થાય છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ આત્મા મુક્તિરૂપી પરમ આનંદની દશા, એને છોડે નહિ એવી દશા એને પ્રગટ થાય. એ વ્યવહારની વાત કરી. હવે નિશ્ચયથી. ૧૬૫ ગાથા.

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा।।१६५।।**

આ તો ગાથામાં નાખ્યું છે બધું. જરીક ઓલું ખટક્યું હતું ૧૬૧માં, જડ જેવો છો એમ એ ટીકા નાખી હતી.

**શ્રોતા :–** વ્યવહારનયનું કથન છે એને માનતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ નથી. એ તો બરાબર છે એમ માને છે. ગુણભેદે ભેદથી કહ્યું છે ... આ દર્શનવિશુદ્ધિથી રહિત મૂર્ખ છો ? પરને દેખે અને જાણે અને સ્વને દેખે અને જાણે નહિ, પરને દેખે અને જાણે, એ જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે ? એને પાઠમાં છે એટલું ભલે અર્થ વિશેષ કર્યો. પણ એટલું તો છે ને ? પાઠ જુઓ !

**णाणं परप्पयासं दिट्ठी अप्पप्पयासया चेव।**
**अप्पा सपरपयासो होदि त्ति हि मण्णसे जदि हि।।१६१।।**

જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને દેખે અને આત્મા સ્વ-પરને પ્રકાશે. એવી હોય તો એ **'मण्णसे जदि'** આવું જો માનતો હોય તો... એમ કરીને જૂઠો ઠરાવ્યો છે. એ તો આ ટીકા કરી એણે. **'આમ હે જડમતિ પ્રાથમિક શિષ્ય ! જો તું દર્શનશુદ્ધિના અભાવને લીધે માનતો હોય, તો ખરેખર તારાથી અન્ય કોઈ પુરુષ જડ (મૂર્ખ) નથી.'** આચાર્ય આમ કહે છે એને વળી તું... 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ તરીકે આવા મૂર્ખ ઠરાવે છે ! કઈ અપેક્ષાએ કહે છે. ભેદથી જ એકલો તું માનતો હો અને અભેદ ન માને, તો તું મૂર્ખ છો એમ કહે છે. એકલા વ્યવહારથી જે માન્યું છે એને જ માન. આત્મા નિશ્ચય અભેદ છે. એના જ્ઞાનથી સ્વ-પરને જાણે, દર્શનથી સ્વ-પરને જાણે અને આત્મા પણ સ્વ-પરને જાણે, એવું એનું સ્વરૂપ છે. આહા..હા...!

**णाणं अप्पपयासं णिच्छयणयएण दंसणं तम्हा।**
**अप्पा अप्पपयासो णिच्छयणयएण दंसणं तम्हा।।१६५।।**

નીચે હરીગીત

**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દ્રષ્ટિ છે;**
**નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દ્રષ્ટિ છે. ૧૬૫.**

'કુંદકુંદાચાર્ય' જેવા ત્રીજે નંબરે આવ્યા. ભગવાન મહાવીર ને પછી ગણધર અને પછી કુંદકુંદાચાર્ય. એને આ વાતનું આટલું સ્પષ્ટીકરણ કરવું પડ્યું. મુનિ મહા સંત છે. એના બધા કેડાયતો જે આ મુનિ આદિ થયા છે એ એના કેડાયત કહેવડાવે છે. એમને આટલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્પષ્ટીકરણ કરવું પડ્યું. ગુણભેદે એકલા ગુણને માન અને અભેદ ન માન તો અજ્ઞાન છે. તારી દૃષ્ટિ ખોટી છે, એમ કહે છે. વ્યવહાર જ એકલો માન અને નિશ્ચય ન માન તો તુ મૂર્ખ છો એમ કહે છે. સમજાણું કાંઈ ? ૧૬૫ની ટીકા.

**'આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.'** પેલામાં વ્યવહારનયથી આવ્યું હતું.

**શ્રોતા :–** વ્યવહારનયથી સફળપણું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સફળપણું એટલે એથી કહ્યું કે આ પરને જાણે છે એટલી અપેક્ષા એની વ્યવહારની છે. જાણવામાં પરની અપેક્ષા આવી ને ? પરની અપેક્ષા આવી એ વ્યવહાર, સ્વની અપેક્ષા આવે એનું નામ નિશ્ચય.

**'અહીં નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશપણું કહ્યું છે;...'** લ્યો. નિશ્ચયથી તો શુદ્ધજ્ઞાન સ્વ–પોતાને જ પ્રકાશે છે. પોતે પોતાને જ જાણે છે. **'તેવી રીતે સર્વ આવરણથી મુક્ત શુદ્ધદર્શન પણ સ્વપ્રકાશક જ છે.'** જ્ઞાન જેમ સ્વપ્રકાશક છે એમ દર્શન પણ સ્વપ્રકાશક છે. દર્શન એટલે સમકિત નહિ, દર્શનોપયોગ. આહા..હા...! **'આત્મા ખરેખર, તેણે સર્વ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી, સ્વપ્રકાશસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે;...'** ત્રીજાને નાખવું છે ને ? જેમ જ્ઞાન સ્વપ્રકાશક છે, એમ દર્શન સ્વપ્રકાશક છે, એમ આત્મા પણ સ્વપ્રકાશક છે.

**'સર્વ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી,...'** એમ. **'સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે;...'** એ તો. **'સર્વ ઇંદ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી, સ્વપ્રકાશકસ્વરૂપ લક્ષણથી લક્ષિત છે; દર્શન પણ. તેણે બહિર્વિષયપણું છોડ્યું હોવાથી સ્વપ્રકાશત્વપ્રધાન જ છે.'** એમ લીધું. કહો, સમજાણું ? દર્શન નામની પર્યાય એ પણ બહિર્વિષયપણું છોડ્યો છે. કારણ કે વ્યવહારમાં બહિર્વિષય આવે છે, નિશ્ચયમાં તો પરવિષય આવતો નથી. એટલે જેણે બહિર્વિષયપણું-વ્યવહારપણું છોડ્યું છે એમ કહે છે. **'સ્વપ્રકાશત્વપ્રધાન જ છે.'** દર્શન પણ સ્વને પ્રકાશે એવી મુખ્યતા છે. પ્રધાન જ છે. પેલામાં એમ કહ્યું, જ્ઞાનપ્રધાન છે.

**'આ રીતે સ્વરૂપપ્રત્યક્ષ-લક્ષણથી લક્ષિત...'** જુઓ ! પોતાનું જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું આખું સ્વરૂપ છે, એવા **'સ્વરૂપપ્રત્યક્ષલક્ષણથી લક્ષિત...'** પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ લક્ષણના લક્ષણવાળો એ આત્મા છે. કહો, સમજાણું ? **'અખંડ-સહજ-શુદ્ધજ્ઞાનદર્શનમય હોવાને લીધે,...'** અખંડ છે. સ્વભાવિક શુદ્ધજ્ઞાન-દર્શનમય હોવાને લીધે. સ્વભાવિક જ્ઞાન અને દર્શન આત્મા સાથે અભેદ છે. **'નિશ્ચયથી...'** ખરેખર **'ત્રિલોક-ત્રિકાળવર્તી....'** ત્રણલોકમાં રહેનારા અને ત્રિકાળવર્તી. એમાં આકાશ પણ આવી જાય. **'સ્થાવરજંગમસ્વરૂપ...'** સ્થિર અને ગતિ કરનારા દ્રવ્ય સ્વરૂપ **'સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વિષયો...'** બધા દ્રવ્ય-ગુણ-પર્યાય વિષયો **'સંબંધી પ્રકાશ્ય-પ્રકાશકાદિ વિકલ્પોથી...'** રહિત. પ્રકાશ્ય અને પ્રકાશક, પ્રકાશવા યોગ્ય અને પ્રકાશ કરનાર, એવો પણ જેમાં ભેદ નથી.

**'અતિ દૂર વર્તતો થકો,...'** ભેદથી અતિ દૂર વર્તતો થકો. પ્રકાશ કરનાર છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ પ્રકાશ દેખાય છે. પ્રકાશવા યોગ્ય જણાય છે અને પ્રકાશ કરનાર છે એમ ભેદ પણ એમાં નથી. એવા ભેદથી પ્રકાશ્ય અને પ્રકાશક, પ્રકાશવાયોગ્ય, જણાવાયોગ્ય અને જાણનાર એવા **'ભેદથી અતિ દૂર વર્તતો થકો,...'** ઝીણો અધિકાર છે, ભાઈ ! આ 'નિયમસાર'. આવી વાત બીજે ક્યાંય આવતી નથી. શ્વેતાંબરમાં તો આ વાત ક્યાંય નથી. એ તો વ્યવહારે આમ છે અને તેમ છે. એ તો એક સમયે જાણે અને બીજે સમયે દેખે, બસ જાવ.

અહીં તો કહે છે કે જાણનાર અને જણાવાયોગ્ય, એવો પણ જેમાં ભેદ – પ્રકાર પડતો નથી. આહા..હા...! કહો, સમજાણું ? પોતાને જ પ્રકાશે છે અને પ્રકાશવાયોગ્ય પણ પોતે જ છે, એવો પણ જેમાં ભેદ નથી. આહા..હા...! પરને જાણે છે અને જાણનારો પોતે એ તો એમાં નિશ્ચયથી તો નથી. શું કીધું સમજાણું ? પરપ્રકાશ્ય જણાવાયોગ્ય અને જ્ઞાનપ્રકાશક, એવું તો એમાં નથી. પણ પોતે પોતામાં ભેદ કે પ્રકાશવાયોગ્ય આત્મા અને પ્રકાશ કરનાર આત્મા – એવો ભેદ એમાં નથી. સમજાણું કાંઈ ?

**'સ્વસ્વરૂપસંચૈતન જેનું લક્ષણ છે...'** લ્યો. સ્વસ્વરૂપસંચૈતન. પોતાના સ્વરૂપને જ વેદે અને જાણે, એવું જેનું લક્ષણ છે. **'એવા પ્રકાશ વડે સર્વથા અંતર્મુખ હોવાને લીધે,...'** એ તો સર્વથા અંતર્મુખ છે. **'આત્મા નિરંતર અખંડ-અદ્વૈત ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'** લ્યો. આહા..હા...! ભગવાનઆત્મા નિરંતર સદા અખંડ અદ્વૈત ચૈતન્યચમત્કારમૂર્તિ, ચૈતન્યચમત્કારવાળો એમ નહિ, ચૈતન્યચમત્કારમૂર્તિ અભેદ. ઝીણી વાત બહુ, ભાઈ સાહેબ ! થોડી થોડી ચાલે છે, ભાઈ આ કાંઈ બહુ... આચાર્યે જ પોતે આટલું કહ્યું છે. એની પૂરી દશા પ્રાપ્ત થતાં પૂરી દશાનું સ્વરૂપ શું છે ? સમજાણું ? અને પૂરું ન જાણે તો એ જ્ઞાન કેવું ? તો પૂરું જાણવાના પ્રકાર ક્યા ? કે પરને પૂરું જાણવું એ ? સ્વને પૂરું જાણવું એ ? પરને પૂરું જાણવું એમ કહેવું એ તો વ્યવહાર છે, પરની અપેક્ષા આવી એટલે. નિશ્ચયને પૂરું જાણવું એ તો એનું સ્વરૂપ છે એમ કહે છે.

**'સ્વસ્વરૂપસંચૈતન જેનું લક્ષણ છે...'** એ તો. પોતાના પૂર્ણ આનંદ, જ્ઞાન, દ્રવ્ય-ગુણ-પર્યાયને પૂર્ણ રીતે પ્રત્યક્ષ સ્વને જાણે, એ તો એનું પ્રત્યક્ષ લક્ષણ–સ્વભાવ છે. સર્વથા અંતર્મુખ છે. એ તો અંતર્મુખ જ છે. પરને જાણે છે એટલે બહિર્મુખ થઈ ગયો છે એમ નથી, પણ પરને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ ? એક તો ધર્મનું સ્વરૂપ ઝીણું, એમાં વળી જ્ઞાન દર્શનનું ફળ જે મોક્ષમાર્ગ છે એ ઝીણું. એક તો કહે વિકલ્પથી ધર્મ થાય નહિ. અહીં કહે, ભેદથી આત્મા જાણે નહિ. એ અભેદ જ નિશ્ચય અંતર્મુખથી જાણે છે. કહો, સમજાણું કાંઈ ? વ્યવહારનો વિકલ્પ છે એનાથી ધર્મ થાય નહિ. એમ આત્મા ભેદથી પોતાને અને પરને જાણે એમ છે નહિ. અંતર્મુખથી અભેદતત્ત્વ તે જાણે છે. એવી નિશ્ચય સ્થિતિ સિદ્ધ કરી. સમજાણું કાંઈ ?

**'નિરંતર અખંડ-અદ્વૈત-ચૈતન્યચમત્કારમૂર્તિ રહે છે.'** લ્યો. મૂળ આત્માને વર્તમાનમાં બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફરીને બધું ક્રિયાકાંડમાં ગુંચાઈ ગયું, જે કાંઈ ધર્મનું સ્વરૂપ જ નથી. આ સ્વરૂપ જ્ઞાન-દર્શન સ્વરૂપવાળો આત્મા છે. દર્શન એટલે ઉપયોગ. ... એનું સ્વરૂપ જ ત્રિકાળ જ્ઞાન અને દર્શન સ્વરૂપ છે. 'પંચાસ્તિકાય'માં બધે ઠેકાણે આવે છે. આપણે 'સમયસાર'માં આવી ગયું ને. દર્શન જ્ઞાન નિયતવૃત્તિ. નિયતવૃત્તિ બીજી ગાથામાં આવ્યું છે. ભગવાનઆત્મા જ્ઞાન-દર્શન બે, એનો નિશ્ચય અસ્તિત્વ ટકવું એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? એવો એ ચૈતન્યચમત્કાર મૂર્તિ, પોતાને જાણે છે એમાં અનાદિ અનંત એ પ્રમાણે જેનું સિદ્ધપણું આદિ છે એ એમ જ રહ્યા કરે છે.

**'મુનિરાજ શ્લોક કહે છે.'**

**आत्मा ज्ञानं भवति नियतं स्वप्रकाशात्मकं या**
**दृष्टिः साक्षात् प्रहतबहिरालंबना सापि चैषः।**
**एकाकारस्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**स्वस्मिन्नित्यं नियतवसतिर्निर्विकल्पे महिम्नि।।२८१।।**

**'विसरापूर्ण'** આ શબ્દ ઘણે ઠેકાણે આવે છે, બીજે આવે છે. **'एकाकारस्वरसविसरापूर्णपुण्यः'** 'અમૃતચંદ્રાચાર્ય'ની ઘણી શૈલી લીધી છે. **'નિશ્ચયથી (આ ખરેખર) આત્મા સ્વપ્રકાશક જ્ઞાન છે;...'** એ પોતે પોતાને જ પ્રકાશે છે એવો જ એનો સ્વભાવ છે. આ શરીર અને વાણી જણાય છે ને ? લોકાલોક જણાય છે ને ? – કહે, ના. એ પોતાનું જે જ્ઞાન થયું છે એ જ્ઞાન જણાય છે. કેવળીને પણ જે લોકાલોકનું જે જ્ઞાન થયું છે એ જ્ઞાન જણાય છે. સમજાણું કાંઈ ?

**'જેણે બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે...'** નિશ્ચયથી તો વ્યવહારનો નિષેધ કરવો છે ને ? બાહ્યનું આલંબન, લોકાલોકનું જાણવું એ એમાં છે નહિ. એવો એ સ્વપ્રકાશક છે. અહીંયાં પણ આ જ્ઞાનની પર્યાયમાં આ શરીર, રાગ આ જણાય એ શરીર અને રાગાદિ નથી જણાતું કહે છે; જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન પોતે પોતાને જાણે અને પોતે જણાય છે. સમજાણું કાંઈ ? જેમ વ્યવહારથી ભગવાન પરને જાણે અને તન્મય નથી, એમ આત્મા નીચે પણ રાગ અને પરને વ્યવહારથી જાણે પણ તેમાં તન્મય નથી. સમજાણું કાંઈ ?

રાગ છે, પુણ્ય છે, દયા-દાનના વિકલ્પ છે, એને ધર્મી જીવ–આત્મા. આત્મા એને કહીએ ને ? એ રાગાદિને જાણે, શરીરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કારણ કે એને ખરેખર જાણતો નથી. ખરેખર તો પોતાની જ્ઞાન પર્યાય, દ્રવ્ય-ગુણ-પર્યાય એને જાણે છે. સમજાણું કાંઈ ? નીચે પણ બાહ્ય આલંબનનો ત્યાગ છે, ભગવાનને પણ બાહ્ય આલંબનનો ત્યાગ છે. સમજાણું કાંઈ ? ધર્મીજીવમાં એટલે કે આત્મામાં એટલે કે આત્માની દૃષ્ટિ થઈ તે, એને પણ બાહ્યનું આલંબન છે નહિ, એમ કહે છે. પણ અહીં તો આત્માની માંડી છે. કહેનારની-ફહેનારની અહીં વાત ક્યાં છે ? આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનનું જ્ઞાન સ્વપ્રકાશક છે. એ જ્ઞાને બાહ્યનું આલંબન છોડ્યું છે. લોકાલોક છે માટે સ્વને જાણે છે એમ નથી. આહા..હા...! એ જ્ઞાનનો પર્યાય જ એવડો પ્રગટ્યો છે એ એને જ જાણે છે. એને જાણતા પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા...! 'પરમાત્મપ્રકાશ'નો દાખલો આપ્યો હતો, નહિ ? 'યોગીન્દ્રદેવ' કહે છે, ભાઈ ! પાણી છે આમ પાણી–જળ, નદીનું સ્વચ્છ નિર્મળ જળ, રાત્રિનો વખત (હોય), માથે લાખો કરોડો ચંદ્ર અને તારાઓ, એ પાણીમાં જણાય છે. એ પાણીમાં ચંદ્ર અને તારા નથી. ત્યાં છે ? પાણી છે ને પાણી. પાણીની સ્વચ્છતા એ બધું એક જ રૂપ પોતાનું છે. પાણીનું એ રૂપ છે, એ કાંઈ પરને લઈને છે અને પર એમાં આવ્યા છે એમ નથી. સમજાણું કાંઈ ? સ્વચ્છ પાણીનો પ્રવાહ ચાલતો હોય, એને આમ જોતાં એ બધી પાણીની જ પર્યાય છે. એ પર્યાયમાં ચંદ્ર, સૂર્ય આદિ બધું દેખાય છે એ કાંઈ ચંદ્ર-સૂર્ય નથી, એ તો જળની અવસ્થા છે. એમ કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એ કાંઈ લોકાલોક એમાં નથી આવ્યા. લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન થયું તેને એ જાણે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! વીતરાગમાર્ગ છે આ તો. આને કોઈની સાથે મેળવી શકાય એવું નથી. એવી વાત છે. સાધારણ પ્રાણીને એમ લાગે છે ને કેવળી .. ભગવાન જેવું કાંઈ ... આ ભગવાનનો માર્ગ, સર્વજ્ઞનો કહેલો એવા માર્ગની નિશ્ચય-વ્યવહારની વાત જ જગતમાં નથી.

એકલો ભગવાનઆત્મા પોતાની જ્ઞાનની નિર્મળતામાં, જે નિર્મળતાને જાણે એમાં લોકાલોક જણાય એમ કહેવું એ વ્યવહાર. પણ એ સંબંધીનું, પોતા સંબંધીનું જ્ઞાન જે પરિણમ્યું છે એને જાણે છે એ નિશ્ચય છે. સમજાણું કાંઈ ? એ પાણીને દાખલે. અહીં પણ એ જ છે. પોતાનો જે જ્ઞાન સ્વભાવ એ આત્મા, જ્ઞાનપણે પરિણમન થયું, જ્ઞાનની અવસ્થા થઈ, એ જ્ઞાનમાં જ્ઞાનની પર્યાય જણાય, એ પર્યાયમાં લોકાલોક સંબંધીનું જ્ઞાન આવ્યું છે, એના સંબંધીનું નહિ પણ એ સંબંધીનું પોતાનું. એ જ્ઞાન જણાય. અહીં તો નીચે પણ રાગ, પુણ્ય અને વ્યવહાર એને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે. એ પણ પરાલંબી થઈ ગયું.

ભગવાનઆત્મા પોતાની જ્ઞાનપર્યાય, સ્વ-પરને પ્રકાશવાની તાકાતવાળું જ્ઞાન એ સ્વનું પોતાનું છે. સર્વજ્ઞ આવ્યું કે નહિ ? સર્વજ્ઞ થયું ને ? સર્વજ્ઞ એટલે સર્વને જાણે માટે સર્વજ્ઞ છે એમ નથી. આને જાણે માટે સર્વજ્ઞ, સર્વ શબ્દ એનામાં આવ્યો છે ? સર્વજ્ઞ જ્ઞાનની પર્યાય એ આત્મજ્ઞ પર્યાય છે. સર્વ શબ્દ લાગુ પડ્યો માટે વ્યવહાર થઈ ગયો એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? તેથી આ મોટા વાંધા ઊઠ્યા છે ને ? જુઓ ! સર્વજ્ઞ કહ્યું. સર્વમાં સર્વ આવ્યું, સર્વ આવ્યું એ પર આવ્યું, પર આવ્યું એટલે વ્યવહારે પરને જાણે છે. નિશ્ચયથી પરને (જાણે) નહિ, પણ કઈ અપેક્ષાએ ? સમજાણું કાંઈ ?

એ સર્વજ્ઞપણું જ પોતાનું આત્મજ્ઞપણું નિશ્ચયથી છે. એને જાણે છે. સમજાણું કે નહિ ? પોતાની પર્યાય જે સર્વજ્ઞપણું પ્રગટ્યું છે, એ આત્મજ્ઞ જ છે. એ આત્માનો જાણનાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ પર્યાય એ આત્મજ્ઞ છે, આત્માની પર્યાય છે. એ પરને લઈને સર્વજ્ઞ પર્યાય થઈ છે એમ નથી. આહા..હા...! મોટા વાંધા સર્વજ્ઞપણામાં એટલા બધા. અત્યારે જૈનમાં ગોટેગોટા ઊઠે છે. અને ઘણી દરકાર સમજવાની ન હોય એને જે ભગવાન કહે એ સાચું જાવ. પણ ભગવાન શું કહે છે એનો તને સાચો નિર્ણય આવ્યા વિના તને સાચું ક્યાંથી થાય ? વળી બીજો કો'ક કહેશે ત્યાં પણ હા.. હા.. એ બરાબર છે, એ બરાબર છે. ભગવાનનો માર્ગ અનેકાંત છે. કઈ રીતે અનેકાંત છે ? સ્વથી જાણવું એ બરાબર છે. પરને જાણવું એ વ્યવહાર કહેવામાં આવે છે, ખરેખર એ પરને જાણતો નથી. એમ અનેકાંત છે. સમજાણું કાંઈ ?

**'બાહ્ય આલંબન નષ્ટ કર્યું છે એવું (સ્વપ્રકાશક) જે સાક્ષાત્ દર્શન તે રૂપ પણ આત્મા છે.'** લ્યો ઠીક. આત્મા સ્વપ્રકાશ જ્ઞાન છે જેણે બાહ્ય આલંબન છોડ્યું છે, નષ્ટ કર્યું છે. એ **'જે સાક્ષાત્ દર્શન તે રૂપ પણ આત્મા છે.'** દર્શને પણ બાહ્યનું આલંબન છોડ્યું એમ કહે છે. જેમ જ્ઞાન સ્વપ્રકાશક છે એમ દર્શન પણ સ્વપ્રકાશક જ છે. એને બહારનું દેખવું છે નહીં. એ તો ઓલાને અનુકૂળ પડે. આ તો બીજી વાત કહે છે. ત્યાં એમ કહે કે દર્શન અભ્યંતર છે. અહીં તો અભ્યંતર અને બાહ્યનું જે દર્શન છે એ નિશ્ચયથી સ્વનું જ છે એમ વાત છે એ તો. સમજાણું કાંઈ ? આ તો અંતર આત્માની અંતર વસ્તુ શું છે એની વાત ચાલે છે.

ભગવાનઆત્મા તો જ્ઞાન અને દર્શનથી પૂર્ણ પૂર્ણ પૂર્ણ ભરેલો પદાર્થ છે. એની જે પર્યાય એટલે જ્ઞાનદશા પ્રગટ થઈ, એ પણ પોતાને આશ્રયે પ્રગટ થાય છે. એ કાંઈ લોકાલોક છે માટે કેવળજ્ઞાન પ્રગટ થાય છે એમ નથી. લોકાલોક તો અનાદિના છે. એનાથી થાય તો અનાદિનું કેવળજ્ઞાન બધાને હોવું જોઈએ. એ કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ પોતાથી થાય છે. અને એ પોતાને જ જાણે છે એમ કહે છે. પોતાથી થાય છે અને પોતાને જ જાણે છે. કેમ કે પોતે તન્મય થઈને જાણે માટે નિશ્ચય છે. બીજાને તન્મય થઈને જાણતો નથી એટલે જાણે કહેવું એ વ્યવહાર કહેવામાં આવે છે. કહો, સમજાણું ?

**'તે રૂપ પણ આત્મા છે.'** પાછું. જેમ જ્ઞાનરૂપ આત્મા છે, તેમ દર્શનરૂપ પણ આત્મા છે. **'એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે...'** ભગવાનઆત્મા એક જ સ્વરૂપે અખંડ જ્ઞાન અને દર્શનરૂપે પરિણમ્યો, એકાકાર નિજ શક્તિનો વિસ્તાર, પોતાની શક્તિનો જ ફેલાવ થયો છે. આહા..હા...! જાણવું દેખવું એ નિજ શક્તિ સંપૂર્ણ હતી એનો જ ફેલાવ. વિસ્તારપણે એનું પરિણમન થયું. **'જે પવિત્ર છે...'** પોતાના **'નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે જે પવિત્ર છે...'** એમ. પરને જાણવું માટે પવિત્ર છે એમ નહિ. કહે છે ને, આપણે થોડું જાણીએ તો થોડું. ભગવાન તો બધાને જાણે માટે એને પરને જોવાનું અનંતુ સુખ છે. કેમ આ નાટક થોડું જોવા જાય તો એમાં થોડું સુખ નથી ? ભલે કલ્પેલું. ભગવાન ત્રણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાળ, ત્રણ લોકનું નાટક દેખે માટે એ સુખી છે. એમ નથી. પોતાને પૂર્ણપણે પ્રગટ્યું છે માટે સુખી છે અને પોતાને પૂર્ણપણે જાણે માટે સુખી છે. આહા..હા...!

**'એકાકાર નિજરસના ફેલાવથી પૂર્ણ હોવાને લીધે...'** જુઓ, એમ કહે છે. પરને લઈને નહિ, પ્રગટ પોતાની શક્તિરૂપ ફેલાવથી, વિસ્તારથી એ રીતે એ પવિત્ર છે. જેને કોઈની અપેક્ષા નથી. **'અને જે પુરાણ (સનાતન) છે...'** ભગવાન સનાતન આત્મા, અનાદિનો એ આત્મા છે. **'આ આત્મા સદા પોતાના નિર્વિકલ્પ મહિમામાં નિશ્ચિતપણે વસે છે.'** એવો આત્મા સદાય પોતાના અભેદ મહિમામાં, પોતાના પ્રકાશમાં **'નિશ્ચિતપણે વસે છે.'** પરની અપેક્ષા જેને છે નહિ. આચાર્યે પોતે આટલો ખુલાસો કર્યો છે. વ્યવહારથી ત્યાં ... કહ્યું છે. એ તો એણે વળી જરી ગાથાઓ આઘી-પાછી કરી છે. કેવું સાગર ? ...સાગર. એણે કાંઈક આઘીપાછી ગાથાઓ કરી છે. ડોઢડાહ્યા ઘણા છે. કોઈકે કાંઈક કર્યું... કોઈકે કાંઈક કર્યું... કોઈકે કાંઈક કર્યું... આણે ગાથા આઘીપાછી કરી. નગ્ન સાધુ છે. આવ્યા હતા. આઠ દિ' રહ્યા હતા. પડીમાધારી હતા ત્યારે. જુઓ ! ભાઈ ! શું કહે છે ?

**अप्पसरूवं पेच्छदि लोयालोयं ण केवली भगवं।**
**जइ कोइ भणइ एवं तस्स य किं दूसणं होइ।।१६६।।**

નિશ્ચયનું પહેલું નાખ્યું છે, વ્યવહારનું પછી નાખશે. પરને જાણે અને સ્વને ન જાણે એમ કોઈ વ્યવહારથી કહે તો એને શું ? એ પછી કહેશે. નહિતર સ્વને જાણે અને પરને ન જાણે એમ કોઈ કહે તો એમાં દૂષણ શું છે ? એમ કહે.

**પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,**
**–જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે ? ૧૬૬.**

'શ્રીમદ્'માં એમ આવે છે, જુઓને. શું આવ્યું છે ? 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' લોકાલોક આવ્યું ને ? ત્યાં નિશ્ચય નાખ્યું છે. .... 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.' એ નિશ્ચયથી પોતાને ...

**'આ શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી...'** વિવક્ષા એટલે કહેવું. શુદ્ધનિશ્ચયના કથનથી **'પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.'** પરને ખરેખર દેખતો નથી એમ ખંડન કરે છે. આહા..હા...! **'જોકે વ્યવહારથી એક સમયમાં ત્રણકાળ સંબંધી પુદ્‌ગલાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવામાં સમર્થ સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ...'** કેવળજ્ઞાન આદિ, **'કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે, તોપણ તે ભગવાન,...'** વ્યવહારથી એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક સંબંધી **'પુદ્‌ગલાદિ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવામાં સમર્થ...'** વ્યવહારથી. **'સકળ-વિમળ કેવળજ્ઞાનમયત્વાદિ વિવિધ મહિમાઓનો ધરનાર છે, તોપણ તે ભગવાન, કેવળદર્શનરૂપ તૃતીય લોચનવાળો હોવા છતાં,...'** કેવળદર્શનરૂપ ત્રીજા લોચનવાળો હોવા છતાં, **'પરમ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી...**' બે આંખ ઉપરાંત કેવળદર્શન ત્રીજું લોચન છે એમ કહે છે. ત્યાં પરને દેખવાની અપેક્ષા લીધી. છતાં એ વ્યવહારથી પરને દેખે એમ છે.

**'પરમ નિરપેક્ષપણાને લીધે નિઃશેષપણે (સર્વથા) અંતર્મુખ હોવાથી કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન...**' લ્યો. એકલા સ્વરૂપપ્રત્યક્ષમાં લીન. ભલે એને કેવળદર્શન કહો કે પરને દેખવાની અપેક્ષાવાળું, પણ પરમાર્થે કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર, એકલો સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યાપારમાં લીન. સ્વરૂપપ્રત્યક્ષ પહેલાં એક આવી ગયું છે. એ ત્રિકાળની વાત છે. પહેલાં આવી ગયું છે. જ્ઞાનમાં આવી ગયું છે. આ એના પર્યાયની વાત છે. **'કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર વ્યવપારમાં લીન...**' ઉપયોગના અધિકારમાં એ આવ્યું છે. એ ત્રિકાળી સ્વરૂપપ્રત્યક્ષ. ત્રિકાળી વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ જ છે. આ સ્વરૂપપ્રત્યક્ષ પર્યાયની વાત છે.

**'કેવળ સ્વરૂપપ્રત્યક્ષમાત્ર...**' એકલો સ્વરૂપપ્રત્યક્ષ. જ્ઞાન–દર્શન આદિની પર્યાય, અખંડ પ્રત્યક્ષપણું એવા **'વ્યાપારમાં લીન...**' લ્યો. એવી પર્યાયમાં એ અભેદ લીન છે. **'એવા નિરંજન નિજ સહજદર્શન વડે...**' એવા નિરંજન–અંજન વિનાનું નિર્મળ નિજ સહજદર્શન વડે **'સચ્ચિદાનંદમય આત્માને...**' લ્યો. સચ્ચિદાનંદમય ભગવાનઆત્માને. લ્યો આત્માને અહીં સચ્ચિદાનંદ કીધો. ઓલો કહે, સચ્ચિદાનંદ આપણે હોય નહિ. સચ્ચિદાનંદ અન્યને હોય. શબ્દને શું વાંધો છે, સાંભળને ! સચ્ચિદાનંદમય આત્મા. સત્ નામ શાશ્વત ચિદ્ અને આનંદ. જ્ઞાન અને આનંદમય એવો ભગવાન આ આત્મા. એ તો આત્માની વ્યાખ્યા છે. એ લોકો સચ્ચિદાનંદ કહે છે એ તો ભગવાન ને બધું વ્યાપક છે એમ કહે છે. એમ નથી. આ તો એક જ ભગવાનઆત્મા પોતાના **'નિરંજન નિજ સહજદર્શન વડે...**' નિરંજન નિજ સહજ દર્શન વડે. નિર્વિકલ્પ શુદ્ધ પૂર્ણ થયેલા દર્શન વડે. **'સચ્ચિદાનંદમય આત્માને નિશ્ચયથી દેખે છે...**' એ પોતે પોતાને જ ખરેખર દેખે છે.

**'(પરંતુ લોકાલોકને નહિ)–એમ જે કોઈ પણ શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર (જાણનાર, અનુભવનાર) પરમ જિનયોગીશ્વર શુદ્ધનિશ્ચયની વિવક્ષાથી કહે છે, તેને ખરેખર દૂષણ નથી.**' નિશ્ચયથી પોતાને જાણે છે, લોકાલોકને નહિ. તો એ બરાબર છે. પોતાને જાણે એનો અર્થ કે લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાનું છે એને જાણે છે. લોકાલોકને નહિ. સમજાણું કાંઈ ? આવા ધર્મની વાતું કહેશે ઝીણી પડે. તારા ઘરની વાતું કેવી છે અને કેમ છે એનો નિર્ણય છે આ તો. તારા ઘરમાં શું છે ? તારા માટે શું છે ? તારામાં શું છે ? આહા..હા...! શુદ્ધ અંતઃતત્ત્વનો વેદનાર એમ કોઈ પરમ મુનિ શુદ્ધનિશ્ચયનયના કથનથી કહે તેને ખરેખર દૂષણ નથી. એટલો ખૂલાસો ત્યાં અંદરથી શ્લોકમાંથી કર્યો છે.

**'(હવે આ ૧૬૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.)**' ૨૮૨.

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



स्वान्तःशुद्धयावसथमहिमाधारमत्यन्तधीरम् ।
स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं
तस्मिनैव प्रकृतिमहति व्यावहारप्रपंचः ।।२८२।।

**'(નિશ્ચયથી)...'** એનો ખુલાસો નીચે કર્યો, જુઓ ! **'અહીં નિશ્ચય-વ્યવહારથી સંબંધી એમ સમજવું કે જેમાં સ્વની જ અપેક્ષા હોય તે નિશ્ચય કથન છે.'** સ્વ આશ્રય નિશ્ચય. **'જેમાં પરની અપેક્ષા આવે તે વ્યવહારકથન છે.; માટે કેવળી ભગવાન લોકાલોકને—પરને જાણે-દેખે છે એમ કહેવું તે વ્યવહારકથન છે અને કેવળી ભગવાન સ્વાત્માને જાણે-દેખે છે એમ કહેવું તે નિશ્ચયકથન છે.'** જેમાં સ્વની અપેક્ષા હોય એ નિશ્ચય અને પરની અપેક્ષા (હોય) એ વ્યવહાર. **'અહીં વ્યવહારકથનનો વાચ્યાર્થ એમ ન સમજવો કે જેમ છદ્મસ્થ જીવ લોકાલોકને જાણતો-દેખતો જ નથી તેમ કેવળી ભગવાન લોકાલોકને જાણતા-દેખતા જ નથી.'** એમ ન સમજવું. સમજાણું કાંઈ ? લોકાલોકને જાણે છે.

**'છદ્મસ્થ જીવ સાથે સરખામણીની અપેક્ષાએ તો કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે તે બરાબર સત્ય છે—યથાર્થ છે, કારણ કે તેઓ ત્રિકાળ સંબંધી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને યથાસ્થિત બરાબર પરિપૂર્ણપણે ખરેખર જાણે-દેખે છે. 'કેવળી ભગવાન લોકાલોકને જાણે-દેખે છે' એમ કહેતાં પરની અપેક્ષા આવે છે એટલું જ સૂચવવા તથા કેવળી ભગવાન જેમ સ્વને તદ્રૂપ થઈને...'** પોતામાં તદ્રૂપ થઈને વેદે-અનુભવે, **'નિજસુખના સંવેદન સહિત જાણે-દેખે...'** પોતાના આનંદના વેદનસહિત જાણે-દેખે **'તેમ લોકાલોકને (પરને) તદ્રૂપ થઈને પરસુખ-દુઃખાદિના સંવેદન સહિત જાણતા-દેખતા નથી,...'** નારકીને ભગવાન જાણે તો નારકીનું દુઃખ વેદે છે ? સમજાણું કાંઈ ?

**'પરંતુ પરથી તદ્દન ભિન્ન રહીને, પરના સુખ-દુઃખાદિનું સંવેદન કર્યા વિના જાણે-દેખે છે એટલું જ સૂચવવા તેને વ્યવહાર કહેલ છે.'** પણ એનો અર્થ એવો નથી કે લોકાલોકને એ જાણતાં જ નથી. લોકાલોકનું જ્ઞાન એ તો પોતાની પર્યાયનું જ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ ? આ કહે છે ઓલા. ક્યારેક પ્રશ્ન ઊઠે છે. કેવળી તો સર્વજ્ઞ છે એ વ્યવહારે પરને જાણે છે. પણ વ્યવહારે પરને જાણે એનો અર્થ શું ? એ પરને જાણતાં નથી ? પરમાં તન્મય થઈને જાણતાં નથી માટે વ્યવહારથી જાણે છે એમ કીધું. સમજાણું કાંઈ ? આ જ્ઞાનમાં અગ્નિનું જ્ઞાન થાય છે કે નહિ ? આ જ્ઞાન અગ્નિને જાણે છે એ તો વ્યવહાર થયો. અગ્નિમાં કાંઈ એકમેક થઈને અગ્નિને નથી જાણતું. જો અગ્નિમાં (તન્મય થઈને) જાણે તો જ્ઞાન ત્યાં બળી જાય. જ્ઞાન અગ્નિથી ભિન્ન રહીને અગ્નિ સંબંધીનું જે જ્ઞાન, એ પોતાનું પોતાને થઈને પોતાને જાણે છે. આહા..હા...! આટલી બધી ચર્ચા લીધી હશે તો કાંઈ હેતુસર હશે કે નહિ ? 'કુંદકુંદાચાર્ય' જેવા અધ્યાત્મના પ્રખર પ્રણેતા, એ પ્રખર સ્વસંવેદનના વેદનારા, પ્રચુર સ્વસંવેદન. કહો, સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન અને કેવળદર્શન એની પોતાની સંપદામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ફેરફાર માને તો એ વસ્તુને માની શકતો નથી માટે એની છણવટ કરીને જણાવ્યું છે.

**'(નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને દેખે છે—'** ઠીક. પોતે પોતાને જ દેખે છે. એમાં એ બધું લોકાલોકનું જ્ઞાન આવી જાય છે. એ લોકાલોકનું જ નહિ પણ પોતાનું. સ્વ-પરપ્રકાશક જ્ઞાન એ પોતાનું છે. પરપ્રકાશક કહેવું એ તો પરની અપેક્ષાથી ભલે કહ્યું, પણ છે એ સ્વ-પરપ્રકાશક જ્ઞાન પોતાનું આત્મજ્ઞાન છે. સમજાણું કાંઈ ? **'આત્મા સહજ પરમાત્માને દેખે છે કે જે પરમાત્મા એક છે,...'** પોતે એક છે એમ કહે છે આ. બધા થઈને પરમાત્માની વાત નથી અહીં. પોતે પોતાનો આત્મા એક છે. બીજાની સાથે કાંઈ સંબંધ નથી. **'વિશુદ્ધ છે, નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી (કેવળજ્ઞાન-દર્શનાદિ) મહિમાનો ધરનાર છે,...'** લ્યો. અંતઃશુદ્ધિ જ્ઞાન અને આનંદનો રહેનાર આત્મા છે. લોકાલોક એમાં નથી આવતા એમ કહે છે. લોકાલોકને રહેવાનું એ સ્થાન નથી. પણ કેવળજ્ઞાન અને કેવળદર્શનને રહેવાનું એ ભગવાનઆત્મા સ્થાન છે.

**'અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે;...'** લ્યો. એ પોતે પોતામાં જ છે. સર્વજ્ઞ પરમાત્મા પોતે પોતામાં અંતર્મગ્નમાં જ છે. બહારમાં કાંઈ જાતા નથી અને બહારને કોઈ જોતા નથી. પોતામાં રહીને પોતાને જાણે અને દેખે છે. વિશેષ બાકી છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો છે તે પરમભાવ આગળ ઇન્દ્ર ને ચક્રવર્તીના વૈભવની તો શું વાત ! પણ ત્રણલોકનો વૈભાવ તુચ્છ લાગે છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક નિર્મળ પર્યાય તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે મારી નથી. પરદ્રવ્યો તો મારા નથી જ, અંદર રાગાદિ ભાવ થાય તે પણ મારા નથી જ, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી જે મને નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તેની પણ મને કાંઈ વિશેષતા નથી. મારો દ્રવ્યસ્વભાવ તો અગાધ, અગાધ છે, તેની પાસે નિર્મળ પર્યાયની વિશેષતા શું ? દયા-દાન-ભક્તિ આદિના શુભ રાગની તો શું વાત ! પણ અનંત શક્તિમય અગાધ ચૈતન્યસ્વભાવ પાસે પ્રગટ થયેલ નિર્મળ પર્યાયની પણ વિશેષતા નથી. આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય ?–કે ચૈતન્યનો અપાર અપાર મહિમા લાવી, નિમિત્તથી, રાગથી, પર્યાયથી બધાથી પાછો વળીને પોતાના સ્વભાવ તરફ વળે ત્યારે પ્રગટ થાય આહાહા ! ૧૨૧.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૧૬૭, ૧૬૮
## શ્લોક–૨૮૨, ૨૮૩, પ્રવચન નં.૧૯૨
## તા.૦૩-૧૨-૧૯૭૧
## [૮]

૧૬૬ ગાથા. એનો કળશ છે કળશ. ૨૮૨ છે ને ? અડધો ચાલ્યો છે, અડધો બાકી હતો, ફરીને લઈએ.

**पश्यत्यात्मा सहजपरमात्मानमेकं विशुद्धं**
**स्वान्तःशुद्ध्यावसथमहिमाधारमत्यन्तधीरम्।**
**स्वात्मन्युच्चैरविचलतया सर्वदान्तर्निमग्नं**
**तस्मिन्नैव प्रकृतिमहति व्यावहारप्रपंचः।।२८२।।**

આ જ્ઞાન-દર્શનની વ્યાખ્યા ચાલે છે. ભગવાનનું જ્ઞાન પોતાને જાણે છે એ નિશ્ચય છે એમ કહે છે. સમજાણું કાંઈ ? અહીંયા પણ ખરેખર તો પોતે પોતાને જ જાણે છે. પરને જાણવું એ તો એક વ્યવહાર કહેવામાં આવે છે. પર સંબંધીનું જ્ઞાન પોતાનું, એ પોતાના જ્ઞાનને જાણે એ નિશ્ચય છે, પરને જાણવું કહેવું એ ઉપચારથી વ્યવહાર છે. ભગવાનને પણ એમ છે, કહે છે.

**'(નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્મા...'** પોતાનો ત્રિકાળ સ્વભાવ. આત્મા સહજ પરમાત્માને, એ પોતાનો સહજ પરમાત્મા એને **'દેખે છે—'** એને દેખે છે. ભગવાન તો પોતાના આત્માને દેખે છે એમ કહે છે. સમજાણું કાંઈ ? **'કે જે પરમાત્મા એક છે,...'** પોતે એક સ્વરૂપે પરમાત્મા (છે), એમાં બીજા લોકાલોકની ભેળસેળ નથી એમ કહે છે. આહા..હા...! કેવળજ્ઞાન કેવું હોય એની વ્યાખ્યા છે. અરિહંત પરમાત્મા તેને જે કેવળજ્ઞાન થાય, એ કેવળજ્ઞાન પોતાને દેખે છે એમ કહે છે.

**'વિશુદ્ધ છે,...'** પોતે પરમાત્મા આત્મા પૂર્ણ શુદ્ધ એક છે. **'વિશુદ્ધ છે, નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી...'** લ્યો. પોતે આત્મા અંતર શુદ્ધિનું રહેવાનું એ આત્મા સ્થાન છે. નિર્મળ આનંદ આદિ દશા એનું રહેઠાણ ભગવાન પોતે આત્મા છે. **'(કેવળજ્ઞાન–દર્શનાદિ) મહિમાનો ધરનાર છે,...'** કેવળજ્ઞાન, અનંત આનંદ આદિ દશાનો–અવસ્થાનો એ ધરનાર છે. **'અત્યંત ધીર છે...'** પરમાત્મા અત્યંત ધીર શાંત... શાંત (છે). **'અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી...'** પોતાના જ આત્મામાં એ અત્યંત અને અવિચળ હોવાથી **'સર્વદા અંતર્મગ્ન છે;...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન પોતાના અંતર સ્વરૂપમાં જ અંતર્મગ્ન છે. એ થોડું સુધાર્યું છે. સુધાર્યું છે ? ભાઈએ સુધાર્યું છે. હવે સુધાર્યું છે. અંતર્મગ્ન પછી.

**'સ્વભાવથી મહાન એવા તે...'** એમ સુધારવું. જે લખ્યું છે એમાં ફેર છે. **'સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ...'** એ બધું કાઢી નાખવું. એ ચેકી નાખવું. **'સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી...'** સમજાણું કાંઈ ? વ્યવહાર સંબંધી પ્રપંચ કરવામાં આવે છે એ બધું કાઢી નાખવું. અહીં તો કહે છે કે ભગવાનઆત્મા પોતાનો અને ભગવાનઆત્માનો. એ પોતાના સ્વભાવની મહિમાથી **'તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી...'** પરને જાણવું એવું એમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ ?

આવો આત્મા અનુભવે, જાણે એને સમ્યગ્દર્શન થાય. જે આત્મા પોતાના સ્વરૂપમાં જ છે. મહાન સ્વભાવથી મહાન છે. એ પુણ્ય અને પાપ, શરીરાદિથી તો રહિત છે પણ પરના જાણવાથી પણ રહિત છે. સમજાણું કાંઈ ? પરનું જાણવું એટલે કે આ છે એમ જાણવું એ તો વ્યવહાર છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન અને પોતા સંબંધીનું પોતાનું જ્ઞાન, એને એ જાણે એ નિશ્ચય છે. ઝીણી વાત છે થોડી. સમજાય છે કાંઈ ?

**'સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી જ...'** પરને જાણવું એ એનામાં છે નહિ. લ્યો. ઠીક. પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છે એને જાણે છે. પરને જાણે છે એ તો વ્યવહાર એવો પ્રપંચ એમાં નથી. કૌંસ છે. **'(અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ).'** એટલું કળશમાં નાખવું. **'(અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ).'** સમજાણું કાંઈ ? શું કહ્યું આ ? લોકાલોકને આત્મા જાણતો નથી એમ કીધું ને ? નથી જાણતો એનો અર્થ ? – કે આ લોકાલોક આ છે એમ જાણતો નથી. એ લોકાલોક અને પોતાનું જે જ્ઞાન પોતામાં એને એ જાણતાં લોકાલોક જણાય જાય છે. સમજાણું કાંઈ ? એવા ભગવાનઆત્મામાં લોકાલોકનો વ્યવહાર વિસ્તાર નથી.

'શ્રીમદ્'માં પણ એમ જ આવે છે ને ? શું આવે છે ? 'કેવળ નિજસ્વભાવનું અખંડ વર્તે...' એ નિશ્ચયથી વાત કરી, એથી લોકાલોક નથી જાણતાં એમ નહિ. લોકાલોકને જાણવું, એ પર છે એને જાણવું કહેવું એ વ્યવહાર. પણ લોકાલોક અને પોતે જે સ્વરૂપે છે એનું જ્ઞાન પોતામાં પોતાથી પોતામાં થાય છે, એને જાણે એનું નામ નિશ્ચય છે. એથી કેવળી લોકાલોકને જાણતાં નથી એમ નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** વ્યવહારે જાણે છે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહારે જાણે છે એનો અર્થ ? પરને તન્મય થઈને જાણતાં નથી એથી તેને વ્યવહાર કહેવામાં આવે છે. પણ એ સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન તન્મય થઈને એમાં પોતામાં જાણે છે. એમાં લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી, પોતામાં, પોતાને કારણે આવી જાય છે. એ વાત નીચે વંચાઈ ગઈ. નીચે નોટ છે ને ? એ વંચાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગઈ છે.

અહીં તો પરને જાણે એમ કહેવું એ પરની અપેક્ષા આવે છે ને એથી એને વ્યવહાર કહેવાય અને સ્વને જાણતાં સ્વની અપેક્ષા આવે એટલે નિશ્ચય કહેવાય. સ્વના જ્ઞાનમાં સર્વજ્ઞમાં બધું જણાઈ ગયું છે. પણ એ સર્વજ્ઞની પર્યાય પોતાની છે, એને જાણે છે એ નિશ્ચય છે એમ કહે છે. આ તો તત્ત્વની વાત ઝીણી છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

અંતર આત્મા આ જ્ઞાન જ્ઞાનને જાણે. એ જ્ઞાનમાં રાગ, શરીરાદિ શું છે એવું આમાં જ્ઞાન પોતાના સ્વ-પરપ્રકાશના સામર્થ્યમાં આવી જાય છે. છતાં એને દેખે એમ કહેવું એ વ્યવહાર છે. અને પોતાનું સ્વ-પર સામર્થ્ય છે સ્વ-પરપ્રકાશક જાણવાનું સામર્થ્ય (છે) એને દેખે એ નિશ્ચય છે. આહા..હા...! ભારે ! જાણવામાં પણ વ્યવહાર અને નિશ્ચય, આચરણમાં પણ એ વ્યવહાર અને નિશ્ચય, શ્રદ્ધા-જ્ઞાનમાં પણ વ્યવહાર અને નિશ્ચય, ચારિત્રમાં પણ વ્યવહાર અને નિશ્ચય. કઈ અપેક્ષાએ વાત છે એ સમજવી જોઈએ ને.

આત્મા પોતાના સ્વરૂપને શુદ્ધ અખંડ અભેદને શ્રદ્ધે, એ સમ્યગ્દર્શન નિશ્ચય સ્વ-આશ્રય છે અને પરને શ્રદ્ધે–દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ એ વ્યવહાર વિકલ્પ છે. સમજાણું કાંઈ ? એમ એમ આત્મા પોતાને જાણે એ સમ્યગ્જ્ઞાન છે, શાસ્ત્રને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એમ આત્મા પોતાના સ્વરૂપમાં, આનંદમાં રમે એ નિશ્ચય ચારિત્ર છે અને એમાં પંચ મહાવ્રતાદિના વિકલ્પ ઊઠે, એ વ્યવહાર ચારિત્ર; એટલે નથી તેને કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ ? એમ લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. કારણ કે લોકાલોકનું આ જ્ઞાન નથી આ જ્ઞાન તો પોતાનું છે. સમજાણું કાંઈ ?

અરે..! આત્માની એણે વાત જ કોઈ દિ' પ્રેમથી સાંભળી નથી. જગતના થોથા કરી કરીને મરી ગયો. સમજાણું કાંઈ ? પણ એ આત્મા કેટલો સામર્થ્યવાળો, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ, હોં ! પરમાત્મા તીર્થંકરદેવે જે આવો ચૈતન્યમાંથી આત્માની વાત કરે એ આત્મા એણે જાણ્યો નથી.

અહીં તો ભગવાનઆત્મા... કહે છે કે એ પોતે જ્ઞાનની દશા, પોતાના સ્વભાવના આશ્રયથી જ્ઞાનથી પ્રગટ કરી. એ જ્ઞાનમાં એ જ્ઞાન સ્વ-આત્મા પરમાત્માને જ જાણે છે. પરમાત્માનું જ્ઞાન પોતાના પરમાત્માને જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ ? પરમાત્માનું જ્ઞાન પરને જાણે એમ કહેવું એમ પરની અપેક્ષા આવી એટલે વ્યવહાર. પણ પર સંબંધીનું જ્ઞાન પોતામાં નથી એમ નહિ. સમજાણું કાંઈ ? એ પર સંબંધીનું પોતાનું જ્ઞાન છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞ છે. એટલે સર્વજ્ઞપણું પરને લઈને છે એમ નથી. ત્યાં પણ વ્યવહાર અને નિશ્ચય, નીચે વ્યવહાર અને નિશ્ચય. વાંધા કાઢે બધા. નિમિત્ત અકિંચિત નહિ. .. વ્યવહાર સાધન છે. એ બધા લેખો (આવે છે). ભાઈ ! એ બધું છે, એ બધું સાંભળને.

ભગવાનઆત્મા પોતાનો જ્ઞાન અને આનંદ સ્વભાવ, એને અંતરમાં અનુભવીને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શન થાય અને એને જાણીને જે જ્ઞાન થાય અને એમાં રમણતા કરીને ચારિત્ર થાય, એ નિશ્ચય કહેવાય, કેમ કે સ્વને આશ્રયે થયું. આ સાચું જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે. અને પરને આશ્રયે જેટલું કહેવાય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... એય..! 'ભીખાભાઈ'! એ રાગ કહેવાય, એ વ્યવહાર કહેવાય, એ સાચું ન કહેવાય. આહા..હા...! ભારે વાત, ભાઈ ! નિશ્ચય તે સત્યાર્થ છે, વ્યવહાર તે અસત્યાર્થ છે. અસત્યાર્થનો અર્થ ? પરને જાણે છે તે અસત્યાર્થ છે. પરને જાણે તે યથાર્થમાં નથી. આહા..હા...!

પોતાનો ભગવાનઆત્મા પોતાના જ્ઞાન-દર્શન-આનંદને અને આત્માને જાણે, એ સ્વને જાણે એ યથાર્થ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? નીચે નિશ્ચય અને વ્યવહાર તે છેક કેવળજ્ઞાન સુધી લઈ ગયા. આહા..હા...! આવું સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. બધા વેદાંતે ભલે આત્મા આત્મા વાતું કરી હોય. સમજાણું કાંઈ ? આ વસ્તું ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ ? 'દેવજીભાઈ'! એ ૨૮૨ કળશ થયો.

૧૬૭ ગાથા.

**मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।**
**पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ।।१६७।।**

નીચે એનું હરિગીત છે.

**મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને,**
**જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.**

**ટીકા :– 'આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે. છ દ્રવ્યોમાં...'** જગતમાં છ દ્રવ્યો છે. ભગવાને છ દ્રવ્યો જોયાં. જુઓ વળી કહે, છ દ્રવ્ય જોયાં. પણ એ જ્ઞાનમાં એનું જ્ઞાન પોતાને જોયું અને આ છ દ્રવ્યને જોયાં એ વ્યવહાર થયો. સમજાણું કાંઈ ? પણ એ છ દ્રવ્યને જ્ઞાન બરાબર દેખે છે. પોતાની જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્ય સંબંધીનું જે જ્ઞાન કીધું છે એને દેખે છે. અને આ છ દ્રવ્યને દેખે એમ કહેવું તે વ્યવહાર છે. પરાશ્રય થયો ને ? આહા..હા...!

**'છ દ્રવ્યોમાં...'** જુઓ ! જગતમાં છ દ્રવ્યો લીધા છે. અનંત આત્માઓ, એથી અનંતગુણા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. એ છ દ્રવ્ય જગતની અંદર છે, અનાદિ અનંત છે. કેવળજ્ઞાનમાં તે પ્રત્યક્ષ જાણવામાં આવ્યા છે. એમાં **'પુદ્ગલને મૂર્તપણું છે,...'** આ શરીર, વાણી, મન, કર્મ આ બધું દેખાય એ બધું મૂર્ત છે. **'પુદ્ગલને મૂર્તપણું છે,...'** એ રૂપી છે, મૂર્ત છે. **'(બાકીના) પાંચને અમૂર્તપણું છે;...'** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને જીવ. જીવને અમૂર્તપણું છે એમ કહ્યું છે. ક્યાંક વળી એને કર્મના સંબંધે મૂર્ત કહ્યો એ વ્યવહારે કહ્યો છે. સમજાણું કાંઈ ? મૂર્ત છે નહિ. 'આલાપ પદ્ધતિ'માં લીધું છે. આ તો મૂળ તત્ત્વનું .... 'આલાપ પદ્ધતિ'માં પાઠ લીધો છે. જીવ મૂર્ત છે. અમૂર્ત છે. મૂર્ત છે એનો અર્થ ? કર્મ મૂર્ત જે છે એના નિમિત્તના સંબંધમાં એને મૂર્તનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપચાર આપ્યો છે, વસ્તુ અમૂર્ત છે.

**શ્રોતા** :- પર્યાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પર્યાય અમૂર્ત છે.

**શ્રોતા** :- એને મૂર્ત કીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પેલા નિમિત્તને લઈને કીધી. છે નહિ એને કીધી. પર્યાય અમૂર્ત છે. જીવની વિકારી પર્યાય અમૂર્ત છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કઈ અપેક્ષાથી ? એ તો આત્માના ત્રિકાળી જ્ઞાયક સ્વભાવની અનુભવદશાના ભાવમાં રાગાદિ પરિણામ એનું સ્વરૂપ નથી. એથી એને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. ભારે વાત, ભાઈ ! કહો, સમજાણું કાંઈ ?

અહીં તો એના અસ્તિત્વમાં એનું અસ્તિત્વ શું છે એટલું સિદ્ધ કરવું છે. પછી દ્રવ્ય અને પર્યાય વિકારના બેના અસ્તિત્વની ભિન્નતા કરવી હોય, ત્યારે એ દ્રવ્યમાં વિકાર છે નહિ. પણ વિકાર છે એ અમૂર્ત છે. સમજાણું કાંઈ ? દ્રવ્યની અશુદ્ધ પર્યાય, સંસાર એ દ્રવ્યની અશુદ્ધ પર્યાય છે. આહા..હા...! સંસાર કાંઈ જીવની પર્યાયથી બહાર નથી રહેતો. આહા..હા...! સંસાર જીવનો બાયડી, છોકરા, કુટુંબ, મકાન એ સંસાર નથી. જીવનો સંસાર બાયડી, છોકરા, પૈસો, શરીર, કર્મ એ સંસાર નથી, એ તો પરવસ્તુ છે. સંસાર, એના સ્વરૂપથી ખસીને વિકારની પર્યાયમાં આવ્યો એ વિકારભાવ તે એનો સંસાર છે. સમજાણું કાંઈ ? એ વિકારભાવ 'સંસરણં ઇતિ સંસારઃ' ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આત્માથી ખસી ગયો છે, ખસીને રાગમાં આવ્યો એ સંસાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સંસારનો નાશ કરવો છે એનો અર્થ કે આ અજ્ઞાન અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ. સંસારનો નાશ કરે એટલે બાયડી, છોકરાનો નાશ કરવો છે ? સમજાણું કાંઈ ? લોકો બહારથી તો એમ માને કે લ્યો આ બાયડી છોકરા છોડ્યા તો એ સંસાર છોડ્યો. અરે...! સંસાર કહેવો કોને એની તને ખબર નથી. બાયડી–છોકરા સંસાર હતા ? પોતાના શુદ્ધ સ્વરૂપથી ખસીને રાગ-પુણ્ય-પાપ આદિ મારા એવો જે મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપભાવ એ સંસાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ એની અમૂર્તદશા છે. ઘણાં પડખા પડે.

એક બાજુ કહે કે વિકાર તે પુદ્‌ગલના પરિણામ છે, એક બાજુ કહે કે જીવની પર્યાયના સત્ત્વમાં એ છે, માટે એના પરિણામ (છે). બીજી બાજુ કહે કે આત્મા આનંદસ્વભાવના ભાવમાં આવીને જ્યાં પરિણમે, પછી જે રાગ રહ્યો એ કર્મને લઈને પરિણમે છે. ૭૫ મી ગાથામાં આવે છે ને ? તે દિ' 'રાજકોટ' ચાલ્યું હતું ને ? 'સોમચંદભાઈ' અમારે ત્યાં 'સોમચંદ'. ... ટાંક. 'સોમચંદભાઈ' હતા ને ? આ 'મનુ'ના બાપ.

**શ્રોતા** :- બોલવાની સાચી અટક ખારા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખારા 'અમરેલી'વાળા. એણે તે દિ' પ્રશ્ન કર્યો હતો. ત્યાં 'રાજકોટ' કર્યો હતો. ૯૯મા. એ વિકાર છે કોનો ? ૯૫મા તો એમ કહ્યું કે વિકાર તો કર્મનું કાર્ય છે, આત્માનું નહિ. આમાં વળી કહે કે વિકાર આત્મામાં થાય છે. જુઓ ! અમૂર્ત છે અને આત્મામાં છે. એનું પરથી ભિન્ન અસ્તિત્વ સિદ્ધ કરવું હોય, ત્યારે તો એનામાં જ છે અને એનાથી થયેલો વિકાર છે. પણ વિકારથી પણ જ્યારે એકલો સ્વભાવ ભિન્ન કરવો હોય, એકલો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આત્મા છે. વિકારને અડ્યો પણ નથી. વિકાર તો પર છે. વળી ત્યાં રૂપી કહે, એને મૂર્ત કહે. એ બધું કહે. કઈ અપેક્ષા છે એ સમજવું જોઈએ ને...! નીકળી જાય છે, એની જાતમાં નથી માટે એને મૂર્ત કહીને પરના કહ્યા. પણ થાય છે એની દશામાં. શું પરની દશામાં વિકાર થાય છે ? વિકારનુ હોવાપણું એની દશામાં છે.

**શ્રોતા :–** બે વાત કરી એમાં સાચી કઈ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બન્ને સાચી. જે અપેક્ષાએ કીધી એ. પરથી ભિન્ન કહેવામાં વિકાર એનો છે. વિકારથી ભિન્ન કહેવામાં વિકાર એનો નથી. સમજાણું કાંઈ ? વીતરાગમાર્ગ બહુ ગૂઢ છે, ગંભીર છે. નયોના પડખા એટલા બધા પડે કે જે અપેક્ષાએ કહ્યું એને સમજે નહિ તો એકાંત થઈ જાય. સમજાણું કાંઈ ? આહા..હા...! એણે ત્યાં એ પૂછ્યું હતું કે આમાં નિશ્ચયથી તો વિકાર કર્મનો કીધો છે. કોણે ના પાડી ? કીધું. કઈ અપેક્ષાએ ? આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ ચિદાનંદ છે, એવું જ્યાં ભાન થયું, એથી એનું પરિણમન તો દ્રવ્યનું છે સ્વભાવ, એનું પરિણમન થાય એને. વિકારરૂપ પરિણમન પછી રહ્યું, એ કર્મ જેમ ભિન્ન છે, એમ પરિણમન પણ ભિન્ન ગણીને, બે કર્મના કાર્ય ગણીને એને કાઢી નાખ્યા. પણ પહેલેથી વિકાર કર્મથી થાય, કર્મથી થાય એ તો પહેલેથી જ ભૂલ્યો છે. કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લઈને સ્વદ્રવ્યમાં થાય નહિ. એથી કહે છે, જુઓ !

પાંચને અમૂર્તપણું છે. જીવને અમૂર્તપણું છે. વિકારી પર્યાય પણ અમૂર્ત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'સમયસાર'ના નિશ્ચયનો અધિકાર આવે ત્યારે કહે કે એ તો મૂર્ત છે, સ્થુળ છે. વિકાર હોં ! પુણ્ય-પાપના પરિણામ એ સ્થુળ છે, સૂક્ષ્મતાનો એમાં અભાવ છે. કારણ કે ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનનું જ્યાં ભાન થયું, એવા સૂક્ષ્મની અપેક્ષાએ તો વિકલ્પ ઘણો સ્થૂળ છે. અને નીકળી જાય છે માટે એની ચીજ નથી, એમ કહ્યું છે. છે ત્યાં સુધી તો એની દશામાં છે. આવું અનેકાંત સ્વરૂપ ભગવાનનું છે. એવું સ્વરૂપ જ વસ્તુનું છે. સમજાણું કાંઈ ? માણસને વાતની શું ચીજ છે એનું જ્ઞાન કર્યા વિના એકલા ઓઘેઓઘે ક્રિયા-કાંડ કરે, ભક્તિ, પૂજા, દાન, દયા અને વ્રત (કરે), એ બધા મિથ્યાસહિત પુણ્ય બંધાય. ચાર ગતિમાં રખડવું મટે નહિ. આહા..હા...!

કહે છે કે ભાઈ ! તું તો ત્રણે કાળે અમૂર્ત છો ને. ઓલો કહે કે મૂર્ત કહ્યું છે. ઓલો .... કરતો હતો. .... દિગંબર થયો છે. ક્ષુલ્લક વેદાંતનો, આર્યસમાજનો. કેવો ? કર્મ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** કર્માનંદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્માનંદ. કર્માનંદ. કર્માનંદ કહે વિકારને રૂપી કહ્યો છે. ત્યાં આમ કહ્યું છે, જીવને મૂર્ત કહ્યો છે. જીવને મૂર્ત કહ્યો એનો વાંધો હતો. અરે..! ભગવાન ! સાંભળને ભાઈ ! એ તો અંતરના સૂક્ષ્મ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ, કાઢી નાખવા (છે તેથી) એને રૂપી અને અમૂર્ત કહ્યો. પણ થાય છે એનું અસ્તિત્વ સિદ્ધ કરવા તારામાં છે એને મૂર્ત કહ્યો. સમજાણું કાંઈ ? આહા..હા...! આ માણસને આવું જ્ઞાન કરવું સૂક્ષ્મ પડે ને એટલે પછી... વ્યવહારે ચડી ગયા. દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, ભગવાનની પૂજા કરો, વ્યવહારે ચડી ગયા. ભગવાન સિવાય ક્યાંય હોય જ નહિ ને. તીર્થંકર પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય ત્રણ કાળમાં ન હોય. વાડાવાળાને સમજાતું નથી તો બીજે તો ક્યાં હોય ? આ વસ્તુ બીજે હોય શેની ? આહા..હા...! એ બધો ખુલાસો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કર્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને. પ્રજ્ઞા ભક્તિ, નિર્ગુણ ભક્તિ બધું ઘણું લીધું છે. બધું બહુ સારું લીધું. એકે એક વાત છે. એ બધી ખોટી.

અહીં તો છ દ્રવ્યમાં પાંચ તો અનાદિ અનંત અમૂર્ત છે. લ્યો. એ તો પહેલું આવ્યું. ઓલામાં 'પ્રવચનસાર'માં. અમૂર્તના અમૂર્ત ગુણો, અમૂર્તના અમૂર્ત પર્યાય. પહેલાં આવી ગયું છે. 'પ્રવચનસારમાં' છે.

**'જીવને જ ચેતનપણું છે,...'** છ દ્રવ્યમાં એ ભગવાનઆત્મા જ ચેતનારો, જાણનારો છે. બાકી બીજા પાંચ દ્રવ્ય અચેતન છે. કહો, **'અચેતનપણું છે.'** આ શરીર, કર્મ, વાણી બધા અચેતન જડ છે, માટી છે. આહા..હા...! **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને...'** લ્યો. કહે છે કે ભગવાનનું કેવળજ્ઞાન ત્રિકાળ સંબંધી મૂર્ત વસ્તુ પુદ્ગલ, અમૂર્ત વસ્તુ પાંચ. ચેતન એક, અચેતન પાંચ. એ સ્વદ્રવ્ય આદિ અચેત. પોતાને અને પરને **'(સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હંત્પરમેશ્વરનું જે...'** જ્ઞાન. શ્રીમદ્ શ્રીમદ્–સ્વરૂપના લક્ષ્મીવાળા, એવા અર્હંત પરેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, **'જે ક્રમ, ઇન્દ્રિય અને વ્યવધાન વિનાનું,...'** એને જાણવામાં ક્રમ ન હોય કે પહેલું આ જાણે, પહેલાં સ્વને જાણે અને પછી પરને જાણે, એવો ક્રમ કેવળીને ન હોય. ઇન્દ્રિયનું અવલંબન ન હોય. ભગવાનને ઇન્દ્રિયનું અવલંબન નથી, એને તો અતીન્દ્રિય જ્ઞાન થયું. છદ્મસ્થને નીચે જાણવામાં ઇન્દ્રિયનું નિમિત્ત, અવલંબન એટલે નિમિત્ત (હોય). (એ) એને હોય નહિ.

**'વ્યવધાન વિનાનું,..'** **'આડ; પડદા...'** વિનાનું. આગળ પહેલાં ખુલાસો આવી ગયો છે. કેવળજ્ઞાનને જાણવામાં કોઈ આડ નથી, પડદો નથી, વિઘ્ન નથી. આહા..હા...! આવી કેવળજ્ઞાનની પૂર્ણ પર્યાય અરિહંતને હોય, આવું જો યથાર્થ જ્ઞાન કરે તો એને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણતાં પોતાનો આત્મા એવો છે એમ મેળવે, તો એને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! સર્વજ્ઞની મહત્તા જ્યાં ત્યાં ગાય છે. પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય તે જ સર્વજ્ઞ. અરે..! પૂર્ણ ન હોય, દિવ્યજ્ઞાન ન હોય આવું તો એને દિવ્યજ્ઞાન કહે કોણ ? પરને લઈને જાણે, પરોક્ષને જાણે એને દિવ્યજ્ઞાન કોણ કહે ? 'પ્રવચનસાર'માં આવ્યું છે.

**'અતીંદ્રિય સકળ-વિમળ...'** ભગવાનનું જ્ઞાન તો **'અતીંદ્રિય સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.'** લ્યો. એ બધાને જાણે. ઓલામાં ના પાડી હતી એ બધાને જાણે. એ વ્યવહારથી જાણેની ના પાડી હતી. પણ જાણવાનું તો એનું બરાબર છે. સમજાણું કાંઈ ? **'સકલપ્રત્યક્ષ છે.'** અસંખ્ય પ્રદેશે ચૈતન્યસૂર્ય, શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થઈ ગઈ છે. સર્વજ્ઞ જે શક્તિ હતી... શક્તિ તો છે. પર્યાય પ્રગટી તો હોય. સમજાણું કાંઈ ? આહા..હા...! સર્વજ્ઞ શક્તિવાન દ્રવ્ય, એનું અંતરમાં એકાગ્ર થઈને સર્વજ્ઞ વ્યક્તતા પ્રગટ કરી, એ **'સકલપ્રત્યક્ષ છે.'** આ એનું સ્વરૂપ અને એના સ્વભાવની પૂર્ણતાની આ સ્વચ્છતા છે. સમજાણું કાંઈ ?

અરે..! આવા અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. **'जो जाणदि अरहंतं'** આવે છે ને. **'दव्वत्तगुणत्त पज्जयतेहिं सो जाणदि अप्पाणं'** એ આત્માને જાણે. છે તો નિમિત્ત પર. પણ એના જ્ઞાનમાં એની મહત્તા જ્યાં ખ્યાલમાં આવી, એવા જ્ઞાનની પર્યાય મારા દ્રવ્યથી પ્રગટી છે, એને એના દ્રવ્યથી પ્રગટી છે. મારું દ્રવ્ય પણ એવું જ છે. એવી કેવળજ્ઞાનની પર્યાય, આવડી મોટી આવડું, જેને એની સત્તાનો સ્વીકાર થાય, એનો સ્વીકાર પર્યાયદૃષ્ટિથી ન થાય, એનો સ્વીકાર દ્રવ્યમાં આવી શક્તિ અનંતી છે, એના સ્વીકારથી તે અરિહંતની પર્યાયનો સ્વીકાર કહેવામાં આવે છે. એ તો સમ્યગ્દર્શન થયું. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ વાત સાધરણ નથી, હોં ! અહીંયાં કહે છે એ. ગાથા લીધી છે તો કારણથી લીધી છે ને ? 'કુંદકુંદાચાર્ય' જેવા નિર્ગ્રંથ મુનિ, ત્રણ કષાયનો અભાવ (થઈને) વીતરાગના આનંદના વેદનારા, જેને વિકલ્પ પણ અમુક છઠ્ઠું ગુણસ્થાન હોય ત્યારે આવે. નિર્વિકલ્પ થાય એટલે આનંદમાં મસ્ત છે. એવા એ આવી ગાથાને કહે છે. અરિહંતનું પૂર્ણ રૂપ સ્વપ્રત્યક્ષ છે એમ કહે છે. એમાં બધું પરનું જ્ઞાન આવી જાય છે, સકળપ્રત્યક્ષ છે. આહા..હા...! એવો તો એનો જ્ઞાનનો સ્વભાવ છે. કોઈ પુણ્ય-પાપ થવા અને રહેવા એ એનો સ્વભાવ નથી.

**શ્રોતા :–** .... એ વ્યવહારથી કહ્યું કે નિશ્ચયથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિશ્ચયથી.

**'કેવળજ્ઞાન તે સકળપ્રત્યક્ષ છે.'** સમજાણું કાંઈ ? કેમ કે આ સકળપ્રત્યક્ષમાં સકલ આવ્યું ને ? એ વ્યવહાર કહેવો કે નિશ્ચય ? અહીં તો સકળપ્રત્યક્ષ નિશ્ચય પોતાનું છે. **'એવી રીતે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** લ્યો. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**जं पच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।**
**सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं।।**

**'દેખનારનું જે જ્ઞાન અમૂર્તને, મૂર્ત પદાર્થોમાં પણ...'** અહીં તો એનો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ કેવડો હોય એને અહીં સિદ્ધ કરવું છે. કાંઈ રાગ-બાગ અને પુણ્ય-ફુણ્ય એના છે (એમ નથી કહેવું). એ એનામાં છે જ નહિ. આહા..હા...! એવો ભગવાનઆત્મા જેમ ગુલાબની કળી ખીલે, એમ જ્યારે ખીલીને કેવળજ્ઞાન પામે છે, ત્યારે દેખનારનું મૂર્ત-અમૂર્ત બધામાં, અતીન્દ્રિયને પણ જાણે, પ્રચ્છન્નને જાણે. પ્રચ્છન્ન એટલે ? ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનમાં નથી. ઢંકાયેલા છે એને પણ જાણે. આહા..હા...! પરમાણુને જાણે, કાળને જાણે. આહા..હા...!

**'એ બધાંયને–સ્વને તેમ જ પરને–દેખે છે,...'** સ્વ-પરને દેખે એવું જ જ્ઞાન પોતાને **'પ્રત્યક્ષ છે.'** ફક્ત પરને જાણવું એ ઉપચાર છે એટલું. પણ પરનું જાણવું એ પોતાનું જ્ઞાન છે. એ ઉપચાર નથ— એ પ્રત્યક્ષ જ છે. સમજાણું કાંઈ ? પોતાને પોતાની જાતને જાણ એમ કહે છે. એ બીજાને જાણવું તારું એક જ્ઞાન થાશે એમાં બધું જ્ઞાન આવી જશે. 'શ્રીમદ્' ના પત્રમાં એક લીટી આવે છે. 'તને એકને જાણતાં તારા જ્ઞાનમાં લોકાલોક જણાઈ જશે.' સમજાણું કાંઈ ?

૨૮૩ શ્લોક.

**सम्यग्वर्ती त्रिभुवनगुरुः शाश्वतानन्तधामा**
**लोकालोकौ स्वपरमखिलं चेतनाचेतनं च ।**
**तार्तीयं यन्नयनमपरं केवलज्ञानसंज्ञं**
**तेनैवायं विदितमहिमा तीर्थनाथो जिनेन्द्रः ।।२८३।।**

**'કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર...'** લ્યો. આ બે આંખ તો કહે છે ક્યાંય રહી ગઈ. આ તો ત્રીજી આંખ અંદર ઊગી. આહા..હા...! કેવળજ્ઞાનરૂપી પર્યાયનું ત્રીજું નેત્ર. એ પણ **'ઉત્કૃષ્ટ નેત્ર તેનાથી જ જેમનો પ્રસિદ્ધ મહિમા છે,...'** એ કેવળજ્ઞાનથી ભગવાનનો મહિમા છે કહે છે. અતિશય અને પુણ્ય બહારના હોય ને ? સમવસરણ ને. એનાથી એનો મહિમા નથી. એ તો વ્યવહાર થયો. આહા..હા...! ભગવાનને અતિશય આવા છે. એ તો બધો વ્યવહાર છે, પુણ્ય છે. સમવસરણ હોય, આમ દિવ્યધ્વનિ નિકળે. અહીં તો કહે છે કે **'કેવળજ્ઞાન નામનું જે ત્રીજું ઉત્કૃષ્ટ નેત્ર...'** ભગવાન જ્ઞાનની દશા, પોતાના જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનનું આરાધન કરી, પોતાના જ્ઞાનનું આરાધન કરી અને જેને કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થઈ છે, એનાથી એની મહિમા છે. **'જેમનો પ્રસિદ્ધ મહિમા છે,...'** એ તો પ્રસિદ્ધ મહિમા છે.

દુનિયામાં કેવળજ્ઞાનીનો કેવળજ્ઞાનને લઈને પ્રસિદ્ધ મહિમા છે કહે છે. એની દશા, પૂર્ણ પરમાત્મ દશા પ્રગટ થઈ, જ્ઞાનની પૂર્ણતા એ એની મહિમા છે. સમજાણું કાંઈ ? ફલાણાના એ દીકરા હતા, ફલાણાની માતાની કૂખે જન્મ્યા, ઇન્દ્રોએ આવીને આમ કર્યું, મેરુ પર્વત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપર લઈ ગયા. આ મહિમા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારું જ્ઞાન પ્રગટ્યું એ એની મહિમા છે. સમજાણું કાંઈ ? સ્વયંભૂમાં કહ્યુંને કે હે ભગવાન ! એક સમયમાં જગતના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ, એક સમયમાં તમે જાણો, એ જ આપની સર્વજ્ઞતાની વિશેષતા ખાસ મહિમા છે. સમય એક અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ, એવું જે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય, એ સર્વજ્ઞપણું જણાવે છે. આપની સર્વજ્ઞતા છે. સમજાણું કાંઈ ?

નિમિત્ત, વિકલ્પ ને પર્યાયથી પાછો વાળી અને દ્રવ્ય સ્વભાવની મહિમામાં જાય, ત્યારે એને કેવળજ્ઞાનનો મહિમા યથાર્થપણે દેખાય. સમજાણું કાંઈ ? ઓ..હો..! આવો સ્વભાવ ! તે ગુપ્ત ચૈતન્યચમત્કાર, ગુપ્ત ચૈતન્યચમત્કાર... જેના સ્વભાવમાં ગુપ્તપણે રહેલું જ્ઞાન, દર્શન, આનંદનું મહાન સામર્થ્ય છે, એવો જે ચમત્કાર એ જીવની મહિમા. અને અહીંયાં પ્રસિદ્ધ કેવળજ્ઞાન થયું તે એની મહિમા છે. સમજાણું કાંઈ ? એણે તીર્થંકર ગોત્ર બાંધ્યું, સમવસરણ આવ્યું, ઇન્દ્રો આવ્યા એ એની મહિમા નથી. સમજાણું કાંઈ ?

**'જેઓ ત્રણલોકના ગુરુ છે...'** ગુરુ એટલે ત્રણલોકના જાણનાર છે. એ મોટા જાણનારા. ત્રણલોકમાં જાણનાર એ મોટા છે. બધું એના જ્ઞાનમાં (જણાય ગયું છે). આહા..હા...! એવો તું છો એમ જો તો ખરો. જેવા એ છે એવો તું છો. તારી શક્તિમાં એ બધું પડ્યું છે પણ તને ઇ ખબર નથી. અરિહંત, સિદ્ધ પાંચ પદો તારા ગુણમાં પડ્યા છે. આહા..હા...! એ અરિહંતપદ તારા સ્વભાવમાં પડ્યું છે. આહા..હા...! આ બહારની તકરાર કરીને માંડે. અરે..! આની માંડને. તકરાર શેની કરે છે ? જો તો ભગવાન તને... આહા..હા...! તું ત્રણલોકનો ગુરુ છો. દેવાધિદેવ તું છો, ભાઈ ! આહા..હા...! પર્યાયે પ્રગટ્યા એ પરમાત્મા સાક્ષાત્ દેવ છે. તારો સ્વભાવ પણ પરમાત્મા છે, તું પણ અંદર પરમાત્મ અપેક્ષાએ ત્રણલોકનો જાણનાર તું પણ એક ગુરુ છો. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'શાશ્વત અનંત જેમનું ધામ છે–'** લ્યો. **'ભવ્યતા તેજ બળ.'** આત્મામાં જેમનું અનંત બળ છે. એ બળનું કાર્ય અનંત પૂર્ણ સ્વરૂપની રચના (કરવી). સમજાણું કાંઈ ? શું કીધું એ ? **'શાશ્વત અનંત જેમનું ધામ છે–'** કોઈ એમ કહે છે કે ભગવાનને સર્વ શક્તિ નથી. અનંત બળ કહો, પણ સર્વશક્તિમાન ન કહો. કેમ કે સર્વશક્તિમાન હોય તો તો બીજાના કર્મ પણ નાશ કરે. આવી વ્યાખ્યા, પંડિતો આવી વ્યાખ્યા કરે. એય..! એક પંડિતે એમ મૂક્યું હતું. એ બિચારા ગુજરી ગયા. 'ફિરોઝાબાદ'વાળા 'માણેકચંદજી'.

સર્વશક્તિમાન ન કહો, અનંત શક્તિમાન કહો. પણ એ તો સર્વશક્તિમાન કહો કે અનંત શક્તિમાન કહો બંને એક જ છે. પૂર્ણ શક્તિવાન કહો. સર્વજ્ઞ કહો એટલે એનો શું અર્થ થયો ? પૂર્ણ બળવાળો છે, પૂર્ણ જ્ઞાનવાળો છે. પણ પોતા માટે છે ને ? પરનું કરી દે માટે સર્વ બળવાળો છે એમ છે ત્યાં ? ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે, કોઈનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરતાં નથી, કોઈની પાસેથી લેતા નથી. લે છે દ્રવ્યમાંથી અને જાણે છે બધાને. સમજાણું કાંઈ ? આહા..હા...! આવા ભગવાન જેને દેવ તરીકે સ્વીકારે, સમજાણું કાંઈ ? એને પામરની ગણતરી એની દૃષ્ટિમાં હોય નહિ. આ ઠેકઠેકાણાના દેવ-દેવલાને માને છે ને ? હનુમાન, શિકોતેર, ઢીકણું. એય..! 'મનહર'! તારે શું હતું ઓલું? સાંઈબાબા. સાંઈબાબ નહિ, શું કહેવાય એ ? હૈદરશાહી. હૈદરશાહીને માનનારા વાણિયા. આવા ને આવા બધા ઠોઠ જેવા બધા ભેગા કર્યા. હૈદરશાહીને બહુ માનતા. ખબર છે કે નહિ ? આહા..હા...!

આવા ત્રણ લોકના નાથ, ત્રણ લોકન–લોકાલોકને જાણે એ અપેક્ષાએ. એવા દેવ સિવાય બીજો દેવ ધર્મીને હોય નહિ. અને તે દેવનો દેવ તો પાછો પોતે આત્મા છે. એને જાણતાં અનંત જ્ઞાનમાં એ પોતાને જાણે છે. એવા અનંતા અનંત સિદ્ધોને જાણનાર આત્મા છે. સમજાય છે કાંઈ ? એ તું દેવ છો એમ કહ્યું છે ને ? તું ગુરુ છો. તારો ગુરુ તું. તું તને સમજાવે. તું તને સમજાવે માટે તું તારો ગુરુ. તું તારો દિવ્યશક્તિનો ભંડાર માટે દેવ. આહા..હા...!

**'શાશ્વત અનંત જેમનું...'** તે જ શક્તિ છે, બળ છે, ભવ્યતા. **'શાશ્વત અનંત જેમનું ધામ છે–એવા આ તીર્થનાથ જિનેન્દ્ર લોકાલોકને...'** એવા જિનેન્દ્ર ભગવાન **'લોકાલોકને અર્થાત્ સ્વ-પર એવાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને...'** સ્વને–પરને. **'સમસ્ત ચેતન-અચેતન પદાર્થોને સમ્યક પ્રકારે (બરાબર) (અંતર) જાણે છે.'** આહા..હા...! સમજાણું કાંઈ ? ૨૮૩ કળશ થયો.

**पुव्वुत्तसयलदव्वं णाणागुणपज्जएण संजुत्तं।**
**जो ण य पेच्छइ सम्मं परोक्खदिट्ठी हवे तस्स।।१६८।।**

**વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને,**
**દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.**

**'અહીં, કેવળદર્શનના અભાવે (અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે.'**

**'સમસ્ત ગુણો અને પર્યાયોથી સંયુક્ત પૂર્વસૂત્રોક્ત (૧૬૭મી ગાથામાં કહેલા) મૂર્તાદિ દ્રવ્યોને...'** શું કીધું ? જગતમાં જેટલા દ્રવ્યો–પદાર્થો છે, એ સમસ્ત ગુણો અને પર્યાયથી સહિત છે. જુઓ ! ગુણો અને પર્યાય બે નાખ્યા છે. સમજાણું ? **'સમસ્ત ગુણો અને પર્યાયોથી...'** છે ને ? જુઓ ! ગુણ અને પર્યાય બે પ્રકાર નાખ્યા. કેટલાક કહે છે ને કે ભાઈ ! દ્રવ્ય અને પર્યાય બે, હવે ગુણ ત્રીજો નહિ.

**શ્રોતા :–** શ્વેતાંબરના

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્વેતાંબરના...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો કહે છે, વસ્તુ છે એ દ્રવ્ય છે. અને એની કાયમ રહેનારી શક્તિઓ તે ગુણ છે અને એની વર્તમાન દશા તે એની પર્યાય છે. ત્રણ સિદ્ધ થાય છે.

**'સમસ્ત ગુણો અને પર્યાયોથી...'** સહિત એમ નાખ્યું, જુઓ ! **'પૂર્વ સૂત્રોક્ત (૧૬૭ મી ગાથામાં કહેલાં) મૂર્તાદિ દ્રવ્યોને જે દેખતો નથી;...'** અરે..! બધા પદાર્થ અને તેની શક્તિઓ એટલે ગુણ અને પર્યાય એ સહિત જે દેખતો નથી, **'અર્થાત્ મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો હોય છે, અચેતનના અચેતન ગુણો હોય છે,...'** લ્યો. જુઓ પાછું અહીં આવ્યું. એમ કહે ગુણો પર્યાયસહિત દ્રવ્યને દેખે તો ગુણ કેવા ? **'મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો...'** આ પરમાણુ જે આ રજકણો છે એ મૂર્ત દ્રવ્ય છે, જડ છે. એના ગુણો મૂર્ત છે. રંગ, ગંધ, સ્પર્શ. આહા..હા...! શરીર મૂર્ત છે એના રંગ, ગંધ, સ્પર્શ આદિ ગુણો મૂર્ત છે.

**'અચેતનના અચેતન ગુણો હોય છે,...'** આત્મા સિવાય પાંચ દ્રવ્ય અચેતન છે, એના ગુણો અચેતન છે. **'અમૂર્તના અમૂર્ત ગુણો હોય છે,...'** અહીં ખુલાસો કર્યો. પહેલાં આવી ગયું છે. અમૂર્તના અમૂર્ત ગુણો હોય. પુદ્ગલ સિવાય પાંચ અમૂર્ત–અરૂપી છે. તેના અરૂપી ગુણો હોય છે. દ્રવ્ય પોતે અરૂપી, તેના ગુણ પણ અરૂપી. **'ચેતનના ચેતન ગુણો હોય છે;...'** બધા થઈને ચેતનના ચેતન ગુણો હોય છે. ઠીક. શું કીધું સમજાણું ? આત્માના જેટલા ગુણો છે એ ચેતનના ચેતન ગુણો હોય છે એમ અહીં સિદ્ધ કરવું છે ને ? આહા..હા...! **'ચેતનના ચેતન ગુણો હોય છે;...'** આહા..હા...!

**શ્રોતા :–** રાગાદિ ચેતન... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ. એ એની પર્યાય. અહીં તો ગુણોની વાત છે ને ? ચૈતન્યગુણ હોય છે. અહીં તો કહેવું છે, ચેતનના ચેતન ગુણ હોય છે. ચૈતન્યના ગુણો તો ચૈતન્ય જ હોય. નહિતર ક્યાંક એમ આવે ને કે ચેતન છે, તો એ જ્ઞાન-દર્શન ઉપયોગ છે, એને જીવ કહ્યો છે અને એક ન્યાયે બીજાને અજીવ કહ્યો છે. સપ્તભંગી લીધી. સપ્તભંગીમાં. જ્ઞાન-દર્શન એ ચેતન, એ સિવાયના અચેતન. એમ કહીને સપ્તભંગી ઉતારી છે. અહીં કહે છે કે એ તો એનું લક્ષણ મુખ્ય છે, એનું સ્વરૂપ જાણવાનું એ એની મુખ્યતા બતાવવા.. એમ અહીં કહી નાખ્યું. બાકી અહીં તો ચેતનના ગુણો બધા ચેતન છે. સમજાણું કાંઈ ? વ્યાપક છે ને ? માણસને કેટલું યાદ રાખવું ? પેલા કહે છ કાયની દયા પાળવી, લ્યો. એક અપવાસ કરવો, પોહો કરવો, આઠમ અને ચૌદશનો અપવાસ કરવો. આ લોકોને ચૌદશ ન હોય. પૂનમ ના કરે. ... જાય પોહો થઈ ગયો, ધર્મ થઈ ગયો, લ્યો. ધૂડમાં પણ ધર્મ નથી, તારા પોહા કરીને સુકાઈ જા ને. પોહો તો એને કહીએ કે જેમાં આત્માના અનંત ગુણની પુષ્ટિ મળે. હવે આત્માની ખબર ન મળે પુષ્ટો ક્યાંથી લાવવો ? સમજાણું કાંઈ ? આત્મા કોણ છે ? ગુણ શું છે ? દશા શું છે ? એનું સામર્થ્ય કેટલું છે ? એની ખબર વિના પુષ્ટિ ક્યાંથી લાવવી ? જાણેલો હોય આત્મા આનંદ અને શાંતિનો સાગર છે, એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાન થયું હોય, એ અંતરમાં એકાગ્ર થાય તો પુષ્ટિ કરે. એનું નામ પ્રૌષધ કહેવાય. આ તો બધી લાંઘણું છે. 'પુનમભાઈ'! છ-કાય... છ-કાયમાં પોતે નથી ? પોતાને કૂટી માર્યો છે કે નહિ એણે ? જુઓ આ કરું, આ કરું એમ કરી મિથ્યાત્વથી કૂટી માર્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'ચેતનના ચેતન ગુણો હોય છે.'** અચેતનના અચેતન ગુણો હોય છે. **'ષટ્ (છ પ્રકારની) હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો...'** છે. એ પર્યાયમાં વાત આવી. દ્રવ્ય કીધું, એના ગુણ કીધા. થોડી ઝીણી વાત છે. છ પ્રકારની હાનિ-વૃદ્ધિ થાય છે. એક સમયમાં અનંતગુણની હાનિ, અનંતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ હાનિ, અસંખ્યગુણ વૃદ્ધિ એમ છ પ્રકાર પડે છે. એ જરી સૂક્ષ્મ વિષય છે. એ **'હાનિવૃદ્ધિરૂપ, સૂક્ષ્મ, પરમાગમના પ્રમાણથી...'** ભગવાને કહ્યા તે આગમ માનવા લાયક છે. **'સ્વીકારવાયોગ્ય અર્થપર્યાયો છ દ્રવ્યોને સાધારણ છે,...'** બધા દ્રવ્યોને અર્થપર્યાય હોય છે. છએ દ્રવ્યને–કાળને, ધર્માસ્તિને બધાને અર્થ પર્યાય હોય છે.

**'નરનારકાદિ વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે,...'** દેખો ! સમજાણું ? વ્યંજનપર્યાય અહીં સિદ્ધને ન લીધી. **'નરનારકાદિ વ્યંજનપર્યાયો...'** વિભાવિકને અહીં વ્યંજનપર્યાયમાં લે છે ? એ શૈલી આમાં છે. મનુષ્ય, નારકી આદિ આકાર છે ને ? દ્રવ્યનો આકાર.. આકાર... એ વિભાવ **'વ્યંજનપર્યાયો પાંચ પ્રકારના સંસારપ્રપંચવાળા જીવોને હોય છે,..'** લ્યો. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ એવા પાંચ પરાવર્તનમાં રખડનારા એને એ વ્યંજનપર્યાય હોય છે. આ બધું જાણીને એણે અંદર એનો જાણનાર આત્મા છે એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરવી એમાં સ્થિર થવું એ એનો સાર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** સમ્યક્-સન્મુખ જીવને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એટલે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે... આ જ સ્વભાવ છે... આ જ સ્વભાવ છે—એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ૠદ્ધિવાળો કેમ દેખીએ ? મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે. ૧૪૩.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૩૯, ૧૪૦, પ્રવચન નં. ૧૭૮, તા. ૨૮-૦૬-૧૯૭૫ [૯]

૧૩૯. જ્ઞેયતત્ત્વ.

**'ટીકા :– કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ....'** જુઓ ! છેલ્લે આવશે. **'તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.'** છેલ્લી લીટી છે ને ? એ આને બતાવે છે. ૧૩૯ શરૂ થાય છે ને ? એના પેરેગ્રાફની છેલ્લી લીટી સાથે મેળ છે. **'કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે...'** પ્રદેશ એટલે આકાશનો. **'જે પ્રદેશ વ્યાપ્ત હોય...'** **'પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ વ્યાપ્ત હોય...'** જરી ધીમેથી સાંભળવું. **'તે પ્રદેશને જ્યારે પરમાણુ મંદ ગતિથી અતિક્રમે...'** તે પ્રદેશને. કોને ? આકાશનો પ્રદેશ છે. એમાં કાળાણું વ્યાપ્ત છે. હવે એને સિદ્ધ કરવું છે. જરી સૂક્ષ્મ વિષય થોડો હોય, સાંભળવું. ન સમજાય એમ ન માનવું.

**'મંદ ગતિથી અતિક્રમે (ઓળંગે) ત્યારે પ્રદેશમાત્ર અતિક્રમણના પરિણામના બરાબર...'** છે ને ? **'જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ 'સમય'...'** એક પ્રદેશ આકાશમાં જે કાળાણુ છે એમાં વ્યાપ્ત (છે). હવે એને સિદ્ધ કરે છે કે એક પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય એમાં એક સમયનું માપ આવી જાય છે. એ સમય છે એ કાળની પર્યાય છે. સમય કાળ છે ને ? એની પર્યાય છે. **'તે કાળપદાર્થનો પર્યાય છે;...'** જોયું ? 'છોટુભાઈ'! આહા..હા...! **'અને આવા તે પર્યાયના પહેલાંની તેમ જ પછીની વૃત્તિરૂપે વર્તતો...'** એક સમય પહેલો અને પછી બીજો એમાં જે વર્તતું દ્રવ્ય, **'જેનું નિત્યત્વ પ્રગટ થાય છે...'** એ કાળ નિત્ય છે.

એક સમયમાં પરમાણુ આકાશના પ્રદેશથી બીજા પ્રદેશે મંદ ગતિથી જાય, ત્યાં એક સમયનું માપ આવી જાય છે. અને એક સમયની પર્યાય, એને પર્યાય કહે છે. અને એ પર્યાય પૂર્વ અને પછીની, એને સંધિવાળું દ્રવ્ય તે નિત્ય છે. ઉત્પન્ન-ધ્વંસી પર્યાય એ અવસ્થા છે અને ઉત્પન્ન-ધ્વંસી વિનાનું તત્ત્વ જે અંદર છે, એટલામાં... જેટલામાં સમયનું માપ આવ્યું તેટલામાં એ દ્રવ્ય છે. કારણ કે પર્યાય જે ક્ષેત્રે તેટલામાં દ્રવ્ય છે. એટલું દ્રવ્યનું ક્ષેત્ર છે. ભાઈ ! 'ચંદુભાઈ'!

**'એવો પદાર્થ તે દ્રવ્ય છે.'** એ કાળને સિદ્ધ કર્યો. જુઓ ! ઓહોહો..! જે શ્વેતાંબર સર્વજ્ઞને માનતા નથી. પરમાત્મા કેવળીના કેડાયતો સંતોએ કાળને માનતા વાત સિદ્ધ કરી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! આ રીતે દ્રવ્ય છે. **'આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે...'** એ તો પર્યાય ઉત્પન્ન ને વ્યય થાય છે. દ્રવ્ય તો ધ્રુવ છે. **'અને પર્યાયસમય ઉત્પન્ન-ધ્વંશી છે...'** પર્યાય તો એક સમયમાં ઉત્પન્ન-ધ્વંશી–નાશ (પામે છે). **'આ 'સમય' નિરંશ છે,...'** એ સમય નિરંશ છે. કોણ ? પદાર્થ. આખો કાળદ્રવ્ય. એના ભાગ નથી પછી. **'કારણ કે જો એમ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.'** આકાશનો પ્રદેશ પણ એક જ પ્રદેશમાં છે. એમાં એ આખું એક જ દ્રવ્ય છે. એટલામાં એક જ દ્રવ્ય છે. એથી જો એક દ્રવ્ય એક જ રૂપ અને નિરંશ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું સિદ્ધ થતું નથી. આકાશના પ્રદેશનું નિરંશપણું. પ્રદેશ છે એમાં બીજો પ્રદેશ નથી. આકાશનો એક પ્રદેશ છે એ બીજો પ્રદેશ નથી. નિરંશિત થઈ જાય છે. એ પ્રદેશનો અંશ બીજો છે, એમ નથી. આકાશનો એક પ્રદેશ છે એનો બીજો અંશ છે એમ નથી. એમાં એ પર્યાયનું સિદ્ધપણું થયું, તો એ એટલા પરિણામ એ કાળદ્રવ્ય છે, તો એટલામાં એક જ આકાશનો પ્રદેશ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત છે.

**'વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં...'** હવે સમયના ભાગ નથી પડતા એમ કહેવું છે. આકાશના પ્રદેશનો ભાગ ન પડ્યો. એક જ પ્રદેશ ભિન્ન છે. એમાં કાળદ્રવ્યનો અંશ ભિન્ન છે, એ સમયમાં એટલામાં આખું કાળદ્રવ્ય છે. કાળદ્રવ્ય જુદું છે, એના–દ્રવ્યના બે ભાગ પડે છે એમ નથી. **'એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં 'સમય'ના અંશો પડતા નથી;...'** એક સમયમાં ચૌદ બ્રહ્માંડ જાય, તો એક સમયનો અસંખ્યમો ભાગ, એક પ્રદેશથી બીજે પ્રદેશે અસંખ્યમો થઈ જાય એમ કરીને આખો એક અસંખ્ય પ્રદેશી એક સમય, એમ ભાગ પડતો નથી. 'સુજાનમલજી'! આહા..હા...!

સર્વજ્ઞસ્વભાવ. આમાં તો સિદ્ધ એ કરવું છે કે જેમ પરમાણુ એક સમયમાં આમ જાય છતાં એ સમયના ભાગ નથી. એમ એક સમયની કાળની પર્યાય, એક પરમાણુ એક પ્રદેશથી બીજે જતાં... જ્યાં કાળનું માપ એટલામાં આવી જાય છે, એથી તેટલી પર્યાય, એટલું ત્યાં દ્રવ્ય છે. એક પ્રદેશમાં જ એ દ્રવ્ય અખંડ છે. એ કાળદ્રવ્ય બીજે પ્રદેશે છે એમ નથી. તેમ પ્રદેશ આકાશનો પણ એકલો સિદ્ધ થઈ જાય છે. એકલા અંશમાં આખું દ્રવ્ય છે. એ નિરંશ છે. એ પ્રદેશનો અંશ નથી પાછો. એ પ્રદેશ છે એનો બીજો ભાગ નથી. આહા..હા..! **'ગતિ પરિણામ હોય છે.'** છે ?

**'કારણ કે જેમ (પરમાણુને) વિશિષ્ટ (ખાસ પ્રકારના) અવગાહપરિણામ હોય છે...'** એક પરમાણુ હોય ત્યાં અનંતા પરમાણુ રહે એવો પરમાણુમાં અવગાહગુણ છે. આકાશનો છે એ જુદી વાત છે. **'તેમ (પરમાણુને) વિશિષ્ટ ગતિપરિણામ હોય છે.'** તે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુનો સ્કંધ બને છે. એક પરમાણુના પહોળાઈ જેટલો અનંત સ્કંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. આહા..હા...! '**અનંત પરમાણુઓનો સ્કંધ બને છે તો પણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો...**' એક પરમાણુ જેટલો સ્કંધ એમાં અનંતા રજકણો, એ કંઈ એક પરમાણુનો અનંતમો ભાગ સિદ્ધ કરે છે એમ નથી. પરમાણુ પરમાણુ અખંડ સિદ્ધ છે. આહા..હા...! ભારે વાત, ભાઈ !

અહીંયાં તો એમ આવ્યું હતું કે એક પરમાણુના એક પ્રદેશમાં અનંત પરમાણુનો સ્કંધ રહે, છતાં એ પરમાણુનો અનંતમો ભાગ ત્યાં છે એમ થતું નથી. પરમાણુ અખંડ પૂર્ણ છે. એક પરમાણુના કદ જેટલો અનંત રજકણનો સ્કંધ થાય, છતાં એ પરમાણુનો અનંત રજકણ છે માટે અનંતમો ભાગ (છે) એમ નથી. એ પરમાણુ ત્યાં અખંડ છે. એમ દરેક પરમાણુ ત્યાં અખંડ છે. એમ પ્રદેશ અખંડ છે એમાં બીજો ભાગ નથી. એમાં અનંતા પરમાણુ આવે છતાં. એમ કાળની એક સમયની પર્યાય એટલામાં અખંડ છે. એનું દ્રવ્ય પણ ત્યાં અખંડ છે. આ જાણનાર કોણ ? એ તો ન્યાં થાય છે. એ જાણનાર જ્ઞાનની પર્યાય છે. સમજાણું ? એ આમ છે અને તેમ છે એ એને ક્યાં ખબર છે ? આહા..હા...!

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છ દિશા. એ જુદી વાત છે. એ તો પર્યાયનો એક ભેદ પડ્યો. વસ્તુ તો એક અખંડ છે. અહીંયાં તો કહેવું છે કે એક પરમાણુ એક સમયમાં આમ જાય છતાં સમયમાં ભેદ નથી. આકાશના એક પ્રદેશમાં અનંત પરમાણુ આવે તેથી એક અંશનો ભેદ નથી. તેમ એક પરમાણુના કદ જેટલા અનંત રજકણ થાય, તો તેથી પરમાણુનો ભાગ નથી. આહા..હા...! સમજાણું ?

અહીંયાં તો એથી વિશેષ વાત તો એ લીધી હતી ને રાત્રે ? કે એવી એક સમયની પર્યાય, અનંત ગુણ છે, ત્રણકાળના સમયો છે, એનાથી અનંતમે ભાગે દ્રવ્યો છે. અને એ દ્રવ્યથી અનંતગુણો કાળ છે, એનાથી અનંતગુણું ક્ષેત્ર છે, એનાથી અનંતગુણો ભાવ છે. ભૂતકાળની આદિ નથી એટલો કાળ. જેની શરૂઆત નથી એટલો કાળ. એનાથી અનંતગણું જીવદ્રવ્ય છે. ત્રણકાળથી અનંતે ભાગે છે.

**શ્રોતા :–** ભૂતકાળ ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનંતગુણા જીવો. જેનો કાળનો અંત નથી એનાથી પણ આ જીવની સંખ્યા અનંતગુણી છે. અને જીવની સંખ્યા અનંતગુણી કરતાં પુદ્ગલની સંખ્યા અનંતગણી છે, એના કરતાં અનંતગણી કાળની સંખ્યા, એથી અનંતગુણી ક્ષેત્રની, એથી અનંતગુણા એના ગુણની. એટલે કે એક સમયની એની પર્યાયો એટલી છે કે ક્ષેત્રના પ્રદેશથી અનંતગુણી પર્યાય છે. એક સમયમાં અનંત ગુણની પર્યાય. એવી એવી પર્યાય ત્રણકાળની ગણીએ, એકદ્રવ્યની, હોં ! તો પણ અનંતગુણી, કાળના સમયથી અનંતગુણી થઈ, કાળના સમય જેટલી અનંતગુણી. જેમ આકાશના પ્રદેશથી અનંતગુણી પર્યાય અને એવી જ પર્યાયથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંતગુણી. એવડી એમ નહિ. કાળના જે પરમાણુ છે એટલી અનંતગુણી થઈ. સમજાણું કાંઈ ?

અને એવો જે આત્મા, આવા અનંત ગુણ અને એની અનંતી પર્યાય, એને પ્રતીત કરવા વિકલ્પની તાકાત નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે, ભાઈ ! કેમ કે વિકલ્પ તે અચેતન છે. 'ચેતનજી' ! સમજાય એટલું પકડવું. વસ્તુ સત્ છે. એટલે વ્યવહારનો જે વિકલ્પ છે, એનાથી આવા અનંતગુણરૂપ દ્રવ્ય, જેના અપાર ગુણની સંખ્યા, માપ નથી. કાળનું અહીં માપ નહિ, આદિ નહિ, ભવિષ્યની પછી રાખો. જીવનું માપ નહિ અનંત. એથી અનંતગુણા પરમાણુ, પછી ત્રિકાળ, પછી ક્ષેત્ર એથી અનંતગુણી પર્યાય. એક સમયની અનંતગુણી પર્યાય. એટલે અનંતગુણ એવા પર્યાયો. ઓહોહો..! એવી ત્રણકાળની પર્યાયોનો સમૂહ એ ગુણ. એવા અનંતગુણનો સમૂહ, તે દ્રવ્ય. એ દ્રવ્યને પ્રતીત કરવા માટે વિકલ્પ કામ ન કરે. એ દ્રવ્યને પ્રતીત કરવામાં એ દ્રવ્યની જે પર્યાય સામર્થ્યવાળી છે,... સમજાણું કાંઈ ? એ દ્રવ્યના ગુણ અને એની જે સામર્થ્યવાળી પર્યાય છે, એક સમયની પર્યાય, હોં ! દ્રવ્ય-ગુણને પ્રતીત કરવાની એ પર્યાયની તાકત છે.

**શ્રોતા :–** વિકલ્પની તાકાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તાકાત નથી. ચૈતન્યની તાકાત.. આ તો જ્ઞાનની પર્યાય છે. આહા..હા...! ભલે એક સમયની હો. આહા..હા...! સમજાણું કાંઈ ? એવો જ વસ્તુનો સ્વભાવ છે. એ પર્યાય એની છે, એ પર્યાયમાં એક સમયની એક પર્યાય, અનંત ગુણને અને એવી અનંતી પર્યાય પ્રગટ છે તેને, એ બધી પ્રતીતમાં લઈ શકે છે. એ પર્યાયનું એટલું સામર્થ્ય છે. નિર્મળ સમ્યક્ પર્યાય, નિર્મળ સમ્યગ્જ્ઞાનની એક સમયની પર્યાય, એટલી એની તાકત છે. આહા..હા...! એવો એ ઈશ્વર છે.

એવા અનંત ગુણનું એકરૂપ, એની પ્રતીત કરવા માટે એની સન્મુખ જવું પડે. જે વિમુખ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એના જે ગુણ છે, તેની પર્યાયને તેની સન્મુખનો અર્થ, સન્મુખ થયો એનો અર્થ સ્વીકાર કર્યો. એ છે એવો સ્વીકાર ત્યારે થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? અને ત્યારે એને આનંદનો સ્વાદ પણ સાથે આવે. કારણ કે પર્યાયથી પકડાણું છે, વિકલ્પથી નહિ. અને પર્યાયમાં અનંતા ગુણોનું એકરૂપ પ્રતીતમાં આવ્યું એટલે શક્તિના જેટલા અંશો ગુણમાં છે, બધાના અંશો એની વ્યક્ત દશામાં આવી જાય છે. આહા..હા...! તેથી સમ્યગ્દર્શનની પર્યાય આટલી તાકાતવાળી છે, એની મહોરછાપ આનંદની છે. ટ્રેડમાર્ક એનો આનંદનો છે. હમણા ઓલા બોલ્યા હતા ક્યાંક, નહિ ? ભક્તિમાં કાંઈક.. એય..! 'ધનજીભાઈ'! શું કાંઈક બોલ્યા હતા ? આનંદ વીસરે. ભક્તિ-પૂજામાં બોલ્યા હતા. ભગવાનની ભક્તિમાં એ કાંઈ. હમણા હું ત્યાં હતો ને.

હા. એ. આનંદ વીસરે. એને પણ ખબર નહિ હોય. .... હું ત્યાં દર્શન કરવા ગયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતો. આમ બહુ બોલવા કરતાં સમજવામાં ધ્યાન રાખો. એ કાંઈ ભગવાનની ભક્તિ અને આરતીથી આનંદનો વિસ્તાર ન થાય. શબ્દ તો એમાં એ આવ્યો હતો. ખબર છે. ફક્ત એનું વ્યવહાર-ભક્તિ કરનારનું પણ લક્ષ્ય તો દ્રવ્ય ઉપર છે. એથી અહીં આનંદનો વિસ્તાર થાય છે. એમાં આ વિકલ્પ છે એને આરોપ દઈને એમ કહેવામાં આવે છે. કેમ કે અશુભ પરિણામ વખતે આનંદનું મંદપણું છે. શુભ વખતે વિશેષ છે અને શુદ્ધ વખતે વિશેષ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એનો આનંદ ગુણ છે ને ? અને ગુણ છે એ પ્રતીતમાં લીધો, આહા..હા...! એટલે પર્યાયમાં આનંદનો અંશ આવ્યો. પણ અશુભભાવ છે ત્યારે આનંદ અલ્પ વેદાય. શુભ વખતે એનાથી થોડો વિશેષ, શુદ્ધ વખતે વિશેષ (વેદાય). એવો જ એ ગુણનો અને રાગની મંદતા-તીવ્રતા સાથે આવો સંબંધ છે. આહા..હા...!

અહીં કહે છે કે જેટલી પર્યાય એક દ્રવ્યની, એક ગુણની અનંતી છે, એ પર્યાયથી અનંતગુણા... એ પર્યાયને અનંતમે ભાગે દ્રવ્ય છે. શું કીધું એ ? બધા દ્રવ્ય એ પર્યાયને અનંતમે ભાગે છે અને દ્રવ્યથી અનંતગુણી એની એક સમયની પર્યાય છે. જેટલા દ્રવ્ય છે એનાથી અનંતગુણી એક દ્રવ્યની પર્યાય છે. આહા..હા..! શું દ્રવ્યનું પેટ ઊંડું ગંભીર. એય..! 'હિંમતભાઈ'! આ બધું પહેલાં સાંભળ્યું ન હોય અને આ કરો.. આ કરો... આહા..હા...! આ તો નિર્વિકલ્પ થવાની રીત છે.

સ્વભાવ, પરમાણુનો સ્વભાવ એક સમય આમ જાય તો પણ ભાગ ન પડે. ક્ષેત્રના એક પ્રદેશમાં અનંત પરમાણુ રહે છતાં ભાગ ન પડે. આહા..હા...! પરમાણુના એક કદ જેટલામાં અનંત પરમાણુનો સ્કંધ થાય, છતાં એ દ્રવ્યનો ભાગ ન પડે. ઓલા પ્રદેશનો ભાગ ન પડે, કાળનો ભાગ ન પડે, ઓલા દ્રવ્યનો ભાગ ન પડે. આહા..હા...! સમજાણું કાંઈ ? એમ એક સમયની પર્યાયમાં અનંતુ અનંતુ જણાય છતાં સમયના ભાગ ન પડે. પર્યાયમાં બીજી પર્યાય છે એમ ન થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો, આ બીજી રીતે આવ્યું. એય...! 'વીરચંદભાઈ'! ૧૩૯. આહા..હા...! એ તો જે આવે એ પ્રમાણે આવે ને ? એક પરમાણુ જેટલા કદમાં અનંત પરમાણુનો અવગાહ થાય, છતાં પરમાણુનો અંશ અનંતમો થયો એમ નથી. આહા..હા...! એક પ્રદેશમાં અનંતા રજકણો સમાય, માટે એક પ્રદેશનો અનંતમો ભાગ થયો એ. એક પરમાણુ રહ્યો એનો એક પ્રદેશ અંશ બીજો રહ્યો, એનો અનંતમો ભાગ ત્રીજો એમ કરીને અનંતો.. એ પ્રદેશ અખંડ છે, સમય અખંડ છે, પરમાણુ અખંડ છે. અનંત કદ થાય. એમ એક સમયની પર્યાય.. આહા..હા...! અનંત ગુણને કબૂલે, એથી એક પર્યાયના અનંત ભાગ પડી ગયા એમ નથી. 'ચંદુભાઈ'! થોડું થોડું આવ્યું. એ તો રાત્રે ચાલતું હતું માટે. રાત્રે પોણો કલાક ચાલ્યું. કહો, સમજાણું ? ચાલતાં-ચાલતાં આવે એ થાય ને. આહા..હા...! આવો સ્વભાવ ! કોના એને માન કરવા છે અને કોની પાસેથી લેવું છે ? જ્યાં પડ્યું છે ત્યાંથી લેતો નથી. આહા..હા...! આનંદની ખાણ, અનંત ગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખાણ, પ્રભુ ! ત્યાં જેટલો એકાગ્ર થાય ત્યાંથી એટલું મળે એવું છે. આ બહારમાં એકાગ્ર થાય એટલું ટળે એવું છે. આહા..હા...!

**'તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,..'** જોયું ! એક પરમાણુના કદ જેટલા અનંતા રજકણો આવીને અવગાહ પામે, તો તેથી કાંઈ પરમાણુનો અનંતમો અંશ સિદ્ધ કરતો નથી. સમજાય છે આમાં કાંઈ ? પરમાણુ તો પરમાણુ અખંડ છે. એનો અનંતમો અંશ. એક પરમાણુના કદ જેટલા અનંતા થઈ ગયા, એથી પરમાણુનો, દ્રવ્યનો અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. આહા..હા...! **'કારણ કે પરમાણુ નિરંશ છે; તેમ જ્યારે એક કાળાણુથી વ્યાપ્ત એક આકાશપ્રદેશના અતિક્રમણના માપ જેવડા એક 'સમય'માં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે...'** પરમાણુની ખાસ ગતિપરિણામને લીધે આખો લોક અસંખ્ય સમય ઓળંગે છે. **'લોકના એક છેડાથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ 'સમય'ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી,...'** એક સમયમાં અસંખ્ય કાળાણુઓ આમ ફરશે માટે એક સમયમાં અસંખ્યમો ભાગ થયો, એમ નથી. આહા..હા...!

**'અસંખ્ય કાળાણુઓ 'સમય'ના અસંખ્ય અંશો...'** અસંખ્ય કાળાણુને સ્પર્શે માટે એક **''સમય'ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી,...'** એક સમયનો અંશ પરિપૂર્ણ છે. એક સમયમાં જ ચૌદ બ્રહ્માંડ આમ ગયો છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? કોઈ વખતે એવું ઝીણુ આવી જાય. આ તો ભગવાનની, ઈશ્વરની લીલા છે આ. આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાનરૂપી ઈશ્વરની લીલા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, જ્ઞાનરૂપી ઈશ્વરની લીલા છે.

**'ભાવાર્થ :– પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર...'** એટલે આંતરા વિના. **'આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને 'સમય' કહેવામાં આવે છે. તે 'સમય' કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે.'** એ સમયમાં એ સમયનું માપ આવ્યું, ત્યાં જ કાળદ્રવ્ય છે. એક પ્રદેશમાં જ કાળદ્રવ્ય છે એમ કહે છે. આહા..હા...!

**શ્રોતા :–** પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય ત્યાં પૂરી ... થઈ. જેટલું પર્યાયનું ક્ષેત્ર એટલું દ્રવ્યનું ક્ષેત્ર છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'કાળ દ્રવ્ય નિત્ય છે;...'** પર્યાયનું માપ આવ્યું એક સમય. નાનામાં નાના કાળનું માપ આવી ગયું એટલે પર્યાયનું માપ આવ્યું. જેટલા ક્ષેત્રમાં પર્યાયનું માપ આવ્યું, એટલા ક્ષેત્રમાં દ્રવ્ય છે. આહા..હા...! પર્યાયથી મોટું દ્રવ્ય હોય કે ક્ષેત્ર નાનું એમ હોય નહિ.

કેવી રીતે સિદ્ધ કર્યું છે ! ઓહોહો..! આવો સ્વભાવ. સર્વજ્ઞે જ્ઞાનમાં જોયો છે. એમાં થાય છે. જેનામાં થાય એની એને ખબર નથી. પરમાણુ ચૌદ બ્રહ્માંડ એક સમયમાં આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય, તો એને ખબર છે ? આહા..હા...! પણ આમ જાય એ એક સમયમાં જાય એના અસંખ્ય કાળાણુ ઓળંગે માટે સમયનો અસંખ્યમો ભાગ પડી ગયો, એક અહીં કાળાણું છે એને અડ્યો, બીજાને અડ્યો એમ કરતાં એનો એક સમયનો અસંખ્યમો ભાગ બીજા સમયનો અસંખ્ય ભાગ.. એમ કરીને સમય છે એમ નથી.. આહા..હા...! કેવી ગંભીર વસ્તુ છે ! કેવળજ્ઞાનનું તત્ત્વ કેવું હશે ? આહા..હા...!

**''સમય' ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે,...'** આકાશ પ્રદેશ નાનામાં નાનો અંશ છે, **'તેના ભાગ પડતા નથી, તેમ 'સમય' કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે, તેના ભાગ પડતા નથી.'** એક સમયમાં ગયો હોય પણ ભાગ પડી જાય છે એમ નથી. આહા..હા...! એ તો ગતિની વિશિષ્ટતાને કારણે એક સમય છે. કાળાણુ અસંખ્યને અડ્યો, માટે અસંખ્ય સમય અથવા એક સમયનો અસંખ્યમો ભાગ પડી જાય, એક પ્રદેશથી બીજે પ્રદેશ જતાં એક સમયનો અસંખ્યમો ભાગ, બીજે પ્રદેશમાં જતા અસંખ્યમો ભાગ એમ કરીને સમયના અસંખ્ય ભાગ પડતા નથી. આહા..હા...! સર્વજ્ઞ ભગવાનનું તત્ત્વ ઝીણું બહુ, ભાઈ ! જિનેશ્વર પરમેશ્વર... આહા..હા..! વાડામાં પડ્યા પણ એની ખબરું ન મળે અને અમે જૈન છીએ એમ માને...!

**'જો 'સમય'ના ભાગ પડે તો તો પરમાણુ વડે એક 'સમય'માં ઓળંગાતો જે આકાશપ્રદેશ...'** છે ને ? **'એક 'સમય'માં ઓળંગાતો જે આકાશપ્રદેશ તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ.'** આહા..હા..! એક-એક પ્રદેશમાં ભાગ પડતો નથી. પ્રદેશ અખંડ છે. **'પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છે; તેથી 'સમય' પણ નિરંશ જ છે.'** એક પ્રદેશ અને બીજે પ્રદેશ એમ ઓળંગતા પ્રદેશના ભાગ પડતા નથી. એમ એક સમયમાં આમ ઓળંગતા સમયના ભાગ પડતા નથી.

**'અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પુદ્ગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક 'સમય'માં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણીબદ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે, માટે અસંખ્ય કાળાણુઓને સ્પર્શતો હોવાથી 'સમય'ના અસંખ્ય અંશો પડવા જોઈએ.'**

**શ્રોતા :–** એક સાથે સ્પર્શ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક સાથે થાય એમાં... આહા..હા...! એવો જ એનો સ્વભાવ છે. એક સમયમાં સિદ્ધ કીધા ને. ઓહોહો..! સિદ્ધપણું તો અહીં ઉત્પન્ન થયું, અને આમ જરી ગયું અને રહ્યું અહીંયા, એ બધો સમય એક. આહા..હા...! ત્યાં કાળના ત્રણ ભાગ ન પડ્યા. ત્યાં ઉત્પન્ન થયો એના એક સમયનો બીજો અંશ, વચમાં આમ ગયો એ બીજો અંશ... એક વસ્તુ તો જુઓ ! એને જાણનારું જ્ઞાન છે. એની વાત છે. આહા..હા...!

જે સ્વરૂપનું જ્ઞાન થયું, એ જ્ઞાન આ બધા જ્ઞાનને બરાબર જાણી શકે છે. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? અનંત ગુણનું ધામ, અગાધ ગુણ. ક્ષેત્રના અંશનો અંત નહિ, કાળના ભાગનો અંત નહિ, ગુણની સંખ્યાનો અંત નહિ. ઓહોહો..! એવા અનંત ગુણનું એકરૂપ, એને અંતર્મુખ પકડતા પર્યાયમાં અનંતગુણું સામર્થ્ય પ્રગટ થાય છે. સમકિતમાં, જ્ઞાન અને ચારિત્રમાં. આહા..હા...! પ્રભુતા અનંતી પ્રગટ થાય છે. એવા આત્માનું દર્શન સમ્યક્, એવા આત્માનું જ્ઞાન સમ્યક્ એની શું કીંમત, કહે છે. એનું શું મહાત્મ્ય ! અલૌકિક વસ્તુ છે. દ્રવ્યને પકડનાર જ્ઞાનનું મહાત્મ્ય છે. દ્રવ્યનું તો મહાત્મ્ય છે પણ જાણ્યું કોણે ?

**શ્રોતા :–** સિદ્ધ કર્યું પર્યાયે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયે સિદ્ધ કર્યું ને. હું અખંડ અભેદ છું. એ કોણ નિર્ણય કરે છે ? ધ્રુવ નિર્ણય કરે છે ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખ ધામ' પણ કોણ જાણે ? પર્યાય જાણે છે. હું આ શુદ્ધ છું, હું આ બુદ્ધ છું, હું આ અખંડ છું. એ તો પર્યાય છે. પણ એ પર્યાયનું ધ્યેય છે તે હું છું. પરિણામ પરિણામીને પકડે છે, એથી પરિણામનું મહાત્મ્ય છે. મહાત્મ્ય તો પરિણામ કરે છે ને ! દ્રવ્ય મહાત્મ્ય કરે છે ? આહા..હા...! અલૌકિક વાતું છે ! બાપુ ! આહા..હા...!

**'જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહપરિણામને લીધે જ છે; (પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારની અવગાહપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે;)'** છે ને નીચે ? **'આકાશમાં પણ અવગાહહેતુત્વગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.'** આહા..હા..! આકાશનો એક પ્રદેશ જેટલા સ્કંધો છે એ સૂક્ષ્મ થઈને આવે તો અવગાહ આપે. કાળનો એક સમય અનંત દ્રવ્યને વર્તમાનમાં નિમિત્ત થાય .... પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં ક્ષેત્રાંતર થાય અને એક સમયમાં અનંતગુણી કાળી, રાતી આદિ પર્યાયપણે પરિણમે એવો એનો સ્વભાવ છે.

એમ ભગવાનઆત્માનો સ્વભાવ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક અનંતા ગુણો છે જેની સંખ્યા નથી, એવા એવા અસંખ્ય તો દ્રવ્ય અને એવા એવા અનંતા ગુણો અને એવા અનંત ગુણની અનંતી પર્યાય. આહા..હા...! એને અડ્યા વિના, સ્પર્શ્યા વિના એક સમયમાં જાણી શકે એવી સમ્યક્ પર્યાયની તાકાત છે. સમજાણું કાંઈ ? આ ભાષા તો સાદી છે. કાંઈ બહુ એવું (અઘરું નથી). 'છોટુભાઈ'! ભાષા તો કાંઈ બહુ એવી ઝીણી નથી.

**શ્રોતા :–** વાત ઝીણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત ઝીણી છે. ભાવ ઝીણા. ભાવ તો ઝીણા જ હોય ને. આહા..હા...!

એક જીવની અનંતી પર્યાય કાળથી અનંતગુણી છે. ત્રણકાળના સમયથી એક દ્રવ્યની, ગુણની અનંતી પર્યાય ત્રિકાળથી અનંતગુણી છે. અનંત પર્યાયથી અનંતમે ભાગે ત્રણ કાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયની સંખ્યા... ત્યારે આ પ્રશ્ન ઊઠ્યો ને કે એક નિગોદના જીવ ત્રણ કાળના સિદ્ધ એ નિગોદના શરીરથી અંશમાત્ર છે. એ તો વર્તમાનની અપેક્ષાથી કથન છે. એય..! આમ ત્રણ કાળને ગણો તો તો સિદ્ધથી કાળ અસંખ્યગણો જ છે. શું કહ્યું એ ? જેમ વર્તમાનકાળ સુધી સિદ્ધ થયા તો સિદ્ધ કરતાં કાળ કેટલો ગયો ? અસંખ્ય ગણો. કેમ કે છ માસ અને આઠ સમયમાં છસ્સો ને આઠ સિદ્ધ થાય. છસ્સો અને આઠ સંખ્યા કરતાં છ માસની સંખ્યા અસંખ્યગુણી છે. શું કીધું ઇ ?

કાળની સમયની સંખ્યા ભૂતકાળની, સિદ્ધની સંખ્યા કરતાં અસંખ્યગણી છે. સિદ્ધની સંખ્યા કરતા કાળની, સમયની, ભૂતકાળની અસંખ્યગણી સંખ્યા છે. એથી અનંતગુણી તો એક દ્રવ્યના ગુણની એક સમયની પર્યાય છે. એવી એવી પર્યાય અનંતા દ્રવ્યની. પણ એ દ્રવ્ય કેટલા ? કે જે અનંતી પર્યાય છે એને અનંતમે ભાગે દ્રવ્ય છે. અને એ દ્રવ્યના ગુણો જે છે એની પર્યાય આનાથી... અસંખ્યમે ભાગે દ્રવ્ય હતા ને ? પણ ગુણ તો ઘણા છે. તો એવી એવી પર્યાય પણ અસંખ્યગુણી થઈ ગઈ. એકની પર્યાય એવી અસંખ્ય દ્રવ્યની એટલે અસંખ્યગુણી થઈ ગઈ ને ? અને એ પર્યાય પણ કાળથી અનંતગુણી થઈ. એક દ્રવ્યના ગુણની પર્યાય કાળથી અનંતગુણી, એવી અસંખ્ય દ્રવ્યની ગુણ-પર્યાય કાળથી અનંતગુણી. આહા..હા...! શું ભગવાનનું દ્રવ્ય !

**'એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુના ખાસ પ્રકારના ગતિપરિણામને લીધે...'** એની ગતિની વિશેષતાની શક્તિને લીધે છે. એથી ત્યાં કાળના ભાગ પડી જાય છે, એમ નથી. **'(પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિ-પરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે;) તેથી કાંઈ 'સમય'ના અસંખ્ય અંશ પડતા નથી.'** જુઓ ! આ ફરીવાર આવ્યું, 'વીરચંદભાઈ'! આવ્યું હતું એ રાતની ચર્ચાને કારણે. નહિતર તો નહોતું લેવું. સમજાણું કાંઈ ? આહા..હા..!

અનંતા ગુણો એ વીતરાગભાવથી ભરેલા છે. વીતરાગભાવની પર્યાયે જ એ જણાય એવું છે. કેમ કે આત્માનો જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ ગુણ છે. તો અનંતા ગુણો વીતરાગસ્વભાવી થઈ ગયા. ભલે સંખ્યાની હદ વિનાના ગુણો હો. ઓહોહો..! ક્ષેત્રની હદ નથી, કાળની હદ નથી એને જ્ઞાન જાણી જાય છે. એ ભાવની હદ નથી એને પણ જ્ઞાનની પર્યાય જાણી જાય છે. એ પર્યાયની કેટલી તાકાત છે ! આહા..હા...! સ્થિરતા કરવી એથી તો અનંતગુણી તાકાત છે. પણ એ શ્રદ્ધાગુણ અને જ્ઞાનની પર્યાયની આટલી તાકાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની આટલી તાકાત છે. આહા..હા...! પોતાનો પુરુષાર્થ એથી અનંતગુણો, એ તો પર્યાયના પુરુષાર્થની અપેક્ષાથી વાત છે. પણ પર્યાયે જે દ્રવ્યને લક્ષમાં લીધું છે, તેનું તો આટલું સામર્થ્ય છે. જેની દૃષ્ટિમાં દ્રવ્યની મુખ્યતા વર્તે છે. ૧૩૯ ગાથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ. પરમાણુ, સમય, પ્રદેશ અને પર્યાય બધા અખંડ છે. પરમાણુ દ્રવ્ય તરીકે, પ્રદેશ ક્ષેત્ર તરીકે, સમય કાળ તરીકે, પર્યાય એક સમયની અવસ્થા તરીકે. આહા..હા...! ભગવાનનું શાસન...

**શ્રોતા :–** આ બધાયને... દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું સમાઈ ગયું ને. આ પણ પોતાના દ્રવ્ય લ્યો તો દ્રવ્ય નિર્વિકલ્પ છે, ક્ષેત્ર લ્યો તો અસંખ્યપ્રદેશી છે, કાળ લ્યો તો અનંતી પર્યાય એનો કાળ છે, ગુણ લ્યો તો અનંત ગુણ છે. દ્રવ્ય લ્યો તો નિર્વિકલ્પ વસ્તુ છે, ક્ષેત્ર લ્યો તો અસંખ્યપ્રદેશી છે, કાળ લ્યો તો અનંતી પર્યાય છે, ભાવ લ્યો તો અનંતા ગુણ છે. આહા..હા...! એક સમયમાં બધાને પકડે છે. નિર્વિકલ્પ દ્રવ્યને, અસંખ્ય પ્રદેશને, અનંત ભાવને, અનંતી પર્યાયને પણ એક સમયની પર્યાય પોતે એને પણ માને, પોતાને માને અને આને માને. આહા..હા...! આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ અને લોકો જ્યાં-ત્યાં માથા ફોડે.

**શ્રોતા :–** આ .. સર્વજ્ઞપણે જે આવી વાત કરે એ આપ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો વસ્તુસ્થિતિ આવી છે. તો હવે આ લોકો જ્યાં-ત્યાં ભટકે છે. અહીં છે... અહીં છે... અરે..! બાપા ! ક્યાંય છે નહિ, ભાઈ ! આ વાતની ગંધ જિનેશ્વરદેવ સિવાય (ક્યાંય નથી). આવો ગંભીર સ્વભાવ... આહા..હા..! એનું માપ જેણે કરી નાખ્યું, પ્રમાણ કરી નાખ્યું ને ? આ જ્ઞેયનું જ્ઞાન થઈ ગયું. પ્રમાણ થઈ ગયું. એ પ્રમાણ તે પ્રમાણ છે. આહા..હા...! કહો, પોણો કલાક થયો આ. ફરીને. હવે એમાં... 'રામજીભાઈ' કેટલી વાર કહે છે. પોણો કલાક પછી દસ મિનિટ જ બાકી છે. આહા..હા...!

એમાં વિશેષતા તો એ કે એક સમયની પર્યાયમાં અનંત પર્યાય જાણે, અનંત ગુણ જાણે છતાં પર્યાયમાં અનંત ભાગ નહિ. અવિભાગ પ્રતિચ્છેદ સામર્થ્યની શક્તિ વિશેષ ભલે હો, પણ પર્યાય બે નહિ. આહા..હા...! પ્રદેશના બે ભાગ પડે નહિ, સમયના બે ભાગ પડે નહિ, પર્યાયના બે ભાગ પડે નહિ. આહા..હા...! એવી જે પર્યાય એ જીવના સ્વરૂપને પકડી શકે. રાગની પર્યાય ચાહે તો ભગવાનની ભક્તિ હો, એને પકડી શકે નહિ કારણ કે રાગ અચેતન છે. આહા..હા...! વ્યવહાર અચેતન છે, એ નિશ્ચયચેતનને કેમ પકડે ? કેમ જાણે ? આહા..હા...! રાગ વ્યવહારથી નિશ્ચય જણાય એ ગડબડી બહુ મોટી ગડબડી છે. એની ભગવાનની જે સામર્થ્યવાળી પર્યાય, તે તેને પકડે અને જાણી શકે. આહા..હા...! એ પણ પર્યાયમાં ઊભા રહીને નહિ. કારણ કે જેનું મહાત્મય છે, દૃષ્ટિ છે એ એમાં દૃષ્ટિ રહે, એને સ્થાપે ત્યારે પર્યાયનું મહાત્મ્ય થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? હવે ૧૪૦મી ગાથા.

આ પ્રશ્ન તો અહીંથી વધારે ઊઠ્યો કે ત્રણકાળના સિદ્ધ કરતાં સિદ્ધના જીવોની સંખ્યા નિગોદને અનંતમે ભાગે છે. અંશ છે એમ કીધું ને ? પણ એનો અર્થ આ. આમ જો માપ કરવા જાય તો ત્રણકાળ તો જ્યારે જ્યારે સિદ્ધ થશે એ સિદ્ધની સંખ્યા કરતાં કાળ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસંખ્યગુણો છે. એ રીતે ત્રણકાળને મેળવવા જાય તો નહિ મળે. કારણ કે સિદ્ધની સંખ્યા કરતાં કાળ અસંખ્યગુણો અને જીવની સંખ્યા કાળ કરતાં અનંતગુણી. મેળ શી રીતે ખાશે ? એય..! 'ચેતનજી'! શબ્દ પડ્યો છે એ નિગોદનો. એ કાઢ્યો આમાં. ગાથાનો .. આવ્યો હતો ને ? એ તો પહેલું કહેવાયું. 'વધે ન સિદ્ધ અનંતતા ઘટે ન રાશ નિગોદ, જૈસે થે તૈસે રહે જિનવચન ...' ઓહોહો..! એ શ્લોક ઉપર આ શ્લોક છે. આ શ્લોક છે એના ઉપર એ શ્લોક છે.

'એક નિગોદ શરીર મેં જીવ અનંત અપાર, ધરે જનમ સબ એક તે મરહે એક હી વાર. મરણ અઢારવાર કર જનમ અઢાર .. એક શ્વાસોશ્વાસમેં યહ નિગોદકી ટેવ. એક નિગોદ શરીર વખાણ, તીનકાલ કે સિદ્ધ એક અંશપરમાણ, બઢે ન ચીજ અનંતતા, ઘટે ન રાશ નિગોદ.' એમાં વધે તો પણ અનંતમાં અનંતમાં ભાગનું એને શું કહેવું, કહે છે અને ઘટે તો અનંતમાં-અનંતમાં ભાગનું એ ઘટે વધે શું ? અનંતનો મોટો થોકડો પડ્યો છે. 'બઢે ન સિદ્ધ અનંતતા ઘટે ન રાશ નિગોદ, જૈસે કે તૈસે રહિ જિનવચન વિનોદ. તાતે વાત નિગોદ કી કહે કહાલો કોઈ, સાધારણ પ્રકૃતિ ઉદય .. નિગોદીય હોય. ... બાકી ચૌદ ...' આ 'બનારસી વિલાસ' છે. ગૃહસ્થો આવું કામ કરી ગયા છે. સનાતન સત્ય હતું. નહિતર તો એ શ્વેતાંબર હતા. પછી આ મળી ગયું. શ્રૃંગારી હતા. પણ સત્ય મળી ગયું, પછી થઈ રહ્યું. સર્વજ્ઞની જે પરંપરા હતી એ હાથ લાગી ગઈ.

**'હવે આકાશના પ્રદેશનું લક્ષણ સૂત્ર દ્વારા કહે છે :–'** પોતે 'કુંદકુંદાચાર્ય.' પહેલો તો આધાર આપ્યો હતો. ૧૩૭ ગાથામાં કહ્યું હતું ને ? ૧૩૭ ગાથામાં કહ્યું હતું. ભગવાન 'કુંદકુંદાચાર્ય' પોતે જ એક સૂત્ર દ્વારા કહેશે. ૧૩૭મા કહ્યું. ૧૩૭ ગાથામાં કહ્યું હતું. ટીકા છે ? **'(ભગવાન કુંદકુંદાચાર્યદેવ પોતે જ (૧૪૦મા) સૂત્ર દ્વારા કહેશે કે આકાશના પ્રદેશનું લક્ષણ એકાણુવ્યાપ્યત્વ છે (અર્થાત્ એક પરમાણુથી વ્યાપ્યપણું તે પ્રદેશનું લક્ષણ છે); અહીં (આ સૂત્રમાં, આ ગાથામાં) 'જે રીતે આકાશના પ્રદેશો છે તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશો છે' એમ પ્રદેશના લક્ષણની એકપ્રકારતા કહેવામાં આવે છે.'** પ્રદેશની બેની લક્ષણતા કરવામાં આવે છે. અને આકાશના પ્રદેશનું લક્ષણ ૧૪૦મા આવશે. એ અહીં આવ્યું. ૧૩૭ ગાથામાં છે. પહેલા આવી ગયું.

**आगासमणुणिविट्ठं आगासपदेससण्णया भणिदं।**
**सव्वेसिं च अणूणं सक्कदि तं देदुमवगासं।।१४०।।**

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.**

આહા..હા...! સંતોને શાસ્ત્રની રચનામાં નિમિત્ત વિકલ્પ થયો. વિકલ્પ નિમિત્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલે તો વિકલ્પના કર્તા નથી. નિમિત્તકર્તા વિકલ્પ નહિ, નિમિત્ત તરીકે છે. પર્યાયના કર્તા વખતે વિકલ્પનો કર્તા હોય, એ નિમિત્તકર્તા એને કહેવાય. આ નિમિત્તકર્તા નહિ. નિમિત્ત ખરું. છે ને બંધ અધિકારમાં ? આનું નિમિત્ત છે. નિમિત્તકર્તા નહિ, આહા..હા...! 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. બીજાના સુખ-દુઃખ થાય છે એમાં અમે તો નિમિત્તમાત્ર છીએ. નિમિત્તકર્તા તરીકે નથી. અજ્ઞાની છે. આહા..હા...! એ ચીજ છે તેનું જ્ઞાન કરવા માટે નિમિત્ત છે.

વીતરાગમાર્ગમાં ઘણું સમજવાનું છે એમ તો મહાત્મ્ય થાય ને ? એમ થોડીઘણી વાત કરીને સમજી ગયા અને થઈ ગયું. આ તો સર્વજ્ઞ પરમેશ્વર છે, બાપુ ! થોડા જ્ઞાનમાં કાંઈ જાણપણું થાય છે એમ થઈ જાય કે ઓ..હો..! હવે તો અમે મોટા થઈ ગયા, પંડિત થઈ ગયા. એમ નથી બાપુ ! એ જીવ પંડિત અને મૂર્ખ બન્ને નથી. આહા..હા...! એ તો પર્યાયની વાત છે. ચૌદ ગુણસ્થાન જીવ ક્યાં છે ? આહા..હા...! અરે..! એની મોસમ આવી છે આ. આત્માને પ્રાપ્ત કરવાની આ મનુષ્ય અવતાર મોસમ છે. આવી મોસમમાં તો જેટલું ઝૂકાય એટલું ઝૂકવું જોઈએ.

**શ્રોતા :–** એ જ ચારિત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ જ ચારિત્ર છે.

**'આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ....'** આકાશના પ્રદેશને સિદ્ધ કરે છે. **'આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ તે આકાશપ્રદેશ છે;....'** એ આકાશનો એક ભાગ અંશ છે. **'અને તે એક (આકાશપ્રદેશ) પણ બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધોને...'** સ્થૂળને તો ન આવી શકે પણ સૂક્ષ્મરૂપે પરિણમેલો હોય, એને **'અવકાશ દેવાને સમર્થ છે.'** આહા..હા...! આકાશનો એક પ્રદેશ બાકીના અનંતા પ્રદેશોને, પાંચ દ્રવ્યોના અને **'સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધોને અવકાશ દેવાને સમર્થ છે.'** ઓ..હો..હો..! એની સમર્થતા એનામાં છે એની ખબર એને ક્યાં છે ? જ્ઞાનને ખબર છે કે એક પ્રદેશ અનંત પરમાણુને અવકાશ દે અને સૂક્ષ્મ પરિણમન સ્કંધ હોય, એ પણ એક જ પ્રદેશમાં આટલી તાકાત છે. ઓહોહો..! એ તાકાતને જાણનારું જ્ઞાન છે. એ તાકાત આકાશના પ્રદેશની તાકાતને આકાશના પ્રદેશની ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? જ્ઞાનની પર્યાયનું મહાત્મ્ય છે. આમ... આહા..હા...!

એક પ્રદેશમાં અનંતા પરમાણુ આવે અને સૂક્ષ્મ સ્કંધ અનંત-અનંતના સ્કંધપણે પરિણમેલા અનંતા આવે એવી એક પ્રદેશમાં તાકાત છે. એ એક સમયની પર્યાય, હોં ! આકાશ દ્રવ્ય અને ગુણ તો ભિન્ન છે. અવગાહની એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે. આહા..હા...! એમ ભગવાનઆત્મામાં એક પર્યાયની આટલી તાકાત છે. ત્રણકાળ-ત્રણલોકથી અનંતગુણો હોય તો જાણી શકે. એના ગુણ-દ્રવ્યની વાત નહિ. એની તો વાત શું કરવી ? આહા..હા...! એવડો આત્મા એને પ્રભુ તરીકે બેસે નહિ અને બીજાને મોટપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આપે, એ પોતાને હીણો કરી નાખે છે. સમજાણું કાંઈ ?

**'આકાશ અવિભાગ (અખંડ) એક દ્રવ્ય હોવા છતાં...'** આકાશમાં કાંઈ દ્રવ્યના ભાગ નથી. **'અવિભાગ (અખંડ)...'** અવિભાગ એટલે ભાગ પડ્યા વિનાનું અખંડ **'એક દ્રવ્ય હોવા છતાં તેમાં (પ્રદેશોરૂપ) અંશકલ્પના થઈ શકે છે,...'** વસ્તુ તરીકે-દ્રવ્ય તરીકે એક અખંડ છે, પણ એના પ્રદેશ તરીકે આની કલ્પના (થઈ શકે છે). **'કારણ કે જો એમ ન હોય તો સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.'** જુઓ ! સમજાણું ? દ્રવ્ય એક જ પ્રદેશ અનંત પરમાણુને આપે છે, તો એની પ્રદેશ કલ્પના થઈ શકે છે. આકાશમાં અનંતા રહે છે એમ નહિ. એક પ્રદેશમાં અનંતા પરમાણુ અને સ્કંધ રહે છે. માટે તે અખંડ દ્રવ્યનો એક અંશ પણ સિદ્ધ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*** કોઈ વ્યક્તિ હાથીનું કે અશ્વનું રૂપ લઈને આવે, વેશપલટો કરે તોપણ જોનારને કુતૂહલ ઊપજે; પરંતુ જીવે પોતાના ત્રિકાળી જ્ઞાયક ભગવાનનાં દર્શન માટે ક્યારેય સાચું કુતૂહલ જ કર્યું નથી. કુતૂહલ એટલે કૌતૂક, જિજ્ઞાસા, આશ્ચર્ય, મહિમા. અહા ! રાગના પડદા પાછળ અંદર આ ત્રિલોકીનાથ જ્ઞાયક બાદશાહ શી ચીજ છે તેને પ્રેમપૂર્વક જોવાનું સાચું કુતૂહલ જ જીવે કદી કર્યું નથી—વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ પ્રભુની વિસ્મયતા આવી નથી. ૧૫૯.**

*** શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન શુદ્ધ દશામાં થયું તે વખતનું જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને રાગાદિને પણ જાણે છે છતાં તે જ્ઞાન પરનું નથી, તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગને લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે. ૧૬૨.**

*** જાણવાલાયક પણ હું, જાણનાર પણ હું ને અનંત શક્તિરૂપ જ્ઞાતા પણ હું છું, ત્રણે થઈને વસ્તુ તો એક છે. પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. વિષય-કષાયના પરિણામ તે પરજ્ઞેય છે ને આત્મા તેનો જ્ઞાતા છે એમ પણ નથી. ૧૬૫.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર-કળશટીકા, કળશ-૨૦૭, પ્રવચન નં. ૨૩૧, તા. ૧૩-૦૨-૧૯૭૮ [૧૦]

'કળશટીકા' ૨૦૭.

(અનુષ્ટુપ)

**वृत्त्यंशभेदतोऽत्यन्तं वृत्तिमन्नाशकल्पनात्।**
**अन्यः करोति भुङ्क्तेऽन्य इत्येकान्तश्चकास्तु मा।।१५-२०७।**

**'ક્ષણિકવાદીને પ્રતિબોધવામાં આવે છે–'** અર્થાત્ એકાન્તે પર્યાયને જ માનવાવાળાને સમજાવવામાં આવે છે. **'इति एकान्तः मा चकास्तु' 'એ રીતે દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકના ભેદ કર્યા વિના...'** શું કહે છે ? દ્રવ્યાર્થિકથી દ્રવ્ય નિત્ય છે અને પર્યાયથી અવસ્થા અનિત્ય છે. બે ભેદનો સ્વીકાર નહિ કરતાં એકાંતનો સ્વીકાર કરવો તે મિથ્યાત્વ છે. આગળ લેશે. એકલા દ્રવ્યનો જ સ્વીકાર કરે અને પર્યાયનો સ્વીકાર ન કરે તો એ પણ મિથ્યાત્વ છે અને એકલી પર્યાયનો જ સ્વીકાર કરે અને ત્રિકાળને ન સ્વીકારે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

**'કોઈ પણ જીવને સ્વપ્નમાત્રમાં પણ એવું શ્રદ્ધાન ન હો.'** આહા..હા...! સ્વપ્નમાં પણ એવી કલ્પના ન હો કે હું એક પર્યાયમાત્ર છું અને ત્રિકાળી દ્રવ્ય નથી. દ્રવ્ય ત્રિકાળ રહેનારી ચીજ છે તે નથી, એવું સ્વપ્નમાત્રમાં પણ ન હો. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'એવું કેવું ?' 'अन्यः करोति अन्यः भुङ्क्ते' 'અન્ય પ્રથમ સમયનો ઊપજેલો કોઈ જીવ કર્મને ઉપાર્જે છે, અન્ય બીજા સમયનો ઊપજેલો જીવ કર્મને ભોગવે છે,–એવું એકાન્તપણું મિથ્યાત્વ છે.'** આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે–જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે.'** એકલી પર્યાયરૂપ પણ નથી, એકલી દ્રવ્યરૂપ પણ નથી. ક્ષણિક બૌદ્ધમતિ આદિ અજ્ઞાની અનાદિથી પર્યાયને જ માને છે અને સાંખ્યમતિ જે વેદાંતી આદિ એકલા દ્રવ્યને જ માને છે, પર્યાયને નથી માનતા. એ કહે કે આત્મા અને આત્માનો અનુભવ, એ તો બે થઈ ગયા. એમ બે નથી. એક જ સર્વવ્યાપક છે – એ પણ ખોટું છે. અને પર્યાયમાત્ર માને છે એ દૃષ્ટિ તો અનાદિથી બૌદ્ધની તો છે પણ અનાદિ અજ્ઞાનીનું પણ પર્યાય ઉપર લક્ષ છે. કેમ કે પ્રગટ પર્યાય છે. વસ્તુ પર્યાયની સમીપમાં પર્યાયની અપેક્ષાએ અપ્રગટ કહેવામાં આવે છે. પર્યાયની અપેક્ષાએ. તેની અપેક્ષાએ પ્રગટ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અવ્યક્ત કહ્યું ને ? પણ અવ્યકત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો પર્યાયની અપેક્ષાએ કહ્યું છે, દ્રવ્યની અપેક્ષાએ વ્યક્ત છે. આહા..! આવી વાત છે, ભાઈ!

**શ્રોતા** :– એક ને એક પદાર્થ વ્યક્ત અને એક ને એક પદાર્થ અવ્યક્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, એક ને એક પદાર્થ વ્યક્ત અને એક ને એક પદાર્થ અવ્યક્ત. આહા..હા...! એ કહે છે, હમણાં બીજા શ્લોકમાં વિશેષ કહેશે.

એ વ્યક્ત–પ્રગટ પર્યાયનો જ અનુભવ અનાદિથી છે ને... નવમી ગ્રૈવેયક અનંત વાર દિગંબર જૈન સાધુ થઈને ગયો, પંચ મહાવ્રતાદિ (પાળ્યા) પણ એની દૃષ્ટિ પર્યાય ઉપર જ છે. બહુ સૂક્ષ્મ વાત, ભગવાન! એ પર્યાયની સમીપમાં આખી અસંખ્ય પ્રદેશી વસ્તુ છે તેની ઉપર કદી દૃષ્ટિ કરી જ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! રાત્રે થોડું કહ્યું હતું અને પહેલાં પણ કહ્યું હતું. શું ? કે જે આ અસંખ્યપ્રદેશી આત્મા છે ને ? તો જે પર્યાય છે તે દરેક પ્રદેશ ઉપર છે.

**શ્રોતા** :– ઉપરના ભાગમાં કે નીચેના ભાગમાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બધા ભાગમાં. બીજું કહેવું છે, એ વાત તો કાલે કહી હતી, પહેલાં ખૂબ કહી હતી કે પર્યાય ઉપરના પ્રદેશમાં જ છે, આ નહિ, અંદર પ્રદેશ અસંખ્ય (છે), એમ નથી. પર્યાય તો અંદરમાં જે આ છે ત્યાં અસંખ્યપ્રદેશનો પિંડ છે તો દરેક પર્યાય દરેક પ્રદેશ ઉપર પર્યાય છે અને આ જે પેટ છે અંદરમાં અસંખ્યપ્રદેશી જીવ છે, અસંખ્ય પ્રદેશનું દળ, તો ઉપરના પ્રદેશની પર્યાય છે એટલું નહિ પણ પ્રત્યેક પ્રદેશ ઉપર પર્યાય અંદરમાં છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા** :– દરેક પર્યાય પ્રદેશની ઉપર રહે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નવી નવી ઉત્પન્ન થાય છે.

**શ્રોતા** :– પ્રદેશની ઉપર રહે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પ્રદેશની ઉપર રહે, અંદરમાં ન જાય. તે દિ' કહ્યું હતું, પર્યાય ઉપર છે તેનો અર્થ શું ? – કે આ અસંખ્ય-પ્રદેશ છે, શરીર-વાણી-મન એક કોર રાખો, કર્મ એક કોર રાખો, અસંખ્યપ્રદેશનો પિંડ છે તો ઉપર ઉપરના પ્રદેશમાં પર્યાય છે એમ નથી. અંતર જે અસંખ્ય-પ્રદેશનો પિંડ છે અંદર તે પ્રદેશમાં પણ પ્રદેશદીઠ ઉપર પર્યાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**શ્રોતા** :– અસંખ્ય પ્રદેશોમાં વ્યાપક.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– વ્યાપક, ઉપર. પણ ઉપરનો અર્થ એટલા માટે કહ્યો. ઉપરનો અર્થ શું ? કે પ્રદેશ અસંખ્ય છે તો પ્રદેશદીઠ ઉપર પર્યાય છે અને અંદરમાં ધ્રુવતા છે.

**શ્રોતા** :– ઉપરથી પર્યાયનું આવરણ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પર્યાય-ફર્યાયનું આવરણ નથી. પર્યાય છે. આવરણ-ફાવરણ કંઈ નથી. સમજાણું કાંઈ ? અહીંયાં તો પર્યાયને ઉપર છે એમ કહીએ છીએ તો ઉપરની વ્યાખ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું એટલી વાત છે. આ શરીરને એક કોર રાખો, કર્મ એક કોર રાખો. અસંખ્ય પ્રદેશનો જે પિંડ છે તો ઉપર ઉપરના પ્રદેશ ઉપર પર્યાય છે એમ નથી, અસંખ્ય પ્રદેશનું અંદર દળ છે તો દરેક પ્રદેશની ઉપર પર્યાય છે. દરેક પ્રદેશની ઉપર પર્યાય છે તો એ પર્યાયને અંદર ઝુકાવવી. સૂક્ષ્મ વિષય છે, પ્રભુ! આહા..હા...! અહીંયાં પણ પ્રદેશ છે ને અંદર અસંખ્ય (પ્રદેશનું) દળ (છે), એ દરેક પ્રદેશની અંદર ઉપર ઉપર પર્યાય છે. ઉપર એટલે ? આ અસંખ્ય પ્રદેશ અહીંયાં છે તેની ઉપર પર્યાય છે એમ નહિ. અંદર જે અસંખ્ય પ્રદેશનું દળ છે (એ બધા ઉપર પર્યાય છે). સમજાય છે કાંઈ ? હેં ?

**શ્રોતા :–** સમજાતું નથી કાંઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વધારે સ્પષ્ટ કરાવવા એમ કહે છે. સમજાય તો છે. વધારે સ્પષ્ટ કરાવવા કરે છે.

આ ઉપર ઉપર છે એ જ પ્રદેશની પર્યાય છે એમ નહિ. અંદર પણ પ્રદેશ છે, આ પરમાણુ છે ને ? એ પરમાણુમાં તો ઉપર ઉપર પર્યાય છે. આવો વિષય. અહીં તો પર્યાય અને દ્રવ્ય બે ભિન્ન છે પણ કઈ રીતે છે ? કે આ ઉપર ઉપર પર્યાય છે એટલું જ નહિ, પણ અંદર પ્રત્યેક પરમાણુ ભિન્ન છે, એ પ્રત્યેક પરમાણુની પર્યાય ઉપર ઉપર છે. આની જ ઉપર છે એમ નથી. એમ પ્રત્યેક પ્રદેશ આત્મામાં છે એ પ્રત્યેક પ્રદેશની ઉપર ઉપર પર્યાય છે, અંદરમાં ધ્રુવમાં પ્રવેશ કરતી નથી. એ તો આવે છે ને ? પર્યાય ઉપર ઉપર રહે છે. અબદ્ધસ્પૃષ્ટમાં (આવે છે). અબદ્ધસ્પૃષ્ટ શ્લોક આવ્યો ને ? એ પર્યાય ઉપર ઉપર રહે છે, એવો પાઠ છે. અબદ્ધસ્પૃષ્ટ. ૧૪-૧૫ ગાથામાં લખ્યું છે. 'જયચંદ્રજી પંડિતે' ઘણું સ્પષ્ટ કર્યું છે કે એ બધી પર્યાય અનિત્ય છે તો એ ઉપર ઉપર રહે છે, સામાન્યમાં– ધ્રુવમાં પેસતી નથી. હવે આવો વિષય ઝીણો, શું થાય ? હેં ?

**શ્રોતા :–** બે ભાગલા પડ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બે ભાગ જ છે. એક પર્યાયનો ભાગ અને એક દ્રવ્યનો ભાગ, એવા બે ભાગ છે. બેયના ક્ષેત્ર પણ ભિન્ન છે.

**શ્રોતા :–** સમુદ્રમાં ઉપર ઉપર તરંગ ઊઠે છે તેની જેમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાણીનું તો ત્યાં દૃષ્ટાંત આપ્યું છે કે જેમ જળમાં તેલ.. તેલ કહે છે ને ? (તેલનું) બિંદુ પડે તો એ તેલની અંદર પ્રવેશ કરતું નથી, ઇ ઉપર ઉપર રહે છે. પણ એ જળમાં ઉપર ઉપર રહે છે. એ સ્થૂળ દૃષ્ટાંતમાં શું કહેવું ? બાકી જળના જે પ્રદેશ છે અંદરમાં એ ઉપર ઉપર પર્યાયના છે. સમજાય છે કાંઈ ? ભાઈ! આ તો દ્રવ્યાનુયોગનો વિષય છે, સૂક્ષ્મ છે.

આ અસંખ્ય પ્રદેશનું દળ આખો આત્મા છે. આ કર્મ, શરીર નહિ. એ ચીજ તો એમાં છે જ નહિ, તેનાથી તો ભિન્ન જ છે, પણ એ અસંખ્ય પ્રદેશ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે પ્રદેશ ઉપર પર્યાય છે, નહિ કે અસંખ્ય પ્રદેશ એટલે ઉપર ઉપરની પર્યાય તે જ એની પર્યાય છે, એમ નહિ. સમજાય છે કાંઈ ? કાલે રાત્રે કહ્યું હતું ઘણું, એ પહેલાં ઘણીવાર વ્યાખ્યાનમાં કહીએ છીએ કે ભાઈ! આ પર્યાય ઉપર છે અને દ્રવ્ય અંદર છે તેનો અર્થ શું ? આહા..હા...! તેનું ભાવભાસન થવું જોઈએ ને ? એમ ને એમ માની લેવાનો અર્થ શું ? ભાવમાં.. આવે છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ? ભાવભાસન. જ્ઞાનમાં આ આમ છે એમ ભાસન થવું જોઈએ ને ? તો આ પર્યાય ઉપર છે તેનું ભાસન શું ? અને અંદરમાં નથી એ શું ? તો અસંખ્યપ્રદેશી પ્રભુ આત્મા આખો અંદર છે – શરીર, કર્મથી બધાથી ભિન્ન તો એ બધાથી ભિન્ન હોવા છતાં અસંખ્ય પ્રદેશ જે છે, દરેક પ્રદેશના પિંડમાં જે છે, એ અંદરના જે પ્રદેશ છે તેમાં પણ ઉપર પર્યાય છે. 'ડાહ્યાભાઈ'! આહા..! આવી વાતું છે. શું કીધું ?

**શ્રોતા** :– કોઈ વસ્તુ હોય એને કાગળ વીંટીએ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એમ નહિ, એમેય નહિ. એ તો ઉપર ઉપરથી થયું. એ માટે તો આ સ્પષ્ટ કરાય છે. આ લાકડીનું જેમ ઉપર ઉપર કહ્યું એમ નહિ. અહીં તો લાકડીમાં જે પ્રત્યેક પરમાણુ છે એ પ્રત્યેક પરમાણુ, આ (માત્ર) ઉપરના પરમાણુ નહિ, અંદરના પરમાણુમાં પણ ઉપર ઉપર પર્યાય છે. આહા..હા...! આવી પ્રત્યક્ષ વસ્તુ છે. સમજાય છે કાંઈ ?

અહીં તો બીજું કહેવું છે કે ક્ષણિકવાદી અને બૌદ્ધમતિ ઉપર ઉપર જે પર્યાય છે તેને જ માને છે, પણ પર્યાયનો આધાર દ્રવ્ય અંદર પૂર્ણ ધ્રુવ બધા સ્થાનમાં છે તેની ખબર નથી. એમ અનાદિનો પર્યાયબુદ્ધિવાળો નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, જૈન સાધુ (થઈને) નિરતિચાર પંચ મહાવ્રત (પાળ્યા) ? મિથ્યાત્વભાવમાં. એની પણ પર્યાયબુદ્ધિ હતી. આહા..હા...! ઉપર ઉપરની પર્યાયને જ માનતો હતો. એ ત્યાં લગી માનતો હતો કે આ પ્રદેશમાં, દરેક પ્રદેશનું દળ છે તે પ્રદેશ ઉપર પર્યાય છે એમ પણ માનતો હતો પણ એ પર્યાય જેવડો જ હું છું, બસ! આહા..હા...! ઝીણી વાત છે, ભઈ! આ એકલી ક્ષણિક બૌદ્ધની વાત નથી.

**શ્રોતા** :– દ્રવ્યલિંગીનું આખુ જોર પર્યાય ઉપર જ હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પર્યાય ઉપર જ અનાદિનું અજ્ઞાનીનું બધું જોર છે. પંચ મહાવ્રત પાળીને આખું લક્ષ, રુચિ, પ્રેમ ત્યાં જામી રહે કે હું આ કંઈક કરું છું એ ચીજ જ હું છું. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીંયાં તો ક્ષણિકવાદને ન્યાયે, પર્યાય જે ક્ષણિક છે એ પર્યાયની પાછળ અંદર ધ્રુવતા પડી છે એ ધ્રુવ ઉપર પર્યાય તરે છે. સમજાય છે કાંઈ ? 'સમયસાર'માં આવી ગયું છે. ચૌદમી ગાથા છે. સામાન્ય ઉપર ઉપર તરે છે. અબદ્ધસ્પૃષ્ટ. આહા..! 'સમયસાર' તો દરિયો છે. એક એક શબ્દ દરિયો, હોં! એક એક શબ્દ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** દરિયામાં ડૂબકી ખાતા પાછું તરતા આવડવું જોઈએ ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડૂબકી મારે તોય એને–તરતાને ખબર છે, અંદર. આ સાંભળ્યું નહિ તમે ? દરિયામાં મોતી લેવા જાય છે. દરિયામાં ઘણા (મોતી) પડ્યા હોય ને ? કોઈકની બોટ ભાંગી હોય, પ્લેન તૂટી ગયું હોય. નીચે રત્ન પડ્યા છે, નીચે ઘણા પડ્યા છે. એ લેવા માણસ નીચે જાય છે ને ? સાંભળ્યું છે ને ? તો એ એક ભૂંગળી સાથે લઈને જાય. એ ભૂંગળી બહાર રહે. ત્યાંથી પવન અંદર આવે તો ત્યાં ઊંડો જઈ શકે, નહીંતર શ્વાસ લીધા વિના મરી જાય. શું કહ્યું એ ? એ મોતી લેવા જાય છે ને ત્યાં ? એક તો અંદર જરી પ્રકાશ પણ જોઈએ. એટલે આંખમાં પણ અંદર થોડો પ્રકાશ રહે છે, જોવા માટે. અને હવા જોઈએ, હવા વિના તો મરી જાય. એક ભૂંગળી એવી રાખે કે ઉપરથી હવા અંદર આવે છે. ઉપરથી અંદર આવે છે અને અંદર જાય તો હવાને લઈને શ્વાસ લઈ શકે છે અને પ્રકાશને લઈને જોઈ શકે છે કે આ મોતી છે, આ હીરા છે. સમજાય છે કાંઈ ? અત્યારે થાય છે. અમે તો બધી વાત સાંભળી છે ને!

એમ ભગવાનઆત્મા.. આહા..હા...! પોતાની પર્યાયને અંદર ઝુકાવવાથી હીરો હાથ આવે છે. દરિયો પડ્યો છે પ્રભુ અંદર. આહા..હા...! વર્તમાન પર્યાયને, આવડો જ હું છું એમ નહિ માનતા, પર્યાય જેની છે તેની સત્તાના અંતર્મુખ હોવાપણારૂપ ઉપર દૃષ્ટિ પડે તેને દ્રવ્યદૃષ્ટિ કહે છે, તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને એને આનંદનો પત્તો લાગે છે. અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે, ત્યાં પર્યાયને અંદર ઝુકાવવાથી અતીન્દ્રિય આનંદનું તળ જે છે, તળ જે નીચે તળિયું છે, ધ્રુવ છે.. આહા..હા...! (તેનો) પત્તો લાગવાથી પર્યાયમાં પણ આનંદ આવે છે તો એ પર્યાયમાં આનંદ આવ્યો...

કાલે તમારો પ્રશ્ન હતો ને ? ચેતના કેમ કહ્યું ? એમ કે પહેલાં જ્ઞાન કહ્યું, પછી દૃષ્ટિ કહ્યું, પછી ચારિત્ર કહ્યું, પછી વળી ચેતના કેમ કહ્યું ? કાલે કળશમાં આવ્યું હતું. ત્યાં આનંદ કહેવો છે. શું (કહ્યું) ? ત્યાં ચેતનાનો આનંદ કહેવો છે. જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના–પર્યાયના ત્રણ ભેદ છે ને પર્યાયમાં ? જ્ઞાનચેતના (અર્થાત્) સમ્યગ્દર્શનમાં સ્વરૂપની એકાગ્રતા (થાય) એ જ્ઞાનચેતના, અંદર રાગમાં એકાગ્રતા (થાય) એ કર્મચેતના, કર્મ એટલે જડની અહીં વાત નથી અને રાગનું ફળ ભોગવવું એ કર્મફળચેતના, રાગનું ફળ કર્મફળચેતના. સમજાય છે કાંઈ ? આહા..હા...!

એક વાત તો બીજી પણ છે, ક્યાંનું ક્યાં આવી જાય મગજમાં. શુદ્ધ જ્ઞાનચેતના, શુદ્ધ કર્મચેતના અને શુદ્ધ કર્મફળચેતના – એવા ત્રણ બોલ 'પ્રવચનસાર'માં આવ્યા છે. ભાઈ! હેં ? છે ને ? અંદરમાં આનંદસ્વરૂપ ધ્રુવમાં જાય છે ત્યારે પર્યાયમાં જે શુદ્ધ ઉપયોગ થયો એ શુદ્ધ ઉપયોગને કર્મચેતના કહેવામાં આવ્યું છે. શુદ્ધ કર્મચેતના. આહા..હા...! 'પ્રવચનસાર'માં છે. આહા..હા...! શુદ્ધ કર્મચેતના! આહા..! છે તો પર્યાય પણ એ ધ્રુવ તરફ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઝુકવાથી જે આનંદની શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તેને પણ કર્મચેતના કહેવામાં આવે છે. રાગને કર્મચેતના કહ્યું એ તો અશુદ્ધ ચેતનાની ક્રિયા માટે કહ્યું છે. આ તો શુદ્ધકર્મચેતના. કર્મ નામ કાર્ય. શુદ્ધ ચૈતન્ય વસ્તુ જે ધ્રુવ છે તેના અવલંબનથી, તેના આશ્રયથી, તેના ધ્યેયથી, તેના લક્ષથી પર્યાયમાં શુદ્ધતા જે પ્રગટ થઈ એ શુદ્ધતાને પણ શુદ્ધ કર્મચેતના કહેવામાં આવે છે. આહા..હા...! 'યશપાલજી'! ઝીણી વાત છે, ભગવાન! શું થાય ? માર્ગ કોઈ એવો છે.

શુદ્ધ કર્મફળચેતના. એ શુદ્ધ નિર્મળ પરિણતિ જે પ્રગટ થઈ તે આનંદનું જે વેદન છે એ શુદ્ધ કર્મફળચેતના છે. છે તો પર્યાય. આહા..હા...! કર્મ શબ્દે અહીંયાં રાગ પણ નહિ, જડ પણ નહિ. આહા..હા...! ફક્ત પોતાનું કાર્ય શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિથી થયું એ કાર્યને અનુભવવું એ શુદ્ધ કર્મચેતનાનો અનુભવ છે, એમ કહેવું છે. આહા..હા...! અને તેનું ફળ આનંદરૂપ ભોગવવું તેને શુદ્ધ કર્મફળચેતના કહેવામાં આવે છે. વાત એવી છે, બાપુ! આ તો વીતરાગનો માર્ગ એવો સૂક્ષ્મ છે. આહા..હા...! અને એ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય છે નહિ. અંદરમાં કબુલાત આવે કે આ ચીજ આવી છે. એ ચીજ બીજે ક્યાંય નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કર્મચેતના-કર્મફળચેતનાના બે પ્રકાર થયા. સમજાય છે ? રાગને વેદવું એ કર્મચેતના છે એ અશુદ્ધ કર્મચેતના છે. રાગનું, સુખ-દુઃખનું વેદન એ કર્મફળ ચેતના અશુદ્ધ ચેતના છે. આહા..હા...! છે તો એ પર્યાય અને પર્યાય પાછળ ધ્રુવ પડ્યો છે. એ પર્યાય પણ ઉપર છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશના દળમાં ભિન્ન (સ્વરૂપ છે). કર્મ છે જ નહિ, અડતા જ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ક્યારેય ત્રણકાળમાં અડતા નથી. એ તો 'સમયસાર' ત્રીજી ગાથામાં આવી ગયું. પોતાના ધર્મને ચૂંબે છે, પરને ચૂંબતા નથી. એટલી વાત તો પરથી ભિન્ન કરવા માટે કહી. હવે પછી જ્યારે અંદરમાં રાગને કર્મચેતના કહેવામાં આવી છે તો એ કર્મચેતના પણ દ્રવ્યને સ્પર્શતી નથી. સમજાય છે કાંઈ ? અને પછી એમ લ્યો કે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેનો અનુભવ થઈને જે શુદ્ધ પરિણમન થયું એ શુદ્ધ ચેતના, શુદ્ધ ઉપયોગરૂપી ચેતના-કર્મચેતના છે એ પણ ઉપર ઉપર પર્યાયમાં છે. માર્ગ બાપા (આવો છે). ભગવાન! તું કોણ છો ? ભાઈ! આહા..હા...!

આનંદનું વેદન (આવ્યું) એ શુદ્ધ કર્મફળચેતના એ પણ પર્યાય છે. એ પર્યાયની પાછળ અંદરમાં પ્રત્યેક સ્થાનમાં, અસંખ્ય પ્રદેશમાં જ્યાં જ્યાં શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થાય છે એ પણ અસંખ્ય પ્રદેશમાં (થાય છે), કંઈ ઉપરના પ્રદેશમાં થાય છે એમ નહિ, અંદર અંદર બધા પ્રદેશમાં ઉપર ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એ પર્યાયની પાછળ અંદરમાં ધ્રુવ દળ પડ્યું છે. આહા..હા...! તેને અહીંયાં દ્રવ્યાર્થિકનયનો વિષય – દ્રવ્યદૃષ્ટિ કહે છે.

અહીંયાં આવ્યું ને ? દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. અહીંયાં આવ્યું ને ? **'દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકના ભેદ કર્યા વિના 'સર્વથા આમ જ છે' એમ કહેવું તે ન પ્રકાશો અર્થાત્ કોઈ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પણ જીવને સ્વપ્નમાત્રમાં પણ એવું શ્રદ્ધાન ન હો.**' આહા..હા...! અત્યારે એ વિષય ચાલે છે. આ તો પોતાના જાણવાની અપેક્ષાએ વાત છે, હોં! કથનમાત્ર 'અંદર પર્યાય છે' એમ કહેવું એવી વાત નથી. એ તો વાચક છે પણ અંદરમાં પર્યાય અને દ્રવ્ય – બેની સ્થિતિ માનવી, એકને માનવું અને એકને ન માનવું એવી વસ્તુસ્થિતિ નથી. કેમ કે પર્યાયમાં તો કાર્ય થાય છે અને દ્રવ્યમાં કાર્ય થતું નથી. કાર્ય પર્યાયમાં થાય છે. રાગનું હો કે શુદ્ધ પરિણતિ, નિશ્ચય શુદ્ધ કર્મફળ કે કર્મચેતના (હો) એ બધું પર્યાયમાં છે અને પર્યાયને જ માનવી, પણ જેને શુદ્ધ કર્મફળચેતના પ્રગટી છે અને તે તો પર્યાયને અને દ્રવ્યને–બેયને માને છે. સમજાય છે કાંઈ ? પણ જેને એકલુ રાગનું જ વેદન છે – દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય – ત્યાં જ જે સંતુષ્ટ છે તેણે પર્યાયમાત્રને આત્મા માન્યો. આહા..હા...! અંદર ભગવાન ધ્રુવ ચૈતન્ય છે.

જે પર્યાયમાં રાગના કર્તૃત્વરૂપ પરિણમન છે એ પર્યાય અંદર ન જઈ શકે. શું કહ્યું ઇ ? જે પર્યાય ઉપર છે એ પર્યાયમાં રાગનો અને દયા, દાનના વિકલ્પનો કર્તા છે એ પર્યાય અંદરમાં ન જઈ શકે, એ તો ત્યાં રહી ગઈ. સમજાય છે કાંઈ ? પછીની પર્યાય ઉત્પન્ન થઈ અને અંદર પ્રવેશ કર્યો બેયનો એક જ સમય છે. આહા..હા...! શું કહે છે ? સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

**શ્રોતા** :– વ્યય અને ઉત્પાદ બેય એક જ સમયે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો બરાબર છે, પણ જે પર્યાય રાગ તરફ ઝુકીને કર્તાપણામાં પરિણમી છે એ પર્યાય હવે અંતર્મુખ ન થઈ શકે. કારણ કે એ પર્યાયનો તો વ્યય થઈ જાય છે. હવે વ્યય થાય છે અને જે નવી પર્યાય ઉત્પન્ન થાય છે, દ્રવ્યના આશ્રયે એ ઉત્પન્ન થઈ અને અંદર ઝુકી બેયનો એક જ સમય કહેવામાં આવે છે. આહા..હા...! શું કહ્યું ઇ સમજાયું ?

**શ્રોતા** :– અંદરમાં ઝુકતી ઉત્પન્ન થાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અંદરમાં ઝુકવાની જે પર્યાય છે એ રાગની પર્યાય (જે) કર્તા છે એ પર્યાય અંદરમાં નથી ઝુકી શકતી. હવે તે સમયે બીજી પર્યાય તો છે નહિ. ત્યારે બીજી પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરવાથી આવે છે... આહા..હા...! અને તે જ પર્યાય અંદર ઝુકી એમ કહેવામાં આવે છે. એવું છે, બાપુ! ઝીણી વસ્તુ છે. તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ છે. લોકોએ બહારથી કલ્પ્યું છે. આહા..હા...! અનંતકાળમાં એણે વાસ્તવિક સ્થિતિનું અંદર ભાસન કર્યું નથી. સમજાય છે કાંઈ ?

અહીંયાં કહ્યું કે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બેય. પણ એ પર્યાયને એમ કહેવું કે પર્યાયે ભૂતાર્થનો આશ્રય કરવો. પણ કઈ પર્યાયને ? જે પર્યાય રાગના કર્તાપણામાં (પરિણમી છે), કર્મપર્યાય–કર્મચેતના છે એ પર્યાય તો અશુદ્ધ ત્યાં રહી, એ પર્યાય અંદર જઈ શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! પછીની પર્યાય ઉત્પન્ન થઈને અંદરમાં ઝુકી અને ઉત્પન્ન થઈ બેયનો એક જ સમય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીં તો એ કહેવું છે કે પર્યાયમાત્રને માનવું એ પણ એકાંત છે અને એકાંત દ્રવ્યને જ માનવું એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઇ આવ્યું ને ? ૨૦૭. **'કોઈ પણ જીવને સ્વપ્નમાત્રમાં પણ એવું શ્રદ્ધાન ન હો.'** આહા..હા...!

**'એવું કેવું ?' 'अन्यः करोति अन्यः भुङ्क्ते' 'અન્ય પ્રથમ સમયનો ઊપજેલો કોઈ જીવ કર્મને ઉપાર્જે છે, અન્ય બીજા સમયનો ઊપજેલો જીવ કર્મને ભોગવે છે-એવું એકાંતપણું મિથ્યાત્વ છે. ભાવાર્થ આમ છે કે-જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પર્યાયરૂપ છે (બેય છે). તેથી, દ્રવ્યરૂપે વિચારતાં જે જીવ કર્મને ઉપાર્જે છે તે જ જીવ ઉદય આવતાં ભોગવે છે;...'** આહા..હા...! કઈ શૈલી કરી જોઈ ? ૧૦૨ ગાથામાં તો એમ કહ્યું કે જે સમયે રાગનો કર્તા છે તે જ સમયે ભોક્તા છે, હવે અહીં બીજી રીતે કહેવું છે. અહીં તો સંયોગથી વાત કરવી છે. શું કહ્યું સમજાયું ? 'સમયસાર'ની ૧૦૨ ગાથામાં (એમ કહ્યું કે), જે સમયે રાગનો કર્તા છે તે જ સમયે ભોક્તા છે. તેમાં સમયભેદ નથી. હવે અહીંયાં તો સમયભેદ કહેશે. એ સત્ય છે. પેલું પણ સત્ય છે અને આ પણ સત્ય છે. આ કઈ અપેક્ષાએ ? કર્મની અપેક્ષાએ. પેલું પોતાના ભાવની અપેક્ષાએ કહ્યું હતું. વિકારનું કરવું અને વિકારનું ભોગવવું બેયનો સમય એક છે. હવે અહીંયાં કર્મની અપેક્ષા લેવી છે. આહા..હા...! છે ? જુઓ!

**'દ્રવ્યરૂપે વિચારતાં જે જીવ કર્મને ઉપાર્જે છે તે જ જીવ ઉદય આવતાં ભોગવે છે;...'** છે ? જીવદ્રવ્યની અપેક્ષાએ એ (વાત છે). **'પર્યાયરૂપે વિચારતાં જે પરિણામ-અવસ્થામાં જ્ઞાનાવરણાદિ કર્મ ઉપાર્જે છે,...'** જોયું ? **'જે પરિણામ-અવસ્થામાં જ્ઞાનાવરણાદિ કર્મ ઉપાર્જે છે, ઉદય આવતાં...'** એ જડ, હવે જડની અપેક્ષા અહીંયાં છે. જે જડ (કર્મ) બંધાયું તેનો સમય ભિન્ન છે અને તેનો ઉદય આવીને ભોગવવાનો સમય ભિન્ન છે. સમજાય છે કાંઈ ? છે ? જુઓ!

**'પરિણામ-અવસ્થામાં જ્ઞાનાવરણાદિ કર્મ ઉપાર્જે છે, ઉદય આવતાં તે પરિણામનું અવસ્થાન્તર થાય છે;...'** બીજી અવસ્થા ભોગવે છે. એ જડની અપેક્ષાએ અહીં વાત છે. જે સમયે કર્મ કર્યું તે કર્મનો ઉદય આવે અને ભોગવે છે એ તો કર્મની અપેક્ષાએ વાત છે, ભાઈ! આહા..હા...! ઇ શું કહે છે ? ૧૦૨ ગાથામાં કર્તા-કર્મ (અધિકારમાં) જે કહ્યું એ તો તે જ સમયે કર્તા અને તે જ સમયે ભોક્તા (છે). એ ભાવની વાત છે. હવે અહીં તો જે સમયે કર્મ બંધાયું તે સમયે કર્મનો ભોક્તા થતો નથી. સમજાય છે કાંઈ ? આરે..! આવી અપેક્ષાઓનો પાર ન મળે. ભગવાનનો માર્ગ ઘણો સૂક્ષ્મ-ગહન માર્ગ છે, પ્રભુ! લોકોએ ઉપર ઉપર ટપકે માની લીધું છે એવું નથી. આ તો ગહન વિષય છે, પ્રભુ! આહા..હા...!

**શ્રોતા :-** કર્મનો ફળ તો ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વિષય નથી. અહીં તો કર્મ રજકણ પરવસ્તુ છે તેનું ફળ તે સમયે નથી એટલું બતાવવું છે. સમજાય છે કાંઈ ? અહીંયાં આવ્યું ને ? ક્યાં આવ્યું ?

**'જે પરિણામ–અવસ્થામાં જ્ઞાનાવરણાદિ કર્મ ઉપાર્જે છે, ઉદય આવતાં તે પરિણામનું અવસ્થાન્તર થાય છે; તેથી અન્ય પર્યાય કરે છે, અન્ય પર્યાય ભોગવે છે...'** જે વખતે જડને કર્યું તે સમયે તો કર્તા છે, બસ! હવે પછી ઉદય આવ્યો ત્યારે જ્ઞાનાવરણીને ભોગવે એ સમયભેદ થઈ ગયો. સંયોગને કરવું અને ભોગવવું એ સમયભેદ છે, પોતાના ભાવનું કરવું અને ભોગવવું તેમાં સમયભેદ નથી. આહા..હા...! શું કહ્યું ? એના ખ્યાલમાં તો સ્પષ્ટ આવવું જોઈએ ને ? એમ ને એમ માનવું એ કોઈ ચીજ છે ? આહા..હા...!

જ્ઞાનમાં પોતાની નિર્મળ પરિણતિ કરે અને ભોગવે તે એક જ સમય અને વિકારની પરિણતિ કરે અને ભોગવે એ પણ એક જ સમય. હવે, જે અવસ્થાથી જ્ઞાનાવરણાદિ કર્મ બંધાણું એ અવસ્થા કર્મના ઉદયકાળે રહી નહિ. ઉદયમાં બીજી અવસ્થા ભોગવે છે. એ પર–દ્રવ્યકર્મની અપેક્ષાએ વાત છે. સમજાય છે કાંઈ ? અહીં તો વાત એવી છે. થોડો ન્યાય ફરે તો આખી વસ્તુ પલટી જાય છે, વસ્તુસ્થિતિ સિદ્ધ થતી નથી. આહા..હા...! અહીંયા તો કર્મની અપેક્ષા લીધી છે. એ જ આચાર્ય એમ કહે કે જે સમયે કર્તા તે જ સમયે ભોક્તા. એ જ આચાર્ય એમ કહે કે જે સમયે કર્મ બંધાયું તે સમયે તેનો ભોક્તા નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? સાંભળીને સાથે થોડો વિચાર, પણ કરવો. વિચાર કરવો. ધીમે ધીમે કહીએ છીએ. યથાર્થપણે મેળવણી થવી જોઈએ ને. સમજાય છે કાંઈ ? આહા..હા...!

જે સમયે અવસ્થાંતર કીધું ને ? **'જે પરિણામ–અવસ્થામાં...'** એમ કહ્યું ને ? **'જે પરિણામ–અવસ્થામાં જ્ઞાનાવરણાદિ કર્મ ઉપાર્જે છે, ઉદય આવતાં તે પરિણામનું અવસ્થાન્તર થાય છે;...'** જોયું ? એ પરિણામ નથી રહેતા. ઉદય આવે ત્યારે ભોગવવાના પરિણામ તે નથી રહેતા, બીજા પરિણામ થાય છે. આહા..હા...! 'હીરાભાઈ'! આવી વાત છે. **'તેથી અન્ય પર્યાય કરે છે, અન્ય પર્યાય ભોગવે છે...'** જુઓ! છે ? જે અવસ્થાએ કર્મ કર્યું તે અવસ્થાએ ભોગવ્યું નહિ. તેનો ઉદય આવ્યો ત્યારે બીજી અવસ્થાએ ભોગવ્યું. સમજાય છે કાંઈ ? ભાઈ! અહીં તો જરી વિચાર કરીને અંદર ઉહાપોહ કરીને નિર્ણય કરવો જોઈએ, એમ ને એમ માની લેવું એ કોઈ ચીજ નથી. આહા..હા...! એમ ઓઘેઓઘે તો અનંત વાર માન્યું છે, અગિયાર અંગ પણ ભણી ગયો. આહા..હા...! શું કહ્યું ?

**'અન્ય પર્યાય કરે છે, અન્ય પર્યાય ભોગવે છે–આવો ભાવ સ્યાદ્વાદ સાધી શકે છે,...'** જોયું ? **'આવો ભાવ સ્યાદ્વાદ સાધી શકે છે,...'** કથંચિત્ એ પર્યાય કરે છે અને કથંચિત્ બીજી પર્યાય ભોગવે છે, કર્મની અપેક્ષાએ; અને વિકાર અને અવિકારની અપેક્ષાએ, પોતાના ભાવની અપેક્ષાએ જે સમયે જે ભાવ કરે છે તે જ સમયે તેનો ભોક્તા છે. આહા..! 'ચંદુભાઈ'! આહા..હા...! આવું છે, ભાઈ! હવે આવું (સમજવા) માણસને નવરાશ ક્યાં હોય ? નિવૃત્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લ્યે (તો સમજાય). શેઠ! પ્રવૃત્તિ આખો દિ' સંસારની, બીડી ને તમાકુ. આહા..હા...! અહીંયાં તો પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવની આ તો વાણી છે. સંતો સર્વજ્ઞની વાણી આડતિયા થઈને કહે છે. આડતિયા સમજાય છે ? આહા..હા...!

**'આવો ભાવ સ્યાદ્વાદ સાધી શકે છે, જેવું બૌદ્ધમતનો જીવ કહે છે તે તો મહાવિપરીત છે.'** આહા..હા...! જે પર્યાયે કર્યું અને બીજી પર્યાયે ભોગવ્યું, એ તો કહે છે કે જીવ જ બીજો થઈ ગયો. જે પર્યાયે કર્યું તે જીવ (અને) બીજી પર્યાયે (ભોગવ્યું તેમાં) એ જીવ ન રહ્યો, એમ કહે છે – એમ નથી. પર્યાય બીજી થઈ છે. જીવદ્રવ્ય તો તે જ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જે પર્યાયે વિકાર કર્યો અવસ્થાંતર થઈને તે કર્મના ઉદયકાળે તો તે પર્યાય રહી નહિ, બંધકાળ વખતે તે અવસ્થા હતી. નવો બંધ પડે છે તે સમયે તે અવસ્થા છે. હવે બંધનો જ્યારે ઉદય આવ્યો ત્યારે તો તે (પર્યાય) નથી. બંધ નથી એટલે ? એ બંધરૂપ ન રહ્યો તે તો ઉદય આવ્યો. બંધરૂપ તો સત્તારૂપ વસ્તુ છે. ઉદય આવ્યો એ તો સત્તામાંથી પ્રગટ થયું. આહા..હા...! સત્તાના એક અંશમાંથી પ્રગટ થયું. એ વખતે જે અવસ્થાથી બંધાયું હતું એ અવસ્થાથી તો અત્યારે છે નહિ, ઉદયકાળમાં તો બીજી અવસ્થા ભોગવે, જીવદ્રવ્ય તો તે જ છે. પરિણામ બીજું થયું પણ જીવદ્રવ્ય બીજું થઈ ગયો એમ ક્ષણિક મત કહે છે. કરવાના કાળનો જીવ બીજો અને ભોગવવા કાળનો જીવ બીજો, એમ કહે છે. આહા..હા...! હેં ?

**શ્રોતા :–** જીવને ક્ષણિક માને છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્ષણિક જ માન્યું છે, પર્યાયમાત્ર જ માન્યું છે. વળી પાછું બૌદ્ધ એમ કહે કે એક સમયનો જીવ છે તે બીજા સમયમાં સંસ્કાર નાખીને જાય છે. પણ સંસ્કાર નાખીને જાય છે તો સંસ્કાર શું છે ? ખબર છે ને, એ તો એ લોકો કહે છે. સંસ્કાર છોડી જાય છે. છોડી જાય છે એટલે સમજ્યા ? નાખે છે. પણ બે ભિન્ન છે એમાં નાખ્યું કેવી રીતે ? આહા..હા...!

**શ્રોતા :–** નાશ થનારી પર્યાય સંસ્કાર કેવી રીતે નાખે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ એ લોકો માને છે. પહેલાં સમયમાંથી બીજા સમયમાં સ્મરણમાં તો આવે છે કે નહિ ? તો એ કહે, ક્યાંથી આવી ? ભિન્ન ચીજ છે ને. તો કહે છે કે પહેલાંના સંસ્કાર નાખી ગઈ. પણ સંસ્કાર ક્યાંથી નાખી ગઈ ? એ તો વ્યય થઈ ગઈ અને આ તો ઉત્પન્ન થઈ છે. સમજાય છે કાંઈ ?

**'જેવું બૌદ્ધમતનો જીવ કહે છે તે તો મહાવિપરીત છે. તે કયું વિપરીતપણું ?' 'अत्यन्तं वृत्त्यंशभेदतः वृत्तिमन्नाशकल्पनात्' 'દ્રવ્યનું આવું જ સ્વરૂપ છે, સહારો કોનો ? અવસ્થા, તેના અંશ અર્થાત્ એક દ્રવ્યની અનંત અવસ્થા, એવો...'** એક દ્રવ્યની અનંતી પર્યાય-અવસ્થા છે તો એક અવસ્થા જાય છે અને એક અવસ્થા ઉત્પન્ન થાય છે, એમાં દ્રવ્યમાં શું આવ્યું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય બીજું થઈ ગયું ? સમજાય છે કાંઈ ? એક દ્રવ્યની અનંત અનંત અવસ્થા. '**કોઈ અવસ્થા વિનશે છે,...**' જોયું ? અને '**અન્ય કોઈ અવસ્થા ઊપજે છે...**' પણ એ તો દ્રવ્યની પર્યાયની વાત છે. પર્યાય એક ઉત્પન્ન થાય અને એક નાશ થાય તો દ્રવ્ય ઉત્પન્ન થયું, નાશ થયું એમ ક્યાં આવ્યું ? આહા..હા...!

'**એવો અવસ્થાભેદ વિદ્યમાન છે; આવા અવસ્થાભેદનો છળ પકડીને...**' જોયું ? એ અવસ્થાભેદનો છળ પકડીને. અવસ્થા ભિન્ન થઈ ગઈને ? ભિન્ન થઈ ગઈ એવો છળ પકડીને દ્રવ્ય અનેરું થઈ ગયું એમ માને છે. જેમ કે અહીંયાં આત્મા છે, દેહ છૂટે, છૂટે પછી જ્યાં જાય ત્યાં પર્યાય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન (થઈ જાય). અહીંયાંનું મનુષ્યપણું છે એમાં માને કે હું આવો છું, ત્યાં જાય તો બીજો ભવ, ભવ જ બીજો થઈ ગયો, પર્યાય બીજી થઈ ગઈ, સંસ્કાર બીજા થઈ ગયા, આસપાસના દ્રવ્ય, ક્ષેત્ર, કાળના સંયોગ બીજા થઈ ગયા એટલે એમ માને કે હું જ બીજો થઈ ગયો. સમજાય છે કાંઈ ? એ તો પર્યાયના સંયોગમાં બીજો થઈ ગયો, વસ્તુ તો વસ્તુ છે. આહા..હા...! અહીં બંગલામાં, ચાલીસ-ચાલીસ લાખના, કરોડના બંગલામાં પડ્યો હોય.

'બ્રહ્મદત્ત' (ચક્રવર્તી) લ્યો. આહા..હા...! આમ હીરાના... શું કહેવાય ? પલંગ. હીરાના પલંગમાં પોઢ્યો હતો, 'બ્રહ્મદત્ત'. અને છેલ્લે મૃત્યુકાળે સ્ત્રીને યાદ કરે છે, મારી સ્ત્રી.. નામ શું ? હેં ? 'કુરુમતિ'. 'કુરુમતિ'. આહા..હા...! સાતમી નરકે પાતાળમાં ગયો. તેંત્રીસ સાગર. હવે ક્યાં આ ક્ષેત્ર ? ક્યાં સ્ત્રી ? ક્યાં સંયોગ ? ક્યાં શરીર ? બધું પલટી ગયું. બધું પલટી ગયું એટલે દ્રવ્ય બીજું થઈ ગયું ? આહા..હા...! એક સમય પહેલાં હીરાના પલંગમાં અને ચૌદ ચૌદ હજાર દેવ (સેવા કરે), રક્ષકના દેવ હતા. આહા..હા...! સાત રત્નના સાત હજાર ને એવા એક હજાર એના રક્ષક હતા. બધું પડ્યું રહ્યું. સાતમી નરક. આહા..હા...! સાતસો વર્ષ એની સ્થિતિ હતી. સાતસો વર્ષના શ્વાસ છે, શ્વાસ, એના શ્વાસ ગણો.. ચક્રવર્તીના કંઈ સાતસો વર્ષ નહોતા, એ તો પછી, પણ સાતસો વર્ષના શ્વાસ ગણો તો એક એક શ્વાસના ફળમાં સાતમી નરકમાં પલ્યોપમ, અનેક પલ્યોપમ એને દુઃખ થયા. શું કહ્યું સમજાયું ? શું ? 'ધનજીભાઈ'ને ખબર હશે. એ વાત કરી હતી, બધું યાદ રહે નહિ. અગિયાર લાખ છપ્પન હજાર... શું કહ્યું ? સાતસો વર્ષ રહ્યા ને સાતસો વર્ષ ? તો એના જેટલા શ્વાસ છે ને તો એક શ્વાસના ફળમાં અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમના દુઃખ છે. એ વખતે કહ્યું હતું, પછી કાંઈ બધું યાદ રહે છે ? આહા..હા...! આખી વાત ફરી ગઈ. સ્થિતિ ફરી ગઈ, ભગવાન ધ્રુવ તો અંદર પડ્યો છે. હેં ? બહારથી એટલો જ માનવો અને આખું દ્રવ્ય અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ પડ્યો છે તેની ઉપર દૃષ્ટિ ન કરવી એ પર્યાયમૂઢ અજ્ઞાની છે. એ બૌદ્ધમતિ કહો કે પર્યાયમૂઢ અજ્ઞાની કહો. સમજાય છે કાંઈ ? આહા..!

'**એવો અવસ્થાભેદ વિદ્યમાન છે;...**' '**એક દ્રવ્યની અનંત અવસ્થા, એવો ભેદ છે અર્થાત્**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કોઈ અવસ્થા વિનશે છે, અન્ય કોઈ અવસ્થા ઊપજે છે...'** નરકની અવસ્થા ઉત્પન્ન થઈ, ચક્રવર્તીની અવસ્થાનો નાશ થયો. આહા..હા...! **'કોઈ અવસ્થા વિનશે છે, અન્ય કોઈ અવસ્થા ઊપજે છે–એવો અવસ્થાભેદ વિદ્યમાન છે;...'** એ તો અવસ્થાભેદ છે. દ્રવ્યના ભેદ છે એમ નથી. પણ એ બાપુ આકરું કામ ઘણું. દ્રવ્ય એ શું ચીજ છે અંદર ? આહા..હા...! જૈન સંપ્રદાયમાં અગિયાર અંગ ભણ્યો, પંચ મહાવ્રત (પાળ્યા), હજારો રાણી છોડી, હજારો! અને મુનિપણું દીક્ષા લીધી અને નિરતિચાર પંચ મહાવ્રત (પાળ્યા), હોં! અઠ્યાવીસ મૂળગુણ (પાળ્યા). એને માટે કરેલું ભોજન હોય તો પ્રાણ જાય તોપણ ન લ્યે, એવી સખત ક્રિયા હતી પણ દ્રવ્ય સ્વરૂપ શું છે તે તરફનો ઝુકાવ નહિ. આહા..હા...! દ્રવ્યાર્થિકનો વિષય દ્રવ્ય શું છે ? શીખી તો ગયો, દ્રવ્યાર્થિકનય ને પર્યાયાર્થિકનય. હેં ? અગિયાર અંગ ભણ્યો તો એમાં એ વાત નથી આવી ? પણ એ ચીજનો અંદર પત્તો ન લીધો. આહા..હા...! છે ?

**'આવા અવસ્થાભેદનો છળ પકડીને કોઈ બૌદ્ધમતનો મિથ્યાદૃષ્ટિ જીવ...' 'વૃત્તિમન્નાશકલ્પનાત્' 'વૃત્તિમાનનો અર્થાત્ જેનો અવસ્થાભેદ થાય છે એવી સત્તારૂપ શાશ્વત વસ્તુનો નાશ કલ્પે છે અર્થાત્ મૂળથી સત્તાનો નાશ માને છે;...'** શું કહે છે ? અવસ્થાનો નાશ થવાથી સત્તાનો નાશ થઈ ગયો એમ એ માને છે. પર્યાયનો નાશ થવાથી જે મૂળ વસ્તુ છે તેનો નાશ થઈ ગયો એમ માને છે.

**શ્રોતા :–** દ્રવ્ય જ ક્યાં માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માને છે ક્યાં ? દૃષ્ટિમાં મૂળ ધ્રુવ ભગવાન(ને માનતો નથી). આહા..હા...! ધ્રુવને તારે વહાણ ચાલે. આગબોટ જોઈ છે દરિયામાં ? આ દરિયામાં ચાલે. ધ્રુવનો તારો એક સ્થાને રહે છે. એ ઉપરથી કેની કોર જાવું છે (તે ખબર પડે). ધ્રુવનો તારો હોય છે. એમ આ ભગવાન છે એ ધ્રુવ છે અંદર. ધ્રુવને લક્ષે, ધ્રુવને આશ્રયે અંદર શુદ્ધ પરિણતિ થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? તો એમાં પણ પરિણતિ પલટે છે પણ ધ્રુવ તો એવો ને એવો રહે છે. આહા..હા...!

અર્થાત્ અક્ષરના અનંતમાં ભાગે નિગોદમાં ક્ષયોપશમ છે તોપણ દ્રવ્ય તો પૂર્ણ–પરિપૂર્ણ જેવું છે તેવું જ છે અને કેવળજ્ઞાન થાય છે, અનંત.. અનંત.. અનંત.. અનંત.. ત્રણકાળ ત્રણલોકને પર્યાય જાણે તોપણ દ્રવ્ય પર્યાયથી હીન થઈ ગયું છે, પર્યાય આટલી પ્રગટી થઈ તો દ્રવ્યમાં ઓછું થઈ ગયું છે એમ નથી. આહા..હા...! એ દ્રવ્ય કોને કહેવું એ જરી... અક્ષરને અનંતમે ભાગે નિગોદની પર્યાય છે તો ત્યાં અલ્પ વિકાસ છે (માટે) દ્રવ્ય વિશેષ પુષ્ટ છે એમ પણ નથી અને પૂર્ણ કેવળજ્ઞાન પૂર્ણ પ્રગટ થયું તો ત્યાં દશા, વસ્તુની સ્થિતિ હીન થઈ ગઈ, એમ નથી. વસ્તુ તો એવી ને એવી ત્રિકાળ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વસ્તુમાં ઓછુવત્તું થતું નથી. પર્યાયમાં ઓછુવત્તું થવાથી વસ્તુમાં ઓછુવત્તું થાય છે એમ નથી. આહા..હા...! આ તે શું ચીજ છે આ તે ? આ ચમત્કાર નથી ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કેવળ પર્યાય ઉત્પન્ન થાય મહા, મહા તોપણ કહે છે કે દ્રવ્ય તો જેવું છે તેવું છે. પર્યાય આવી ક્યાંથી ? આટલી બધી બહાર આવી તોય દ્રવ્ય એવું ને એવું ? અને અક્ષરના અનંતમા ભાગે (જ્ઞાન રહ્યું) તોય દ્રવ્ય એવું ને એવું ? છે શું આ ? 'દેવીલાલજી'! આહા..હા...! એ ચમત્કારિક વસ્તુ છે. ચૈતન્ય ચમત્કારી, દ્રવ્ય ચમત્કારી, પર્યાય ચમત્કારી. વસ્તુ કોઈ અલૌકિક છે. કેમ હશે અંદરથી લ્યો ? અંદરમાં અનંત ચતુષ્ટય શક્તિરૂપ ધ્રુવ છે એમાંથી અનંત વ્યક્તરૂપ થયું. કેવળીને અનંત જ્ઞાન, અનંત આનંદ વ્યક્ત (થયા) તો ત્યાં કંઈ ઓછું થયું છે ? એમાંથી આટલી બધી પર્યાય આવી તોય એમાં ઓછું ન થયું ? અને જેમાં અક્ષરના અનંતમા ભાગે અલ્પ પર્યાય રહી ગઈ તોય ત્યાં દ્રવ્યમાં પુષ્ટિ ન થઈ ? ઘણું ભર્યું છે અને અલ્પ બહાર આવ્યું, ઘણું ભર્યું છે અને ઘણું બહાર આવી ગયું એટલે ઓછું થઈ ગયું. બાપુ! એ દ્રવ્યનું સ્વરૂપ એવું છે નહિ. આહા..હા...! આવા દ્રવ્ય ઉપર એણે કદી દૃષ્ટિ કરી નહિ. સમજાય છે કાંઈ ?

એ '**મૂળથી સત્તાનો નાશ માને છે;...**' જોયું ? ઓલા ભાઈ કહેતા હતા ને ? 'બંસીધરજી'! સત્તા નાશ થઈ ગયો. પંડિતજી કહેતા હતા. પર્યાયની સત્તાનો નાશ થયો ત્યાં સત્તાનો નાશ માને છે. સત્યાનાશ નથી કહેતા ? એનું સત્યાનાશ થઈ ગયું ? એ કહેતા હતા. અહીં આવ્યા હતા ને ? અહીં આઠ-દસ દિવસ રહી ગયા હતા. ત્યાં ગયા હતા ને ? 'સમેદ્શીખર'. પછી અહીંયાં આવી રહી ગયા હતા, પંદર દિવસ કે મહિનો રહી ગયા હતા. આ (બૌદ્ધમતિ જીવ) પર્યાયનો નાશ થતાં આખી સત્તાનો નાશ માને છે.

'**જેનો અવસ્થાભેદ થાય છે એવી સત્તારૂપ શાશ્વત વસ્તુનો નાશ કલ્પે છે અર્થાત્ મૂળથી સત્તાનો નાશ માને છે; તેથી એવું કહેવું વિપરીતપણું છે.**' એ માનવું વિપરીતપણું છે. પર્યાય બદલતા દ્રવ્યમાં ઓછુવત્તું થઈ ગયું એમ નથી. સમજાય છે કાંઈ ? અને આત્માની પ્રગટ પર્યાયમાં પણ ઓછુવત્તું થાય છે એ કોઈ કર્મને કારણે નહિ. સમજાય છે કાંઈ ? જ્ઞાનની હિણી દશા થઈ તો જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું બહુ જોર છે માટે હિણી થઈ, એમ નથી. પોતાની પર્યાયની યોગ્યતાથી હિણી થઈ છે અને પોતાની પર્યાયની યોગ્યતાથી વૃદ્ધિ થઈ છે. આહા..હા...! હવે એક કોર કર્મના નિમિત્તથી કાંઈ થાય નહિ એમ માનવું, વળી પર્યાયમાં ઓછુંવત્તું થાય તો દ્રવ્યમાં કંઈ ઓછુવત્તું થતું નથી (એમ માનવું) આ શું ચીજ છે ? હેં ?

**શ્રોતા** :– અદ્ભુત આશ્ચર્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અદ્ભુત આશ્ચર્યકારી ચીજ એવી છે. આહા..હા...!

'**ભાવાર્થ આમ છે કે બૌદ્ધમતનો જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે,...**' બસ! પર્યાય ઉપર દૃષ્ટિ છે તો પર્યાયમાત્રને જ માને છે. પર્યાય જેની છે, '**પર્યાય જેનો છે એવી સત્તામાત્ર વસ્તુને માનતો નથી.**' આહા..હા...! '**માટે આવું માને છે તે મહામિથ્યાત્વ છે.**' આહા..હા...! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર—કળશટીકા, કળશ–૨૦૮, પ્રવચન નં. ૨૩૨, તા. ૧૪-૦૨-૧૯૭૮ [૧૧]

૨૦૮ છે ને? 'કળશટીકા', ૨૦૮ (કળશ).

(શાર્દૂલવિક્રીડિત)

**आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यान्धकैः**
**कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः।**
**चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रे रतैः**
**आत्मा व्युज्झित एष हारवदहो निःसूत्रमुक्तेक्षिभिः।।१६-२०८।**

ઘણા મત વાપરે છે. **'એકાન્તપણે જે માનવામાં આવે તે મિથ્યાત્વ છે.'** એ તો સૂત્ર કહ્યું. હવે એકાંતપણાની વ્યાખ્યા શું? **'अहो पृथुकैः एषः आत्मा व्युज्झितः' 'હે જીવ!' 'पृथुकैः'** નામ **'નાના પ્રકારનો...'** વિપરીત **'અભિપ્રાય છે જેમનો એવા જે મિથ્યાદૃષ્ટિ જીવો...'** અનેક પ્રકારના વિપરીત મિથ્યાત્વભાવ છે. એવો મિથ્યાદૃષ્ટિ જીવ અનેક પ્રકારમાં કેવી કેવી રીતે માને છે તે કહે છે. **'पृथुकैः'** છે ને? **'पृथुकैः'**. એવું એકાંત માનવાવાળાને, એકાંત જ માને છે. કોઈ પર્યાય જ માને છે, કોઈ દ્રવ્ય જ માને છે, ત્રિકાળી આત્મા અશુદ્ધ છે એમ કોઈ માને છે, કોઈ ત્રિકાળ શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધિ નથી માનતા – (એવા) અનેક પ્રકારના અભિપ્રાય વિપરીત મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

**'एषः आत्मा' 'एषः आत्मा'** આ આત્મા **'શુદ્ધ ચૈતન્ય વસ્તુ...'** છે. **'व्युज्झितः' 'સધાઈ નહિ.'** એકાંત અભિપ્રાયવાળાને આત્મા શુદ્ધ વસ્તુ ચૈતન્ય છે તેને સાધી શક્યા નહિ. આહા...! પ્રસિદ્ધ કરી શક્યા નહિ. આહા...! એમાં પહેલાં એક દૃષ્ટાંત આપે છે. **'કેવા છે એકાન્તવાદી?' 'शुद्धर्जुसूत्रे रतैः'** શું કહે છે? વર્તમાન પર્યાયને વિષય કરનારી ઋજુસૂત્રનય, બસ! એમાં જે રત છે, એ વર્તમાન પર્યાય (કે જે) ઋજુસૂત્રનયનો વિષય છે એ જ ચીજ છે, બસ! (એમ માને છે). સમજાય છે કાંઈ? આગળ કહેશે. બીજો અર્થ કરશે અંદર. આ એક બીજો પણ અર્થ છે. એને વસ્તુને જે ઉપાધિ લગાવી ત્રિકાળ તો એ અશુદ્ધ થઈ જાય છે. વર્તમાન ઋજુસૂત્ર છે એ માને તો શુદ્ધ છે, એમ (કહે છે). ત્રિકાળ રહેનાર છે એમ કહેવું તે અશુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. ત્રિકાળની ઉપાધિ લાગુ પડી ગઈ. શું કહ્યું સમજાયું?

અહીંયાં અર્થ બીજો કર્યો છે પણ અર્થકારમાં–મૂળ 'સમયસાર'માં એ અર્થ છે, અહીંયાં બીજો અર્થ છે. ત્રણકાળ માનવા જાય તો અશુદ્ધ જ રહેશે. આત્મા અશુદ્ધ જ છે, કદી શુદ્ધ થયો નથી. પર્યાય જેટલી અશુદ્ધ છે તે જ છે પણ અર્થમાં–સંસ્કૃત ટીકામાં બીજું લીધું છે અને 'કળશટીકા'માં (બીજો અર્થ લીધો છે).

છે... એક વર્તમાન ઋજુસૂત્ર બસ, એ જ ચીજ છે. એને ત્રિકાળ લાગુ પાડશો તો ઉપાધિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? એક વર્તમાન છે, બસ! તેને માનવું. તેને ત્રિકાળ માનવું એ તો ઉપાધિ થઈ ગઈ. ત્રણકાળ એ તો ઉપાધિ છે. એવો અજ્ઞાનીનો અંદર ઊંડે ઊંડે અભિપ્રાય છે. સમજાય છે કાંઈ? વર્તમાન પર્યાયમાં જેની રમત છે, જ્ઞાનાદિ કે રાગાદિની રમતમાં જે છે તેને આત્મા એવડો જ લાગે છે કે આ આત્મા આવડો છે. એને 'ત્રિકાળી છે' એવી ધારણામાં વાત આવી ગઈ છે, પણ ત્રિકાળી વિષય છે તેને દૃષ્ટિમાં લીધો નહિ. સમજાય છે કાંઈ? આત્મા નિત્ય છે એવું શાસ્ત્ર ભણ્યો છે, અગિયાર અંગ ભણ્યો તો એમાં આ બધું નથી આવ્યું? પણ એ વર્તમાન પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનું જે જ્ઞાન થવું જોઈએ, જે સન્મુખ થઈને પ્રતીતિ (થવી જોઈએ), જ્ઞાનમાં ભાસ થઈને પ્રતીતિ થવી જોઈએ એ ચીજ ન થઈ તો એણે ત્રિકાળી આત્માને માન્યો જ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? ઘણો વિષય (ઊંડો છે). આહા..હા...!

રાત્રે તો થોડું કહ્યું હતું ને ઓલું? '**गुणपर्यायवत् द्रव्यम्**' એકલી પર્યાયને માને તો દ્રવ્ય તો '**गुणपर्यायवत् द्रव्यम्**' છે, તો તેણે પણ આત્મા '**व्युज्झितः**' દૃષ્ટિમાંથી છોડી દીધો. અને એ પર્યાય છે એ પરથી થાય છે એમ માને તોપણ પર્યાયને એણે માની નહિ. પર્યાય સ્વતંત્ર એ સમયે મારી (થઈ છે), એ પર્યાય-ગુણ સહિત દ્રવ્ય છે તો એ પર્યાય એની છે, પરની નહિ, તો પરથી (પર્યાય) માની તો તેણે પર્યાય માની નહિ. સમજાય છે કાંઈ? એમ કે પોતાની પર્યાયમાં વિકાર થાય છે તો એ કર્મથી થાય છે, એમ માનનારને વર્તમાન પર્યાય છે, સ્વતંત્ર ઉત્પાદ (છે), એ ઉત્પાદ ને વ્યય સહિત, ગુણ સહિત દ્રવ્ય માન્યું નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! આમ તો અનંતવાર ભણ્યો છે, અગિયાર અંગ ભણ્યો ત્યાં નથી (આવ્યું)? અગિયાર અંગ ભણ્યો. 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો' આહા..હા...! એને પામવાની રીત કોઈ અલૌકિક છે. એ પર્યાયમાં બિલકુલ પર્યાય જેવડો માને એનો અર્થ કે દ્રવ્ય ધ્રુવ છે એ તરફ તેનો ઝુકાવ થયો નથી. સમજાય છે કાંઈ? એ કહ્યું ને?

ઋજુસૂત્ર–સીધો વર્તમાન પર્યાયને જ માને એ ઋજુ–સીધો, સરળ. એમ. છે? ઋજુસૂત્ર છે ને? '**शुद्धर्जुसूत्रे रतैः**' '**શુદ્ધ**'નો અર્થ '**દ્રવ્યાર્થિકનયથી રહિત...**' ત્રિકાળથી રહિત વર્તમાન પર્યાયમાં રત (છે), એ ઋજુસૂત્રનયમાં રત (છે) તેણે આત્માને છોડી દીધો. સમજાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ? આહા..! ઋજુસૂત્રનય તો વર્તમાન પરિણામને જ માને છે ને? સમજાય છે કાંઈ? અને એકાંત પર્યાય, ઋજુસૂત્રનો વિષય સીધો (લઈને) તેને ત્રિકાળ લાગુ પાડવું, એ વર્તમાન પર્યાય છે એવી કોઈ ત્રિકાળી ચીજ છે એવી ઉપાધિ લગાવવી એ મિથ્યાત્વ, અજ્ઞાન છે એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ?

**'शुद्धर्जुसूत्रे रतैः'** આહા..હા...! એ તો વર્તમાન પર્યાયમાં (કે જે) ઋજુસૂત્રનો વિષય વર્તમાન પરિણામ છે, બસ! તેમાં જ રત છે. આહા..હા...! પણ તે પર્યાયમાં સ્વજ્ઞેય જાણવાની તાકાત છે, એવી પર્યાયમાં વર્તમાન પર્યાય જેટલી જ માની પણ એ પર્યાયમાં ત્રિકાળીને જાણવાની તાકાત છે એનાથી સહિત પરિણામને માન્યા નહિ. સમજાય છે કાંઈ? આચાર્યને કહેવું છે, ઋજુસૂત્ર એટલે વર્તમાન સીધું દેખાય એટલું, બસ! આડુંઅવળું ઓલું ત્રિકાળ ને શુદ્ધ ધ્રુવ દ્રવ્ય છે ને એ બધી ઉપાધિ શું? એમ અજ્ઞાનીની અંતર માન્યતામાં આવું શલ્ય પડ્યું છે. સમજાય છે કાંઈ? ઋજુસૂત્ર, છે ને? **'रतैः'** **'વર્તમાન પર્યાયમાત્રમાં વસ્તુરૂપ અંગીકાર કરવારૂપ એકાન્તપણામાં મગ્ન છે.'** એ ઋજુસૂત્ર. અને જેની પર્યાય છે એ ચીજ શું છે એ ઉપર એની દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? અહીંયાં ઋજુસૂત્રનય વર્તમાન પર્યાયને જ જાણે છે, માને છે, બસ!

**શ્રોતા :–** ઋજુનો અર્થ દ્રવ્યાર્થિકનયથી રહિત એવો શુદ્ધનો અર્થ કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કીધું ને, એ તો પછી અર્થ કર્યો કે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિકનયથી રહિત. એકલો દ્રવ્ય સહિત ઋજુસૂત્ર માને તો તો યથાર્થ છે. ત્રિકાળી દ્રવ્ય સહિત પર્યાયને માને તો યથાર્થ છે, પણ ત્રિકાળી દ્રવ્યને ન માનીને વર્તમાન પર્યાયને જ માની તો દ્રવ્યાર્થિકનયથી રહિત ઋજુસૂત્ર એ પર્યાય (માની). સમજાય છે કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! અલૌકિક વાત છે આ. આહા..હા...! એણે કદી અંતરમાં પત્તો લીધો જ નથી. એણે વાસ્તવિક પર્યાયને પણ માની નહિ. કેમ કે વાસ્તવિક પર્યાયને માને તો પર્યાયનો વિષય દ્રવ્ય છે એ તો એના સ્વભાવમાં આવે જ છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય–દ્રવ્યનો પ્રકાશ અંદર થાય જ છે, પણ પર્યાયને જ યથાર્થ રીતે નથી માની. વર્તમાન અંશ છે, બસ એટલું. (એ પર્યાય) અંશમાં અંદર જાણવાની તાકાત છે એ બધી વાત છોડી દીધી. સમજાય છે કાંઈ? તેથી તે ઋજુસૂત્રમાં–વર્તમાન (અંશ) પૂરતુ (માને છે). વર્તમાન છે ને? જુઓને, ઋજુસૂત્રની વ્યાખ્યા કરી. **'વર્તમાન પર્યાયમાત્રમાં વસ્તુરૂપ અંગીકાર કરવારૂપ...'** એ જ વસ્તુ (છે), બસ! આહા..હા...! અંદર ગુણ ત્રિકાળ છે કે દ્રવ્ય ત્રિકાળ છે, ગુણ પણ ત્રિકાળ છે ને? ગુણ અને દ્રવ્ય ત્રિકાળ છે અને આ તો એક સમયની પર્યાયમાત્ર છે એને માની પણ ત્રિકાળી ગુણ ધ્રુવ છે (તેને ન માન્યું).

'ચિદ્‌વિલાસ'માં એક પ્રશ્ન લીધો છે. 'ચંદુભાઈ'! ગુણ પરિણમે છે કે દ્રવ્ય પરિણમે છે? એવો પ્રશ્ન લીધો છે. 'ચિદ્‌વિલાસ'માં, ભાઈ! વાત થઈ ગઈ હતી. ગુણ નહિ, દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણમે છે. ગુણ તો અનંત છે તો એક એક ગુણ પરિણમે અને દ્રવ્ય ન પરિણમે તો એવી ચીજ નથી. દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે, એમ (લીધું છે).

અહીંયાં શું કહે છે? કે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય તો દ્રવ્ય પરિણમે છે તો ધ્રુવનું પણ જ્ઞાન થયું અને વર્તમાન પર્યાયનું પણ જ્ઞાન થયું તો એ તો નિર્વિકલ્પ જ્ઞાન થયું. આહા..હા...! રાગના અવલંબન સિવાય એ પર્યાય અને ધ્રુવ, કાયમ રહેનારા ગુણ, એ ગુણ અને પર્યાય, પણ એ પરિણમે છે કોણ? ગુણ નહિ. સમજાય છે કાંઈ? દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે. આવ્યું છે ને 'ચિદ્‌વિલાસ'માં? બતાવ્યું હતું, 'ચિદ્‌વિલાસ'માં છે, ભાઈ ! 'દીપચંદજી' કૃત છે એમાં છે, અહીંયાં ચર્ચા થઈ ગઈ છે.

જેણે વર્તમાનને માન્યું તો આ પરિણમન કોનું છે? દ્રવ્ય પરિણમે તો પરિણમે છે એ દ્રવ્યને તેણે માન્યું નહિ. આહા..હા...! 'ડાહ્યાભાઈ'! જેની ઉપર પર્યાય છે, કોની ઉપર છે તેને માન્યું નહિ. સમજાય છે કાંઈ? એ પર્યાયસત્તા, દ્રવ્યસત્તા ઉપર પર્યાય છે ને? તો એ પર્યાય કોની છે અને કોનું પરિણમન થઈને આ પરિણમન થયું છે ? એ દ્રવ્યને માન્યું નહિ. આહા..હા...! પર્યાય ઋજુસૂત્ર, બસ! વર્તમાન. પર્યાયના **'એકાન્તપણામાં મગ્ન છે.'** બસ! આહા..હા...! એ તો વર્તમાન પર્યાયમાં (મગ્ન છે), ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પર્યાય છે, બસ! એમાં મગ્ન છે. આહા..! પણ એ પર્યાય જેનું પરિણમન છે, દ્રવ્યનું જ પરિણમન છે, એ દ્રવ્યની પર્યાય છે. 'ગુણપર્યાયવત્‌ દ્રવ્યમ્‌' એ દ્રવ્યની પર્યાય છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ ન કરી. આહા..હા...! સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** દ્રવ્યનું પરિણમન છે પણ દ્રવ્ય તો પરિણમતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય પરિણમે છે એ વ્યવહારનયથી પરિણમે છે એમ કહેવામાં આવે છે. દ્રવ્યાર્થિકનયથી તો દ્રવ્ય છે, પણ પરિણમે છે એ દ્રવ્ય પરિણમે છે એમ કહેવામાં આવે છે. દ્રવ્ય તો દ્રવ્ય છે, ધ્રુવરૂપ છે પણ પર્યાય છે એ દ્રવ્યની છે એટલા માટે દ્રવ્ય પરિણમે છે એમ કહેવામાં આવે છે. આહા..હા...! કઈ અપેક્ષાએ, જે વાત ચાલતી હોય તે અપેક્ષાએ અહીં તો વાત ચાલે. હેં? આહા..હા...! આમ તો ગુણ પણ પરિણમતા નથી, એ તો ધ્રુવ છે. અને આમ કહે કે, દ્રવ્યમ્‌ ગચ્છઇ. દ્રવ્ય કોને કહીએ ? – કે જે દ્રવે.. દ્રવે.. દ્રવે.. દ્રવે.. જેમ પાણી કોને કહીએ? – કે જેમાં તરંગ ઊઠે, દ્રવે. એમ દ્રવ્ય કોને કહીએ? – કે જેમાંથી પર્યાય દ્રવે, ઊઠે. દ્રવ્ય સિદ્ધ કરવું હોય તો કેવી રીતે સિદ્ધ કરે? સમજાય છે કાંઈ? પર્યાય પોતે દ્રવ્યમાં એકમેક નથી. એ નિશ્ચયથી તો દ્રવ્યથી થઈ નથી. આહા..હા...! આવી વાત. સમજાય છે કાંઈ?

૩૨૦ ગાથામાં લીધું છે ને? 'જયસેનાચાર્યદેવ'ની ટીકા, નહિ? કે ધ્યાન જે છે એ દ્રવ્યથી અભિન્ન થાય તો ધ્યાનની પર્યાયનો નાશ થાય છે તો વસ્તુનો નાશ થઈ જાય. શું કહ્યું, સમજાણું? ૩૨૦ 'જયસેનાચાર્યદેવ'ની ટીકા, 'સમયસાર'. રાગ તો નહિ, આ તો ધ્યાન જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મોક્ષનો માર્ગ ધ્યાન, આહા..હા...! એ ધ્યાનની પર્યાય પણ દ્રવ્યમાં અભેદ નથી. ભાઈ! સમજાય છે કાંઈ? જો અભેદ હોય તો ધ્યાનની પર્યાયનો તો નાશ થાય છે. પર્યાયનો નાશ થાય છે અને અભેદ હોય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય. માટે પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે, ત્યાં તો એમ લીધું છે. ત્યાં એમ લીધું છે, કથંચિત્ ભિન્ન લીધું છે બાકી છે તો સર્વથા ભિન્ન, પણ જરી શિષ્યને વાત આકરી પડે.

**શ્રોતા** :– સર્વથા ભિન્ન?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, તેનું અસ્તિત્વ ભિન્ન છે. અસ્તિત્વ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, કાળ ભિન્ન છે, ભાવ ભિન્ન છે.

**શ્રોતા** :– એક અપેક્ષાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નહિ, એક અપેક્ષા નહિ, સર્વથા એમ જ છે. કથંચિત્ તો કેમ કહ્યું કે એ પર્યાય એની છે એટલું બતાવવા કથંચિત્ ભિન્ન છે એમ કહ્યું. બાકી છે તો નિશ્ચયથી સર્વથા ભિન્ન. નહિતર બે ધર્મ સિદ્ધ નહિ થાય. સામાન્ય અને વિશેષ બેય સર્વથા ભિન્ન છે. વિશેષ વિશેષથી છે, સામાન્ય સામાન્યથી છે. એવી વાત એકબીજાની અપેક્ષા રાખશો તો સિદ્ધ નહિ થાય.

**શ્રોતા** :– એમ સિદ્ધ કરવા હોય ત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અહીં સિદ્ધ કરવા છે ને.

**શ્રોતા** :– એક વસ્તુ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એક વસ્તુ પણ ક્યારે? કઈ રીતે? કે એ તો પરથી જુદી પાડવા માટે એક વસ્તુ છે, એમ કહેવું છે. પણ એના બે ભાગ પાડવા હોય તો બેય ભિન્ન, સ્વતંત્ર છે. ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :– સ્વરૂપ ભિન્નતાથી કામ ચાલી જાય છે તો પ્રદેશ ભિન્નતા કેમ કહીએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પ્રદેશ ભિન્ન છે. એ જરી સૂક્ષ્મ પડશે. પર્યાયનો અંશ જે છે એ જેટલા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થયો, તો એનું કોઈ ક્ષેત્ર છે કે નહિ? કે પર્યાય ક્ષેત્ર વિના થઈ છે? દ્રવ્યનું ક્ષેત્ર ધ્રુવ છે અને પર્યાયનું ક્ષેત્ર એટલું ભિન્ન અધ્રુવ છે. એ તો કહ્યું ને, સંવરનો અધિકાર છે, ત્યાં તો વિકાર લીધો છે. પણ ૮૯ ગાથામાં કહ્યું ને? 'ચિદ્‌વિલાસ' ૮૯ પાનું. પર્યાયનું ક્ષેત્ર પર્યાયથી છે. દ્રવ્યનું ક્ષેત્ર એ પર્યાયથી ભિન્ન છે. અરે.. અરે..! આવી વાતું છે.

**શ્રોતા** :– એમ પણ આવે ને કે પર્યાયનું ક્ષેત્ર છે એ દ્રવ્ય-ગુણનું છે, એ પર્યાયનું છે એમ પણ આવે શાસ્ત્રમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ કઈ અપેક્ષાએ? – એ તો પરથી જુદું પાડવા માટે. કહ્યું ને પહેલું? પરથી ભિન્ન પાડવા માટે, પણ આ બેને ભિન્ન પાડવા માટે એ નહિ. એવી વાતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, બાપુ! આ તો ન્યાયના કાંટામાં એક પણ ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે. પૃથક્ લક્ષણ છે એમ તો કહ્યું ને? પ્રદેશ જેના ભિન્ન છે તેને પૃથક્ લક્ષણે પરદ્રવ્ય કહ્યું પરંતુ પોતાના ગુણ અને પર્યાય કે દ્રવ્ય અને પર્યાય બેમાં અતદ્ભાવરૂપ અન્યત્વ છે. એ કહ્યું ને? 'પ્રવચનસાર' મૂળ શ્લોકમાં છે, ટીકા પણ છે. દ્રવ્ય તે ગુણ નહિ. એ તો પછી, વળી દ્રવ્ય-ગુણનું ઝીણું–સૂક્ષ્મ પડી જશે. પણ ગુણ તે પર્યાય નહિ અને પર્યાય તે દ્રવ્ય નહિ. ત્યાં તો ગુણ તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે ગુણ નહિ, એવો પાઠ સંસ્કૃતમાં લીધો છે. કેમકે ગુણની સંજ્ઞા ગુણ છે, દ્રવ્યની સંજ્ઞા દ્રવ્ય છે. ગુણ અનંત છે, દ્રવ્ય એક છે. સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અને પ્રયોજન – ચારથી ગુણ અને દ્રવ્ય ભિન્ન છે.

**શ્રોતા** :– પ્રદેશથી અભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પ્રદેશથી અભેદ છે એ કહ્યું ને.

**શ્રોતા** :– સત્તાથી પણ અભેદ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બેયની સત્તા એક છે, ગુણ અને દ્રવ્યની સત્તા તો એક જ છે. પણ લક્ષણ, સંખ્યા, પ્રયોજન, નામ–સંજ્ઞા (એટલે) નામથી તો ભિન્ન છે. આ તો વીતરાગનો સ્યાદ્વાદ માર્ગ (છે), બાપુ! બહુ અલૌકિક છે. તો પછી પર્યાયનું નામ–સંજ્ઞા, લક્ષણ, સંખ્યા અને પ્રયોજન ભિન્ન છે. દ્રવ્ય અને ગુણની સત્તાના પ્રદેશ એક છે. દ્રવ્ય અને ગુણની સત્તાના પ્રદેશ એક છે છતાં સંજ્ઞા, લક્ષણ, પ્રયોજને ભિન્ન છે. પર્યાયનું ક્ષેત્ર અને ગુણનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા...! અરે..! ઝીણી વાત બહુ, બાપુ! મૂળ અંદર તત્ત્વના ઊંડાણને પહોંચ્યા વિના એ સમ્યગ્જ્ઞાન એને થશે નહિ અને સમ્યગ્જ્ઞાન વિના અંદરમાં દૃષ્ટિ નિર્મળ નહિ થાય. આહા..હા...!

**શ્રોતા** :– દ્રવ્ય અને પર્યાયની લક્ષણ ભિન્નતા અને પ્રયોજનની ભિન્નતા શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દ્રવ્યનું પ્રયોજન ગુણાશ્રય છે. ગુણાશ્રય દ્રવ્ય છે, એમ કહ્યું ને? દ્રવ્યાશ્રયા ગુણા. પણ દ્રવ્યનો આશ્રય ગુણ એવું નથી. અને પર્યાયમાં એવું નથી, અપેક્ષાથી પર્યાય દ્રવ્ય આશ્રિત છે, એની અપેક્ષાએ પર્યાય પર્યાયના આશ્રયે છે. ષટ્કારક લીધા. એ તો કહ્યું ને?

દરેક દ્રવ્યની એ સમયની પર્યાયમાં ષટ્કારકનું પર્યાયનું સ્વયંસિદ્ધ પરિણમન પોતાથી છે. વાત તો થઈ હતી, નહિ? ત્યાં, 'વર્ણીજી' સાથે. ૨૧ વર્ષ પહેલાં. મોટી ચર્ચા (થઈ હતી). બધા પંડિતો બેઠા હતા. 'પંચાસ્તિકાય'ની ૬૨મી ગાથા બતાવી. જુઓ! જીવની વિકૃત અવસ્થા પણ પરના કારકની અપેક્ષા વિના નિરપેક્ષપણે વિકૃત અવસ્થા પર્યાયમાં ષટ્કારકથી પોતાથી થાય છે, જેનું દ્રવ્ય-ગુણ કારણ નથી કેમ કે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે, શુદ્ધ (હોય તે) અશુદ્ધમાં કારણ કેમ થાય? અને પર્યાય છે એમાં પરદ્રવ્ય કારક નથી, (કેમ કે) પરદ્રવ્ય ભિન્ન છે. આહા..હા...! આવી વાતું છે. જ્યારે એક સમયની વિકૃત અવસ્થા પણ દ્રવ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગુણની અપેક્ષા વગર થાય છે,... એ તો ૧૦૧ ગાથામાં કહ્યું ને? ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી. આહા..હા...! ૧૦૧ (ગાથા), 'પ્રવચનસાર'. ત્રણ અંશ સત્ છે ને? અને સત્ અહેતુ છે તેને સિદ્ધ કરવા માટે બીજાની જરૂર નથી. અહેતુ (છે), એવી વાત છે. જ્યારે વિકૃત અવસ્થાને પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી; ષટ્કારકથી છે, તો નિર્મળ પર્યાયની વાત શું કરવી? આહા..હા...! નિર્મળ પર્યાય પણ એક સમયમાં ષટ્કારકના પરિણમનથી સમ્યગ્દર્શનની પર્યાય થઈ છે. આહા..હા...!

'**भूदत्थमस्सिदो**' કહેવામાં આવ્યું, ભૂતાર્થનો આશ્રય. પણ આશ્રયનો અર્થ પર્યાય એ તરફ ઝુકી છે. બીજા પદાર્થમાં તો એ ચીજ છે નહિ, અહીંયાં તો જ્ઞાનપ્રધાન કથન છે ને...! તો પર્યાય દ્રવ્ય તરફ ઝુકી છે એ તાકાત તો પર્યાયની છે, કાંઈ દ્રવ્યની તાકાતથી અંદર ઝુકી છે એમ છે નહિ. ઝીણું છે, બાપા! શું થાય? એ નિર્મળ પર્યાય પણ પોતાના ષટ્કારકથી (થઈ છે), તે પણ તે સમયે જે સમયે થવાની તે સમયે (થઈ છે), આઘીપાછી નહિ, આગળપાછળ નહિ. જે સમયનો જે પર્યાય (થવાનો હોય) તે કાળમાં ત્યાં ષટ્કારકથી પરિણમન થઈને થાય છે. આહા..હા...! કર્તા દ્રવ્ય છે એમ પણ એમાં નથી. એ તો પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કરણ–સાધન, પર્યાય પર્યાયને રાખે, પર્યાયથી પર્યાય (થાય), પર્યાયના આધારે પર્યાય (છે). આવી વસ્તુની સ્થિતિ છે, ભાઈ! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે એટલી પર્યાયને જ દ્રવ્ય માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? ઋજુસૂત્ર કહ્યું ને? પર્યાયમાત્રને અંગીકાર કરવારૂપ. '**પર્યાયમાત્રને વસ્તુરૂપે અંગીકાર કરવારૂપ એકાન્તપણામાં મગ્ન છે.**' પાઠ તો એટલો છે–'**शुद्धर्जुसूत्रे रतैः**'. વર્તમાન પરિણામમાં રત, બસ! બીજું આઘુંપાછું જોવા જશું તો ઉપાધિ લાગશે. ત્રણે કાળ લાગુ પડશે તો ઉપાધિ લાગશે માટે આપણે તો એકલા વર્તમાન પરિણામ. એ મિથ્યાદૃષ્ટિનું એકાંત છે, ભાઈ !

'**चैतन्यं क्षणिकं प्रकल्प्य**' બસ! એ પરિણામમાત્રમાં પોતાનું સ્વરૂપ જાણનારો (એમ માને છે કે) '**એક સમયમાત્રમાં એક જીવ મૂળથી વિનશે છે,...**' એ પર્યાય એ જ જીવ એ નાશ થાય છે. '**અન્ય જીવ મૂળથી ઊપજે છે...**' મૂળથી ઉત્પન્ન થાય છે! આહા..હા...! '**એવું માનીને બૌદ્ધમતના જીવોને જીવસ્વરૂપની પ્રાપ્તિ નથી.**' લ્યો! આહા..હા...! આ તો બૌદ્ધનો દૃષ્ટાંત આપ્યો છે, પણ જેની દૃષ્ટિ પર્યાયમાત્રની છે એ બધા બૌદ્ધ જ છે. આહા..હા...! પર્યાયની સાથે રહેલું આખું દ્રવ્ય, ભગવાન પૂર્ણાનંદ અનંત અનંત રત્નાકરનો દરિયો, ચૈતન્ય રત્નાકર એને કહ્યું ને? મોક્ષમાર્ગની પર્યાયને જ્યારે રત્નત્રય કહી તો આ તો ચૈતન્ય રત્નાકર છે. વસ્તુ ચૈતન્ય રત્નાકર છે. રત્નનો આકર–દરિયો છે એ તો. ઓહોહો..! એ દૃષ્ટિ અજ્ઞાનીએ છોડી દીધી અને વર્તમાનને માન્યું.

હવે બીજી વાત, બીજો મતાંતર (કહે છે). '**अपरैः तत्रापि कालोपाधिबलात् अधिकां**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**अशुद्धिं मत्वा'** આમણે એ અર્થ કર્યો છે, સંસ્કૃતમાં બીજો અર્થ છે. **'કોઈ મિથ્યાદૃષ્ટિ એકાંતવાદી એવા છે કે જેઓ જીવનું શુદ્ધપણું માનતા નથી,...'** એ તો ત્રણે કાળે અશુદ્ધ છે, બસ! છે? **'શુદ્ધપણું માનતા નથી, સર્વથા અશુદ્ધપણું માને છે.'** **'कालोपाधिबलात्'** એનો અર્થ કર્યો. **'काल उपाधि बलात्'** એ ત્રણકાળની ઉપાધિના બળે એ અશુદ્ધ જ છે, એમ, શુદ્ધ નહિ. અને સંસ્કૃત ટીકામાં ભાઈ 'જયચંદ્રજી'એ અર્થ કર્યો એમાં એમ કહ્યું કે એક સમયમાં ત્રણ કાળ લાગુ પાડવા જાય છે એ ઉપાધિ છે. વર્તમાન સિવાય ત્રણ કાળ એમ કહે તો ભૂત અને ભવિષ્ય (કહેતા) ઉપાધિ આવી ગઈ, એમ અજ્ઞાની માને છે. ત્રણ કાળ એ તો કાળની અપેક્ષાએ વાત છે પણ વસ્તુ તો ત્રિકાળ ટકતી ચીજ છે, એમાં આ ભૂત અને ભવિષ્ય છે એવા ભેદ પણ તેમાં ક્યાં છે? એ તો ટકતું ધ્રુવ, ધ્રુવ ટકતું તત્ત્વ અનાદિ અનંત છે.

**શ્રોતા :–** સ્વીકાર જ ક્યાં આવ્યો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જ કહ્યું ને, ત્રણ કાળ એમ કહેવું એ ક્યાં અંદર છે? પણ સમજાવવા માટે શું કહેવું? પર્યાય એક સમયમાત્ર છે અને દ્રવ્ય ત્રિકાળી છે, એમ છે ને? દ્રવ્ય છે એ દ્રવ્યાર્થિકનયનું વિષય દ્રવ્ય ત્રિકાળી છે અને ઋજુસૂત્રનયનો વિષય વર્તમાન એક સમયની પર્યાય છે. સમજાવવું હોય તો કેમ સમજાવે? અરે..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે, વર્તમાન સમયમાં જે વસ્તુ છે એ ભવિષ્યમાં રહેશે, પૂર્વે હતી એ ક્યાં? અહીં તો છે જ, બસ આ ધ્રુવ છે, ધ્રુવ છે. પછી એને સમજાવવા માટે એમ કહેવાય કે આ ધ્રુવ ત્રિકાળી રહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ? આ ધ્રુવ છે તે ત્રણે કાળ રહે છે માટે તેની દૃષ્ટિ કરું, એમ એમાં છે? પર્યાય એક સમય રહે છે અને ધ્રુવ ત્રિકાળ રહે છે માટે ત્રિકાળ રહે છે માટે હું તેની દૃષ્ટિ કરું, એમ છે? એ તો વર્તમાન પર્યાય છે તે ત્રિકાળ ટકતી ધ્રુવ ચીજ છે તેનો આશ્રય લે છે, તેનું અવલંબન લ્યે છે, બસ! એને અહીંયાં ત્રણ કાળ રહેનારી ચીજ છે માટે ધ્રુવ છે એવા ભેદ ત્યાં નથી. આહા..હા...! એવું છે, ભઈ!

**'कालोपाधिबलात्'** કીધું ને? **'कालोपाधिबलात्'**નો અર્થ આટલો કર્યો કે ત્રણે કાળે રહેનારી આ શુદ્ધતા તે જ હું, એમ અર્થ કર્યો. અને સંસ્કૃતમાં એવો અર્થ કર્યો કે એક સમયની સ્થિતિને ત્રણ કાળ લાગુ પાડવા એ ઉપાધિ છે. 'ડાહ્યાભાઈ'! બેયમાં ન્યાયનો વાંધો નથી. **'कालोपाधिबलात् अधिकां अशुद्धिं मत्वा'** જોયું? **'કોઈ મિથ્યાદૃષ્ટિ એકાંતવાદી એવા છે કે જેઓ જીવનું શુદ્ધપણું માનતા નથી, સર્વથા અશુદ્ધપણું માને છે. તેમને પણ વસ્તુની પ્રાપ્તિ નથી...'** આહા..હા...! કર્મના નિમિત્તનો ઝુકાવ એનો અશુદ્ધ છે એ નથી માનતો. અશુદ્ધતા ન માને તો અશુદ્ધતાની પાછળ શુદ્ધતા છે તેને તો માનતો જ નથી. સમજાય છે કાંઈ? પર્યાયમાં અશુદ્ધ છે એમ ન માને તો શુદ્ધતા ત્રિકાળી છે એવું તો એની માન્યતામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્યાંથી આવે? આહા..હા...!

અબદ્ધસ્પૃષ્ટના ભાવાર્થમાં 'જયચંદ્રજી પંડિતે' લખ્યું કે અબદ્ધસ્પૃષ્ટ છે એમ છે પણ પર્યાય છે એવું જ્ઞાન લક્ષમાં રાખીને આ લક્ષમાં લેવું. છે અર્થ, ભાવાર્થમાં છે, ૧૪મી ગાથા. અબદ્ધસ્પૃષ્ટ. પાંચ બોલ છે ને? અને પંદરમી ગાથામાં પણ પાંચ બોલ છે. એમાં એમ લીધું છે કે જ્ઞાનનો અર્થ કરીને બહુ સરસ અર્થ કર્યો છે. એણે જે ટીકા કરી છે એવી ટીકા તો... જ્યાં જોઈએ ત્યાં, જે રીતે જોઈએ તે રીતે વસ્તુ સિદ્ધ કરી છે. એકદમ અબદ્ધસ્પૃષ્ટને સામાન્ય કહેવામાં આવ્યું તો એને પર્યાય છે એટલું લક્ષ જ્ઞાનમાં હોવું જોઈએ પછી આ વાત. ભાઈ! અર્થમાં છે, ખબર છે? છે, હવે બધું કાઢવા ક્યાં જઈએ? બધી ખબર છે. ક્યાં છે, કેમ છે બધી (ખબર છે). આહા..હા...!

અહીંયાં કહે છે, **'અનંત કાળથી જીવદ્રવ્ય કર્મો સાથે મળેલું જ ચાલ્યું આવ્યું છે, ભિન્ન તો થયું નથી–એમ માની તે જીવમાં...' 'अधिकां अशुद्धिं मत्वा' 'अधिकां अशुद्धिं मत्वा'** જોયું? **'જીવદ્રવ્ય અશુદ્ધ છે, શુદ્ધ છે જ નહિ...' 'अधिकां अशुद्धिं'**નો અર્થ આ. **'अधिकां'** એટલે અશુદ્ધતાને જ માનનાર, એમ. અને ૩૧મી ગાથામાં કહ્યું ને? ભાઈ! ૩૧. અધિકં. **'णाणसहावाधियं'** ત્યાં **'अधिकं'**નો અર્થ ભિન્ન (છે). જ્યાં જે ઠેકાણે (જે હોય તે અર્થ થાય). ૩૧મી ગાથામાં એમ લીધું, **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।'** જે ઇન્દ્રિયને જીતીને. જીતીનેનો અર્થ આ ઇન્દ્રિયને વશ કરવી ને બ્રહ્મચર્ય (પાળવું) એમ નહિ. ઇન્દ્રિય નામ જડ, ભાવ અને ઇન્દ્રિયનો વિષય-સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર ને દેવ-ગુરુની વાણી એ બધું ઇન્દ્રિય છે. આહા..હા...! એ ત્રણેને જીતીને એટલે ત્રણે તરફનું લક્ષ છોડીને. **'जो इंदिये जिणित्ता'**નો એટલો અર્થ થયો. પછી કહ્યું, **'णाणसहावाधियं मुणदि आदं।'** એનાથી જ્ઞાનસ્વભાવ સ્વરૂપ એને ભિન્ન જાણવો. ત્યાં **'अधिकं'**નો અર્થ ભિન્ન (થાય છે). સમજાણું કાંઈ? બીજું પદ છે ઇ. આહા..હા...!

**શ્રોતા :–** **'अधिकं'** અર્થ પરિપૂર્ણ કર્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ કીધું છે, પરિપૂર્ણ પણ કીધું છે. અહીં ભિન્ન જાણવાનો અર્થ કે આ જ્યારે અપૂર્ણ છે તો ભિન્ન છે એ પરિપૂર્ણ છે જ. પરિપૂર્ણ છે, અધિક છે, ભિન્ન છે એમ એનો અર્થ થાય છે. આહા..હા...!

અહીં તો બીજું કહેવું છે, અહીં **'अधिकं'** અશુદ્ધતાને **'अधिकं'** માની છે, ભિન્ન. ત્યાં જ્ઞાનસ્વભાવ **'अधिकं'**. પર્યાયથી અને અશુદ્ધતાથી ભિન્ન આખું તત્ત્વ છે. તેને ત્યાં **'णाणसहावाधियं मुणदि आदं।'** (કહ્યું). આહા..હા...! સમજાય છે કાંઈ? કયે ઠેકાણે કઈ અપેક્ષાએ વાત છે (તે સમજવું જોઈએ). બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. આહા..! સ્યાદ્વાદ માર્ગ છે, ફૂદડીવાદ નથી આ. પણ સ્યાદ્વાદનો અર્થ એવો નથી કે વ્યવહારથી પણ નિશ્ચય થાય અને નિશ્ચયથી નિશ્ચય થાય, નિમિત્તથી પણ ઉપાદાનમાં થાય, ઉપાદાનથી ઉપાદાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય એમ સ્યાદ્વાદ નથી. હેં? આહા..હા...!

**શ્રોતા :–** તો તો નિમિત્ત કહેવાય નહિ. તો તો નિમિત્ત કીધું તે ખોટી વાત થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ખોટી વાત. આહા..! આ તો વસ્તુનો જેવો સ્વભાવ છે એ રીતે એને પર્યાયને, દ્રવ્યને સ્યાદ્વાદ તરીકે જાણવું તેનું નામ સ્યાદ્વાદ છે. સમજાય છે કાંઈ?

**'મતાન્તર કહે છે...'** બીજું. **'अन्धकैः अतिव्याप्तिं प्रपद्य'** આહા..હા...! **'એકાન્ત મિથ્યાદૃષ્ટિ જીવ કોઈ એવા છે કે...' 'अतिव्याप्तिं प्रपद्य' 'કર્મની ઉપાધિને માનતા નથી,...'** અશુદ્ધતા છે જ નહિ એમ માને છે. **'आत्मानं परिशुद्धम् ईप्सुभिः'** છે? **'જીવદ્રવ્યને સર્વ કાળ સર્વથા શુદ્ધ માને છે;...'** એ પણ ખોટું છે. આહા..હા...! સમજાય છે કાંઈ? આ એક મતાંતર લીધો છે. સર્વ કાળ શુદ્ધ છે, પર્યાય પણ સર્વ કાળ શુદ્ધ છે એમ નથી. પર્યાય અનાદિથી સંસારમાં અશુદ્ધ છે. આહા..હા...! દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે, પણ પર્યાય તો અનાદિથી અશુદ્ધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? છે?

**'જીવદ્રવ્યને સર્વ કાળ...'** અને **'સર્વથા...'** સર્વથા. કથંચિત્ અશુદ્ધ અને કથંચિત્ શુદ્ધ માને એ બીજી વાત છે. દ્રવ્ય શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે એ કથંચિત્ થયું. પણ આ તો સર્વથા અશુદ્ધ છે (એમ માને છે). પર્યાય પણ શુદ્ધ જ છે, એમ માને છે. એ બિલકુલ ખોટી વાત છે. આહા..હા...! અહીંયાં તો હજી તેરમે ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ કહ્યો. ત્યાં પણ એટલી મલિનતા (છે), એટલો ઉદયભાવ કહ્યો ને? ચૌદમે પણ અસિદ્ધભાવ કહ્યો ને? સિદ્ધભાવ નહિ. હેં? આહા..હા...! ચૌદમે ગુણસ્થાને પણ હજી ઉદયભાવની એટલી મલિનતા છે. નહિતર અસિદ્ધ કહ્યું છે, ચૌદમે પણ અસિદ્ધ છે, સિદ્ધ નહિ. એટલી અંદર વિકૃત અવસ્થા પર્યાયમાં છે. આહા..હા...! ચાર પ્રતિજીવી ગુણ ત્યાં નિર્મળ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન, અનંત ચતુષ્ટય, ભાવમોક્ષ (છે) પણ હજી દ્રવ્યમોક્ષ થયો નથી. પર્યાયમાં હજી એટલી પ્રતિજીવી ગુણની વિકૃત અવસ્થા ચૌદમે સુધી પણ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? આ તો કહે, સર્વથા શુદ્ધ જ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? ચૌદમા સુધી અશુદ્ધ છે. આહા..હા...! પર્યાયની વાત છે. છે?

**'સર્વ કાળ સર્વથા શુદ્ધ માને છે; તેમને પણ સ્વરૂપની પ્રાપ્તિ નથી.'** આહા..હા...! ભારે વાતું. અનેક નયની અપેક્ષા આવે, બાપુ! આહા..હા...! આત્મામાં અશુદ્ધતા ત્રણ કાળમાં નથી, એ દ્રવ્ય. પણ પર્યાયમાં અશુદ્ધતા ચૌદમા ગુણસ્થાન સુધી છે. છે કે નહિ? અસિદ્ધભાવ કહ્યો ને? તો અસિદ્ધભાવ શું કરવા કહ્યું? સિદ્ધભાવ નહિ. નિર્મળ પર્યાય જે જોઈએ તે નથી. આહા..હા...! સમજાય છે કાંઈ?

માર્ગ ગંભીર છે, ભાઈ! અંદર વાસ્તવિક તત્ત્વજ્ઞાન અને સમ્યગ્દર્શન એ ચીજ કોઈ અલૌકિક છે, એ કોઈ સાધારણ (વાત નથી). આહા..હા...! બધે પડખેથી મિથ્યાત્વનો ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છૂટીને (સમ્યગ્દર્શન થાય છે). મિથ્યાત્વ અનંત પ્રકારનું છે. એમ લખ્યું છે ને ઓલા 'બંધ અધિકાર'માં? હું આને જીવાડું છું, એક મિથ્યાત્વનો એક ભાગ છે, એમ લખ્યું છે. ભાઈ! છે ને? છે ને ખબર? એમ કે આ જીવને જીવાડી શકું છું એ પણ એક મિથ્યાત્વનો ભાગ છે. આખા મિથ્યાત્વમાં તો ઘણા ભાગ છે. સમજાય છે કાંઈ? 'સમયસાર' 'બંધ અધિકાર'માં છે કે આને હું જીવાડી શકું છું, જીવતર આપી શકું છું, આને મારી શકું છું, આને અનુકૂળ સંયોગ દઈ શકું છું, સુખી કરી શકું છું એટલે અનુકૂળ સંયોગ. એ પણ એક મિથ્યાત્વનો ભાગ છે. આહા..હા...! મિથ્યાત્વના પ્રકાર તો અનંત છે, એ માહેલો આ એક ભાગ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? છે, અંદર લખ્યું છે. આહા..!

**'તેમને પણ સ્વરૂપની પ્રાપ્તિ નથી. કેવા છે એકાન્તવાદી?'** આહા..હા...! અહીંયાં તો રાત્રે કહ્યું હતું ને? 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્' પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સમયે સમયે છે. હવે પોતાનો ઉત્પાદ સમયે સમયે પોતાથી થાય છે ત્યારે તો એ દ્રવ્ય છે. હવે એ પર્યાય બીજાથી થાય તો તેમાં પર્યાય પરથી થઈ. તેમાં પર્યાય માની નહિ. આહા..હા...! જેમ આ અશુદ્ધ પર્યાય માની નહિ, એમ એણે પર્યાય માની નહિ. પરને લઈને મને આવું થયું છે અથવા બીજા દ્રવ્યને પરને લઈને આમ થાય છે. તો એનું ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ રહ્યું નહિ. તો એણે પણ પર્યાય માની નહિ. આહા..હા...! સૂક્ષ્મ છે, 'ભગવાનદાસજી'! ન્યાં ઓલા... શું કહેવાય?

**શ્રોતા :–** સમજવું તો પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમજવું પડશે, ભાઈ! ત્યાં ને ત્યાં ઘૂસીને... આમ તો અમે ઘણીવાર કહીએ છીએ ને? નોકરી કરે તો પંચાવન વર્ષે છોડી દ્યે છે.

**શ્રોતા :–** ઇ તો સરકારી નોકરી હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો સાંભળ્યું છે, આપણે તો ક્યાં..? સરકારમાં પણ વીસ વર્ષે નોકરી કરે અને પાંત્રીસ વર્ષ થઈ જાય... અને તમારે તો સાંઈઠ થાય, સીત્તેર થાય તોય મેળ નહિ મજૂરી કરવામાં. બધી રાગની મજૂરી છે ને? શેઠ! એ પંચાવને નોકરી કરે છે ને? સાંભળ્યું છે. વીસ વર્ષની ઉંમરે નોકરીએ ચડે, પાંત્રીસ વર્ષ નોકરી કરે તો પંચાવન વર્ષે (છોડી દ્યે). આ વેપારીને કાંઈ મેળ છે કે કેટલા કાળ સુધી વેપાર કરવો ને પછી નિવૃત્તિ લેવી? આહા..હા...! આ તો આ નિર્ણય કરવા માટે નિવૃત્તિની વાત છે, હોં! હેં? આહા..!

**'કેવા છે એકાન્તવાદી?' 'નિઃસૂત્રમુક્તેક્ષિભિઃ' 'સ્યાદ્વાદસૂત્ર વિના...' 'મુક્તેક્ષિભિઃ' 'સકળ કર્મના ક્ષયલક્ષણ મોક્ષને ચાહે છે; તેમને પ્રાપ્તિ નથી.'** આહા..હા...! સ્યાદ્વાદ માર્ગ છે, પ્રભુ! દ્રવ્યે શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે. પર્યાય એક સમય રહે છે, વસ્તુ ત્રિકાળ રહે છે, એવો સ્યાદ્વાદ માર્ગ છે. એક સમયની પર્યાય છે તો દ્રવ્ય પણ એક સમય રહે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને દ્રવ્ય ત્રિકાળ છે તો પર્યાય પણ ત્રિકાળ રહે છે, અને અશુદ્ધ એક સમયની પર્યાય છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. એ 'રતનચંદજી' કહે છે, હમણા છાપામાં આવ્યું હતું. 'પ્રવચનસાર'માં નવમી ગાથામાં છે ને? શુભે પરિણમતા શુભ છે, અશુભે પરિણમતા અશુભ છે. આવે છે ને નવમી ગાથા? 'પ્રવચનસાર'. ત્યાં એમ કે શુભે પરિણમે છે ત્યારે આખો આત્મા શુભરૂપે પરિણમી જાય છે. અશુભે પરિણમે ત્યારે આખો આત્મા અશુભરૂપે પરિણમી જાય છે. એમ કહેતા હતા. 'રતનચંદજી મુખત્યાર' છે ને? એમ નથી. દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં શુભ થાય છે તો પર્યાયમાં તન્મય છે. શુભપણું પર્યાયમાં તન્મય છે. દ્રવ્ય સાથે તન્મય છે એમ નહિ. આહા..હા...! લોકો અત્યારે ઘણા અર્થો ફેરવે છે, કંઈકના કંઈક. મિથ્યાત્વના અનેક પ્રકાર છે, એમાં ઘણા પ્રકારમાંથી કંઈને કંઈ કોઈ અટક્યા છે. આહા..હા...!

અહીં એક પ્રકાર કહ્યો. એવું સ્યાદ્વાદ... છે? **'સ્યાદ્વાદસૂત્ર વિના...'** એ સૂત્ર જેમ ઓલો હાર હોય ને હાર? હારમાં દોરો છે ને? આખો દોરો હોય ત્યારે દરેક મોતી રહે છે ને? મોતી મોતીના કાળે મોતી છે પણ દોરો તો બધામાં છે ને? એમ ધ્રુવ બધામાં છે, પર્યાય એક સમયની છે, મોતીની પેઠે. બન્નેને યથાર્થ માનવું જોઈએ. આહા..હા...! સમજાય છે કાંઈ? **'हारवत्' 'હારની જેમ. ભાવાર્થ આમ છે કે જેમ સૂત્ર (દોરા) વિના મોતી સધાતા નથી...'** છે? આહા..હા...! ૯૯ ગાથામાં આપ્યું છે ને? ભાઈ! 'પ્રવચનસાર', ૯૯ ગાથામાં આ હારનું દૃષ્ટાંત આપ્યું છે. મોતીને સ્થાને મોતી છે. હારમાં આમ દોરો સળંગ છે. બેય બરાબર માનવું જોઈએ. પર્યાયને સ્થાને પર્યાયને કાળે પર્યાય છે, આઘીપાછી નહિ. ત્યાં 'પ્રવચનસાર' ૯૯ માં પાઠ છે–આગળપાછળ નહિ. જે સમયે પર્યાય થવાની છે તે સમયે થશે. એ હારમાં જ્યાં મોતી છે ત્યાં જ મોતી છે, એ મોતી આઘાપાછા છે એમ નહિ અને જ્યાં જ્યાં મોતી છે ત્યાં ત્યાં મોતી છે. એમ પર્યાય પણ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં જ છે અને સૂત્ર એમાં સળંગ છે. એમ ધ્રુવ સળંગ છે, પર્યાયમાં. આહા..હા...! સમજાણું કાંઈ?

આ માટે તો ભાઈ ! થોડી નિવૃત્તિ લઈને અમુક દૃષ્ટિ કરીને શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો જોઈએ. પોતાની પક્કડ કરીને સ્વાધ્યાય કરે તો ઇ નહિ ભાસે. એ 'પ્રવચનસાર'માં આવે છે ને? જ્ઞાન અધિકાર પૂરો થઈ અને જ્ઞેય અધિકાર લ્યે છે ત્યારે કળશમાં કહે છે કે સ્વરૂપને લક્ષે આગમનો અભ્યાસ કરવો જોઈએ. આહા..હા...! આ તો અભ્યાસ ન મળે અને ઉપરટપકે જરી કલાક નવરાશ લઈને જે સાંભળ્યું હોય, ધાર્યું હોય એ માનીને, થઈ રહ્યું જાણે! અરે..! બાપુ! મારગડા જુદા, નાથ! આહા..હા...! **'हारवत्'**કીધું ને? ત્યાં ૯૯મા પણ એમ કહ્યું. જ્યાં જ્યાં મોતી છે ત્યાં ત્યાં મોતી છે, આઘાપાછા નથી. આઘાપાછા કરવા જઈશ તો હાર તૂટી જશે. એમ દ્રવ્યમાં પર્યાય જે સમયે થવાની હોય તે જ સમયે થશે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આઘીપાછી નહિ. પહેલાં થવાની હતી એ પછી થઈ (એમ નથી). આહા..હા...! સમજાય છે કાંઈ? દ્રવ્ય તૂટી જશે, દ્રવ્યનો નાશ થઈ જશે, પર્યાય આઘાપાછી કરવા જઈશ તો. આહા..હા...!

આ ક્રમબદ્ધ...! અહીંની સામે લોકોને, પંડિતોને પાંચ વાંધા છે. એક ક્રમબદ્ધનો, એક વ્યવહારથી નિશ્ચયથી થાય એનો, એક નિમિત્તથી ઉપાદાનમાં થાય છે, એવા પાંચ વાંધા છે. આહા..! પાંચે વાંધા એક ધડાકે ઊડી જાય છે. જે સમયે જે પર્યાય થવાની છે, તે મોતીના ઠેકાણે તે છે. એ ક્રમબદ્ધ થયું. ક્રમબદ્ધ થયું તો એ સમયે સામે જે નિમિત્ત છે એની પણ ક્રમબદ્ધમાં તેની પર્યાય ત્યાં રહી. નિમિત્તથી આમાં કાંઈ આવ્યું, એમ નથી. વ્યવહારના કાળમાં વ્યવહાર ક્રમમાં આવ્યો પણ વ્યવહારના કાળમાં વ્યવહારથી નિશ્ચય છે એમ નથી. **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** ('બૃહદ્-દ્રવ્યસંગ્રહ, ગાથા–૪૭). 'જે સમયે આશ્રય લીધો એ નિશ્ચય થયું, એ સમયે વ્યવહાર બાકી છે તે વ્યવહાર થયો. એમાં વ્યવહારથી નિશ્ચય થાય એ વાત રહી નહિ, નિમિત્તથી ઉપાદાનમાં થાય એ વાત રહી નહિ અને આઘીપાછી પર્યાય થાય છે એ પણ રહ્યું નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ? ૯૯ ગાથામાં બહુ વિસ્તાર છે.

**'हारवत्' 'હારની જેમ. ભાવાર્થ આમ છે કે સૂત્ર (દોરા) વિના મોતી સધાતા નથી...'** જુઓ! છે ને? **'હાર થતો નથી, તેમ સ્યાદ્વાદસૂત્રના જ્ઞાન વિના...'** આહા..હા...! ધ્રુવ અને પર્યાયની અપેક્ષાના જ્ઞાન વિના **'એકાન્તવાદો દ્વારા આત્માનું સ્વરૂપ સધાતું નથી...'** વિકૃત પર્યાય પરથી થાય છે એમ કહેવામાં વસ્તુ સિદ્ધ થતી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? કેમ કે શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તો દ્રવ્ય છે. અંદર દ્રવ્યમાં અશુદ્ધતા આવી નથી જતી પણ અશુદ્ધ બિલકુલ ન માને તેને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બે ઠેકાણે કહ્યું કે શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ એ દ્રવ્ય છે, એમ કહ્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. કેમ કે અશુદ્ધ પર્યાય જ્યારે અનાદિ શાંત હતી એ પર્યાયને–અંશને ન માને તો આખું દ્રવ્ય જે છે એ તો પૂરું થતું નથી. પર્યાયને કાઢી નાખી તો સત્‌નો અંશ રહ્યો નહિ અને સત્ તો ત્રિકાળી પર્યાય-ગુણનો પિંડ એ દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? 'ડાહ્યાભાઈ!' ન્યાયથી વાત છે. આ તો ભગવાનનો માર્ગ છે, બાપુ! આ કાંઈ હઠ કરવાનો માર્ગ નથી. શું કહ્યું?

**'સ્યાદ્વાદસૂત્રના જ્ઞાન વિના એકાન્તવાદો દ્વારા આત્માનું સ્વરૂપ સધાતું નથી–આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી;...'** આહા..હા...! પર્યાય પણ છે, અશુદ્ધ પણ છે. પર્યાયથી પણ એકાંત શુદ્ધ જ માની લ્યે તો અશુદ્ધતા ટાળવાનો પ્રયત્ન વ્યર્થ જાય છે. સમજાય છે કાંઈ? વેદાંત કહે છે ને કે સર્વથા શુદ્ધ છે. તો કહે છે, સર્વથા શુદ્ધ છે તો તેને ઉપદેશ કેમ આપ્યો? એક વ્યાપક છે એમ નિર્ણય કરો. તો અશુદ્ધતા, વિપરીતતા એની પાસે છે. તમે ઉપદેશ આપ્યો એક વ્યાપક છે. અશુદ્ધતા ટાળી એવું તમારી દૃષ્ટિએ થયું. ત્યાં પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય સિદ્ધ થઈ ગઈ. સમજાણું કાંઈ? ત્યાં દ્વૈત સિદ્ધ થઈ ગયું, દ્રવ્ય અને પર્યાય દ્વૈત સિદ્ધ થઈ ગયું. આહા..હા...!

**'તેથી જે કોઈ પોતાને સુખ ચાહે છે,...'** આહા..હા...! જુઓ! જેને આનંદની અભિલાષા છે... આહા..હા...! અતીન્દ્રિય આનંદની જેને અભિલાષા છે... આહા..હા...! **'તેઓ સ્યાદ્વાદસૂત્ર વડે જેવું આત્માનું સ્વરૂપ સાધવામાં આવ્યું છે તેવું માનજો.'** આહા..હા...! ત્રિકાળ વસ્તુ પણ છે, વર્તમાન પર્યાય છે, ત્રિકાળ શુદ્ધ છે, વર્તમાન અશુદ્ધ છે, પર્યાય જેવડો આત્મા નથી અને ત્રિકાળી દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાય પર્યાયના કાળમાં છે, વસ્તુ ત્રિકાળમાં છે એમ જેવી વસ્તુની સ્થિતિ છે તેવી સુખના અભિલાષી જીવે, સાચા સુખના અભિલાષીએ આમ છે એવો સ્યાદ્વાદ માનવો પડશે, તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાશે. અને જે દૃષ્ટિ જશે એ દૃષ્ટિ પર્યાય છે. સમજાય છે કાંઈ? પર્યાયની પણ પ્રતીતિ થઈ ગઈ. તો જેવું છે તેવું માનવાથી અંતર સમ્યગ્દર્શન થશે અને સુખની પ્રાપ્તિ થશે. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. ૧૦૫.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર–કળશટીકા, કળશ–૨૫૮, પ્રવચન નં. ૨૫૭, તા. ૨૨-૧૨-૧૯૬૫ [૧૨]

સ્યાદ્વાદ અધિકાર. 'સમયસાર કળશ' ૧૨મો કળશ વચમાં આવે છે, જુઓ ! મિથ્યાદષ્ટિ શું માને છે ? અજ્ઞાનીનો સ્વભાવ અને પરભાવના અંતરમાં આંતરો શું છે ? એની વ્યાખ્યા ચાલે છે. જેની દૃષ્ટિમાં અસત્યપણું છે એ **'परभावभावकलनात्'** આ આત્માની જ્ઞાન અવસ્થામાં પરભાવ સંબંધી જે જ્ઞેયાકૃતિ જ્ઞાનની પર્યાય, જ્ઞેયોની શક્તિઓની પર્યાય, બીજા દ્રવ્યની શક્તિ જે સામર્થ્ય છે, એ સામર્થ્યને લક્ષમાં લઈને જે જ્ઞાનની પર્યાય પરિણમી છે એ પરભાવ છે, એમાં સ્વભાવને માની રહ્યો છે. સમજાણું કાંઈ ?

સ્વભાવથી અસ્તિ. અગિયારમો ભંગ, એનાથી વિરુદ્ધ પરભાવમાં પોતાના ભાવની અસ્તિ. એમ પહેલી વ્યાખ્યા ચાલે છે. શું કીધું સમજાણું ? આ શું પૂછયું આણે ? શું ચાલે છે ? વ્યાખ્યા તો એ ચાલે છે કે આ આત્મા જે છે એમાં અનંત-અનંત શક્તિરૂપ સ્વભાવભાવ છે. વસ્તુ–વસ્તુ આત્મપદાર્થ છે, એમાં શક્તિ એટલે ગુણ એટલે સ્વભાવ, અનંત અનંત શક્તિરૂપ અનંત ગુણનો સ્વભાવરૂપ આત્મા છે. એ સ્વભાવથી અસ્તિ. જ્ઞાની પોતાના ત્રિકાળ અનંત ગુણના સ્વભાવથી પોતાનું હોવાપણું માને છે. અજ્ઞાની એમ માનતો નથી એમ વાત ચાલે છે. કહો, સમજાણું આમાં ?

આ આત્મદ્રવ્ય, વસ્તુ છે, પદાર્થ છે અને પદાર્થમાં.. પદાર્થ છે તેનો ભાવ હોય કે નહિ ? એની શક્તિ, એનો ગુણ–સામર્થ્ય હોય કે નહિ ? એ આત્માનું અનંત-અનંત સ્વભાવરૂપ એ શક્તિરૂપ સામર્થ્ય છે, એવો જે આત્મદ્રવ્યનો ભાવ, એને પોતાના સ્વભાવભાવ તરીકે અજ્ઞાનીની દૃષ્ટિ, સ્વભાવભાવના સામર્થ્યની નથી. એની દૃષ્ટિ વર્તમાન જ્ઞાનની દશામાં પર પદાર્થના સામર્થ્યના જ્ઞાનની જે પર્યાય (થાય) તેના આકારે પરિણમે એવા જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય, એ મારો ભાવ છે (એમ માને છે). એ છે પરભાવ. સમજાણું કાંઈ ? ભાઈ ! ભારે ઝીણું, ભાઈ ! લ્યો, અમારે દરબાર કહે છે, બહુ સારું આવે છે. કહો, સમજાણું આમાં ?

આત્મા વસ્તુ છે કે નહિ ? વસ્તુ પદાર્થ છે કે નહિ ? વસ્તુ તત્ત્વ છે કે નહિ ? તો વસ્તુ છે એમાં વસેલા અનાદિ સ્વભાવરૂપ ગુણ છે કે નહિ ? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંત પ્રભુતા આદિ અનંત એની શક્તિરૂપ સામર્થ્ય સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બીજી રીતે કહીએ તો સર્વજ્ઞસ્વભાવ, સર્વદર્શીસ્વભાવ, પૂર્ણ પ્રભુતાસ્વભાવ, પૂર્ણ સ્વચ્છતાસ્વભાવ, એવી અનંત શક્તિનો સ્વભાવરૂપ આત્માનો ભાવ છે. સમજાણું કાંઈ ? એવા આત્માના મહાન સ્વભાવને ન માનતા એ '**परभावभावकलनात्**' '**જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે છે જ્ઞાનનો પર્યાય,...**' ફક્ત જગતના બીજા પદાર્થ નામ ભાવો, શક્તિઓ, ગુણો એના સામર્થ્યના ભાવ તરફ એની વર્તમાન જ્ઞાનની દશામાં એ બધાના સામર્થ્યરૂપે એનું સામર્થ્ય છે, એમ જાણવાના લક્ષે જ્ઞાનની અવસ્થા થઈ છે, એ અવસ્થા ખરેખર પરભાવરૂપ છે. સમજાણું કાંઈ ?

એ પરભાવ એને '**परभावभावकलनात्**'. એને પોતાનો એક સમયનો અનંત ભાવ જે ગુણ અનંત શક્તિ સ્વરૂપ છે, સર્વજ્ઞસ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, અનંત પુરુષાર્થ સ્વભાવ, અનંત પ્રભુતા સ્વભાવ–અનંત સ્વચ્છતા સ્વભાવ, અનંત જીવતર શક્તિ આદિ આનંદસ્વભાવ એવો આખો ભાવ–સ્વભાવ જે પૂર્ણ છે, એને એક સમયની દશામાં બીજાના સામર્થ્યપણે જાણવાનો પર્યાય થયો, એમાં પોતાનો ભાવ માને છે. એનું નામ અસત્યબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ અને એનું નામ પાપદૃષ્ટિ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ ! આમાં કોનું પાપ કર્યું એણે ? શું કર્યું પોતાનું ? વાણિયા બોલે તો ખરું...! કહો, સમજાણું આમાં ? એક સમયની જ્ઞાનની દશામાં જડના સામર્થ્યનો ભાવ, બીજા ચૈતન્યના સામર્થ્યનો ભાવ, અરે..! કેવળજ્ઞાનીના અનંત વીર્ય અને જ્ઞાનનો સામર્થ્યનો ભાવ, એવી એક સમયની પર્યાયમાં તેનું જાણવું થાય કે આ આવા છે, આ સર્વજ્ઞ છે, આ સર્વદર્શી છે, આ પૂર્ણ છે, આ પરમાણુમાં એક સમયમાં નીચેથી ઉપર જવાની શક્તિ છે, આ તમારા શું કહે ઉડે છે એ બધા ? રોકેટ ને ફોકેટ ને એ બધા રજકણોમાં શક્તિનું સામર્થ્ય છે, એ શક્તિનું સામર્થ્ય પર શક્તિરૂપે છે, એને પોતાની માને એ તો મિથ્યાદૃષ્ટિ સ્થુળ છે.

**શ્રોતા** :– એ તો ઘણું દૂર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો બહુ દૂર રહી ગયું. પણ એ શક્તિઓના સામર્થ્યને આ જ્ઞાનની અવસ્થા જાણવાપણે તેના જ્ઞેયાકારપણે જાણવાપણે પરિણમે, એ જ્ઞેય શક્તિનું જ્ઞાન, શક્તિનું જ્ઞાન એ રીતે પરિણમે, એટલામાં આખી ત્રિકાળી સર્વજ્ઞશક્તિ આદિને માને, એણે પરભાવમાં સ્વભાવ માન્યો એથી એને અસત્યબુદ્ધિનું મિથ્યાત્વનું પાપ લાગે છે. એને પોતાના જીવ મહાસ્વભાવને હણી નાખ્યો. એ જીવીયા વહોરવીયા કર્યા એણે. 'જુગરાજજી'! એ જીવીયા વહોરવીયા આવે છે કે નહિ ? .... જીવીયા વહોરવીયા. ઓલો કહે .. એ નહિ આ જીવીયા વહોરવીયા.

પોતાના જીવતરશક્તિરૂપ મહાન સત્ત્વ, આનંદ શક્તિરૂપ મહાન સામર્થ્ય અને વીર્યનું અનંત અનંત વીર્યનું મહાસામર્થ્ય એક સમયમાં એવા અનંત ભાવરૂપ સામર્થ્ય, મહાન સામર્થ્ય એની પ્રતીતમાં એને ભાવ આવવો, એમ પ્રતીત અને શ્રદ્ધામાં ન લેતાં, ફક્ત પોતાની વર્તમાન એક દશામાં બીજા સામર્થ્યનું જ્ઞાન થાય, તો સ્વ–સ્વભાવનું જ્ઞાન એમાં ન રહ્યું, એકલું પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પદાર્થની તાકાતપણે જ્ઞાને જાણ્યું, તેટલી પર્યાયને અહીંયાં ત્રિકાળ સામર્થ્યના સ્વભાવની અપેક્ષાએ એને એ પર્યાયને પરભાવ કહેવામાં આવે છે. આહા..હા...!

એથી તે **'परभावभावकलनात्'** જેણે ભાવરૂપે નિર્ણય કર્યો છે. એમ લેવું. જ્ઞાનવસ્તુનું હોવાપણું એવું માન્યું છે જેણે, **'એવા જૂઠા અભિપ્રાયના કારણથી.'** એ જૂઠો અભિપ્રાય, અસત્ય અભિપ્રાય, પાખંડ અભિપ્રાય, મિથ્યા અભિપ્રાય છે. અરે..અરે..! આ ભારે વાત, ભાઈ ! કહો, સમજાણું ? સારા દીકરા હોય, સારા પૈસા હોય, સારા ઘોડા-બળદ-હાથી ઘરે હોય, એ બધી શક્તિઓને દેખીને પોતે ખુશી થાય કે નહિ ? 'મણિભાઈ'! તમારે ક્યાં છોકરા છે તે તમે ખુશી થાવ. કો'કના છોકરા દેખીને ખૂશી થાય. 'ફૂલચંદભાઈ'! શું હશે ? ડાહ્યો છોકરો થાય તો ઉલટાની હોંશ આવી જાય, લ્યો. એની શક્તિનું જ્ઞાન થતાં. ઓ..હો..!

**શ્રોતા** :- રતન પાક્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રતન પાક્યું. કૂળને અજવાળ્યું, બાપા ! કહે છે કે એ એના સામર્થ્યનું જ્ઞાન કર્યું, એ સામર્થ્ય તો પરમાં છે. એ સામર્થ્ય મારું છે અને મને મદદ ને મને લાભ છે, એમ માને તો મહાન અસત્ય મિથ્યા પ્રતીતિ એણે કરી છે. પણ એના સામર્થ્યના ખ્યાલમાં પરિણમેલું જ્ઞાન, એટલાને પોતે આખો આત્મા માને, એમ આખા સ્વભાવવાળુ તત્ત્વ એ ભાવમાં માને, તો તેની જૂઠી દૃષ્ટિ અને જૂઠો અભિપ્રાય છે. એણે ભગવાનઆત્મા અનંતા ભાવના સામર્થ્યરૂપી જીવનો અનાદર કર્યો છે, એવા સ્વભાવનો એણે અનાદર કર્યો, અને એક સમયની પરાકૃતિ શક્તિના પર્યાયનો આદર કર્યો. કહો, 'જમુભાઈ'! આહા..હા..!

દ્રવ્યના સ્વભાવની અત્યારે વાત ચાલે છે. દ્રવ્યમાં પહેલાં ગયું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ બીજામાં ગયું. અહીં અત્યારે દ્રવ્યનો સ્વભાવ કાયમી છે, શક્તિ મહાન. એ શબ્દ ફરે તો આખું ફરી જાય એમ છે. આ એમ ચાલે એવું નથી. સ્વભાવ.

ક્યાં પણ કોઈ દિ' આમ જોવે ત્યારે ને ? માનવામાં પણ આવતું નથી. આવો હું અનંત ગુણનો ધણી ! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો મારો ગુણ, એથી અનંત ગુણને જાણે એવી મારી શક્તિ. આહા..હા...! અનંત ક્ષેત્ર અને અનંત કાળ અને અનંત ભાવને જાણવાની મારી શક્તિ. એવા એવા અનંત ગુણો. જેને એક શક્તિને ટકાવે એવું વીર્ય, એને ટકાવે એવી માન્યતા, એવા બધા અનંત ગુણો એમાં પડેલાં છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા** :- ખબર નથી કે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાન નથી કરતો. ખબર નથી શું ? પછી આમ મૂઢ થઈને ચાલ્યો જાય છે એમ ને એમ. આ પૈસા કાંઈક મળ્યા, આ મકાન થયા, અમે કાંઈક મોટા થયા એમ માનીને ચાલ્યો જાય છે. ઘરે ઉતારવું સારું કે નહિ ? કહો, સમજાણું આમાં ? આહા..હા...! ઘરમાંથી કાંઈક એક નવું નીકળે ને ? પૈસા ને શું કહેવાય ? હીરા, માણેકની કાંઈક ખાણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નીકળી હોય, ચરુ નીકળી જાય. એ તો ક્યાં તારા હતા ? પણ તારું જ્ઞાન એની શક્તિ ... ફર પડ્યો છે બધો ફેર પડ્યો છે. ઘડ્યું છે જે ઘરનું શું કહેવાય આ ? પાયો. પાયાવાળાને કહેશો નહિ, કાલે બંધ રાખજો. ઊંડું ઊંડુ લાગે છે દાટેલું. કહે છે. આમાં એ આવ્યું હતું ને ઓલા રાજાએ કાંઈક દાટેલું છે. મોટો રાજા કોઈક હતો એણે દાટેલા છે એ બધા. પચાસ અબજ રૂપિયાનું સોનું. કોઈકે ક્યાંકથી લઈને એના છોકરા માટે દાટેલું. એ મરી ગયો અને રાણી એના છોકરાને લઈને બહાર વઈ ગઈ. ઓલું બધું પડ્યું રહ્યું. એમ પડ્યું હોય એમાં રાજાને .. ઓ..હો..હો..! ગાંડો થઈ જાય.

અહીં તો કહે છે એ ચીજો તો પૃથક્ અને એના સામર્થ્ય પણ પૃથક્. એના સામર્થ્યને તારે કાંઈ અડવા જેવું નથી. એને અને તારે કાંઈ સંબંધ નથી. પણ એના સામર્થ્યના ખ્યાલમાં પરિણમેલી તારી દશા એટલા ભાવને પરભાવ કહેવામાં આવે છે. એને આત્માનો ત્રિકાળ **'परभावभावकलनात्'** પરવસ્તુના ભાવમાં પોતાના આખા ભાવનો અભ્યાસ કરે છે. **'कलना'** નામ અનુભવ કરે છે. એનું નામ મિથ્યા અભિપ્રાય અને મિથ્યા શ્રદ્ધા છે. સમજાણું કાંઈ આમાં ? ભારે ઝીણી વાત, ભાઈ આ ! 'ફૂલચંદભાઈ' ! છોકરા હોશિયાર હોય અને ઓલા મરી જાય તો અંદર મનમાં કાંઈ થાય કે નહિ ? શું કરવું આમાં ? પણ કોના ? કહે છે. કોના દ્રવ્ય ને કોની શક્તિ ને કોનું સામર્થ્ય ? આહા..હા...! હીરા જેવો છોકરો હતો કહે. ભાઈ ! માયાળુ હતો, પ્રેમી હતો, બુદ્ધિવાળો હતો, ફલાણું હતું. હવે તો એનામાં રહ્યું. અહીંયાં આવ્યું છે કાંઈ ? ન આવ્યું ? હવે એની જ્ઞાનની પર્યાય જાણી, જ્ઞાનની પર્યાયમાં જણાયો કે આ આવો હતો.. આવો હતો. એ જ્ઞાનની પર્યાય પરાકૃતિપણે શક્તિના ભાવપણાની પરિણમન એનો સ્વભાવ છે. પણ એટલો પરપ્રકાશક પરશક્તિપણે પરિણમ્યો એ ભાવ જ ખરેખર પરભાવ છે. એ વસ્તુનો સ્વભાવભાવ નથી અને ખરેખર એ વસ્તુની ખરી પર્યાય પણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? હવે અહીં તો ક્યાં ના ક્યાં માનીને બેસે. અસ્તિ-નાસ્તિની ખબર ન મળે અને ધર્મ થઈ જાય, લ્યો. આ અનેકાંત આનુ નામ છે. ઓલું અનેકાંત ઉડાડી દે છે. સર્વજ્ઞ આમ જાણે, ફલાણું આમ જાણે, ઢીકણું આમ જાણે. અરે ભગવાન ! સમજાણું ? નિયત અને કાળ અને અકાળ, નિયત, અનિયત આ ચાર નયો નડી છે. પણ એનો અર્થ તને ખબર નથી, એમાં શું છે એ.

**શ્રોતા :–** અર્થ આપીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અર્થ લખીને આપ્યા ત્યારે કહે તમે એમાં તમારો એમાં ભાવ રાખીને બચાવ કર્યો છે. આવા ને આવા.

એક સમયની જ્ઞાનની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જેમ વ્યવસ્થિત છે એમ જાણે, એવી તો એક પર્યાયની તાકાત. એવી અનંતી પર્યાયની તાકાત જ્ઞાનગુણમાં પડી છે. એવા એવા અનંતા ગુણની એક સમયમાં અનંતા ગુણની તાકાત પડી છે. આહા..હા..! શ્રદ્ધાની પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવી તાકાત છે કે નહિ ? એક સમયમાં ત્રણકાળને જે રીતે જાણે તેવી જ શ્રદ્ધા થાય એવો ગુણ અંદર પડ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એવું વીર્ય એટલું પડ્યું છે કે એક સમયમાં જાણે ત્રણકાળ લોકને એ રીતે એવી એવી અનંતી શક્તિનું સામર્થ્ય જે જ્ઞાનગુણમાં છે, એવા અનંત એનું વીર્ય એને કબુલે એવું વીર્ય અંદર પડ્યું છે. એવા અનંત-અનંત શક્તિના સામર્થ્યનો ભગવાન ભાવ આત્માનો, એને પોતાનો ન માનતા, એક સમયની અવસ્થાના પરના સામર્થ્યરૂપે પરિણમેલું જ્ઞાન, એને જ પોતાનો ત્રિકાળી ભાવ માને છે એ અભિપ્રાય જૂઠો છે. ભારે વાત, ભાઈ! આવું તો કાંઈ.. આ જૈનની વાતું હશે ? જૈન સિવાય આ ભાવ અને એક સમયની પર્યાય અને પરપણે પરિણમે ને પરની આકૃતિપણે પરિણમવું એ બીજે હોય ક્યાંથી ?

**શ્રોતા :–** સર્વજ્ઞ સિવાય હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સર્વજ્ઞ અને ત્રણકાળ અને ત્રણલોકમાં જે એક એક દ્રવ્યના સ્વભાવ ભર્યા છે, તારા સ્વભાવના સામર્થ્યનું શું કહેવું ?! એવા સામર્થ્યની પ્રતીતિ અંતર્મુખ ન કરતાં એક સમયની પર્યાયબુદ્ધિમાં તારી બુદ્ધિ અટકાઈ ગઈ છે, તેને પરભાવને પોતાના માન્યા છે, એવો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. બીજા જીવને હણે નહિ. હણી તો શકે છે ક્યાં ? મારી શકે નહિ, બોલી શકે નહિ, કાંઈ નહિ. ફક્ત એની એક સમયની પર્યાયમાં પરની શક્તિનું જાણવાનું પરિણમવું થયું, એમાં આખા આત્માને માન્યો એનું નામ આત્માની મહાહિંસા છે. સમજાણું કાંઈ ? એ એકાંત માન્યું. લ્યો. આનું નામ એકાંત. એકાંત અને અનેકાંતની વ્યાખ્યા ભારે, ભાઈ !

**'વળી કેવો છે એકાન્તવાદી ?'** હવે આવે છે. જુઓ ! ઓલામાં માન્યુ... **'स्वभावमहिमनि एकान्तनिश्चेतनः'** જોયું ? **'જીવની જ્ઞાનમાત્ર નિજ શક્તિ...'** અહીં તો આખું જ્ઞાનમાત્ર લેવું છે ને ? પણ આ અનંતશક્તિ. જીવની ત્રિકાળ જ્ઞાનમાત્ર શક્તિ, જીવની ત્રિકાળ સ્વભાવરૂપ અનંત શક્તિઓ એની **'महिमनि'**. અનાદિ અનંત શાશ્વત પ્રતાપ. અનંત ગુણનો, અંતરૂશક્તિનો શાશ્વત પ્રતાપ. જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જાણવું... જાણવું... જાણવું... એની પ્રધાનતાથી આખી વાત છે. એ જ્ઞાનગુણનું અનંતુ, અનાદિ અનંતો શાશ્વત પ્રતાપ એવા **'શાશ્વત પ્રતાપમાં એકાન્ત નિશ્ચેતન...'** એકાન્ત નિશ્ચેતન. જડ થઈ ગયો છે, કહે છે. એ મહા અનંત જ્ઞાનનો પિંડ પ્રભુ, અનંત સામર્થ્ય એનો નિશ્ચેતન, આ મારું નહિ, આ મારું નહિ એમ નિશ્ચેતન થઈ ગયો છે. ઓહોહો..! સમજાણું કાંઈ ? **'એકાન્ત નિશ્ચેતન...'** લ્યો. એક સમયની આટલી પર્યાયને માન્યો તો એકાન્ત નિશ્ચેતન, ભાઈ ! અચેતન કહ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? કહો, 'ભીખાભાઈ'!

ચેતન જે મહાન સામર્થ્યનો પિંડ એકરૂપે છે, એની મહિમાનો સ્વીકાર નહિ. એ અચેતન થયો છે. આહા..હા...! એક સમયની પર્યાયમાં બીજી શક્તિનું પરિણમનરૂપ જ્ઞાન (થાય)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલાને માનનારો, મહા સામર્થ્યના ભાવ સ્વરૂપનો અનાદર કરનારો, એ ચૈતન્યસ્વભાવ જે વસ્તુ છે (તેને) ન માની માટે કહે છે નિશ્ચેતન છે. ઓ..હો..હો..! આ જડ થઈ ગયો ? આ નિશ્ચેતન શું થયું ? ભાઈ ! એ એક સમયની પર્યાય એ કાંઈ ચેતનનું આખું સ્વરૂપ છે ? એ તો ખરેખર આખા અનંતા ગુણનો સામર્થ્ય એવો ભગવાન, એનો સ્વીકાર નહિ એ નિશ્ચેતન–અચેતન છે એમ કહે છે. એ ચેતનની મહાન સ્વભાવની મહિમા ન મળે, એને પર્યાયમાં અચેતન કહે છે. 'છોટાભાઈ'! ભારે વાતું આવી ! એય..! ક્યાં ગયા ઓલા તમારા 'ન્યાલભાઈ' ગયા તાકડે હતું.

**'અર્થાત્ તેનાથી સર્વથા શૂન્ય છે.'** એટલે શું ? એકાન્ત નિશ્ચેતન શબ્દ વાપર્યો ને ? પોતાના અનંત સ્વભાવની શક્તિના મહિમા વિના એકપક્ષી તદ્દન અચેતન થઈ ગયો છે. સમજાણું કાંઈ ? સર્વથા શૂન્ય થઈ ગયો. ભગવાન મહાન સામર્થ્યસ્વરૂપ એથી શૂન્ય થઈ ગયો. ખાલી જાણે. એકલી એક સમયની પર્યાય પરની આકૃતિથી ભરેલો અને મારો આખો સ્વભાવ જાણે શૂન્ય છે. એમ દૃષ્ટિમાં એણે માન્યું. ઓ..હો..હો..!

**'ભાવાર્થ આમ છે કે સ્વરૂપ સત્તાને નથી માનતો–'** જુઓ ! **'સ્વરૂપસત્તાને નથી માનતો- એવો છે એકાન્દવાદી.'** શું કહે છે ? પોતાના સ્વરૂપની શક્તિ, સામર્થ્ય, વસ્તુનું ત્રિકાળ સામર્થ્ય. વસ્તુ જેમ ત્રિકાળ છે, એમ એના જ્ઞાન-દર્શન-આનંદ આદિ ત્રિકાળ સામર્થ્ય છે, ત્રિકાળ સામર્થ્ય છે. એવી **'સ્વરૂપસત્તાને નથી માનતો...'** એવા સ્વરૂપના સ્વભાવભાવની શક્તિને નહિ માનતો **'એવો છે એકાન્દવાદી'** એક પક્ષી માનનારો.

**'તેના પ્રતિ સ્યાદ્વાદી સમાધાન કરે છે.'** એના પક્ષે જ્ઞાની ધર્માત્મા એને કહે છે. **'तु स्याद्वादी नाशम् न एति' 'એકાન્તવાદી માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી માને છે તે પ્રમાણે છે.'** સમજાણું કાંઈ ? **'અનેકાંતવાદી વિનાશ પામતો નથી.'** અનેકાંતવાદી પૂર્ણ-પૂર્ણ ભાવને માનનાર, એક સમયની અવસ્થા અવસ્થા તરીકે, પરભાવ તરીકે જાણનાર, પૂર્ણ ભાવ તરીકે સ્વભાવ અસ્તિ માનનાર અને એમાં એક સમયની અવસ્થા તરીકેનો નાસ્તિ માનનાર. સમજાય છે કાંઈ ? આ અનેકાંતવાદી. પેલો એક સમયની આકૃતિમાં આખો ભાવ માનનાર, આ એક સમયના પૂર્ણભાવમાં પૂર્ણ માનનાર, એક સમયની અવસ્થાને એટલી આકારરૂપે વ્યવહાર જાણનાર. સમજાણું કાંઈ ?

**'અનેકાન્તવાદિ વિનાશ પામતો નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનમાત્ર વસ્તુની સત્તાને સાધી શકે છે.'** ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનમાત્ર સત્તાને સાધે છે. સમજાણું ? આજ વળી ઓલો શબ્દ આવ્યો હતો, પણ અર્થ નથી. 'પ્રવચનસાર'ની 'જયસેનાચાર્ય'ની 'શીતલપ્રસાદ'ની પહેલી ચોપડી કોઈ લઈ ગયું છે ? અહીં નથી. 'પ્રવચનસાર'ની પહેલી 'જયસેનાચાર્ય'નો પહેલો ભાગ. એક ગાથા એમાં છે ને ? 'જયસેનાચાર્ય'માં 'સો અરિહં ઇહં' એક ગાથા છે. સર્વજ્ઞની. આવા સર્વજ્ઞને માને તે સમકિતી છે એવી ગાથા છે. સમજાણું ? છે કે નહિ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જુઓને શું છે ? ક્યાં ગયું ? લ્યો. એ સર્વજ્ઞને ઓલી કરે છે. શું છે એ ?

પર્યાય સર્વ પદાર્થમાં શ્રેષ્ઠ. એને શ્રદ્ધે છે. એ દુઃખનો ક્ષય કરે છે. શું કહે છે ? એ તો એક સર્વજ્ઞની પર્યાયને શ્રદ્ધે છે એમ વાત કરી. એક સમયની પ્રગટ પર્યાય. પણ એ પ્રગટ પર્યાયની શ્રદ્ધા ક્યારે થાય ? કે આખા દ્રવ્યની.... આ સાધક-સાધ્ય આપણે ચાલે છે ને એમાં થોડું એ મૂકવાનું છે, હોં ! સર્વજ્ઞની સાથે. સર્વજ્ઞ એક સમયના આ જગતમાં છે, એક સમયની તાકાત. એ તાકાતની પ્રતીતિ પોતાના દ્રવ્યમાં એ શક્તિ એની, પણ એ દ્રવ્યમાંથી આવી હતી. એમ પોતાના દ્રવ્યમાં આખો ગુણ એટલો અનંત શક્તિવાળો પડ્યો છે કે એમાં એની પ્રતીતિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે એને સર્વજ્ઞની પ્રતીતિ થઈ કહેવાય. ત્યારે આ શક્તિ જે મારા દ્રવ્યમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ.. છે. એ અનેકાન્તવાદી માની શકે છે. એક સમયમાં અલ્પજ્ઞતા હોવા છતાં અને એક સમયમાં અલ્પજ્ઞતામાં પૂરું વર્તમાનમાં પરને આકારે પરિણમ્યો એવું હોવા છતાં એટલો હું નહિ. સમજાય છે કાંઈ ? અર્થાત્ પૂર્ણ વસ્તુ જે આખું તત્ત્વ છે, એને પ્રતીત કરીને પર્યાય પરિણમી, એટલો પણ હું નહિ. અહીં ભાવનું વર્ણન છે ને ? આખો ભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ વસ્તુ. વસ્તુ એવી છે, ભાઈ જરી. સમજાય છે કાંઈ ? 'જમુભાઈ'! આ ગુજરાતી ચાલે છે.

**'અનેકાન્તવાદી વિનાશ પામતો નથી.'** કેમ કે **'જ્ઞાનમાત્ર વસ્તુની સત્તાને સાધી શકે છે. કેવો છે અનેકાન્દવાદી જીવ ?' 'सहजस्पष्टीकृतप्रत्ययः'** આ છપાવવામાં ભૂલ થઈ ગઈ છે. **'सहजस्पष्टीकृतप्रत्ययः' 'સ્વભાવશક્તિમાત્ર એવું જે અસ્તિત્વ...'** પોતાનો જે સ્વભાવ. સમજાય છે ? ત્રિકાળ શક્તિ પૂર્ણ ભાવ, દ્રવ્યમાં પૂર્ણ શક્તિ સ્વભાવભાવ, ધ્રુવભાવ, ધ્રુવભાવ. અનાદિ અનંત જેમ આત્મા છે, એમ એની જ્ઞાન-દર્શન આદિ શક્તિઓ ધ્રુવ અનાદિ ભાવ અંદર પડ્યો છે. એવા ભાવને.. સમજાય છે ? એવું જે હોવાપણું. અસ્તિ એટલે હોવાપણું. પોતાના અનંત-અનંત શક્તિ આદિનું જ્ઞાન, દર્શન આદિની અનંત શક્તિનું હોવાપણું... **'તે સંબંધી દૃઢ કર્યો છે.' 'स्पष्टीकृत'** એ આશય જેણે સ્પષ્ટ કર્યો છે એટલે અનુભવ કર્યો છે આશય જેણે. સમજાણું કાંઈ ?

**'દૃઢ કર્યો છે...' 'प्रत्ययः'** નામ **'અનુભવ જેણે,...'** જુઓ ! ભાષા. કેટલા શબ્દ પડ્યા છે. ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શક્તિનો સંપન્ન ભાવ.. ભાવ.. ભાવ... પૂર્ણ.. પૂર્ણ. એવો **'स्पष्टीकृत'** પ્રત્યય એટલે કે સ્વભાવ આટલો છે, આવડો છે એમ સ્પષ્ટ કર્યો છે અનુભવ જેણે. સમજાણું કાંઈ ? જેવો સ્વભાવ પૂર્ણ છે, એવો જ સ્પષ્ટિકૃત, એવા હોવાપણે દૃઢ કર્યો છે. સ્પષ્ટનો અર્થ દૃઢ કર્યો છે. **'प्रत्ययः'** એટલે અનુભવ. એવો અનેકાન્દવાદી. પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ. એક સમયમાં પૂર્ણ પરમાત્મા, જેની શક્તિ અને સ્વભાવ, એના સામર્થ્યનું શું કહેવું ? જેનો સ્વભાવ એના મહાત્મ્યનું શું કહેવું ? એવો આત્મા મહાન અનંત સ્વભાવ સંપન્ન (છે) એમ અંતરમાં જેણે દૃઢપણે પ્રતીતિમાં અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યો છે એને અનેકાન્તવાદી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એને અમૃતનો અનુભવ છે. ઓલાને મિથ્યાત્વનો અનુભવ હતો, મિથ્યાત્વનો. આ મહાન પદાર્થ... સમજાણું કાંઈ ?

ઘણીવાર કહેવાય છે ને કે આકાશ.. આકાશ.. આકાશ.. આકાશ.. ખાલી.. ખાલી.. ખાલી.. ક્યાંય અંત છે ? આમ દસે દિશામાં જાવ પછી શું ? પછી શું ? પછી શું ? પછી શું ? પછી શું ? ક્યાંય નાસ્તિ જ નહિ. અસ્તિ... અસ્તિ... અસ્તિ... ચાલ્યું જ જાય. છે... છે... છે... છે... એમ ચાલ્યું જાય.

એ છે-છે ના ક્ષેત્રની અસ્તિની નાસ્તિ નહિ. એમ આ આત્માના એક એક શક્તિના અસ્તિત્વના સામર્થ્યની કાંઈ ન એમ નહિ. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અરે..! આ વાત. સમજાણું કાંઈ ? સમજાણું કે નહિ ? આટલું ક્ષેત્ર અમાપ જેનું. પછી શું હશે ? પછી શું હશે ? ભીંત હશે ? વંડી હશે ? પછી શું હશે ? જ્યાં ના પાડવા જાય ત્યાં હા પડશે અસ્તિની. એવા ક્ષેત્રના અમાપ, ક્ષેત્રનો પહોળો ભાવ અમાપ. તો આત્માના સ્વભાવભાવના સામર્થ્યનું શું કહેવું !! એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એને ક્ષેત્રની જરૂર નથી. ભાવના સામર્થ્યને ક્ષેત્રની જરૂર નથી. ભાવના સામર્થ્યમાં એના સત્ત્વમાં સામર્થ્યની એને જરૂર છે. બસ. એક એક ગુણનું એટલું સત્ત્વ, દર્શનનું, જ્ઞાનનું, ચારિત્રનું, આનંદનું, અસ્તિત્વનું, વસ્તુત્વનું, પ્રમેયત્વનું, પ્રભુત્વનું, મહા અનંત શક્તિરૂપ આત્મા, એનું **'स्पष्टिकृत प्रत्यय' 'દઢ કર્યો છે અનુભવ જેણે,...'** એવા મહાન સ્વભાવની શ્રદ્ધાને જ્ઞાનમાં લીધો, એને સત્યનું પરિણમન થતા શાંતિનું પરિણમન થાય છે. એમ કહે છે. આહા..હા...! કાઢી નાખ્યો, રાગ કાઢી નાખ્યો, નિમિત્ત કાઢી નાખ્યું, એક સમયમાં પર આકારે પરિણમેલો એટલો પર્યાય કાઢી નાખ્યો. આવો મોટો આત્મા અનંત ગુણનો ભાવરૂપ, પ્રભુ ! એને જ્યાં દૃષ્ટિમાં, જ્ઞાનમાં લીધો, કહે છે કે સત્‌રૂપ અનેકાન્તનું પરિણમન એ સમ્યગ્જ્ઞાન થઈ ગયું. એને અંતરમાં અમૃતનો સ્વાદ આવે, સત્યનો. અજ્ઞાનીને એકાન્તના, મિથ્યાત્વના ઝેરનો સ્વાદ આવે, એમ કહે છે. આમા ધર્મ-અધર્મની આખી વાત છે. ભારે વાત, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જરી છૂટે. કોઈ દિ' ક્યાં એને ખબર છે કે હું કોણ છું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દાખલો અપાય છે. આ દાખલો તેથી તો આપ્યો કે નાસ્તિક માણસ પણ એમ તો વિચારશેને કે આમ ને આમ, આમ ને આમ આ ખાલી આવું ક્ષેત્ર તો અમુક સ્થાનમાં છે. પણ પછી કાંઈ છે કે નહિ ? ક્ષેત્ર ખાલી.. ખાલી.. ખાલી.. એ ખાલીનો અંત ક્યાં ? નાસ્તિ માણસ પણ વિચારશે કે નહિ ?

એનો અર્થ એ કે ખાલીનો અંત નહિ. એટલી તો ક્ષેત્રની અચિંત્યતા છે. તો એના જાણનારના ભાવની અચિંત્યતા શું ! એમ અહીં તો વાત લેવાય છે. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! એક સમયની પર્યાયની વાત નથી, હોં ! સર્વજ્ઞની એક સમયની પર્યાય, એની અહીં વાત નથી. અહીં તો એક સમયનો આખો ભાવ બધો. વસ્તુ છે એનો સ્વભાવભાવ, સ્વભાવભાવ ત્રિકાળ શક્તિ સ્વભાવ. એનું જેણે એકાંતપણું ટાળીને, અનેકાંત આવા ભાવમાં એક સમયની પર્યાય નથી, એક સમયની પર્યાયમાં આવો આખો ભાવ આવતો નથી. સમજાણું કે નહિ ? એનું નામ અનેકાંત છે, લ્યો. ઓ..હો...!

એવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ. અનેકાન્ત સ્વરૂપને જેવું છે તેવું માનનાર, અનુભવનાર, જાણનાર જીવ. કહો, 'સુગમચંદજી'! શું કરવું હવે ? હજી તો બહારના સમજ્યાને વળી કોઈએ પ્રશ્ન કર્યો હતો કે આ ધર્મશાળા બનાવે તો ધર્મ થાય કે નહિ ? અરે..! ધર્મશાળા બનાવે તો મોક્ષ થાય. અરે..! ભારે કરી નાખ્યું હવે તો. એક જણાએ પ્રશ્ન કર્યો કે ધર્મશાળા એ ત્યાગમાં-દયા ધર્મમાં છે, ત્યાગધર્મમાં એ છે. દસ પ્રકારનો ધર્મ છે, એમાં ત્યાગધર્મમાં એ છે. દસ પ્રકારના ધર્મમાં ત્યાગધર્મમાં એ છે. એય..! 'દેવાનુપ્રિયા'! અરે..! ધર્મશાળા બનાવવા પ્રશ્ન કર્યો તેં ? કેટલા શ્લોક પાછા. પદ્મનંદિના. અરે..! ભગવાન ! શું કરે છે તું આ ? આહા..હા...! આ ઠગવાનું અને બીજા ઠગાઈ જાય બિચારા. દસ હજારની, વીસ હજારની એક ધર્મશાળા બનાવે તો એનો મોક્ષ થઈ ગયો. ભારે ભાઈ ! અમારે તો અહીં બે લાખ ખર્ચ્યા, અઢી લાખ ખર્ચ્યા (ત્યારે) 'નાનાલાલભાઈ'ને પૂછ્યું, તમારો આઠમે ભવે મોક્ષ થશે. તો એ કહે, ના ના. અમે એમ માનતા નથી. મહારાજ ના પાડે છે. આહા..હા...! 'જૈન ગેઝેટ'માં એવું લખ્યું છે. ઓ..હો..હો..! બહુ પણ સ્થૂળમાં ઉતરી ગયા, બહુ ઉતરી ગયા.

**શ્રોતા :–** જે કોઈ બહારનો શુભભાવ કરે એ બધા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધા ભાવ શુભભાવ. આ..હા..હા..! ત્યાગ છે ને એમાં ? ત્યાગ છે ને. તીવ્ર કષાયનો ત્યાગ થયો એટલો ધર્મ થયો. એમ. એ ધર્મ થયો અને એનાથી એને મુક્તિ થાશે, જાવ. એય..! 'ધર્મચંદજી'! કાંઈ મહેનત ન મળે. આ કેટલું આ સમજવાની મહેનત, શ્રદ્ધા કરવી,.. ઓલું તો કાંઈ નહિ. એક મંદિર બનાવે તો મોક્ષ થયા વિના રહે ? ધર્મશાળા બનાવે તો મોક્ષ થાય તો મંદિર બનાવવું (જ જોઈએ), એ તો ભગવાનનું મંદિર છે. વળી પાછું એવું આપ્યું છે કે ધર્મશાળા બનાવે એમાં કેટલા ભૂખ્યાને ઓલું થાય, ભય મટી જાય, દુઃખનો ભય મટે, ક્ષુધાનો ભય મટે, ફલાણાનો ભય મટે. માટે આણે બહુ એમ કર્યું માટે (એને મોક્ષ થઈ જાય.) આ શાસ્ત્રમાં લખ્યું. ઓ..હો..! એની શું વાત કરવી ! જેણે ધર્મશાળા બનાવી, એણે ત્યાગધર્મ કર્યો એની પ્રશંસાની શું વાત કરવી ! ઓ..હો..હો..! ભારે સ્થૂળ કરી નાખ્યું.

**શ્રોતા :–** બારોટ આવ્યા હતા એ એમ કહે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેમ તમારો બાપ ના કહે ? પૈસા લેવા છે તમારી પાસેથી તે. આહા..હા...! સમજાણું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન ! અહીં તો કહે છે, એક સમયની જ્ઞાનની પર્યાયમાં એ ધર્મશાળા અને મંદિરોની શક્તિઓનું જ્ઞાનરૂપે તારું પર્યાયમાં પરિણમન થાય, એટલાને તું માને તો અનંત સંસારી મિથ્યાદૃષ્ટિ છો. આહા..હા...!

**શ્રોતા :–** કરાવે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરાવવા-બરાવવાનું ક્યાં રહી ગયું ? કરાવે તો કોણ ? એ લખ્યું ને. આ તો આ ... ધર્મશાળા બનાવી. આહા..હા...! અરે..! ભગવાન! શું કરે છે ? કીધું આ. ભારે પણ મારો ઊંધો પડે ત્યારે... ભગવાન ... આહા..હા...! શાસ્ત્રની વાતને ક્યાંય ઉડાવી દીધી. વીતરાગભાવે સંસારનો અભાવ. દૃષ્ટિ વિના ત્રણકાળમાં થાય નહિ. એને ઠેકાણે આ .... એક કરી શકે છે, વળી પાછું કરી શકે છે, એ ભાવ છે, એનાથી ત્યાગ છે, એનાથી ધર્મ છે, લ્યો. આહા..હા...! અહીં તો કહે છે, લાખ મંદિર બને તો પણ એનાથી મોક્ષ નથી, લે..! કહો, શું છે ? 'ગુલાબચંદભાઈ'! ક્યાં ગયા ? આવીને ચાલ્યા ગયા ? 'મલૂપચંદ' નથી આવ્યા ? પાછા ગયા ? તે દિ' ગયા. એ તો એને કારણે બનવાનું હોય એને બને. બનનારનો ભાવ શુભ હોય છે. ભગવાનના દર્શન માટે શુભભાવ. પણ એ શુભભાવથી મુક્તિ થઈ જાય અને જન્મમરણ મટી જાય એ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા...!

**શ્રોતા :–** તો તો પૈસાવાળાને મજા પડે...!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસાવાળાને મુક્તિ થાય, ગરીબને બિચારાને રોવું પડે. અરે..રે..! પણ ભારે કરી નાખી. આહા..હા...!

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર, એમ ફરમાવે છે કે હે આત્મા ! તારામાં એક સમયમાં અનંત અનંત શક્તિના ભાવરૂપ સામર્થ્ય છે, એને માન્યા વિના તું એક સમયની અવસ્થામાં, એ જગતની તાકાતના સામર્થ્યના જાણવારૂપે એક સમયે પરિણમી એને તું પોતાનો માન, તો પણ મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી છે. આહા..હા...! હવે બહારની ક્યાં વાત ? મંદિર ને ધર્મ... એય...! 'હિંમતભાઈ'! શું કરવું ? આ બધા પંડિતો આમ થયા છે, લ્યો. આહા..હા..! અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? આખો આત્મા કેવળજ્ઞાન મળી જાય એટલા પૈસાથી ! આ તે ભારે વાત, ભાઈ !

અહીં તો કહે છે કે ભગવાનઆત્મા એને બનાવી શકે એમ માન્યતા માને એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ? ધર્મશાળા કે મંદિર હું બનાવી શકું છું. એ તો પરની પર્યાય છે. એને કોણ બનાવે ? એમાં વળી પૈસા મારા, અમે આ બનાવ્યું. આહા..હા...! કેટલા અભિમાન ? અમે આ છોડ્યા. ભાઈ ! તારો શુભરાગ હોય, રાગની મંદતાનો ભાવ શુભ, એ શુભ પુણ્યબંધનું કારણ છે. પણ તું જાણ કે બંધ અભાવ પરિણામ એનાથી થાય અને મુક્તિનું કારણ થાય, એમાં એક્કે દોકડો સાચો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :-** શુભભાવથી ઊંચો આવીને શુદ્ધમાં આવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂડમાં પણ સાચું નથી. અશુભમાંથી શુભમાં આવ્યો. ઉંચો શુભ કોને કહેવો ? એ તો અશુભમાં-મિથ્યાત્વમાં પડ્યો છે એ અશુભ છે. આ મેં કર્યું, આ મારાથી થયું, એનાથી મને કલ્યાણ થશે, એવા મિથ્યાત્વભાવના અશુભભાવમાં તો પડ્યો છે. આકરી વાત છે, ભાઈ આમાં. એય..! સાચી વાત છે ? અહીં ચીઠ્ઠી એવી નથી એમ ભગવાન કહે છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનું કહેલું તત્ત્વ છે, આ કાંઈ કલ્પિત અને લોકો માની લે એના ઘરેથી એવી વાત નથી. સમજાય છે ?

અહીં તો એમ કહેવા માગે છે કે ભાઈ ! આ પરની દયા હું પાળી શકું છું, પરની પર્યાય કરી શકું એ તો મૂંઢ મિથ્યાદૃષ્ટિ છે. એ તો છે પણ એની શક્તિ,... જુઓ તો ખરા કેવી રીતે આ બચે છે ? કેવી રીતે ટક્યા છે ? એના સામર્થ્યનું જ્ઞાન તારી પર્યાયમાં થાય, એ પર્યાયમાં તારે લઈને જ્ઞાન થાય, એને લઈને નહિ. તારે લઈને તેની પર્યાયમાં એનું જ્ઞાન થાય, એટલો પણ હું આત્મા છું, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ એક અંશમાં આખા સ્વભાવને અર્પી દીધો છે. આખા અનંતા સ્વભાવ ગુણને એક સમયમાં અર્પી દીધો છે. પરભાવમાં ત્રિકાળ ભાવને માનનાર મૂંઢ અજ્ઞાની છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! પછી આવું હશે તો કોઈ નહિ કરે. અમારે પાછા આ કહેતાં હતા. 'મલૂપચંદભાઈ'ને ત્યાં 'અમદાવાદ'માં મંદિર કરવું છે. કોણ કરે ? એ તો નીકળવાના હશે એ નીકળ્યા વિના રહેશે નહિ. કાઢે કોણ અને દે કોણ ? ભાઈ ! બધી વાત સમજવા જેવી છે. બોલાય જ્યારે અમુક કહેવું હોય તો, બાકી તો બધું સમજવા જેવું છે. આહા..હા...! કથનને બોલવાના અમુક પ્રકાર હોય. શું જાણવું છે એ અપેક્ષાએ. આહા..હા...!

કહે છે, ધર્મી એને અમે કહીએ છીએ, ત્રણલોકના નાથ તીર્થંકર કહે છે કે જેણે એક સમયની અવસ્થામાં પોતાનું આખું રૂપ નથી માન્યું, પણ એક સમયમાં આખો અનંત ગુણનો પિંડ ભગવાન દૃષ્ટિમાં લઈને, પછી એક સમયની અવસ્થા છે એનું એ જ્ઞાન કરે છે. એવા સમ્યગ્દૃષ્ટિને અમે ધર્મી કહીએ છીએ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'વળી કેવો છે ?' 'सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्'** જુઓ આવ્યું. આમથી કીધું. હવે ઓલાથી વિભક્ત કહે છે. **'જેટલા છે પોતપોતાની શક્તિએ બિરાજમાન એવા જે જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો...'** જુઓ ! પરપદાર્થ. જેટલા અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ આદિ અનંત પદાર્થો છે. એક આત્મા સિવાય બીજા અનંતા પદાર્થો છે. એ **'પોતપોતાની શક્તિએ બિરાજમાન...'** છે. એ બધી પોતાની શક્તિએ બિરાજમાન છે. સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ ભગવાન પણ પોતાની શક્તિએ બિરાજમાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અનંતા સિદ્ધો અને લાખો કેવળીઓ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. એ એની પોતાની શક્તિએ બિરાજમાન બધા પદાર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એવા જે જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો...'** એ જ્ઞાનની પર્યાયમાં જાણવાયોગ્ય પદાર્થ જે છે, **'તેમની સત્તાની આકૃતિરૂપે પરિણ્યા છે એવા...'** એના સામર્થ્યરૂપે જ્ઞાનની પર્યાય, પોતાની પર્યાય પોતાથી પરિણમી છે, એ આકૃતિ છે માટે પરિણમી નથી. આ..હા..હા..! અનંત સર્વજ્ઞો એની શક્તિથી બિરાજમાન, અરિહંતો, કેવળીઓ લાખો બિરાજમાન, સાચા સાધુઓ કરોડો બિરાજમાન (હોય) પણ એ બધા આ આત્માની પર્યાયથી ભિન્ન પદાર્થ છે. સમજાય છે કાંઈ ? એ ભિન્ન પદાર્થને લઈને મારી જ્ઞાન પર્યાય પરિણમે છે, એ વાતને તો મહા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. આહા..હા...!

પણ કહે છે **'नियतस्वभाव'** નિયત એટલે એનો નિશ્ચય સ્વભાવ. **'પોતપોતાની શક્તિએ બિરાજમાન એવા જે જ્ઞેયરૂપ...'** જુઓ, નિયત આવ્યું કે નહિ ? એનો નિયત સ્વભાવ છે એ. દરેક આત્માનો, દરેક પરમાણુનો જે નિશ્ચય સ્વભાવ છે. **'જ્ઞેયરૂપ જીવાદિ પદાર્થો...'** જીવાદિ પદાર્થ છએ આવી ગયા. પોતા સિવાયના બીજા અનંતા. **'તેમની સત્તાની આકૃતિરૂપે...'** આ ભવનની વ્યાખ્યા કરે છે હવે. ભવનની વ્યાખ્યા કરે છે. ભવનની વ્યાખ્યા ક્યાં જશે ? એ **'भवन् ज्ञानात्'** એ પરની સત્તાની આકૃતિરૂપ પરિણમી છે એવી જીવની જ્ઞાનરૂપ પર્યાય. જ્ઞાનની એક સમયની પર્યાય. આત્માના જ્ઞાનની એક સમયની પર્યાય, અવસ્થા. અનંત જ્ઞેયોની શક્તિને જાણવાપણે પરિણમી છે એક સમયની પર્યાય, એનાથી વિભક્ત. એનાથી મારું તત્ત્વ જુદું છે. આહા..હા...! એનાથી મારો આખો ભાવ જુદો છે. સમજાણું કાંઈ ? પરવસ્તુથી તો જુદો છે, પરની, શુભભાવની શક્તિથી પણ જુદો છે, પણ શુભભાવ અને પરવસ્તુની શક્તિથી પરિણમેલું એક સમયનું જ્ઞાન, એટલા એક સમયના જ્ઞાનની પર્યાયથી મારું સ્વરૂપ ત્રિકાળ જુદું છે. એમ પરથી વિભક્ત જેણે માન્યો છે, સ્વમાં પૂર્ણ છે એમ જાણ્યો છે, એવા પર્યાય વિભક્ત જ્ઞાનમાં થતો એવો અનુભવ કરનાર સમ્યગ્દૃષ્ટિ અનેકાંતી કહેવાય છે. ભારે વાત, ભાઈ ! વળી પાછું આવું કહે, વળી પાછા મંદિર ને તીર્થ ને યાત્રા (કરે). સાંભળ તો ખરો. એય..! એ તો જ્યારે એ શુભભાવનો વખત હોય અને ત્યારે એ ક્રિયાદિ થવાની હોય ત્યારે એનું લક્ષ શુભનું પરમાં જાય છે. બસ, એટલી એની મર્યાદા છે. એ મર્યાદા કાઢી નાખે તો પણ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે જ્ઞાનની પર્યાયમાં તે કાળે, તે શુભરાગ અને તે નિમિત્તને જાણવાનો પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** આ મિથ્યાત્વનો અંત આવે એવો એક બોલ ખરો... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ એક બોલ કીધો ને આ. એમ કહે છે, મિથ્યાત્વ કેટલા પ્રકારના. એક જ પ્રકારનું કીધું ને. એક વસ્તુ મહા સ્વભાવથી ભરેલો સાગર પૂર્ણાનંદ પ્રભુ, એ મારો પૂર્ણ ભાવ (છે), એ એક સમયની અવસ્થાથી વિભક્ત છે. એક સમયની અવસ્થા, પરથી તો જુદો છે, પણ એના જાણેલાની પર્યાયથી પણ જુદો આ ત્રિકાળી ભાવ છે, એનું માનવું એનું નામ મિથ્યાત્વનો નાશ અને સમકિતની ઉત્પત્તિ છે, લ્યો. આહા..હા...! સમજાણું કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આમાં ? 'લાભુભાઈ'! કોઈ દિ' આ સાંભળ્યું નહિ હોય એવું છે લ્યો આ. એની મેળે વાચંવા જાય તો સમજાય એવું નથી. આહા..હા...! એ તો મોંઘી વસ્તુ છે એમ બતાવવા માટે વાત ચાલે છે. સમજે છે તો એ પોતાથી સમજે છે. આહા..હા..! કેટલી વાત !

**'सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्'** જુઓ ! આવી તો (વાત) કરી. **'ज्ञानात् विभक्तः'** એમ કીધું ને ? પાઠ જ એવો છે લ્યો ને. એય..! 'હિમંતભાઈ'! પાઠ જ એવો છે, જુઓ ! **'सर्वस्मान्नियतस्वभाव'** એટલે પર. એના ભવન, એનું જે જ્ઞાન, એનાથી વિભક્ત ભવન. પાઠ જ આવો છે. આહા..હા...! ભારે પણ આ. 'જયચંદજી'એ પેલામાં એવો અર્થ નથી કર્યો, હોં !

**શ્રોતા :–** પરપદાર્થની વાત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરપદાર્થની વાત કરી છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં તો કીધું ને, **'सर्वस्मात् नियतस्वभावभवनज्ञानात् विभक्तः भवन्'** એમ કીધું છે ને ? અર્થ બરાબર ભર્યો છે. ઓ..હો..હો..! 'રાજમલ પાંડે' પણ... 'પાંડે રાજમલ જૈન ધર્મી 'સમયસાર' નાટક કે મર્મી' આહા..હા...! જુઓને ! એ શબ્દ અંદર પડ્યો છે એનો અર્થ કર્યો છે, હોં ! ઓલામાં પણ એમ હતું. સમજાય છે ? એ આમ હતું, **'विश्रान्त परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु'** સમજાય છે ? એટલે આમાંથી પછી છેલ્લા શબ્દમાંથી બધું કાઢ્યું. સમજાણું કાંઈ ? ત્રીજામાં. આહા..હા...! ત્યારે એમાંથી પહેલાં કાઢ્યું ને ? આમાં આ શબ્દ પડ્યો છે એટલે એમાંથી ઓલી જ્ઞાનની પર્યાય કાઢી છે, પેલામાં–એકાન્તમાં.

**શ્રોતા :–** વિભક્ત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ઓલામાં એકત્વ કહ્યું, કોની સાથે ? એટલે ઓલા વિભક્તમાંથી ઓલું એકત્વ કાઢી નાખ્યું. એમ મારું કહેવાનું છે.

જ્યારે જ્ઞાનની એક સમયની પર્યાય પરને જાણવારૂપ છે, એટલો માને તે પરભાવને પોતાનો માને છે. અને જ્ઞાની એક સમયની જ્ઞાનની પર્યાય, તે વિભક્ત પૂર્ણને માને છે એટલે સમકિતી અનેકાંત છે. એ પાઠથી આ શૈલી ઊભી થાય છે. સમજાણું કાંઈ ? ઓ..હો..હો..! અંશબુદ્ધિ નહિ, દ્રવ્યબુદ્ધિ નહિ, એમાં પછી પર્યાયનું પરિણમન ભલે થાય. સમજાણું કાંઈ ? કહો, 'જુગરાજજી'! આવો માર્ગ છે. આ તો મંદિર બનાવો, ઉપાશ્રય બનાવો, સામાયિક-પોહા કરવા, પડિક્કમણા કરવા, અપવાસ કરવા, ધર્મ થઈ ગયો, લ્યો. થઈ રહ્યું.

દિગંબર લોકો અરે..! ભગવાન ! તારા ઘરે વસ્તુ પડી છે, ભાઈ ! ઓલાને તો વસ્તુ પણ નથી. ત્યાં તો શાસ્ત્રમાં પણ એવી વાત નથી. આ તો શાસ્ત્રમાં એ વાતું પરંપરા સર્વજ્ઞ ભગવાને કહેલી વાત પડી છે. એય..! 'રતિભાઈ'! સમજાય છે આ ? હળવે હળવે. એ હવાફેર આવ્યા. પણ આ સમજાય છે કે નહિ એમ કહેવું છે અહીં તો. આહા..હા...!

કહે છે, જુઓ ! આખા શ્લોકનો સાર કે વસ્તુનો–પદાર્થનો અનંત અનંત શક્તિરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવ છે. આત્મા છે ને, વસ્તુ છે ને ? અને વસ્તુ છે એની ગુણ–શક્તિના માપનું શું કહેવું ? જેનો સ્વભાવ છે, સ્વભાવ છે, સ્વભાવ છે એનું શું કહેવું ? એ તો અનંત અનંત શક્તિનું સામર્થ્ય છે. સ્વભાવને હદ શું હોય ? એવો એક એક ગુણ અનંત શક્તિનો પિંડ પ્રભુ આત્મા, એને એક સમયની દશામાં પરની આકૃતિની શક્તિરૂપે પરિણમેલું જ્ઞાન, એ તો તુચ્છ સાધારણ વાત છે. એટલે એ સાધારણ દશામાં આખો આવો આત્મા માનવો, એ મિથ્યાત્વ છે, અસત્‌બુદ્ધિ છે. સત્‌ સ્વરૂપ ભગવાન આખો સ્વભાવ તો પડ્યો રહ્યો. અને અનંત આવો સ્વભાવ પૂર્ણ પ્રતીતમાં, દઢતામાં લઈ અને પર્યાય એક સમયની થઈ, એને જાણે. એ તો અનેકાંત છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેટલાક કહે છે ને, ત્યાં સામાયિક નથી, પડિક્કમણા નથી, પોહા નથી. એય..! '..ભાઈ'! કહે છે કે નહિ ? કેમ 'પ્રેમચંદભાઈ'! અરે..! ભગવાન સાંભળ તો ખરો, પ્રભુ ! સમ્યક્‌–સમભાવરૂપી સમ્યગ્દષ્ટિ. એ સમભાવરૂપી સમ્યગ્દષ્ટિ કોને કહેવાય છે એ એને ખબર નથી. એક સમકિતરૂપી સામાયિક કહેવાય છે. એ સમ્યક્‌ સામાયિક–સમ્યગ્દર્શન સામાયિક, એક સમ્યક્‌જ્ઞાન સામાયિક, પછી ચારિત્રનો દેશ અંશે સામાયિક અને .. એમાં પહેલી સમ્યગ્દર્શન સામાયિક કોને કહેવી એની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? 'જુગરાજજી'! એવું આવે છે. અનુયોગ દ્વારમાં આવતા. ભાઈ ! અમે કહેતાં તે દિ' વાત કરતા. અહીં તો ચાર બોલ છે. આ ચાર પ્રકારની સામાયિક આવે છે. સમ્યગ્દર્શન સામાયિક અનુયોગ દ્વારમાં આવે છે. અનુયોગ દ્વાર તો આખુ ખૂબ લઢેલું ને. એક સમ્યગ્દર્શન સામાયિક આવે છે, સમ્યગ્જ્ઞાન સામાયિક, પછી અંશે સ્થિરતા એ સામાયિક, પછી સર્વવિશુદ્ધ સ્થિરતા એ સામાયિક. એ સામાયિકના ચાર (પ્રકાર). હજી પહેલી સામાયિકના ઠેકાણા નથી ને આ સામાયિક ક્યાંથી લાવ્યા ? ત્યારે ભડકતા હતા ખરા. સમજાણું કાંઈ ? અનુયોગ દ્વારમાં આવે છે. (સંવત) ૧૯૮૫-૮૬ સાલમાં. અનુયોગ દ્વારનું ખૂબ ઘોલન ચાલતું. સવારમાં ઊઠીને બે-બે કલાક. બે કલાક વહેલા ઊઠીએ. બે કલાકમાં આખુ અનુયોગ દ્વાર અંદર ફરી જાય. 'અમરેલી'માં 'પ્રેમચંદભાઈ'નું મકાન હતું. 'પ્રેમચંદ ખારા'ની ધર્મશાળા ત્યાં ઉતર્યા હતા. સમજાણું કાંઈ ? આહા..હા...!

એ સમ્યગ્દર્શન સામાયિક કોને કહેવી એની આ વાત ચાલે છે અને મિથ્યાદર્શન વિષમ, વિષમ મિથ્યાત્વ ભાવ કોને કહેવો એની વાત ચાલે છે. ભગવાનઆત્મા પરમ સત્‌ સાહેબ, પૂર્ણાનંદની શક્તિનું સત્ત્વ, એક સમયમાં અનંત એવા ગુણની મહાન સ્વભાવ ઉપર સન્મુખ દૃષ્ટિ નથી અને એક સમયની પર્યાયના અંશ ઉપર જેની દૃષ્ટિ છે, એને મિથ્યાત્વના ભાવનો પાપનો લાભ થાય છે. એ આમ બેઠો હોય ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણ (કરતો હોય) તો પણ એ મિથ્યાદૃષ્ટિ પાપનો લાભ કરે છે. 'જુગરાજજી'! આહા..હા...!

ધર્મી લડાઈની ક્રિયામાં ઊભો હોય છે, લડાઈની ક્રિયામાં ઊભો દેખાય છે છતાં તેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂર્ણાનંદ સ્વભાવની ઉપર જ એની પ્રતીત ને દૃઢ શ્રદ્ધા છે. એક સમયના અંશ જેટલો હું નથી – એવા પૂર્ણાનંદ ગુણના ભાવ ઉપર જેની પ્રતીતનું જોર વર્તે છે એને એ વખતે સમ્યગ્દર્શનની સામાયિક વર્તે છે. આહા..હા...! કહો, સમજાણું આમાં ? લ્યો, અહીં બે વાત કરી, લ્યો. ભારે વાત, ભાઈ! લોકો તો પણ... એકલા અમૃતને ઘૂંટ્યા છે. ઓહોહો..! માણસ આમ નથી કહેતા કે ધર્મને અધર્મ માને તે મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તે મિથ્યાત્વ. એ વાત કરે છે આ.

**શ્રોતા** :– એ અર્થ જુદો..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ અર્થ જુદો. એને ભાન કે દિ' હતા. ત્યાં બોલી જાય પચ્ચીસ મિથ્યાત્વના બોલ. 'ભગવાનભાઈ'! આ પોણો સો વર્ષ જૂના માણસ છે ને, ત્યાં બધું શીખી જાય પછી સાંજ-સવાર બોલે ણમો અરિહંતાણ... ણમો અરિહંતાણાં... મિચ્છામી દુક્કડમ.. મિચ્છામી દુક્કડમ. જાવ. શેનું પણ ? સત્ય શું છે કે તને મિથ્યાત્વ લાગ્યું ? સત્ય શું છે કે જે મિથ્યા એટલે ખોટું લાગ્યું ? સમજાણું કાંઈ ?

એક સમયનો ભગવાન પૂર્ણ આનંદાદિ પૂર્ણ શક્તિનો પિંડ પ્રભુ સત્ છે. એની ઉપર પ્રતીત અનુભવ કરીને પર્યાયમાં સમતા પ્રગટ કરવી, એનું નામ ધર્મ અને સત્યનો આદર કર્યો કહેવાય છે. એક સમયની દશાનો પણ આદર કરે, હું પૂર્ણ છું, તોપણ કહે છે એ મિથ્યાદૃષ્ટિનો ભાવ, એ ભલે ત્યાગી, મુનિ થઈને બેઠો હોય, બહારમાં હિંસા-બિંસાના પરિણામ કદાચિત દેખાતા ન હોય, પણ અંદરમાં એક સમયની આકૃતિ પરની શક્તિરૂપે પરિણમેલી જ્ઞાનની દશાનું જ જ્યાં લક્ષ છે, આખી ચીજ અનંત ગુણનો પિંડ એની દૃષ્ટિ નથી. તો કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ મૂંઢ અસંયમી, અચારિત્રી અને મિથ્યાદૃષ્ટિ છે. કહો, બરાબર હશે ? લ્યો સળંગમાં ૧૫૮ થઈ. આમ સળંગમાં ૧૨ થઈ. અસ્તિની વ્યાખ્યા કરી. હવે પરભાવથી નાસ્તિ, એનો શ્લોક આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

❊

*** શ્રોતા :– સાહેબ ! અનુભવ થતો નથી તો અમારો શું દોષ છે ?**

**પૂજ્ય ગુરુદેવશ્રી :– એ... આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમાં આ દોષ છે. ૧૧૨.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર-કળશટીકા, કળશ-૨૧૬, પ્રવચન નં. ૨૪૦, તા. ૨૪-૨-૧૯૭૮ [૧૩]

'કળશટીકા' ૨૧૬ છે ને?

(મન્દાક્રાન્તા)

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-**
**मन्यद्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।।२४-२१६।।**

શું કહે છે? જુઓ! '**सदा ज्ञानं ज्ञेयं कलयति अस्य ज्ञेयं न अस्ति एव**' આત્મા સ્વરૂપે સર્વજ્ઞ પરમાત્મ સ્વરૂપ છે. આત્મા સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મ સ્વરૂપ છે. એ પરને જાણે, કહે છે. '**સર્વ કાળ જ્ઞાન અર્થાત્ અર્થગ્રહણશક્તિ...**' એનો સ્વભાવ તો પદાર્થને જાણવું (એ છે). ગ્રહણ એટલે જાણવું. અર્થગ્રહણ-સ્વ અને પર, એવા અર્થનું ગ્રહણ. પદાર્થનું જાણવું એની શક્તિ છે. આહા..હા...!

ભગવાનઆત્મા તો સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ, એને તો સ્વ અને પર પદાર્થને જાણવાની શક્તિ છે. આહા..હા...! પરનું કંઈ કરવું એ તો છે નહિ. પરને જાણવું એથી જ્ઞાનના પર્યાયનું જે અસ્તિત્વ છે એનો અંશ કંઈ જ્ઞેય તરફ અંદર જાય છે? જ્ઞાનસ્વરૂપ જે અસ્તિત્વ સત્તા છે, જ્ઞાનસ્વભાવી સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મા પોતે એમ એની સત્તાનું સિદ્ધ થવું, એની સત્તાનો કોઈ અંશ જાણવાના પદાર્થમાં પેસે છે? સમજાણું કાંઈ? આહા..હા...!

'**અર્થગ્રહણશક્તિ...**' જ્ઞેયના બે પ્રકાર. '**સ્વ-પરસંબંધી સમસ્ત જ્ઞેયવસ્તુ...**' સ્વ પણ જ્ઞેય. આહા..હા...! જ્ઞાનની પર્યાયમાં જાણવાની શક્તિ છે એ સ્વ નામ જ્ઞાયકભાવ પરિપૂર્ણ પ્રભુ તેને પણ જાણે અને પોતાથી પરજ્ઞેય છે એને જાણવાનો સ્વભાવ પોતાનો છે. એને જાણે એમ કહેવું એ વ્યવહાર છે, પણ પોતે સ્વ-પરને જાણે. એવા એના અસ્તિત્વના પર્યાયનો સ્વભાવ છે. જ્ઞેય જાણે છે માટે જ્ઞેયનું જ્ઞાન છે અહીં, એમ નથી. જ્ઞાન એને જાણે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માટે જ્ઞેય જ્ઞાનમાં આવી જાય છે એમ નથી. આહા..હા...! ભારે, ભાઈ! છે?

**'એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ સહિત જેવી છે તેવી જાણે છે.'** જ્ઞાનનો સ્વભાવ એવો છે કે પર્યાયમાં પણ એવો સ્વભાવ છે કે સ્વ ને પર જે પદાર્થ છે તેને એક સમયમાં, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાય બેયને એક સમયમાં જાણે તેવું તેનું સ્વરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ? **'એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ સહિત...'** પાછું, એમ. દરેક દ્રવ્ય દ્રવ્યરૂપે છે, ગુણ ગુણરૂપે, પર્યાય પર્યાયરૂપે (છે) એમ ભેદ જેવો છે એ રીતે જાણે. અસ્તિપણે સત્તાપણે સિદ્ધ થયેલ છે એ સ્વ ને પરને જાણવું ... આહા..હા...!

અંદર તો ભગવાન પરમાત્મસ્વરૂપ છે, આ આત્મા. જ્ઞ-સ્વભાવી પરમાત્મ સ્વરૂપ છે. એ સર્વ એમાં આવ્યું છે એટલે જરી સ્વ અને પર ભેગા એમાં નાખ્યા. સમજાણું કાંઈ? પર અને સ્વ જાણવાની સત્તામાં રહીને, પોતાના જાણવાના અસ્તિત્વમાં રહીને, પોતાના જાણવાની મોજૂદગીમાં રહીને દ્રવ્ય-ગુણમાં પેસતું નથી અને દ્રવ્ય-ગુણને જાણે. હેં ?

**શ્રોતા :–** ક્યા આત્માની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ આત્માની વાત અંદર તમારો છે એની. શેઠ ! તેથી પહેલું કહ્યું ને કે, દરેક આત્મા સર્વજ્ઞ પરમાત્મ સ્વરૂપ જ છે. આહા..હા...! અરે..! કેમ એને બેસે ?

સ્વ અને પરને પરિપૂર્ણ રીતે જાણે એવો જ એનો સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપ છે. દરેક આત્માની વાત છે આ. અરે..! એણે જોયું નથી. પર્યાય જે છે, સ્વ અને પરને જેવું જેવું જેટલું સ્વરૂપ તેવું તેનું તે બરાબર જાણે. આહા..હા...! એક સમયમાં જાણે, અહીં લીધું છે. ભલે શ્રુતજ્ઞાન હોય પણ એક સમયમાં જાણવાની તાકાત છે એની. આહા..હા...! પોતાના સ્વભાવ સિવાય પરદ્રવ્યનું કાંઈ કરવું, એક પર્યાયનું ફેરવવું એમાં નથી. આહા..હા...! અહીં તો ઇ કહેશે. દાખલો આપશે.

**'જ્ઞાનના સંબંધથી જ્ઞેયવસ્તુ જ્ઞાન સાથે સંબંધરૂપ નથી,...'** શું કીધું ઇ? જે જાણવા યોગ્ય પદાર્થ છે, અરે..! સ્વ અને પર બેય. આહા..હા...! એ **'જ્ઞાનના સંબંધથી જ્ઞેયવસ્તુ જ્ઞાન સાથે સંબંધરૂપ નથી,...'** આહા..હા...! જ્ઞેય તો બે પ્રકારે કહ્યા ને? હેં?

**શ્રોતા :–** પરની સાથે સંબંધ નથી, પર્યાય સાથે તો સંબંધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં એ નથી. સ્વ-પર સાથે જાણે છે, બપોરે એમ આવ્યું હતું.

**શ્રોતા :–** પોતામાં તન્મય થઈને નથી જાણતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તન્મય છે નહિ, ભિન્ન જ છે પર્યાય. ઝીણી વાતું બહુ, બાપા!

**શ્રોતા :–** પ્રદેશથી તો તન્મય છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પ્રદેશ પણ ભિન્ન છે અને ભાવ પણ ભિન્ન છે.

અહીં તો એને જાણવાનો પર્યાયનો સ્વભાવ સર્વજ્ઞ સ્વભાવી તો શક્તિ છે, સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે પણ પર્યાયમાં સર્વ જાણવું એવો પર્યાયનો સ્વભાવ છે. એ જાણવું એવી પર્યાયની સત્તામાં સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય પોતે, પર્યાય પર્યાયને જાણે એ તો અડીને–સ્પર્શીને પણ દ્રવ્ય-ગુણ અને બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય એની સત્તાને જાણતાં તે પર્યાય તે રૂપે–પરરૂપે થતી નથી. આહા..હા...! જ્ઞેય તો બે પ્રકારે કહ્યાને અહીંયાં? હેં? શું કહ્યું? **'સ્વપરસંબંધી સમસ્ત જ્ઞેય...'** એમ લીધું ને? આહા..હા...! ભગવાનઆત્મા સર્વજ્ઞ પ્રભુ છે. આહા..હા...! એ તો ત્રિકાળી સ્વભાવ એનો પરમાત્મ સ્વરૂપ જ છે. એની દૃષ્ટિ કરતાં, એ સર્વજ્ઞ સ્વભાવની દૃષ્ટિ કરતાં દૃષ્ટિમાં એ જ્ઞેય આવતું નથી, પણ જ્ઞેયનું જેટલું સામર્થ્ય છે તેટલું જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે. તો ખરેખર તો જ્ઞાનની પર્યાય સ્વ-પર જાણવાની છે એ જ્ઞાનની અવસ્થાને એનો દ્રવ્ય-ગુણનો સંબંધ નથી. આહા..હા...! એ વર્તમાન જ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્ય-ગુણને જાણે છતાં તે પર્યાય જ્ઞેય સાથે સંબંધરૂપ નથી. ઝીણી વાત છે, બાપુ! આ તો મારગડા ઝીણા બહુ, પ્રભુ! આહા..હા...! એક સમયની પર્યાયની સમીપે પ્રભુ બિરાજે છે. એક સમયની પર્યાયની પાસે-પાસે – જોડે ભગવાન બિરાજે છે. આહા..! એના એણે દર્શન ન કર્યા. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે એ પર્યાયનો સ્વભાવ જ એવો છે. એ જ્ઞાનની સત્તાને સિદ્ધ કરતાં તેના સ્વભાવનું સ્વરૂપ જ એવું છે કે સ્વજ્ઞેય અને પરજ્ઞેયને પોતામાં રહીને પર સાથે સંબંધ વિના જાણવું એનું સ્વરૂપ છે. ધીમેથી સમજવું. આ તો છેલ્લા શ્લોકો છે ને બહુ ઊંચા છે. 'સર્વવિશુદ્ધ જ્ઞાન' છે આ. આહા..હા...! અરે..! આવશે દાખલો.

**શ્રોતા :–** એનું નામ જ્ઞાયક જ પડ્યું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણે છે કીધું ને, પર્યાય જાણે છે. કોને જાણે છે? કે સ્વ ને પર બેયને. જાણવાની પર્યાય સ્વ-પર બેયને જાણે છે, એ જ્ઞાયક છે. દ્રવ્ય-ગુણ તો જ્ઞાયક છે પણ પર્યાય પણ જ્ઞાયક છે. 'ચંદુભાઈ'! આવું છે જરી. આહા..હા...! ભગવાન મોટો દરિયો, ગંભીર દરિયો પડ્યો છે અંદર. આહા..હા...! એવું હોવા છતાં એ સ્વજ્ઞેય છે એને પણ પર્યાય જાણે. અર્થગ્રહણ આવ્યું ને? અર્થગ્રહણ એટલે અર્થ નામ પદાર્થને જાણવું એવી શક્તિ. એક વાત. હવે અર્થ બે પ્રકારના–સ્વ અને પર. એ બેયને જાણવાની પર્યાયમાં તાકાત, જ્ઞાયકની પર્યાયમાં તાકાત છે. આહા..હા...! હેં?

**શ્રોતા :–** સ્વને અને પરને જાણે તો સ્વમાં કેટલું દ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વમાં આખું દ્રવ્ય-ગુણ બધું લેવું. કીધું ને આ? છતાં એ જ્ઞેય ને જ્ઞાનને સંબંધ નથી. એ જ્ઞાનને અને જ્ઞેયને સંબંધ નથી એટલે જ્ઞાન જ્ઞેયરૂપે થયું નથી. તેમ તે જ્ઞેય દ્રવ્ય-ગુણ છે તે જ્ઞાનની પર્યાયમાં આવ્યા નથી. આહા..હા...! એ સંબંધીનું જ્ઞાન આવ્યું પણ એ ચીજ જે દ્રવ્ય-ગુણ છે, જાણવાની પર્યાયમાં દ્રવ્ય-ગુણ આવ્યા નથી. તેમ પરવસ્તુને જાણતાં એ તો ચૈતન્યની સત્તાના સ્વભાવનું અસ્તિત્વ સિદ્ધ થયું. એમાં પરવસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞેય અહીંયાં આવી છે એમ નથી. આહા..હા...! બહુ ઝીણું, બાપુ! તત્ત્વ જ અલૌકિક છે. આહા..હા...!

**શ્રોતા** :– સ્વને જાણે અને પરને તો પરજ્ઞેય તરીકે જાણે છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બેયને જાણે છે. સ્વ ને સ્વ તરીકે, પરને પર તરીકે. પર્યાય બેયને જાણે છે. અર્થગ્રહણશક્તિ કીધી ને? તો અર્થગ્રહણશક્તિમાં જ્ઞેય બે પ્રકારે કહ્યા. એમ કહ્યું? છે? **'સ્વ-પરસંબંધી સમસ્ત જ્ઞેયવસ્તુ...'** એમ કીધું ને? કે પર જ કીધું? ઝીણી વાત છે, ભાઈ! આ તો માર્ગ અલૌકિક છે. આહા..હા...!

ધ્રુવ છે એ જાણવાનું કાર્ય કરતું નથી. શક્તિ છે એની, પણ જાણવાનું કાર્ય જે સત્તામાં થાય છે એ સત્તાની પર્યાય–અસ્તિત્વ સ્વ અને પર બેય પદાર્થને બરાબર જાણે છે, છતાં તે જ્ઞેયરૂપે તે જ્ઞાનની પર્યાય થતી નથી. એટલે? જાણવાની પર્યાય દ્રવ્ય-ગુણને જાણે છતાં દ્રવ્ય-ગુણની થતી નથી. જાણવાની પર્યાય પરને જાણે છતાં તે પર્યાય પરની થતી નથી. આરે...! આવી વાતું છે. 'ચીમનભાઈ'! ઝીણી વાતું, બાપા! આ તો મારગડા..

પ્રભુ સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે. પ્રભુ પોતે સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ! આહા..હા...! પોતે દેવાધિદેવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? આહા..હા...! એ તો પહેલું આવ્યું હતું. કીધું ને (સંવત) ૧૯૬૩ની સાલમાં. 'તું હી દેવનો દેવ છો'. ૧૯૬૩ની સાલ. આહા..! બધા લગ્નમાં ગયા હતા અને હું ને નોકર બે રહ્યા હતા. બે દુકાન હતી. બે જણા ક્યાં બેસે? દુકાન બંધ રાખીએ પણ ધ્યાન રાખીએ. દુકાનની સામે મોટી રામલીલા આવી હતી. તે એ લીલા જોવા ગયા. એમાંથી આ (આવ્યું). પ્રભુ! તું કોણ છો? 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ તું છો'. કેટલા વર્ષ થયા? ૬૩, ૬૩. કેટલા વર્ષ થયા? ૬૩, ૬૩. તમારા જનમ પહેલાં. આહા..હા...! 'તું હી દેવનો દેવ' એમ આવ્યું હતું. અને આ સ્ત્રીનું રમણ તને ન હો. તું તો શિવરમણી રમનારો છો ને, પ્રભુ! આ શું છે આ? એવું અંદરથી આવ્યું હતું. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ! ઓહોહો..! એને જ્ઞાનની વર્તમાન પર્યાયની જાણવાની તાકાત સ્વ ને પર જ્ઞેયોને જાણવાની તાકાત, એમ કીધું છે ને? કે પરને જાણવાનું એકલું નથી લીધું. અને જ્ઞેય બે પ્રકારના લીધા છે–સ્વ અને પર. આહા..હા...! એ પર્યાય પર્યાયને જાણે, પર્યાય દ્રવ્ય-ગુણને જાણે, પર્યાય પર દ્રવ્ય-ગુણને જાણે છતાં પર દ્રવ્ય-ગુણરૂપે અને સ્વના દ્રવ્ય-ગુણરૂપે એ પર્યાય થતી નથી. આહા..હા...! જ્ઞેયરૂપે તે જ્ઞાનની પર્યાય થતી નથી, એનો અર્થ શું થયો? કે સ્વજ્ઞેય રૂપે પણ, પર્યાય સ્વજ્ઞેય છે તે પર્યાયરૂપે થઈ છે, પણ દ્રવ્ય-ગુણરૂપે પર્યાય થતી નથી. આહા..હા...! માર્ગ બહુ બાપુ, જન્મ-મરણના અંતની વાતું બહુ ઝીણી, ભાઈ! અનંતકાળથી એને એ વાત અંદર બેઠી નથી. આહા..હા...!

એ રાગને જાણતાં રાગરૂપ થઈને જાણ્યું નથી, જ્ઞાનરૂપ રહીને રાગને જાણે છે. તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ જ્ઞેયરૂપે જ્ઞાન થયું નથી અને તે જ્ઞેય–રાગ તે જ્ઞાનરૂપે આવ્યું નથી. આહા..હા...! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઊઠે છે તેને જ્ઞાનની પર્યાય પરજ્ઞેય તરીકે જાણે છે, છતાં તે જાણવાની પર્યાયનો અંશ તે રાગના જ્ઞેયમાં ગયો નથી. તેમ તે રાગનો અંશ છે, અહીં એ જણાણો છે, તે જણાણો છે એ તો એ સંબંધીનું પોતાનું જ્ઞાન, એ જ્ઞાનમાં કંઈ રાગ આવ્યો નથી, જ્ઞેયનો અંશ અહીં આવ્યો નથી. આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાનીની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો જ્ઞાનીની વાત છે, વસ્તુના સ્વભાવની વાત છે. વસ્તુનો સ્વભાવ આવો છે. માને અજ્ઞાની ગમે તે રીતે. સમજાણું કાંઈ? આહા..હા...!

**શ્રોતા :–** પોતાના આનંદ સ્વભાવમાં આનંદની પર્યાયને શું કહેશો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આનંદની પર્યાય પણ પર તરીકે જ્ઞેય છે.

**શ્રોતા :–** પરજ્ઞેય તરીકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, છે ને.

**શ્રોતા :–** દ્રવ્ય, ગુણ ને પર્યાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ પોતાની પર્યાય સિવાય બધી પર્યાય પરજ્ઞેય તરીકે છે. આહા..હા...! ઝીણું બહુ પડશે. આહા..હા...! એનું હોવાપણું કેવડું ને કેટલું ને કેમ છે એ વાત (છે). શું કહ્યું?

**'सदा'** નામ **'સર્વ કાળ...'** **'ज्ञानं'** નામ **'અર્થગ્રહણશક્તિ...'** અર્થ નામ પદાર્થને જાણવાની શક્તિ. જુઓ! ગ્રહણનો અર્થ જાણવું. ભાઈએ કહ્યું છે ને કે વ્યવહારને ગ્રહવો એટલે કે જાણવું. 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમો અધિકાર. એ અર્થગ્રહણશક્તિ જ્ઞાન, એ જ્ઞાનની વ્યાખ્યા કરી. હવે જ્ઞેય? **'સ્વ-પરસંબંધી સમસ્ત જ્ઞેયવસ્તુ...'** એ જ્ઞેયની વ્યાખ્યા કરી. આહા..હા...! **'એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયભેદ સહિત જેવી છે તેવી જાણે છે.'** આહા..હા...! એ તો 'નિયમસાર'માં આગળ નથી આવ્યું ઇ? નિશ્ચયથી જ્ઞાન પોતાને જાણે છે અને નિશ્ચયથી પર જે ગુણો છે એને પણ જાણે છે. એ નિશ્ચયથી કહેવામાં આવે છે, સ્વના છે માટે. આહા..હા...! સમજાણું કાંઈ? આહા..હા...!

અમૃતનો સાગર ભગવાન પડ્યો છે આખો, પણ જેણે કહે છે કે એને જાણ્યો... આહા..હા...! એ જાણવાની પર્યાય પોતે જ્ઞેયરૂપે, સ્વ અને પર જ્ઞેયરૂપે થતી નથી, છતાં તે જાણ્યા વિના રહેતી નથી, છતાં તે જ્ઞેયનો અંશ જ્ઞાનમાં આવતો નથી અને જ્ઞાનનો અંશ જ્ઞેયમાં જતો નથી. આહા..હા...! આવું સ્વરૂપ છે. હવે અહીં તો હજી બહારમાં તોફાન.. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું... આહા..હા...! વિપરીત માન્યતા, કહે છે, વસ્તુના સ્વરૂપથી વિપરીત છે.

**'સંબંધરૂપ નથી,...'** **'एव'**. છે? **'एव'** **'નિશ્ચયથી એમ જ છે.'** **'एव'** એટલે નિશ્ચય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'નિશ્ચયથી એમ જ છે.'** આહા..હા...! **'દૃષ્ટાંત કહે છે-' 'ज्योत्स्नारूपं भुवं स्नपयति तस्य भूमिः न अस्ति एव' 'ચાંદનીનો પ્રસાર...'** આ ચંદ્ર, ચંદ્રનો ચાંદનીના પ્રકાશનો પ્રસાર **'ભૂમિને શ્વેત કરે છે. એક વિશેષ-ચાંદનીના પ્રસારના સંબંધથી ભૂમિ ચાંદનીરૂપ થતી નથી.'** ચાંદનીના પ્રકાશથી ભૂમિ ચાંદનીરૂપ થઈ નથી. તેમ ચાંદનીનો પ્રકાશ ભૂમિરૂપે થયો નથી. આહા..હા...! તેમ ચાંદનીનો પ્રકાશ ભૂમિને સ્પર્શ્યો-અડ્યો નથી.

**શ્રોતા :-** શ્વેત કરે છે એમ તો લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો ભાળે છે એ અપેક્ષાએ કહ્યું છે. એ તો અંદર પહેલું આવ્યું હતું. લોકો એમ કહે ને જુઓ! આ ધોળું થયું. શું પણ ધોળું થયું? ધોળી તો ચાંદની થઈ છે. ધોળી પૃથ્વી થઈ નથી. આહા..હા...! ધોળારૂપનું પરિણમનનું અસ્તિત્વ એ તો ધોળારૂપે પોતે ચાંદની છે એ થઈ છે. એ ચાંદની પૃથ્વીને ધોળી કરે છે એમ કહેવું એ તો વ્યવહારનું કથન છે. પૃથ્વી ચાંદનીરૂપે થઈ નથી, ચાંદની પૃથ્વીરૂપે થઈ નથી. દરેક પોતાના અસ્તિત્વમાં-સત્તામાં રહેલાં (છે). પ્રકાશ પરને કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! હેં? શું કીધું?

**શ્રોતા :-** ખડીના દૃષ્ટાંતે કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખડી.. ખડીનો દાખલો ... ખડી ભીંતને અડતી નથી. ખડી ખડીમાં રહીને ધોળપને પ્રસરે છે. એ ભીંતને ખડીએ ધોળી કરી નથી. તેમ ભીંત ધોળારૂપે થઈ નથી એટલે ધોળાની અવસ્થામાં ભીંત આવી નથી. આહા..હા...! આવું છે. મૂળ તત્ત્વદૃષ્ટિનો વિષય ઘણો સૂક્ષ્મ છે. એ વિષય અત્યારે આખો પડ્યો રહ્યો. બહારમાં બધું હાલમહોલ.. આહા..હા...! અરે..રે..! આવી જિંદગી મળી ને આવું મનુષ્યપણું (મળ્યું) એમાં વાસ્તવિક તત્ત્વની વ્યવસ્થા ને અવસ્થા, એનું જ્ઞાન યથાર્થ ન થાય તો એના જન્મ-મરણ નહિ મટે. આહા..હા...! શું ?

**શ્રોતા :-** બધાને લાગુ પડે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને લાગુ પડે. ન સમજે એને (બધાને). આહા..હા...! કહ્યું? 'શ્રીમદ્દે' આ દાખલો આપ્યો છે, એના પુસ્તકમાં.

ચાંદનીનો પ્રકાશ પૃથ્વીને ધોળી કરે છે એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. ચાંદની પૃથ્વીને અડી નથી અને પૃથ્વી ચાંદનીના પ્રકાશમાં આવી નથી અને અડી નથી. આહા..હા...! એમ ભગવાન જ્ઞાનનો પર્યાય.. આહા..હા...! જ્ઞેયને જાણતાં જ્ઞેયરૂપે થયો નથી, તેમ તે જ્ઞેય જ્ઞાનરૂપમાં આવ્યું નથી. આહા..હા...! ખરેખર તો જ્ઞાન (જે જ્ઞેયને) જાણે છે તે જ્ઞેયને અડતું નથી. આહા..હા...! પોતે સ્વદ્રવ્ય અને ગુણ. આહા..હા...!

એની જ્ઞાનપર્યાય સિવાયની બધી પર્યાયો છે એને પણ એ અડતું નથી એવો જેનો સ્વભાવ, ચૈતન્યનું સ્વ-પરપ્રકાશક અસ્તિત્વ અનંતી પર્યાયને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે છે પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે પર્યાય પર અનંત પર્યાયરૂપે થઈ નથી અને એ અનંતી પર્યાયો જે છે તે જાણવાની પર્યાયમાં આવી નથી. આહા..હા...!

**શ્રોતા** :– જ્ઞાન આનંદ વિનાનું થઈ જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આનંદવાળું થાય છે અહીં.

**શ્રોતા** :– એકનું રૂપ બીજામાં આવે છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એકનું રૂપ આવે છે, ઇ કહેવું હતું. રાત્રે નહોતું કહ્યું? આત્મામાં અનંત સામાન્ય ગુણ છે, અનંત વિશેષ ગુણ છે. એક ગુણનું અનંતમાં રૂપ છે અને અનંત ગુણનું એક ગુણમાં રૂપ છે. આહાહા...! બીજો ગુણ બીજા ગુણમાં આવે નહિ, પણ બીજા ગુણનું સ્વરૂપ ને રૂપ, રૂપ તરીકે આમાં હોય છે. આહા..હા...! જ્ઞાનગુણમાં અસ્તિત્વ ગુણ આવે નહિ, પણ અસ્તિત્વ ગુણનું રૂપ–જ્ઞાન છે એ પોતાના રૂપે છે એવું અસ્તિત્વ આવે. આહા..હા...! અને તે જ્ઞાનગુણ અસ્તિત્વને.. આહા..હા...! અતદ્ભાવ છે ને? એક ગુણ ગુણમાં અતદ્ભાવ છે. આહા..હા...! એક ગુણ બીજા ગુણરૂપે નથી. સર્વ ગુણ અસહાય (છે). આહા..હા...! અરે..! એ તત્ત્વજ્ઞાનનો વિશાળ ભાવ છે. હેં? લોકો બહારથી અટકી (ગયા), આ વાત તો સમજવી નથી અને બહારથી કરીને જિંદગી કાઢી નાખે છે. આહા..હા...! માણસને માણસપણું મળ્યું અને છતાં જ્ઞાયક તે શું ચીજ છે એને અનુભવે, જાણે નહિ તો તો એ મનુષ્યપણું મળ્યું ન મળ્યું, ઢોરને મળ્યું નથી અને આને મળ્યું છે, બેય નકામા ગયા. આહા..હા...!

ધજાને પવન અડતો નથી અને ધજા હલે છે. એ હલે છે એ પવનને અડતી નથી, પવન એને અડતો નથી. એકબીજાના અભાવ સ્વભાવ સ્વરૂપ છે. આહા..હા...!

**શ્રોતા** :– દવાનું શું કામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દવાનું શું.. ધૂળેય થતી નથી. દવા દવાની પર્યાય. આ તમારા ડૉક્ટરનું પૂછે છે. દવાનો એક રજકણ બીજા રજકણને અડતો નથી. એ દવાનો એક રજકણ શરીરના રજકણને અડતો નથી. આહા..હા...! આવું તત્ત્વ છે. હેં? શું કહે છે?

**શ્રોતા** :– દવા ખાવી કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ ખાય છે? તમારે તો મોઢા આગળ બહુ દવા હોય છે. છ લાખનું મકાન છે એમનું. ત્યાં અમારો ઉતારો હતો. તે હું ખાયને આમ ફરતો હતો, જ્યાં એનું સૂવાનું હતું ત્યાં ઘણી દવાઓ પડી હતી. છ લાખનું રહેવાનું મકાન છે એને. ભાઈનું જુદું છે, એ પણ મોટું મકાન છે. 'શોભાલાલ'! કોના મકાન? બાપા! આહા..હા...!

અહીં તો કહે છે કે મકાનને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! જ્ઞાન જ્ઞાનને જાણે છે, એમાં સ્પર્શીને–અડીને જાણે છે તે જ્ઞાન. પરને અડતું નથી માટે પરને શી રીતે જાણે? પર સંબંધીનું જ્ઞાન પોતાનું છે તેને તે જાણે. આવા નિયમ આકરા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભારે...! આહા..હા...! લ્યો. ખડીએ ભીંતને ધોળી કરી નથી. હવે દષ્ટિઇષ્ટ એમ ઘણા કહે છે. દેખાય છે એને તમે ના પાડો છો. અરે..! પ્રભુ! તું સાંભળ તો ખરો. એક પંડિત આવ્યો હતો. (એ કહે), પાણી અગ્નિથી ઊનું થાય એની તમે ના પાડો. દેખાય છે પાધરું. પણ બાપુ! પાણીની પર્યાયને અગ્નિની પર્યાય અડી જ નથી. આહા..હા...! કહો, 'રજનીભાઈ'! આવું છે. કોઈ દિ' સાંભળ્યું છે ક્યાંય? બધી ધમાધમ.. આહા..! 'પોપટભાઈ'ના દીકરા છે. એક ફેરી કાઢ્યું હતું મોટું... શું કહેવાય? જાત્રા નહોતી કાઢી? 'કાંતિભાઈ' 'ધ્રાંગધ્રાવાળા'. આહા..હા...! થોડા પૈસા ખર્ચે, પાંચ-પચીસ હજાર, ત્યાં એમ થઈ જાય કે આહા..હા...! આપણે તો મોટી જાત્રા (કાઢી) ને ધર્મ કર્યો. આહા..હા...! અરે..! અહીં તો કહે છે કે પરનું તો કરી શકતો નથી પણ પરને જાણવામાં પર છે માટે જ્ઞાન જાણે છે એમેય નથી. આહા..હા...!

**શ્રોતા** :– પરને જાણે તો છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પરને જાણે છે એટલે એ સંબંધીનું જ્ઞાન (થયું) એટલે જાણે છે એમ કહેવાય છે. આહા..હા...! બાકી જ્ઞાન જ્ઞાનને જાણે છે. આહા..હા...! જેને અડીને જાણે તેને જાણ્યું કહેવાય. પરને અડીને જાણતો નથી એટલે પરને નિશ્ચયથી ખરેખર જાણતો નથી. આવો ભેદ, જ્ઞાન છે. ઝીણી વાત. આહા..હા...!

**'ચાંદનીના પ્રસારના સંબંધથી ભૂમિ ચાંદનીરૂપ થતી નથી. ભાવાર્થ આમ છે કે–જેમ ચાંદની પ્રસરે છે...'** ધોળી થાય છે. **'સમસ્ત ભૂમિ શ્વેત થાય છે, તોપણ ચાંદનીનો અને ભૂમિનો સંબંધ નથી.'** સંબંધ નથી. આહા..હા...! ચાંદનીની ધોળી પર્યાયને અને પૃથ્વીને બેને સંબંધ નથી. આહા..હા...!

**શ્રોતા** :– પૃથ્વી ધોળી થઈ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ક્યાં કરી છે? ઇ તો બતાવ્યું, લોકો કહે છે ઇ. ધોળી પોતે પોતાપણાના અસ્તિત્વમાં ધોળી થઈ છે. એ પૃથ્વીના અસ્તિત્વમાં ધોળી થઈ નથી. પોતાનું અસ્તિત્વ ત્યાં જરીયે ગયું છે? આહા..હા...! ચાંદનીનું ધોળાનું હોવાપણું એ પૃથ્વીના હોવાપણામાં એ ધોળાપણું ગયું છે? આહા..હા...! આવું છે. ધીરેથી સમજે નહિ, સાંભળે નહિ અને પછી એ... એકાંત છે, એકાંત છે, એકાંત છે એમ કહે. નિશ્ચયને જ માને છે, વ્યવહારને (માનતા નથી). પણ વ્યવહાર એટલે શું? આ પરને ધોળું કરે એમ જાણવું એ વ્યવહાર. પણ એ વ્યવહાર અભૂતાર્થ–જૂઠો છે. આહા..હા...! આવો માર્ગ છે. છે?

**'તોપણ ચાંદનીનો અને ભૂમિનો સંબંધ નથી. તેમ જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે...'** સમસ્ત જ્ઞેય લીધા ને? સ્વ-પર બધાને. **'તોપણ જ્ઞાનનો અને જ્ઞેયનો સંબંધ નથી;...'** આહા..હા...! જાણનાર પર્યાય.. આહાહા...! એની તાકાત તો જુઓ! પોતાના દ્રવ્ય-ગુણને જાણે છતાં એની સાથે સંબંધ નથી. આહા..હા...! પોતાની સિવાય અનંતી પર્યાયો છે એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણે છતાં એની સાથે સંબંધ શું ? સ્વતંત્ર પર્યાય છે ત્યાં એને પરની સાથે સંબંધ શું? આહા..હા...! 'ચંદુભાઈ'! આહા..હા...! કેમ કે એક સમયની જ્ઞાનની પર્યાયમાં ષટ્કારક પોતે પોતાથી થયેલ છે. આહા..હા...! એ દ્રવ્ય-ગુણને લઈને નહિ, બીજી પર્યાયને લઈને નહિ. આહા..હા...! ભગવાન એક સમયના જ્ઞાનની દશા એ પોતે જ કર્તા છે, એ જ્ઞાનની દશા તે કર્મ–કાર્ય છે, તે જ સાધન છે, તેનાથી પર્યાયથી પર્યાય થઈ છે, પર્યાય થઈને પર્યાયે રાખી છે, પર્યાયને આધારે પર્યાય થઈ છે. આહા..હા...! જેને દ્રવ્ય અને ગુણની પણ અપેક્ષા નથી. આહા..હા...!

એમ અજ્ઞાની અહીંયાં પરમાં સુખબુદ્ધિ કલ્પે છે... આહા..હા...! એ તો મિથ્યા ભ્રમ છે પણ તેને જાણે છે એમ કહેવું એ પણ જ્ઞાન કંઈ પરના જ્ઞેયમાં અડ્યું નથી. આહા..હા...! આવી વાતું છે. ન્યાં લાદી-બાદીમાં ક્યાંય મળે એવું નથી. આમને બીડીનું મોટું તોફાન છે. તમાકુના મોટા ભરેલા, શું કહેવાય? મોટા ગોડાઉન, એની આખી લાઈન છે. કોના પણ? એ ચીજ ક્યાં એની છે? એણે ક્યાં ભર્યું છે ને રાખ્યું છે? આહાહા..! એને જાણે છે એમ કહેવું એ પણ એ જ્ઞાન કંઈ પરમાં પેઠું નથી ને જાણે. આહા..હા...! આહા..હા...! તત્ત્વજ્ઞાનનો વિષય ઘણો ઓછો થઈ ગયો, ફેરફાર (થઈ ગયો) એટલે લોકોને આ એવું લાગે કે આ શું પણ આવું? અમારે શું કરવું આમાં સૂઝ પડતી નથી. તારે કરવું છે શું? તું કોણ? એને જાણવું યથાર્થ રીતે એ કરવાનું છે. આહા..હા...!

**'ચાંદનીનો અને ભૂમિનો સંબંધ નથી; તેમ જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે તોપણ જ્ઞાનનો અને જ્ઞેયનો સંબંધ નથી;...'** આહા..હા...! એક કોર સ્વ-પર જ્ઞેય કહે, એક કોર સ્વ-પર જ્ઞેયને પણ જ્ઞાન જાણે છતાં સ્પર્શતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** જ્ઞાન અને આત્માનો સંબંધ જ ન રહે તો આત્મામાં જડપણું થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંબંધ છે જ નહિ, ભિન્ન ચીજ છે. પર્યાયનો સંબંધ ને દ્રવ્ય-ગુણનો ભિન્ન સંબંધ છે, અતદ્ભાવ છે. પર્યાયમાં દ્રવ્ય-ગુણ નથી અને દ્રવ્ય-ગુણમાં પર્યાય નથી. અતદ્ભાવરૂપે અન્ય છે, અન્યત્વરૂપે અન્ય નહિ. અન્યત્વરૂપે અભાવ નહિ, અતદ્ભાવરૂપે અભાવ છે. આહા..હા...! 'પ્રવચનસાર'માં આવે છે. આહા..હા...! જ્ઞાનની પર્યાયનો એટલો સ્વભાવ છે, એટલો સ્વભાવ છે કે એ પર્યાય એટલી જ છે એમ કહીએ તો પણ બસ.. આહા..હા...! કેમ કે એ પર્યાયમાં અનંતી પર્યાયનું, અનંતા દ્રવ્યનું, ગુણનું અને અહીંનું બધું જ્ઞાન એક સમયની પર્યાયમાં આવી જાય છે. એ જ્ઞાન, હોં! એ જ્ઞેય આવતું નથી. દ્રવ્ય-ગુણ અહીં આવતા નથી. બીજી પર્યાયો એ પર્યાયમાં આવતી નથી, પણ પર્યાય–જાણવાની પર્યાય... આહા..હા...! એ બધાને જાણતાં પણ પરની થઈ નથી અને પર સાથે સંબંધ નથી. આહા..હા...! આ તો વીતરાગનો માર્ગ, બાપા! જિનેશ્વર... સંતો, દિગંબર સંતો.. આહા..હા...! પરમેશ્વરના પુત્રો છે. આહા..! ગણધરને પુત્ર કહ્યા છે ને! ભગવાનના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુત્ર કહ્યા છે. આગમ.. શું કહેવાય ઇ? 'ધવલ.. ધવલ'. 'ધવલ', 'જયધવલ' એમાં કહ્યું છે. આહા..હા...! લોકો કહે છે ને, ઇસુ પરમેશ્વરનો પુત્ર છે. ઇસુ.. ઇસુ કહે છે ને ઇ. ઇ તો બધું ગપ છે. ગણધર આદિ છે એ સર્વજ્ઞના પુત્ર છે. એ પણ એક અપેક્ષાથી. આહા..હા...!

જ્ઞાનની એક પર્યાય સર્વજ્ઞ પર્યાયને પણ.. પરદ્રવ્ય છે ને ઇ? પરદ્રવ્યનું સર્વજ્ઞપણું એનો અનંત આનંદ, એની અનંત શાંતિ એવા પર્યાયને, એના ગુણને, દ્રવ્યને જ્ઞાનની પર્યાય એને જાણે છે છતાં એ જાણવાના અસ્તિત્વનો અંશ પરના જ્ઞેયને જાણવામાં અસ્તિત્વનો અંશ જાતો નથી, તેમ પરના અસ્તિત્વનો અંશ જાણવાના જ્ઞાનમાં આવતો નથી. આહા..હા...! અસ્તિત્વનો અંશ આવતો નથી. આહા..હા...! આવો મોટો ભગવાન એને પામર તરીકે માન્યો. આહા..હા...! એણે જીવને મરણતુલ્ય કરી નાખ્યો. આવું સ્વરૂપ જીવનજ્યોતિ, હયાતી ધરાવતું આવું તત્ત્વ એને આવી હયાતીવાળું નથી.. આહા..હા...! અને અલ્પ હયાતીવાળું માને એ તો એની હયાતીનું એણે મરણ કરી નાખ્યું. આહા..હા...! છે?

(જ્ઞાનનો અને) જ્ઞેયનો સંબંધ નથી **'એવો વસ્તુનો સ્વભાવ છે.'** એ તો વસ્તુનો આવો સ્વભાવ છે, ભાઈ! આહા..હા...! એ કોઈએ કર્યો નથી ને કોઈથી તે થયો નથી. આહા..હા...! એ વસ્તુનો જ્ઞાનનો પર્યાયનો સ્વભાવ સ્વ-પરને જાણે છતાં સ્વ-પરમાં જાય નહિ અને પર આમાં આવે નહિ. આહા..હા...! આવી વાતું ઝીણી પડે એટલે માણસ પછી (એમ કહે), એ.. નિશ્ચય છે, નિશ્ચય છે. પણ નિશ્ચય છે એટલે સાચું છે, એમ કહે. આહા..હા...!

**'આવું કોઈ ન માને તેના પ્રતિ યુક્તિ દ્વારા ઘટાવે છે–'** આ રીતે કોઈ ન માને તો ન્યાય દ્વારા હવે એને સિદ્ધ કરે છે. **'शुद्धद्रव्यस्वरसभवनात्'** **'શુદ્ધ દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં રહે છે તો...'** **'स्वभावस्य शेषं किं'** સ્વભાવનો કયો બાકી શેષ (અંશ) રહ્યો તે પરમાં જાય? આહા..હા...! **'સત્તામાત્ર વસ્તુનું શું બચ્યું?'** જ્યારે સિદ્ધ કર્યું કે જ્ઞાન છે એમ અસ્તિત્વ સત્તા સિદ્ધ કરી તો એ જ્ઞાનનો અંશ પરમાં જાય તો અહીં સત્તા સિદ્ધ થઈ એ રહી ક્યાં? હેં? આહા..હા...! અસ્તિત્વ–જ્ઞાનનું અસ્તિત્વ આટલું છે કે જે સ્વ-પરને જાણે છે એ સ્વ-પરને અડ્યા વિના આટલી સત્તા સિદ્ધ કરી, હવે એ સત્તા પરમાં જાય તો આ સત્તાનું રહ્યું શું? સત્તા રહી ક્યાં? સત્તા બચી ક્યાં? આહા..હા...! પોતાની સત્તા તો સિદ્ધ કરી, હવે એ સત્તા આટલી છે, જ્ઞાનની સ્વ-પર જાણવાની સત્તાનું અસ્તિત્વ એ તો સિદ્ધ કર્યું. હવે એ જો અંશ પરમાં જાય તો અહીં બાકી શું રહ્યું? સત્તાનો એક અંશ પણ પરમાં જાય તો સત્તા જે પૂરી સિદ્ધ છે એમાં રહ્યું શું? બચ્યું શું? આહા..હા...! બહુ ઝીણું. આવું તો તમારે ક્યાંય (સાંભળવા મળતું નહિ હોય). આહા..હા...! પાંચ, પચાસ હજાર ખર્ચે, પછી આ કરે ને જાણે થઈ ગયો ધર્મ. આ શેઠે ત્રણ લાખની એક ધર્મશાળા બનાવી છે. 'સાગર'માં. બીજા ઘણાય આપે છે. પણ એ બધી ક્રિયાઓ પોતે કરી શકે છે એ વાત જ જૂઠી છે, અહીં તો કહે છે. શેઠ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** આપે જ એમ કહ્યું કે ધર્મશાળા શેઠે બનાવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાષા બીજી શું થાય? આહા..હા...! તેથી 'નિર્જરા અધિકાર'માં કહ્યું ને? જ્ઞાની સચેત, અચેતને ભોગવે છે. એમ તો પાઠ આ આવ્યો અને એક કોર કહે કે પરને ભોગવે નહિ. પણ લોકો કહે છે એ ભાષાએ કરીને એને સમજાવે છે. આહા..હા...! આવે છે ને? ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ સચેત, અચેતને ભોગવે છે તો એને નિર્જરા હેતુ છે, એમ કહે છે. સચેતને અડે છે તે ભોગવે છે? અચેતને અડે છે તે ભોગવે છે? પણ દુનિયા એમ કહે કે જુઓ! આ સચેતને ભોગવે છે, ફલાણાને ભોગવે છે, આ શાકને ખાય છે, સ્ત્રીને ભોગવે છે, પૈસા ભોગવે છે, મોટા મકાન પાંચ-પચાસ લાખના કરીને એ.. હિંડોળે હિંચકે છે. લોકો એમ માને છે (એટલે) એ ભાષાએ વાત કરી છે. આહા..હા...! હવે આવી વાત ન સમજાય એટલે પછી કાઢી નાખે, માળા..! એ તો નિશ્ચય છે, એકાંત છે, એકાંત છે. વ્યવહાર જોઈએ. પણ વ્યવહાર એટલે શું? એ તો કહેવામાત્ર વ્યવહાર છે, કથનીમાત્ર. આગળ આવશે. આહા..હા...! 'નિયમસાર'માં આવશે. વ્યવહાર રત્નત્રય કથનમાત્ર છે, એ અનંતવાર કર્યા છે, કહે છે. આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત, ભક્તિ એ તો અનંતવાર કર્યું છે. એ નવી ચીજ ક્યાં છે? આહા..હા...!

**'स्वभावस्य शेषं किं'** શું કીધું? **'શુદ્ધ દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં રહે છે તો સત્તામાત્ર વસ્તુનું શું બચ્યું?'** જો પરમાં અંશ જાય તો સત્તા જે સિદ્ધ કરી છે એમાં રહ્યું શું? એનું હોવાપણું જે રીતે છે એ તો રહ્યું નહિ. આહા..હા...! પવનની સત્તા સિદ્ધ કરી કે પવન છે. એક દાખલો (લઈએ). હવે એનો અંશ જો ધજામાં જાય તો અહીં જે સત્તા ભિન્ન સિદ્ધ કરી એ રહી ક્યાં? ધજાને પવન અડતો નથી અને ધજા હલે છે. આહા..હા...! જે સત્તા સિદ્ધ કરી કે આ વસ્તુ છે, પવન વસ્તુ છે, પાણી વસ્તુ છે. હવે પાણીની સત્તા સિદ્ધ કરી, હવે એની પર્યાયમાં ઉષ્ણતા આવી એ અગ્નિથી આવી તો અહીં સત્તા જે સિદ્ધ કરી છે એ સત્તાનો અંશ ક્યાં ગયો? આહા..હા...! સમજાણું કાંઈ? આવી ધર્મકથા ઝીણી છે. આહા..હા...! હેં? શું કહે છે?

**શ્રોતા :–** દૃષ્ટિ સ્થિર થયા વગર ભિન્ન જણાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાન સ્થિર જ છે. માન્યું છે અસ્થિર. અહીં તો સ્થિરની જ વાત છે. જ્ઞાનસ્વભાવ જ એનો એવો છે. અહીં તો સિદ્ધ ઇ કરવું છે. આહા..હા...! જ્ઞાનસ્વરૂપી ભગવાન એનો સ્વભાવ જ એવો છે કે સ્વ-પરને જાણવું, બસ. એ સ્વ-પરની અપેક્ષાથી સ્વ-પરને જાણે એમેય નહિ. આહા..હા...! એ પરનું અને સ્વનું જ્ઞાન (જે થયું) એ પર અને સ્વની અપેક્ષા વિના પોતાથી જાણે છે. એ જાણવાનું અસ્તિત્વ જે છે એ પરની અપેક્ષા રાખતું નથી. આહા..હા...! આ તો કાલેય ઝીણું આવ્યું ને આજેય ઝીણું આવ્યું. 'ચંદુભાઈ' કાલે બહુ બોલ્યા હતા, આજે આવ્યું એવું બધું આવવા દેજો. એ તો આવે અંદરથી. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :-** દુઃખને જાણે છે ત્યારે તો દુઃખી છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના. દુઃખને જાણે છે ક્યાં? દુઃખને અડતો નથી ને. અને દુઃખનો ભાવ છે માટે અહીં દુઃખનું જ્ઞાન થયું છે એમેય નથી. એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વપરને જાણે. એ તો પોતાની સ્વ-પર (પ્રકાશક) શક્તિ છે, એ તો પોતાની તાકાત છે. આહા..હા...! આકરું બહુ લાગે આવું. ત્રણલોકના નાથે આવા પોકાર કર્યા છે. આહા..હા...! દિવ્યધ્વનિ દ્વારા. આવી વાણી ક્યાં છે? ભાઈ! આહા..હા...! આવું પરમસત્ય તો સાંભળવા મળે એ ભાગ્યશાળી છે. એવી વાત છે, બાપુ! શું કરીએ? શું કહ્યું આ છેલ્લું?

જે કંઈ ચીજની સત્તા સિદ્ધ કરી છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ સત્તા-હોવાપણું સિદ્ધ કર્યું છે. હવે જો એનો અંશ પણ પરમાં જાય તો આ સત્તા છે એમાં રહ્યું શું? આહા..હા...! સમજાય છે કાંઈ? પરને જાણતાં જ્ઞાન પરમાં જાય તો પોતાની સત્તા જે ભિન્ન સિદ્ધ કરી છે એ સત્તા રહી ક્યાં? આહા..હા...! કહો, પંડિતજી! આ લોજીકથી તો વાત છે. આહા..હા...! વાણિયા બહારના ધંધામાં આખો દિ' રચ્યાપચ્યા (રહે) તે એની એ પંગુ જેવી ભાષા. એને કંઈ નવું શીખવું છે. આ ભાવ આ, આ ભાવ આ. એનું એ કરે, આખો દિ'. નવા તર્ક એમાં (ન આવે), વકીલોને તો તર્ક કરવા પડે. આ તો એનું ઇ. આનો આ ભાવ છે ને લાદીનો ભાવ છે ને ઢીકણાનો ભાવ છે, ઇનું ઇ શીખ્યો. પાંચ મણ જોઈતું હોય, દસ મણ જોઈતું હોય, પણ ઈના ઇ શબ્દો. આહા..હા...!

અમારા માસ્તર હતા, 'હીરાચંદ' માસ્તર. એ એમ કહેતા કે અમે બધા માસ્તરો પંગુ.. શું કહેવાય? પંતુ.. પંતુ. પંતુ છીએ. કારણ કે અમારે ઇનું ઇ શીખવવું, નવું કાંઈ નહિ. પહેલી ચોપડીમાં આ, બીજીમાં આ. 'હીરાચંદ' માસ્તર હતા. 'રતિભાઈ' રહે છે ને એના દીકરા. 'રતિભાઈ' ત્યાં 'મુંબઈ'માં રહે છે. અહીં માસ્તર હતા. આહા..હા...! શું કહે છે?

**શ્રોતા :-** આપ પણ ભાવ બતાવો છો ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બતાવે છે? એવી વાતું, બાપા! ઝીણી, ભાઈ! ભાષા ભાષાને કારણે નીકળે. ભાષાને જ્ઞાનનો અંશ અડે છે? અને ભાષાનું જે અસ્તિત્વ છે, સત્તા, એ રીતે જે સિદ્ધ કરી છે કે આ પર્યાય ભાષાની છે, હવે એને જ્ઞાનને કારણે આ ભાષા થાય તો આની સત્તા જે સિદ્ધ કરી એ તો રહેતી નથી. આહા..હા...! આવું ક્યાંય મળે એવું છે ત્યાં 'મુંબઈ'? 'રજનીભાઈ'! આવી વાત. આહા..હા...!

આ તો વસ્તુની સ્વયંસિદ્ધ સત્તાની સિદ્ધતા કરવી છે. આહા..હા...! અને તે પણ અહીં તો જાણવાની પર્યાયની સત્તાને સિદ્ધ કરી છે. આહા..હા...! સ્વપરને જાણવાની તાકાતવાળી એ શક્તિ છે એની શક્તિનો એક અંશ પરમાં-જ્ઞેયમાં જાય તો અહીં સત્તાનું જે સામર્થ્ય સિદ્ધ કર્યું છે એ રહ્યું ક્યાં? આહા..હા...! સમજાય એવું છે, હોં! ભાષા કાંઈ એવી આકરી નથી. ભાષા તો સાદી છે. આહા..હા...! અરે..! શેના અભિમાન એને, બાપુ? આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થોડાઘણા જાણપણા જ્યાં ધારણાના થાય તો એને એમ થઈ જાય કે આહા..હા...! જાણે હું તો ક્યાંય વધી ગયો! આહા..હા...!

અહીં તો જ્ઞાનની પર્યાય આવી, સ્વ-પરને પૂરું જાણે તોપણ તે સત્તાનું અભિમાન નથી કારણ કે એ તો એનો એટલો સ્વભાવ જ છે. હેં? આહા..હા...! અને સર્વજ્ઞ થાય તોપણ એ તો જે સ્વભાવ હતો તે સ્વભાવ આવ્યો છે, એ કંઈ નવો નથી, એ તો એનું સ્વરૂપ જ–સ્વભાવ જ છે. આહા..હા...! સર્વજ્ઞ પરમાત્મા પોતે ભગવાન સ્વરૂપે ભગવાન છે આત્મા. આહા..હા...! એની શક્તિમાંથી વ્યક્તતા સર્વજ્ઞની આવી એ પણ કંઈ નવીન વાત નથી. એ તો એનું સ્વરૂપ એવડું હતું એવું એક પર્યાયમાં જાણવામાં આવ્યું. આહા..હા...! નવા માણસને એવું લાગે કે શું કહે છે આ? પકડાતું કાંઈ નથી આમાં. અરે..! ભાઈ! તારા ઘરની વાતું છે, પ્રભુ! તારું ઘર કેવડું છે એની વાત છે. તારું ઘર એવડું છે કે એક સમયની પર્યાયમાં તારું એવડું મોટું ઘર છે કે તારા પર્યાયનું તે તરફ લક્ષ કર્યા વિના, એને અડ્યા વિના... આહા..હા...! તે જ્ઞાનમાં પોતાના સ્વભાવના સ્વ-પરપ્રકાશકના સામર્થ્યથી પ્રકાશી રહ્યું છે. આહા..હા...! એની સત્તાને પર સત્તાની સહાયની જરૂર નથી. આહા..હા...! અરે..રે..! એ જ્ઞાનની પર્યાયની સત્તાને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, કહે છે. આહા..હા...!

**‘स्वभावस्य शेषं किं’** છે? સ્વભાવમાં શું બચ્યું? એમ કહે છે. **‘સત્તામાત્ર વસ્તુ નિર્વિભાગ..’** નિર્વિભાગ એટલે ભાગ પડ્યા વિનાની વસ્તુ **‘એકરૂપ છે,...’** એમ. એમાં થોડો ભાગ પરમાં જાય અને થોડો ભાગ અહીં રહે, એમ છે એમાં? એમ. **‘નિર્વિભાગ એકરૂપ છે,...’** જ્ઞાનનો પર્યાય નિર્વિભાગ એકરૂપ છે. **‘જેના બે ભાગ થતા નથી.’** આહા..હા...! **‘જો કદી...’** **‘अन्यद्रव्यं भवति’** **‘અનાદિનિધન સત્તારૂપ વસ્તુ અન્ય સત્તારૂપ થાય...’** બીજાના અસ્તિત્વમાં થોડું એનું પોતાનું અસ્તિત્વ જાય તો એનું અસ્તિત્વ રહ્યું ક્યાં? જેવડું છે એટલું તો રહ્યું નહિ. એટલે ખરેખર એ રહ્યું જ નહિ. આહા..હા...! **‘तस्य स्वभावः किं स्यात्’** **‘પહેલાં સાધેલી સત્તારૂપ વસ્તુનો સ્વભાવ શું રહ્યો...?’** આહા..હા...! જોયું? પહેલી સત્તા સિદ્ધ કરી છે. જ્ઞાનપર્યાય સ્વ-પરને જાણવાના સ્વભાવવાળી તાકાતવાળી પર્યાય છે. એવી તો એની સત્તા સિદ્ધ કરી છે. હવે, એમાંથી કોઈ અંશ પરમાં જાય તો એ સત્તા રહી ક્યાં? આહા..! પરને જાણવા પરમાં જાય, પરને જાણવા પરમાં જાય.. અરે..રે...! દ્રવ્ય-ગુણને જાણવા દ્રવ્ય-ગુણમાં જાય.. આહા..હા...! વીતરાગ વીતરાગ માર્ગ.. આહા..હા...! પરમેશ્વર ત્રિલોકનાથના વિરહ પડ્યા. આહા..હા...! અને પાછળ આ વાત આવી રહી ગઈ છે. વિશેષ કહેવાશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૪૯, પ્રવચન નં. ૭૪
## તા. ૨૧-૯-૧૯૬૧
## [૧૪]

આ દસલક્ષણી પર્વનો આઠમો દિવસ છે. ત્યાગ ત્યાગ. ત્યાગ છે ને ? **'परिग्रह निवृत्ति त्यागः'** એટલુ સૂત્ર છે. શું કહે છે ? કે પરિગ્રહથી નિવૃત્ત થવું તેનું નામ ત્યાગ. પરિગ્રહ બે પ્રકારના છે. એક પોતાના આત્માથી પર ચૈતન્ય અને અચેતન. બન્ને પ્રકારની મમતાનો અંતર સ્વભાવના અવલંબનથી એનો ત્યાગ થવો. ત્યાગ કરવો એવો શબ્દ. ઉપદેશમાં તો આવી જ કથન પદ્ધતિ આવે ને. **'परिग्रह निवृत्ति त्यागः'**.

'સમયસાર' ૩૪મા કહે કે ભાઈ ! રાગનો ત્યાગ આત્મા કરે છે, એવું એને નામ પણ લાગુ પડતું નથી. સમજ્યા ? પંડિતજી ! રાગનો ત્યાગ પણ કરી શકતો નથી એમ શાસ્ત્ર કહે છે. કેમ કે આત્માને રાગના ત્યાગનો કર્તા કહેવો, તો શું રાગ ઉપર દૃષ્ટિ છે કે હું રાગ છોડું ? એમ નથી. આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ રાખીને એકાગ્ર થાય છે એમાં રાગ છૂટી જાય છે. રાગ છોડવો અને રાગનો ત્યાગ કરવો એમ આત્મામાં કથનમાત્ર, નામમાત્ર, સંજ્ઞામાત્ર, વ્યવહારમાત્ર છે. પરમાર્થે તો આત્મા રાગના ત્યાગનો કર્તા પણ નથી. સમજ્યા 'મોતીલાલજી'! અહીં કહે છે, **'परिग्रह निवृत्ति त्यागः'** કઈ અપેક્ષાએ કથન ચાલે છે એ સમજવું જોઈએ કે નહિ ? એમને એમ કહે, આ શાસ્ત્રમાં લખ્યું... આ શાસ્ત્રમાં લખ્યું...

પરિગ્રહના બે ભેદ છે. એક ચેતનાત્મક પરિગ્રહ. પોતાના ચૈતન્ય સિવાય બીજા ચૈતન્ય. પછી એમાં સિદ્ધ પણ આવે છે, હોં ! અને જેને લોકો જંગમ સંપત્તિના નામથી બાહ્યથી કહે છે. આ સ્ત્રી, પુત્ર, કુટુંબ વગેરેને. અને અચેતાત્મક પરિગ્રહ જેને સ્થાવર સંપત્તિના નામથી જાણે છે. આ બન્ને પ્રકારના સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરવો. મુનિની પ્રધાનતાથી વાત છે ને ? અંતર સ્વરૂપમાં એટલી શાંતિની વૃદ્ધિ થાય કે જેના કારણે એ મમત્વનો અંશ પણ પર તરફનો હોય, એની ઉત્પત્તિ ન થાય, એનો ત્યાગ થાય એને ત્યાગધર્મ કહેવામાં આવે છે.

ત્યાગધર્મમાં ઘણી વ્યાખ્યા છે. બાર પ્રકારના તપમાં પણ ત્યાગ છે. બધામાં થોડો થોડો ફેર છે. એ લાંબુ લખાણ છે. કહો, સમજાય છે કાંઈ ? એ બધા પરિગ્રહની અંતર્બુદ્ધિ સ્વભાવની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ રાખીને, અને સ્વભાવની સાવધાનીમાં રાગ, મમત્વ, ચૈતન્ય અને જડ પ્રત્યેની વાસનાનો ત્યાગ કરવો એને આઠમો ત્યાગધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ?

કેટલાક કહે, ભાઈ ! વીતરાગનો માર્ગ તો ત્યાગધર્મ જ છે, એમ કહે છે. પણ એનો અર્થ શું ? વીતરાગ માર્ગ તો નિવૃત્તિ માર્ગ છે, ત્યાગ માર્ગ છે. પરનો જેટલો ત્યાગ કરો એટલો ધર્મ થશે. – એમ વાત નથી. ત્યાગધર્મનો અર્થ, સ્વભાવના અસ્તિત્વની સત્તાને સંભાળવાથી, અંદર રાગનો ઉગ્ર અભાવ થઈ જાય છે, તેને ત્યાગધર્મ નાસ્તિથી કહેવામાં આવે છે. આમ વાત છે. ખરેખર ભગવાનનો માર્ગ ત્યાગ છે એ તો... જિન કહે છે ને ? જિન. રાગને જીતનારો એ જિનધર્મ એ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે. જીતવાના અર્થમાં પણ વાંધો છે. જિન (અર્થાત્) રાગ-દ્વેષને જીતવા. શું જીતવું ? આ રાગ છે એને હું છોડું એમ છે ? જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ થઈને એમાં લીન થઈ શાંતીથી એકાગ્ર થાય, જેટલી વૃત્તિ પહેલાં સમયે ઉત્પન્ન થાય એટલી બીજા સમયે ઉત્પન્ન થતી નથી, એનું નામ ત્યાગધર્મ (કહેવામાં આવે છે). દૃષ્ટિપૂર્વક શુદ્ધતાની વૃદ્ધિ અને વૈરાગ્ય વૃદ્ધિને ત્યાગધર્મ કહેવામાં આવે છે. બાકી બાહ્યથી ત્યાગ કર્યો માટે એટલો નિવૃત્ત થયો અને ધર્મ થયો, એમ નથી. એ આઠમો બોલ થયો.

સમયસાર અધિકાર. ૪૯ ગાથા. અવ્યક્ત, અવ્યક્ત વિશેષણની વાત ચાલે છે. ભગવાનઆત્મા કેવો છે ? જે દૃષ્ટિનો વિષય, જે સમ્યગ્દૃષ્ટિ પરિપૂર્ણને સ્વરૂપનું લક્ષ કરીને જે અનુભવ કરે છે, એ આત્મા કેવો છે ? સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા અવ્યક્ત છે. છ દ્રવ્યસ્વરૂપ લોક, જે જ્ઞેય એ વ્યક્ત નામ પર છે અને એવા જીવ અન્ય છે માટે એને અવ્યક્ત કહે છે. છએ દ્રવ્યથી ભિન્ન પ્રભુ ચૈતન્યમૂર્તિ અખંડ એકરૂપ છે. એવો વસ્તુનો સ્વભાવ, એમાં સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાની એ તરફનું ધ્યાન કરીને, એવા અખંડ સ્વભાવને (અનુભવે છે) એને અવ્યક્ત કહેવામાં આવે છે.

કષાયોનો સમૂહ જે ભાવકભાવ એ વિકારી છે. એ તો છ બોલમાં એ પર્યાયનો અભાવ તો લીધો છે, નહિ ? આ ક્ષયોપશમભાવનો લીધો છે ને ? વિકારીભાવનો જેવો અભાવ લીધો છે એવો ક્ષયોપશમભાવનો પણ છ બોલમાં સ્વભાવની દૃષ્ટિથી જોતાં... સ્વભાવની દૃષ્ટિથી જોતાં એ ક્ષયોપશમનો અંશ એમાં છે જ નહિ. એટલે કે ભાવઇન્દ્રિયથી કામ લે છે એમ નથી. એ પર્યાય ભાવેન્દ્રિય, ક્ષયોપશમની પર્યાયનો પણ નિષેધ કર્યો. વસ્તુમાં શું છે ? વસ્તુ તો એક ચૈતન્યસ્વભાવી વસ્તુ છે તેને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એવા આત્માને લક્ષમાં, દૃષ્ટિમાં, ધ્યેયમાં લઈને અંતરમાં અનુભવ કરવો એ તો પર્યાય છે. અનુભવ કરવો એ તો પર્યાય છે. પણ કેવો લક્ષમાં લેવો ? કે એકરૂપ ચૈતન્ય સ્વભાવ ધ્રુવ છે, એમ લક્ષ કરીને અનુભવ કરવો તેને અહીં આત્મા કહે છે.

**'કષાયોનો સમૂહ જે ભાવકભાવ....'** આત્મામાં, પર્યાયમાં કર્મનો ભાવક, એનો જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિકારભાવ પ્રગટ થાય તેનાથી જીવ અન્ય છે. વિકારી ભાવથી અન્ય છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી અન્ય પૃથક્ છે. એવા આત્માને સમ્યગ્દષ્ટિ ધ્યેયમાં લઈને અનુભવ કરવો, તેને આત્મા કહે છે. કહો, આ વાત છે, પ્રભુ ! અન્ય છે માટે અવ્યક્ત છે. બે બોલ આવ્યા.

ત્રીજો. **'ચિત્સામાન્યમાં...'** જ્ઞાયકભાવ, એકરૂપ જ્ઞાનભાવમાં... ચિત્સામાન્ય–જ્ઞાયક... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એકરૂપ સામાન્યમાં. સામાન્યનો અર્થ, એ વિશેષ અવસ્થા વગરનું ત્રિકાળી સ્વરૂપ છે એવા ચિત્ત જ્ઞાન સામાન્યમાં **'ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે...'** ચૈતન્યની સર્વ પ્રગટ અવસ્થાઓ એમાં અભેદ થઈ ગઈ, નિમગ્ન છે. એમાં ભિન્ન પડવું નથી. ચૈતન્ય ભગવાન ચિત્સામાન્યમાં વર્તમાન બધી નિર્મળ પર્યાયો ચિત્સામાન્યમાં અંદર મગ્ન છે, અંતરમગ્ન છે, નિર્મગ્ન છે, લીન છે, અભેદ છે. એ કારણે પણ ભગવાનઆત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

ઘણી પર્યાયો છે કે નહિ ? અનેક પર્યાયો છે. એક પર્યાય ક્યાં છે ? અહીં તો કહે છે, એ પર્યાય એમાં લીન છે એવો એકરૂપ સામાન્ય ચૈતન્ય. સ્વભાવિક ચૈતન્ય સહજ સ્વભાવનો એકરૂપ પિંડ એમાં બધી પર્યાયો અંતર્મગ્ન છે. સામાન્યને અહીંયા અવ્યક્ત કહે છે. કહો, સમજાણું ? બહુ ઝીણું. અવ્યક્તનો ઝીણો બોલ છે. જેમ અલિંગગ્રહણના વીસ બોલ છે ને ?

ચિદ્ ભગવાન જ્ઞાનસ્વરૂપ એકરૂપ પ્રભુ ! એમાં ચૈતન્યની સર્વ પ્રગટ દશાઓ, ચૈતન્યની સર્વ પ્રગટ દશાઓ. **'નિમગ્ન (અંતર્ભૂત) છે...'** એ કારણે ભગવાનઆત્મા દૃષ્ટિનો વિષય એવો લક્ષમાં લેવો, દૃષ્ટિમાં લેવો, ધ્યેય બનાવવો એવા આત્માને અવ્યક્ત કહે છે. સમજાણું કાંઈ ? લ્યો ! આમાં બહારપણું તો બધું છૂટી ગયું. પૈસા અને બાયડી, છોકરા, આ ને તે, ફલાણું. મમતા પણ નહિ, ભાવક પણ નહિ, આ પર્યાયો પણ નહિ. કારણ કે પર્યાય સામાન્યમાં એકરૂપ થઈ ગઈ. અંતર્મુખ થયો તો પર્યાય તો સામાન્યમાં લીન થઈ ગઈ. એ અપેક્ષાએ આત્માને દૃષ્ટિના વિષયમાં સામાન્ય કહેવામાં આવે છે, અવ્યક્ત કહેવામાં આવે છે. એ ત્રીજો બોલ થયો.

ચોથો બોલ. **'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...'** ભગવાનઆત્મા એક સમયની નિર્મળ પર્યાયમાત્ર પણ નથી. નિર્મળ પર્યાય, હોં ! વિકારી પર્યાય તો બીજામાં ગઈ. એક સમયમાં નિર્મળ પર્યાયના અનંત અનંત અંશ જે છે, એટલો આત્મા નથી. એક સમયની અનંત ગુણની નિર્મળ પર્યાય જેટલો આત્મા નથી. **'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...'** એક સમયની નિર્મળ અવસ્થા પ્રગટરૂપ વ્યક્ત છે એટલો આત્મા નથી. એ કારણે પણ પ્રભુને–આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું ? ક્ષણિકમાત્ર પણ એકલો નહિ. અવસ્થા ક્ષણિક છે ખરી. એટલો માત્ર નથી. એ તો પૂર્ણ ત્રિકાળ એકલો દ્રવ્યસ્વભાવ અવ્યક્ત નામ પૂર્ણ એકરૂપ સ્વભાવ, તેને અહીં અવ્યક્ત કહેવામાં આવે છે. બહુ ઝીણું પણ ભાઈ ધર્મનું. આવું ધર્મનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ અહીં બહારમાં જો થઈ જતું હોય ને આ વ્રત, નિયમ, દાન, દયાથી... અહીં તો એની વાત સંભારતા નથી. એની નિર્મળ પર્યાય ઉપર પણ આશ્રય, લક્ષ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? પર ઉપર તો ક્યાં આવ્યું ? નિર્મળ પર્યાય ક્ષણમાત્ર છે, ક્ષણિક એક સમયની પર્યાય છે, એટલો આત્મા નથી. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે, તેને અહીં આત્મા, તેને અહીં અવ્યક્ત, તેને અહીં જ્ઞાયકભાવ કહેવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ ? બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે.

હવે પાંચમું. **'વ્યક્તપણું તથા અવ્યક્તપણું...'** વ્યક્તપણું પર્યાય અને અવ્યક્તપણું દ્રવ્ય. **'ભેળાં મિશ્રિતરૂપે તે પ્રતિભાસવા છતાં...'** અથવા વ્યક્તપણું પર અને અવ્યક્તપણું સ્વદ્રવ્ય, તેનું એકસાથે જ્ઞાનમાં પ્રતિભાસન થવા છતાં, એક ક્ષણમાં બન્નેનું જ્ઞાન થવા છતાં **'તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...'** એટલું લેવું. (હિન્દીમાંથી) ''કેવળ'' કાઢી નાખવું, ''જ'' કાઢી નાખવો. **'તે વ્યવક્તપણાને સ્પર્શતો નથી...'** એટલે પરપદાર્થને અડતો નથી, સ્પર્શતો નથી. પર અને સ્વનો પ્રતિભાસ આત્માને એકસાથે થાય છે પણ પરને અડતો નથી. કહો, સમજાય છે કાંઈ ? 'દેવાનુપ્રિયા' આવ્યા છે કે નહિ ? આ શું કહેવાય છે ? સમજાય છે આ ? આમાં તો વ્યવહાર અને નિમિત્તની વાત પણ ક્યાંય આવતી નથી.

આ દેખાતો નથી અને ઓલો વ્યવહાર દેખાય છે એમ ? ઠીક. એ કોનાથી દેખાય છે એ ? વ્યવહાર કોનાથી દેખાય છે ? જ્ઞાનની પર્યાયથી કે વ્યવહારથી ? જેનો અંશ છે એ આખો કેટલો છે એ દેખાતું નથી ? જેમાં દેખાય છે તે અંશ કોનો છે ? સમજાય છે કાંઈ ? દાખલો આપ્યો નથી ? આજે જ સવારમાં વાત થઈ હતી. મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. આખા સ્તંભને જોયા વગર તેનો એક હાંસિયો દેખાતો નથી. આ હાંસ કહે છે ને ? શું કહે છે ? આ સ્તંભમાં. શું કહેવાય ઇ ? તમારી ભાષામાં શું કહેતાં હશે ? આ ખૂણા હોય છે ને થાંભલામાં ? હાંસ પાડે છે ને ? આ તો આપણી ભાષામાં હાંસ પણ એની ભાષામાં એ સમજતા નથી. એની પણ ખબર ન મળે હજી એની ભાષામાં.

આ સ્તંભ હોય છે કે નહિ ? જુઓ ! આ વસ્તુ છે, જુઓ ! એની આ હાંસ છે. હાંસ નામ કારીગરી. તો કારીગરી કોનો અંશ છે ? કોનો અવયવ છે ? એ અવયવીને જાણ્યા વગર અવયવ કેમ જણાય ? સમજાણું કાંઈ ? એમ સ્તંભ હોય છે. લાકડીમાં પાડે છે ને ? હાંસ છે કે નહિ ? આ પેન્સિલમાં, જુઓ ! લ્યો. જુઓ પેન્સિલ. જુઓ હાંસ છે. એક, બે, ત્રણ, ચાર જુઓ ! છે ને ? તો એક હાંસને જોતા આખી પૂર્ણ ચીજ શું છે એમ લક્ષમાં લીધા વગર એ હાંસ શું છે એ ખ્યાલ નથી આવતું. જેનો અવયવ છે, જેનો અશં છે, જેનો ભાગ છે એ આખા ભાગનો, ભાગવાન આખી ચીજના ખ્યાલ વગર એ ભાગનો ખ્યાલ આવતો નથી.

એમ ભગવાનઆત્મા કેવળજ્ઞાન આખા અવયવી છે, એના મતિ-શ્રુત એક અવયવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. કેવળજ્ઞાન શું ચીજ છે એનું ભાન થયા વગર અવયવનું ભાન થતું નથી. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, અહીં તો કહ્યું ને, વ્યવહાર જણાય છે ને. શું કીધું ? આ જણાતું નથી. હવે આ એનો અર્થ ચાલે છે. વ્યવહાર, વિકલ્પ, રાગ, નિમિત્ત જણાય છે, કોનામાં ? કોના અંશમાં ? કે જ્ઞાનના અંશમાં. તો જ્ઞાનના અંશમાં એ જણાય છે તો એનો અર્થ થયો, અંશ કોનો છે ? એ અંશ કોનો છે ? એ અંશ ત્રિકાળી દ્રવ્યનો છે. કહો, સમજાણું કાંઈ ? 'દેવાનુપ્રિયા'! શું દેખાય છે આમાં ? નિશ્ચયથી તો વ્યવહાર જણાતો પણ નથી, જ્ઞાન જ જણાય છે. ખરેખર વ્યવહાર જણાતો નથી. શું વ્યવહાર જણાય છે ? લોકાલોક જણાય છે ? રાગ જણાય છે ? એ તો છે જ નહિ. વ્યવહાર જણાય છે એમ કહે તો જ્ઞાનની પર્યાય જણાય છે, વ્યવહાર નહિ. જ્ઞાનની પર્યાય જ જણાય છે. જ્ઞાન જ્ઞાનને જાણે છે. તો જ્ઞાન જ્ઞાનને અંશને જાણે, એ અંશ કોનો છે ? એ રાગનો અંશ છે ? પરનો અંશ છે ? એ ત્રિકાળી દ્રવ્યનો અંશ છે. ત્રિકાળી દ્રવ્યનો અંશ છે. તો ત્રિકાળ દ્રવ્યનું લક્ષ લીધા વગર અંશને જાણ્યો કઈ રીતે ? અને અંશ જણાયા વગર આ રાગ છે, વ્યવહાર છે એ કોણે જાણ્યું ? સમજાણું કાંઈ ? વ્યવહાર જણાય છે અને એ જણાતું નથી. શું કહે છે આ ?

કહે છે કે આત્મા એક પર્યાયમાત્ર, ક્ષણિકમાત્ર નથી. એ પર્યાયનું ભાન થયું, રાગ તો પર છે. પર વસ્તુ પર છે, પણ ક્ષણિક નિર્મળ પર્યાય જે છે, એટલો આત્મા નથી. અને નિર્મળનું જ્ઞાન થયું, તો નિર્મળનો અંશ કોનો છે ? એ જ આત્મા છે. પૂર્ણ જ્ઞાયક એ જ આત્મા છે. પર્યાય તો એક સમયની છે એટલો માત્ર પ્રભુ આત્મા નથી. સમજાણું કાંઈ ? ઓહો..! બહુ ઝીણું, હોં ! 'વજુભાઈ' ! ઝીણું આમાં તો કાંઈ હાથ ન આવે. વેપારીને જાણે મગજમાં પેસે નહિ જાણે એવું લાગે. એમ હોય ! એ તો બધું કેવળજ્ઞાન પ્રગટ કરી શકે એવો છે એ. કેવળજ્ઞાન પ્રગટ કરી શકે અને શ્રુતજ્ઞાનમાં બધું સમાય જાય છે. ભાવશ્રુતજ્ઞાન એટલે કેવળજ્ઞાનનો કક્કો. કેવળજ્ઞાન લેવાની તૈયારી ! એવા ભાવશ્રુતજ્ઞાનમાં.. એ તો પર્યાય ભાવશ્રુત છે, તો કહે છે એટલી પર્યાયમાત્ર આત્મા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે, એટલો પણ આત્મા નથી. એક સમયની કેવળજ્ઞાનપર્યાય છે, એક સમયની અનંત ચતુષ્ટય પર્યાય છે. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય. એવી એવી કર્તા-કર્મની પર્યાયનું નિર્મળ નિર્મળ પરિણમન. નિર્મળ પર્યાયમાત્ર આત્મા નથી. એવી-એવી અનંત પર્યાયનો સમૂહ પિંડરૂપ એક દ્રવ્યસ્વભાવ છે. સમજાણું કાંઈ ? એવા દ્રવ્યને પહેલાં ખ્યાલમાં લઈને તેને ધ્યેય બનાવી એનો અનુભવ કરવો, એનું ધ્યાન કરવું એ પર્યાય છે. પણ પર્યાયમાં આવો પૂર્ણ આત્મા છે એ પર્યાયમાત્ર નથી. રાગ તો નહિ, નિમિત્ત પણ નહિ, રાગને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર ઉપચાર છે. જ્ઞાનની એક સમયની પર્યાય પોતાને જાણે એમ કહો, તો પણ એ પર્યાયનું જ્ઞાન દ્રવ્યના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આશ્રય વગર, પૂર્ણ દ્રવ્ય અંશી છે એમ જ્ઞાન થયા વગર પર્યાયનું જ્ઞાન યથાર્થ થતું નથી. સમજાણું કાંઈ ? એ જ્ઞાનની એવી તાકાત છે કે દ્રવ્યસ્વભાવ એક સમયની પર્યાયમાત્ર નથી. એ પર્યાયમાત્ર નથી એવી આખી પૂર્ણ ચીજ, તેને અહીં આત્મા, તેને અહીં અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું ?

પાંચમો. **'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં...'** ભેળાં નામ તમારી ભાષામાં શું કહે ? ઇકઠ્ઠા. **'મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...'** વ્યક્તપણા નામ પર અને સ્વનું જ્ઞાન આત્મામાં છે. સ્વ અને પરનું જ્ઞાન આત્મામાં છે. છતાં પરને સ્પર્શતો નથી. એવો સ્વસ્વરૂપ અખંડ આત્મા, તેને અવ્યક્ત કહે છે. સમજાણું કાંઈ ? પરવસ્તુ પ્રગટરૂપ અને અવ્યક્ત પોતાનું દ્રવ્ય. તો પરમાં પર્યાય પણ લઈ શકે છે. પણ એ સ્પર્શતું નથી એમ છે ને ? તો પર્યાયને સ્પર્શે તો છે, પણ એ પર્યાયમાત્રનો સ્પર્શ નથી. ત્રિકાળ દ્રવ્ય છે એમ એના અનુભવમાં છે. **'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યવક્તપણાને સ્પર્શતો નથી.'** એટલે કે પરને સ્પર્શતો નથી. એવા આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

હવે છઠ્ઠો બોલ. એમાં જ્ઞાનની વાત કરી. હવે પ્રત્યક્ષ જ્ઞાનનું વિશેષણ આપે છે. આત્મા પ્રત્યક્ષ છે. **'પોતે પોતાથી...'** નિજ આત્મા... પોતાનો આત્મા **'પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં....'** બાહ્ય નામ પર્યાય અને દ્રવ્ય. પર્યાય અને દ્રવ્ય. અને બાહ્યમાં અન્ય પદાર્થો પણ લેવામાં આવે છે. પોતાની એક સમયની પર્યાય, રાગ આદિ બધા. એને અભ્યંતર ભગવાનઆત્મા, તેને **'સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...'** સ્વ-પરનું પ્રત્યક્ષ અનુભવ જ્ઞાનમાં છે. સમજાણું કાંઈ ? **'છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે...'** પરવસ્તુ પ્રત્યે અને એક સમયની પર્યાય પ્રત્યે પણ **'ઉદાસીનપણે પ્રકાશમાન છે.'** એક સમયમાં રોકાઈ નથી રહેતો. ત્રિકાળી ત્રિકાળ વસ્તુ તરફ એનું વલણ છે. તો એ અપેક્ષાએ એને અવ્યક્ત કહેવામાં આવે છે. બહુ ઝીણું પણ. 'ન્યાલભાઈ'! પછી બહારમાં બધી તકરાર (કરે).

પ્રભુ ! પણ તું કેવો છો એ જો તો ખરો. એવી વસ્તુની દૃષ્ટિ વગર અને એ તરફનું લક્ષ આવ્યા વગર પરિપૂર્ણ આવી ચીજ છે એમ જણાયા વગર એ તરફનું ધ્યાન થઈ શકતું નથી. અને એની યથાર્થ પ્રતીતિ અને સ્વસંવેદન થઈ શકતું નથી. સમજાણું કાંઈ ? નિજ આત્મા નિજથી. **'પોતાથી જ...'** એટલે નિજથી. **'બાહ્ય અભ્યંતર...'** બાહ્ય પર્યાય અને બધા પદાર્થ અને અભ્યંતર દ્રવ્ય સ્વભાવ પ્રત્યક્ષ અનુભવમાં આવ્યો છે. બધું પ્રત્યક્ષ થઈ ગયું. પ્રત્યક્ષ છે તેને જ્ઞાન કહે છે. પ્રત્યક્ષ છે. એમ **'હોવા છતાં વ્યક્તપણા પ્રતિ ઉદાસીન...'** પરપદાર્થ અને એક સમયની પર્યાય પ્રત્યે ઉદાસીન. **'પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે...'** માટે આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. બહુ ઝીણું પણ, આમાં તો કાંઈ સમજાય નહિ, હોં !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે મહિના રહે કે છ મહિના રહે આમાં કાંઈ સમજાય નહિ. કેમ 'કુંવરજીભાઈ'! ઓલા પૂછે કે શું (આવ્યું હતું) ? પણ એ યાદ પણ ક્યાં રાખવું હતું ? પણ આ વાત ક્યાં છે ? કોણ જાણે શું હશે આ બધું ? કોઈ દિ' એમ ન આવ્યું કે ભાઈ ! દેરાસર કર્યું એ ધર્મ. ફલાણું કર્યું એ ધર્મ. તો તો કહેવાય પણ ખરું કે કહેતાં હતા દેરાસર (કરાવો તો ધર્મ થશે). અને આપણે દસ હજાર નાખીને દેરાસર કરાવ્યું જુઓ. ક્યાં નાખે ? ધૂડ નાખે કોઈ. એ તો જડની ચીજ ત્યાં ગોઠવાવાની. બનવાની હતી એ બની ગઈ છે. કોણે બનાવ્યું ? કોઈએ બનાવ્યું નથી. મકાન બનાવતા નથી, મંદિર બનાવતા નથી. શું કહે છે ? કોણ કહે છે ? શેઠી ! ત્યાં કેમ બેઠા ? પાછળથી આવો છો. સ્પષ્ટ નામ પ્રત્યક્ષ. જ્ઞાનમાં રાગ, વિકલ્પ, નિમિત્ત અને મનની અપેક્ષા વિના અને પરજ્ઞેયની ઇન્દ્રિયની અપેક્ષા વગર પોતાનું સ્પષ્ટ નામ જ્ઞાન સ્વસંવેદનથી, સ્વ-પરના જ્ઞાનનું પ્રત્યક્ષપણાનું વેદન થાય છે, પ્રત્યક્ષપણાનું જ્ઞાન થાય છે, તેને આત્મા કહે છે. સમજાણું કાંઈ ? છે છતાં એ પર્યાય પ્રત્યે ઉદાસીન છે, તેને અહીં તો આત્મા કહે છે. સમજાણું કાંઈ ? પ્રત્યક્ષ તો બન્ને છે અને પર પણ પ્રત્યક્ષ જ છે. લોકાલોક જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. શ્રુતજ્ઞાનમાં શ્રુતજ્ઞાન પ્રમાણમાં પણ પ્રત્યક્ષ જ છે. એ પરોક્ષનો અર્થ શું ? પરને જાણે. બાકી સ્વની અપેક્ષામાં .. અપેક્ષાથી છે. પૂર્ણ એને પણ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? એક ન્યાયે પાંચે પર્યાય પ્રત્યક્ષ છે. એમ વાત છે. પરની અપેક્ષા વગર બધી પર્યાય પોતાની અપેક્ષાએ તો પ્રત્યક્ષ જ છે. એ તો નિમિત્તની અપેક્ષાથી મતિશ્રુતમાં અમુક આવે છે એ અપેક્ષાએ તેને પરોક્ષ કહેવામાં આવે છે.

ભગવાનઆત્મા એવો છે કે પોતાનું સ્વરૂપ '**પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ...**' પ્રત્યક્ષ. અનુભવાય નામ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. એમ '**હોવા છતાં પણ...**' બાહ્ય પદાર્થ અને એક સમયની પર્યાય પ્રત્યે '**ઉદાસીનપણે પ્રકાશમાન છે.**' એનાથી ઉદાસ ઉદાસ, પરથી ભિન્ન ભિન્ન આખો અખંડાનંદ પ્રભુ પડ્યો છે. સમજાણું કાંઈ ? એ કારણથી પણ... ઓ..હો..હો..! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા આ ભરતની અંદર, એમાં આ 'સમયસાર'ની ટીકા (અજોડ છે). 'પ્રવચનસાર'માં પણ એ અલિંગગ્રહણ આદિ અદ્‌ભુત રચના... અદ્‌ભુત રચના !! ક્યાંથી આવ્યો અને ક્યાં જશે. એ પ્રત્યક્ષ દૃષ્ટિમાં અનુભવમાં આવે છે કે આ આત્મા ક્યાંથી આવ્યો અને ક્યાં જશે. સમજાણું કાંઈ ?

એના વર્તમાન વિકાસમાં જે વસ્તુની સ્થિતિ રમી રહી છે અને પ્રગટપણે આમ સરળ ભાષામાં, સાધારણ ભાષામાં લોકોને પાત્રને ખ્યાલમાં આવે, એને એવી ચીજથી સમજાવવાની તાકાત. ઓ..હો..હો..! સર્વજ્ઞની વાણી તો કેવી ! સમજાણું કાંઈ ?

આ તો પંચમ આરાના સંત મુનિ, જેને એકાવતારી થવાનું છે. કેવળ તો છે નહિ, પરમ અવધિ નહિ, સર્વાવધિ નહિ, અવધિજ્ઞાન પણ નહિ. આ તો હમણા થયા ને, નવસો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વર્ષ પહેલાં. પણ એ મતિ-શ્રુત તો અણઅવધિજ્ઞાન છે. અવધિજ્ઞાન નહિ, આ તો અણઅવધિજ્ઞાન છે. મતિ-શ્રુતજ્ઞાનમાં પૂર્ણ દ્રવ્ય આવ્યું. એ અવધિમાં તો આખું દ્રવ્ય આવતું નથી. એ તો પરનું રૂપીનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ ? ઓલી ના પાડીને. એ ના કેમ થઈ ગઈ. મહાન અવધિજ્ઞાન છે.

મતિ-શ્રુતજ્ઞાન જેમાં સર્વાવધિ કે પરમાવધિ તો રૂપીની પૂર્ણ શક્તિની તાકાત રાખે છે. એથી અનંતગુણા કે બીજા વિશેષ અસંખ્યગુણા હોય તો પણ જાણી શકે છે. મતિ-શ્રુતજ્ઞાન અવધિ અને મનઃપર્યયજ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદ કરતાં પણ એના અનંતગુણા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અવધિજ્ઞાનની જે તાકાત છે ને અંશનો વિભાગ. અને મનઃપર્યાયજ્ઞાનનો વિભાગ છે, એનાથી મતિજ્ઞાનના અવિભાગ અનંતગુણા છે. એથી શ્રુતજ્ઞાનના અનંતગુણા છે. અને એનાથી અનંતગણુ કેવળ છે. બસ, ખલાસ થઈ ગયું. સમજાણું કાંઈ ? એ શ્રુત અને કેવળ બે વચ્ચે છે. બાકી આ બાજુ બધું રહી જાય છે. અવધિ, મનઃપર્યય, મતિ આ બાજુ રહી જાય છે. શ્રુતજ્ઞાનની પર્યાય અણઅવધિ. ઓ..હો..!

કહે છે કે એ જ્ઞાનની પર્યાય અને દ્રવ્યને બધાને જાણે છે, પ્રત્યક્ષ જાણે છે, પ્રત્યક્ષ જાણે છે. એ જ્ઞાનની સામર્થ્યતામાં પ્રત્યક્ષપણું છે. સમજાણું કાંઈ ? ઉપયોગ પર ઉપર જાય અને પરોક્ષ થઈ જાય એ બીજી વાત છે. પણ જ્ઞાનની સ્વ-અપેક્ષિત પર્યાય પર અપેક્ષા વિના એટલી તાકાત એમાં છે કે પૂર્ણ જાણવાની તાકાત છે. અચિંત્ય અપરિમિત પર્યાયનું માપ અપાર છે. સમજાણું કાંઈ ? શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનમાં પરોક્ષ-પ્રત્યક્ષનો ભેદ અપેક્ષાથી લીધો. અહીં તો પ્રત્યક્ષ સ્વની અપેક્ષા લે છે. સમજાણું કાંઈ ?

કહે છે કે **'બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...'** છે. પ્રત્યક્ષ જ્ઞાન થઈ રહ્યું છે. **'છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીન...'** પરથી તો ઉદાસીન પણ એક સમયની પર્યાયમાં પણ રોકાતું નથી. એ તો ત્રિકાળ દ્રવ્ય તરફનું વલણનું જોર ચાલે છે, એવી જે ચીજ છે, તેને અહીં અવ્યક્ત કહેવામાં આવે છે. **'આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.'** કહો, સમજાણું ? છ હેતુથી અવ્યક્ત ભગવાનઆત્મા... અવ્યક્ત કોઈ બીજા પરમેશ્વર નહિ, હોં ! પોતાના પરમેશ્વરને જ અહીંયા અવ્યક્ત કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પ્રભુ પોતાનો આત્મા પડદા પાછળ પૂર્ણ છે. એક સમયની પર્યાય પાછળ પૂર્ણ છે, એ ભગવાન અવ્યક્ત છે. અવ્યક્ત નામ બાહ્યમાં પ્રગટ પર્યાયરૂપ એનો અંશ નથી, સ્વભાવરૂપ પ્રગટ છે, સ્વભાવરૂપ પ્રગટ છે, તેને પર્યાયની અપેક્ષા અને બાહ્યની અપેક્ષાએ અવ્યક્ત કહેવામાં આવે છે. ઓ..હો..હો..! પહેલાં એ ખ્યાલમાં–જ્ઞાનમાં વાત તો લે કે આ ચીજ શું છે. છ બોલ કહ્યા.

**'આ પ્રમાણે રસ,...'** પહેલાં અરસના છ બોલ આવ્યા હતા. એમાં પણ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાથી ક્ષયોપશમ પર્યાયને ઉડાવી દીધી હતી. **'રૂપ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**વ્યક્તપણાનો અભાવ હોવા છતાં...'** એ વ્યક્તપણાનો અભાવ પ્રભુ આત્મામાં **'અભાવ હોવા છતાં...'** એમાં અભાવ હોવા છતાં પણ. **'સ્વસંવેદનના બળથી...'** લ્યો. સ્વસંવેદનના બળથી. જ્ઞાન, જ્ઞાનનું વેદન, જ્ઞાનની પર્યાયમાં, જ્ઞાન જ્ઞાનને જાણે છે એવા જ્ઞાનનું વેદન કરી **'સ્વસંવેદનના બળથી...'** શું કહે છે ? એમાં વિકલ્પનું બળ, મનનું બળ, શાસ્ત્ર ભણ્યો એના બળથી નહિ. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા સ્વસંવેદનના સામર્થ્યથી, બળથી પોતાની જ્ઞાનપર્યાય જ્ઞાતા સાથે અભેદ થઈને વેદન કરે છે એ પોતાના બળથી. કોઈ એમાં વ્યવહારનું, નિમિત્તની, શંકા કે પૂર્વે કોઈ શાસ્ત્ર ભણ્યો હોય, એના બળથી આ પ્રત્યક્ષ થાય છે એમ નથી. સમજાણું કાંઈ ? બાર અંગ ભણ્યો હોય તો પણ એનાથી આત્મા પ્રત્યક્ષ થાય એમ નથી. એ તો બાર અંગવાળાને પ્રત્યક્ષ આત્મા છે જ, પણ એ બાર અંગના કારણથી નથી. સમજાણું કાંઈ ?

પોતાની જ્ઞાયક ચૈતન્ય-જ્યોત, પ્રભુ પરમાત્મ સ્વભાવ, એવી દૃષ્ટિ કરીને, એમાં જે સ્વસંવેદનના બળથી દશા ઉત્પન્ન થઈ, એ કારણે **'સદા પ્રત્યક્ષ હોવાથી...'** સદા પ્રત્યક્ષ હોવાથી. લ્યો. એક ન્યાયે તો દ્રવ્ય સદા પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ? એક ન્યાયે દ્રવ્ય તો સદા પ્રત્યક્ષ છે અને પર્યાયમાં વેદન થયું, ત્યારે કહેવામાં આવ્યું કે આ સદા પ્રત્યક્ષ છે. પર્યાયમાં પ્રત્યક્ષ થયો તો સદા પ્રત્યક્ષ ભગવાન છે. ત્રિકાળ પ્રત્યક્ષ પડ્યો છે.

**'અનુમાનગોચરમાત્રપણાના અભાવને...'** એકલા અનુમાનગોચરપણાનો અભાવ. આ અનુમાન પણ અનુમાનની નિર્મળ પર્યાય છે. સમજ્યા ? પણ એ પ્રત્યક્ષપણે નહિ. પ્રત્યક્ષપણાનું એટલે એ અનુમાનગોચરમાત્રપણું નહિ. અનુમાન છે ખરું. અનુમાન છે ખરું પણ એકલું અનુમાનમાત્રપણું આત્મામાં નથી. પ્રત્યક્ષપણું છે તો અનુમાનપણું છે એમ કહેવામાં આવે છે. એ તો આપણે અલિંગ્રહણમાં ૨૦ બોલમાં આવ્યું. બીજો આત્મા અનુમાનથી બીજાને જાણે એવો આત્મા નથી અને આત્મા બીજાને અનુમાનથી જાણે એવો આત્મા નથી. બહુ વાત પણ ભાઈ આ તો ક્યાંય... બીજા જીવને અનુમાન કરીને આત્માને જાણે એવો આત્મા નથી. આત્મા પોતાનું પ્રત્યક્ષપણું કરે છે એમાં એનું અનુમાન આવી જાય છે. અને બીજા અનુમાન કરીને જાણી લે એવો આ આત્મા નથી. સમજાણું કાંઈ ? બીજાને અનુમાન કરીને જાણવું એ આત્મામાં નથી અને બીજો એને અનુમાન કરીને જાણે એવો આત્મા નથી.

આ અનુમાન કરે કે આવું જ્ઞાન છે ત્યાં આત્મા છે, આત્મા છે ત્યાં જ્ઞાન છે એવું અનુમાન છે. એ અનુમાન પ્રત્યક્ષ વગર અનુમાન નથી. એમ જાણે કે આમ છે. શ્રદ્ધા-જ્ઞાન સારું છે તો સમ્યગ્દૃષ્ટિ છે એવું અનુમાન, એવું અનુમાન.. એ પ્રત્યક્ષ વિના અનુમાન થતું નથી. સમજાણું કાંઈ ? ભારે વાત ભાઈ ઝીણી. આ વાત ઓલા માણસ કહે ને કે આ વાત છે જીણીયું, લોઢા કાપે છીણીયું. છીણી લોઢાને (કાપે). લોઢું હોય ને ? લોઢું. છીણી.. છીણી. અહીં ભેદજ્ઞાનની વાત છે. છીણી મારીને ભેદજ્ઞાનની વાત ચાલે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા એક સમયમાં (પૂર્ણ છે) એવી જેને ભાન-દૃષ્ટિ થઈ તેને પરાશ્રયપણું એની દૃષ્ટિમાં રહેતું જ નથી. સમજાણું કાંઈ ? કે નિમિત્ત છે તો મારામાં કાર્ય થાય છે, રાગ છે તો મારામાં કાર્ય થાય છે અને રાગ છે તો નિમિત્તથી થાય છે, કર્મથી થાય છે. એવી પરાશ્રયબુદ્ધિના તો ક્યાંય ભુક્કા ઉડી જાય છે. એવી બુદ્ધિનો નાશ થયા વિના એને પ્રત્યક્ષ જ્ઞાન જ્ઞાયક છે એમ થઈ શકતું નથી. સમજાણું કાંઈ ?

એવો ભગવાનઆત્મા **'સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવને...'** સમજ્યા ? મન ને વિકલ્પ એવું સમાધાન કરી લે કે મેં આત્માને જાણ્યો છે. તો એમ નથી. કહે છે મનને ગમ્ય નથી, વિકલ્પને ગમ્ય નથી. સમજાણું ? શાસ્ત્રના ભણતરથી ગમ્ય નથી. સદા પ્રત્યક્ષ ભગવાન જ્ઞાયકમૂર્તિ હોવાથી અનુમાનગોચર-અનુમાનગમ્ય, અનુમાનગમ્ય (અર્થાત્) આ છે તો આ છે, આ જ્ઞાન છે તો આ છે. જડમાં નહિ. એવું અનુમાન પણ એમાં નથી. એકલું, હોં !

**'અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે (જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.'** એ અલિંગગ્રહણમાં આ નાખ્યું. ત્યાં તો ઘણા બોલ લીધા છે. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથામાં આ છે. એમાં એક અલિંગગ્રહણમાં ૨૦ બોલ ઉતાર્યા છે. આપણે બધું વ્યાખ્યાનમાં સ્પષ્ટ આવી ગયું છે. ત્યાં તો પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. છેલ્લા ૧૯-૨૦ બોલમાં છે. છેલ્લા કહે છે ને ? અમારે છેલ્લા કહે છે. છેલ્લો બોલ. દ્રવ્ય પર્યાયને અડતું નથી અને પર્યાય દ્રવ્યને અડતી નથી. દ્રવ્યને અણસ્પર્શી પર્યાય કામ કરે છે. દ્રવ્યને અણસ્પર્શી પર્યાયનું વેદન–અનુભવ થાય છે, કેમ કે એમાં દ્રવ્યનો અનુભવ નથી, અનુભવ તો પર્યાયનો છે. એ પર્યાય દ્રવ્યને અડ્યા વગર પર્યાયનો અનુભવ કરે છે. ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, અનાલિંગિત. દ્રવ્ય પર્યાયને આલિંગન કરે, એકરૂપ થઈ જાય, આલિંગન થઈ જાય તો દ્રવ્ય પર્યાયરૂપ થઈ ગઈ, અને પર્યાય–અંશ અંશીરૂપ થઈ ગયો. એમ નથી. અંશી તે અંશી છે અને અંશ તે અંશ છે. બેની વચ્ચે પણ અતદ્ભાવ છે. ચાર અભાવની વાત નથી, હોં ! માસ્તર ! માસ્તર ત્યાં બેઠા છે. એ ચાર અભાવ છે ને ? એ નહિ. અતદ્ભાવ. પર્યાયમાં દ્રવ્યનો અભાવ અને દ્રવ્યમાં (પર્યાયનો). અતદ્ભાવ–તે ભાવ આ નહિ, દ્રવ્યભાવ તે પર્યાયભાવ નહિ. એ અલિંગગ્રહણમાં ઘણું સૂક્ષ્મ લીધું છે. એ બધું વ્યાખ્યાનમાં આવી ગયું છે. બધું છપાઈ પણ ગયું છે. તેને **'અલિંગગ્રહણ કહેવામાં આવે છે.'** એવો આત્મા.

હજી આત્મા કેવો છે એને લક્ષમાં લે નહિ. માલ શું છે ? ચા કોને કહે છે અને કેસર કોને કહે છે ? ખબર નહિ. ઓલો ચા લેવા આવ્યો તો શેર કેસર આપી દીધું. જરા કાળી અને લીલામાં ફેર. કેવો ? પીળો. એ દાણાવાળો હોય, અને કેસર પણ એ. કેટલાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચા ? બે-અઢી રૂપિયાની શેર. પાંચ શેર લાવો, પાંચ શેર આપો. પાંચ શેર કેસર તોળી દીધું. 'કુંવરજીભાઈ'! શું કહે એને ? મૂરખ કહે, મૂરખ. પણ એ કહે એ પણ આમ... આમ.. ફોતરા જેવી હતી. આ પણ ફોતરા જેવી હતી. જરા ઓલું કાળુ અને આ પીળું એટલો ફેર હતો ને ? એટલો ફેર હતો બીજો ફેર તો નહોતો. અરે..! હોળી, તારા ચાલીસ રૂપિયાનું.. તોલાનું શું હશે ? સૂરજ છાપ કેસર. અત્યારે એક તોલાના કેટલા છે ? સોળ રૂપિયા તોલો. પહેલાં તો એક રૂપિયો હતો. સોળ રૂપિયે તોલું. જે હોય તે એની વાત ક્યાં છે ? પેલો કહે ચા આપો તો આણે પાંચસો કેસર તોળી દીધું. રોકડ રૂપિયા લઈને આવ્યો છે કહે લ્યો. રોકડ લે. લાવ તોળી દે. પછી પાછું પૂછવું મટે, નામુ બામુ કાંઈ નહિ. એમ ભાન ન મળે કે કેસર કોને કહે અને ચા કોને કહે. અને બેની કિંમત શું છે ? બેની કીંમત શું છે એની ખબર નથી અને વેપાર કરવા બેઠો. મોટો મૂરખ છે, પાગલ છે, પાગલ.

એમ ભગવાનઆત્મા જેમાં કેવળજ્ઞાનના કેસરનો પૂંજ નીકળે છે. શું કહેવાય આ ફૂલમાં કહેવાય છે ને અંદર ? એ કેસર કહેવાય. આ અંદર મોટા-મોટા ફૂલ-છોડ નીકળે. પરાગ નહિ. કેસર. કેસર નીકળે આવી લાંબી લાઈન હોય. બધું જોયું છે ને. એ પણ કેસર કહેવાય, ઓલું પણ કેસર કહેવાય, અને એ પણ રંગમાં પીળુ હોય અને એ પણ રંગમાં પીળું હોય. પણ કીંમત વિના ? એમ ભગવાનઆત્મા એ રસ-ગંધ-રૂપથી રહિત અને સ્વસંવેદનના બળથી અનુભવમાં પ્રત્યક્ષ થવાવાળો. એવો આત્મા એને અહીં **'અલિંગગ્રહણ કહેવામાં આવે છે.'** માત્ર અનુમાનલિંગથી પકડાતો નથી. એકલા અનુમાનલિંગથી પકડાતો નથી. પ્રત્યક્ષથી પકડાય છે તો અનુમાનથી આવ્યું એમ વ્યવહાર પછી લાગુ પાડે છે.

**'પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે...'** હવે કહે છે, ચેતનાગુણ શબ્દ પડ્યો છે ને ? એ તો અલિંગગ્રહણ થયો. ચેતનાગુણ શબ્દનો અર્થ કરે છે. એ એક શબ્દ બધામાં રહી ગયો છે. અસ્તિ. **'પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ...'** જાણવું–દેખવું ગુણ. એ દ્વારા **'સદાય અંતરંગમાં પ્રકાશમાન...'** સદા અંતરંગમાં ચૈતન્યજ્યોત પ્રકાશમાન–જ્ઞાનનો પૂંજ છે. **'તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.'** એ કારણે ભગવાન ચેતનાગુણવાળો છે. હવે અસ્તિથી લીધું. સમજાણું ? ચેતનાગુણવાળો ત્રિકાળ છે.

કેવો છે ચેતનાગુણ ? ચેતનાગુણ કેવો છે ? કેવો છે ચેતનાગુણ ? એમાં ન્યાય આવશે. **'જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...'** કોઈ કહે, આત્મા પરનો કર્તા છે, કોઈ કહે આત્મા રાગનો કર્તા છે, કોઈ કહે આત્મામાં રાગ છે, કોઈ કહે આત્મામાં ઉદયભાવ છે. એ બધા ઝઘડાનો નાશ કરનાર ચેતનાગુણ છે. સમજાણું કાંઈ ? ચેતનાગુણ સ્વરૂપ આત્મા... ચેતનાગુણ સ્વરૂપ આત્મા. એ સ્વભાવ ચેતનાગુણ **'સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ...)'** એક સમય પૂરતો પણ માનવો કે રાગને માનવો, ક્રોધિ જીવ, માની જીવ, માયાવી જીવ, પંડિત જીવ, મૂરખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવ, રાંક જીવ, રાજા જીવ – એ બધા ઝઘડાને દૂર કરનાર ચેતનાગુણ છે. આત્મા તો ચેતનાગુણ સંપન્ન છે. એ કોઈ ચીજમાં નથી. સમજાણું કાંઈ ?

**'જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો)...'** અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાને નાશ કરનાર ચેતનાગુણ છે. એ તો જાણવા-દેખવારૂપ સ્વભાવ જ આત્મા છે. એ સિવાય બીજાથી જણાય એવી એ ચીજ નથી. કહો, સમજાય છે કાંઈ ? કહો, એમાં એ લીધું. કોઈ વ્યવહાર એમાં છે, રાગ છે, પુણ્ય છે અને એનાથી આત્માની સત્તાનો ભાસ થાય છે, એ ઝઘડાને નાશ કરનાર ચેતનાગુણ છે. લ્યો, આ વ્યવહાર-નિશ્ચયનો ઝઘડો ચાલે છે. આ બધા ઝઘડાનો નાશ કરનાર ચેતનાગુણ છે. એ તો ચેતનાગુણથી લક્ષિત થઈને અનુભવમાં આવે છે. બસ, બીજું કોઈ એનું કારણ નથી. એના અસ્તિત્વમાં બીજું નથી. અસ્તિત્વની વાત ચાલે છે ને ? સમજાણું કાંઈ ? ઓ..હો..!

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે અથવા વ્યવહારના અસ્તિત્વથી નિશ્ચયનું અસ્તિત્વ જાગૃત થાય છે. અને અનુકૂળ નિમિત્ત મળે છે તો નિમિત્તથી આત્માને સમ્યક્ બોધ થાય છે. એ બધા ઝઘડાનો નાશ કરનાર, અંત કરનાર ચેતનાગુણ તે આત્મા છે. બધું આવી ગયું, જાવ. સમજાણું કાંઈ ? બીજો આત્મા નથી. બીજો નથી તો બીજા ચેતનાગુણથી બોધ થાય એમ નથી. અરે..! મોટી દુકાન. ઝવેરાતની દુકાન. ચેતનાગુણ સંપન્ન પ્રભુ ! વાદ-વિવાદ. કોઈ કહે કે આવું નિમિત્ત મળે તો જ્ઞાન ખીલશે. આવો રાગ–કષાયની ઘણી મંદતા કરી કર્મકાંડ બહુ કરે ને કર્મકાંડ એનાથી એ ખીલશે. શુભભાવ મહાવ્રત પાળે તો ખીલશે. બધાનો ઝઘડો, ચેતનાગુણવાળો છે એમ ભાન થવાથી બધા ઝઘડાનો નાશ થાય છે. એમાં કોઈનું અવલંબન કે આશ્રય રહેતો નથી. સમજાણું કાંઈ ?

**'જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવને સોંપી દીધું છે,...'** કોણે ? ચેતનાગુણે. ચેતનાગુણે ભેદજ્ઞાનીને સોંપી દીધું છે કે ચેતનાગુણ એ આત્મા. રાગ, પુણ્ય અને વિકલ્પ એ અસ્તિત્વમાં છે જ નહિ. એમ સર્વસ્વ ચેતનાગુણે ભેદજ્ઞાનીને એનું રહસ્ય, મર્મ સોંપી દીધું છે. લ્યો. સમજાણું કાંઈ ? 'સબ આગમ ભેદ સુ ઉર વસે, વહ કેવલ કો બીજજ્ઞાની કહે.' એ 'શ્રીમદ્'માં આવે છે ને ? 'શ્રીમદ્'માં. સમજાય છે કાંઈ ?

કેવો છે ચેતનાગુણ ? **'જેણે પોતાનું સર્વસ્વ...'** સર્વસ્વ. કોઈનો અધિકાર બીજામાં નથી. કોઈ વિકલ્પવાળો, વ્યવહારવાળો, નિમિત્તવાળો, શાસ્ત્ર કરનારો એમાં ઝઘડા ઊઠાવે. એ ઝઘડા-ફગડા એમાં નથી. ચેતનાગુણે સર્વસ્વ, સર્વસ્વ–પોતાનો પૂર્ણ અધિકાર. **'ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે.'** સમજાણું કાંઈ ? રાગ, પુણ્ય, વિકલ્પ, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિકલ્પથી પાર, એનો ભેદ કરીને જ્ઞાનથી આ જ્ઞાતાનું ભાન થાય છે, એમ ભેદજ્ઞાનીને એનો રસ સોંપી દીધો છે. અજ્ઞાની એનો પત્તો લઈ શકતા નથી. સમજાણું કાંઈ ? શું પણ ટીકા ! એક ટીકામાં ક્યાંના ક્યાં નાખે છે ? .. થઈ જાય બધા ઠરીને. મુખિયા કહે છે ને ? મુખ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઓલો છોકરો કહે છે ને ? અહીં કહે છે, મુખ્યા થઈને તમે પડ્યા છો બધા રાગ ને, નિમિત્ત ને પર્યાય ને ... અમે અખંડાનંદ પ્રભુ ચેતનાગુણ સંપન્ન છીએ. સમજાણું કાંઈ ? તારા મુખિયાનું મુખીપણું તોડી નાખે છે. અમારા આ મુખીયા છે, મુખીયા છે. ઓલા .. ના છોકરા બોલે છે ને ? શિયાળ અને સસલાની કથા કરે છે. ડાબે પગે ડામ ભાગ કહે મુખ્યા. એ મુખ્યા એટલે.. ક્યાં ગયો ? છે કે નહિ ? એ શિયાળ અને સસલાની કથા કરે છે.

અહીં કહે છે કે પોતાનું સર્વસ્વ, ચેતનાગુણે પોતાનું સર્વસ્વ. **'જેણે...'** એટલે ચેતનાગુણે. **'પોતાનું...'** પોતાના સ્વરૂપનું **'સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...'** ચેતનાગુણે સોંપી દીધું છે. ગુણ ઉપર દૃષ્ટિ કરી તો પર્યાય નિર્મળ થઈ, એ પરથી નહિ પણ પોતાના કારણથી થાય છે. એમ ચેતનાગુણે પોતાનું સર્વસ્વ.. સમજ્યા ? પોતાનું. જેણે એટલે ચેતનાગુણે. પોતાનું એટલે પોતાનું **'સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...'**

**'જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે...'** એ પૂર્ણ સ્વરૂપ પણ એવું છે અને અહીં સાધકમાં પણ એ દશા છે. **'સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત...'** કોળિયો કરી જાય. જ્ઞાનની એવી દશા, ચેતનાગુણથી આત્માને જાણ્યો તો પર્યાય નિર્મળ થઈ. અથવા શક્તિ પણ આખા લોકાલોકને જાણવાની–ગ્રાસીભૂત કરવાની છે. સ્વ-પર, લોકાલોક સર્વદર્શી અને સર્વ જ્ઞાન એવી એની શક્તિ પણ છે અને એની પર્યાયમાં પણ જ્યાં પ્રગટ થયું, **'સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત...'** જુઓ ! ગ્રાસીને શું કહે છે ? કોળિયો કરી ગયો. કોળિયો મોટો છે કે મોઢું મોટું છે ? કોળિયો મોટો છે કે મોઢું મોટું છે ? કોળિયો તો નાનો છે, મોઢું મોટું છે. એવા-એવા કોળિયા તો ઘણા ચાલ્યા જાય છે. સમજાણું કે નહિ ? ગજ મોટો છે કે ડુંગર મોટો છે ? ડુંગર મોટો નથી, ગજ મોટો છે. કેમ કે માપ કરતાં.. કરતાં.. કરતાં.. જમીન ખલાસ થઈ જાય છે. માપ ખલાસ થઈ જતું નથી. ડુંગરના ડુંગર ગજથી માપી લે છે, પણ ગજ ઘટતા નથી. અને ડુંગરનું માપ તો ખલાસ થઈ જાય છે. ગજ મોટા છે કે ડુંગર ? કહે ડુંગર મોટા છે. કહો, સમજાણું કાંઈ ?

એમ અહીં શું કહ્યું ? સમજ્યા ને ? લોકાલોક... આહા..હા...! અહીં તો કવળ ઉપર પ્રશ્ન ઊઠ્યો હતો. **'ગ્રાસીભૂત...'** આહા..હા..! જ્ઞાનની શક્તિની શું વાત અને એની શ્રુતજ્ઞાન આદિ પર્યાયની શું વાત ! ઓહોહો..! સમજાણું ? 'સબ આગમ ભેદ સુ ઉર બસે...' એ ચીજ કેવી છે ? ક્યાં છે ? વ્યવહાર–નિશ્ચય શું છે ? બધા ઝઘડાનો અંત લાવનારી ચીજ છે, ચેતનાગુણ સંપન્ન પ્રભુ. અને સમસ્ત લોકાલોકનો કોળિયો કરી ગયા. શક્તિમાં તો અપાર રહ્યું. લોકાલોકને કોળિયો કરી ગયા. કેવળજ્ઞાન તો લોકાલોકનો કોળિયો કરી ગયા, એનાથી અનંતગુણા લોકાલોક હોત તો પણ અને ત્રણકાળથી અનંતકાળ હોત તો પણ તેને જાણી લેત. એમાં ઝઘડા. અરે..! પ્રભુ ! શું કરે છે ? એનાથી વિશેષ ચીજ નથી માટે અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન નથી ખીલતું, વિશેષ હોત તો ખીલેત. અરે..! સાંભળ તો ખરા. સદાય ખીલેલું જ પડ્યું છે. પત્રમાં એમ આવે છે. જુઓ ! ભાઈ ! આત્માની એટલી શક્તિ છે કે એનાથી અનંતગુણા લોક હોય તો પણ જાણી લે. પણ લોક નથી, જ્ઞેય નથી તો જ્ઞાનની શક્તિ સંકોચાઈ ગઈ. જુઓ ! નિમિત્તને આધિન થઈ ગઈ. 'ન્યાલભાઈ'! અરે..! સાંભળ તો ખરો. એની શક્તિની તો અપરિમિતતા જ છે. નિમિત્ત હોય તો પણ અને વિશેષ હોય તો પણ અને ન હોય તોપણ અપરિમિત જ છે. ગ્રાસીભૂત કરી ગયો. બધું જ્ઞાનમાં કોળિયો થઈ ગયું.

**'જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય...'** સ્વરૂપ પણ તૃપ્તથી ઠરી ગયેલો દ્રવ્ય સ્વભાવ છે, પર્યાય પણ અત્યંત તૃપ્તરૂપ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! **'તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે...)'** સ્વરૂપનું સુખ આનંદ. **'તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય...'** સાકર ઉપર જો માખી પડી હોય તો એના સ્વાદમાંથી ઊઠવાની તાકાત નથી રહેતી. સાકરના ગાંગડા ઉપર માખી બેસે છે ને ? માખી.. માખી. સાકરનો એવો સ્વાદ આવે છે કે માખીને ઉડવાની તાકાત નથી રહેતી. કોઈ પકડી લે તો પકડાઈ જાય પણ પેલા સ્વાદમાં લીન થઈ જાય. એમ ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય સ્વરૂપના આનંદના સુખમાંથી **'બહાર નીકળવાનો અનુદ્યમી...'** છે. આળસુ છે. સ્વરૂપમાંથી નીકળવાનો આળસુ. ઓલા સ્વરૂપમાં પેસવાના આળસુ. સમજાણું કાંઈ ? રાગ અને પુણ્યમાં ધર્મ માનનારા સ્વરૂપમાં પેસવામાં પ્રમાદી આળસુ છે. આ તો અંદરમાં પેઠા તો બહાર નીકળવામાં અનુદ્યમી છે. એવો આત્મા.. લ્યો ! **'સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.'** જ્ઞાનસ્વરૂપ. આવો સ્વભાવભૂત આત્મા છે. એને અહીં આત્મા કહે છે. એ છ બોલ આદિ ... થઈ ગયા છે. વિશેષ લેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

---

*** અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઉછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે ! અરે જીવો ! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો ! ... ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો ! ૧૪૨.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૭૨, પ્રવચન નં. ૫૬
## તા. ૨૦-૧૨-૧૯૭૭
## [૧૫]

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. એનો ૧૯મો બોલ ચાલ્યો. અલિંગગ્રહણ. શું કહ્યું અલિંગગ્રહણમાં ? ઝીણી વાત છે, ભાઈ ! મૂળ વાત એવી ઝીણી સૂક્ષ્મ છે. વીતરાગનું કહેલું તત્ત્વ બહુ અલૌકિક છે. અહીંયાં કહે છે કે જે અહીંયાં આત્મા છે, આત્મા, એ દેહથી તો ભિન્ન છે, દેશથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે પણ અંદર પુણ્ય-પાપના વિકલ્પો રાગ થાય તેનાથી પણ પ્રભુ ભિન્ન છે. એ આત્મા પોતે દ્રવ્ય વસ્તુ છે, એ પર્યાયને અડતો નથી. આહા..હા...! શું કહે છે આ ?

અંદર ચૈતન્યઘન વસ્તુ જે છે, દ્રવ્ય. દ્રવ્ય એટલે આ તમારો પૈસો નહિ, હોં ! દ્રવ્ય એટલે વસ્તુ અંદર. અનંત આનંદ અને અનંત જ્ઞાન અને શાંતિનું જેનું પૂર્ણ રૂપ છે, આહા..હા...! એવો જે ભગવાનઆત્મા–દ્રવ્ય, એ શરીરને તો અડતો નથી... આહા..હા..! અંદર કર્મ છે એને પણ અડતો નથી. આહા..હા..! પણ એ પર્યાયને અડતો નથી, કહે છે. આવી વાત છે, બાપુ ! બહુ ઝીણું તત્ત્વ ! આ..હા..!

એ વસ્તુ જે છે, એ પોતાનું અસ્તિત્વ જે ધ્રુવ, સામાન્યપણે જે ધ્રુવ એકરૂપ વસ્તુ જે ભગવાનઆત્મા છે, એ એની વર્તમાન પર્યાય એને જાણનારી પર્યાય, એને માનનારી પર્યાય. પર્યાય શું ? ક્યાં પડ્યું છે જગતને... આહા..હા..! એ પર્યાય, જે જ્ઞાનની વર્તમાન પર્યાય એટલે અવસ્થા, તે જ્ઞેયસ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપને જાણે અને શ્રદ્ધાની પર્યાય પૂર્ણ સ્વરૂપને શ્રદ્ધે. છતાં એ જ્ઞાનની પર્યાય અને શ્રદ્ધાની પર્યાયને દ્રવ્ય અડતું નથી. શું કહે છે આ ? આહા..હા...! સમજાણું કાંઈ ?

એ તો ઘણી વાત કહેવાતી હતી. શાક છે ને શાક ? દૂધી, કારેલા. અને છરી છે ને છરી ? એ છરી શાકને અડતી નથી. આ વાત કોને બેસે ? અને તે શાકના કટકા થાય. આહા..હા...! કેમ કે છરી એ પરદ્રવ્ય છે અને શાક દૂધી કે કારેલા, એ પર છે. એ પર ચીજને આ છરી અડતી નથી અને છરી એ શાકને અડતી નથી. અરે..રે..! આવી વાતું હવે ! એ વાત તો એકકોર રહી. પણ આ આત્મા જે વસ્તુ છે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની એને ક્યાં ખબર છે ? આ..હા..! અને ખબર વિના બેખબરો... બેખબરો એટલે ? બે ખબર હશે ? બેખબરો એટલે ખબર વિનાનો, ભાન વિનાનો. આહા..હા...! અંતરમાં ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અરૂપી આનંદઘન, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો અને જોયો એવો જે વિજ્ઞાનઘન છે એ તો. આહા..હા..! એવું પરમાત્મસ્વરૂપ, પરમ સ્વરૂપ, ભગવત્ સ્વરૂપ છે એ તો, કહે છે. આહા..! એ સ્વરૂપ, એની વર્તમાન પર્યાય, એને જાણનારી પર્યાયને તે સ્વરૂપ અડતું નથી. આહા..હા..! ભેદજ્ઞાનનો માર્ગ અરૂપી અલૌકિક છે, બાપા ! આહા..હા...! શું થાય ? અત્યારે બધું વિખાઈ ગયું. આહા..હા..! સંપ્રદાયમાં એ વાત જ નથી. શું કહીએ ? સત્ય વાત છે જ નહિ.

અમારા સંપ્રદાયના ગુરુ હતા એ પણ કહેતાં, કીધું ને, ... જ્ઞાનીનો એ સાર છે કે ... શાંત હતા, કષાય મંદ હતો, મારવાડના કણબી હતા. પણ અહીં આવી ગયેલા ને, એની મા મરી ગયા પછી દીક્ષા રોટલા માટે લીધેલી. એમાંથી થોરે કેવું પાકે ? એની સંપ્રદાયની લાઈન પ્રમાણે એની સ્થિતિ બહુ ઊંચી હતી. હિરાજી મહારાજ કહેવાતા. એ વ્યાખ્યાનમાં એમ કહેતાં, હજારો માણસો, બે હજાર માણસ લોકો એની સભામાં (આવતા). શાંત... શાંત... ... પૂઠું હોય ને ? સ્થાનકવાસીમાં હાથમાં રાખે વાંચવાનું. એની સામું નજર. સભા સામું નજર ન કરે. આદમી બેઠા હોય એ બાજુ નજર કરે. બોલે એવું કે જ્ઞાનીનો એ સાર છે, કે કોઈ પ્રાણીને હણવો નહિ. પોતે નહિ ત્યાં. આ બધા 'મલૂપચંદભાઈ' અને 'ખીમચંદભાઈ'ના સંપ્રદાયના ગુરુ હતા. 'હિરાજી મહારાજ'ને જોયા હશે ને ? 'કાંતિભાઈ'એ જોયા હશે. હિરાજી મહારાજ. આહા..હા...! આમ પ્રરૂપે પણ શાંતિથી. ભગવાન એમ કહે છે કે કોઈપણ પ્રાણીને હણવો નહિ એ અહિંસા છે અને અહિંસા .... આહા..હા..! એ જેણે જાણ્યું એણે બધું જાણ્યું, એમ કહેતાં. .... પરપ્રાણીને બિલકુલ ન મારવા એ અહિંસા, તે સિદ્ધાંતનો સાર છે, એમ કહેતા. અહીં કહે છે કે એ બધી વાત જૂઠી છે. આહા..હા...!

અહીં તો કહે છે કે પરને મારવામાં કે જીવાડવામાં એ અડતો પણ નથી ને...! એ જીવ, એનું શરીર, બીજાનું શરીર છૂટું પડે એને મરણ કહે છે. પ્રાણનો વિયોગ થાય તેને મરણ કહે છે, પ્રાણનો. આત્માનો ક્યાં વિયોગ (થાય છે) ? આત્મા તો અંદર છે. આ પ્રાણ જે પાંચ ઇન્દ્રિયના જડ-માટી, એનો વિયોગ થાય તેને મરણ કહે અને એ પ્રાણની રક્ષા કરવી એનું નામ જીવની દયા કહે.

અહીં પ્રભુ કહે છે કે એ વાત જૂઠી છે. પરપ્રાણીની રક્ષા આત્મા કરી શકતો નથી, પ્રભુ ! તને ખબર નથી. એ પરને અડી શકતો નથી તો રક્ષા કરે શી રીતે ? આહા..હા...! આવી વાત છે. એ તો એક બાજુ રહ્યું, પણ અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય, તત્ત્વ, એ જીવ તત્ત્વ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, કામ, ભોગ, કમાવું, રળવું આદિના પૈસા, ધંધાનો ભાવ એ બધા પાપ છે. એ પાપ અને પુણ્ય તત્ત્વ, નવ તત્ત્વમાં પુણ્યતત્ત્વથી આત્મતત્ત્વ જુદી ચીજ છે. આહા..હા...! એ તો જુદી છે... આહા..હા..! પણ એ દ્રવ્ય જે છે, એ પર્યાય એની જે છે, સમ્યક્ પર્યાય જ્ઞાનની, આનંદની. આહા..હા...! આવી વાતું છે, બાપુ ! દુનિયામાં શું ચાલે છે એ તો બધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખબર છે ને. વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે. બિચારાને સાંભળવા પણ મળે નહિ. આહા..હા...! અરે...! એનો કે દિ' જન્મ-મરણનો અંત આવે.

કહે છે કે આત્મા, પોતાની જે નિર્મળ પર્યાય છે, સમ્યગ્દર્શન, જે વસ્તુ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન છે, એની સન્મુખ થઈને, એનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થાય, એ સમ્યગ્દર્શનની પર્યાયને એ દ્રવ્ય અડતું નથી. આહા..હા...! 'ન્યાલભાઈ'! આ તો જીંદગીમાં કોઈ દિ' સાંભળ્યું નથી.

**શ્રોતા :–** મીંડામાંથી એકડો કરવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત તો એમ છે, બાપા ! આહા..હા...! બહુ બાપુ...!

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, પ્રભુ ! તું જે દ્રવ્ય વસ્તુ છો, એ તારી પર્યાય છે તેને એ દ્રવ્ય અડતું નથી. આહા..હા..! શું કહે છે ? એક બાજુ 'સમયસાર'ની ત્રીજી ગાછામાં એમ કહે કે દરેક દ્રવ્ય પોતાના ધર્મ નામ જે શક્તિ અને પર્યાય તેને ચુંબે છે. ચુંબે છે એટલે તેના અસ્તિત્વમાં છે. ત્રીજી ગાથામાં આવ્યું. આત્મા પોતાના ગુણો અને પોતાની પર્યાયને તે ચુંબે છે, પણ કર્મને અને શરીરને આત્મા કદિ અડ્યો નથી, ચુંબતો નથી, સ્પર્શતો નથી, અડતો નથી. આત્મા કર્મને અને શરીરને કદિ અડતો પણ નથી. આહા..હા...! આ રજકણો, આ શરીરાદિ છે એને આત્મા અંદરમાં અડતો પણ નથી, અડ્યો પણ નથી. આહા..હા...! અડે તો બે ચીજ એક થઈ જાય છે. સમજાણું કાંઈ ?

અહીં તો એથી વધારે પરમાત્મા ત્રિલોકાનાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે **'લિંગ એટલે કે પર્યાય...'** એ પર્યાય નિર્મળ લેવી. સમજાણું કાંઈ ? આહા..હા...! એ વસ્તુ સ્વરૂપ પ્રભુ અખંડ છે. એક સમયમાં ચિદાનંદ ભગવાન જ્ઞાનઘન, વિજ્ઞાનઘન આત્મા જે દ્રવ્ય છે, એ વસ્તુ છે, એની શ્રદ્ધા કરનારી જે પર્યાય, એને જાણનારી જે જ્ઞાનની પર્યાય, એને એ દ્રવ્ય અડતું, સ્પર્શતું નથી. આહા..હા..! 'ભગવાનજીભાઈ'! કોઈ દિ' ક્યાંય સાંભળવા ન મળે એવી વાત છે આ તો. છે ?

**'લિંગ એટલે કે પર્યાય...'** ૧૯મો બોલ ફરીને લઈએ. **'એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...'** એટલે બધી પર્યાયો, એમાં **'વિશેષ તે જેને નથી...'** આહા..હા...! એ દ્રવ્યમાં એ નિર્મળ પર્યાય નથી. શું કહે છે આ ? આહા..હા...! પર્યાય પણ છે અને દ્રવ્ય પણ છે. બેનું અસ્તિત્વ છે. પણ અસ્તિત્વમાં દ્રવ્ય જે વસ્તુ ભગવાનઆત્મા, એ પર્યાયને અડતું નથી, છુતો નથી, પર્યાયને સ્પર્શ્યો નથી. આ શું છે ? પાગલ જેવું લાગે એવું છે. કહો, 'હરિભાઈ'! આહા..હા...!

ડોક્ટર ઇંજેક્શન આપે ને ઇંજેક્શન. એ ઇંજેક્શન શરીરને અડતું જ નથી એમ કહે છે. એ તો બહુ સ્થુળ વાત રહી ગઈ. પણ અહીંયાં અંદર આત્મા જે છે... આહા..હા..! વિજ્ઞાનઘન દ્રવ્ય સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ ! 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' એવું જે સિદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ ધ્રુવ છે, એને શ્રદ્ધા કરનારી પર્યાય, એને માનનારી પર્યાય, એને જાણનારી પર્યાય એવી જે વર્તમાન અવસ્થા, તેને દ્રવ્ય અડતું નથી. આહા..હા...! આ ૧૯મો બોલ છે. અલિંગગ્રહણનો ૧૯મો બોલ છે આ. આહા..હા..! છે ?

**'પર્યાયવિશેષથી નહિ આલિંગિત...'** આહા..હા...! કેટલો ભેદ પડ્યો ! આહા..હા..! આત્મા અરૂપી ભગવાન એ રૂપી કર્મને, શરીરને કદી અડ્યો નથી. અજ્ઞાનભાવમાં પણ તે પરને અડ્યો નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! પણ અહીંયાં તો કહે છે જ્ઞાનભાવમાં... આહા..હા..! એ વસ્તુ ભગવાન પૂર્ણ અતીન્દ્રિય અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદનો કંદ આત્મા છે, એને જે પર્યાયે જાણી, એને જે પર્યાયે શ્રદ્ધી એ પર્યાયને તે દ્રવ્ય અડતું નથી. આહા..હા...! 'ન્યાલભાઈ'! કોઇ દિ' ત્યાં સાંભળ્યું નથી. મજૂરી કરી કરીને એમ ને એમ મરી ગયા બધા. મજૂરી, હોં ! બધા મોટા મજૂર છે એમ અમને તો લાગે.

વાત તો એમ છે, બાપા ! અરે..રે..! મજૂર તો સારા. મજૂર તો ૮ થી ૧૨ ચાલ કલાક કામ કરે અને બપોરે ૨ થી ૬ ચાર કલાક. આ તો સવારના ૬ થી તે રાતના ૧૦ વાગ્યા સુધી. આને આ... આને આ... આને આ... આ.. ગડમથલ. પાપની ગડમથલનો મોટો મજૂર છે.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ એમ ફરમાવે છે, જિનેન્દ્રદેવ દિવ્યધ્વનિ દ્વારા જે કહ્યું એનું આ પ્રવચનસાર છે. પ્ર-વચનો- વિશેષ દિવ્યધ્વનિ–અવાજ એનો સાર આ છે. ભગવાન ! એકવાર સાંભળ ! આહા..હા..! ભગવાન તરીકે બોલાવે છે. આત્માને ભગવાન તરીકે બોલાવે છે. પ્રભુ એમ બોલાવે છે. આહા..હા..! આહા..હા..! તારો ભગવાન–દેવ–જે સ્વરૂપ, શુદ્ધ ચિદ્દ્યન આનંદ, એ દ્રવ્ય છે, વસ્તુ છે, તત્ત્વ છે, મહાસત્તા છે. એની વર્તમાન એક સમયની પર્યાયની સત્તા, એને તે મહાસત્તા અડતી નથી. આવી વાતું ક્યાંય સાંભળવા ન મળે. ક્યાંય મળે એવું ન મળે અત્યારે. આહા..હા...! અત્યારે તો કહે આ વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો. આહા..હા...! બાપુ ! મારગડા બહુ જુદા છે, ભાઈ ! આહા..હા...! જન્મ-મરણના પરિભ્રમણના આંટા ટાળવાનો રસ્તો કોઈ અલૌકિક છે. આહા..હા...!

અહીં તો પ્રભુ કહે છે... આહા..હા..! જે પર્યાય દ્રવ્ય તરફ ઢળીને દ્રવ્યની શ્રદ્ધા કરી... આહા..હા...! પર્યાય સમજો છો ? વર્તમાન અવસ્થા, વર્તમાન હાલત, વર્તમાન દશા. અરે..! એ શું ? એ આત્માની વર્તમાન પર્યાયરૂપી દશા... આહા..હા..! એ વસ્તુ જે ત્રિકાળી છે તેનો આશ્રય કરીને, તેને સન્મુખ થઈને સમ્યગ્દર્શન કર્યું, એ ધર્મની પહેલી શ્રેણી. એ સમ્યગ્દર્શન થયું તે પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! તેમ તે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. શું કીધું એ ? આ તો ભગવાનનો લોજીક માર્ગ, ન્યાય માર્ગ જુદી જાતનો છે.

સમ્યગ્દર્શન એટલે સાચું સત્ વસ્તુ ત્રિકાળી ધ્રુવ આનંદનો નાશ પ્રભુ, એની સન્મુખ થઈને જ્ઞાનના અનુભવમાં એની પ્રતીતિ કરવી.. આહા..હા...! એનું નામ સમ્યગ્દર્શન, ધર્મની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પહેલી (સીઢી), મોક્ષમહેલની પહેલી સીઢી. એ 'છ ઢાળા'માં આવે છે. આહા..હા...! એ સમ્યગ્દર્શનની પર્યાય, એણે ભગવાન ત્રિલોકનાથ નિર્વિકલ્પ સ્વરૂપ પ્રભુ આત્મા, એની એણે પ્રતીત કરી, જે અનંતકાળમાં નહોતી થઈ એવી પ્રતીત કરી. આહા..હા...! અનંતકાળમાં એના જ્ઞાનની પર્યાયમાં એ (પ્રતીતિ નહોતી કરી). જ્ઞેય અધિકાર છે ને ? શું આ અધિકાર છે ? જ્ઞેય અધિકાર. તો જ્ઞાનની પર્યાયમાં આખું જ્ઞેયતત્ત્વ ક્યારેય જ્ઞાનમાં આવ્યું નહોતું. જ્ઞાનમાં જણાયું નહોતું. આહા..હા..! એને જેણે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય વસ્તુ, સમ્યગ્દર્શનનો વિષય અને જ્ઞેયતત્ત્વ અધિકાર છે આ. 'પ્રવચનસાર'નો બીજો ભાગ છે. આહા..હા...!

એ વસ્તુ જે છે, અનંત ચૈતન્યના રત્નાકરનો દરિયો અંદર ભગવાન છે. આહા..હા...! એવો જે ભગવાનઆત્મા, જેણે જ્ઞાનની પર્યાયમાં એનું જ્ઞાન કર્યું, એ પર્યાયમાં એનું જ્ઞાન થયું, પણ એ પર્યાયમાં એ જ્ઞેય આવ્યું નહિ. અરે..રે..! આવી વાતું છે. એ પર્યાયમાં વસ્તુ અખંડ પૂર્ણાનંદ સચ્ચિદાનંદ આત્મા છે, એવું જ્ઞાન કર્યું–નિર્વિકલ્પ જ્ઞાન કર્યું. રાગના અભાવ-સ્વભાવરૂપે આખા ચૈતન્યતત્ત્વને જેણે સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં જાણ્યું, આહા..હા...! છતાં એ પર્યાયમાં એ દ્રવ્ય આવતું નથી. પર્યાય દ્રવ્યમાં આવતી નથી એ પછી કહેશે. આહા..હા...! આ શું ? કઈ જાતનો ઉપદેશ આ ? ઓલા તો કહે વ્રત પાળો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, પૂજા કરો. અરે..! ભગવાન ! સાંભળને, બાપુ ! એ તો બધી વિકલ્પની, રાગની, ક્રિયાની વાતું છે. આહા..હા..!

અહીંયાં તો પરમાત્માનું સ્વરૂપ જે અંદર અખંડ પૂર્ણ દ્રવ્ય વસ્તુ, એની જે પ્રતીતિ અને જ્ઞાન (થયું), નિર્વિકલ્પપણે સ્વના આશ્રયથી જે દૃષ્ટિ કરી, એ પર્યાયને પણ તે જ્ઞેય, જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેય વસ્તુને જાણે, પણ એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય દ્રવ્ય છે તે આવે નહિ, તેમ એ જ્ઞેય દ્રવ્ય છે તે જ્ઞાનની પર્યાયને સ્પર્શે નહિ. આહા..હા...! આવી વાતું છે. અજાણ્યા માણસને તો પાગલ જેવું લાગે એવું છે. શું આ કહે છે ? આ શું છે ? ભગવાન ! એક વાર સાંભળ, ભાઈ ! આહા..હા...! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં આ આવ્યું છે. આહા..હા...! એ આ 'પ્રવચનસાર' છે.

અહીંયાં કહે છે, **'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...'** અર્થાવબોધ તો એક શબ્દ લીધો છે. પદાર્થનો વિશેષ બોધ. પણ અનંતા ગુણો છે, આખા દ્રવ્યની જે અનંત ગુણની પર્યાય છે, એવી જે પર્યાય વિશેષ. **'તે જેને નથી...'** આહા..હા...! આત્મામાં એ પર્યાય નથી. ધર્મી એવો ભગવાનઆત્મા, એને પર્યાયમાં ધર્મદશામાં પ્રગટ જાણ્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ પર્યાય છે. એ નિર્વિકારી વીતરાગી પર્યાય છે. એ પર્યાયમાં દ્રવ્ય જણાણું, શ્રદ્ધાણુ અને એમાં ઠર્યો. પણ એ ત્રણ પર્યાયને, ત્રણ પર્યાય અવસ્થા છે એને એ દ્રવ્ય અડતું નથી. આહા..હા..! શું કહે છે ? ઉથલપાથલની વાતું છે, બાપુ આ તો. આ..હા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન ત્રિલોકનાથનો આ દિવ્યધ્વનિનો અવાજ છે. સમજાય છે કાંઈ ? 'હરિભાઈ'! આહા..હા...! આ તો જેટલું નાખે એટલું નીકળે એવી ચીજ છે બધી. ૨૦ બોલ તો એવા છે કોઈ... આ..હા..હા..! દિગંબર સંતોએ ભગવાનના–કેવળીના પેટ ખોલ્યા છે અંદર. આહા..હા...! એવી વાત બીજે ક્યાંય છે નહિ. આહા..હા...! એનામાં જન્મ્યા એને પણ હજી ખબર નથી કે શું આ દ્રવ્ય અને શું પર્યાય ને આ શું છે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, **'અર્થાવબોધવિશેષ...'** એટલે પદાર્થની વિશેષ દશા. તે આત્મામાં નથી. **'તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત...'** એની દશાઓ નિર્મળ છે તેને આત્મા સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી, એની પર્યાયને તે દ્રવ્ય અડતું નથી. તે પર્યાયને તે દ્રવ્ય ચુંબતુ નથી. આહા..હા...! તે નિર્મળ પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! શું કહે છે આ ? સમજાણું કાંઈ ? આ તો ભગવાનની વાણી છે. એમાં દિગંબર સંતો અંતરના આનંદના અનુભવીઓ આનંદના વેદનમાં પડ્યા છે. પોતાને વિકલ્પ ઊઠ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...'** એવો ભગવાન શુદ્ધ દ્રવ્ય છે. આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે સમ્યગ્જ્ઞાન નિશ્ચય પર્યાયનો વિષય છે. એવું એ શુદ્ધ દ્રવ્ય છે, જે પર્યાયને અડતું નથી. આહા..હા..! એ વાત થઈ ગઈ હતી. આજે પાછો વળી અડધો કલાક ચાલ્યો. કાલે વાત થઈ ગઈ હતી. હવે ૨૦મો બોલ છેલ્લો છે આજ.

એક અલિંગગ્રહણ. છ અક્ષર છે. એના ૨૦ અર્થ કાઢ્યા. 'અમૃચંદ્રાચાર્ય' દિગંબર સંત હજાર વર્ષ પહેલાં થયા. એના પહેલાં બે હજાર વર્ષ પહેલાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' થયા. એમનો શ્લોક છે. અને એમની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' કરી. તો અલિંગગ્રહણમાંથી ૨૦ અર્થ કાઢ્યા. આપણે આ ૨૦મો બોલ હવે શરૂ કરીએ. ૧૯ બોલ ચાલ્યા. આ તો ૧૪ દિ' થી ચાલે છે. ૨૦ બોલ ૧૪ દિ'થી ચાલે છે. બુધવારથી શરૂ કર્યું છે. આહા..હા...! વચમાં તો ઘણો સૂક્ષ્મ અધિકાર આવી ગયો હતો. ભાઈ ! મારગડા એવા ઝીણા છે. આહા..હા...!

અહીં કહે છે. ૨૦મો બોલ. **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** આવી ભાષા પણ પહેલાં કાને પડી ન હોય. સંસારના ડાહ્યા, સંસારના હોશિયાર એ સંસારમાં ઊંડા જવાના. 'ન્યાલભાઈ'! અહીં તો એવી વાત કરે છે, બાપા ! આ તો આત્માના ડાહ્યા હોય એની આ વાત છે. આહા..હા...! શું થાય ? કહે છે, **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું...'** એનું કામ એટલે ? કે આ કાલ હતો તે આજ છે, આજ હતો તે કાલ છે. એવો ભગવાનઆત્મા. એક માણસને જોયો હોય કે મેં કાલે જોયો હતો એ આ છે, એ આ છે. કાલે હતો એ આ છે. એમ આત્મા કાલે હતો એ આજે અત્યારે છે. **'પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** એટલે છે તે છે. જે છે કાલે હતો તે અત્યારે છે. ધ્રુવ. આહા..હા..! સમજાણું કાંઈ ? એવું જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાન એટલે... 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. 'જૈનસિદ્ધાંત પ્રવેશિકા' છે ને ? 'ગોપાલદાસ બારૈયા'. એમાં ખુલાસો આવે છે. અહીંયાં તો અધ્યાત્મમાં પ્રત્યભિજ્ઞાન એટલે આ આત્મા કાલ હતો તે આજે છે અને આજે તે હજી કાલે રહેશે. એમ અનંતકાળ રહેશે. આહા..હા...!

**'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...'** આહા..હા...! ગજબ વાત છે. અર્થ એટલે પદાર્થ જે સામાન્ય ત્રિકાળી દ્રવ્ય, ભગવાન ત્રિકાળી દ્રવ્ય... આહા..હા...! છે ? **'તે જેને નથી...'** એ ત્રિકાળી દ્રવ્ય આત્મામાં નથી. શું કહે છે આ ? સાંભળો ! એનું સ્પષ્ટીકરણ હળવે હળવે આવશે. આહા..હા...! આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો ભાગવત્ કથા, આત્માના ભગવત્ સ્વરૂપની કથા છે. આહા..હા...!

કહે છે, **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** એટલે ? આ હતો તે આ છે, કાલે હતો તે આ છે એવું જે ત્રિકાળી ધ્રુવ, ત્રિકાળી સામાન્ય. એક સમયની પર્યાય વિનાનું ત્રિકાળી સામાન્ય. એક સમયની વર્તમાન દશા વિનાનું ત્રિકાળી સામાન્ય. આહા..હા...! **'એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** એ આત્મામાં એ દ્રવ્ય નથી. ધ્યાન રાખજો. આ વાત કઈ અપેક્ષાએ છે ? કે **'તે અલિંગગ્રહણ છે;...'** આહા..હા..!

**'અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** અહીં શું કહેવું છે ? કે સામાન્ય જે ધ્રુવ છે, એનું ભાન થયું, સમ્યગ્દર્શન જ્ઞાન થયું, શાંતિ–આનંદનું વેદન થયું, સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન થયું. આહા..હા...! સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન થયું. સમ્યગ્દર્શન થતાં અનંત ગુણો અંશે વ્યક્તપણે પ્રગટ થયા, તે 'સર્વ ગુણાંશ તે સમકિત'. એ સર્વ ગુણનો અંશ જે પ્રગટ્યો, એને પ્રતીતમાં લીધો અને ... લીધો એનું નામ સમ્યગ્દર્શન. એવી જે સમ્યગ્દર્શનની પર્યાયમાં આનંદનું જે વેદન આવ્યું, એ આનંદનું વેદન આત્માને સ્પર્શતું નથી. પહેલાંમાં એમ આવ્યું હતું કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. હવે અહીં પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા..! શું કહે છે ? આહા..હા...!

ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, 'જિન સો હી આત્મા' એ આવી ગયું ને ? 'સમયસાર નાટક'માં આવે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન, મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે...' ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ જિનસ્વરૂપે બિરાજે છે. આહા..હા...! શક્તિએ, હોં ! શક્તિએ–સ્વભાવે જિનસ્વરૂપ ભગવાનઆત્માનું છે. આહા..હા...! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ બહારની ક્રિયાકાંડમાં નથી. આહા..હા..! રાગની એક્તા તોડીને, સ્વભાવની એક્તા થવી અને આનંદનો અનુભવ થવો, એનું નામ જૈન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

હવે અહીંયાં એમ કહે છે કે **'પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે...'** ત્રિકાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય **'તે જેને નથી...'** વેદનમાં નથી એ, એમ કહે છે. વેદનમાં તો પર્યાય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! ભગવાન તારી લીલા અલૌકિક છે. ઓલા લોકો કહે, ઈશ્વરની લીલા છે. ઈશ્વર-ફીશ્વર કોઈ કર્તા-ફર્તા છે નહિ. આ તો પ્રભુ આત્માની લીલાની વાતું કરે છે.

કહે છે આ આત્મા જે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન, એની શ્રદ્ધા-જ્ઞાન અને વેદન આવ્યું, ચારિત્રમાં આનંદનું વેદન છે. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રમાં સ્વસંવેદનની ઉગ્ર દશા છે. આહા..હા..! એ પર્યાય છે. તો અહીં કહે છે કે એ પર્યાયમાં જે વેદન છે, એ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. એ તો પહેલાં આવ્યું. પણ દ્રવ્ય પર્યાયને સ્પર્શતી નથી હવે એમ કહે છે. આહા..હા...! શાંતિથી (સમજવું), બાપા ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ, એણે કહ્યું એ બીજે ક્યાંય છે નહિ. એના માર્ગ સિવાય ક્યાંય માર્ગ છે નહિ. આહા..હા...! અને એનો માર્ગ શું છે એ હજી વાડામાં જન્મ્યા એને પણ ખબર ન મળે.

અહીંયાં કહે છે, **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** એટલે ? વેદનમાં તો દ્રવ્ય નથી આવતું, કહે છે. વેદનમાં તો પર્યાય આવે છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, સ્વચ્છતા, ઈશ્વરતા, પ્રભુતા–એવી અનંત ગુણની વર્તમાન પર્યાય પ્રગટ, તે પર્યાય વેદનમાં આવે છે. એ વેદનમાં આવેલી પર્યાય, તે આત્મા પોતાની શુદ્ધ પર્યાયને વેદે છે, એ દ્રવ્યને અડતો નથી. આવું ઝીણું છે, ભાઈ ! માર્ગ... શું કહીએ ? આહા..હા...! શું કહ્યું સાંભળ્યું ? ફરીને.

**'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** ગ્રહણ એટલે ત્રિકાળી વસ્તુ. ત્રિકાળી ધ્રુવ સામાન્ય વસ્તુ, જે વર્તમાન પર્યાય સિવાયની વસ્તુ. આહા..હા..! હજી તો પર્યાય શું અને દ્રવ્ય શું બધા થોથા જેવા સાંભળતા હોય અને કાંઈ ભાન પણ ન મળે. એય..! 'ન્યાલભાઈ'! શું કીધું ?

આવ્યા છે. આ તો બાપુ ! બીજી વાત છે, ભગવાન ! શું કહ્યું ? આહા..હા...! ભગવાન થવાની વાત અને ભગવાન... એમાં પણ અહીં તો કહે છે કે જે ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, એ જે વેદનમાં આવ્યું, એ સામાન્ય વેદનમાં આવતું નથી, આહા..હા...! ધ્રુવ જે ચીજ છે નિત્યાનંદ પ્રભુ, એ ધ્રુવ છે તે વેદનમાં આવતું નથી. વેદનમાં પર્યાય આવે છે. આહા..હા...! શું કહે છે આ ? ઓહો..! સર્વજ્ઞ પરમેશ્વર, એના કહેલા માર્ગને સંતો દિગંબર મુનિઓ આડતિયા થઈને જગતને માલ વહેંચે છે. આહા..હા...!

એકવાર સાંભળ તો ખરો, પ્રભુ ! આ આત્મા જે છે એમાં દ્રવ્ય છે અને પર્યાય છે, બે છે. દ્રવ્ય જે છે એ ત્રિકાળ છે અને પર્યાય છે તે વર્તમાન છે. એ આત્મા, વર્તમાન પર્યાયને વેદે છે, તે દ્રવ્યને અડતો નથી. આ બધી ભાષા જ જુદી જાતની છે, 'ન્યાલભાઈ' ! ત્યાં તમારા ચોપડામાં ક્યાંય આવી નથી. આ તો ન્યાલ થવાની વાતું છે, બાપા ! સાચા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન્યાલ, હોં ! ખોટા ન્યાલ નહિ. આહા..હા...! શું કહે છે ?

ફરીને કહીએ. આપણે અહીં કાંઈ એકદમ કાંઈ વાતને છોડી દેતા નથી. જે આત્મા છે એના બે ભાગ. એક ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ અને એક વર્તમાન પર્યાય, એ બે થઈને આખું દ્રવ્ય–પ્રમાણનો વિષય. પરની સાથે કાંઈ સંબંધ નથી, પર તો પરમાં છે. હવે એ ત્રિકાળી જે દ્રવ્ય વસ્તુ છે, એનું જે વેદન થયું, એને જાણતાં, એને શ્રદ્ધતા, એમાં ઠરતા એમાં ચારિત્ર આદિથી વેદનમાં જે આનંદ આવ્યો, એ આનંદનું વેદન પર્યાયમાં છે. એ આનંદના વેદનમાં દ્રવ્ય આવતું નથી. અરે..રે..! આવી ભાષા !

**શ્રોતા :–** જ્ઞાનમાં આવે પણ વેદનમાં ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પહેલા કહ્યું હતું કે જ્ઞાનની પર્યાયમાં. સમ્યગ્જ્ઞાન, હોં ! અંદર સન્મુખ થઈને (થયેલું જ્ઞાન). આ શાસ્ત્ર-બાસ્ત્ર ભણ્યા એ જ્ઞાન નથી. આહા..હા...! જ્ઞાન તો ભગવાન ચૈતન્યમૂર્તિનો પ્રકાશ નિત્ય નામ ધ્રુવ, એનું જે અંતર્મુખ થઈને જ્ઞાન થાય, તેને અહીં સમ્યગ્જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયમાં વેદન છે એ આનંદનું અને શાંતિનું ને પર્યાયનું વેદન છે. એ પર્યાયના વેદનમાં દ્રવ્ય આવતું નથી. ધ્રુવ તે વેદનમાં આવતું નથી. પર્યાયના વેદનમાં તે દ્રવ્ય આવતું નથી. આહા..હા...! પર્યાયનું વેદન તે દ્રવ્યને અડતું નથી. આહા..હા...!

પહેલાં ૧૯મા બોલમાં એમ હતું, દ્રવ્ય તે પર્યાયને અડતી નથી. નિર્મળ વેદનની, હોં ! સમ્યગ્દર્શન-જ્ઞાન-અતીન્દ્રિય આનંદનું વેદન છે એ તો. ધર્મ તો અતીન્દ્રિયના વેદનને ધર્મ કહીએ. આહા..હા..! એ ધર્મ એ પર્યાય છે. એ પર્યાયને દ્રવ્ય અડતું નથી. એમ અહીં તો કહે છે, પર્યાયમાં વેદનમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા...! સમજાય એવું છે, હોં ! ન સમજાય એવું નથી, ભાઈ !

ભગવાનનો માર્ગ ન્યાયથી છે. ન્યાય.. ન્યાય... નિ ધાતુ છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. તો ભગવાન ન્યાયથી એમ કહે છે... આહા..હા...! કે જે પ્રભુ આત્મા છે... આહા..હા..! એને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જાણ્યો અને શ્રદ્ધયો, અને તેમાં જે અનંત ગુણની વ્યક્ત અવસ્થા, પ્રગટ અવસ્થાનું વેદન થયું, એ વેદન તે આત્મા. એ વેદન દ્રવ્યને અડતું નથી માટે તે વેદન તે આત્મા. આહા..હા...! આરે.. આરે..! આવી વાતું છે. 'હરિભાઈ'! આહા..હા...!

આત્માને હરિ કહેવામાં આવે છે. 'પંચાધ્યાયી'માં સાંભળ્યું છે ને ? રાગને, દ્વેષને, અજ્ઞાનને હરે તે હરિ. પંચાધ્યાયીમાં છે. આ ભગવાન હરિ છે. આ લોકો હરિ કહે એ નહિ, હોં ! આ તો અખંડાનંદનો નાથ પ્રભુ ધ્રુવ અનંત ગુણનો પિંડ આત્મા છે. શુદ્ધ જ્ઞાનઘન અનંત આનંદનો કંદ... આહા..હા..! એની દૃષ્ટિ થતાં એ આત્મા રાગ અને અજ્ઞાનનો નાશ કરે છે, માટે તે આત્માને હરિ કહેવામાં આવે છે. હરિને તો હરિ પેલા કહે છે અને સિંહને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ હરિ કહેવાય છે. પણ આ તો પ્રભુ અંદર... આહા..હા...! જેમાં અનંત ગુણની રાશિનો ઢગલો પડ્યો છે. આકાશના પ્રદેશ જે અનંત છે. આકાશના પ્રદેશ અનંત છે ને ? આ લોક અને અલોક થઈને આકાશ અંત વિનાનું... અંત વિનાનું... અંત વિનાનું આકાશ છે. એના જેટલા પ્રદેશ છે એટલે એક રજકણ રોકે તેને પ્રદેશ કહીએ. એના જેટલા અનંત... અનંત.. અનંત.. અનંત... ચારે દિશામાં અનંદ પ્રદેશ છે, એથી અનંતગુણા તો એક જીવમાં ગુણ છે. આહા..હા...!

એવડી મોટી સંખ્યા, બાપુ ! શું થાય ? આત્મામાં તો એટલા અનંત ગુણ કીધા છે. પણ પ્રભુએ તો એક પરમાણુના આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ કહ્યા છે. એક જડ પરમાણુમાં જડના ગુણ, હોં ! આહા..હા...! જેટલા ગુણ એક આકાશમાં છે તેટલી સંખ્યાએ ગુણ એક આત્મામાં છે અને તેટલી જ સંખ્યાએ ગુણ એક પરમાણુમાં છે. આહા..હા..! એવો જે ત્રિકાળી ગુણ અને ત્રિકાળી દ્રવ્ય, એનો અનુભવ થતાં વેદનમાં આનંદ ને જ્ઞાન ને શાંતિનું વેદન આવે, એ પર્યાયનું વેદન તે આત્મા. મને તો વેદનમાં આવ્યો એ હું. ધ્રુવ તો વેદનમાં આવતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાતું, બાપા ! પ્રભુ ! ભગવાન! તું એવડો મોટો છે એની તને ખબર નથી. આહા..હા...! આ ધૂડ કાંઈ પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે તો જાણે મોટો થઈ ગયો, અને કાંઈક પુણ્ય કરે લ્યો ને દયા, દાન, વ્રત ને ત્યાં મોટો થઈ ગયો. એ તો બધો વિકાર છે. આહા..હા...!

અનંત ગુણનો નાથ અંદર પ્રભુ સચ્ચિદાનંદ આત્મા જિનસ્વરૂપે બિરાજમાન (છે), એના જિનસ્વરૂપનું જે જ્ઞાન અને વેદન કર્યું સમ્યગ્દર્શનમાં... આહા..હા..! મુનિને સ્વસંવેદન અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા હોય છે. સાચા સંત જેને કહીએ. સમજાણું કાંઈ ? આવે છે ને પાંચમી ગાથામાં ? પ્રચુર સ્વસંવેદન. 'કુંદકુંદાચાર્ય' કહે છે, મને પ્રચુર સ્વસંવેદન છે એનાથી હું આ 'સમયસાર' કહીશ. આનંદની ઉગ્રતાનું મને વેદન છે. આહા..હા...! એ મારો વૈભવ છે. આહા..હા...! મારા વૈભવથી હું સમયસાર કહીશ. એ વૈભવ આ. આ ધૂડનો અને તમારે શું કહેવાય? ઘરવખરી. ફર્નિચર. પાંચ-પાંચ, દસ-દસ લાખના ફર્નિચર અને આમ હોળી સળગતી હોય. ધૂડેય નથી તારા ફર્નિચર, સાંભળને. એ વાત નહોતી કરી ? મેં એકવાર કરી હતી. 'ન્યાલભાઈ' નહિ જાણતાં હોય. એક આપણે 'મણિભાઈ' છે ત્યાં ઓલીકોર. 'મુંબઈ'માં પાંચ-છ કરોડવાળો છે. 'મણિભાઈ' કરીને. આ 'રસિકભાઈ' 'રાજકોટ'ના છે ને ? 'રસિકભાઈ' એના બનેવી.

નામ આપણને... પાંચ-છ કરોડ રૂપિયા. એક ફેરી આહાર કરવા ગયા હતા. એણે વિનંતી કરી હતી એટલે. તાતાનું છે ને ? તાતાનું, રહેવાનું સ્થાન. એની આ બાજુ છે. અમે ત્યાં ગયા હતા. તાતામાં ગયા હતા. એક છોકરો બહુ માંદો હતો બિચારો. બહુ હોશિયાર હતો. 'વિજય' કરીને. એને કિડનીનું દર્દ થયું. પછી એને દર્શન કરવા હતા. અહીં મહિનો-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મહિનો રહી ગયો હતો બિચારો. બાર મહિનાનું પરણેતર. કિડનીનું દરદ. મરી ગયો. હોશિયાર બહુ. આહા..હા...! અહીં તો 'મણિભાઈ'ના ઘરે અમે ગયા હતા. તો 'મણિભાઈ'એ બધામાં પગલા કરાવ્યા. આ તમારે શું કહેવાય એ ? બ્લોક. બ્લોક. કેટલાય બ્લોક અને મખમલના પેલા પાથરેલા. પાંચ લાખનું તો ઘરવખરું... શું કહેવાય તમારે ? ફર્નિચર હશે. પાંચ લાખનું. મને તો એ વખતે એમ વિચાર આવે કે અર..ર..! આમાંથી નીકળવું કઠણ પડશે આને. એય..! 'ન્યાલભાઈ'! 'મણિભાઈ' આવે છે. આપણા 'શાંતાબેન'ના બેન છે ને ? 'શાંતાબેન' છે ને ? એના બેન 'રાજકોટ'માં છે. કેવા કહેવાય એ ? ('સવિતાબેન રસિકલાલ') હા એ. એ 'રસિક' છે. 'રસિક'ના બનેવી છે. ક્યાંક મોટી દુકાન છે બહાર અરબસ્તાનમાં ક્યાંક મોટી દુકાન છે. ઘણા પૈસા છે. આ બધું મખમલ.. મખમલ.. પાથરેલા. પગલા કરાવ્યા. બહારની એવી મહિમા છે ને જરી કે મહારાજના પગલા થાય તો આપણને આમ થાય.. આમ થાય ને આમ થાય. બધી ખોટે ખોટી ભ્રમણા. આમ ચારે કોર મખમલ પાથરેલા. પાંચ લાખની તો એક હોલમાં ઘરવખરી હતી. અરે..રે..! આને નીકળવું કઠણ પડશે.

અહીં પ્રભુ કહે છે કે રાગમાંથી નીકળવું એને અનંતકાળથી કઠણ પડે છે. રાગ દયા, દયા, દાન, વ્રત, ભક્તિનો પણ વિકલ્પ છે, રાગ છે. એ રાગથી ભગવાન અંદર ભિન્ન છે. કેમ કે રાગ એ પુણ્ય તત્ત્વ છે અને ભગવાનઆત્મા જ્ઞાયકતત્ત્વ છે. આહા..હા...! એ જ્ઞાયકતત્ત્વ જે છે એમાં પુણ્યતત્ત્વનો અભાવ છે. એવા આત્માને જેણે જાણ્યો, એને જેણે અનુભવ્યો, એણે જેણે પર્યાયમાં તેના વેદનમાં અનંત આનંદ આદિ આવ્યો, તો કહે છે કે એ પર્યાય છે તે આત્મા છે. કેમ કે પર્યાય ધ્રુવને અડતી નથી, વેદન ધ્રુવને અડતું નથી, ધ્રુવનું વેદન આવતું નથી. આહા..હા...! શું છે આ તે વાત ? આવી કેવી આ વાત ? આ તો આખો દિ' બિચારા કરે. વ્રત કરો, અપવાસ કરો, મંદિર બનાવો, ભક્તિ કરો, બધી વાતું, બાપા ! એ તો પરની ક્રિયા છે. અને એમાં તને ભાવ હોય તો એ રાગ છે, વિકલ્પ છે, એ પુણ્ય છે. એ ધર્મ નહિ. આહા..હા...!

અહીં તો કહે છે કે જેણે આત્માના પૂર્ણાનંદના નાથનું અવલંબન–આશ્રય લઈને, જેને સમ્યગ્દર્ન-જ્ઞાન ધર્મની નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટી, એ પર્યાય દ્રવ્યને અડતી નથી. ૧૯મા એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા..હા...! હવે આ બધી ઉપાધિમાં આ વાત ક્યાં બેસે ? આહા..હા...! અહીંયાં તો સાચા સંત અને સાચી સમ્યગ્દર્શન દશા. એ દશાને પણ દ્રવ્ય અડતું નથી. એ દશા દ્રવ્યને અડતી નથી. આહા..હા...! એ બે ભિન્ન ભિન્ન સત્તાનો સ્વીકાર કરવાનો છે અહીં તો. સમજાણું કાંઈ ? રાગનું વેદન એનો અત્યારે પ્રશ્ન નથી. સમજાણું કાંઈ ? એ રાગ તો ધર્મીને પર્યાયમાં પણ નથી. એ તો સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્ય ભગવાનનું આનંદનું વેદન છે. આહા..હા...! રાગ છે તે પૃથક્ રહે છે. પણ અહીં જે સમ્યગ્દર્શનમાં પૂર્ણ પરમાત્મા જિનસ્વરૂપ પ્રભુ છે, એનું જાણવાનું આવ્યું, એનું વેદન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યું. જેવું જિનસ્વરૂપ વીતરાગ છે, એવી જ પર્યાયમાં વીતરાગતાની પર્યાયનું વેદન આવ્યું. આહા..હા..!

કહે છે, એ વેદનમાં... આહા..હા..! **'સામાન્ય તે જેને નથી...'** એ વેદનમાં સામાન્ય નથી. આહા..હા..! શું વાતું આવી. અરે..રે..! એણે અનંત કાળમાં દરકાર કરી નથી. બહારમાં અને બહારમાં અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. દ્રવ્યલિંગ ધારણ કરી, પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ, વ્યવહાર એવો ચોખ્ખો (પાળ્યો), શુક્લલેશ્યા–એવા વ્યવહાર અનંતવાર કર્યા પણ બાપુ ! એના ભવનો અંત ન આવ્યો. 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા...! એને આત્માનું જ્ઞાન, વસ્તુ જે છે ચિદાનંદ પ્રભુ એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એની સ્થિરતા, એના આનંદનું વેદન એ પર્યાય દ્રવ્યને અડતી નથી. એ પર્યાયમાં દ્રવ્ય નથી. દ્રવ્યમાં પર્યાય નથી, એમ અહીં પર્યાયમાં દ્રવ્ય નથી. અરે..રે..! આવી વાતું હવે.

એ એમ કહે છે, છે ? **'અર્થાવબોધ સામાન્ય તે જેને નથી...'** વેદનમાં સામાન્ય નથી. આહા..હા...! વેદનની પર્યાય દ્રવ્યને અડતી નથી. આહા..હા...! તેથી **'આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...'** આહા..હા...! ભગવાનઆત્મા દ્રવ્યને નહિ અડતો, નહિ સ્પર્શતો, વેદનને સ્પર્શે અને વેદે છે. આવી વાત છે. આહા..હા...! છે કે નહિ અંદર ? પાઠ છે કે નહિ અંદર ? જુઓને ! એ કહે છે લોકો. બાપુ ! ભાઈ ! ભગવાન તારી ઋદ્ધિ... આહા..હા...! વસ્તુ છે એ તો દ્રવ્ય તરીકે સત્તા છે. દ્રવ્ય છે એ પર્યાયને અડતું નથી, એક સમયની દશામાં દ્રવ્ય આવતું નથી અને વેદનમાં પણ દ્રવ્ય આવતું નથી માટે શુદ્ધ વેદનની પર્યાય તે આત્મા છે.

**શ્રોતા :–** કયા નયનો વિષય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિશ્ચયનય. નિશ્ચય છે આ. છે આશ્રય દ્રવ્યનો, પણ વેદન થયું એ નિશ્ચય છે પોતાનું. પણ નિશ્ચય પર્યાય તે નિશ્ચય છે ને એનું ? આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' ગજબ કામ કર્યા છે ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ ખુલ્લો કરી મૂક્યો છે. અરે..રે..! જેને સાંભળવા પણ ન મળે એ ક્યાં જાય ? શું કરશે ? આહા..હા...!

અહીં તો પ્રભુ કહે છે.. આ..હા..હા..! એ રીતે... જેને નથી કીધું સમજાણું ? ગ્રહણ એટલે દ્રવ્યને નથી. આહા..હા...! દ્રવ્યમાં વેદન નથી, દ્રવ્યનું વેદન નથી. આહા..હા..! પરિપૂર્ણ દ્રવ્ય છે એ તો ધ્રુવ છે. એનું વેદન ન હોય, વેદન તો પર્યાયનું હોય. મોક્ષમાર્ગ એ પર્યાય છે, મોક્ષમાર્ગ એ દ્રવ્ય નથી. આહા..હા...! 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ' એ પર્યાય છે. પણ કોની શ્રદ્ધા અને જ્ઞાન ? કે ત્રિકાળી દ્રવ્યની શ્રદ્ધા અને જ્ઞાન અને રમણતા. છતાં એ મોક્ષમાર્ગની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! વિશેષ દશામાં સામાન્ય આવતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. ૧૯મા બોલમાં સામાન્યમાં વિશેષ આવતું નથી (એમ આવ્યું). સમજાણું કાંઈ ? આવી વાતું છે. નિશ્ચય નિશ્ચય કરીને લોકો ઉડાવી દે છે. પણ નિશ્ચય વસ્તુ જ આમ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીં તો કહે છે કે અમને આનંદનું જે વેદન આવ્યું, અમે એને આત્મા કહીએ, એ આત્મા. આહા..હા...! એ આત્માને વેદન છે. દ્રવ્યનું વેદન નથી. વેદનમાં આત્માનું દ્રવ્ય નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? પર્યાય દ્રવ્યને અડતી નથી. પહેલાં એમ કહ્યું કે દ્રવ્ય પર્યાયને અડતી નથી. આહા..હા...! અહીં કહે છે કે વેદનની પર્યાય આવી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થતાં જે આનંદનું વેદન આવ્યું, એમાં અનંત ગુણની શક્તિ, જેટલા સંખ્યાએ ગુણ છે, એ બધાનો એક અંશ સમ્યગ્દર્શનમાં પ્રગટ થયો. જ્ઞાનાદિ અનંત ગુણ જેટલા છે તેનો એક અંશ સમ્યગ્દર્શન થતાં પ્રગટ થયો. 'સર્વગુણાંશ તે સમકિત'. આહા..હા...! પણ એ ગુણાંશ તે સમકિત છે એ ગુણાંશ દ્રવ્યને અડતું નથી. અરે..રે..! આવી વાતું છે. સમજાણું કાંઈ ? એવી એની લીલા છે. આહા..હા...! શું થાય, બાપુ ! માર્ગ તો આ છે. લોકોએ ગડબડ કરી નાખી છે. આહા..હા...!

**શ્રોતા** :- આમાં ગડબડ થાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આમાં ગડબડ થાય એવું છે જ નહિ.

**'આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...'** આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી. **'એવો શુદ્ધ પર્યાય છે...'** 'એવો' કીધો છે. 'એવી' ન લીધી. પર્યાય **'એવો શુદ્ધ પર્યાય છે...'** આહા..હા..! રાગની અહીં વાત જ નથી. રાગ તો વિકૃત અવસ્થા, વ્યવહાર રત્નત્રય છે એ તો રાગ વિકૃત અવસ્થા છે. અહીં તો ત્રિકાળી ભગવાનના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટી, એવો શુદ્ધ પર્યાય તે આત્મા છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે ! મા-બાપ ભાઈ-બહેન સગા સંબંધી આદિ અને કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે ? એની કાંઈ ખબર છે ? અરે ! મારે મારા આત્માનું હિત કરી લેવું છે—એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા ! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર ? માટે જે જાગતો રહેશે તે બચશે. ૯૪.**

**--- દ્રવ્યદષ્ટિ જિનેશ્વર – પર્યાયદષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૭૯, પ્રવચન નં. ૧૫૧
## તા. ૨૯-૦૫-૧૯૬૯
## [૧૬]

'કર્તા-કર્મ અધિકાર' ૭૯ ગાથા. પ્રશ્ન એવો છે. પ્રશ્નકર્તાનું એમ આવ્યું ને ? આ આત્માના જે પરિણામ છે... ભેદજ્ઞાન થયું – રાગથી અને પરથી ભિન્ન જ્ઞાન થયું. આત્માનું પરિણામ તો ભેદજ્ઞાન નામ રાગ-દ્વેષ રહિત પરિણામ થાય છે. રાગ અને કર્મ આદિ, એના ઉપર દૃષ્ટિ અને જ્યાં સુધી એકત્વ હતુ ત્યાં સુધી તો અજ્ઞાનીનું રાગ-દ્વેષનું કાર્ય અને રાગ-દ્વેષનો કર્તા હતો. રાગ અને પુણ્ય આદિ, શરીરાદિથી ભિન્ન પોતાનું શુદ્ધ સ્વરૂપ, વિકારથી ભિન્ન અવિકારીનું અંતર ભાન થયું, એ વખતે પોતાના પરિણામ તો વીતરાગી નિર્દોષ પરિણામ થાય છે. તેને જીવના પરિણામ કહે છે. એ જીવના પરિણામને પુદ્ગલ જાણતું નથી અને પોતાનો પુણ્ય-પાપનો વિકલ્પ અને હરખ-શોકનો ભાવ એને પણ પુદ્ગલ પોતાના પરિણામને, પોતાના ફળને જાણતું નથી. સમજાણું કાંઈ ? એ પુદ્ગલ કર્મ અથવા પુદ્ગલ દ્રવ્ય જીવના પરિણામને નથી જાણતું, પોતાના પરિણામ અને પોતાના ફળને નથી જાણતું એવા પુદ્ગલકર્મની સાથે આત્માનો કર્તા-કર્મ સંબંધ છે કે નહિ ? એ પુદ્ગલ કર્તા અને જીવનું પરિણામ કર્મ, એવો કોઈ સંબંધ છે ? એવો પ્રશ્ન ૭૯ ગાથામાં ચાલ્યો.

છેલ્લે કહ્યું કે **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે.'** પરિણમન કરીને એ જ પર્યાયનું પરિણમન માટીમાં પોતાની પર્યાયમાં થાય છે અને ઉત્પન્ન થયેલી ઘડાની પર્યાય પોતામાં ઘડાની પર્યાય ઉપજી. માટી પોતાની પર્યાયમાં પ્રાપ્ય, વિકાર્ય નિવૃત્તને પ્રાપ્ત કરે છે. એ જ પ્રકારે પુદ્ગલ, જીવ–પરિણામ, પોતાના પરિણામ અને એના ફળ પરિણામને નહિ જાણનારું પુદ્ગલ દ્રવ્ય, એ સ્વયં પરદ્રવ્યના પરિણામમાં વ્યાપ્ત નથી થતું. રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પનાનો ભાવ અને કર્મના ફળરૂપ સંયોગી ભાવ, એ પુદ્ગલ દ્રવ્ય સ્વયં આત્માની નિર્દોષ ધર્મરૂપી પર્યાયને ગ્રહણ નથી કરતું. ધર્મરૂપી પર્યાયને પુદ્ગલ પરિણામ અને ફળ ગ્રહણ નથી કરતા, કેમ કે એ વસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ ?

ભેદજ્ઞાનીની વાત ચાલે છે. ભિન્ન છે એવો ભિન્ન થઈ ગયો. ધર્મીના પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદ આદિ જે પરિણામ છે એ પરિણામને પુદ્ગલના પરિણામ –

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગ-દ્વેષ, હરખ-શોક અને આનંદના પરિણામને ગ્રહણ કરતાં નથી. આનંદરૂપી પરિણામને પ્રાપ્ય કરે એમ નથી. સમજાણું કાંઈ ? આવો સૂક્ષ્મ ભાવ ! તદ્દન અજાણ્યાને ગ્રીક-લેટિન જેવા લાગે. શું છે આ ? સમજાણું કાંઈ ?

એ પુદ્ગલ, જીવના પરિણામમાં અથવા આત્માના જ્ઞાન ને આનંદરૂપી દશાને પુદ્ગલ પરિણામ નામ રાગ-દ્વેષ અને સુખ-દુઃખનાં પરિણામ એ પુદ્ગલ પરિણામ છે, એ પુદ્ગલ છે; તો એ પુદ્ગલ જીવના પરિણામને પ્રાપ્ત નથી કરતું, જીવના પરિણામમાં પરિણમન કરતું નથી; અને જીવના પરિણામમાં એ પુદ્ગલ ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ ? તો શું છે હવે ?

**'પરંતુ...'** આપણે આજે ત્યાં આવ્યું છે. કાલે ત્યાં સુધી આવ્યું હતું. **'ઊપજતું નથી; પરંતુ...' 'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ,...'** ભાષા જુઓ ! પુદ્ગલનું સ્વભાવિક કાર્ય, સહજ સ્વભાવનું કાર્ય, એ વ્યવહાર શુભાશુભ પરિણામનું થવું અને હરખ-શોક, સુખ-દુઃખની કલ્પનાનું થવું અને સંયોગી પરમાણુની પર્યાયનું થવું એ પુદ્ગલનું સ્વાભાવિક કાર્ય છે. સમજાણું કાંઈ ? શુભયોગરૂપી જે ભાવ શુભરાગ– પ્રશસ્ત રાગ થયો એ પુદ્ગલનું સ્વાભાવિક કાર્ય છે.

સ્વભાવિક પુદ્ગલનું કાર્ય છે. કેમ કે પુદ્ગલ રાગથી આત્મા ભિન્ન પડ્યો, પોતાના વીતરાગી પરિણામને આત્મા પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કરે છે; અને પોતાના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પરિણામને પુદ્ગલ પ્રાપ્ત કરતું નથી. પુદ્ગલ પોતાના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ પુદ્ગલનું સ્વભાવિક કાર્ય છે, એ પરિણામ. દેહની ક્રિયા તો બીજી. આમ આમ થવું એ તો જડની (ક્રિયા છે).

કેમ કે ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ પોતાના ઘરમાં આવ્યો તો એમાંથી વિકાર પરિણામ કઈ રીતે ઉત્પન્ન થાય ? સમજાણું કાંઈ ? કેમ કે ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ ભાવ એવી પોતાની ચીજ, તેના ઉપર દૃષ્ટિ કરવાથી શુદ્ધ, પવિત્ર, આનંદ, જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ પોતામાં ઉત્પન્ન થાય છે. એ ધર્મીનું કાર્ય અને ધર્મીના પરિણામ છે. અને એ સમયમાં જે હરખ-શોક અને રાગ-દ્વેષના પરિણામ થયા એ સ્વાભાવિક પુદ્ગલનું કાર્ય છે, એમ કહ્યું. સમજાણું કાંઈ ? એટલો સ્વભાવ અહીં લગાવ્યો.

**'પોતાના સ્વભાવરૂપ કર્મ...'** એવો શબ્દ પહેલાં પાંચ ગાથામાં નહોતો આવ્યો. આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ છે, એના ઉપર દૃષ્ટિ લગાવવાથી પોતાના બધા પરિણામ, નિર્મળ પરિણામ એમ ત્યાં કહ્યું. સમજાણું કાંઈ ? પણ અહીંયાં તો રાગથી અને પરથી ભિન્ન થયો એવો પ્રભુ, એમાં જે રાગાદિ થયા એ તો પુદ્ગલનું સ્વભાવિક કાર્ય છે, એ આત્માનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

પ્રાપ્ય—જે સમયે જે દયા, દાન, વિકલ્પ આદિ આવવાનો છે, એ આવ્યો એનું નામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રાપ્ય. અને એ સમયે પૂર્વની પર્યાય બદલાઈને જે પરિણમન થવાનું હતું એ વિકાર્ય. એ જ પર્યાય ઉત્પન્ન થવાની હતી તે નિર્વર્ત્ય. આવો પુણ્ય-પાપ અને હરખ-શોકનો વિકલ્પ, દેહાદિની ક્રિયાનો એ સમયમાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પરમાણની પર્યાય, એમાં પુદ્ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ય થાય એ સ્વભાવિક પુદ્ગલનું કાર્ય છે. સમજાણું કાંઈ ?

**'પ્રાપ્ય, વિકાર અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...'** ઓ..હો..હો..! શું ચીજ છે આ ! એ જ સમયે જે રાગ આવવાનો હતો એ આવ્યો. એમ કોઈ કહે કે અશુભથી બચવા માટે શુભભાવ આવ્યો, તો એ કથન પણ વ્યવહાર છે. આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ ? જ્ઞાનીને શુભભાવ થયો એમ કહેવું એ વ્યવહાર છે, એને શુભભાવ છે જ નહિ. અને અશુભથી બચવા શુભભાવ થાય છે એમ કહેવું પણ સત્ય નથી. એ બધું કથન વ્યવહારથી છે.

અહીં તો શું કહ્યું ? જુઓ ! એ સમયે શુભરાગરૂપી પ્રાપ્ય થનારું પુદ્ગલકર્મનું સ્વભાવિક કાર્ય છે. પછી વળી (એમ કહે કે) અશુભથી બચવા શુભભાવ આવ્યો, એ ભાષા તો જરી લોકોને સંતોષ થાય માટે કહ્યું કે અશુભથી બચવા એવો ભાવ થાય છે. સમજાણું ? તો કહે હા. ઠીક.. ઠીક.. ઠીક.. ભાવ તો આવે છે ને ? પણ એ વખતે અશુભભાવ થવાનો હતો અને શુભભાવ થયો એમ નથી. સમજાણું કાંઈ ? એ કહે છે કે એ તો શુભરાગ જે સમયે થવાનો હોય તે જ સમયે તે પ્રાપ્ય છે. એ સમયનું એ પરિણમન શુભ વિકાર્ય છે. એ જ સમયે શુભ પરિણમન ઉત્પન્ન થવાનું હતું તે નિર્વર્ત્ય છે. આહા..હા...! શું વાત કરે છે ! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બચાવવા માટે વ્યવહારનું કથન છે.

**શ્રોતા :–** પણ એક ને એક આચાર્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક ને એક આચાર્ય ન કહે.? વ્યવહારનયથી કથન હોય છે. નિશ્ચયથી જેમ છે એમ છે. વ્યવહારથી એમ કહે છે, પણ એમ નથી. પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા કથન કર્યું છે. સમજાણું કાંઈ ? જુઓ ! આવે છે ત્યાં. 'પંચાસ્તિકાય'માં નથી આવતું ? આવે છે. અશુભ વંચનાર્થ, કુસ્થાનથી નિષેધાર્થ. જ્ઞાનીને પણ કુસ્થાનથી નિષેધ... એ બધી વ્યવહારની શૈલી જ એવી છે.

હા, એ વ્યવહાર શબ્દ છે. વાસ્તવિક તો એ સમયનો રાગ, પુદ્ગલનો સ્વભાવિક કાર્ય આવ્યા વગર રહે નહિ. એમ કહે છે. આહા..હા...!

**શ્રોતા :–** પ્રાયશ્ચિત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રાયશ્ચિત.... એ બધી વાતું છે. પ્રાયશ્ચિત શું ? એ બધી વ્યવહારની વાતું છે. એવા વિકલ્પનો કાળ હતો તો પુદ્ગલનું કાર્ય થયું. ગુરુ પાસે ગયા તોપણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુદ્ગલનું કાર્ય રાગ છે. વાણી નીકળી કે મને આમ થયું, એ બધું પુદ્ગલનું કાર્ય છે.

**શ્રોતા :–** ગુરુકૃપા એ પુદ્ગલનું કાર્ય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુરુકૃપા પુદ્ગલનું જ કાર્ય છે.

**શ્રોતા :–** પ્રાયશ્ચિત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પોતાના સ્વભાવમાં પોતાની સ્થિરતા, પોતાનું પ્રાપ્ય એ સમયમાં શુદ્ધને પ્રાપ્ત કરે એ જ પોતાનું પ્રાયશ્ચિત છે. આહા..હા...! શુભને પ્રાપ્ય કરે એ કંઈ પ્રાયશ્ચિત છે ? શુભ તો સ્વભાવિક એ સમયે થનારો સ્વભાવિક પુદ્ગલનું કાર્ય છે. ઓ..હો..હો..! વ્યવહારના કથનો એટલા આવે–પ્રાયશ્ચિત લે, વ્રત નિરતિચાર પાળે. ભાષા કેવી આવે ? દોષ લાગે તો છેદ આવે, ગુરુ પાસે જાય, દીક્ષા છેદે, એ બધા કથન એવી શૈલી છે.

પુદ્ગલ પોતાનો સ્વભાવ જ નથી. અહીંયાં તો રાગથી ભિન્ન થયેલાની વાત છે ને ? જે રાગને પોતામાં માને છે ત્યાં તો રાગ તેનું કાર્ય અને અજ્ઞાન તેનો કર્તા. એ તો પુદ્ગલ જડ જ છે, એ આત્મા થયો નથી. રાગ પોતાનું કાર્ય અને કર્તા એ અંદર આત્મા રહ્યો નથી, એ તો અણાત્મા થઈ ગયો, પુદ્ગલની દૃષ્ટિ થઈ ગઈ. ઓહોહો..! પ્રાયશ્ચિતના એટલા ગ્રંથો ભર્યા હોય. એ તો એ સમયની ભાષાની વર્ગણા આવવાની હતી, એ પર્યાય પ્રાપ્યને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. આત્મા બોલે છે ? અને એ શુભનો વિકલ્પ આવ્યો, કે મહારાજ ! મને આવું દુઃખ થાય છે. એ વખતે પણ જ્ઞાનમાં પરથી વિરક્ત જ છે, એ સમયે પણ જ્ઞાન રાગથી વિરક્ત જ છે. એ રાગમાં એકમેક છે જ નહિ. આહા..હા..! એ સમયે જે રાગ થયો એ તો પુદ્ગલનું સ્વભાવિક કાર્ય છે. પણ એ સમયે એ જ રાગનું જ્ઞાન થયું એ પોતાના આત્માનું પ્રાપ્ય છે. સમજાણું કાંઈ ? એ જ જ્ઞાનની પર્યાય થવાની હતી. એ રાગના જ્ઞાનની પર્યાય જે થઈ, રાગનું જ્ઞાન થયું, તો એ જ જ્ઞાન પ્રાપ્ય થઈને એ જ સમયે આવવાનું હતું એને જ્ઞાની પ્રાપ્ય નામ પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ ? કથન એવું છે. કથન વ્યવહારે ઘણા આવે. એનો અર્થ ન સમજે તો પરમાર્થનો નાથ થઈ જાય. સમજાણું કાંઈ ?

કહે છે કે ધર્મીને, જ્ઞાનીને, મુનિને કે સમકિતીને એ સમયે જે રાગ થયો એ તો પુદ્ગલનું કાર્ય છે. એનું જાણવું એ પોતામાં રાગને અડ્યા વગર પોતાનું કાર્ય થયું, એનું પ્રાપ્યરૂપ કાર્ય આત્માનું છે. રાગનું કાર્ય પુદ્ગલનું છે. સમજાણું કાંઈ ? 'અગમ્ય પ્યાલા પીઓ મતવાલા, કિન્હી અધ્યાત્મ વાસા....' અધ્યાત્મ વસ્તુ એવી છે. જ્ઞાનાનંદ ભગવાન ચૈતન્ય પ્યાલો, આનંદ સ્વરૂપનો પીધો, બસ ! ક્ષણે-ક્ષણે જે જ્ઞાન અને આનંદની પર્યાય, જે જાતનો વ્યવહાર ઉત્પન્ન થવાનો છે એ પુદ્ગલથી સ્વભાવિક કાર્ય થશે, અને એનું જ્ઞાન પણ એ સમયે એ પ્રકારે પોતાનું પ્રાપ્ય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. પણ એ જીવના પરિણામને પુદ્ગલનું પરિણામ પ્રાપ્ય કરતાં નથી. એ સિદ્ધ કરવું છે ને અહીંયા ? સમજાણં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? ઓહોહો..! ઘણા ધીરા... ધીરા.. ધીરાની વાત છે અહીં. સમજાણું કાંઈ ? ધિ–બુદ્ધિ, ર–પ્રેરતે. સ્વરૂપમાં ધી-બુદ્ધિ પ્રેરે તે ધીર, બુદ્ધિ કહેવામાં આવે છે. રાગમાં પ્રેરે અને રાગમાં પોતાનું (અસ્તિત્વ માને) એ બુદ્ધિ જ નથી, એ જ્ઞાન નથી, એમ કહે છે. દુનિયાથી અવલદોમ છે. ઓલા કહે, વ્યવહાર કરવો, વ્યવહારથી શુદ્ધિ થશે. **'शनैः शनैः'** 'પંચાસ્તિકાય'માં છે. એય..! 'દેવાનુપ્રિયા' ! ક્યાં છે ? તમારા ભાઈએ લખ્યું છે. **'शनैः शनैः'** વ્યવહારથી શુદ્ધિ થાય છે, પછી એનો દંડ પણ લે છે. અને પછી કહે છે કે આત્મા એ ક્રિયાકાંડને સ્પર્શતો નથી.

**શ્રોતા :–** એ કીધા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કીધા પછી એટલે એ વખતે જણાયું, એવી વાત થઈ હતી માટે જણાયું. આહા..હા...! એવું કામ છે, બાપા ! ભગવાનઆત્મા 'જાગીને જોયું તો જગત દિસે નહિ.' ભગવાનઆત્મા રાગ અને પરથી ભિન્ન જ્યાં જાગૃત થયો, ત્યાં રાગાદિ સંસાર પોતામાં છે જ નહિ. કોઈ કહે કે એ તો વેદાંતી કહે છે, પણ વેદાંત તો એમ કહે છે કે જગત કંઈ છે જ નહિ–એમ નથી. જાગીને જોયું તો પોતામાં જગત નથી.

**શ્રોતા :–** જગતમાં જગત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જગતમાં જગત છે. બેમાં એટલો ફેર છે. સમજાણું કાંઈ ? એ જગત શબ્દે શુભરાગ, વિકલ્પ, કર્મ, શરીર, વાણી બધું આખું જગત. 'જાગીને જોયું તો જગત દિસે નહિ.' સ્વરૂપમાં એ કોઈ નથી. પાછળથી જે આવ્યું એ સંસારી જગતની ચીજ, પુદ્‌ગલની ચીજ છે. આહા..હા...! ભગવાન ! તારા ચૈતન્યની લીલાની રમત આવી છે. સમજાણું કાંઈ ? ઓહોહો..!

કહે છે કે **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ...'** એ અવસ્થા જ પુદ્‌ગલનું સ્વભાવિક કાર્ય છે. ભગવાનઆત્મા તો એને જાણવા-દેખવાની પર્યાયનો કર્તા છે. સમજાણું કાંઈ ? અને એ જાણવા-દેખવાની પર્યાયને પુદ્‌ગલ પરિણામ કરતાં નથી. સમજાણું કાંઈ ? એટલે કે શુભરાગ એવી ચીજ આવી, તો એનાથી નિશ્ચય સ્વભાવ ટક્યો છે, રહ્યો છે અને ઉત્પન્ન થાય છે એમ નથી. શું આવ્યું ? સમજાણું કાંઈ ? એ સમયે એવો શુભરાગ આવ્યો, એવો શુભરાગ આવ્યો, પ્રશસ્ત તીર્થંકરગોત્ર બંધાવાનો (ભાવ થયો). એ ભાવ છે તો અહીંયાં નિશ્ચય ભાવ ટક્યો છે, નિશ્ચયની એ કારણથી પ્રાપ્તિ થઈ છે અને એ છે તો અહીં નિશ્ચયની ઉત્પત્તિ થઈ છે, એમ નથી. કેમ કે પુદ્‌ગલનું કાર્ય પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આત્માનો કર્તા છે એમ નથી. ઓહોહો..! સમજાણું કાંઈ ?

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્ય...'** વ્યાપ્ય નામ અવસ્થા. એવી અવસ્થા લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય, પુદ્‌ગલના સ્વભાવિક કાર્ય... આહા..હા...! આખું જગત ને રાગથી માંડી પુદ્‌ગલનું સ્વભાવિક કાર્ય એ કર્તાનું કાર્ય છે. એ પુદ્‌ગલ કર્તા અને એનું એ કાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, આત્માનું કાર્ય નથી. '...ભાઈ'! આ શુભરાગ આત્માનું કાર્ય નથી એમ કહે છે. તીર્થંકર ગોત્ર જે ભાવથી બાંધે એ ભાવ પુદ્‌ગલનું સ્વભાવિક કાર્ય છે.

ખબરની વાત ક્યાં છે ? એ તો પહેલાં કહ્યું. ખબર છે એ પુદ્‌ગલ છે ? જગતની ચીજ છે ? ખબર ન હોય એ ચીજ જગતમાં છે જ નહિ ? તો તો પાંચ દ્રવ્ય સિદ્ધ જ નહિં થાય. ખબરવાળી ચીજ જો સિદ્ધ હોય તો એક જ ચીજ સિદ્ધ થશે. ખબર વિનાની ચીજ નથી તો પાંચ દ્રવ્ય સિદ્ધ નહિ થાય. રાગ પણ ખબર વિનાની ચીજ છે. આવી વસ્તુ છે, ભાઈ ! ઓહોહો..! વ્યવહારના પક્ષમાં પડેલાને આ વાત એવી લાગે, એકવાર 'કુંદકુંદાચાર્ય' ઉડાડશે. જ્યારે એને સરખું નહિ બેસે ને ત્યારે. કરતાં.. કરતાં.. કરતાં... નહિ, નહિ 'કુંદકુંદાચાર્ય' વેદાંતમાં ચાલ્યા ગયા. કોઈએ કહ્યું હતું. 'નાથુરામ' 'નાથુરામ પ્રેમી' હતો ને એક ? 'નાથુરામ પ્રેમી' 'મુંબઈ'માં હતા. એ કહેતાં હતા, 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર' વેદાંતની ઢાળમાં ઢાળી દીધું છે. અરે..! ભગવાન ! તને ખબર નથી, બાપુ ! જૈનદર્શન, વીતરાગદર્શન શું ચીજ છે ? સમજાણું કાંઈ ?

કાલે એક 'કાગ'નો પત્ર આવ્યો છે. કવિ કાગ. બહુ ખુશ થયા ને ? એમ કે આહા..હા...! કાગ પાસે ગરુડ આવે ! મને તો કાગળ ... બહુ ખુશી થયા. એને બે પુસ્તક આપ્યા હતા. થોડું થોડું વાંચ્યું હશે. પછી કહે, જૈનધર્મની ચાવી તમે ખોલી દીધી, એમ કહ્યું. દૃષ્ટાંત આપ્યું છે. ઓરડા જેવડું બારણું ન હોય. બારણું સમજો છો ? દરવાજો. બારસાખ જેટલું તાળ ન હોય, તાળા જેવડી ચાવી ન હોય, પણ કુચી વિના ઓરડા ખૂલે નહિ. કવિ છે ને, ભાઈ ! કાલે ચિઠ્ઠી આવી ફોટો માગ્યો છે. મને એક ફોટો મોકલાવો. મોટો ઓરડો હોય છે ને ? એ ઓરડાથી બારણું નાનું હોય છે અને બારણાથી નાનું તાળું હોય છે અને તાળા કરતાં ચાવી નાની હોય છે. પણ એ ચાવી વિના ઓરડો ન ખૂલે. એમ લખ્યું. એમ તમે જૈનધર્મની ચાવી લોકોને આપી, જૈનધર્મની વાત ખોલી નાખી. થોડું વાંચ્યું હતું ખરું ને. બે પુસ્તક આપ્યા હતા. 'જીવનચરિત્ર' અને 'આત્મસિદ્ધિ'. થોડું થોડું વાંચ્યુ હશે.

જે સ્વરૂપ... કહ્યું હતું ત્યાં. જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો (દુઃખ અનંત). એ વસ્તુ મૂળ છે. સ્વરૂપ ચીજ શું છે ? પોતાની વસ્તુ શું છે ? સમજાણું કાંઈ ? નિજ સ્વરૂપ શું છે ? સ્વભાવ શું છે ? પોતાની ચીજમાં શું શું પડ્યું છે ? અનંત અનંત અપરિમિત આનંદ શક્તિ, વીર્ય બળ આદિ ભર્યા છે. એવું સ્વરૂપ ભગવાનઆત્મા, તેને જાણ્યો નથી માટે પરિભ્રમણ કરે છે. ફલાણું કર્યું નહિ, ઈશ્વરે કર્યું નહિ, એમ નથી. સમજાણું કાંઈ ? લ્યો. આચાર્યોએ આખા જૈનધર્મની ચાવી લગાવી દીધી છે, કબાટ ખોલી નાખ્યા. આ માર્ગ છે, ભાઈ ! આહા..હા...!

તારા ચૈતન્યસૂર્યમાં ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનની પર્યાયનું પ્રાપ્ય અને કાર્ય કરે, એ રાગનું કાર્ય કેમ કરે ? એમાં છે જ નહિ ને ! એના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં રાગ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ. આહા..હા...! કેમ કે જે સ્વભાવે શુદ્ધ અકષાયભાવ છે, એનો વિસ્તાર થઈને પર્યાયમાં અકષાયભાવ આવે છે; તો અકષાયભાવ કહો, વીતરાગભાવ કહો, જિન સો હી આત્મા કહો. 'જિન સો હી આત્મા, અન્ય સોહી હૈ કર્મ.' રાગાદિ પુદ્ગલનું કાર્ય. જુઓ ! એમાં એ આવી ગયું. 'જિન સોહિ આત્મા'. ચારિત્રસ્વરૂપ, અકષાયસ્વરૂપ, જિનસ્વરૂપ એ આત્મા. એનો વીતરાગભાવ... જ્યારે દૃષ્ટિ થઈ તો વીતરાગભાવ પર્યાયમાં વ્યાપ્ત થયો. વીતરાગભાવનો વિકાસ થયો. દ્રવ્યમાં અને ગુણમાં જિનપણું, વીતરાગપણું પડ્યું છે અને એની પ્રતીત અને આખા દ્રવ્યનો કબજો લીધો, તો પર્યાયમાં વીતરાગતા આવી ગઈ. સમજાણું કાંઈ ? તો વીતરાગની પર્યાય વીતરાગી એ પોતાનું કાર્ય અને પોતાનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય છે. આહા..હા...! પણ એ પુદ્ગલ જે પોતાના રાગ, પુણ્ય, પાપના પરિણામમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય .. સ્વભાવિક કર્મ કરે છે, એ પોતાના આત્માના પરિણામમાં પ્રાપ્ય થાય એમ નથી. ઓહોહો..! કર્તાકર્મની વ્યાખ્યા અલૌકિક વાત છે.

કહે છે કે એ કર્તાનું કર્મ છે. એ પુદ્ગલનું પરિણમન છે, પુદ્ગલનું પરિણમન છે. વ્યવહાર રત્નત્રય શુભયોગ એ પુદ્ગલનું પરિણમન છે, પુદ્ગલનું કાર્ય છે, પુદ્ગલનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય છે, તો એ પુદ્ગલનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય શું આત્માનું સમ્યગ્દર્શન પ્રાપ્ય પર્યાયમાં આવી જાય છે ? એ તો ભિન્ન છે, તદ્દન ભિન્ન છે. જગત અને ચૈતન્ય તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ ? એ પુદ્ગલદ્રવ્ય. ઉપરથી લેવાનું, પહેલી લીટી. **'(તે પુદ્ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** તેને ગ્રહણ નથી કરતું. **'એવું પુદ્ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** ને કરે છે. લ્યો. આહા..હા...!

**'(તે પુદ્ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને,...'** સ્વયં અતંર્વ્યાપક થઈને,.. **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** એ શુભરાગ, અશુભરાગ, હરખ-શોકની કલ્પના, સંયોગી અનુકૂળ-પ્રતિકૂળ પર્યાય, પર્યાયમાં પુદ્ગલ સ્વયં આત્માની પર્યાયની અપેક્ષા રાખ્યા વગર એની નિશ્ચય દશા છે, તો એમાં આવો વ્યવહાર હોય એવી અપેક્ષા રાખ્યા વગર. સમજાણું કાંઈ ? જુઓ !

'પ્રવચનસાર'માં ચરણાનુયોગની પહેલી ગાથામાં આવે છે. ચરણાનુસારી દ્રવ્યમ્, દ્રવ્યાનુસારી ચરણમ્. એવો શ્લોક છે. એનો અર્થ કે જે શુદ્ધિ છે એ પ્રકારમાં ત્યાં રાગની મંદતા, એટલા પ્રમાણમાં ત્યાં આવે છે. જેટલી શુદ્ધિ છે.... દ્રવ્યાનુસાર નામ શુદ્ધિ. એ દ્રવ્યાનુસારી ચરણમ્ અથવા જેટલી શુદ્ધિ છે એ પ્રમાણમાં ત્યાં રાગની મંદતાનો ભાવ થાય છે. અને ચરણાનુસારી દ્રવ્યમ્. રાગની જેટલી મંદતાનો ભાવ એ પ્રમાણે અહીં શુદ્ધિની પર્યાય આ બાજુ થાય છે. પોતપોતાના કારણે. સમજાણું કાંઈ ?

ત્યાં તો એમ પણ લીધું છે કે દ્રવ્યનું અનુસરણ કરીને કે ચરણનું અનુસરણ કરીને ... કરો. એનો અર્થ, રાગની મંદતા કેટલી છે એનું જ્ઞાન કરીને, અશુદ્ધિ કેટલી ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય એનું જ્ઞાન કરીને આત્માનો આશ્રય કરો. આહા..હા...! સમજાણું કાંઈ ? ચરણાનુયોગની પહેલી ગાથા છે, 'પ્રવચનસાર'. આ શું છે ? 'સમયસાર'. સમજાણું કાંઈ ? તો કહે છે કે પુદ્ગલદ્રવ્ય પોતે, એ પુણ્ય-પાપનો જેટલો વ્યવહાર... જુઓ ! ત્યાં ચરણાનુયોગમાં તો એમ કહ્યું કે પાંચ પ્રકારનો જ્ઞાનાચાર વ્યવહાર. દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય. હે...! જ્ઞાનાચાર, હું જાણું છું કે તું મારી ચીજ નથી. પણ તારા પ્રસાદથી જ્યાં સુધી હું શુદ્ધ ન પામું,.. એવો શબ્દ છે. ચરણાનુયોગ. એ બધા વ્યવહારના કથન છે.

**શ્રોતા :–** પ્રસાદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રસાદ-ફ્સાદ કંઈ નથી. સમજાણું કાંઈ ?

'પ્રવચનસાર' ચરણાનુયોગની પહેલી ગાથામાં (કહ્યું), હે જ્ઞાનાચાર ! સમય જોઈને આ કાળે સ્વાધ્યાય કરવો, એવું આવે છે ને ? દર્શનાચાર–સમકિતમાં શંકા આદિ ન લગાવવા. ચારિત્રમાં પાંચ સમતિ, ગુપ્તિમાં દોષ ન લગાડવો. વીર્યાચાર–વીર્યની સ્ફુરણા એટલે વિકલ્પ. એ પાંચ. હે જ્ઞાનાચાર ! તેથી હું જાણું છું કે તું મારી ચીજ નથી, મારું સ્વરૂપ નથી. એમ તો પહેલાં લીધું છે. પણ તારા પ્રસાદથી જ્યાં સુધી હું પૂર્ણ શુદ્ધતાને ન પામું ત્યાં સુધી હું તારો આશ્રય લઉં છું. એય...! ભારે વ્યાખ્યા. અહીં તો કહે છે, આશ્રય-ફાશ્રય મને છે જ નહિ. આશ્રય કેવો ? એનો મને આશ્રય ક્યાં છે અને મારો એને આશ્રય નથી. ભિન્ન ચીજ છે એમાં આશ્રય કેવો ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** કહેનારા એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહેનારા એક, પણ કઈ અપેક્ષાએ કહ્યું એને સમજવું જોઈએ. કહેનાર તો એક જ છે. એ જ આચાર્ય 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય'. ચરણાનુયોગની પદ્ધતિમાં વ્યવહારપ્રધાન બધું કથન વિશેષ આવે છે. નિશ્ચય પણ એમાં છે. સમજાણું કાંઈ ? દ્રવ્યાનુયોગમાં ખાસ એકલું સ્વતઃ સ્વભાવનું કથન મુખ્યપણે આવે છે. ચારે અનુયોગનો ન્યાય મેળવવો જોઈએ ને. એ કાંઈ વિરુદ્ધ છે ? એક આચાર્ય એ ન્યાય ત્યાં કહે, એ નય ત્યાં કહે તો એમાં વિરોધ છે ? વીતરાગનું વચન વિરુદ્ધ હોય નહિ. સંતોના વચનમાં વિરોધ હોય જ નહિ. સમજાણું કાંઈ ?

ત્યાં કહે છે તારા પ્રસાદથી... અહીંયાં કહે છે, તારું કાંઈ પણ મને લાગતું-વળગતું નથી. ઠીક. જ્ઞાન વ્યવહાર આચાર પંચ, જ્ઞેય કરવો... આવે છે ને એવું ? એ તો બધા પુદ્ગલના પરિણામ છે. વ્યવહાર જ્ઞાનાચાર પુદ્ગલના પરિણામ છે. પુદ્ગલના સ્વભાવનું કાર્ય છે. મારું છે જ નહિ ને. તારા પ્રસાદથી હું શુદ્ધતા પ્રાપ્ત કરું એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

પ્રસાદનો અર્થ કે છે. બસ. એ જ્યાં સુધી છે, તો એનો પ્રસાદ એમ કહેવામાં આવ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રસાદ-ફસાદ. તારો પ્રસાદ મારે શું કામ આવે ? અમારી પર્યાયમાં પ્રાપ્ત કરવાનું અમારાથી છે. તારા રાગથી અમારામાં પ્રાપ્ત કરવાનું છે ? સમજાણું કાંઈ ? આહા..હા...! વ્યવહારથી અભાવ કરીને.. તો તો પુદ્‌ગલનો અભાવ કરીને ઉત્પન્ન થાય છે. એટલી પણ અપેક્ષા નહિ, ભાઈ ! શું કહ્યું સમજ્યા ? વ્યવહારનો અભાવ કરતાં કરતાં આગળ વધે છે, એ બધી કથન શૈલી એવી છે. ઓહોહો..! પુદ્‌ગલનો અભાવ તો પુદ્‌ગલથી થાય છે. આત્મા શું એનો અભાવ કરે ? પોતામાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ તો પોતાના સ્વદ્રવ્યના આશ્રયથી થાય છે, એ સમય સમયનું જે પરિણામ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આત્મા એ રૂપે પ્રાપ્ત કરે છે. ત્યાં પરના અભાવની અપેક્ષાએ, વ્યવહારની અભાવની અપેક્ષાએ આગળ વધે છે ? આહા..હા..! 'જ્ઞાનચંદજી'! ભારે વાત, ભાઈ ! વીતરાગમાર્ગ સમજ્યે ખલાસ થઈ ગયું, સંસાર રહે નહિ. એવી ગૂઢ ગંભીર ચીજ છે. એને નિશ્ચય અને વ્યવહારની ભિન્નતાને બરાબર જાણવી એ અલૌકિક પુરુષાર્થ છે. સમજાણું કાંઈ ?

કહે છે કે '**(તે પુદ્‌ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને,...**' કોનામાં ? એ વ્યવહારમાં–રાગમાં. '**આદિ-મધ્ય-અંતમાં...**' એમ. કોઈપણ નિશ્ચયની અપેક્ષા નહિ અને નિશ્ચયમાં વ્યવહારની અપેક્ષા નહિ. એ તો પહેલાં આવી ગયું. પોતાની નિર્મળ પરિણામના પ્રાપ્યમાં આદિમાં આત્મા છે. આદિમાં વ્યવહાર છે, પુદ્‌ગલનું પરિણામ એવું નથી. એ તો પહેલાં આવી ગયું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! '**તેને જ ગ્રહે છે,...**' પુદ્‌ગલ શુભભાવને પ્રાપ્ત કરે છે. અચતેન પુદ્‌ગલ પોતાનો પ્રાપ્ય, એ સમયનો શુભભાવ, એને અચેતન પુદ્‌ગલ ગ્રહણ નામ પ્રાપ્ય કરે છે. આત્મા તેને ગ્રહણ કરતો નથી. એ અચેતનનું પ્રાપ્ય છે. એ જીવની નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરતા નથી. બન્ને ભિન્ન ભિન્ન દ્રવ્ય કામ કરે છે.

'**તેને જ ગ્રહે છે, તે-રૂપે પરિણમે છે...**' એ પુદ્‌ગલ શુભરાગરૂપે પરિણમન કરે છે. પહેલાં અશુભ હતો અને પછી શુભ થયો અથવા પહેલાં મંદ શુભ હતો અને વિશેષ શુભ થયો, એ પુદ્‌ગલ જ એ રીતે વિકારરૂપે પરિણમન કરે છે. આત્મામાં કાંઈ પુરુષાર્થ મંદ થયો માટે આમ થયું એવી કોઈ અપેક્ષા અહીંયા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? એ અશુભને કાળે સ્વનો આશ્રય થોડો છે શુભના કાળે સ્વનો આશ્રય વિશેષ છે. શુદ્ધની પર્યાય જ્યારે પ્રગટ થાય ત્યારે સ્વનો આશ્રય વિશેષ છે. 'સોગાની'માં આવે છે. એ બધા અપેક્ષાએ કથન છે. અશુભભાવ હોય ત્યારે સ્વનો આશ્રય થોડો છે, શુભ હોય ત્યારે વિશેષ આશ્રય છે, શુદ્ધ હોય ત્યારે–શુદ્ધોપયોગ જ્યારે પરિણમે ત્યારે તો વિશેષ આશ્રય હોય છે. એ તો એક સ્થિતિનું વર્ણન છે. શુભ અને અશુભને કારણે આમ છે, એમ નથી. સમજાણું કાંઈ ? ઓ..હો..હો...!

તેને પુદ્‌ગલ પુણ્ય–શુભભાવને, અશુભભાવને કે બાહ્યની પર્યાયને ગ્રહણ કરે છે. '**તે રૂપે જ પરિણમે છે અને તે રૂપે જ ઊપજે છે; માટે જીવના પરિણામને,...**' એ કારણે જીવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણામને એટલે વીતરાગી પર્યાયને પુદ્ગલ જાણતાં નથી. સ્વાભાવિક પુદ્ગલનું કાર્ય એ ધર્મની પર્યાયને જાણતાં નથી. જીવના પરિણામ કહો અથવા વીતારાગી પર્યાય–ધર્મપર્યાય, એ જીવના પરિણામ છે. જીવના પરિણામને, પોતાના પરિણામને, જે રાગાદિ થયો એને રાગ જાણતો નથી. **'પોતાના પરિણામના ફળને...'** હર્ષ-શોકના વિકલ્પને એ જાણતાં નથી. **'નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય...'** એવું પુદ્ગલદ્રવ્ય. ભગવાનઆત્માના પરિણામને નહિ જાણનારો, પોતાના રાગાદિના પરિણામને નહિ જાણનાર, પોતાના હર્ષ-શોકના ભાવને નહિ જાણનાર એવું અચેતન પુદ્ગલ દ્રવ્ય. **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** શું કહે છે ? **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્ય એવું જ વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** પરદ્રવ્ય એટલે પુદ્ગલથી પરદ્રવ્ય આત્મા ભિન્ન. પુદ્ગલથી પરદ્રવ્ય એટલે આત્મા. પરદ્રવ્ય પરિણામ. એ પરદ્રવ્યનું પરિણામ અર્થાત્ આત્માના સ્વમાં જે વીતરાગી પર્યાય થઈ એ પ્રાપ્ય, તેમાં પરિણમન થયું તે અપેક્ષાએ એ વિકાર્ય (કહે) અને ઉપજી એવા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવી જીવની ધર્મની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય, શુદ્ધ નિર્દોષ પર્યાય વ્યાપ્ય લક્ષણ–એ જીવના લક્ષણવાળી અવસ્થા એ જીવના પરિણામ, એ જીવના પરિણામ (છે). એ પુદ્ગલની અપેક્ષાએ પરદ્રવ્યના પરિણામ (છે). સમજાણું કાંઈ ? શું છે ? પંડિતજી ! પરદ્રવ્ય પરિણામ શું કહ્યું ? જુઓ ! છે ? છેલ્લી લીટી વાંચો.

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** છે ? બરાબર આવ્યું નથી.

**શ્રોતા :–** કર્મના પરિણામ છે તે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મના પરિણામની અપેક્ષાએ આત્માના પરિણામ પરદ્રવ્ય પરિણામ (છે). રાગ-દ્વેષ, સુખ, દુઃખ, દયા, દાનના પરિણામ એ પુદ્ગલના પરિણામ. એ અપેક્ષાએ આત્માના વીતરાગી પરિણામ એ પરદ્રવ્ય પરિણામ છે. સમજાણું કાંઈ ? અરે..! આમાં કોણ માથાકૂટ કરે ! આહા..હા..!

**શ્રોતા :–** મહારાજ સરળ માર્ગ બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સરળમાં સરળ તો બતાવ્યો ને. એ ખ્યાલમાં, વિચારમાં નથી માટે લાગે છે. વાત તો તદ્દન સ્પષ્ટ છે. રાત્રે કહ્યું હતું ને કે અજીવથી ભિન્ન છે, આસ્રવથી ભિન્ન છે. એક સમયની પર્યાય રહી. તો ખરેખર એક સમયની પર્યાય એ વ્યવહાર આત્મા છે, એ નિશ્ચય આત્મા નથી. એ પર્યાયનો દ્રવ્યમાં અભાવ છે તે નિશ્ચય આત્મા છે.

ભગવાનઆત્મામાં અજીવ તો નથી, આસ્રવ પણ નથી. અહીં તો આસ્રવને પુદ્ગલમાં નાખી દીધો. અહીં તો આસ્રવના પરિણામ પુદ્ગલમાં નાખી દીધા. એટલે અજીવ અને આસ્રવ બધું થઈને પુદ્ગલ છે, માટે (આત્મામાં) છે જ નહિ. ખલાસ થઈ ગયું. હવે આત્મામાં રહ્યું પરિણામ અને પરિણામી. તો પરિણામ એક સમયની અવસ્થા છે, એ તો વ્યવહાર આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયો. એક સમયનો અંશ છે એ તો વ્યવહાર થયો, અભૂતાર્થ થયો, અસત્યાર્થ થયો. તો એને સત્યાર્થ બનાવવી એ પર્યાય સત્યાર્થ ત્રિકાળ બનાવવી તો નિશ્ચય આત્મા એ છે. રાત્રે જરી પર્યાય સો દ્રવ્ય. આ તો પર્યાયમાં વ્યવહાર આત્મા લગાવી દીધો. અભૂતાર્થ કહ્યું ને ? **'ववहारो अभूदत्थो'**. ત્રિકાળની અપેક્ષાએ એક સમયની પર્યાય પણ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ ? પણ એ અસત્યાર્થ જ દ્રવ્યનો આશ્રય કરે છે. આહા..હા...! ભારે વાત !

વસ્તુ મહા ચૈતન્ય ભગવાન અનંત શક્તિનો રસકંદ એવો નિશ્ચય સ્વભાવ એક સમયની પર્યાયમાં આવતો નથી અને એક સમયની પર્યાય એમાં એકાકાર થતી નથી. એકાકારનો અર્થ કે દ્રવ્યમાં ઘુસી જતી નથી. બસ, આસ્રવ અને અજીવ નામ બન્નેને અહીં તો પુદ્ગલનું કાર્ય કહ્યું. એ બન્ને આત્મામાં નથી. એક સમયની પર્યાય રહી, તો એક સમયનો અંશ એ તો અભૂતાર્થ ત્રિકાળ ટકનારી ચીજ નથી. ત્રિકાળી નિશ્ચય જ્ઞાયકભાવનો આશ્રય કરવો કેમ કે એ ત્રિકાળી નિશ્ચય સત્યાર્થ આત્મા છે. બસ, એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. સમજાણું કાંઈ ? આ થઈ ગયું. આમ થઈ ગયું. એટલી મહેનત અમારે કરવી પડે છે. અરે..! પ્રભુ ! મહેનત હોય નહિ. ચારિત્રમાં દુઃખ હોય નહિ. દુઃખ એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ ? અમે કેટલું કષ્ટ વેઠીએ ત્યારે ચારિત્ર થાય છે. કહે છે,...

**શ્રોતા :–** કષ્ટ વેઠવું પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના, બિલકુલ કષ્ટ નથી. મૂળ ગાથા એમ નથી. એ તો પુરુષાર્થ કરીને વીતરાગતા પ્રગટ કરવી એ મહા પુરુષાર્થ છે, એમ કહે છે. એ કષ્ટનો અર્થ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ ? મહા પુરુષાર્થ છે. કાંઈ હલકો પુરુષાર્થ છે ? આહા..હા...! અનાદિ એક સમયની પર્યાયનું પર તરફનું લક્ષ અંતરમાં વાળવું, એ કાંઈ અલ્પ પુરુષાર્થ (નથી). નટનું આખું નાટક બદલાઈ ગયું.

વસ્તુ છે ને વસ્તુ, ધ્રુવ છે અને એક સમયની પર્યાય છે. આખા દ્રવ્યની વ્યાખ્યામાં બન્ને એના છે. પ્રમાણના દ્રવ્યની વ્યાખ્યામાં બે છે. હવે એ એક સમયની અવસ્થા છે એ કાંઈ પૂરી ચીજ નથી અને એમાં પૂરી ચીજ આવતી નથી. પૂરી ચીજ તો દ્રવ્ય છે, ધ્રુવ છે, ત્રિકાળ એકરૂપ છે. એમાં પર્યાયને વાળવી, એ પણ વાળવું કહેવું એ રીત છે. એ પર્યાય આમ (બહિર્મુખમાં) વળેલી છે તો આમ (અંતર્મુખ) વળે. સમજાણું ? આહા..હા...! ધ્રુવ ઉપર જ્યાં દૃષ્ટિ પડી, પર્યાય એ તરફ ઢળી ગઈ, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** સામાન્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સામાન્ય કહો કે ધ્રુવ કહો એક જ વાત છે. સામાન્ય કહો, ધ્રુવ કહો. દર્શન-જ્ઞાન એ સામાન્ય એમ નહિ. એ તો દર્શનનો વેપાર સામાન્યના ભેદ વગર છે. એની અત્યારે વાત નથી. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને જાણવો એ સવિકલ્પ છે. એ વાત અહીં નથી. એ તો ગુણભેદ છે. અહીં તો એકરૂપ ધ્રુવ સ્વરૂપ. ધ્રુવમાં જ્ઞાન, દર્શન ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પડ્યા છે. પણ કાંઈ ભિન્ન છે ? દ્રવ્ય અનંત ગુણનો પિંડ છે અને એક સમયની પર્યાયમાં પણ બધા ગુણની અવસ્થા તો છે. પણ એક સમયની અવસ્થા છે. એ કાંઈ પૂર્ણ વસ્તુ આખી પૂર્ણ નથી. સમજાણું કાંઈ ?

એ પૂર્ણ વસ્તુ ભગવાનઆત્મા, એવી દૃષ્ટિને પૂર્ણ આત્મા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપ કરે છે એવા પરદ્રવ્ય પરિણામ પુદ્‌ગલની અપેક્ષાએ, એવા પરદ્રવ્ય પરિણામ પુદ્‌ગલની અપેક્ષાએ. '**કર્મ, તેને નહિ કરતું હોવાથી,...**' લ્યો. એ પુદ્‌ગલ એને કરતું નથી. વીતરાગી પરિણામ, જે પુદ્‌ગલના પરિણામ, રાગના પરિણામની અપેક્ષાએ પરદ્રવ્ય પરિણામ છે. એ પરદ્રવ્ય પરિણામને રાગ કરતો નથી. એ રાગ નિશ્ચયની પર્યાયને રાખતો નથી. તે એ સમયનું પ્રાપ્ય નથી. એ રાગ એ રૂપે પરિણમતો નથી અને રાગ ત્યાં ઊપજતો નથી. ઓહોહો..! ભારે ગાથા. ૭૫ થી ૭૯. આપણે ૭૪થી શરૂ કરી. આ ૭૯ એ પૂરી. સમજાણું કાંઈ ?

'**તેને નહિ કરતું હોવાથી,...**' કોણ ? પુદ્‌ગલ. '**તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.**' ભગવાનઆત્માના નિર્મળ પરિણામરૂપ કાર્યમાં રાગાદિ વ્યવહારનો એમાં કંઈક હાથ છે એમ નથી. માટે મંદ કષાય કર્તા છે અને નિર્મળ અવસ્થા કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ ? બહુ અલૌકિક ગાથાઓ ગઈ. અલિંગગ્રહણની વાતું અને આ છેલ્લી પાંચ ગાથા. આ ૭૪થી શરૂઆત કરી હતી. શનિવારે શરૂ કરી છે. શનિ, રવિ, સોમ, મંગળ, બુધ અને ગુરૂવાર. છ દિવસ થયા. ૨૧ દિવસ થયા. ૨૧ દિવસમાં આવી ગાથાઓ થઈ. ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮ અને ૭૯ – છ ગાથા.

આ તો મગજ ઠેકાણે રાખી અને સમજે તો સમજાય એવી ચીજ છે, ભાઈ ! ઓ..હો..હો..! ચૈતન્યનો દરબાર–ખજાનો ખોલી નાખ્યો. ઓ..હો..હો..! આચાર્ય કહે છે, અરે..! પરમાત્મા ! તમે ચૈતન્યનો ખજાનો જગત પાસે ખોલીને બતાવ્યો. અરે..! જગતનો ખજાનો છોડીને આ ખજાનો કેમ ખોલતા નથી ? સમજાણું કાંઈ ? એના ઉપર દૃષ્ટિ છે તો આની ઉપર દૃષ્ટિ કેમ નથી લગાવતા ? એમ કહે છે. ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો ખજાનો પડ્યો છે. એ પોતાથી પોતાની નિર્મળ પર્યાયને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કરે છે. કોઈ વ્યવહારની અપેક્ષા એમાં નથી. ત્યારે કહે છે કે નિરપેક્ષ એકાંત થાય છે, વળી એમ કહે છે. નિશ્ચયથી તો નિરપેક્ષ જ છે. વ્યવહારથી વિકલ્પ હતો એવી અપેક્ષાએ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? અહીં તો નિશ્ચયની વાત છે. નિરપેક્ષ, વ્યવહારની અપેક્ષા રહિત અહીંયાં નિશ્ચય છે એની વાત છે. એ સમ્યક્ એકાંત છે તો પછી વ્યવહાર શું હતો એનું સાપેક્ષ જ્ઞાન થાય છે, એનું નામ અનેકાંત કહેવામાં આવે છે.

'**ભાવાર્થ :– કોઈ એમ જાણે કે પુદ્‌ગલ કે જે જડ છે...**' સાધારણ ભાષા પુદ્‌ગલ લઈ લીધી છે, પણ એ રાગાદિ, પુણ્યાદિ બધું જડ છે. '**અને કોઈને જાણતું નથી...**' રાગાદિ, પુણ્ય, દયા, દાનનો વિકલ્પ એ કોઈને જાણતાં નથી. એ તો વિકલ્પ રાગ છે. રાગમાં જાણવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શક્તિ ક્યાં છે ? ભગવાન ચૈતન્યમાં જાણવાની શક્તિ આત્મામાં છે. રાગ **'પુદ્‌ગલ કે જે જડ છે અને કોઈને જાણતું નથી તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે.'** નથી જાણતો એટલે બિચારો બાળક હોય તો કોઈનું કામ કરી દે, એમ કહે છે ને ? દુશ્મનનું પણ કામ કરી દે. એમ અચેતનને ખબર ન હોય તો આત્માનું કરી દે. એમ નથી. **પરંતુ એમ પણ નથી.** અચેતન આત્માનું કાર્ય કરે એમ બિલકુલ નથી.

**'પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...'** જીવને નામ જીવની નિર્મળ પર્યાય. એ પાઠમાં આવ્યું ને ? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય. જીવ એટલે આખું દ્રવ્ય અહીંયા ન લેવું. પુદ્‌ગલદ્રવ્ય જીવની વર્તમાન પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વીતરાગી અવસ્થા, એને ઉત્પન્ન નથી કરતું. સમજાણું કાંઈ ? **'પરિણમાવી શકતું નથી...'** ભગવાનઆત્માની વીતરાગી પર્યાયને પુદ્‌ગલ પરિણમિત–બદલાવી શકતું નથી. ઓહોહો..! જીવને ઉત્પન્ન નથી કરી શકતું એ નિર્વર્ત્ય લીધું, પરિણમન નથી કરી શકતું એ વિકાર્ય લીધો, ગ્રહણ નથી કરતો એ પ્રાપ્યમાં લીધું, એમ લીધું. નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય એવો શબ્દ લીધો હતો આપણે 'હિંમતભાઈ'એ. આ એનું હશે ને ? ભાઈનું હશે કે ? છે ? 'જયચંદ્રજી પંડિત'... તે દિ' લખ્યું હતું એ નહોતું. આ વાંચીને એમણે કર્યું. ૭૯.

ભાવાર્થ ને ? કોઈ જાણશે કે પુદ્‌ગલ જડ છે તો કોઈને જાણતું નથી એનો જીવ સાથે.... ભાવ હશે – તો એમ નથી. પરમાર્થે પરદ્રવ્ય સાથે કોઈનો કર્તૃત્વભાવ નથી. બસ એટલું છે. એ ભાઈએ નાખ્યું છે. ઓલામાં નાખ્યું ને ? એમ નહિ, આ તો શૈલીની રચના કેમ.. પહેલાં એમણે નિર્વર્ત્ય નાખ્યું હતું ત્યારે કહ્યું હતું કે પાઠમાં નથી 'જયસેનાચાર્યદેવ'ના અર્થમાં નથી. આમાં પણ નથી. ૭૯મા પણ ભાવાર્થમાં નથી. ભાવાર્થમાં તો એવા શબ્દો પણ નથી. કોઈ જાણશે કે પુદ્‌ગલ જડ છે તો કોઈને જાણતું નથી એનો જીવ સાથે .. ભાવ હશે તો એમ નથી. પરમાર્થે પરદ્રવ્ય સાથે કોઈનો કર્તૃત્વભાવ નથી. બસ, એટલું ખલાસ. સમજાણું કાંઈ ? એટલે આ નિર્વર્ત્ય પહેલું કેમ લીધું ? એટલે એમને એમ ને એમ. ઊપજ્યું, બદલ્યું, વિકાર્ય, પ્રાપ્ય એમ. ઊપજ્યું, પરિણમ્યું અને છે – એમ લીધું. ખરેખર તો છે, પરિણમ્યું અને ઊપજ્યું. ખરેખર એમ છે. 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે. બહુ સરસ ! અલૌકિક ટીકા !

**'તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી.'** કોનો ? પુદ્‌ગલનો, રાગનો, પુણ્ય-પાપ, દયા-દાન, વિકલ્પનો આત્માની ધર્મની પર્યાય સાથે કર્તા-કર્મ નથી. એ છે માટે અહીંયા કાર્ય થયું, શુભ પરિણામ ઘણા છે માટે ધર્મની પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ ? **'પરમાર્થે કોઈપણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.'** જીવની નિર્વિકારી પર્યાય, એ જીવ, જીવની નિર્વિકારી ધર્મપર્યાય એ જીવ, એની પર્યાય સાથે અજીવ રાગાદિ શુભરાગ–અજીવ. બન્ને વચ્ચે નિમિત્ત નિમિત્ત સંબંધ કહો, કર્તા-કર્મ સંબંધ નથી. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને નિમિત્ત સંબંધ કહ્યો ને ? ભાઈ ! એ સંબંધીનું જ્ઞાન એ નૈમિત્તિક છે. એ નિમિત્ત છે. એ બીજી ચીજ છે. નિમિત્ત-નૈમિત્તિક બીજી ચીજ. એ તો પૃથક્પણું બતાવે છે. સમજાણું કાંઈ ? ૯૨મા આવ્યું. ૭૫માંથી. એ સંબંધીનું જ્ઞાન છે એ જ્ઞેય છે, આ જ્ઞાન છે. જ્ઞાન–જ્ઞેય વ્યવહારમાત્ર હોવા છતાં પણ કર્તા-કર્મ નથી. સમજાણું કાંઈ ? લોકો નિમિત્ત નૈમિત્તિકને જ કર્તા-કર્મ બનાવે છે. નિમિત્ત છે કે નહિ ? પણ નિમિત્ત છે તો નિમિત્તપણું બીજી ચીજ છે. એનાથી જ્ઞાન પણ થયું નથી અને જ્ઞાન એનું કાર્ય પણ નથી. સમજાણું કાંઈ ? એને નિમિત્ત-નૈમિત્તિક કહે છે.

**શ્રોતા** :– નિમિત્ત વિના થાય નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નિમિત્ત વિના જ થાય છે. નિમિત્ત એનાથી (પોતાથી) થાય છે. કાંઈ એના કારણે અહીંયા થાય છે ? આરોપિત કારણનું જ્ઞાન કરાવ્યું છે. ભાવાર્થ છે હવે એનો કળશ લેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો એ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ ! તારો સ્વભાવ સર્વજ્ઞસ્વરૂપી છે. એ સર્વજ્ઞસ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડ્યા છે. આહાહા ! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભાવનો અંત આવી ગયો ! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અંકપપણે અર્પાઈ જ ગયું છે. ૯૯.**

*** આ દ્રવ્ય-સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક... જ્ઞાયક... છું, રાગાદિ તે હું નહીં–એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે. ૧૦૨.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સયસાસાર, ગાથા–૧૭-૧૮, પ્રવચન નં. ૨૫
## [રાજકોટ]
## [૧૭]

'સમયસાર' ૧૭-૧૮ ગાથા ચાલે છે. પહેલો અને બીજો બે પેરાગ્રાફ ચાલ્યા. ત્રીજો બાકી છે ને ? ત્રીજાનું થોડું ચાલ્યું છે.

પહેલું એમ કહ્યું કે ધનનો અર્થી પહેલાં રાજાને જાણે કે આ રાજા છે. એ રાજાને જાણી અને પછી એ રાજાની શ્રદ્ધા કરે કે આ જ રાજા (છે). એ જાણ્યા પછી એની શ્રદ્ધા કરે. અને શ્રદ્ધામાં એમ આવે કે આ રાજાની આજ્ઞા અને પાલન કરીશ તો મને પૈસા મળશે. એ દૃષ્ટાંત થયો.

એનો સિદ્ધાંત, પ્રથમ આત્મ-રાજા ભગવાનઆત્મા શુદ્ધ આનંદઘન (છે) એને પહેલો જાણવો. ધનાર્થીએ રાજાને જાણવો, એમ મોક્ષાર્થીએ આત્માને જાણવો. શરત એટલી કે જેને મોક્ષની જરૂર હોય એણે. સમજાણું કાંઈ ? જેને આત્માના સ્વતંત્ર પરમ આનંદ, એની પૂર્ણ શુદ્ધતા, જેને દૃષ્ટિમાં મોક્ષનું પ્રયોજન છે. સંસારનું પ્રયોજન તો અનાદિથી કરી રહ્યો છે. એ તો દુઃખી છે. જેને આત્માની પૂર્ણ આનંદ દશાનું પ્રયોજન છે, એણે તો પહેલો આત્મા અનુભવવો એમ સીધી વાત લીધી છે અહીં તો.

એનો અર્થ એ થયો કે પહેલો એ આત્મા કેવો છે ? સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો, એવો એના જ્ઞાનમાં જાણવામાં સાધારણ રીતે આવે, પછી એને આત્માને અનુભવે એ સીધી વાત અહીં તો લીધી છે. એને અનુભવે કે આ આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એની એને શ્રદ્ધા થાય. જાણ્યો એની શ્રદ્ધા થાય. આ ચૈતન્યસ્વરૂપ, પૂર્ણ આનંદ (છે) એ આ, એવું સ્વસંવેદન અનુભવમાં આવે ત્યારે શ્રદ્ધા થાય કે આ આત્મા. ત્યારે શ્રદ્ધામાં એ આવે, કે આ સ્વરૂપમાં હું રમીશ અને એનું આચરણ કરીશ તો કર્મથી છૂટી શકાશે. આહા..હા..! એ ભગવાનઆત્મા જે જ્ઞાનમાં જણાણો અને એની જે પ્રતીત થઈ કે આ આત્મામાં હું રમીશ અને સ્થિર થઈશ તો કર્મથી છુટીને મુક્તિ પ્રાપ્ત કરીશ. એવું આચરણ. આહા..હા...! આત્માનું આચરણ ઉદય થશે. એમ કહ્યું ને ? આહા..હા...! એ વાત પહેલાં પેરેગ્રાફમાં આવી ગઈ.

હવે બીજો પેરેગ્રાફ. અને એ રીતે જ આત્માનું સાધ્યનું સાધન આ રીતે જ હોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શકે. સાધ્ય જે મુક્તિ, એનું સાધન–ઉપાય એ આત્માનો અનુભવ, શ્રદ્ધા અને આચરણ એ એનું સાધન છે, એનાથી મુક્તિ અને સાધ્યની પ્રાપ્તિ થાય છે. એ રીતે જ પ્રાપ્તિ છે બીજી રીતે (પ્રાપ્તિ નથી. )

હવે કહે છે કે આવું હોવા છતાં **'પરંતુ જ્યારે અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા,...'** જાણનારો જ્ઞાનની પર્યાયમાં જણાય એવો હોવા છતાં, આવો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, **'આબાળગોપાળ સૌને સદાકાળ...'** આબાળ એ બાળકથી માંડીને વૃદ્ધને અને સદાકાળ. બે અને **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** આહા..હા...! એ આત્માની જે જ્ઞાનની વર્તમાન પર્યાય છે, ખરેખર તો એ જ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે. આબાળગોપાળને જ્ઞાનની પર્યાય એટલે જાણનારનું જ્ઞાન તે જ અનુભવમાં આવે છે.

જાણનારનું જ્ઞાન, રાગનું, વિકલ્પનું, નિમિત્તનું નહિ. એ જાણનારો ચૈતન્યબિંબ પ્રભુ, એનું જ્ઞાન, એ જ્ઞાનમાં જાણનારો આવે છે અથવા જાણનારો પર્યાયમાં અનુભવમાં આવે છે. છે ને ?

**'આવો અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા....'** આ તો અંતરની વાતું (છે). એણે કોઈ દિ' અંતર્મુખ શું ચીજ છે એની દૃષ્ટિ કરી નથી અને એનું જ્ઞાન કર્યું નથી. ક્રિયાકાંડ કરીને ત્યાં ને ત્યાં રોકાઈ ગયો. કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા – જે ક્રિયાકાંડના પરિણામ છે, એના તરફનું એ જ્ઞાન કરે છે કે આ આનું જ્ઞાન છે, આનું જ્ઞાન છે, પણ આ જ્ઞાન આત્માનું છે – એમ એ દૃષ્ટિ કરતો નથી. સમજાણું કાંઈ ?

માર્ગ તો અપૂર્વ હોય ને ! જેના ફળ અપૂર્વ અનંત આનંદ અને જ્ઞાનની પ્રાપ્તિ ! જ્યારથી અનંત આનંદ પ્રગટે, તે અનંતકાળ સાદિ અનંત (રહે). 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં'. આત્માની શાંતિનું સુખ અનંતકાળ રહે, અનંત ભવનો અભાવ કરીને અનંત-અનંતી પર્યાય પ્રગટ થાય... આહા..હા...! એનો ઉપાય તો અપૂર્વ જ હોય ને !

એ કહે છે કે અમને તો એમ જ લાગે છે કે આત્મા જાણનારો તે જ જણાય છે. છતાં **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** એ જાણનારનું જે જ્ઞાન, એ જ્ઞાન જ અનુભવમાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઊર્ધ્વતાનું આવે છે ને ? 'શ્રીમદ્'માં ઊર્ધ્વતાની વ્યાખ્યા (આવે છે) કે કોઈપણ પર ચીજને જાણવા પહેલાં જાણનારો ન હોય તો જાણનાર વિના જાણે કોણ ? ભલે અંદર દયા, દાન, વ્રત આદિના વિકલ્પ–રાગ આવે કે અશુભ (રાગ આવે) પણ આ જ્ઞાન એના પહેલાં એટલે એના પાછળ, જ્ઞાન જો મુખ્ય ન હોય તો આ રાગ છે, આ છે એમ જાણે કોણ ? એટલે એને જાણે (છે) એમ ન કહેતાં અત્યારે હવે, એ જાણનાર ભગવાનઆત્મા, એમાંથી દ્રવતું જે જ્ઞાન, અનુભવ એવો બધા આત્માઓને એ અનુભવમાં આવે છે.

**'છતાં પણ અનાદિ બંધના વશે...'** પણ અનાદિ રાગ અને વિકલ્પ જે ઊઠે છે, એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન વશ થયું છે. એ જ્ઞાનની પર્યાય છે આત્માની અને જ્ઞાનની દશામાં જાણનારો અનુભવાય છે. પણ એ અનુભવાય છે એમ ખ્યાલ ન કરતાં, એ જ્ઞાનમાં રાગ જણાય છે (એમ જાણતાં) આત્મા પડ્યો રહ્યો. આહા..હા...! જ્ઞાનની ભૂમિકામાં આ રાગ જણાય છે, શરીર જણાય છે, આ જણાય છે, આ જણાય છે એ એની દૃષ્ટિ પરના વશ પડેલી, મિથ્યાત્વને લઈને, પર સાથે એકપણાના નિશ્ચયથી. કેમ કે જે વ્યવહાર, દયા, દાનનો વિકલ્પ ઊઠે છે, એનાથી ભિન્ન પડેલું જ્ઞાન આત્માને જાણે છે; છતાં રાગને તાબે થયેલો પ્રાણી એ પરદ્રવ્યની સાથે એક્તા અનુભવે છે. એ પર્યાયમાં દ્રવ્ય સાથે એક્તા અનુભવવી જોઈએ. સમજાણું કાંઈ ? ઝીણું છે, ભાઈ ! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલું અને અનુભવમાં આવે એવું (છે). આહા..હા...!

ચૈતન્યનો બિંબ પ્રભુ ! એમાંથી આવતી પર્યાય, એ પર્યાય જાણનારની છે. પણ એને એમ ન જાણતાં, તે પર્યાય આની છે એમ એની સન્મુખ ન જોતાં, અનાદિથી બહિર્મુખ રાગ અને પુણ્યના–પાપના ભાવ એ કરું છું એમ નહિ, એમ તો નહિ. આહા..હા...! વ્રત, તપ અને ઇચ્છા વૃત્તિ ઉત્પન્ન થાય ને, એને કરું છું એ તો નહિ, પણ એને હું જાણું છું – એ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. સ્વને મૂકીને એકલું એને જ જાણું છું એ ભ્રમ અજ્ઞાન છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, અનાદિ રાગને વશે એકપણાના નિશ્ચયથી એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે કામ-ક્રોધનો વિકલ્પ જે ઊઠે, એનું જ્ઞાન કરું છું, એની સાથે એકત્વબુદ્ધિ છે એમ માનીને. આહા..હા...! છે પર–પૃથક્. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો પણ રાગ છે જ્ઞાનની પર્યાયથી પૃથક્. પ્રથક્ છે છતાં એ એકત્વ માને છે. દૃષ્ટિ જાણનારને જાણું છું એમ નથી માનતો અને આને જાણું છું એમ એકત્વબુદ્ધિને લઈને એમ થઈ ગયું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

આ તો ચૈતન્યના સ્વરૂપનું ઘર છે. એણે કોઈ દિ' એના ખ્યાલમાં એ વાત લીધી નથી. જૈન સાધુ દિગંબર મુનિ અનંતવાર થયો, ક્રિયાકાંડ, અઠ્યાવીસ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે પણ વાત એ કે જે જ્ઞાન જેનું છે એની દૃષ્ટિ નહિ કરતાં, જેનું જ્ઞાન નથી ફક્ત એનું અહીં જ્ઞાન થાય છે એમ માને છે, એ પણ મિથ્યાદૃષ્ટિનો ભ્રમ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

કહે છે, **'અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** ખરેખર તો એ શુભરાગનો વિકલ્પ એ પૃથક્ (છે), દ્રવ્ય-ગુણથી તો પૃથક્ છે પણ જ્ઞાનની દશાથી પૃથક્ છે. પણ આ અનુભવનારો એ હું. આ જાણનારનું આ જ્ઞાન એમ દૃષ્ટિ નહિ હોતાં, એના રાગની સાથે એકત્વબુદ્ધિને લઈને, આ રાગનું જ્ઞાન છે એમ અજ્ઞાની અનાદિથી માને છે. આહા..હા...! ઝીણું છે, ભાઈ ! અહીં 'રાજકોટ'માં તો ઝીણું આવે. બહાર એમ કહેવાય છે. ખરું કે નહિ ? કાલે કહેવાણું કે ભાઈ ! આ ઝીણું પડે. પણ બહુ ઝીણું નથી લેતા. 'રાજકોટ'માં આવે એવું અહીં નથી લેતા એવું ન્યાં 'મુંબઈ'માં કહેવાણું હતું. ત્યાં તો કીધું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અમારે 'લાલચંદભાઈ' ને આદિ છે એ બહુ ઝીણા જ્ઞાનના ખપી છે અંદર. કહો, સમજાણું કાંઈ ? આહા..હા..! કાલે અત્યારે સાડા આઠથી સાડા નવ ત્યાં ચાલતું હતું. આ નજીક થઈ ગયું. ઘડીકમાં અહીં અને ઘડીકમાં ત્યાં. પણ એ બધું ટાણે જ્યારે જણાય છે એ વખતનું જ્ઞાન આત્માનું છે. પણ એમ ન જાણતાં જે જ્ઞાનમાં ચીજો જણાય છે એમ એની બુદ્ધિ થઈ જાય છે. આહા..હા...! બહુ પણ આ તો આકરું કામ.

અહીં પર્યાયબુદ્ધિ સ્થાપી છે. ઓલો જાણનારો અનુભવાય એ દ્રવ્યબુદ્ધિ છે. એમ ન જાણતાં, આ રાગને વિષે એકપણાના નિશ્ચયથી, ખરેખર તો રાગ ભિન્ન છે એ રાગ સંબંધીનું જ્ઞાન એ રાગને કારણે નથી. સમજાય છે કાંઈ ? એ વ્યવહાર રત્નત્રયનો-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનો વિકલ્પ, એનું એ જ્ઞાન નથી, જ્ઞાન તો આત્માનું સ્વ-પરપ્રકાશક, પોતાના અસ્તિત્વનું પોતામાં પોતાનું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ઝીણું છે ને. મૂળ ચીજ જ એને ભૂલ કઈ છે, કેમ છે એ હજી પકડવું કઠણ પડે એવું છે.

કહે છે કે એ રાગનો ભાગ, એ વ્રત અને તપની ઇચ્છા, એ રાગ એની સાથે જાણે એક હોય, એથી એને જાણું છું, એવી જ્ઞાનની પર્યાય, ભ્રમથી મિથ્યાશ્રદ્ધામાં એમ માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ? મૂંઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે તે જ હું છું. એ રાગનું જ્ઞાન નહિ પણ જ્ઞાનનું જ્ઞાન છે તે હું છું. આહા..હા...! સમજાણું કાંઈ ? જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું એ જ્ઞાન છે, જે અનુભવમાં આવે એ. એમ ન માનતા, એ અનુભૂતિ તે હું છું એમ ન માનતા, એ રાગનો અનુભવ છે એ હું છું એમ માને છે. આહા..હા...! પણ આ રાગનું જ્ઞાન નહિ, જ્ઞાનની પર્યાય જ્ઞાતાનું જ્ઞાન છે એ. એવું એને ભાન નહિ હોવાથી, **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એને આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. ફક્ત રાગ અને પુણ્યનું જ્ઞાન કરું છું અને એમાં છું, એમ માનીને એને આ આત્મજ્ઞાન ઉદય થતું નથી. આ કારણ છે. સમજાણું કાંઈ ? ભારે ઝીણું આવું, ભાઈ ! અરે..! આત્મામાં એ સ્વભાવ જ એવો છે એનો. પોતાના સ્વભાવથી જણાય અને પ્રત્યક્ષ જણાય એવી જ એની ચીજ છે. પરને જાણે અને પર ચીજ છે માટે જણાય એવો એનો સ્વભાવ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'અજ્ઞાની તેને 'આ અનૂભૂતિ છે તે જ હું છું'...'** આ જ્ઞાન છે તે હું છું, મારું સ્વરૂપ એ છે એમ ન જાણતાં એને આત્મજ્ઞાન ઉદય થતું નથી, એને આત્માનું જ્ઞાન પ્રગટ થતું નથી. તેને રાગનું જ્ઞાન છે એમ માનીને આત્માનું જ્ઞાન એને ઉદય થતું નથી. આહા..હા...! ધીમે ધીમે કહેવાય છે પણ હવે એ તો સમજવું તો એને પડશે કે નહિ ? આહા..હા...! 'નવરંગભાઈ'! આવું ઝીણું બહુ ભાઈ. આહા..હા...!

કહે છે, ચૈતન્યનો બિંબ પ્રભુ પોતે, જેમ આ શું કહેવાય તમારે આ ? સર્ચ લાઈટ. હજાર વોલ્ટની હોય ને ? ત્યાં બાહુબલીમાં છે ને ? મોટા એક હજાર (વોલ્ટની) આમ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ એનો પ્રકાશ છે, પણ છતાં એ પ્રકાશ બીજાને પ્રકાશે છે એમ એ માને છે. સમજાણું કાંઈ ? એમ ભગવાન અનંત જ્ઞાનના લાઈટથી ભરેલો પ્રકાશ છે. એમાંથી જે જ્ઞાનનું કિરણ આવે એ જાણનારનું જ્ઞાન છે, જાણનારનું જ્ઞાન અનુભવમાં આવે છે, એમ ન માનતા આ રાગનું જ્ઞાન અનુભવમાં આવે છે, તેથી એને આત્મજ્ઞાન ઉદય થતું નથી. આહા..હા...! બધી ગાથાઓ ઝીણી છે. 'રાજકોટ'માં તો ચાલે કે નહિ ? બીજે ક્યાં ચાલે ? કાં 'સોનગઢ' ચાલે. બહાર તો જરી મુશ્કેલ પડે. આ..હા..હા..!

કહે છે, આ જ્ઞાન અનુભવમાં આવે એ આત્મા, એમ એને આત્માનું જ્ઞાન પ્રગટ થતું નથી. રાગને વશ થઈ ગયેલો અને રાગ સાથે એકત્વબુદ્ધિને લઈને આ રાગને જાણું છું, આ જ્ઞાન રાગને જાણનારું છે, એમ બુદ્ધિ હોવાથી, એ જ્ઞાન આત્માને જાણનારું છે એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! આ તો અંતરના પ્રયોગની વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ ?

આ જણાય છે, જાણનારો જણાય છે એમ જ્ઞાન ન થતાં એટલે કે આત્મજ્ઞાન ન થતાં આ રાગાદિ જણાય છે, એમ રાગ સાથે એકત્વબુદ્ધિને લઈને પૃથક્ જ્ઞાન પોતાનું કરે છે એની એને ખબર રહેતી નથી. આહા..હા...! કહો, સમજાણું આમાં ? 'વસંતભાઈ'! આ બધા 'મુંબઈ'થી સાંભળવા આવ્યા છે કે 'રાજકોટ'માં ઝીણું બહુ ચાલશે, ચાલો સાંભળવા. પ્લેનમાં ઘણા બધા સાથે હતા. કહો, સમજાણું આમાં ? ઝીણી વાત તો છે પણ એના ઘરની છે ને, ભગવાન ! એનો એણે પ્રયોગ કર્યો નથી, એના તરફનું વલણ કર્યું નથી. અનાદિનું વલણ પર્યાયબુદ્ધિમાં (રહ્યું). આત્મબુદ્ધિ નહિ હોવાથી રાગબુદ્ધિમાં એની બુદ્ધિ પેઠી છે.

કહે છે. આવું આત્મજ્ઞાન જે જ્ઞાન એનું છે એમ ન પ્રગટ થતાં આ જ્ઞાન રાગનું છે એ રાગને પ્રગટ કરે છે, એ મિથ્યાદૃષ્ટિને આ જ્ઞાન આત્માનું છે, અનુભવમાં આવે એ જાણનારો આવે છે, એવું આત્મજ્ઞાન એને પ્રગટ ઉદય થતું નથી. આહા..હા...! એટલે કે જાણનારો આ છે તેમ તેને જણાતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'અને તેના અભાવને લીધે,...'** એ જ્ઞાન આત્માનું છે એમ અનુભવ નહિ હોવાથી, એ જ્ઞાનમાં આત્મા જ્ઞેયપણે ન આવ્યો હોવાથી, એ જ્ઞાનમાં રાગ જ એકલો આવ્યો હોવાથી... કહે છે કે જ્ઞાન આત્માનું ઉદય ન થયું. જણાણો નહિ, એથી તેના અભાવ, આત્મજ્ઞાનના જાણપણાના અભાવને લઈને **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન...'** છે. અમે આત્મા માનીએ છીએ, પણ માને ક્યાં ? જાણ્યો નહિ અને માને શી રીતે ? જ્ઞાનની પર્યાયમાં જાણનારો જણાય છે એવું જ્ઞાન દ્વારા આત્માનું જ્ઞાન કર્યું નથી અને જ્ઞાનમાં આત્મા આ છે એમ આવ્યો નથી એની શ્રદ્ધા (થઈ નથી અને કહે છે કે) અમને આત્માની શ્રદ્ધા છે, એ ગધેડાનાં શિંગડા જેવી છે એમ કહે છે. કેમ કે એ શિંગડા હોય નહિ, એથી જ્ઞાનમાં આવે નહિ અને તેથી એની શ્રદ્ધા હોઈ શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વજન આપે છે ને ત્યાં ? એ શ્રદ્ધા. એ શ્રદ્ધા બરાબર પણ શ્રદ્ધાને જાણનાર કોણ ? એ આત્માને જાણનાર શ્રદ્ધા છે કે જ્ઞાન ? શ્રદ્ધામાં તો જાણવાની શક્તિ નથી. સમજાણું કાંઈ ? કહો, 'શશિભાઈ'! ત્યાં અમારે મોટી ચર્ચા ચાલે છે. એ થોડી કહે છે. થોડી નથી પણ કાને ન આવી. કોઈ કહેતું હતું કે આમ ફેરફાર થઈ ગયો. હશે, કીધું.

અરે..! આત્મા ! જેની જે જ્ઞાન પર્યાય તેમાં તે જણાય. એ જણાયા વિના એને શ્રદ્ધા કોની ? આ વસ્તુ છે એમ જ્ઞેય તરીકે જ્ઞાનમાં ન આવે અને એકલું જ્ઞેય રાગાદિ જ આવે, એને તો આત્મજ્ઞાન નથી, એનું જ્ઞાન નથી, આ વસ્તુનું જ્ઞાન નથી; અને વસ્તુના જ્ઞાન વિના શ્રદ્ધા કોની ? સમજાણું કાંઈ ? આહા..હા...! **'નહિ જાણેલાનું (જ્ઞાન) શ્રદ્ધાન ગધેડાના શિંગડાંના શ્રદ્ધાન સમાન..'** છે. આહા..હા..! એટલે કે એને શ્રદ્ધા હોતી નથી. એમ કહે છે. આહા..હા...! **'શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...'** સમકિત એને થતું નથી. જ્ઞાનની દશામાં જ્ઞાયક અંતર્મુખ ચીજ આખી ન આવે, ત્યાં સુધી એને આત્મજ્ઞાન નથી અને આત્મજ્ઞાન નથી એટલે શ્રદ્ધા પણ નથી. જાણ્યા વિનાની શ્રદ્ધા કોની કરવી ? આહા..હા..!

**શ્રોતા :–** શ્રદ્ધા તો જાણતી નથી. જ્ઞાન જ જાણે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ છે જ. શ્રદ્ધાને જ્ઞાન જાણે છે. બન્ને સ્વતંત્ર ગુણો છે. પણ જાણ્યું ત્યારે શ્રદ્ધા થઈ. એ શ્રદ્ધા થઈ તે સ્વતંત્ર ગુણની પર્યાય છે. પણ આ જાણ્યું એટલી શ્રદ્ધા થઈ એમ જ્ઞાનની પ્રધાનતાથી વાત કહેવામાં આવે છે. આ ઝીણું છે, ભાઈ !

**શ્રોતા :–** જ્ઞાનની ગૌણતાની શું .. ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગૌણતા તો જ્યારે શ્રદ્ધાનો વિષય ચાલતો હોય, અભેદની શ્રદ્ધા, ત્યારે શ્રદ્ધા તે કારણ અને જ્ઞાન તે કાર્ય એમ કહેવામાં આવે. દીવો તે કારણ અને પ્રકાશ તે કાર્ય. એ અપેક્ષાથી ત્યાં કહેવામાં આવે. આ અપેક્ષાએ. અભેદ ત્રિકાળી શ્રદ્ધા થઈ, પણ એ જાણીને થઈ છે ને ? જાણ્યા વિના કોની થઈ ? એટલે ત્યાં દર્શનને પ્રધાનપણે મુકી, અને દર્શન કારણ અને જ્ઞાન કાર્ય, એમ કહેવામાં આવે છે. વસ્તુની દશા થતાં તો આમ છે પહેલું. આહા..હા...!

એ ચીજ જે આત્મા છે, અનંત-અનંત જ્ઞાન અને આનંદની અસ્તિ, સત્તા, હોવાવાળો, એનું જ્ઞાન ન આવે ત્યાં આ છે એમ જ્ઞેય તરીકે જણાય નહિ. કોની શ્રદ્ધા ? વિશ્વાસ કરો, પણ કોનો ? જ્ઞાનમાં ચીજ આવી નથી અને વિશ્વાસ કરવો કોનો ? સમજાણું કાંઈ ? માર્ગ બાપા એવા છે જરી. અરે..! જન્મ-મરણ મૂકવાના માર્ગ અલૌકિક છે. હજી તો ભૂલ કઈ થઈ છે એની એને ખબર નથી. અને મિથ્યાત્વની ભૂલ ક્યાં થાય છે અને કેમ થાય છે ? એની એને ખબર નથી.

અહીં તો કહે છે કે જે આત્મા ભગવાન, એકલો જ્ઞાનનો નૂર અને તેજ, જેમાંથી નૂર તેજ પ્રગટે છે એમાંથી અને એ જ્ઞાનનો અનુભવ આત્માનો છે – એમ ન જાણતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ જ્ઞાન રાગનું અને પરનું છે, એટલે પરનું હું જ્ઞાન કરું છું, એમ. પરનો કર્તા તો નહિ. આહા..હા...! આ અસ્તિત્વની વાત છે ને આમાં તો ? અસ્તિત્વની વાત છે ને ? એ રાગાદિ દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છે, એનું જ્ઞાન કર્તા છે એમ તો નહિ પણ એને જ્ઞાન જાણે છે, એમ જ્ઞાનનું વલણ ત્યાં રહે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એવો માર્ગ છે, ભાઈ ! અને એવું જ એનું સ્વરૂપ છે. આહા..હા...! પણ સાંભળવા મળે નહિ, વિચારવા મળે નહિ તો રુચિ કરે ક્યાંથી અને એનું જ્ઞાન હોય ક્યાંથી ? આહા..હા...!

કહે છે, આ પહેલું જાણવાનું આવ્યું હતું. એ કોઈ વળી એમ કહે કે જાણવું તો એ પર તરફનું જાણવું એ તો સાધારણ થયું, સમ્યગ્જ્ઞાન નહિ. એમ નથી. એ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા...! આત્માને જાણવો એ જ્ઞાન અનુભવનું જ્ઞાન છે. અનુભવ કરવો એનું નામ અહીં જાણવું એમ કહેવામાં આવ્યું છે. આત્માને જાણવો એટલે આ આત્મા છે, અસંખ્ય પ્રદેશી ને અનંત ગુણ ને આ પર્યાય–એમ નહિ. સમજાણું કાંઈ ? આ તો મારગડા અનંતકાળના કાઢી નાખીને બીજો માર્ગ છે, એ તો અલૌકિક માર્ગ છે, ભાઈ ! આહા..હા...!

કહે છે, જેને જ્ઞાનની દશામાં આ આત્મા (છું) એમ જેના જ્ઞાનમાં આવ્યો નથી, એની શ્રદ્ધા અમને આત્માની શ્રદ્ધા છે (એ) ગધેડાના શિંગડા જેવી છે, કહે છે. સમજાણું કાંઈ ? હળવે હળવે કહેવાય છે. થોડો થોડો વિચાર પણ કરતો જાય તો સમજાય એવું છે. આહા..હા...! એમ થતાં એમ પણ સિદ્ધ કર્યું કે આત્મા, એનું જ્ઞાન, એની પર્યાય અને પર્યાયમાં બીજું જણાયું એ બીજી ચીજ પણ સિદ્ધ કરી. સમજાણું કાંઈ ? આહા..હા...! કોઈ એક જ આત્મા માને તો એ વાત તદ્દન જૂઠી છે. એને આત્મા જાણવામાં આવ્યો નથી, તેથી એણે બધું એક વ્યાપક તરીકે માન્યું છે. એ મિથ્યા ભ્રમ છે. અહીં તો રાગ છે, આત્મા છે, પર છે, પણ એ જ્ઞાનમાં જ્ઞાન જણાયું એ આત્મા જાણવો જોઈએ, એમ ન જાણતાં બીજી ચીજ જે પૃથક્ છે, એને જાણે છે એને અહીં ભ્રમ કહ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ઘણું સૂક્ષ્મ. કહે છે કે વસ્તુ પોતે એક જ હોય તો એને જાણનારું જ્ઞાન પરને જાણે એવું તો રહ્યું નહિ. તો એ જાણનાર પોતાને જાણે છે એક જ વાત રહી. તો ભૂલ છે એ તો સાબિત થયું નહિ. આહા..હા...! અને જ્યાં સુધી દશામાં ભુલ સાબિત થાય નહિ, તો એ ભૂલ પલટી શકે કેમ એનો પણ એને ખ્યાલ હોઈ શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, જેણે આત્મા જ્ઞાનસ્વભાવી એનું કિરણ તો જ્ઞાનનું છે અને એ જ્ઞાનમાં જાણનારો જણાય છે, એમ ન જાણતાં... એક વાત ત્યાં કહી હતી, એક જણો એમ બોલ્યો હતો, કે જુઓ ! ફલાણામાં એમ આવે છે કે એ પરને જાણે છે એ પર સંબંધીનું જ્ઞાન પોતે જ છે. કારણ કે જ્ઞાનમાં આ જણાય છે તો એ જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનમાં જણાય છે. એ પ્રશ્ન ત્યાં કર્યો હતો. સમજાણું કાંઈ ? એમ નથી. સમજાણું કાંઈ ? ત્યાં ક્યાં ઉતર્યા હતા ? 'વડિયા'. ના, 'વડિયા' નહિ. 'જેતપુર'. 'જેતપુર' આવ્યું હતું. 'જેતપુર.. જેતપુર'.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઓલામાં વ્યાખ્યાન થયું હતું ને ? 'જેતપુર' નહિ, 'ગોંડલ'. 'ગોંડલ... ગોંડલ' ... થયું હતું ને ઘણા માણસો આવ્યા હતા. મેં કીધું, ભાઈ ! જણાય છે તે જ્ઞાન જણાય છે. ત્યારે કહે ઓલો જ્ઞેય નથી ? એ જ્ઞાયક જણાય છે એમ કીધું. જાણનારો જણાય છે. ત્યારે કહે કે બીજી ચીજ જ નથી. એ બીજી ચીજ જણાય છે પણ એ (પોતે) જ્ઞાનસ્વરૂપ જ છે તેથી જ્ઞાન જાણે છે. એય..! 'ગોંડલ-ગોંડલ'. એ પાછો રાત્રે આવ્યો હતો, નહિ ? આપણે ઉતર્યા હતા ત્યાં. 'ગોંડલ'. આહા..હા...! મોટો ભ્રમ.

એ માટે તો અહીંયા આ સ્પષ્ટ કર્યું છે કે જાણનાર ભગવાનઆત્માનું જ્ઞાન, એ જ્ઞાન જાણનારનું છે, એમ ન જાણતાં એના ઉપર દૃષ્ટિ નહિ હોવાથી તે જાણનાર આ રાગ અને પરનું અસ્તિત્વ છે, આનું છે અસ્તિત્વ છે એમ ન જાણતાં, આ અસ્તિત્વ છે એનું એ જ્ઞાન કરે છે, એનું નામ મિથ્યાદૃષ્ટિ અને ભ્રમ છે. સમજાણું કાંઈ ? જે બીજી ચીજ જ ન માને, એને બીજી ચીજ સંબંધીનું પોતાને કારણે સ્વ-પરપ્રકાશકજ્ઞાન થાય, એની એને કબૂલાત છે નહિ. સમજાણું કાંઈ ? અહીંયાં તો ફક્ત પરને જાણે એવું પરપ્રકાશક જ્ઞાન, એટલું માનીને, પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે. આહા..હા...! ભારે ઝીણું, ભાઈ ! સમજાણું કાંઈ ? એમ આવ્યું ને ત્યાં ? જુઓને !

**'બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** આવ્યું કે નહિ ? એમાં એ નાખ્યું છે. વિકલ્પ રાગ એ પરચીજ છે. પોતાના આનંદ સ્વભાવથી ભિન્ન એક રાગ અને વિકલ્પ એ પરચીજ છે. અને એ વિકલ્પનું નિમિત્ત પણ પરચીજ અસ્તિ છે. એ બધું અસ્તિ છે. પણ એ અસ્તિમાં જ્ઞાનની પર્યાય સ્વને જાણતાં, બીજું એમાં જણાય કહેવું એ વ્યવહાર છે. એ સ્વને જાણતાં સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પર્યાય ત્યાં જણાય છે, પર નહિ. સમજાણું કાંઈ ?

સ્વ-પરપ્રકાશક એના જ્ઞાનના ગુણનું અસ્તિત્વ અને એટલું સામર્થ્ય એનું છે. એ પરને લઈને નહિ. પર છે માટે પરનું જ્ઞાન થાય છે એમ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! એ પર છે પરમાં, સ્વ છે સ્વમાં, પણ સ્વ જાણનારો અનુભવમાં આવે છે, એવી દૃષ્ટિ સ્વ ઉપર નહિ હોવાથી એની દૃષ્ટિ પરમાં ગઈ છે. પરનું અસ્તિત્વ છે. એ અસ્તિત્વને જાણવા જ્ઞાન રોકાઈ ગયું છે. સમજાણું કાંઈ ? અને એ રોકાણું માટે તેને પરમ આનંદનો સ્વાદ આવતો નથી. તેથી એને દુઃખનો જ અનુભવ છે.

કહે છે કે એ જાણનારનો અનુભવ નહિ હોવાથી, એ જ્ઞાન પર ઉપર જુકાઈ ગયેલું છે. એથી એ મૂઢને બેની એકતાનું જ્ઞાન હોવાથી, રાગથી પૃથક્ એવો ભગવાનઆત્મા જ્ઞાનમાં જાણવામાં જણાયો નહિ અને જણાયા વિનાની શ્રદ્ધા ગધેડાનાં શિંગડા જેવી છે, કહે છે. કહો, સમજાણું કાંઈ આમાં ? આ તો એકલો ન્યાયનો-લોજિકનો વિષય છે. તત્ત્વનું જ્ઞાન, જ્ઞાનમાં જે વસ્તુ છે તેમ દોરી જાય એને અહીં ન્યાય કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે, **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...'** એટલે એને સમ્યગ્દર્શન પણ હોતું નથી. આહા..હા...! **'ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે...'** જ્યારે અન્યભાવોને જાણતાં રોકાયેલું જ્ઞાન, એ જ્ઞાન સ્વને જાણવામાં ન આવ્યું, સ્વને ન જાણ્યું, એથી નહિ જાણેલાની શ્રદ્ધા પણ એને હોતી નથી; અને શ્રદ્ધાન નહિ હોવાથી વસ્તુની શ્રદ્ધા આ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ (છે) એવું જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવ્યું નહિ, આવ્યુ નહિ એટલે શ્રદ્ધા થઈ નહિ.

**'સમસ્ત અન્યભાવોના ભેદ વડે...'** એથી હવે ચારિત્ર નથી થતું એમ કહે છે. આહા..હા..! કેમ કે અન્ય જે વિકલ્પ આદિ, શરીર આદિ પરપદાર્થ, એના ભેદ વડે **'અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને...'** જ્યારે આત્મા જણાયો નહિ, પ્રતીત થઈ નહિ, તેથી રાગ અને પુણ્યમાં, વિકલ્પમાં ઠરેલું જ્ઞાન, પરથી ભિન્ન પાડીને સ્વમાં ઠરવાને અસમર્થ થઈ ગયું. આહા..હા...! સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના પરથી ભિન્ન પડ્યો નથી. તો ઠરવું શેમાં ? એની એને સમર્થ–શક્તિ આવી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ ? તો વિસામાનું વાક્ય છે. સમજણ કરે તો વિસામો મળે એવું છે. કહે છે,.. આહા..હા...! ટીકા તે ટીકા છે ને પણ. ભાઈ કહે છે ને, 'નવરંગભાઈ' શું ? જામ્યું હતું એમ કાંઈક કહેતાં હતા. એ એમની ભાષા છે. 'નવરંગભાઈ'! આ જામ્યું છે, જુઓ ! આહા..હા...!

એક-એક શબ્દ અને એક-એક ન્યાયે આખી પરથી ભિન્ન અને પરની એક્તાની વાત અહીં કરે છે. કહે છે, જ્યારે વસ્તુ રાગાદિ પરથી ભિન્ન પડેલી ચીજ, એના અનુભવમાં એ વસ્તુ આવી નહિ એથી એને શ્રદ્ધા પ્રગટ થઈ નહિ, એથી એને પરથી – અન્યભાવોથી ભિન્ન થઈને સ્વરૂપમાં ઠરવાની શક્તિ એને પ્રગટ હોતી નથી, એને ચારિત્ર હોતું નથી. આ એમ કહે છે. આહા..હા...! આ તો બહુ સીધી વાત છે. પણ હવે માણસને અભ્યાસ નહિ. બહારના અજ્ઞાનના અભ્યાસ આડે અનાદિથી આ વાત ભૂલી ગયો. આહા..હા...! અને કા ક્યાંક થોડા ઘડિયા-બડિયા શીખ્યો હોય તો જાણે અમને કાંઈક આવડે છે, એ માનમાં ને માનમાં પડ્યો. આહા..હા...! કહે છે, એ શું કીધું વળી ? આ શાસ્ત્રનું અને પરનું જ્ઞાન થયું એટલે એને એમ થઈ ગયું કે મને આત્માનું જ્ઞાન થયું. એ તો અહીં ના પાડે છે. આહા..હા...! શાસ્ત્ર જાણ્યા અને વાંચ્યા અને એનું જ્ઞાન, એ તો પરનું જ્ઞાન થયું. અહીં નિષેધ છે. આહા..હા...! એ ભગવાનઆત્મા પરના સંબંધીમાં રોકાયેલો, જ્ઞાન કરવા રોકાયેલો, હોં ! અસ્તિત્વ છે ને ? એને સ્વને જાણવાને માટે જ્ઞાન અંતરમાં આવ્યુ નહિ, તેથી સ્વને ન જાણ્યો. સ્વને ન જાણવાથી જાણ્યા વિનાની શ્રદ્ધા શું ?

આપણે તે દિ' દાખલો આપ્યો હતો, નહિ ? ભાઈ ! ઓલો કુવાડવાનો, મચ્છરનો. આપ્યો હતો કે નહિ ? તે દિ' આપ્યો હતો. ગુરુવારે સવારમાં. 'કુવાડવા' છે ને ? અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાંચ ગાવ. નવ માઈલ, દસ માઈલ. 'વઢવાણ' જતાં. એ 'કુવાડવા'માં નિશાળમાં એકવાર ઉતર્યા હતા. કીધું ને અંદર માસ્તરે છોકરાઓને મચ્છર બતાવ્યું. મચ્છર ચિતરી અને લાંબા પગ કરીને (બતાવ્યો). પગ એના એવડા લાંબા ન હોય પણ છોકરાઓને પગ લાંબામાં એને સૂક્ષ્મ ઢીંચણ જેવું હોય ને ? એવું બતાવવા ચાર પગ જરી લાંબા કરેલા. એટલે આ ભાગ આ છે, એટલો આ ભાગ આ છે, એટલા ભાગમાં જરી આમ ત્રણ ભાગ પડ્યા હોય. આપણે નખ જેવું હોય ને ? એને નખ જેવું બીજી જાતનું હોય. એવું બતાવવા લાંબા પગ કરીને બતાવ્યું હતું. મચ્છરને. ત્યાં કાગળમાં હતો. અમે ઉતર્યા હતા ત્યારે જોયું. ત્યાં એકવાર હાથી ગામમાં આવ્યો, અને છોકરો કહે માસ્તર સાહેબ ! આપે મચ્છર બતાવ્યો, જુઓ આવ્યો આ. કારણ કે હાથી જોયો નહોતો. જોયા વગર કોને માને ? મચ્છરના લાંબા ટાંગા કરેલા. કાગળમાં હતું. પણ લાંબા ટાંગા તો સમજાવવા માટે, એવા લાંબા ટાંગા એને હોય નહિ, એને બહુ ઝીણા હોય. પણ એમાં પગની અંદર પણ ફેરફાર, છેલ્લો ભાગ, વચલો ભાગ, જ્યાંથી પગ નીકળે તેનો ભાગ, પહેલાં કેવો પહોળો હોય પછી પાતળો થતો જાય એવું બતાવવા (મોટો ચીતરેલો). કેમ આમથી આમ વળે ને ? લાંબા કરેલા. તો ઓલો કહે, સાહેબ ! આપે મચ્છર બતાવ્યો હતો, જુઓ આ મચ્છર આવ્યો. માસ્તર કહે, એ મચ્છર નહિ, આ તો હાથી છે. તો તમે તો લાંબા પગ કરીને બતાવ્યું હતું ને ? જેણે જાણ્યો નહિ હાથી, એ હાથી કોને માને ? સમજાણું કાંઈ ?

એમ આત્મા અંદર જ્ઞાનસ્વરૂપી ભગવાન, એની જ્ઞાનની દશામાં જણાણો નહિ, એને શ્રદ્ધા ક્યાંથી થાય ? અને શ્રદ્ધા થયા વિના અન્યભાવથી ભિન્ન પડીને સ્વરૂપમાં ઠરવાની શક્તિ એને ક્યાંથી આવે ? આહા..હા...! સમજાણું કાંઈ ? છે ? આ તો પેરેગ્રાફ બહુ ઊંચો છે. આહા..હા...! કહે છે, અરે..! જેને આત્મજ્ઞાન નથી. એ આત્માનું જ્ઞાન નથી, એને આત્માની શ્રદ્ધા નથી. એની શ્રદ્ધા નથી એથી એને અન્યભાવો વિકલ્પો, એનાથી ભિન્ન પડીને, સ્વરૂપમાં ઠરવું એવું ચારિત્ર એને હોઈ શકતું નથી. આહા..હા...! આ બધા ચારિત્ર.. ચારિત્ર.. વાતું કરે છે ને ? વ્રત પાળે ને ફલાણું કરે એ ચારિત્ર. ધૂડમાં પણ ચારિત્ર નથી. ભાઈ ! સમજાણું કાંઈ ?

બાપા ! ચારિત્રના મોઢા જુદા છે. આહા..હા...! ચારિત્ર થયું એ તો પરમેશ્વર થયો. એ તો પંચપરમેષ્ઠીમાં ભળ્યો. આહા..હા...! જેને ગણધરો નમસ્કાર કરે. એવું જે ચારિત્ર. એ આત્મજ્ઞાન થઈને શ્રદ્ધા થાય, તેમાં ઠરવાની શક્તિ થાય તેને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આ લુગડા ફેરવ્યા, ફલાણું ફેરવ્યું અને થયું, ચારિત્ર થઈ ગયા. અમે આ વ્રત લઈ લીધા, સંસાર છોડ્યો. કોને સંસાર કહેવો એની તને ખબર નથી. સમજાણું કાંઈ ? બાયડી, છોકરા, શરીર સંસાર નથી. એ સંસાર હોય તો જ્યારે મરે ત્યારે બધુ છૂટીને જાય છે તો સંસાર પડ્યો રહ્યો અને એની મુક્તિ થવી જોઈએ, એ સંસાર હોય તો. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંસાર નથી. ચિદાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ ત્યાંથી સંસરી–ખસી અને એક સમયની પર્યાય અને રાગનું જ્ઞાન કરનારો જે ભાવ, એ મિથ્યાત્વભાવ તે સંસાર છે. સમજાણું કાંઈ ? એ સંસાર છોડ્યો નથી અને બહારનો છોડ્યો ત્યાં (માને કે) અમેં સંસાર છોડ્યો, દીક્ષા લીધી. બધા માણસો હજારો ભેગા થયા અને આહા..હા...! ધન્ય ભાગ.. ધન્ય ભાગ. ધૂડમાં પણ નથી, સાંભળને. સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાનઆત્મા એવા ચારિત્રાદિ અનંત ગુણનો પિંડ એ તો છે. એવા ગુણનું ધરનારું તત્ત્વ, એનું જ્ઞાન નથી તો એની શ્રદ્ધા નથી અને શ્રદ્ધા નથી તો એમાં ઠરવાની ચારિત્રદશા એને હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં ? આહા..હા...! જ્યારે શ્રદ્ધા થતી નથી **'ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે...'** બાકી એ તો એમ કહે કે અમને શ્રદ્ધા છે, પણ કોની ? અમને ભગવાનની સાચા શ્રદ્ધા છે, આત્માની સાચી શ્રદ્ધા છે. એ શ્રદ્ધા નહિ. આત્માના જ્ઞાનની દશામાં આખો આત્મા જણાય અને જ્ઞેય તરીકે અનુભવાય અને એની પ્રતીતિ (કરે) તેને શ્રદ્ધા કહે છે. સમજાણું કાંઈ ? અને ત્યારે એને.. જ્યારે તત્ત્વનું, વસ્તનું જ્ઞાન થયું નહિ, શક્તિથી શ્રદ્ધા થઈ નહિ, નહિ જાણેલાની અને તેથી પરથી, અન્યભાવોથી, વિકલ્પથી જુદો પડી અને સ્વરૂપમાં ઠરવાની શ્રદ્ધામાં તો એ તાકાત આવી કે હવે આમાં ઠરું તો મારી મુક્તિ થાય. એ પહેલું આવી ગયું છે. ત્યારે શેમાં ઠરવું ? આત્મા તો જાણ્યો નથી. શ્રદ્ધામાં આવ્યો નથી તો ઠરવું શેમાં ? એ તો રાગમાં ઠરે છે. સમજાણું કાંઈ ?

કહે છે, **'અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના...'** એમ કીધું ને ? **'અસમર્થપણાને લીધે...'** સ્વરૂપને જાણ્યું નહિ, સ્વરૂપને માન્યું નહિ, સ્વરૂપમાં ઠરવાની શક્તિ એને હોતી નથી. **'આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...'** એને આત્માનું ચારિત્ર પ્રગટ થતું નથી. આહા..હા...! ભારે આવી વાતું, ભાઈ ! આવી ધર્મ કથા ! **'આત્માને સાધતું નથી.'** આત્મા પૂર્ણાનંદ પ્રભુ, સર્વજ્ઞે કહેલો, અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ એકરૂપ (છે) એવું જ્ઞાન થયા વિના એને શ્રદ્ધા હોતી નથી. શ્રદ્ધા હોતી નથી તેથી ઠરવાની શક્તિ એને પ્રગટ થતી નથી. તેથી તે આત્માને સાધતો નથી એ રાગને સાધે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ તો પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, તપ એવા રાગને સાધે છે, સંસારને સાધે છે, એ આત્માને સાધતો નથી.

**'આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.'** લ્યો. પહેલી ઉત્પત્તિ કીધી હતી. આ રીતે મુક્તિની જે દશા–ભાવ એવો જે સાધ્ય આત્મા, એની સિદ્ધિ, એની પ્રાપ્તિ, આત્માના જ્ઞાન અને શ્રદ્ધા, સ્થિરતા વિના અન્યથા તેની પ્રાપ્તિ હોતી નથી. સમજાણું કાંઈ ? પહેલી પ્રાપ્તિ છે એમ કહ્યું. **'આમ સાધ્ય આત્માની સિદ્ધિની...'** ઉત્પત્તિ છે એમ પહેલાં, બીજા પેરેગ્રાફમાં કહ્યું હતું. ત્રીજામાં આમ કહ્યું, **'આમ સાધ્ય આત્માની...'** મુક્તિદશા, પરમ આનંદ, એવી જે આત્માની મુક્તિ તેને આવા આત્માના જ્ઞાન વિના, આત્માની શ્રદ્ધા વિના,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપમાં ઠરવાની ક્રિયા વિના મુક્તિની સિદ્ધિ થતી નથી. બહુ સરસ વાત છે, બહુ સરસ વાત. અરે..રે..! એને કાને ન પડે. પરમ સત્‌ના ન્યાય, પરમ સત્ય શું છે અને અસત્ય શું માનું છું, એની જેને ખબરું નથી, એ કેની કોર જઈને સંસારમાં રહેશે ? ક્યાં અવતરશે એનો મેળ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો એક પેરેગ્રાફ થયો.

**'ભાવાર્થ :– સાધ્ય આત્માની સિદ્ધિ...'** સાધ્ય એટલે કે સાધન કરીને પૂર્ણ દશા પ્રગટે તેને સાધ્ય કહીએ. આહા..હા...! સાધ્યમાં છે ને એ ? એમ કહે છે ને ? આ માંદો-બાંદો હોય ત્યારે કહે ને ? સાધ્યમાં છે. એમ જેને સાધ્ય મુક્તિ છે, એ સાધ્યમાં છે. આહા..હા...! જેના સાધ્યમાં રાગ અને સંસાર છે એ બધા અસાધ્ય છે. સમજાણું કાંઈ ? આ નથી કહેતાં ? સાધ્ય છે કે નહિ ? સાધ્ય હમણા ચાલી ગઈ છે. બે કલાક પહેલાં કાંઈક હતી. એમ અહીં કહે છે, સાધ્ય તો એને કહીએ, સાધ્યવાળો એને કહીએ કે જેને મુક્તિની દશા પ્રગટ કરવી છે એને સાધ્યવાળો કહીએ. સમજાણું કાંઈ ? આહા..હા...! ઝીણું છે, 'મોહનભાઈ'! 'મોહનભાઈ' બરાબર સાંભળે છે. આવું ઝીણું છે.

કહે છે, **'સાધ્ય આત્માની સિદ્ધિ...'** સાધ્યમાં પૂર્ણાનંદ દશા પ્રગટ કરવી છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ.' 'શ્રીમદ્'માં આવે છે ને ? 'સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' રાગ અને અજ્ઞાનની ગાંઠ તોડીને જેણે જ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરી, એવા પરમાત્માએ આ માર્ગ બતાવ્યો છે. આહા..હા..! મોક્ષનો માર્ગ એણે બતાવ્યો અને મોક્ષ પણ કેવો એ એણે બતાવ્યો. આહા..હા...!

કહે છે, **'સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...'** અહીં દર્શન પેહલું લીધું, ભાઈ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી-મોક્ષમાર્ગ છે ને ? એ શબ્દ લીધો. સાધ્યની સિદ્ધિ મોક્ષના માર્ગે, મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. **'બીજી રીતે નથી. કારણ કે :– પહેલાં તો આત્માને જાણે...'** જુઓ! ત્યાં પ્રથમ હતું એ અહીં પહેલાં આવ્યું. **'કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું.'** એ જાણનારનું જ્ઞાન અનુભવમાં આવે તે હું છું. આહા..હા...! ધીરજની વાતું છે, ભાઈ આ તો. આ કાંઈ બહારના કુદકા માર્યે, બહારની પ્રવૃત્તિના પરિણામ કર્યે ધર્મ થાતો નથી. આહા..હા..!

ત્યારે વળી એક જણે પ્રશ્ન કર્યો. કાલ અને પરમદિવસ 'મુંબઈ'માં તો બહુ માણસને ? આઠ-આઠ, દસ-દસ હજાર માણસ. ... લઈને સામે ઊભા હોય. એટલું માણસ. ત્યારે ઓલા કહે, મહારાજ ! આ બધી પ્રવૃત્તિ શેની ? ધર્મને માટે આ હોય કે નહિ ? મોટી પ્રતિમા પધરાવીને ? કીધું જુઓ, ભાઈ ! જ્યારે એવો શુભરાગ હોય, ત્યારે સામી ચીજ એને કારણે હોય, તો એનું લક્ષ ત્યાં જાય એટલી વાત છે, પણ એનાથી ધર્મ થાય અને મુક્તિ થાય એ વાત નથી. અશુભથી બચવા એમ વ્યવહારે કહેવાય, અશુભથી બચવા માટે. એ અશુભ પણ બે પ્રકારના. એક મિથ્યાત્વનું અશુભ અને બાહ્યચારિત્રનું એક અશુભ. આ ચારિત્રના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અશુભથી બચવાની વાત છે.

'પંચાસ્તિકાય'માં આવે છે ને ? 'યોગ તે બાહ્ય છે અને ચારિત્ર તે અભ્યંતર છે.' યોગ-યોગ. કંપન તે બાહ્ય છે અને કષાય તે અભ્યંતર છે. અને 'નિયમસાર'ની ૫૩ ગાથામાં એમ આવે છે, જ્ઞાનીની વાણી તે બાહ્ય નિમિત્ત છે અને જ્ઞાનીનો અભિપ્રાય અભ્યંતર છે. એણે મિથ્યાત્વના પરિણામ એ અભ્યંતરના અશુભ છે અને ચારિત્રના અશુભથી બચવા શુભ એ બાહ્યનું અશુભ છે. કહો, સમજાણું આમાં ? અરે..રે..! ભારે. એ જાણનારો અનુભવમાં આવે, બાપુ ! કીધું, માર્ગ આવો છે, ભાઈ ! આહા..હા...!

**'જાણનારો અનુભવમાં આવે છે તે હું છું.'** એમ છે ને ? **'ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય;....'** એ ટૂંકામાં આવી ગયું. **'વિના જાણ્યે શ્રદ્ધાન કોનું ? પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર થાય.–એ પ્રમાણે સિદ્ધિ છે. પણ જે જાણે જ નહિ,...'** આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ જ્ઞેયમાં આવે જ નહિ, તો શ્રદ્ધાન પણ ન થઈ શકે. તો **'સ્થિરતા શામાં કરે ?'** (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે, જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે. ૧૩૮.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર, ગાથા–૪૯, પ્રવચન નં. ૪૭
## તા. ૧૫-૦૫-૧૯૮૦
## [૧૮]

'સમયસાર' ૪૯મી ગાથા. અવ્યક્તનો બોલ ચાલે છે. પહેલો બોલ એ આવ્યો કે છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે... એમ આવ્યું ને ? છ દ્રવ્યસ્વરૂપ લોક છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને જીવ એ છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય તરીકે છે, જ્ઞેય તરીકે છે. આ..હા..! અને તે આ આત્માની અપેક્ષાએ બાહ્ય–વ્યક્ત છે અને એની અપેક્ષાએ આત્મા અવ્યક્ત છે. આહા..હા...! એટલે કે છ દ્રવ્યથી તે જણાય એવો નથી. છ દ્રવ્યના જ્ઞાનથી તે આત્મા જણાય એવો નથી. એ વાત આવી ગઈ. આજે સામાન્ય અને વિશેષમાં જરી ઝીણી વાત આવી ગઈ. આવે છે, જુઓ ! શું આવે છે ?

એક બોલ એ કહ્યો કે જગતમાં છ દ્રવ્યસ્વરૂપ જગત છે, પણ તેનાથી આ ભગવાનઆત્મા જાણવામાં આવી ન શકે કારણ કે એ ચીજથી આ ચીજ જુદી છે. એ વાત થઈ ગઈ છે. આ કષાયોનો સમૂહ. હવે જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ જે કષાય છે, એનો જે સમૂહ, અસંખ્ય પ્રકારના શુભરાગ અને અસંખ્ય પ્રકારના અશુભરાગ, તે ભાવકભાવ (છે). એ તો કર્મ ભાવક છે તેનો ભાવ છે. છે તો એની પર્યાયમાં એનાથી પણ અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિ સમજાવવી છે. ત્રિકાળ દ્રવ્ય વસ્તુ જે છે, એ ભગવાન પૂર્ણાનંદનો નાથ અનાદિ અનંત જે વસ્તુ છે, એ અપેક્ષાએ તો પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત આદિના ભાવ એ ભાવક જે કર્મ છે તેનો એ ભાવ છે, એ આત્માનો ભાવ નથી. આહા..હા...! જે કહેવું છે, ઝીણી વાત એ ત્રીજા બોલમાં આવશે. એ તો સવારમાં અંદરથી મગજમાં આવ્યુ છે. એ ત્રીજા બોલમાં (આવશે).

અહીંયાં તો જે ભાવક નામ કર્મના ભાવથી થયેલો, અહીં એ વિકાર એનો નથી એમ બતાવવા વિકાર નિમિત્તથી થયેલો છે, તે એનો છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? ચાહે તો પરમાત્માની ભક્તિના પરિણામ હો કે ચાહે તો દયા, દાન, ને વ્રત ને પચ્ચખાણના ભાવ એ બધા વિકલ્પ અને રાગ છે. એ ભાવક કર્મનો ભાવ છે, દ્રવ્ય સ્વભાવનો ભાવ નથી. ભગવાનઆત્મા... આહા..હા...! દ્રવ્ય સ્વભાવનો એ ભાવ નથી, એ ભાવકનો ભાવ છે. માટે આત્મા એનાથી ભિન્ન હોવાથી અવ્યક્ત છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો અત્યારે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા ભાવ કરો તો કલ્યાણ થશે. એ પ્રવૃત્તિ ચાલી છે. આહા..હા...! કોને પડી છે કે મારું શું થશે ? આ દેહ છૂટ્યા પછી જવાનો છું. આહા..હા...! આજ ભાઈ સમાચાર આવ્યા છે. 'શોભાલાલ' શેઠ ગુજરી ગયા. 'સાગર.. સાગર'વાળા. બહુ પ્રેમ હતો. કરોડપતિ. બહુ બિચારાને પ્રેમ હતો. પણ ઘણા વરસથી, ઘણા મહિનાથી અને વરસ હશે ખાટલે પડેલા. એમાં સારુ પણ થઈ ગયું હતું. ઠીક. આજે કાંઈક તાર આવ્યો છે. 'પવનશેઠ' એનાથી નાના ભાઈ. બીજાના વેપારી મોટા કરોડોપતિ. આપણાથી બહાર એના મકાન છે ને ? એ દેહની સ્થિતિ પૂરી થાય.. એવું લઠ જેવું શરીર હતું. હાથમાં લાકડી રાખતા. રૂપાનો માથે પકડવાનું. આહા..હા...! એ તો નાશવાન ચીજ છે. એનાથી તો પ્રભુ હાથ એવો નથી. પણ અહીં તો એનામાં થતાં પુણ્ય અને પાપ, એ પણ એની કાયમની ચીજ નહિ હોવાથી અને કાયમનું એનું સ્વરૂપ પણ નહિ હોવાથી, એ વિકારભાવ કર્મ નામ ભાવકથી થયેલો, એ ભાવની અપેક્ષાએ ભગવાનઆત્મા અવ્યક્ત છે. એનાથી જણાય એવો નથી. આહા..હા...! છતાં જાણતો કીધું છે ને ? એ વિકારથી જણાય એવો નથી. ત્યારે તે નિર્વિકારી પરિણતિથી જણાય એવો છે. આહા..હા...! જાણક શબ્દ છે ને ? સમજાય છે કાંઈ ?

પુણ્યના ભાવ અસંખ્ય પ્રકારના. આ બીજાની વ્યવસ્થા કરીએ, આ પાંજરાપોળની, ફલાણાની ને ઘરના છોકરાની ને ગરીબો ને.. એ બધો વિકલ્પ છે. પ્રભુ ! ઝીણી વાત છે. દુનિયાથી જુદી ચીજ છે. એ રાગ છે એ ભાવકનો ભાવ છે. કર્મ જે ભાવક છે એનો એ ભાવ છે અને પ્રભુ તો એનાથી ભિન્ન છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ તેનાથી ભિન્ન છે માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. એને જાણ. જાણ આવ્યું ને ? પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન છે તેને જાણ, તો તને તેનો કલ્યાણનો રસ્તો હાથ આવશે. આહા..હા...! જન્મ-મરણના અંત ત્યારે આવશે. નહિતર અંત નહિ આવે, પ્રભુ ! આહા..હા...! ત્યાં કોઈની સિફારીશ લાગુ પડે એવી નથી.

જીવ વસ્તુનો સ્વભાવ અને વિભાવ સ્વતંત્ર છે. પણ એ વિભાવથી સ્વભાવ જણાય એમ નથી. એ પણ સ્વતંત્ર છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ કષાયોનો સમૂહ લીધો છે ને ? અસંખ્ય પ્રકારના શુભભાવ – દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અસંખ્ય પ્રકારના શુભભાવ એનો સમૂહ જે ભાવકભાવ, કર્મરૂપી ભાવક ભાવક ભાવનો કરનાર કર્મ અત્યારે કીધું છે. ભાવક. એ વિકારનો કરનાર કર્મ છે, તારું સ્વરૂપ નથી. એ દ્રવ્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, એમાં અનંત ગુણ હોવા છતાં કોઈ ગુણ વિકારપણે પરિણમે એવો એક્કે ગુણ નથી.

અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા.. ગુણનો પિંડ પ્રભુ છે. પણ એ અનંતા ગુણમાં કોઈ એક્કે ગુણ એવો નથી કે દયાના પરિણામને ઉત્પન્ન કરે. આહા..હા...! એ તો ભાવકનો ભાવ છે. કર્મનું ભાવક એનો એ ભાવ છે. ગજબ વાત છે. સમજાય છે કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ દયાનો અને ભક્તિનો ભાવ એ કાંઈ આત્માની ચીજમાં એવી કોઈ શક્તિ નથી કે પોતે શક્તિ વિકારપણે પરિણમે. એ પર્યાયમાં–અંશમાં વિકાર થાય છે. તેનું નિમિત્ત જે સાધન નિમિત્ત કર્મ છે એને અહીંયાં ભાવકભાવ કહીને તેનો એ ભાવ છે, એનાથી પ્રભુ ભિન્ન છે, તો એને જાણ. વિકારના લક્ષને છોડી દઈને.. જાણ તો કીધું ને ? તો વિકારથી જણાય નહિ. ત્યારે તું નિર્વિકારી દશાથી જાણ કે આ ભગવાન શુદ્ધ ચૈતન્ય છે. એમાં એક્કે ગુણ વિકારને (કરે) એવું નથી.

'કળશ ટીકા'માં એક પ્રશ્ન ઊઠ્યો છે કે આત્મામાં અનંતી શક્તિ છે, તો એક એવી પણ શક્તિ એમાં હોય તો વાંધો શું ? કે પરનું કરે અને રાગ કરે એવી એક શક્તિ હોય તો વાંધો શું ? એવો એક પ્રશ્ન ઊઠ્યો છે. ના, ના. એમાં એક્કે ગુણ એવો નથી, પ્રભુ શું કરે ? અનંતી અનંતી સંખ્યાવાળા ગુણનો પિંડ પ્રભુ, પણ એક્કે ગુણ એવો નથી કે જે દયા પાળવાનો વિકાર કરે, એવો એનામાં એક્કે ગુણ નથી. આહા..હા...! એ તો ભાવકનો ભાવ છે. આહા..હા...! કેમ કે એના ગુણમાં નથી ત્યારે પર્યાયમાં જે અવસ્થા થાય છે. એ તો વિકૃત દશા છે. એથી તે વિકૃતનો કરનાર, અવિકૃત અનંત ગુણનો પિંડ પ્રભુ એ નહિ. આહા..હા...!

જેને કલ્યાણ કરવું છે, જન્મ-મરણ રહિત (થવું છે), બાપા ! અનંતકાળ થયા. આહા..હા...! કરોડોપતિઓ ચાલ્યા જાય છે. આહા..હા...! 'શોભાલાલ'ને બિચારાને કેટલો પ્રેમ હતો. 'સાગર', કરોડપતિ હતા. દેહ છૂટી ગયો. આજે તાર આવ્યો છે. આહા..હા...! કરોડપતિ કહો કે ધૂડપતિ બધા (ચાલ્યા જાય છે). આહા..હા...! કરોડ એટલે પૈસો એનો પતિ તો જડ છે. ભેંસનો પતિ પાડો હોય, એમ લક્ષ્મીપતિ જો થાવું હોય તો લક્ષ્મી જડ છે એનો પતિ થા તો જડ છો. આહા..હા...! જગતને આકરું કામ બહુ, બાપુ ! આહા..!

કષાયોનો સમૂહ.. લીધો છે ને ? કારણ કે અસંખ્ય પ્રકારના દયા, દાન અને અહિંસા આદિના પરિણામ (છે), એ કોઈ પરિણામથી તને તારી ચીજ જણાય, એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા...! એ બે બોલ (થયા). હવે ત્રીજો.

ત્રીજા બોલમાં આજે સવારમાં જરી એવો એક વિચાર આવ્યો કે ચિત્ સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે. એટલે શું કહે છે ? આ ચૈતન્ય જે પ્રભુ છે, સામાન્ય ત્રિકાળી છે, એમાં ભૂતકાળ અને ભવિષ્યની પર્યાયો નિમગ્ન છે. તો તે પર્યાયથી જણાય એવી એ ચીજ નથી. કારણ કે એ તો એમાં બાહ્ય છે નહિ. બાહ્ય હોય તો એને જાણી શકે. વાત સમજાય છે કાંઈ ? જે કંઈ અંદર આત્માની પર્યાયો ભૂતકાળમાં અનંતી અવસ્થાઓ થઈ ગઈ અને ભવિષ્યમાં અનંતી થશે, પણ એ વર્તમાનમાં પર્યાયમાં એની ગેરહાજરી છે. એ થશે અને થઈ ગઈ એ સામાન્યમાં છે. તો અંદરમાં છે તો એ દ્વારા હવે આત્મા જણાય એમ છે નહિ. આહા..હા...! એ તો ધ્રુવ થઈ ગઈ. શું કીધું ? જરી ઝીણી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચિત્ સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ અંતર્મગ્ન છે. ત્યારે એનો અર્થ એ થયો, કે જે અંતર્મગ્ન નથી એવી જે નિર્મળ બાહ્ય પર્યાય છે, એ પર્યાયથી તું આત્માને જાણ. સમજાણું કાંઈ ? જે અવસ્થાઓ વર્તમાનમાં પર્યાયમાં નથી અને સામાન્યમાં છે તો એ સામાન્યમાં કાંઈ સામાન્ય, સામાન્યથી જણાય એવી ચીજ એ નથી. આહા..હા...! જરી-થોડી ઝીણી વાત છે. એ સામાન્યમાં બધી ભૂત અને ભવિષ્યની પર્યાયો સમાઈ ગઈ છે. પાણીના તરંગો પાણીમાં સમાણા એ તરંગો હવે પીવામાં કામ ન આવે. સમજાય છે કાંઈ ?

એ ભગવાન સામાન્ય ચૈતન્ય પ્રભુ, સામાન્ય એટલે એકરૂપ રહેનાર, એમાં ભૂત અને ભવિષ્યની પર્યાયો અંદરમાં ગઈ, એ સામાન્ય એકરૂપ થઈ. હવે એ દ્વારા આત્મા જાણી શકાય એમ નથી. સમજાય છે કાંઈ ? ફક્ત વ્યક્ત જે પ્રગટ બાહ્ય છે, એ પણ નિર્મળ પર્યાય જે છે, એનાથી તું જાણ. આહા..હા...!

કારણ કે ભાવકભાવ તો માથે આવી ગયો. વિકારથી તો જણાય નહિ એ વાત તો આવી ગઈ. હવે જે પર્યાયો અંદરમાં ગઈ એનાથી પણ જણાય નહિ. 'ચંદુભાઈ'! શું કીધું સમજાણું ? ભાવકભાવથી તો જણાય નહિ એ વાત તો આવી ગઈ. કોઈપણ દયા, દાન, વ્રત આદિના વિકલ્પથી એ જણાય એવો નથી. જ્યારે એની ગયા કાળની અને ભવિષ્યની પર્યાય વર્તમાન નથી એ તો સામાન્યમાં ગઈ છે. હવે એને જાણનાર કોણ ? એ તો અવ્યક્ત રહ્યો. અવ્યક્ત કેમ ? કે એના દ્વારા એ જણાય એવો નથી. ધ્રુવ દ્વારા ધ્રુવ જણાય એવો એ નથી. આહા..હા...! જરી શાંતિથી વિચાર કરીને કરવાની, બાપુ ! આ તો અલૌકિક માર્ગ છે. ભવના અભાવની વાતું છે અહીં તો. જેનાથી એકપણ ભવ મળશે, એ ભવમાં અનંતા ભવ કરવાની તાકાત છે અને એ ભવ છે એ કલંક છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ! એમાં એ ભવ અને ભવનો ભાવ એ કલંક છે.

અહીં કહે છે કે જે ભૂત અને ભવિષ્યની, ગયા કાળની અને ભવિષ્યની પર્યાયો તો સામાન્યમાં ગઈ. અંતર્ભૂત ત્યાં થઈ. એટલે એનાથી જણાય એવો તો રહ્યો નહિ. અને જાણ તો કહ્યું. સમજાય છે કાંઈ ? એ નિર્મળ પર્યાયો વર્તમાન છે તેનાથી જાણ. સામાન્યથી સામાન્ય જણાય નહિ, ત્રિકાળી ત્રિકાળીથી જણાય નહિ, ત્રિકાળી વિકારથી જણાય નહિ, ત્રિકાળી નિર્મળ પર્યાયથી જણાય, ત્યાંથી જાણ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

સામાન્ય–ચિત્ જ્ઞાનસામાન્ય. જ્ઞાન એટલે આત્મા. અહીંયાં જ્ઞાન એટલે આત્મા. ચિત્ એટલે જ્ઞાનસામાન્યમાં ચૈતન્યની ગયા કાળની અને ભવિષ્યની જેટલી પર્યાયો છે, એ બધી પર્યાયો સર્વ વ્યક્તિઓ નિમગ્ન છે. એ તો સામાન્યમાં મગ્ન છે. આહા..હા...! જેનાથી તારે જાણવાનું કાર્ય લેવું છે, કામ લેવું છે, એ એકલા સામાન્યથી નહિ થાય, તેમ સામાન્યમાં ભવિષ્ય અને ભૂતની પર્યાયો ગઈ એનાથી પણ નહિ થાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'લાલચંદભાઈ'! ઝીણી વાત છે થોડી. ભાઈ ! આ આમ કેમ કહ્યું ? એનો અર્થ એ કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભૂત-ભવિષ્યની પર્યાયો સામાન્યમાં સમાઈ ગઈ તો એનાથી જેમ દ્રવ્યથી દ્રવ્ય ન જણાય તેમ એ પર્યાય અંદર ગઈ એનાથી નહિ જણાય. જાણ એમ તો કીધું. સમજાય છે કાંઈ ?

ભલે પ્રગટ પર્યાય એક સમય છે, પણ એનો ઉપયોગ અસંખ્ય સમયે કામ કરે છે. પણ અહીં તો એક સમયનું જ્ઞાન તે નિર્મળ પ્રગટ છે, એ દ્વારા તેને જાણ. ભલે જાણવામાં એક સમયમાં જ જણાય જાય છે. એના ઉપયોગમાં અસંખ્ય સમયે આવે. કારણ કે છદ્મસ્થ છે, કષાય સાથે ઉપયોગ છે એટલે એક ઉપયોગ એ સમયની મુદતવાળો ન રહી શકે. કામ તો એક સમયમાં થાય છે. રૂપાંતર એકદમ, સમ્યગ્દર્શન તો એક સમયમાં થાય છે.

વ્યક્ત જે ભાવકભાવ, એનાથી જણાય નહિ, ત્રિકાળી સામાન્ય જે વસ્તુ છે, એમાં ભૂત અને ભવિષ્યની પર્યાય સમાઈ ગઈ, માટે એનાથી જણાય નહિ. આહા..હા...! આ ભૂત અને ભવિષ્યની પર્યાય અંદર ગઈ એને અવ્યક્ત કેમ કીધું ? જેમ સામાન્ય વસ્તુને અવ્યક્ત કીધી, એકરૂપ રહેનારી ચીજ, એમ ભૂત-ભવિષ્યની પર્યાય અંદર ગઈ માટે એ પણ અવ્યક્ત થઈ. આહા..હા...! એ બહાર રહી નહિ, પ્રગટ રહી નહિ અને પ્રગટ વિના તે જણાય એવો નથી. આહા..હા...! પ્રગટમાં કષાયથી જણાય એવો નથી એ વાત તો સિદ્ધ (કરી) પહેલી કહી ગયા. ત્યારે હવે પ્રગટથી કઈ પ્રગટથી જણાય ? આહા..હા...! નિર્મળ સમ્યગ્જ્ઞાનની પર્યાયથી તે આત્મા જણાય, માટે તે આત્માના ભૂત-ભવિષ્યની પર્યાય અંદર ગઈ, એ બધાને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આવી વાતું હવે ! આહા..હા...!

ક્યાં નવરાશ ? પાપના ધંધા આડે ક્યાં નવરાશ છે ? આખો દિ' પાપ, બાયડી-છોકરાનું ધ્યાન રાખવામાં પાપ, છ-સાત કલાક સુવામાં પાપ... આહા..હા...! હવે એને વખત ક્યારે લેવો ? એમાં સાચુ સાંભળવા મળે નહિ. એને ક્યારે વખત લેવો ? આ મનુષ્યભવ ચાલ્યો જાય છે. આહા..હા...! અને જે સમય જાય છે એ મૃત્યુનો નિર્ણય છે જે કાળ તેની સન્મુખ જાય છે. મૃત્યુનો સમય નિર્ણય છે. આઘોપાછો નહિ થાય, જે સમયે, જે કાળે, જે પ્રકારે દેહ છૂટવાનો તે છૂટવાનો... છૂટવાનો.. છૂટવાનો. જે કાળ જાય છે એ બધા મૃત્યના સમયની સમીપ જાય છે. હવે એ પહેલાં જો કામ ન કર્યું... આહા..હા...! તો મૃત્યુ પછી ક્યાં જઈશ એની કાંઈ મુદત (નથી). ભવની ખબર નથી. કેમ કે એકલું વિકારીભાવનું સેવન છે. અનાદિ અનંતકાળથી સાદી–અત્યાર સુધી વેદન જો હોય તો રાગનું, ભલે શુભ હો, પણ રાગનું વેદન છે એને ભગવાનઆત્માનું વેદન જ છે નહિ. આહા..હા...!

સાધુ થઈને પંચ મહાવ્રત પાળે, હજારો રાણી છોડે, દિગંબર નગ્ન મુનિ થાય તો પણ એ રાગને જ સેવે છે. કારણ કે પંચ મહાવ્રતના પરિણામ એ ભાવકનો ભાવ વિકાર છે. આહા..હા...! એનાથી તે આત્મા હાથ આવે એવો નથી. આહા..હા...! ત્યારે તેને અવ્યક્તને જાણ એમ આવ્યું ને ? ભાઈ ! પાઠમાં તો એમ છે. ભલે અન્વયાર્થમાં ઇન્દ્રિયો લીધું છે. અન્વર્યાર્થમાં, અને ટીકામાં પણ એમ આવ્યું છે. અન્વયાર્થ છે ને ? '**અવ્યક્ત અર્થાત્ ઇન્દ્રિયોને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ગોચર નથી...**' એટલું કર્યું છે. પણ એનો અર્થ એ કે ઈન્દ્રિયોના જેટલા પ્રકાર છે એનાથી તો ગમ્ય નથી, એ એના નથી; પણ જે વ્યક્ત પર્યાય છે, એ વિકારી જે છે, એનાથી જણાય એવો નથી. એ તો બીજામાં કીધું.

હવે અવિકારી પર્યાય છે, કોઈ ભવિષ્યની અને અવિકારી થવાની જ છે અને કોઈને તો વર્તમાન સમ્યગ્દર્શન વર્તતું હોય એને કેટલીક પર્યાય નિર્મળ થઈ ગઈ હોય, તો એ થઈ અને થશે એ બધી અંદરમાં છે. પણ એ સામાન્યને લઈને સામાન્ય જણાય (એમ નથી). જાણવું એ તો પર્યાય છે, જાણવું એ કાર્ય છે અને સામાન્ય છે તે કારણ છે. આહા..હા...! એવો જે આત્મા, ગયા કાળની અને ભવિષ્યની ભલે કોઈ સમકિતી હોય, એ નિર્મળ પર્યાય કેટલીક થઈ ગઈ એ બધી અંદરમાં સમાઈ ગઈ. સમજાય છે કાંઈ ? આહા..હા...! આનંદને વેદનારા સાચા સંત હોય એને પણ જ્યારથી ઉત્પન્ન થયો પછી આનંદની બધી પર્યાયો અંતરમાં વઈ ગઈ. આહા..હા...! એ અંતરમાં ગઈ એ દ્વારા જણાય એવો નથી. એ દ્વારા વેદાય એવો નથી.

બીજામાં કીધું ને ? કષાયનો સમૂહ જે ભાવક ભાવ વ્યક્ત છે. કષાય વેદનમાં છે. આહા..હા...! તેનાથી જે ભિન્ન છે. આહા..હા...! રાગ, પુણ્ય, વિકારભાવનું વેદન એ તો (ભિન્ન છે). ભૂત અને ભવિષ્યની (પર્યાય) એ તો અંદરમાં ગઈ. હવે શું ? 'ચંદુભાઈ' ! જરી ઝીણું છે. આહા..હા...! ઝીણુ પડે, પ્રભુ ! તારી મોટપનો પાર નથી, પ્રભુ ! શું કહીએ ?

'અમૃતચંદ્રાચાર્ય' તો કહે છે, 'પ્રવચનસાર' આખું વર્ણવ્યું. ઓહો..! દિવ્યધ્વનિ વર્ણવી. વર્ણવીને પૂરું કર્યું ત્યારે કહે છે, સંત છે, એકાવતારી છે, આત્મધ્યાની આનંદમાં મસ્ત છે, એ મુનિ એમ કહે છે કે અમે મોટે અવાજે બહુ કહ્યું, પ્રભુ ! ઘણું કહ્યું. આત્માની વાત મોટે અવાજે એટલે કે ખાનગી–ગુપ્ત રાખી નથી. અમે પ્રસિદ્ધ કર્યું છે – એમ કહે છે. મોટે અવાજેનો અર્થ એ. મોટો અવાજ કાંઈ... એમ કે અમે તો સભામાં એટલી સ્પષ્ટ વાત કરી છે. વાત ગુપ્ત રાખી છે. એક જણાને કાંઈક સમજાવ્યું, બહારને કાંઈક સમજાવ્યું (એમ નથી). આહા..હા...! 'પ્રવચનસાર'ના છેલ્લા ભાગમાં છે. એ ભાવલિંગી સંત મુનિ આનંદના વેદનારા, અતીન્દ્રિય આનંદના અનુભવી ભોગી અને અતીન્દ્રિય આનંદના રસના ભોગી જીવ... આહા..હા...! એમ કહે છે, હજી છદ્મસ્થ છે એટલે વિકલ્પ ઊઠ્યો છે. ઘણું કહ્યું, પ્રભુ ! મોટે અવાજે મેં તને ઘણું કહ્યું. આહા..હા...! પણ એ બધું સ્વાહા થઈ ગયું. એ ચૈતન્યની મોટપની આગળ ગમે તેટલા કથન કરીએ તે સ્વાહા, અગ્નિમાં સ્વાહા થઈ જાય એમ સ્વાહા થઈ ગયા. એમ 'પ્રવચનસાર'માં છેલ્લે કહે છે.

શું કહ્યું એ ? ગમે તેટલું અમે સ્પષ્ટીકરણ કરીને, પ્રભુ ! આત્માની વાત કરી અને તે પણ ખાનગી નથી કરી. મોટા અવાજનો અર્થ એ છે. સભામાં પણ સ્પષ્ટ રીતે વાત કરી છે કે આ માર્ગ છે. એ કીધો એ પણ મહાત્મ્ય પ્રભુ એટલું એનું છે અને એ એવડો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ છે કે એટલું બધું કહ્યું એ સ્વાહા થઈ ગયું. આહા..હા...! રહી ગયો આત્મા એકલો. એ બધા કથન ને સાંભળ્યાનો વિકલ્પ, બધું સ્વાહા થઈ ગયું. અગ્નિમાં જેમ સ્વાહા થઈ જાય એમ સ્વાહા (થઈ ગયું). બાકી અનુભવ એનો થયો એ રહી ગયો. અનુભવીને અનુભવ રહી ગયો. બાકી સાંભળનારને વિકલ્પ અને કહેનારના વિકલ્પ બધા સ્વાહા થઈ ગયા. આહા..હા...! આવી વાતું હવે.

અહીં તો ઠીક. સામાન્યમાં. આત્મા-ચિત્ સામાન્ય છે ને ? એની ચૈતન્યની સર્વ વ્યક્ત પ્રગટતાઓ, વ્યક્તિઓ ભૂતકાળ અને ભવિષ્યમાં જેટલી પર્યાય અનંતી થશે અને થઈ ગઈ એ વર્તમાનમાં પ્રગટ નથી, એ તો અંતરમાં સમાઈ ગઈ. પાણીનું તરંગ પાણીમાં સમાઈ ગયું. એ તરંગ દ્વારા હવે એ પાણી નહિ જણાય. જે તરંગ સમાઈ ગયું એનાથી પાણી નહિ જણાય. એકરૂપી દળ. એમ આ આત્મા એકરૂપી દળ છે એ સામાન્યથી પોતે નહિ જણાય, એટલે ધ્રુવ સ્વરૂપ છે એ પર્યાયો ભૂત-ભવિષ્યની સમાઈ ગઈ એ ધ્રુવ સ્વરૂપ છે, તો ધ્રુવથી ધ્રુવ નહિ જણાય. ધ્રુવમાં ભૂત અને ભવિષ્યની પર્યાય ગઈ એ પણ ધ્રુવ થઈ ગઈ. આહા..હા...!

હવે જ્યારે ધ્રુવ થઈ ગઈ એનાથી તો ન જણાય. એક વાત. દયા, દાનનો વિકાર આદિ છે એનાથી ન જણાય, કારણ કે એનો કોઈ ભાવ નથી. એનો કોઈ ગુણ નથી કે વિકારરૂપે થાય, એ તો પરને લઈને થયું છે એ ખસી જાય છે, માટે એનાથી પણ જણાય નહિ. હવે જણાવું બાકી રહી ગયું. તું જાણ, એમ આવ્યું ને ? આહા..હા...! ઝીણી વાત છે થોડી, પ્રભુ ! પણ છે તારા ઘરની. આહા..હા...!

ભગવાનઆત્મા અવ્યક્ત કેમ કહ્યો ? કે બધી **'વ્યક્તિઓ (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.'** ત્યારે એ બધી શક્તિમાં જો વર્તમાન... કહેનાર અને જાણનારો એમ જ માને કે મારી આ પર્યાય અંદરમાં ગઈ, તો જાણે કોણ ? સમજાય છે કાંઈ ? આહા..હા...! અને તું જાણજે એમ પાઠમાં કીધું છે. એ બધા બોલને માટે કહ્યું છે ને ? અરસ, અરૂપ, અવ્યક્ત જાણ. પ્રભુ ! તુ જ્ઞાતા છો ને ? એ જ્ઞાતાને વર્તમાન જ્ઞાનની નિર્મળ પર્યાયથી જાણ, એ વિના એ જણાય એવો નથી. સામાન્યનો પંથ સામાન્યથી નહિ જણાય, વિકારથી નહિ જણાય. આ ભૂત-ભવિષ્યની પર્યાયથી નહિ જણાય, કેમ કે એ તો અંદર સમાઈ ગઈ. આહા..હા...! એક વર્તમાન પ્રગટ નિર્મળ પર્યાય રહી. આહા..હા...! વિશેષ સ્પષ્ટ આટલું પહેલું નથી આવ્યું આમાં. અહીં આવ્યું, તમારે ત્યાં આવ્યું.

સવારમાં મગજમાં પ્રશ્ન ઊઠ્યો કે આ શું કહે છે આ તે ? કે સામાન્યમાં બધી વ્યક્તિઓ ભૂત, ભવિષ્યની અંતર ગઈ. વિકારથી જણાય નહિ, અંતર ગઈ એનાથી જણાય નહિ ત્યારે જાણ એમાં રહ્યું શું ? 'પ્રવિણભાઈ'! આવું ભગવાન આમ છે. આહા..હા...! તું પ્રભુ તારી વર્તમાન જાણવાની શક્તિ દ્વારા જણાય એવો છો. ગુરુ દ્વારા પણ નહિ, દેવ દ્વારા પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ. આહા..હા...! કેમ કે ગુરુ અને દેવ ઉપર લક્ષ જશે તો રાગ થશે, એ ભાવકનો ભાવ થાશે. આહા..હા...! થોડું પણ સત્યને સત્ય તરીકે રાખવું, પ્રભુ ! થોડું પણ સત્ય છે એ સત્યરૂપે રહેવું જોઈએ. મોટી મોટી વાતુ લાંબી કરીને વાસ્તવિક સત્યનો નાશ કરે, એ કાંઈ વસ્તુ છે ? આહા..હા...!

વિકારના ભાવ મારા છે, એમ જે માને છે તે ચૈતન્યની શુદ્ધતાનું મરણ કરે છે. શુદ્ધતા છે જ નહિ. હું અનંત ગુણનો પિંડ છું નહિ, હું તો આ રાગ છું, એમ માનનાર ત્રિકાળીનો અનાદર કહો કે ત્રિકાળીનો નકાર કહો કે ત્રિકાળી જીવતું જીવન એ નથી કહો. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો વીતરાગની વાણી, બાપુ ! સર્વજ્ઞ ત્રિલોકનાથ... આહા..હા...! એની એક એક વાતમાં ઊંડપનો પાર નથી. પણ એટલી દરકાર ક્યાં કરી છે ? આહા..હા...! રળવા આડે રળવામાં હંમેશા બે-પાંચ હજારની પેદાશ (હોય તો).. આહા..હા...! પ્યાલા ફાટી જાય. પાંચ-પાંચ હજારની પેદાશ થાય. એમાં શું ? અત્યારે દસ-દસ હજારની, પંદર-પંદર હજારની પેદાશવાળા અત્યારે આપણા છે. 'પૂનમચંદ' નહિ ? 'પૂનમચંદ'. 'મલૂપચંદભાઈ'ના દીકરા. આપણા 'ચંદુભાઈ'ના મોટા બાપાના દીકરા. 'પૂનમચંદ' 'મુંબઈ'. પાંચ-છ કરોડ રૂપિયા. 'પૂનમચંદ' આપણો. આ 'ચંદુભાઈ'ના મોટા બાપાના દીકરા. બીજા નંબરના, પહેલાં નંબરનો સિવિલ લાઈનમાં છે. એને દીકરો નથી, એક જ દીકરી છે અને રૂપિયા ચાર કરોડ છે. આને દીકરો છે. હમણા એક દીકરો વીસ લાખની મોટર લાવ્યો, વીસ લાખની. એ ખબર કેમ પડી ? અમારે 'ભાવનગર'થી 'સોનગઢ' આવવું હતું ને તો પ્લેનમાં જાવું પડે તો એમાં એ મોટર લાવ્યો. ગામમાંથી સ્ટેશને જાવું હતું તો વીસ લાખની મોટરમાં બેસાડ્યા. મેં કીધું એલા ! આ મોટર કેટલી કીંમતની છે ? કે વીસ લાખની. ધૂડમાં છે. અર..ર..! મરી જશે માણસ. ત્યારે વળી બીજો સાથે હતો એ કહે, શું કીધું ? 'ન્યાલભાઈ' ત્યાં કહે પચાસ લાખની છે.

**શ્રોતા :–** 'ગુરુદેવ'ને નવાઈ લાગે છે કે આ વીસ લાખની છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યાં એમ કીધું. આ વીસ લાખની છે એ નવાઈ નથી. ત્યાં તો પચાસ લાખની છે. અરે..! એક પોપ છે, એની પાસે અત્યારે પાંચ કરોડની મોટર છે. પોપ. ખ્રિસ્તીના ગુરુ. પાંચ કરોડની મોટર કેવી હશે ? હીરા અને માણેક ગોઠવ્યા હશે. ધૂડમાં. આહા..હા...! પાંચ કરોડની એક મોટર. મારી નાખે.. એમાં બેઠા તો.. આહા..હા...!

**શ્રોતા :–** મજા આવે. મારી શું નાખે, મજા આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મજા આવે છે, મજા પચાવીને મારી નાખે છે. એને મજા આવે છે. મજા આવે છે એ જ આત્માને મારી નાખે છે. આનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા તે હું નહિ, આ મજા તે હું, છતી ચીજનો નકાર કરનારો આત્માનું મરણ કરી નાખી છે. આહા..હા...! મારી નાખે છે. નહિ તું નહિ. મને તો મજા પડે તે હું. આહા..હા...! કહો, સમજાણું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હમણા 'આફ્રિકા' ગયા હતા ને ? ત્યાં સાડા ચારસો તો કરોડપતિઓ છે. એક ગામમાં સાડા ચારસો કરોડપતિ. છવીસ દિવસ રહ્યા ને અમે. વ્યાખ્યાનમાં બધા આવતા. અહીં તો બધા આવે છે. એક કરોડપતિ છે. 'ચંદરિયા' કરીને. એ આવ્યો હતો. ત્યાં 'મુંબઈ' આવ્યો હતો, પાછો ત્યાં પણ આવ્યો. એક અબજ રૂપિયા. ધૂડમાં મરી જશે. આહા..હા...! સો હજારનો લાખ, સો લાખનો કરોડ અને સો કરોડનો અબજ. એ તો અત્યારે આ ચાલે છે. અમારા વખતમાં તો અબજ પછી ખર અને નિખર... એવા બોલ હતા. સો અબજનું ખર થાય અને સો ખરનું નિખર થાય. અમારા વખતમાં એવા બોલ હતા. પોણો વર્ષ પહેલાં. ખર, નિખર, મહાપદમ..... અને પ્રાપ્ત. તે દિ' એટલા બોલ હતા. હવે અહીંયાં વળી અબજ આવ્યા. એ અબજ આખી દુનિયાની રકમ ... પાર ન મળે. એ કાંઈ આત્માને શરણભૂત નથી.

અહીં તો ભાવકનો ભાવ શરણભૂત નથી. તને દયાનો ભાવ આવે પ્રભુ ! એ શરણભૂત નથી. એ તો કર્મભાવ નામ કારણે વિકાર આવ્યો. તારામાં અનંતા ગુણોમાં એક-એક શક્તિ, એક-એક ગુણ, એક-એક સ્વભાવ પર્યાયમાં વિકાર કરે એવો કોઈ ગુણ જ નથી. આહા..હા...! શું કીધું એ ? અનંત ગુણનો પાર ન મળે. આકાશના પ્રદેશ જે છે જેનું માપ ન મળે. આકાશ ક્યાં થઈ રહ્યું ? આ જગત—બ્રહ્માંડ તો અસંખ્ય યોજનમાં છે આ. આ ચૌદ બ્રહ્માંડ જે જડ-ચૈતન્યથી ભરેલું છે એ તો અસંખ્ય યોજનમાં છે. પછી અનંત... અનંત... અનંત... આકાશ ખાલી છે. આ જગતની પછી ચારે બાજુ ખાલી આકાશ છે. ક્યાંય આકાશનો અંત છે ? કે આકાશ હવે થઈ રહ્યું. આહા..હા...!

એવા આકાશની હયાતીના જે પ્રદેશો છે, એટલે કે તેમાં એક પરમાણુ મૂકીએ તેટલા ભાગને પ્રદેશ કહીએ. એક પરમાણુ, એવા અનંત પ્રદેશથી અનંતગુણા જીવમાં ગુણ છે. એક આત્મામાં એ આકાશના પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા ગુણ છે. પણ એમાં એક્કે ગુણ એવો નથી કે દયાના ભાવ કરે. આહા..હા...! એકેય ગુણ એવો નથી કે પરમાત્માની ભક્તિનો ભાવ એ ગુણ કરે. આહા..હા...! એ પર્યાયમાં વ્યવહારે પરના લક્ષે ભાવ ઉત્પન્ન થાય છે. તો જ્ઞાનીને પણ એ પરલક્ષીભાવ આવે છે. આહા..હા...! એને તો અહીં કાઢી નાખ્યો, પણ એની નિર્મળ પર્યાય ભવિષ્યમાં થશે, જેને થવું છે, કેવળ લેવું છે. અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે, એ કેવળજ્ઞાનની અનંત પર્યાય (થશે). ભવિષ્યકાળનો અંત નથી, ભૂતકાળનો અંત આવી ગયો. ભૂતનો અત્યારે અહીંયાં સુધી અંત આવી ગયો. હવે અહીંથી હવે ભવિષ્ય, એનો અંત છે ક્યાંય કે થઈ રહેશે ભવિષ્યકાળ ? આહા..હા...!

એ ભૂતકાળના કાળથી ભવિષ્યકાળ અનંત ગુણો છે. ભવિષ્યકાળમાં જે કેવળજ્ઞાન થવાનું છે એની જે પર્યાય અનંતી... અનંતી... અનંતી... અનંતી... અનંતી (થવાની), એ અનંત આનંદની પર્યાય અનંતી... અનંતી... અનંતી.. પણ એ વર્તમાન અહીંયાં નથી. સામાન્યમાં અત્યારે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો ધર્મનો ઉપદેશ હવે કઈ જાતનો ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ! પ્રભુ તું મોટો છો. તારી વાતું.. કીધું ને આચાર્યોએ. અમે ગમે તેટલું કહીએ પણ પ્રભુ ! તારી મોટપ આગળ તો અગ્નિમાં સ્વાહા થઈ જાય એવી ભાષા અને પ્રરૂપણા છે. આહા..હા...! તારી મોટપની મહિમાનો શું પાર કહીએ નાથ ! તને ખબર નથી. આહા..હા...! અનંતા તીર્થંકરો અને કેવળીઓ થઈ ગયા એ તને એક સમયમાં જણાય જાય એટલી તો તાકાતવાળો તું છો. એને મારું માનવું એવો તારામાં કોઈ ગુણ નથી. પણ એ અનંતા તીર્થંકરો થયા, અનંતા કેવળીઓ થયા, અનંતા ધર્માત્મા થયા, તેને એક સમયની પર્યાયમાં જાણ ત્યારે તો તારી પર્યાયની માન્યતા સાચી કહેવાય. એ એક પર્યાયમાં આટલાને જાણવાની તાકાત છે તેટલી પર્યાયને તે રીતે જાણ ત્યારે તેણે પર્યાય માની કહેવાય. આહા..હા...! જો કે 'કળશટીકા'માં પર્યાયમાં જીવ નથી લીધો. પણ એક સમયની પર્યાયમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્ગલ. એ પર્યાયને માની ક્યારે કહેવાય કે એ બધા મનાય છે ત્યારે પર્યાય માની કહેવાય. 'કળશટીકા'માં છે. આમાં છે. સમજાણું કાંઈ ? આ 'કળશ ટીકા' છે ને ? એમાં છે.

પર્યાયને માની ત્યારે કહેવાય કે એ પર્યાયમાં જે જાણવાલાયક જેટલા દ્રવ્યો છે, એ જાણવાની તાકાતવાળી પર્યાય છે. તો પર્યાય ક્યારે માની કહેવાય ? કે એની જાણવાની જેટલી તાકાત છે એને માન તો. એકલો હું પર્યાય છું ને રાગને જાણું છું, ફલાણાને જાણું છું એટલે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! આમાં છે. પર્યાયની વાત છે ને ? કેટલામાં હશે એ ? ૨૪૯ કળશ છે. '**કોઈ મિથ્યાદૃષ્ટિ એવો છે કે જ્ઞાનને દ્રવ્યરૂપ માને છે, પર્યાયરૂપ માનતો નથી; તેથી જેમ જીવદ્રવ્યને જ્ઞાનવસ્તુરૂપે માને છે તેમ જ્ઞેય જે પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ–કાળદ્રવ્ય તેમને પણ જ્ઞેયવસ્તુ માનતો નથી,...**' એ પર્યાયને માનતો નથી. પર્યાયની એટલી તાકાત છે કે બધા દ્રવ્યને જાણી શકે. તો એટલી પર્યાય બધાને જાણી શકે એમ નથી માનતો એ પર્યાયને જ માનતો નથી. એ એકલા દ્રવ્યને માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. ૨૪૯ છે. બીજો બોલ. ઓલો પહેલો બોલ કહ્યો હતો. એ પહેલો બોલ તત્‌નો છે, આ અતત્‌નો છે. અતત્. તે રૂપે નથી, તે રૂપે નથી. પર્યાય પણ તે રૂપે નથી. છતાં પર્યાયમાં જાણવાની એટલી તાકાત છે. આહા..હા...!

શું કીધું એ ? આ ભગવાનમાં બે પ્રકાર છે. એક સામાન્ય એટલે કાયમ રહેવું અને એક સમયની અવસ્થા, મુદત તો એક સમયની જ છે. બે પર્યાય બે સમયે ભેગી થતી નથી. બે સમયની બે પર્યાય કદી કોઈની ભેગી થતી નથી. હવે અહીંયાં શું કહે છે ? પ્રભુ ! ભૂતકાળની, ગયાકાળની પર્યાયો, ભલે તું સમકિતી હો કે જ્ઞાની હો, એમાંથી કેટલીક નિર્મળ પર્યાય ભૂતમાં થઈ ગઈ, પણ એ બધી સામાન્યમાં ગઈ એટલે એ અવ્યક્તમાં ગઈ. એટલે જે નિર્મળ પર્યાય ગઈ એ દ્વારા વર્તમાન તું જણાય એવો તું નથી. હવે ભવિષ્યમાં જે જ્ઞાનની અને આનંદની પર્યાય થશે, અરે..! હજી કેવળજ્ઞાન થશે. એ પર્યાય વર્તમાનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સામાન્યમાં છે. માટે એ પર્યાય વર્તમાનમાં નથી માટે એનાથી ત્રિકાળી આત્મા જણાય એમ નથી. આહા..હા...!

હવે તું છદ્મસ્થ છો અને કેવળજ્ઞાન ભલે નથી. તેમ રાગથી જણાય એવો નથી, તેમ સામાન્યથી જણાય એવો નથી. હવે વિશેષથી જણાય એવો છો. તો વિશેષ કોણ ? કે વર્તમાન જે નિર્મળ પર્યાય છે તેનાથી તું જણાય એવો (છો), તેને જાણ. આહા..હા...! ભાગ્યશાળીને તો કાને પડે એવું છે. આહા..હા...! બાપુ ! દુનિયાના પૈસાવાળા ભાગ્યશાળી નથી. એ તો બધા અભાગ્યશાળી છે. આહા..હા...! ધૂડના સ્વામી થઈને રહેશે તો મરીને જે સંયોગ ઉપર પ્રેમ રાખશે તેને સંયોગ છોડશે નહિ. એટલે પરિભ્રમણ છૂટશે નહિ. આહા..હા...! વાત સમજાય છે ?

જેને આત્મા સિવાય સંયોગી ચીજમાં કોઈમાં પણ પ્રેમ અને રુચિ રહી, અરે..! રાગની રુચિ રહી, દયાના રાગની (રુચિ રહી)... આહા..હા...! એને ભવિષ્યમાં સંયોગ છોડશે નહિ. એ ભવભ્રમણ એને થયા જ કરશે. આહા..હા...! આવી વાતું હવે. એ.. 'વજુભાઈ'! ત્યાં વાડામાં ક્યાંય કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..હા...! આ દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો... આહા..હા...! પ્રભુ ! એકવાર તારી મોટપ કેટલી અને કવડી છે એ સાંભળ તો ખરો...! એકવાર, સાંભળને ભાઈ ! આહા..હા...! એ દયા-દાનના લાખ પરિણામથી તું બાદશાહ જાણી શકાય એવો તું નથી. એ તો રાંકા છે. આહા..હા...! એ ભાવકનો ભાવ, પ્રભુ ! તારો ભાવ નહિ. ગજબ વાત છે. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, પ્રભુ ! એ ભાવક નામ કર્મ છે તેનો ભાવ છે. આહા..હા...! તારો ભાવ હોય તો જુદો પડે નહિ, પ્રભુ ! ગોળમાંથી ગળપણ કોઈ દિ' જુદું પડે ?

જે જેનો સ્વભાવ છે તે જુદો પડે નહિ અને જુદો પડે તે તેનો સ્વભાવ નહિ. તો દયા-દાન આદિના પરિણામ તો જુદા ભાવકનો ભાવ વિકાર છે. એ તો કહ્યું. એક બાજુ આમ જુઓ તો અનંત ગુણનો પિંડ પ્રભુ એમાં એક્કે ગુણ વિકાર કરે એવો કોઈ ગુણ જ નથી. છતાં વિકાર કેમ થાય છે ? એથી અહીં ભાવકનો ભાવ કીધો. નહિતર છે તો પર્યાય પોતાની પોતામાં પોતાને કારણે. પણ એના અનંત ગુણમાં પર્યાયમાં વિકાર થવો એવો કોઈ ગુણ નથી. એથી તે વિકારી ભાવ ભાવકનો ભાવ છે. ભગવાન ત્રિકાળી પ્રભુ, એનો પણ ભાવ નથી. આહા..હા...!

એવો ભગવાન જે આત્મા, એમાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ શુદ્ધ નિર્મળ પર્યાય થઈ પણ જે પર્યાય ગઈ તે અંદરમાં ગઈ છે. એ પર્યાય વર્તમાન રહી નથી તો એનાથી જણાય એવો આત્મા નથી. આહા..હા...! અને ભવિષ્યમાં બધી પર્યાય મોટી થશે. એ પર્યાય પણ અંદરમાં સમાઈ ગઈ. તો એ દ્વારા પણ જણાય એવો નથી. આહા..હા...! આવું સ્વરૂપ છે. ચૈતન્ય સામાન્યમાં ચૈતન્યની વિશેષ વ્યક્તિઓ ભૂત-ભવિષ્યની અંદરમાં સમાઈ ગઈ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંદરમાં સમાણી માટે એનાથી કેમ જણાય ? અને દયા, દાન, વિકાર જે એનો ભાવ નથી તો એનાથી કેમ જણાય ? એ તો ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નહિ. જ્ઞાયકનો નહિ, ભાવકનો ભાવ છે. આહા..હા...! ગજબ વાત છે, ભાઈ ! 'પ્રવિણભાઈ'! આ જુદી જાતની પ્રવિણતા છે. આહા..હા...!

ભગવાન ! તારામાં સ્વરૂપની મોટપનો પાર નથી, પ્રભુ ! આહા..હા...! આચાર્યે કીધું ને કે ગમે તેટલું કહ્યું સ્વાહા થઈ જાય, બાપુ ! અમને શોભતું નથી. આટલી મોટી ચીજને અમે આટલી હદમાં સમજાવી દીધી. આહા..હા...! એવો મહાપ્રભુ ચૈતન્ય અંદર, કેટલા દ્વારા (કહીએ). 'સમાધિશતક'માં ત્યાં સુધી કીધું છે કે જે આ સમજાવવાનો વિકલ્પ ઊઠે છે.. આહા..હા...! એ પાગલપણું છે, કેમ કે રાગ છે, એ ભાવકનો ભાવ છે, પોતાનો નથી. આહા..હા...! 'સમાધિશતક' છે ને ? એમાં આ પાઠ છે. આહા..હા...! તને સમજાવવાનો ભાવ ઊઠે, એ ભાવ પણ પાગલપણું છે. અરે..રે..! કેમ કે ત્રણલોકના નાથ આગળ આ રાગની વાત દ્વારા રાગમાંથી કાંઈક સમજાશે, રાગથી કાંઈક એને સમજાશે અને તને એમ થઈ જાય કે રાગથી કાંઈ બીજા સમજશે... આહા..હા...! એ તો આચાર્યે તો કહ્યું કે ભાઈ ! મેં તો કાંઈ કહ્યું નથી. ટીકા મેં કરી નથી. હું તો જ્ઞાનમાં ગુપ્ત છું. આવડી મોટી આ ટીકા કરી, એ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે હું તો જ્ઞાનમાં ગુપ્ત છું. બહાર આવ્યો નથી, અને બહાર આવ્યા વિના ટીકા કરે કોણ ? આહા..હા...! એ તો બધી વિકલ્પની ક્રિયાઓ, પ્રભુ ! એ અમારી નહિ. આહા..હા...! ટીકાના એક-એક શબ્દની પર્યાય એનાથી થયેલી છે. અમે આત્મા એના કર્તા છીએ એમ હે નાથ ! હે પ્રભુ ! તું ન માન. અને અમે તો ત્યાં સુધી કહીએ છીએ, આચાર્ય કહે છે કે આ અમે કીધું એથી તને જ્ઞાન થયું એમ મોહથી નાચ નહિ. આહા..હા...!

**શ્રોતા :–** મોટે અવાજે કીધું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોટે અવાજે કીધું, પણ સમાઈ ગયું કીધું ને પાછું. એની આગળ કાંઈ ગણતરી ન આવી એમ કીધું. આવી આટલી વ્યાખ્યા કરી પ્રભુની આગળ એની વાત... આહા..હા...! તુચ્છ થઈ ગઈ એમ કીધું. અને અહીં કહ્યું કે વિકલ્પ ઊઠ્યો એ તો પાગલપણું છે. આહા..હા...! કેમ કે સ્વભાવમાં એ વિકલ્પ નથી, તેમ એ વિકલ્પ કોઈ ગુણ કરનારો નથી, એ વિકલ્પ કર્યો માટે બીજાને લાભ થાય એમ નથી. પોતાને વિકલ્પ કર્યો માટે બીજાને સમજાણું માટે કાંઈક લાભ થશે. બીજાને સમજાવું તો મને લાભ થશે. એ સમજશે એનો કાંઈક લાભ થશે. એ વાતમાં માલ કાંઈ નથી. આહા..હા...! આવું છે.

આ તો ત્રીજા બોલનું જરા સવારમાં આવ્યું તો કીધું આ શું કહે છે આ ? ભૂત-ભવિષ્યની પર્યાય અંદર સમાઈ ગઈ અને પાછું જાણવાનું તો કહે છે. આહા..હા...! વાત થોડી ઝીણી પડે, પ્રભુ ! પણ ધીમે ધીમે વાત સમજવાની છે. આહા..હા...! લોકો પણ લૌકિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભણવામાં સાત ચોપડી... પહેલા તો સાત ચોપડી હતી. અત્યારે તો કાંઈક દસ હશે. પહેલાં તો સાત હતી. હવે મેટ્રીક ૯-૧૦ સુધી મેટ્રીક થાય. બધુ વધી ગયું. ત્યાં સુધી ભણ્યા કરે. એમાં મરી જાય. આહા..હા...! નાની ઉંમરના છોકરા મરી જાય છે ને ? હમણા દસ વર્ષનો છોકરો.. કાંઈ ન મળે. અમે 'હીરાભાઈ'ના જે મકાનમાં ઉતર્યા હતા ને ? એનો દીકરો, એનો દીકરો, એનો દસ વર્ષનો દીકરો. કાંઈ નહોતું. અહીં મને થાય. એમ જરી કાંઈક થયું ત્યાં અડધા કલાકમાં શ્વાસ ઉડી ગયો. અહીં કાંઈક થાય છે. ડોક્ટરો જાણતાં હશે શું હશે એ કે નહિ જાણતાં હોય, શી ખબર. અહીં કાંઈક થયું. અડધા કલાકમાં ઊડી ગયો. મરી ગયો, દેહ છૂટી ગયો. ત્યાં બધા આવ્યા હતા. કાંઈ ન મળે હજી. બિચારો બેઠો હતો. અંદર કાંઈક થયું હશે. આહા..હા...! દેહ અને આત્મા એક ક્યાં છે તે ભેગા રહે, પ્રભુ ! ભેગા તો દ્રવ્ય અને ગુણ ભેગા રહે. અહીં તો પર્યાય પણ ભેગી ન રહે એમ કીધું ને ? એની નિર્મળ પર્યાય પણ દ્રવ્યમાં સમાઈ જાય અને ભેગી આ દ્રવ્ય અને પર્યાય એમ બે ભેગા રહેતા નથી. આહા..હા...!

**'ચિત્સામાન્યમાં...'** આહા..હા...! **'ચૈતન્યની...'** એની પોતાની પ્રગટતાઓ. ઓલા ભાવકભાવ હતા એ તો કર્મના હતા. હવે આ તો પોતાની જે પ્રગટ પર્યાય એ પણ અંદર સમાઈ ગઈ. સમજાણું કાંઈ ? પેલા દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ તો ભાવકનો ભાવ. એ તો અંદર જાતો નથી. જો કે એની યોગ્યતા જાય છે, પણ એ વસ્તુ જતી નથી. અને આ તો નિર્મળ પર્યાય થઈ ગઈ હોય, થશે અને અંગીકાર થયો. એ બધી પર્યાયો વર્તમાનમાં તો અંદર સમાઈ ગઈ છે. હવે સમાઈ ગઈ છે એનાથી તારું કાર્ય શી રીતે થશે ? તેમ વિકાર તારા એકેય ગુણમાં નથી અને વિકારથી તારું કામ શી રીતે થશે ? દયા, દાન, વ્રતના પરિણામથી તારું કલ્યાણ શી રીતે થશે ? હવે રહ્યું તે શું કલ્યાણનું કારણ ?

વર્તમાન નિર્મળ પર્યાય દ્વારા જાણ એમ આચાર્યે કીધું. આહા..હા...! રાગનું લક્ષ છોડી દે. સામાન્યમાં પર્યાયો ભળી ગઈ એવા ભેદ પણ છોડી દે. વર્તમાન એકલું સામાન્ય રહ્યું. આહા..હા...! એના ઉપર સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન દ્વારા ત્યાં દૃષ્ટિ કર. તો જેવડી ચીજ છે તેવડી તને પ્રતીતમાં આવતા એ પ્રતીતની સાથે તને આનંદ આવશે, તને મજા પડશે, ત્યાં મજા પડશે. આહા..હા...! અહીં નહિ મજા પડે, પ્રભુ ! તે મજાની પાછળ તો નરક છે. આહા..હા...! સંસારની મજાની પાછળ તો પ્રભુ નરક અને નિગોદ છે, ભાઈ ! આહા..હા...! અને આ આત્માના જ્ઞાનના અનુભવની પાછળ પ્રભુ કેવળજ્ઞાન છે. તો એવા જ્ઞાન દ્વારા વર્તમાન કેવળજ્ઞાન ભલે ન હોય, પણ વિકારરહિત ત્રિકાળમાં ભુત-ભવિષ્યની સમાયેલી, એને જાણવામાં વર્તમાનમાં નિર્મળ જ્ઞાન દ્વારા જાણ. નિર્મળ જ્ઞાન દ્વારા જાણ એનું નામ સમકિત અને જ્ઞાન કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૧૨, પ્રવચન નં. ૧૨૨
## તા. ૦૭-૦૭-૧૯૭૯
## [૧૯]

'પ્રવચનસાર' ગાથા–૧૧૨. ૧૧૧ થઈ ગઈ છે. **'(હવે સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે...)'** ગમે તે પર્યાય હોય, નારકી (હોય), દેવ (હોય તેમાં) દ્રવ્ય તો અનન્ય છે (અર્થાત્) દ્રવ્ય તો તેનું તે જ છે. આહા..હા...! દ્રવ્ય તો તેનું તે છે પણ જ્ઞાનગુણ પણ તેનો તે છે. આહા..હા...! એમ આનંદગુણ, શ્રદ્ધાગુણ અનન્ય છે, ત્યાં સદાય છે. ગમે તે પર્યાયમાં હો પણ વસ્તુ છે એ પોતે અનંત ગુણથી અનન્યમયી ત્રિકાળ (છે). (ટીકામાં) 'ત્રિકોટિ' કહેશે. (એટલે કે) ત્રિકાળ છે. આ..હા...! **'(અર્થાત્ તેનું તે જ છે...)'** જે દ્રવ્ય છે તે ભલે મનુષ્યપણે પર્યાયપણે થયું, દેવપણે થયું, અરે...! મતિજ્ઞાનની પર્યાયપણે થયું પણ દ્રવ્ય તો તે વસ્તુ છે ઇ છે. એમાં ક્યાંય ઓછું-અધિકપણું થયું નથી. આખી વસ્તુ એવી છે, જેને કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, સહજ સ્પષ્ટ – ત્રિકાળી સ્પષ્ટ જ્ઞાન (કહો), શું કીધું જ્ઞાનમાં ? જ્ઞાનમાં કીધું ને ? સ્વરૂપપ્રત્યક્ષ ! આહા..હા...! સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન ત્રિકાળ છે. ગમે તે પર્યાયમાં હો... આ..હા..હા...! પણ વસ્તુ તો વસ્તુમાં છે. દૃષ્ટિ તો ત્યાં રાખવા જેવી છે એમ કહે છે. આહા..હા...! એને સ્વરૂપપ્રત્યક્ષ કીધું, સ્વરૂપદૃષ્ટિ કીધી. સ્વરૂપદૃષ્ટિ ત્રિકાળ છે. આહા..હા...!

જેમ દ્રવ્ય તેનું તે છે તેમ તેની દૃષ્ટિ પણ તેની તે (છે). ત્રિકાળી શ્રદ્ધા, હોં ! (શ્રદ્ધા પણ) તેની તે જ છે. ગમે તે અવસ્થા (હો), મિથ્યાત્વ અવસ્થામાં હો (તોપણ શ્રદ્ધા તેની તે છે). આહા..હા...! પણ એ શ્રદ્ધા, જ્ઞાન, આનંદ (આદિ) અન્વય શક્તિ સહિત લેવું છે ને ? જુઓ ! છે ? **'(તેને સત્-ઉત્પાદ છે–એમ) સત્-ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છે :'** સત્-ઉત્પાદ (છે) તે અનન્ય છે. ભલે પર્યાય થાય પણ વસ્તુ તો અનન્ય છે ઈ છે. વસ્તુ અનેરી થઈ નથી, પર્યાય અનેરી થાય છે. એ ૧૧૨ (ગાથા).

**जीवो भवं भविस्सदि णरोऽमरो वा परो भवीय पुणो।**
**किं दव्वत्तं पजहदि ण जहं अण्णो कहं होदि।।११२।।**

નીચે હરિગીત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને ? નહિ છોડતો ક્યમ અન્ય એ ? ૧૧૨.**

આ..હા..હા...! **ટીકા :– 'પ્રથમ તો દ્રવ્ય...'** વસ્તુ **'દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ...'** દેખો આવ્યું ! આહા..હા...! દ્રવ્ય – વસ્તુ જે છે એનું દ્રવ્યપણું, ભાવ જે છે તેનું ભાવપણું એવી **'અન્વયશક્તિને સદાય નહિ છોડતું થકું...'** આહા..હા...! પ્રથમ તો એ કહેવું છે, કહે છે... આહા..હા...! કે **'દ્રવ્ય દ્રવ્યત્વભૂત...'** આ..હા..હા...! વસ્તુ (છે) તેનો ભાવ – તેનું ભાવપણું. આ..હા..હા...! પેલી વાત થઈ છે હમણાં, 'ચંદુભાઈ' ડૉક્ટર આવ્યા. તે દી' વાત થઈ હતી. ભાવ અને ભાવવાન વસ્તુ એક જ છે. નામ ભલે બે (કહ્યાં) વસ્તુસ્વરૂપ આ છે. એમ દ્રવ્યત્વ.

**'દ્રવ્ય દ્રવ્યત્વભૂત...'** વસ્તુ – દ્રવ્ય છે ઇ દ્રવ્યત્વભૂત એટલે એનું ભાવપણું – અન્વય શક્તિઓ. જેમ કાયમ રહેનાર દ્રવ્ય અન્વય છે... આ..હા..હા...! એમ એની **'અન્વયશક્તિને સદાય નહિ છોડતું...'** આ..હા...! દ્રવ્ય જે છે એ દ્રવ્ય પોતે તો દ્રવ્યને નહિ છોડતું, પણ દ્રવ્ય છે તેની દ્રવ્યત્વ(ભૂત) અન્વય શક્તિઓ, ભાવવાન – ભાવનું ભાવવાનપણું તે કદી નહિ છોડતું. આ..હા..હા...! આ રીતે છે. એક લીટીમાં કેટલું ભર્યું છે ! બીજા સાથે તારે શું સંબંધ છે ? એમ કહેવું છે. ભલે તે દ્રવ્ય, દ્રવ્યત્વ(ભૂત એવી) અન્વયશક્તિઓને નહિ છોડતું ગમે તે પર્યાયમાં હો... આહા..હા...! પરને અને એને કાંઈ સંબંધ નથી.

ત્રિકાળી દ્રવ્યનું દ્રવ્યત્વપણું એટલે એની અન્વયશક્તિઓ એ તો કાયમ એકરૂપ ત્રિકાળ છે પણ તેની થતી પર્યાયો અન્વયશક્તિને છોડીને નથી થતી, દ્રવ્યને છોડીને પર્યાય થતી નથી. પર્યાયમાં તો તેનું તે અન્વય દ્રવ્ય અને તેનો તેવો ગુણ (છે). એવોને એવો ગુણ અને એવુંને એવું દ્રવ્ય રહે છે. આ..હા..હા...! સમજાય છે આમાં ?

સત્ પ્રભુ ! સત્-ઉત્પાદ સિદ્ધ કરે છે. સત્ વસ્તુ છે એનું જે દ્રવ્યપણું (છે) – દ્રવ્યનું દ્રવ્યપણું... આ..હા..હા..હા...! અન્વયશક્તિ ! વસ્તુને તો અન્વય કીધી... આહા..હા...! પણ એની શક્તિઓ – સત્ત્વ જે છે, સત્નું સત્ત્વપણું – દ્રવ્યનું દ્રવ્યપણું – ભાવનું ભાવવાનપણું એવી અન્વયશક્તિને સદાય નહિ છોડતું (એમ કહે છે). આ..હા..હા...! ગમે તે પર્યાયમાં હો પણ દ્રવ્ય પોતાની દ્રવ્યત્વ(ભૂત) એવી જે અન્વયશક્તિઓ – ત્રિકાળ એકરૂપ ગુણ છે એને એ કોઈ દી' છોડતું નથી. આહા..હા...! એવી દૃષ્ટિ કરાવવા આ વાત કરે છે. આ..હા..હા...! દ્રવ્ય તો લીધું પણ દ્રવ્યનું દ્રવ્યત્વ (જે કીધું એ) દ્રવ્યત્વ એટલે અન્વયશક્તિઓ. આહા..હા...! **'દ્રવ્યત્વભૂત'** લીધું છે ને ? ભાઈ ! દ્રવ્યત્વભૂત ! ઝીણી વાત છે, પ્રભુ ! આહા..હા...!

દ્રવ્ય જે વસ્તુ છે એ સત્ છે અને સત્નું જે સત્પણું – દ્રવ્યત્વપણું અન્વયશક્તિપણું એ દ્રવ્ય પોતે સદાય અન્વયશક્તિને નહિ છોડતું. આ..હા..હા...! જ્યારે જુઓ ત્યારે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂર્ણ ભંડાર ભર્યો છે એમ કહે છે. એ દ્રવ્ય છે એ દ્રવ્યત્વપણું એટલે અન્વયશક્તિપણું એટલે ભાવનું ભાવપણું, દ્રવ્ય જ્યારે ભાવ કહીએ તો એનું સત્ત્વપણું ભાવવાન – ભાવપણાને કદી છોડતું નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! મુદ્દાની રકમની વાત છે. આહા..હા...! પરને અને એને કાંઈ સંબંધ નથી એમ કહે છે. પરમાણુ હો કે ગમે તે (હો) અહીં તો આત્માની સાથે સંબંધ (છે). આહા..હા...! અહીં તો આત્માની વાત કહેવી છે ને ? નરપણે, મનુષ્યપણે (આત્મા થાય છે). અહીંયાં પેલા પરમાણુની વાત નથી કરવી. આહા..હા...!

**'પ્રથમ તો...'** (સંસ્કૃત ટીકામાં) **'तावद्'** શબ્દ છે. **'द्रव्यं हि तावद्'** સંસ્કૃત (છે). મૂળ વાત એ છે કે, એમ. **'तावद्'** એટલે મૂળ વાત એમ છે કે. **'तावद्'** પહેલી લીટી(માં) સંસ્કૃત શબ્દ છે. આહા..હા...! પ્રભુ ! તું કોણ છો ? (તો) કહે છે કે અન્વયશક્તિઓ દ્રવ્યત્વપણું નહિ છોડતો એવો તું છો. આ..હા..હા...! પર્યાયપણે ભલે નરકપર્યાય, નરપર્યાય – મનુષ્યપર્યાય, દેવપર્યાય (હોય) પણ મારી ચીજ જે છે અને ચીજનું ચીજપણું જે છે (એને નહિ છોડતો એવો હું છું). આહા..હા...! એની અન્વયશક્તિ લીધી છે ને ? (તો) અન્વયશક્તિ કહો કે અન્વયસામર્થ્ય (કહો), એ સ્વભાવનું સામર્થ્ય (કહો). આ..હા..હા...!

આ અધિકાર 'જ્ઞેય અધિકાર' છે. આત્મ-જ્ઞેય ! 'જ્ઞેય અધિકાર'માં અહીં આત્માને દૃષ્ટાંત તરીકે લીધો છે. નહિતર બધા જ્ઞેયો એવા જ છે. એ જ્ઞેય (જે) દરેક દ્રવ્ય છે તેનું દ્રવ્યત્વ અન્વયશક્તિઓને તે દ્રવ્ય છોડતું નથી. તે ભલે ગમે તે પર્યાયપણે થાઓ. આહા..હા...! અહીંયાં તો આત્માનો દૃષ્ટાંત લીધો છે. પ્રભુ ! તું પર્યાયમાં ગમે તે સ્થિતિમાં હો પણ તે દ્રવ્ય છે તે દ્રવ્યત્વને – અન્વયશક્તિને (છોડતું નથી). આ..હા..હા...! એ ભાવવાન છે તે ભાવને કદી છોડતું નથી. આ..હા..હા...! છે ? એક લીટી છે. આહા..હા...!

મૂળ – **'तावद्'** નામ મૂળ વાત એમ છે કે, એમ. **'तावद्'** નામ પ્રથમ એટલે મુખ્ય વાત છે (એ) આ છે. આહા..હા...! બે ભાષા લીધી છે ને ? **'દ્રવ્ય દ્રવ્યત્વભૂત...'** આહા..હા...! ભાવવાન એના ભાવને કદી છોડતું નથી. આ..હા..હા...! દ્રવ્ય દ્રવ્યત્વ એવો ભાવ એવી અન્વયશક્તિઓ – ગુણ... આહા..હા...! જેટલી અનંતી શક્તિઓ છે તે ભાવને ભાવવાન કોઈ દી' છોડતું નથી. આહા..હા...! પહેલી લીટી(માં આટલું ભર્યું છે) ! આને (– 'પરમાગમમંદિર'ને) ચાર મહિના થયા, પાંચ વર્ષ અને ચાર મહિનાનો આજે દિવસ છે ને ? ફાગણ સુદ ૧૩. ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ. પાંચ વર્ષ અને ચાર મહિના થયા. 'પરમાગમ (મંદિર) !' આહા..હા...!

**શ્રોતા :–** આપે ખજાનો ખોલ્યો !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહે છે કે તું દ્રવ્ય છો કે નહિ ? તો એનું દ્રવ્યપણું છે કે નહિ ? દ્રવ્યપણું એટલે કે અન્વયશક્તિઓ છે કે નહિ ? અન્વય એટલે કે કાયમ રહેનારું સામર્થ્યવાળું તત્ત્વ છે કે નહિ ? આ..હા..હા..હા...! કાયમ સામર્થ્યને – સત્ત્વને (ધરી) રહેનારું સત્.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સત્ કહો કે દ્રવ્ય કહો. સત્ત્વ – અન્વયશક્તિઓ ! તેને – સત્ત્વને તે સત્ કદી છોડે છે ? આ..હા..હા...! ગમે તે નિગોદની પર્યાયમાં હો, મનુષ્યની પર્યાયમાં હો, આહા..હા...! પ્રભુ ! તું દ્રવ્ય છો ને ! અને તારું દ્રવ્યત્વપણું જે અન્વયશક્તિઓ – ગુણો છે – ભાવ (છે) એ ભાવવાનને (છોડતા નથી). પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગમાં નિગોદપર્યાય હીણી થઈ ગઈ પણ એણે – દ્રવ્યે દ્રવ્યત્વ – અન્વયશક્તિઓને છોડી નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો (જે છે તે છે). આહા..હા...!

**'સદાય નહિ છોડતું થકું...'** આહા..હા...! સત્ હયાત જ છે. એ તો કાયમ હયાત જ છે. ગમે તે પર્યાયમાં હો પણ એ કાયમ હયાત જ છે. આહા..હા...! સંયોગને લઈને તો (હયાત) નહિ પણ એક સમયની પર્યાય થાય એને લઈને (નહિ). ઈ તો સત્ જ (છે) – કાયમ હયાતીવાળું તત્ત્વ છે. આ..હા..હા...! આ 'જ્ઞેય અધિકાર' ! આત્મ-જ્ઞેય ! આ..હા...! જ્ઞેયનું જ્ઞેયપણું જ્ઞેયે કદી છોડ્યું નથી. આહા..હા...! આવો ભગવાનઆત્મા ! એણે ભગવાનપણું કદી છોડ્યું નથી. આહા..હા...!

'નિયમસાર'માં તો ઇ આવે છે ને ! કારણજ્ઞાન ! કારણદ્રવ્ય (કહ્યું એ) તો ઠીક. કારણપરમાત્મા એ તો દ્રવ્ય (કહ્યું) (ઇ તો) ઠીક, પણ (આ તો) કારણજ્ઞાન (કહ્યું). ત્રિકાળી કારણ અન્વયજ્ઞાન જે છે (તે કારણજ્ઞાન). જ્ઞાની એવો આત્મા એનું જ્ઞાન – કાયમી જ્ઞાન, કારણદ્રવ્ય – કારણજ્ઞાન. કેવળજ્ઞાન (છે) એ કાર્યજ્ઞાન છે.

આહા..હા...! ભગવાનઆત્મા ! એની અન્વયશક્તિઓ – દ્રવ્યત્વપણું તેને સદાય ન છોડતું. આહા..હા...! એકધારાએ સદાય ચાલે છે, કહે છે. આહા..હા...! **'અને દ્રવ્યને જે પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિનો ઉત્પાદ થાય છે...'** હવે કહે છે કે એ દ્રવ્ય જે છે એને જે પર્યાયભૂત વ્યતિરેક ભિન્ન ભિન્ન પ્રગટતા – ઉત્પાદ – વ્યક્તિઓ થાય છે. અન્વયની સામે વ્યતિરેક લીધી. સમજાણું ? પહેલાં દ્રવ્યની સામે દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ લીધી અને (અહીંયાં) દ્રવ્યને પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિ લીધી. આહા..હા...!

**'દ્રવ્યને...'** (એટલે) જે અન્વયશક્તિને સદાય નહિ છોડતું એને. **'પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિનો ઉત્પાદ થાય છે...'** પર્યાયભૂત વ્યતિરેક નામ ભિન્ન ભિન્ન (અને) અન્વય એકરૂપ ત્રિકાળ (રહે છે). ભિન્ન ભિન્ન પ્રગટતા ઉત્પન્ન થાય છે **'તેમાં પણ દ્રવ્યત્વભૂત...'** આ..હા..હા...! **'અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી...'** દ્રવ્યને પર્યાયભૂત વ્યતિરેક (એટલે) ભિન્ન ભિન્ન પ્રગટતા – ઉત્પાદ થાય છે **'તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું...'** દ્રવ્યને... એમ છે ને ? **'અને દ્રવ્યને જે પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિનો ઉત્પાદ થાય છે તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી દ્રવ્ય અનન્ય જ છે...'** આ..હા..હા...! આ સિદ્ધાંત કહેવાય. આ..હા..હા...! આ ભગવાનની વાર્તા છે !!

ભગવત્સ્વરૂપ ! અન્વયશક્તિઓ ભગવત્સ્વરૂપ છે. આહા..હા...! **'પર્યાયભૂત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**વ્યતિરેકવ્યક્તિનો ઉત્પાદ થાય છે તેમાં પણ...**' તેમાં પણ '**દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી...**' દ્રવ્યની દ્રવ્યત્વભૂત એવી અન્વયશક્તિ – અન્વયસામર્થ્ય – એકરૂપ રહેવાવાળું સામર્થ્ય – (છે તેનું) અચ્યુતપણું (છે). એમાં જરી પણ ચ્યુત થઈ નથી. આહા..હા...! ચાહે તો લસણ, ડુંગળી(ની) નિગોદની પર્યાય હો, એક પર્યાય (ભલે) અક્ષરના અનંતમાં ભાગે ઉઘાડ હો, તે પર્યાય ભલે હો, છતાં તે દ્રવ્યે દ્રવ્યત્વને – અન્વયશક્તિઓને છોડ્યું નથી. આ..હા..હા...! આ (ફક્ત) વાત નથી, બાપા ! આ..હા..હા...! સત્‌ને પ્રસિદ્ધ કરવાની એ ટીકા... આ ટીકા કહેવાય ! આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' !

પ્રભુ ! તું દ્રવ્ય છો ને ! અને દ્રવ્યમાં દ્રવ્યત્વપણું – અન્વયશક્તિઓ છે ને ! એ અન્વયશક્તિવાળું દ્રવ્ય વ્યતિરેક – ભિન્ન ભિન્ન પર્યાયને પ્રાપ્ત થતું (હોવા) છતાં એ અન્વય દ્રવ્યનું દ્રવ્યપણું – અન્વયપણું કદી છૂટતું નથી. આ..હા..હા...! એમાં કદી ઘાલમેલ કાંઈ થતી નથી. અંગુલના અક્ષરના અનંતમા ભાગમાં નિગોદની પર્યાય થઈ છતાં દ્રવ્યનું દ્રવ્યત્વ અન્વયપણામાં કાંઈ ખામી થઈ નથી. આ..હા..હા..હા...! અને કેવળજ્ઞાનની પર્યાય થઈ તોપણ દ્રવ્યની દ્રવ્યત્વ–અન્વયશક્તિમાં કાંઈ પણ ઘટાડો થયો નથી તેમ વધારો થયો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન' આ..હા..હા...! (ફાગણ સુદ) તેરસની આજે તીથિ છે. 'પરમાગમ(મંદિર)'ની માસિક તીથિ છે. આજે અહીં ભક્તિ થાશે, હોં ! 'હિંમતભાઈ' કરાવશે. તેરસ છે ને ?

તેરમું ગુણસ્થાન કેવળ(જ્ઞાન) પામે તોપણ દ્રવ્યનું દ્રવ્યત્વ– અન્વયશક્તિ તો એવીને એવી છે. આ..હા..હા...! અને અક્ષરના અનંતમા ભાગમાં નિગોદની પર્યાય થાય તો દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશક્તિપણું તો સદાય એટલું અને એવડું છે. '**સદાય નહિ છોડતું થકું...**' આ..હા..હા...! અરે...! વધારે ટીકા – શબ્દોની શું જરૂર (છે) ? આહા..હા...! 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' એવી વાત છે આ તો ! આ..હા...! થોડું કહ્યું કે દ્રવ્યનું દ્રવ્યત્વપણું – અન્વયશક્તિઓ કોઈ દી ત્રિકાળ ક્યાંય છોડતું નથી. આ..હા..હા...! પર્યાયમાં ગમે તે હીનાધિક દશા થાઓ છતાં દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશક્તિપણું એણે સદાય છોડ્યું નથી. એમાં કદી ઘટાડો-વધારો થયો નથી. આવો ઉપદેશ લોકોને આકરો લાગે ! પછી (એમ કહે કે) નિશ્ચય છે, નિશ્ચય છે... બાપા ! સત્ય આ છે. નિશ્ચય કરીને એકાંત કરી નાખ (એમ નહિ ચાલે). પર્યાય હો, ઈ તો કહે છે. પણ પર્યાય હોવા છતાં દ્રવ્યની પૂર્ણતા, દ્રવ્યની દ્રવ્યત્વતાની પૂર્ણતાની બધી અન્વયશક્તિઓ એવીને એવી છે. જ્ઞાન એવુંને એવું, દર્શન એવુંને એવું, આનંદ એવોને એવો, શ્રદ્ધા એવીને એવી (છે). શ્રદ્ધા એટલે પર્યાય નહિ, શક્તિ. આહા..હા...! સત્તા એવીને એવી, વસ્તુત્વ એવીને એવી, પ્રમેયત્વ એવુંને એવું, જીવતર શક્તિ એવીને એવી. શક્તિઓનું શક્તિપણું એવુંને એવું છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી...'** આ..હા..હા...! પહેલાંમાં એમ કહ્યું હતું કે **'અન્વયશક્તિને સદાય નહિ છોડતું થકું...'** દ્રવ્ય, હોં ! એમ અહીં (કહે છે કે) **'દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી દ્રવ્ય અનન્ય જ છે...'** દ્રવ્ય તો અનન્ય – એનું એ જ છે. આ..હા..હા..હા...! ક્યાં તિર્યંચની નિગોદની પર્યાય અને ક્યાં સર્વાર્થસિદ્ધના દેવની પર્યાય ! ત્રણ જ્ઞાન, ક્ષાયિક સમકિત સહિત. આહા..હા...! છતાં દ્રવ્યનું દ્રવ્યત્વ તો એવુંને એવું (છે), અન્વયશક્તિ એવીને એવી છે. આ..હા...! એ મહાસત્તાને પકડવાની છે. આહા..હા...! એવી મહાસત્તા પ્રભુ છે. અન્વયશક્તિનું ભરેલું તત્ત્વ એટલે ભાવથી ભરેલો ભગવાન (છે), એમ. આહા..હા...!

**'(અર્થાત્ તે ઉત્પાદમાં પણ...)'** (અર્થાત્) પર્યાયમાં નવી નવી વ્યતિરેક(વ્યક્તિઓ) – ઉત્પાદમાં પણ. આહા..હા...! ક્યાં એક ચક્રવર્તી રાજા હોય અને એ મરીને નરકમાં જાય કે મોટો રાજા હોય પણ મરીને નિગોદમાં જાય ! આહા..હા...! અહીં જુઓ તો કેટલો ઉઘાડ દેખાતો હોય ! અને મરીને નિગોદમાં જાય છતાં પણ કહે છે કે એ તો પર્યાયમાં ફેર છે, વસ્તુ તો છે ઈ છે. આહા..હા...! **'(તે ઉત્પાદમાં પણ અન્વયશક્તિ તો અપતિત–અવિનષ્ટ–નિશ્ચળ હોવાથી દ્રવ્ય તેનું તે જ છે,...)'** વસ્તુ તો તેની તે જ છે. આ..હા..હા...! સમજાય છે આમાં ? **'(અન્ય નથી). માટે અનન્યપણા વડે દ્રવ્યનો સત્-ઉત્પાદ નક્કી થાય છે...'** આ..હા...! માટે અન્વયપણા વડે દ્રવ્યનો (સત્-ઉત્પાદ નક્કી થાય છે). સત્ છે એમાંથી થઈ એમ ઉત્પાદ નક્કી થાય છે, એમ કહે (છે). આહા..હા...! 'છે' એમાંથી આવ્યું છે, ઇ પણ છે, કહે છે. આહા..હા...! એ પર્યાય જે થઈ છે એ સત્માંથી થઈ છે, 'છે' એમાંથી થઈ છે. આહા..હા...! સત્-ઉત્પાદ કહેવો છે ને ? 'છે' એમાંથી થઈ છે (તેથી) સત્-ઉત્પાદ છે. આહા..હા...! **'(દ્રવ્યનું દ્રવ્ય-અપેક્ષાએ અનન્યપણું હોવાથી, તેને સત્-ઉત્પાદ છે–એમ અનન્યપણા દ્વારા સિદ્ધ થાય છે).'** આહા..હા...!

**'આ વાતને (ઉદાહરણથી) સ્પષ્ટ કરવામાં આવે છે : જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...'** વળી શું કીધું આ ? દ્રવ્ય અન્વયશક્તિઓને છોડતું નથી એ રાખ્યું. પણ એ દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી (એમ કહ્યું). આ..હા..હા...! જે ભગવાનઆત્મા દ્રવ્ય છે એમાં અનંતી દ્રવ્યત્વની અન્વયશક્તિઓ જે છે એવું જે દ્રવ્ય (છે)... આહા..હા...! એ પર્યાયોમાં વર્તતું હોવાથી (એમ કહ્યું). એક બાજુ કહેવું કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે, જેને દ્રવ્યની પણ અપેક્ષા નથી. આહા..હા...! પર્યાય જે છે એ સત્ છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' છે. વ્યય પણ સત્ છે, ઉત્પાદ પણ સત્ છે, ધ્રુવ પણ સત્ છે, એ તો છે. આ..હા..હા...! તેથી એ ઉત્પાદને **'દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...'** દ્રવ્ય તો ત્રિકાળપણે અન્વયશક્તિઓમાં વર્તે છે. હવે એ દ્રવ્ય પર્યાયોમાં વર્તતું થકું (એમ કહે છે). આહા..હા...!

**'જીવ દ્રવ્ય હોવાથી...'** એમ અહીં તો જીવ ઉપર ઉતારવું છે ને ? (એટલે એમ કહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે) જીવ પણ દ્રવ્ય હોવાથી **'અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...'** દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી, લ્યો ! એક બાજુ એમ કહેવું કે પર્યાય ષટ્કારકથી પરિણમી રહી છે. આ..હા...! એક કોર એમ કહેવું જીવદ્રવ્ય મોક્ષ અને મોક્ષની પર્યાયને કરતું નથી. 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. મોક્ષ અને મોક્ષની પર્યાયને દ્રવ્ય કરતું નથી. અહીં કહે છે કે દ્રવ્ય પર્યાયમાં વર્તતું થકું ! ભેદ ભેગો સમજાવવો છે ને ? આહા..હા...!

**'જીવ દ્રવ્ય હોવાથી...'** એમ. જીવ દ્રવ્ય હોવાથી ! આ..હા...! પેલો સિદ્ધાંત કીધો, હવે (જીવદ્રવ્યમાં) ઉતારે છે. **'જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી...'** આહા..હા...! **'જીવ નારકત્વ,...'** જીવ નારકીપણું. તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધ. પાંચે પર્યાય, હોં ! ચાર ગતિની ચાર જ (પર્યાય) એમ નહિ. આ..હા...! **'સિદ્ધત્વમાંના કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે...'** એ પાંચમાંથી કોઈ એક પર્યાયે જરૂર થશે. આ..હા...! ચાર ગતિ અને સિદ્ધપર્યાય, પર્યાય છે ને ? એ જીવ પર્યાયમાં વર્તતું થકું, આ..હા..હા...! **'પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે ?'** આહા..હા...! એ સિદ્ધની પર્યાય થઈ... આહા..હા...! છતાં એ જીવદ્રવ્ય પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે ? ભલે સિદ્ધપર્યાય થઈ છતાં દ્રવ્ય પોતાની દ્રવ્યત્વ(ભૂત) અન્વયશક્તિને છોડે છે ? આ..હા..હા...! આવી દ્રવ્યાનુયોગની વાત છે.

નારકીપણે (થયો એ) તો ઠીક. ચાર ગતિની પર્યાયપણે જીવ વર્તતો થકો, જીવદ્રવ્ય વર્તતું થકું પોતાના અન્વય ત્રિકાળી ગુણોને છોડતું નથી. એમ સિદ્ધત્વની પર્યાયે વર્તતું થકું જીવદ્રવ્ય પોતાની દ્રવ્યત્વ(ભૂત) અન્વયશક્તિઓને છોડતું નથી. આહા..હા...! અંદર એમ છે ને ? જુવાનિયાઓને તો આ બધું નવું લાગે. જુવાન કોણ છે આમાં, બાપા ! એ તો બધી જડની અવસ્થા છે. ભગવાન તો અંદર... આ કહે છે ને ? પર્યાયમાં પરિણમ્યો તોપણ વસ્તુ તો એવીને એવી એમને એમ રહી છે. આ..હા...! એ વસ્તુ પર્યાયમાં પ્રવર્તે છે એમ વ્યવહારે કહેવું છે. આહા..હા...!

**શ્રોતા :–** સવારે આપ ના પાડતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહારે પર્યાયમાં (પ્રવર્તે છે એમ કહેવાય). દ્રવ્યનું પર્યાયમાં પ્રવર્તવું (છે એમ કહીને) પરિણમન એનું છે એમ બતાવવું છે ને ? દ્રવ્યત્વથી બતાવવું છે ને દ્રવ્યત્વગુણ છે ને દ્રવ્યત્વગુણ છે ને ? દ્રવ્યત્વગુણનો અર્થ દ્રવે છે. ત્યારે સિદ્ધ થાય છે ને ? આહા..હા...! તેથી (અહીંયાં) દ્રવ્યત્વ લીધું છે ને ? **'દ્રવ્યત્વભૂત'** ! આ..હા..હા...! એનું જે 'પણું' છે એ 'પણું' પાછું પર્યાયમાં જ્યારે પરિણમે છે છતાં તે અન્વયશક્તિને છોડતું નથી. આહા..હા...! અરે...! આવો વિચાર કરવા ક્યારે મળે ? સાંભળવા ક્યારે મળે ? નિર્ણય ક્યારે કરે ? કરવાનું તો આ છે. આહા..હા...! 'કાંતિભાઈ'ના સમાચાર આવ્યા હતા (કે) રાતે દસ વાગ્યા સુધી તો વાતું કરતાં હતા. સવારે ઊઠ્યા ને હાર્ટ ફેઈલ થઈ ગયું ! સવારમાં ! 'છોટાભાઈ'ના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જમાઈ. ૬૩ વર્ષની ઉંમર. દીકરો, દીકરી ... દસ વાગ્યા સુધી મિત્રો સાથે વાતચીત કરી, સાડા અગિયારે સૂઈ ગયા. સવારે ઊઠ્યા, ઊઠ્યા ને એકદમ હાર્ટ ફેઈલ ! બંધ થઈ ગયું, ઊઠ્યા ને (હૃદય) બંધ થઈ ગયું ! આ..હા..હા...! જડની અવસ્થા જે સમયે (થવાની હોય તેને) કોણ રોકે ? અને કોણ કરે ? આહા..હા...! એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે, હોં ! એમ સિદ્ધ કરવું છે.

'કળશટીકા'માં આવે છે ને ? પર્યાયનો કર્તા દ્રવ્ય છે, કરણ પણ દ્રવ્ય છે, કર્તા પણ દ્રવ્ય છે. આ..હા..હા...! (જે) અપેક્ષાથી જે વાત (હોય તે સમજવી જોઈએ). આ..હા...! એની પર્યાય (થવી એનો) પોતાનો સ્વભાવ છે અને અહીં એ સિદ્ધ કરીને પરદ્રવ્યોને લઈને એમાં કાંઈ થાતું નથી. એમ સિદ્ધ કરવું છે.

એ પોતે દ્રવ્ય આટલી દ્રવ્યત્વની શક્તિઓથી ભરેલો છતાં એ દ્રવ્ય પર્યાયમાં વર્તતું (થકું), એને બીજું દ્રવ્ય કાંઈ પણ કરી શકતું નથી. કર્મ, શરીર, વાણી, મન, દેશ, કુટુંબ (આદિ) કોઈ ચીજ એને (કાંઈ કરી શકતું નથી). ઈ દ્રવ્ય પોતે પર્યાયમાં વર્તે છે (ત્યાં) બીજું દ્રવ્ય એને (પર્યાયમાં) વર્તાવે છે (એમ છે નહિ). આહા..હા...! આવો વખત ક્યાં મળે ? સાંભળવું પણ કઠણ પડે. આ તો (કહે) દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, તપ કરો... લ્યો ! આહા..હા...! એક વ્યાખ્યાને પૂરું છે ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે કે) **'કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે...'** જોયું ? દ્રવ્ય દ્રવ્યત્વ(ભૂત) અન્વયશક્તિઓને નહિ છોડતું છતાં તે દ્રવ્ય પર્યાયમાં વર્તે છે તેથી કોઈપણ પર્યાયમાં અવશ્ય પરિણમશે, કોઈ પણ પર્યાયે જરૂર થશે. આ..હા..હા..હા...! એમ કરીને (એમ કહેવું છે કે) એ પર્યાયને એનો કાળ એનાથી છે. એ પર્યાય કોઈ ફલાણું દ્રવ્ય એકદમ અકસ્માત્ આવ્યું અને આમ થઈ ગયું, એકદમ પરદ્રવ્યમાં ફેરફાર થઈ ગયો, પરદ્રવ્યનો સંયોગ એકદમ આકરો આવ્યો એ વાતમાં કાંઈ માલ નથી. એ દ્રવ્ય પોતે જ તે કાળે પર્યાયમાં વર્તે છે તેથી પર્યાય થઈ છે. આ..હા..હા..હા...! કર્મને લઈને નહિ, સંયોગને લઈને નહિ, અકસ્માત્ કાંઈ નહિ. આહા..હા...! અકસ્માત્ નહિ, તે દ્રવ્ય પોતે જ તે સમયે તે પ્રમાણે વર્તે છે. આ..હા..હા...! સમજાણું ?

**'પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે ?'** એમ કીધું. ભલે નરકની પર્યાય થઈ કે સિદ્ધની પર્યાય થાય, તે જીવ તે પર્યાયરૂપે થઈને, પર્યાયરૂપે (દ્રવ્ય) થયું છતાં શું (તે) દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે ? આહા..હા...! આ..હા..હા...! તેના ભાવનો ભાવવાન, એ પર્યાય ભલે થઈ પણ એથી પૂર્ણ ભાવવાનપણું છે ઈ કોઈ દી' એણે છોડ્યું છે ? આ..હા..હા...! વસ્તુ છે ને ! તત્ત્વ છે ને, તત્ત્વ ! અસ્તિ છે ને ! સત્ છે ને ! સત્ને સત્પણું છે ને ! સત્પણું રાખીને પર્યાયમાં પ્રવર્તે છે ને ? કે સત્પણું છોડીને પર્યાયમાં પ્રવર્તે છે ? આ..હા..હા...! શું શૈલી ! આચાર્યની ટીકા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને...'** પર્યાયરૂપ ભલે થયો (છતાં) **'શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે ?'** સિદ્ધપર્યાય થઈ એથી શું ગુણની અન્વયશક્તિ, દ્રવ્યની દ્રવ્યત્વ (શક્તિ) જે છે એ છોડે છે ? આહા..હા...! નરકમાં જઈને સાતમી નરકે ઊપજ્યો... આહા..હા...! પણ તે પર્યાયમાં વર્તતું દ્રવ્ય એ દ્રવ્યનું દ્રવ્યપણું જે અન્વયશક્તિઓ (છે એ) ત્યાં છોડે છે ? આ..હા..હા...! આ ટીકા કહેવાય ! જોઈ ? આ સિદ્ધાંત ! થોડામાં ઘણું ભર્યું હોય ! આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' ! દિગંબર સંત ! ચાલતા સિદ્ધ !! આ..હા..હા...! એની આ ટીકા છે.

**શ્રોતા :–** અભવી તો અનાદિથી મિથ્યાત્વરૂપે જ પરિણમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે પરિણમ્યો પણ દ્રવ્યનું દ્રવ્યત્વપણું છૂટ્યું છે ? ભલે મિથ્યાત્વપણે પરિણમ્યો પણ દ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશક્તિપણું જે ગુણો છે તેમાંથી કાંઈ ઓછપ થઈ છે ? છૂટ્યું છે ? આ..હા..હા...!

**શ્રોતા :–** અનંતકાળથી એવોને એવો જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવોને એવો છે અને એવોને એવો રહેશે. સિદ્ધ થશે તોપણ એવોને એવો છે. આ..હા...! અને તે પણ પર્યાયમાં દ્રવ્ય વર્તતું એવી ભાષા લીધી છે છતાં દ્રવ્ય એવું ને એવું છે ! (અહીં તો) એની પર્યાય સિદ્ધ કરવી છે ને ? પરને લઈને કાંઈ થયું નથી એમ (બતાવવું છે). આ..હા..હા...! અંદર કેટલી સાદી વસ્તુ છે ! સાદી વસ્તુ છે ! આહા..હા...!

આવું દ્રવ્ય – દ્રવ્યત્વ(ભૂત) અન્વયશક્તિઓવાળું દ્રવ્ય પર્યાયોમાં વર્તતું છતાં... આહા..હા...! ભલે સાતમી નરકની પર્યાયમાં વર્તતું કે નિગોદની પર્યાયે વર્તતું કે સિદ્ધની પર્યાયે વર્તતું... આ..હા..હા...! સર્વાર્થસિદ્ધિના દેવો ત્રણ જ્ઞાનના ધણી, એકાવતારી (છે) એ પર્યાયપણે પ્રવર્તતું... આ..હા..હા...! શું દ્રવ્યનું દ્રવ્યત્વપણું છૂટ્યું છે ? છે ? **'તે પર્યાયરૂપે થઈને...'** પર્યાયરૂપે થઈને ! **'શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે ?'** આહા..હા...! **'નથી છોડતો.'**

ભગવાનઆત્મા પર્યાયના અંશની ગમે તે પર્યાયમાં હો પણ ભગવાને પોતે અન્વયશક્તિઓને કોઈ દી' છોડી નથી. જ્ઞાનની પૂર્ણતા, દર્શનની પૂર્ણતા, આનંદની પૂર્ણતા, સ્વચ્છતાની પૂર્ણતા, પ્રભુતાની પૂર્ણતા... આ..હા..હા...! એ પર્યાયમાં વર્તતું છતાં આ પ્રભુતાને છોડી નથી. આહા..હા...! કહો, 'ચંદુભાઈ' ! આવું સાંભળ્યું છે કોઈ દી' ? તારી નજરને આળસે (જોવાનું) રહી ગયું છે, કહે છે. વસ્તુ તો એવીને એવી રહી છે. પર્યાયમાં વર્તે છે છતાં વસ્તુ તો એવીને એવી રહી છે. આ..હા..હા...! સિદ્ધપણે પરિણમે તોપણ વસ્તુ એવીને એવી રહી છે તો બીજાની વાત ક્યાં કરવી ?

અનંત... અનંત... પર્યાય, જ્યાં અનંતી... અનંતી... પર્યાયોની વ્યક્તતા અનંતી પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગઈ. અનંત શક્તિઓ છે, અનંત સામર્થ્યવાળો દ્રવ્યત્વભાવ (છે) એમાંથી પૂર્ણ અનંત કેવળજ્ઞાન, (કેવળ)દર્શન પૂર્ણ શક્તિ (પ્રગટ) થઈ છતાં એ વસ્તુએ અન્વયપણું છોડ્યું છે ? આ..હા..હા..હા...! એ વસ્તુ છે તે એકરૂપે જ છે. દ્રવ્ય અને દ્રવ્ય-ગુણ (એકરૂપે જ છે). દ્રવ્ય અને દ્રવ્ય-ગુણ – દ્રવ્યત્વ – અન્વયશક્તિ કહો. આહા..હા...! શું કથનપદ્ધતિ ! આ..હા..હા...! એક ગાથાએ ન્યાલ કરી નાખે એવું છે !! આહા..હા...! તકરાર, વાદવિવાદે આ પાર ન પડે.

આ તો વસ્તુની સ્થિતિની મર્યાદા ! ભગવાન તો એ વર્ણવે છે ! આહા..હા...! ગમે તે પર્યાયે પરિણમ. કેવળજ્ઞાનપણે પરિણમ એમ કીધું તોપણ શું ? એવું કેવળજ્ઞાન કે એક સમયમાં કેવળીઓ, અનંતા કેવળીઓને જાણે ! છતાં ત્યાં અન્વયશક્તિને કંઈ ઘસારો થયો છે ? આહા..હા...! જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, બધી પૂર્ણ કારણશક્તિઓ (છે), કારણદ્રવ્ય છે એમાં કારણશક્તિઓ પૂર્ણ (છે) એમાં ક્યાંય ઓછપ થઈ છે ? આ..હા..હા...! એ દૃષ્ટિમાં લેવું આકરી વાત છે, બાપુ ! આહા..હા...! કહો, 'ચીમનભાઈ' ! આવી વાત છે. બહારની ક્રિયાકાંડ ને આ ને આ ને આ... એ વખતે પણ કહે છે કે ક્રિયાકાંડની તારી રાગની પર્યાયે પ્રવર્તતું (હોવા) છતાં દ્રવ્ય અને ગુણ તો એવા ને એવા રહ્યાં છે. આહા..હા...!

ગૃહીત મિથ્યાત્વપણે પરિણમ્યો, અગૃહીત તો અનાદિથી છે... આહા..હા...! અને તે દ્રવ્ય તે પર્યાયમાં પ્રવર્ત્યું છે. આ..હા..હા...! તે પર્યાયમાં પ્રવર્ત્યું છે છતાં પણ તે દ્રવ્ય અને ગુણ તો તેવાને (તેવા), તેવડા છે. આહા..હા...! એની મોટપને ક્યાંય આંચ નથી ! પ્રગટ દશા થાય તોપણ એને આંચ (આવે છે) – ઘટી જાય છે એમ નથી. મહાપ્રભુ કેવળ(જ્ઞાન) થયું, અનંત... અનંત... કેવળ(જ્ઞાન), અનંત દર્શન, અનંત આનંદ, અનંત સુખ, અનંત વીર્ય (પ્રગટ્યું)... આ..હા...! જેટલા ગુણો છે તેટલી પર્યાયો – વ્યક્ત પર્યાયો પૂર્ણ પ્રગટી... આહા..હા...! છતાં અહીં જે પૂર્ણ દ્રવ્યત્વગુણ છે, જીવદ્રવ્યનું દ્રવ્યત્વ – અન્વયશક્તિઓ સદાય એવી ને એવી છે. આ..હા..હા...! આ વાત બેસાડવી કાંઈ ઓછી વાત છે ? આહા..હા...!

**'જો નથી છોડતો તો તે અન્ય કઈ રીતે હોય...?'** આહા..હા...! એ પ્રભુ છોડતો નથી. પોતાના અનંત ગુણો જે ધ્રુવ છે, દ્રવ્યત્વ(ભૂત) અન્વય(શક્તિઓ) છે... આહા..હા...! દ્રવ્યત્વ (કીધું) તો પેલું દ્રવ્યત્વ જે પર્યાય દ્રવે છે એ અહીં નથી લેવું, હોં ! ભાઈ ! દ્રવ્ય-ગુણમાં દ્રવે... દ્રવે... એ 'પંચાસ્તિકાય'માં આવે છે ને ? નવમી ગાથા ! દ્રવે છે, વિભાવપણે પરિણમે છે. અહીંયાં દ્રવ્યત્વ એટલે એનું ભાવપણું લેવું છે. પર્યાય દ્રવે છે એમ અત્યારે નથી લેવું. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીં તો દ્રવ્યનું દ્રવ્યપણું કાયમી જે છે – અન્વયશક્તિઓ (જે છે) શું એને કંઈ ઘસારો લાગ્યો છે ? નિગોદમાં કે સિદ્ધ થયો ત્યાં અંદર કાંઈક હીણું થઈ ગયું છે ? જ્ઞાન પ્રગટ્યું એટલે કાંઈ ઓછું થયું છે ? ગુણમાં – પૂર્ણતામાં કાંઈક, કાંઈક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઓછપ આવી છે ? આ તે શું વાત છે !! આહા..હા...! આ તો ભાઈ મધ્યસ્થની વાત છે. આગ્રહ છોડીને, પોતે માન્યું હોય એ પ્રમાણે કાંઈ થાય એમ ન હોય. વસ્તુ જેમ છે તેમ રહેશે. માન્યતા કલ્પિત હોય એ પ્રમાણે આમાંથી નીકળે એમ નથી. આહા..હા...!

**'તો તે અન્ય કઈ રીતે હોય કે જેથી ત્રિકોટિ સત્તા...'** જોયું ? ત્રિકોટિ સત્તા એટલે **'(–ત્રણ પ્રકારની સત્તા, ત્રિકાળિક હયાતી)...'** ત્રિકોટિ સત્તા ! આ..હા..હા...! ત્રિકાળ હયાતી ! દ્રવ્ય અને અન્વયશક્તિઓની ત્રિકાળ હયાતી ! આ..હા..હા...! દ્રવ્યની દ્રવ્યત્વ – અન્વયશક્તિઓની ત્રિકાળ હયાતી ! એકરૂપ ત્રિકાળની હયાતી ! આ..હા..હા...! ત્રિકોટી સત્તા ! જોયું ? ત્રણ પ્રકારની સત્તા – ભૂત, ભવિષ્ય અને વર્તમાન, એમ. **'(–ત્રણ પ્રકારની સત્તા, ત્રિકાળિક હયાતી) જેને પ્રગટ છે...'** જેને પ્રગટ છે **'એવો તે (જીવ), તે જ ન હોય ?'** તે જ ન હોય ? ગમે તે પર્યાય હોય પણ વસ્તુ તો તે જ ન હોય ? એટલે વસ્તુ તે જ છે. આ..હા..હા...!

મોટા કસાઈખાના માંડે, લાખો ગાયું અને ભેંસું કાપે એવા ભાવ ! આ..હા..હા...! એ પર્યાયમાં વર્તતું દ્રવ્ય, શું (એ) દ્રવ્યે દ્રવ્યત્વપણું છોડ્યું છે ? (એમ) કહે છે. આ..હા..હા...! (કોઈ) 'નથી' એમ કહે, (ત્યાં) આત્મા છે નહિ એમ કહે. (પણ) એવી પર્યાયે પરિણમ્યું છે. આ..હા..હા...! છતાં એના દ્રવ્યત્વપણામાં કાંઈ ખામી છે ? ઇ ભલે ના પાડે. આ..હા..હા...! ત્રિકોટિ સત્તા ! ત્રિકોટિ સત્તા (એટલે) ત્રણ પ્રકારની સત્તા – ભૂત, વર્તમાન અને ભવિષ્ય. ત્રણે કાળે એકરૂપ સત્તા છે, આ..હા..હા...! ત્યાં જોવાનું છે. પર્યાય ગમે તે પ્રકારની હોય ત્યાં એણે જોવાનું નથી. આ..હા..હા...! દ્રવ્ય અને દ્રવ્યત્વની અન્વયશક્તિઓ (છે) તે જોવાની છે. આહા..હા...! અને તે જોવાથી જ સમ્યગ્દર્શન જ્ઞાન અને મોક્ષ – કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આહા..હા...! કેમ કે સત્‌માંથી સત્ આવે છે એમ અહીં કહેવું છે. આ..હા...! સત્‌માંથી સત્ આવ્યું છતાં, પ્રવર્ત્યું છતાં ત્યાં સત્‌માં જરીયે ખામી થઈ છે (એમ નથી). આહા..હા...!

ક્ષાયિક સમકિત થયું, કેવળજ્ઞાન થયું... આ..હા...! અને ગૃહીત મિથ્યાત્વ થયું, નાસ્તિક થયો (ત્યારે એમ માન્યું કે) આત્મા નથી – હું નથી, એવું પર્યાયમાં પ્રવર્તવા છતાં દ્રવ્યે શું દ્રવ્યત્વપણું અન્વયશક્તિ છોડી છે ? આ..હા..હા...! ભાષા તો સાદી (છે) પણ ભાવ જરી આકરા છે.

(ત્રિકોટિ સત્તા) **'જેને પ્રગટ છે એવો તે (જીવ), તે જ ન હોય ? (અર્થાત્ ત્રણે કાળે હયાત એવો જીવ અન્ય નથી,...)'** અનેરો નથી. એમ. **'(તેનો તે જ છે).'** તેનો તે જ છે. આહા..હા...! શું વસ્તુની સ્થિતિ ! 'સમયસાર'માં પણ છે અને આ 'પ્રવચનસાર' ! અરે...! 'નિયમસાર' (હોય તોપણ એ જ વસ્તુસ્થિતિ છે) ! આહા..હા...! સ્વરૂપપ્રત્યક્ષ એ ત્રિકાળ છે. આહા..હા...! સ્વરૂપદૃષ્ટિ ત્રિકાળ ધ્રુવ છે. અરે...! ઉપયોગમાં તો એમ લીધું છે ને, ભાઈ ! કે જ્ઞાન અને દર્શન છે એને પોતે ત્રિકાળને પોતે જાણે છે, એ ગુણ જાણે છે. ગુણ આવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂર્ણ સ્વરૂપ છે એને જાણે છે એવું એનું સામર્થ્ય છે, પર્યાયની વાત નહિ. આ..હા..હા...! ઉપયોગમાં (એ વાત આવે) છે, પહેલાં શરૂઆતમાં (આવે) છે. એ વસ્તુ પોતે જે છે એમાં જે જ્ઞાન ને દર્શનનો ગુણ (છે) એવા જે અનંતા ગુણો અનંત અન્વયરૂપે છે તેને તે જ્ઞાન અને દર્શન જાણે અને દેખે છે. એવી તાકાતવાળું છે ! પર્યાય નહિ. અન્વયશક્તિનું સ્વરૂપ એવડું છે ! આહા..હા...! આમાં તો ધીરજ જોઈએ, બાપુ ! ત્યારે તો માંડ (પકડાય એવું છે). પૂર્વના બધા આગ્રહ કર્યા હોય (તેની ઉપર) મીંડાં મૂકે ત્યારે આ બેસે એવું છે. આહા..હા...! આવી વસ્તુની સ્થિતિ જ છે.

પરમાત્મા ત્રિલોકનાથે કહ્યું તે સંતો કહે છે. આહા..હા...! 'જિનેશ્વર એમ કહે છે' સંતો એમ બોલે ને ? 'જિનેશ્વર એમ કહે છે.' બાકી તમે કહો છો પ્રભુ ! એ ક્યાં ખોટું (છે) ? (પણ) આશરો આપે છે પ્રભુનો ! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ કહે છે. આહા..હા...! ગમે તે પર્યાયમાં દ્રવ્ય પ્રવર્તે છતાં દ્રવ્યમાં દ્રવ્યપણું ઓછું થયું છે ? આ..હા..હા...! ત્રણે કાળે તે એકની એક ચીજ એ રીતે રહી છે. આ..હા..હા...! એવી અંતર દૃષ્ટિ થવી, ગમે તે પર્યાયમાં હો પણ આ દૃષ્ટિ થવી,... આહા..હા...! એટલે છે એની દૃષ્ટિ થવી. એવડો ઇ છે. છે તેને તેવડો માનવો એ કંઈ સાધારણ વાત નથી. આ..હા...! મહા પુરુષાર્થ છે. આ..હા..હા...! ઇ (અહીંયાં કહે છે) **'(ત્રણે કાળે હયાત એવો જીવ અન્ય નથી, તેનો તે જ છે).'** ભાવાર્થ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** આચાર્યદેવ કહે છે કે અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ અને જિજ્ઞાસુને કહે છે પ્રભુ ! તું શ્રોતા તરીકે અમારી પાસે સાંભળવા આવ્યો છો એથી તારી એટલી લાયકાત જોઈને અમે તારી પર્યાયમાં પણ અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ. અનંતા સિદ્ધોને સ્થાપી શકે એવી તારી પર્યાયની યોગ્યતા જોઈએ છીએ. અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ એ શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે. તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે એટલે તારું લક્ષ અલ્પજ્ઞ પર્યાય ઉપર નહિ રહી શકે. સર્વજ્ઞને સ્વભાવમાં સ્થાપ્યા છે તેથી અવશ્ય તું સર્વજ્ઞ થઈશ.**

**૩૬.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૨૬, ૨૭, શ્લોક-૩૯, ૪૦, પ્રવચન નં. ૨૯, તા. ૩૧-૦૩-૧૯૭૧ [૨૦]

'નિયમસાર' અજીવ અધિકાર. કારણપરમાણુ અને કાર્યપરમાણુ, જઘન્ય પરમાણુ અને ઉત્કૃષ્ટ પરમાણુ, એમ ચારનું વર્ણન કર્યું. કારણપરમાણુ એ કે જે સ્કંધ છે એનું કારણ છે માટે એને કારણપરમાણુ કહ્યું. એ જ કારણપરમાણુને બે લાગુ પડે. એમ છે ને પાઠમાં ? **'તે જ પરમાણુ'** એમ. જે પરમાણુ છે આ રજકણ, પોઈન્ટ એવો એક વસ્તુનો સ્વભાવ. ભલે નાનો છે પણ દ્રવ્ય છે. સ્વભાવને કોઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. એક પરમાણુ આવો સ્વભાવ, જે સ્કંધનું કારણ થાય, એ જ પરમાણુમાં એક ગુણ આદિ ચિકાશ હોય, તો બંધને અયોગ્ય છે. એ જ પરમાણુને જઘન્ય પરમાણુ કહેવામાં આવે છે. એક, બે, ત્રણ આદિ હોય, બે-ત્રણ, ચાર આદિ બે ને બે ચાર કે ત્રણ ને બે પાંચ, એ આદિ હોય તો એ એના એ પરમાણુને બંધને યોગ્યને કારણે ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે. જુઓ ! આ એક વસ્તુનો જડનો સ્વતઃ સ્વભાવ. એને તો કાંઈ ખબર પણ નથી. ખબર તો આત્માને છે કે આમ આમાં થાય છે. એવો પરમાણું સ્કંધનો છેલ્લો ટૂકડો. ટૂકડા કરતાં કરતાં બાકી રહી જાય એને કાર્યપરમાણુ કહે છે. આ ચાર પ્રકાર થયા. છે તમારે ત્યાં એમાં ?

**શ્રોતા :–** છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી ? કેમ ક્યાંથી હોય. 'યશવર્ધન' કહે છે.

હવે 'પ્રવચનસાર'માં ૧૬૫મી અને ૧૬૬મી ગાથા દ્વારા કુંદકુંદાચાર્ય કહે છે :–

**``णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि वज्झंति हि आदिपरिहीणा।।**
**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण बंधमणुभवदि।**
**लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो।।''**

એ બાજુ છે. ૫૬ પાને. એનો અર્થ. **'પરમાણુ-પરિણામો,...'** પરમાણુ જે એક રજકણ-પોઈન્ટ છે, એના પરિણામ એટલે પર્યાય **'સ્નિગ્ધ હો કે રૂક્ષ હો,...'** ચિકાશ હોય કે રૂક્ષ હોય, **'બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો,...'** બે અંશવાળા, ચારવાળા, છવાળા હો કે ત્રણ, પાંચ અને સાતવાળા હોય, **'જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય...'** બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને બે ચાર, ત્રણ ને બે પાંચ, સાત ને બે નવ, આઠ ને બે દસ. એમ બે અધિકવાળા હોય તો **'બંધાય છે;...'** એકમાં બંધાય નહિ. એક અંશ પરમાણુ બંધને યોગ્ય નહિ.

એમ આત્મામાં પણ છેલ્લો અવગુણનો જે છેલ્લો અંશ છે, એ એના બંધનું કારણ નહિ. સમજાણું કાંઈ ? એ શું કહ્યું ? મોહનો, રાગનો છેલ્લો અંશ છે, એ પોતે પોતાના બંધનું કારણ નહિ, બીજાના બંધનું કારણ થાય. રાગનો અંશ રાગને બાંધે એમ ન બને. સમજાણું કાંઈ ? 'હીરાભાઈ' ! અહીં જેમ પરમાણુમાં એક ચિકાશ કે એક લુખાશની પર્યાય છે, તે બંધને લાયક છે નહિ. એમ આત્મામાં પણ જે ક્રોધ, માન, માયા, દર્શનમોહ, સમકિતમોહનો પણ એનો છેલ્લો અંશ છે, લ્યો ને. દર્શનમાં. સમકિતમોહનો અંશ પણ દર્શનમોહને ન બાંધે. છેલ્લો અંશ છે ને ? એમ રાગાદિનો છેલ્લો અંશ છે એ એના રાગાદિને ન બાંધે. એ રાગનો અંશ છ કર્મનું બંધન ભલે થાય. એવો જ વસ્તુનો સ્વતઃ સ્વભાવ છે. આહા..હા...! એ ગાથા કીધી. બીજી ગાથા. એ નહીં બીજી ગાથા. એનીને એની બીજી.

**'સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણું સાથે બંધ અનુભવે છે;...'** જોયું ! અનુભવે શબ્દ છે. એને અનુભવવું છે ક્યાં ? પણ થાય. અનુસરીને થાય. સમજાણું ? **'અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ...'** એ તો દાખલા આપ્યા છે, હોં ! રૂક્ષ ત્રણવાળો અને એ તો ચિકાશ પણ ત્રણવાળો, પાંચવાળો હોય તો એ બંધને પામે. **'પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.'** શું કહ્યું ? 'પંડિતજી' ! ત્રણ રૂક્ષવાળો, પાંચ રૂક્ષવાળા સાથે બંધાય એ તો દૃષ્ટાંત (કહ્યો). પણ ત્રણ ચિકાશવાળો પણ પાંચ ચિકાશવાળા સહિત બંધાય. બે ને બે ચારવાળો, ત્રણ ને બે પાંચવાળો એમ રૂક્ષ કે ચિકાશ ગમે તે હો એ પ્રમાણે બંધાય. એક ન બંધાય. એકડે એક, બગડે બે. એક અંશવાળો બંધાય નહિ. બે અંશવાળો બંધાય. જુઓ ! પણ પુદ્‌ગલનો પણ એવો સ્વભાવ છે.

**શ્રોતા :–** એક બંધાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક ન બંધાય.

**'વળી (૨૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા પુદ્‌ગલની ઉપેક્ષા કરી શુદ્ધ આત્માની ભાવના કરે છે) :–'**

**स्कन्धैस्तैः षट्प्रकारैः किं चतुर्भिरणुभिर्मम।**
**आत्मानमक्षयं शुद्धं भावयामि मुहुर्मुहुः ।।३९।।**

**'એ છ પ્રકારના સ્કંધો કે ચાર પ્રકારના અણુઓ સાથે મારે શું છે ?'** ચીજ પર છે. હું તો એનો જાણનાર (છું). તે પણ મારામાં રહીને મારાથી જાણનાર (છું). આહા..હા...! **'હું તો અક્ષય શુદ્ધ આત્માને ફરી ફરીને ભાવું છું.'** મને આનંદનું પ્રયોજન છે તો મારો આનંદ આત્મા, મારો આત્મા સચ્ચિદાનંદ છે. એ આનંદનું અક્ષય સુખ. અક્ષય શુદ્ધ આત્મા, એને હું ફરી ફરીને ભાવું છું. મારું આનંદનું પ્રયોજન છે તો આનંદ તો મારી પાસે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવા અક્ષય–ન ક્ષય થાય એવો શુદ્ધ આત્મા, દ્રવ્ય સ્વભાવ પરિપૂર્ણ, એને હું ભાવું છું. ભાવું છું (એનો) અર્થ શું થયો ? **'ફરી ફરીને ભાવું છું.'** એવો પાઠ છે, લ્યો ! **'भावयामि'** અને **'चिंतयामि'** (એટલે) વિકલ્પ છે એ ?

મુમુક્ષુ :– એકાગ્રતા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકાગ્રતાની વાત છે. દરેક અર્થમાં ફેરફાર.

શુદ્ધ આત્મા અક્ષય ત્રિકાળ ધ્રુવસ્વરૂપ એવો ભગવાનઆત્મા, એની અંદર એકાગ્રતા હું કરું છું. મારું તો એ કામ છે. પરમાણુના પ્રકાર ચાર હો તો હો. મારે એની સાથે પ્રયોજન નથી. આહા..હા...! મારો ભગવાન અનંત આનંદ અને અનંત સ્વચ્છતા, શાંતિ, સ્થિરતા વગેરે શક્તિઓથી (પૂર્ણ) અક્ષય શુદ્ધ આત્મા છે. એવા આત્માને હું અંતર્મુખ થઈને **'ફરી ફરીને ભાવું છું.'** વારંવાર એકાગ્રતા એમાં (કરું છું). આ કરવાનું છે. આહા..હા...! જુઓ ! સરવાળો આ કહ્યો. અજીવ જાણવા યોગ્ય છે. પણ જાણીને એના ઉપર લક્ષ છોડીને સ્વરૂપનું ધ્યાન ને સ્વરૂપની ભાવના કરવાની છે. સમજાણું કાંઈ ?

૨૬. પરમાણુનું વિશેષ કથન.

**अत्तादि अत्तमज्झं अत्तंतं णेव इंदियग्गेज्झं।**
**अविभागी जं दव्वं परमाणू तं वियाणाहि।।२६।।**

આચાર્ય કહે છે,

**જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,**
**જે ઇન્દ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.**

આહા..હા...! એ પરમાણુમાં પણ અનંત ગુણના અસંખ્યમા ભાગનું નાનું ક્ષેત્ર, છતાં અનંત જીવના ગુણની જેટલી સંખ્યા છે એટલા ગુણ એમાં છે. આ તે કેમ (બેસે) ? જીવમાં જેટલા ગુણની સંખ્યા છે એટલા જ ગુણની સંખ્યા, ભલે ચૈતન્ય ન હોય, એમાં પણ જડની પર્યાય, ગુણની સંખ્યા એટલી જ અનંતી છે એમાં. શું કહ્યું ? લ્યો. બે વાર કહ્યું તો પણ હીરાનું આમ કહેતા હશે ?

એક આત્મામાં જેટલા ગુણ છે, એટલા જ ગુણ પરમાણુના જડના છે. એ નહિ પણ એટલા. શું કહ્યું ? 'પંડતિજી'ને હજી નથી (સમજાણું).

**શ્રોતા :–** જેટલા જીવમાં એટલા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જેટલા એક આત્મામાં અનંતા ગુણની સંખ્યા (છે) એટલા જ ગુણો એક પરમાણુમાં (છે). એવા નહિ પણ એટલા. સંખ્યા એટલી છે. શું કહ્યું ? 'પંડિતજી' !

**શ્રોતા :–** એક આત્મામાં જેટલા પરમાણુ એટલી સંખ્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એટલા સંખ્યાએ. એ ગુણ નહિ. આત્મામાં તો જ્ઞાન, આનંદ આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! આ તો અસંખ્ય પ્રદેશી, પેલો (પરમાણુ) એક પ્રદેશી. વસ્તુસ્વભાવ છે, એ વસ્તુસ્વભાવ છે. એમ મહાત્મ્ય આવતા તારો સ્વભાવ, તારો સ્વભાવ એ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. એના ગુણ સ્વભાવની પહોળાઈ અસંખ્ય પ્રદેશી છે. પેલા પરમાણુના ગુણની તો એક પ્રદેશી પહોળાઈ છે. તારા ગુણની અસંખ્યપ્રદેશી પહોળાઈ છે. એવા અંતર સ્વભાવ, અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યો છે એનો આશ્રય કર, એની ભાવના કર. બસ, કરવાનું આ છે. કરી-કરીને, ભણી-ભણીને, બધું જાણીને પણ આ કરવાનું છે. સુખી થવું હોય તો...

**'આ પરમાણુનું વિશેષ કથન છે.'** ૨૬મીની ટીકા. **'જેમ સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...'** શું કહે છે ? જુઓ ! ત્રિકાળ આત્માનો સહજ સ્વભાવિક પરમપારિણામિકભાવ, એની વિવક્ષાનો આશ્રય કરનારા, એના કથનનો અને એના ભાવનો આશ્રય કરનારા, **'સહજ નિશ્ચયનયની અપેક્ષાએ...'** ભગવાનઆત્મા સ્વભાવિક પરમપારિણામિકભાવની વિવક્ષા જેમાં કરવી છે. જેમાં ઉદયની, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ, પરમસ્વભાવભાવ એ જેમાં કહેવું છે, એવો સહજ નિશ્ચયનય, સ્વભાવિક નિશ્ચયનય. દેખો ! એ **'નિશ્ચયનયની અપેક્ષાએ..'** ભગવાન નિત્ય છે. એ નિત્યથી કોઈ દિ' ચ્યુત થયો નથી. પરમ પારિણામિકસ્વભાવથી કોઈ દિ' ચ્યુત થયો જ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'અને અનિત્ય નિગોદથી માંડીને સિદ્ધક્ષેત્રપર્યંત રહેલા જીવો...'** નિગોદથી માંડીને એ બધી પર્યાય છે ને ? તે સિદ્ધ સુધી. **'જીવોનું નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું,...'** એ નિગોદથી માંડી સિદ્ધની પર્યાય સુધીમાં, બધા એના દ્રવ્યો જે પરમસ્વભાવભાવ છે, એનાથી કોઈ દિ' ચ્યુત થયા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ફરીને. અમારા 'શેઠિ' ફરી, ફરીને કહે છે ને. ફિર.

જે આ આત્મા નિત્ય વસ્તુ છે. કેવી ? – કે સ્વભાવિક પરમ પારિણામિકભાવનું કથન કરવાવાળો જે નય, એ નયની અપેક્ષાએ આત્મા ત્રિકાળી નિત્ય.. નિત્ય... નિત્ય... ધ્રુવ છે. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિઓથી ભરેલું સહજ તત્ત્વ પરિણામિક સ્વભાવે નિત્ય છે. તે આત્મા, આ અપેક્ષાથી સહજ પારિણામિકભાવની નિશ્ચયનયની અપેક્ષાએ નિગોદથી માંડીને સિદ્ધ સુધીની જે પર્યાયવાળા છે, એ જીવો પણ આવા નિત્ય ત્રિકાળ છે. એ નિત્યથી કોઈ દિ' ચ્યુત થાય નથી. આહા..હા...! વસ્તુના સ્વભાવની કથન કરવાની દિગંબર સંતોની શૈલી ક્યાંય છે નહિ.

**શ્રોતા :–** અલૌકિક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અલૌકિક ! વસ્તુ સ્વભાવ અલોકિક છે. આહા..હા...! એ વાત સાંભળવા બીજા સંપ્રદાયમાં મળે એવી નથી. એવી આ ચીજ છે. કારણ કે છે નહિ ત્યાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ તો હતું તેમાંથી આવ્યું છે. સમજાય છે કાંઈ ? શું કહે છે ? પરમાણુની વ્યાખ્યા કરતા, પરમાણુ જેમ પોતે પોતાથી આદિ, મધ્ય અને અંત છે, એમ આત્મા પણ વસ્તુસ્વભાવે પરમસ્વભાવ નિશ્ચયથી, નિશ્ચયનયની અપેક્ષાએ એ પોતે પોતાથી કોઈ દિ' ચ્યુત થયો નથી. પોતે જ પોતાની આદિમાં, પોતે જ પોતાના મધ્યમાં, પોતે જ પોતાના અંતમાં એ વસ્તુ ધ્રુવ છે એ છે, એમ ને એમ. સમજાણું કાંઈ ?

**'અનિત્ય નિગોદથી માંડીને...'** પર્યાયની વાત છે ને ? **'સિદ્ધક્ષેત્રપર્યંત...'** એ સિદ્ધની પર્યાયમાં પણ, પરમસ્વભાવભાવ જે ધ્રુવ છે, એ પર્યાયમાં આવ્યો નથી. એ ધ્રુવપણે ચ્યુત થયો નથી. આહા..હા...! એ ચૈતન્ય મહા હિરો, એની કીંમતું શું ? જેના મૂલ્યાંકન કરતાં પોતાની બુદ્ધિમાં મૂલ્યવાળો થઈ જાય છે, અમૂલ રહેતો નથી. એવી ચીજ છે. આહા..હા...! ભગવાનઆત્મા પરમ સહજ પરમ પારિણામિકભાવ, સહજ સ્વભાવિક પરમ પારિણામિક જેને કોઈ પર્યાયની, ઉદયની અપેક્ષા નથી. એવો જે સ્વભાવ. એવી સહજ નિશ્ચય, પરમ પારિણામિકભાવને કહેવાવાળી એવી સહજ અને નિશ્ચય. એવો જે આત્મા, જેમ પરમાણુની આદિ, અંત અને મધ્યમાં પોતે જ છે, એમ આત્માના પરમ પારિણામિકભાવમાં નિત્યતામાં પોતે જ કાયમ છે. એમાંથી કોઈ દિ' ખસ્યો નથી. આહા..હા...!

**'નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું,...'** કઈ નયે ?

**શ્રોતા :–** વ્યવહારનય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. એ ક્યાં આવ્યું ?

**'સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...'** એનું કહેવાનો આશ્રય કરનારી એવી નિશ્ચયનય. એની અપેક્ષાએ પોતે નિત્ય છે, તે અનંત જીવો પર્યાયમાં નિગોદ હો કે પર્યાયમાં ત્રસ હો કે પર્યાયમાં સિદ્ધ હો. છતાં એ જીવોનું નિજ સ્વરૂપથી અચ્યુતપણું નિશ્ચયથી, નિત્યથી અચ્યુત છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા...! જુઓ તો એ ટીકા ! સમજાણું કાંઈ ?

કહે છે કે નિગોદની પર્યાય હોય, સાતમી નરકના નારકીની પર્યાય હોય, અંતિમ ગ્રૈવેયકની મિથ્યાદૃષ્ટિની પર્યાય હોય કે ક્ષાયિક સમકિતીની પર્યાય હોય કે સિદ્ધની પર્યાય હોય. આહા..હા...! જેમાં અનંતો આનંદ અને અનંતી શાંતિ પ્રગટી છે એવી પર્યાય હો, છતાં વસ્તુ જે નિત્ય છે એમાંથી એ કોઈ દિ' ચ્યુત થઈ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? રહેલા જીવોનું... પાછું ઘણા બધા અનંત જીવ છે ને ? એક જીવ નથી. અનંત આત્માઓ છે. નિગોદથી માંડીને સિદ્ધ. ત્યાં સુધી લીધા ને ? નિગોદના અનંત આત્માઓ અને સિદ્ધના અનંત આત્માઓ અને વચમાં સાધક અને બાધક એવા અસંખ્ય આત્માઓ. સમજાણું કાંઈ ? અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય ઉઘડેલી બાકી છે નિગોદની અને કેવળજ્ઞાનની પર્યાય ઉઘડેલી છે પૂરી, અને વચમાં સાધકજીવને મોક્ષમાર્ગની પર્યાય ઉઘડેલી છે, અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિય આદિમાં બધાં આવી ગયા. એની પર્યાયમાં તીવ્ર મિથ્યાત્વ, ગ્રહિત મિથ્યાત્વનો પર્યાય પરિણમ્યો છે કે સિદ્ધ અનંત કેવળજ્ઞાનપણે થયા છે. આહા..હા...! છતાં એ જીવો પોતાના નિત્ય ધ્રુવ સ્વરૂપથી કોઈ દિ' ખસ્યા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? 'પંડતિજી'! વાહ ! બે લીટીમાં તો કેટલું સમાડી દીધું !

પરમાણુ જેવો અજીવ પદાર્થ એને પણ રહેવાને કોઈની જરૂર નથી. એ પોતે જ પોતાથી છે. પોતે જ પોતાથી આદિમાં, મધ્યમાં અને અંતમાં છે. એમ ભગવાનઆત્મા નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધાં વચમાં આવી ગયા ? વાઘ અને વરુ, માંસના ખાનારાના પર્યાય, પર્યાય એની છે. બાકી માંસ ખાનાર... એવી પર્યાયમાં પણ, સિદ્ધની પર્યાયમાં પણ, તીવ્ર ગ્રહિત મિથ્યાત્વની પર્યાયમાં પણ... સમજાણું કાંઈ ? આહા..હા...! વસ્તુ નિત્ય ધ્રુવ તો પોતાથી કદી ખસી નથી, કદી એ પર્યાયમાં આવી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? કહો, આ વાત હતી ? જુઓ ! વાત છે પરમાણુની. એમાં આત્મા નાખ્યો.

**'તેમ પંચમભાવની અપેક્ષાએ...'** જુઓ ! **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી...'** પંચમભાવની અપેક્ષાએ, હોં ! **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી પરમાણુ પોતે જ પોતાની પરિણતિ...'** પરિણતિ શબ્દે અહીંયાં પર્યાય ન લેવી કેમ કે અહીંયાં ત્રિકાળની પંચમભાવની અપેક્ષા છે. સમજાણું કાંઈ ? પરમાણુનો જે ત્રિકાળી પંચમભાવ એની અહીં વાત છે. નહિતર એની પર્યાય એ પારિણામિકભાવની પર્યાય છે. પણ અહીંયાં એને સિદ્ધ નથી કરવું. પાઠમાં તો આદિ પોતે વસ્તુ છે, પરમાણુ એક સૂક્ષ્મ, એ પોતે પોતાની આદિ, પોતે પોતાનું મધ્ય અને પોતે પોતાનો અંત. સમય કહેવા માટે, બાકી બીજો કાંઈ ભેદ છે નહિ.

**'તેમ પંચમભાવની અપેક્ષાએ...'** કોનો આ પંચમભાવ ? પરમાણુનો. **'પરમાણુ દ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી...'** જુઓ ! પછી એમ લીધું ને ત્યાં ? એનો પરમસ્વભાવ છે એટલે દ્રવ્ય લીધું. **'પરમાણુ પોતે જ પોતાની પરિણતિનો આદિ છે,...'** એટલે કે પરમાણુ પોતે પોતાના ભાવની આદિ છે. પરિણતિ શબ્દે અહીં પર્યાય નહિ પણ એનો ભાવ. સમજાણું કાંઈ ? **'પોતે જ પોતાની પરિણતિનું મધ્ય છે...'** એટલે પોતે જ પોતાના સ્વભાવનું પણ પોતે જ મધ્ય છે. વસ્તુ ધ્રુવ... ધ્રુવ... દ્રવ્ય. આહા..હા...! **'અને પોતે જ પોતાનો અંત પણ છે (અર્થાત્ આદિમાં પણ પોતે જ,...'** એમ લીધું છે. જુઓ સરવાળો. પરિણતિમાં અહીં પંચમભાવ છે ને અહીંયાં તો. અને પરમસ્વભાવ લીધો છે ને ? પંચમભાવમાં પરમ સ્વભાવ સાથે ન લેતા પછી લીધો. એટલે ઓલું દ્રવ્ય જ સિદ્ધ કરવું ત્યાં તો. વસ્તુ પરમાણુ દ્રવ્ય લેવું. આહા..હા...! અતીન્દ્રિય વસ્તુ એક પરમાણુ, એક આકાશના પ્રદેશમાં એવા અનંતા પરમાણુના અનંતા સ્કંધ સમાય, એવો એક પરમાણુ આવો છે કહે છે. આહા..હા...! જેની આદિ, અંત અને મધ્યમાં વસ્તુ પોતે જ એવી છે, બસ. કહો, સમજાણું ? પોતે જ છે.

**'ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી.'** શું કીધું ? કે પરમાણુ જે દ્રવ્ય છે એ કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દિ' ચિકાશ-લુખાશની પર્યાયમાં આવતો નથી. એક ચીકાશ ગુણ હો, બે હો કે ત્રણ હો, બંધયોગ્ય હો, બંધને અયોગ્ય હો, વસ્તુ દ્રવ્ય જે છે, વસ્તુ પંચમભાવવાળું તત્ત્વ એ કોઈ દિ' પર્યાયમાં આવતું નથી. ઓ..હો..હો..! નહિતર એની પરમાણુની જે પર્યાય છે એ તો પારિણામિકભાવની જ પર્યાય છે. કારણ કે એને કાંઈ ઉદય કે એવું કાંઈ છે નહિ. પણ એ વસ્તુ જે ત્રિકાળ પંચમભાવ છે, વસ્તુ શક્તિ, ભાવ–શક્તિ... અરે..! જુઓ તો ખરા. વસ્તુમાં નાની-મોટી એમ ન દેખવી. એનો સ્વભાવ (જોવો).

અરે...! આવા પરમાણુનો આવો સ્વભાવ કે એક ગુણની ચિકાશ હોય કે અનંત ગુણની ચિકાશ હોય, એક ગુણની લુખાશ હોય કે અનંત ગુણની લુખાશ હોય. ભારેપણે પરિણમ્યો હોય કે હળવાપણે પરિણમ્યો હોય છતાં પરમાણુ તો તેનો તે જ છે. એ ભારે-હળવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ ? કહો, 'પ્રકાશદાસજી'! ક્યારેય આવ્યું હતું ? ત્રણ વર્ષમાં ક્યારેય સાંભળ્યું હતું ? આહા..હા...!

એ '**(ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી).**' એટલે ? પંચમભાવવાળું અજીવ પરમાણુ તત્ત્વ ક્યારેય પોતાની પર્યાયમાં આવ્યું નથી. દુર્ગંધ પર્યાય હો કે સુગંધ હો, ચિકાશની હોય કે લુખાશની હોય, ઠંડાની હોય કે ગરમની હોય કે ભારેની હોય કે હળવાની હોય. પરમાણુમાં ભારે પર્યાય હોય ? છે. પરમાણુની. ભારે અને હળવી પર્યાય થઈ છે. જુઓ ખુબી ! આમાં ભારે-હળવી થઈ છે. પરમાણુ એકની, હો ! અને એમાં જુદો છે. છતાં એ ભારે અને હળવાની પર્યાયમાં એ પંચમભાવનું દ્રવ્ય આવ્યું નથી. આહા..હા...! જુઓને કેટલું લોજિક છે કે નહિ આ બધું ! કે તમારું વકિલાતનું લોજિક હશે એકલું ? વસ્તુવિજ્ઞાન છે. વસ્તુવિજ્ઞાન છે આ. આહા..હા...!

આમાં પરમાણુ ભારે છે કે એવોને એવો રહ્યો છે ? આ જુઓ ! એટલા સ્કંધમાં આવતા સ્કંધમાં ઠર્યો કે નહિ ? પર્યાય સ્કંધમાં આવ્યો ત્યારે થઈને, પરને લઈને થઈ ? એ પણ ખોટી વાત છે. સ્કંધમાં આવ્યો માટે પરમાણુ ધારેલી પર્યાયપણે પરિણમ્યો છે એ ખોટી વાત છે અને ભારેપણે પર્યાય પરિણમે છતાં દ્રવ્ય એમાં પર્યાયમાં આવ્યું છે એમ નથી. સમજાણું કાંઈ ? 'વજુભાઈ'! ભાઈ ! આ હજી વાંચવાનું થયું ને, ઓલી વખતે નહોતું વાંચ્યું. પાંચ વર્ષ પહેલાં આ અજીવનું મૂકી દીધું હતું. અજીવ, વ્યવહાર અને છેલ્લો ઉપયોગ. આ વખતે કહે બધું સરખું વાંચવું.

એ પહેલાં વાંચન કર્યું હતું ત્યારે અધિકાર છોડી દીધા હતા. આ વ્યવહાર અધિકાર છે ને તો છોડી દીધો હતો. વ્યવહારનો અધિકાર, આ અધિકાર અને છેલ્લો ઉપયોગનો અધિકાર છે. આ વખતે સળંગ લીધું છે. સારું કર્યું, લ્યો. અમારે 'વજુભાઈ' કહે છે. અંદર બધું છે. વ્યવહાર નિશ્ચયને બતાવે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એમ ન માનવું કે આ વળી પરમાણુની આવી વ્યાખ્યા શું વળી ? એ વ્યાખ્યામાં ભગવાન સમાય જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. કહે છે કે આવા પરમાણુઓ એની ગમે તે પર્યાયપણે થયેલ હો, ભારે-હળવો. શું કહેવાય પછી ? બે, ચાર, ચિકાશ-લુખાશ તો છે નહિ. ઠંડો-ઊનો તો ઓલામાં આવ્યું. કરકશ અને સુવાળું. કર્કશ અને સુંવાળી પર્યાય, ભારે અને હળવી પર્યાય. એ સ્થૂળમાં થાય છે. એ પરમાણુમાં થાય છે. પણ એ સમયમાં પણ એ પરમાણુ એમાં નથી આવ્યો, દ્રવ્ય એમાં નથી આવ્યું. આહા..હા...! પર્યાય, પર્યાયપણે થઈ. દ્રવ્ય પર્યાયપણે આવ્યું નથી.

**શ્રોતા :–** ધ્રુવ પર્યાયપણે આવી જાય તો ધ્રુવનો નાશ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નાશ થઈ જાય. પણ આવે જ નહિ. બે અંશો ભિન્ન છે. સમજાણું કાંઈ ? એમ ભગવાનઆત્મા નિગોદથી માંડીને કેટલા જીવો લીધા. એક શરીરમાં અનંત જીવ, એક આંગળના અસંખ્ય ભાગમાં, શક્કરકંદના, બટાકામાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ, સિદ્ધ કરતા અનંતગુણા, એ બધાની પર્યાયપણે ભલે અભવિની પર્યાય હોય કહે છે. આહા..હા...! ગ્રહિત મિથ્યાત્વના તીવ્રપણે કસાઈખાના માંડી મોટો માઈલમાં કારખાના બધા એક છે. ભાવમાં હો. ભાવની પર્યાય ... ગાયો અને ભેંસો રાખે છે ને આમ. પડે માથે ફડાક. ઓલી કોર જુદું અને આ જુદું. એવા મિથ્યાત્વની જે કસાઈની તીવ્ર અવસ્થા છે, એમાં પણ દ્રવ્ય તો નિત્ય છે. એ દ્રવ્ય એમાં આવ્યું નથી. સમજાણું કાંઈ ? અને જે સિદ્ધપણે પરિણમ્યા... આહા..હા...! એ પર્યાયપણે પણ દ્રવ્ય તો આવ્યું નથી કહે છે. અહો...! એવું ને એવું છે, કહે છે. એમાં ભેદ કે ખંડ કાંઈ છે નહિ. આહા..હા...! એવો ભગવાનઆત્મા, એની અંતરમાં એકાગ્રતા કર એ તારા કલ્યાણનો રસ્તો છે. આહા..હા...! બાકી બધી વાતું કરીને મરી ગયો, આ વ્રત ને આ તપ. હેરાન..હેરાન (થઈ ગયો). કાયક્લેશ. સમજાણું ? સહજાનંદ પ્રભુ ! સહજ પરમ પારિણામિકભાવની કહેનારી એવી સહજ નિશ્ચયથી, એ તો એવોને એવો છે.

**‘જે આવો હોવાથી,...’** એ પરમાણુ છે. **‘ઇન્દ્રિયજ્ઞાનગોચર નહિ હોવાથી...’** ઇન્દ્રિયજ્ઞાનગોચર નથી. **‘અને પવન, અગ્નિ ઇત્યાદિ વડે નાશ પામતો નહિ હોવાથી, અવિભાગી છે તેને, હે શિષ્ય ! તું પરમાણુ જાણ.’** આને તું પરમાણું જાણ. આહા..હા...! ‘યોગસાર’માં તો કહ્યું છે કે છ દ્રવ્યને પ્રયત્નથી જાણ. એવી ગાથા આવે છે. છ દ્રવ્યનું વ્યવહારું જ્ઞાન પણ પ્રયત્નથી જાણ.

**‘[હવે ૨૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરજા શ્લોક કહે છે : ]’**

**अप्यात्मनि स्थितिं बुद्ध्वा पुद्गलस्य जडात्मनः।**
**सिद्धास्ते किं न तिष्ठंति स्वस्वरूपे चिदात्मनि।।४०।।**

આહા..હા...! **‘જડાત્મક પુદ્‌ગલની સ્થિતિ પોતામાં (–પુદ્‌ગલ જ) જાણીને...’** જ્યારે પરમાણુ પણ આવો જડ પોતામાં રહે છે... આહા..હા...! એમ કહે છે. જેને કંઈ ભાન નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેમાં જ્ઞાન નથી એવો પરમાણુ પણ પોતે પોતામાં દ્રવ્ય તરીકે કાયમ રહે છે. **'જડસ્વરૂપ પુદ્ગલો પુદગલના નિજ સ્વરૂપમાં રહે છે એમ જાણીને, તે ચિદ્ભભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે ?'** જ્યારે પરમાણુ પણ આવા દ્રવ્યસ્વરૂપમાં ત્રિકાળ રહે છે તો સિદ્ધસ્વરૂપી એવો ભગવાનઆત્મા, સિદ્ધ ભગવંતોની વ્યાખ્યા લીધી. પણ બધા આત્માની વાત છે. અરે..! આ આત્મા પોતાના દ્રવ્યમાં કેમ ન રહે ? દ્રવ્ય તો એવું ને એવું છે ત્યાં કેમ ન જાય ? આહા..હા...! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! દિગંબર સંતોની કથની, જડની હોય તો પણ જુદી, ચૈતન્યની જુદી, વાતું જુદી, ભાઈ ! માણસ માને છે કે આ સંપ્રદાય છે. વાડો છે. એમ નથી, ભગવાન ! આ તો વસ્તુની સ્થિતિની મર્યાદાની વાત છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ખુલાસો કરીને બતાવ્યું, નહિતર કોણ બતાવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા...! ભગવાન ! પરમાણુ જ્યારે પોતાની જડની સ્થિતિમાંથી ખસતો નથી તો દ્રવ્ય સ્વભાવ એવો ભગવાન પોતામાં પોતાથી કેમ ખસે ? અને ત્યાં દૃષ્ટિ માંડીને એમાં રહે એમ કહે છે. પર્યાયમાં પાછો. આવું સ્વરૂપ છે તે ખસ્યું નથી. એવું જેને જ્ઞાન થાય તે એમાં રહે છે. રહેલો છે જ. દરકેમાં રહ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કહે છે કે જડસ્વરૂપ પુદ્ગલ જ્યારે પોતાની જાતમાં રહે છે તો આ ભગવાન પોતે દ્રવ્યસ્વભાવ જેવો છે, એમાં કેમ ન રહે હવે ? પર્યાયથી કેમ ન રહે એમ કહે છે, હોં ! સમજાણું કાંઈ ? એની જ્ઞાનની પર્યાયમાં એમ આવે કે આ તો આમને આમ છે. ત્યારે તેને આમને આમ છે એમ જાણ્યું કહેવાય. 'પોપટભાઈ'! આહા..હા...!

પોપટ છે એ ભૂંગળીને પકડીને આમ (ઊંધો) થઈ ગયો. એનામાં ઉડવાની શક્તિ તો છે, પણ આમ થઈ ગયો છે એટલે જાણે હું ઊંધો છું (એમ લાગે છે). આમ ફરે એટલે ફટ ઊડી જાય. ભલે આમ નીચે માથું હોય. અરે..! આવો તારો સ્વભાવ. પરમાણુએ જ્યારે નિત્યપણું છોડ્યું નહિ, તો તારો નિત્ય આનંદકંદ પ્રભુ કેમ પોતાને છોડે ? એવી દૃષ્ટિ કેમ ન કરે ? અને એવી સ્થિરતા કેમ ન કરે ? એમ કહે છે અહીં તો. આહા..હા...! એય..! 'જેઠાલાલાભાઈ'!

એ પરમાણુ નિત્ય છે. આવો ને આવો રહ્યો છે એવું એને એની પર્યાયને ખબર નથી. પરમાણુની પર્યાયને ખબર છે ? આની પર્યાયની આને ખબર છે કે પરમાણુ એવોને એવો નિત્ય રહ્યો છે. એ રીતે પરમાણુ જ્યારે આમ એનામાં રહે છે અને પર્યાયમાં આવતો નથી, તો હું એક દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી આનંદકંદ પ્રભુ ! હું કેમ પર્યાયમાં આવું..! એમ માનતા પર્યાયને દ્રવ્યમાં સ્થિર કરે છે. સમજાણું કાંઈ ? 'વાડીભાઈ'! આવી લહેર છે દિગંબર સંતોની. આહા..હા...! આ મુનિ છે માટે એની ટીકા માન્ય નથી એમ કહે. અરે..! ભગવાન શું કરે છે તું આ ? ભાઈ ! તને ખબર નથી, બાપા ! આહા..હા...! એણે ક્યાં લઈને મૂક્યું જુઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ખરા ! વાત પરમાણુની કરે છે. વાત અહીં કરી નાખી. ભાઈ ! પરમાણુની આદિ-અંતમાં પોતે છે. એને કોઈ અપેક્ષાની જરૂર નથી. એને તો ખબર પણ નથી કે હું આદિ-અંતમાં હુંનો હું છે કે નહિ. એના જાણનારની પર્યાયમાં એમ આવ્યું કે આ તો એમને એમ છે. અરે..! આ જાણનારની પર્યાય આ આત્મા એમને એમ છે એમાં કેમ ન ઠરે ? એમ કહે છે. 'હીરાભાઈ'!

**'(સ્વરૂપમાં જ રહે છે એમ જાણીને),...'** જાણીને કહ્યું છે ને ? ઓલું ... હતું ને ? ભગવાન કુંદકુંદાચાર્ય કહે ... એમ હતું ને ? વિશેષે જાણ. પણ એ જાણવાનું પ્રયોજન શું પાછું ? કે પરમાણુ આવો છે. જેણે, જે જ્ઞાનની દશાએ એક-એક પરમાણુ એવા કેટલા ? આત્માની સંખ્યા કરતા અનંતગુણા. એવા પરમાણુ પણ દ્રવ્યે એમને એમ રહે છે. એવી વસ્તુની સ્થિતિ છે. એની તો એને ખબર નથી. એને ખબર કરનારું આ જ્ઞાન, એને જેમ દ્રવ્યને એમ ને એમ રહે છે એમ જાણે છે તો તું પણ એમને એમ સહજ પારિણામિકભાવે છો. એમાં કેમ સ્થિર ન થા ? એમાં કેમ ન જાય ? આહા..હા...! એ.. 'હિરાભાઈ'! ઊંચા કર્યા છે આમ.

અરે..! સિદ્ધ ભગવંત. સિદ્ધ ભગવાન જ આ આત્મા છે. નિશ્ચયથી સિદ્ધ ભગવાન જ છે ને. વસ્તુ પોતે સિદ્ધ જ છે. શુદ્ધ ધ્રુવ. એ **'પોતાના ચૈતન્યાત્મક..'** ચૈતન્યરૂપ **'સ્વરૂપમાં કેમ ન રહે ?'** આહા..હા...! જ્યારે જેના જ્ઞાનમાં એમ આવ્યું કે પરમાણુ દ્રવ્ય, અનંતા-અનંતા જડ જેને કાંઈ જ્ઞાન નથી, જેની કાંઈ ખબર નથી, અમે જગતના તત્ત્વ છીએ કે નહિ એવી પણ જેને ખબર નથી... આહા..હા...! એવા તત્ત્વોનો એવુંને એવું દ્રવ્ય રહે છે એવો જાણનાર ભગવાન, એ અનંતા પરમાણુ દ્રવ્યપણે તો એમને એમ છે, પર્યાયમાં આવ્યા નથી. એવું જાણનારો પર્યાય જ્ઞાનનો, એ તારું દ્રવ્ય પણ એમને એમ છે, બહાર આવ્યું નથી. એવો સ્વરૂપ તરફ નિર્ણય કરીને કેમ ન ઠરે ? આહા..હા...!

(સ્થાનકવાસીના) ૩૨-૪૫ (સૂત્ર) વાંચો તો આ મળે એવું નથી. આ એક-એક કડીમાં... આહા..હા...! આ દિગંબર ધર્મ એટલે આત્મધર્મ. 'છોટાભાઈ' કહેતા કે હવે આ દિગંબર ધર્મ બહાર આવ્યો, નહિતર સંતાઈ ગયો હતો. 'છોટાભાઈ' 'કલોલ' રહે છે ને ? દિગંબર ધર્મ કાંઈ ગણતરીમાં નહોતો. બહારમાં શ્વેતાંબર-શ્વેતાંબર. 'અમદાવાદ'માં બધામાં. ભાઈ બે-ત્રણ દિવસ પહેલાં કહેતા હતા. ભાઈ કહેતા હતા 'છોટાભાઈ'. અરે..! દિગંબર ધર્મ એટલે આવું આત્માનું સનાતન સ્વરૂપ. એ કોઈ પક્ષ અને વાડો નથી.

**શ્રોતા :–** સમજાવનાર નહોતા એટલે ક્યાંથી બહાર આવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જે વખતે હોય એમ આવે ને. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! ભારે વાત, ભાઈ ! કારણપરમાણુ, કાર્યપરમાણુ કાઢીને પાછું નાખ્યું કે એ પરમાણુ દ્રવ્ય પર્યાયમાં નથી આવ્યો, હોં ! ગમે તેટલા એક ગુણપણે પરિણમે છે. ભાઈ ! ગજબ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ કરવાની રીત અલૌકિક છે. ઓહોહો..! જ્યારે પરમાણુ જેવા જડ પણ ગમે તેટલી ભારે-હળવી, ચિકાશ-લુખાશપણે થતો નથી. ઓ..હો..હો..! તો આવું દ્રવ્ય, ભગવાનઆત્માનું દ્રવ્ય એ સંસારની પર્યાયપણે કેમ આવે અને કેમ જાય ? કેમ થાય ? એટલે એની દૃષ્ટિ દ્રવ્યમાં જતાં, એ સિદ્ધપણે પરિણમવાની લાયકાત અંદર થઈ જાય એમ કહે છે. સમજાણું કાંઈ ? લ્યો, એ ૪૦મો શ્લોક થયો.

૨૭મી ગાથા.

**एयरसरूवगंधं दोफासं तं हवे सहावगुणं।**
**विहावगुणमिदि भणिदं जिणसमये सव्वपडत्तं।।२७।।**

ગુણ-ગુણ શબ્દ વાપર્યો છે, હોં ! છતાં એ પર્યાય છે.

**બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;**
**જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.**

**ટીકા :– ‘આ સ્વભાવપુદ્ગલના સ્વરૂપનું કથન છે. તીખો, કડવો, કષાયેલો, ખાટો અને મીઠો એ પાંચ રસોમાંનો એક રસ;...’** પરમાણુમાં હોય છે. સમજાણું કાંઈ ? કારણ કે પરમાણુનો રસગુણ છે એ તો ત્રિકાળ છે. આ તો પર્યાયો છે, આ પર્યાયો છે. ખાટો-મીઠો એ પર્યાય છે, ગુણ નથી. શું કહ્યું ? ‘પંડિતજી’! પર્યાય છે. આ તો રસગુણ છે. આ ખાટો-મીઠો રસ એ તો પર્યાય છે. એ રસગુણ પણ પર્યાયમાં આવ્યો નથી.

**‘ધોળો, પીળો, લીલો, રાતો અને કાળો એ (પાંચ) વર્ણોમાંનો એક વર્ણ;...’** વર્ણોમાંનો. વર્ણ એટલે ગુણનો નહિ આ. વર્ણગુણ તો ત્રિકાળી છે. તેની આ પર્યાય છે. પર્યાયને ગુણ કહેવામાં આવે છે. આહા..હા...! છતાં એ કાળી, રાતી આદિ પર્યાયમાં દ્રવ્ય નથી આવ્યું. નિત્યરસથી ભરેલું તત્ત્વ આવી પર્યાયપણે આવતું નથી. આહા..હા...! આ વીતરાગનું વિજ્ઞાન જ જુદી જાતનું છે. આ પહેલાં અજીવનું વાચ્યું નહોતું ને. હવે પછી કહે આ વાંચો.

**‘સુગંધ અને દુર્ગંધમાંની એક ગંધ;...’** સુગંધ-દુર્ગંધ તો પર્યાય છે. ગંધ નામનો ગુણ ત્રિકાળ છે. આહા..હા...! અરે...! પરમાણુનો ગુણ, ધ્રુવ પણ જ્યાં પર્યાયમાં ન આવે, દ્રવ્ય પર્યાયમાં ન આવે એનો અર્થ કે દ્રવ્યના અનંતા ગુણો પર્યાયમાં ન આવે. આહા..હા...! વીતરાગના કથનો વીતરાગભાવની પ્રસિદ્ધિ કરે છે. આહા..હા...! ભગવાન ગમે તે પર્યાયપણે તારી દશા હો, એને ન જો, એમ કહે છે. તારું ત્રિકાળ તત્ત્વ પર્યાયમાં નથી આવ્યું એને જો. આ એમ આવે છે ને ? જુઓને ! ચૌદ માર્ગણામાં, ભાઈ ! માર્ગણા ન જો. માર્ગણા એ જીવદ્રવ્યમાં નથી. આહા..હા...! તું ભવિ-અભવિ એમ ન જો. આહા..હા...!

દ્રવ્યને જોયું એટલે એ ખલાસ થઈ ગયું. આહા..હા...! ચૌદ માર્ગણામાં આવે છે ને ? ગતિ-જાતિ માર્ગણા આવે છે ને ? એ જીવમાં નથી એમ જીવ અધિકારમાં આવશે. જીવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. ત્યારે એ જીવ નહિ ? ના. એ પર્યાયજીવ તે વ્યવહારજીવ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! કેવળજ્ઞાનમાં જીવ આવ્યો નથી. એક અંશમાં આખો અંશી ન આવે. એમાં ન સમાય. આહા..હા...! જ્ઞાન અને આનંદગુણનું તત્ત્વ-સત્ત્વ પ્રભુ ! એની પર્યાયમાં આવતું નથી. એમ આ પરમાણુઓ આવા રસમાં આવતા નથી, પર્યાયમાં છે. આહા..હા...!

**'કઠોર, કોમળ, ભારે, હળવો,...'** જુઓ ! આવ્યું હવે. **'હળવો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ (ચીકણો) અને રૂક્ષ (લૂખો) એ આઠ સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના અવિરુદ્ધ બે સ્પર્શ;...'** એક પરમાણુમાં લેવા છે ને. એક પરમાણુમાં અવિરુદ્ધ બે સ્પર્શ. ઠંડો હોય તો ઊનો ન હોય અને ઊનો હોય તો ઠંડો ન હોય. ઊનો, ચિકણો, ટાઢો નહિ. **'આ જિનોના મતમાં...'** ઓ..હો..હો..! વીતરાગ ભગવાનના અભિપ્રાયમાં **'પરમાણુના સ્વભાવગુણો છે.'** એ પરમાણુ દ્રવ્યના સ્વભાવપર્યાય છે. **'વિભાવગુણો વિભાવગુણાત્મક હોય છે.'** બે પરમાણુથી માંડીને અનંતા પરમાણુઓ સ્કંધ એ વિભાવગુણ છે. જુઓ ! વિભાવગુણ એટલે વિભાવપર્યાય.

**'આ દ્વિ-અણુકાદિસ્કંધરૂપ વિભાવપુદ્ગલના વિભાવગુણો સકળ ઇન્દ્રિયસમૂહ વડે ગ્રાહ્ય (જણાવાયોગ્ય) છે.'** પેલો પરમાણુ ઇન્દ્રિયાગ્રાહ્ય નહોતો કહ્યો. પર્યાય ઇન્દ્રિયગ્રાહ્ય છે. **'વિભાવપુદ્ગલના વિભાવગુણો સકળ ઇન્દ્રિયસમૂહ વડે ગ્રાહ્ય (જણાવાયોગ્ય) છે.–આમ (આ ગાથાનો) અર્થ છે.'** આહા..હા...! **'એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (૮૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** લ્યો. આ કાવ્યું કહ્યું ઇ.

**``एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं।**

**खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि।।''**

લ્યો. એક આ સ્કંધ છે આંગળીનો પિંડ. એમાં એક એક રજકણ, પોતાના સ્વચતુષ્ટયથી રહેલો છે. નિત્ય પર્યાયમાં તો આવ્યું નથી, પણ પર્યાય અહીં બીજાને અડી નથી એમ કહે છે. એક રસની પર્યાયવાળો પરમાણુ, એક રંગની પર્યાયવાળો પરમાણુ, એક ગંધવાળો પરમાણુ કે બે સ્પર્શવાળો પરમાણું **'તે પરમાણુ શબ્દનું કારણ છે,...'** પણ પોતે **'અશબ્દ છે...'** પરમાણુ પોતે અશબ્દ છે. એક રજકણ (છે) એમાં શબ્દ નથી. પણ શબ્દનું કારણ છે.

**'સ્કંધની અંદર હોય તો પણ...'** આહા..હા...! જુઓ તો ખરા ! આ રજકણ દેહના હોય, આમાં સ્કંધમાં હોય **'તો પણ દ્રવ્ય છે (અર્થાત્ સદાય સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે).'** શુદ્ધનો અર્થ એકલું. પાછો છે તો વિભાવરૂપે પરિણમેલું, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. પણ છતાં પર્યાયવાળો કીધો. પર્યાયવાળો પણ. એમ છે. પર્યાયવાળો કીધોને ? **'પરમાણુ શબ્દનું કારણ છે, અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તોપણ દ્રવ્ય છે.'** આવી પર્યાયવાળો. **'સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે.'** વસ્તુ તરીકે ગણો તો શુદ્ધ દ્રવ્ય છે. પર્યાય તરીકે ગણો તો પરના સંબંધ વિનાની ભિન્ન ચીજ છે. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? કહો, આટલામાં એક (પરમાણુ) રહેલો (છે) પણ પોતાના સ્વચતુષ્ટયમાં છે એ. આહા..હા...! આવું જ્ઞાન સર્વજ્ઞ સિવાય અને તે પણ તેના જ્ઞાનગમ્ય થઈ શકે એ રીતે. સમજાણું કાંઈ ? એક એક પરમાણુ એના સ્કંધમાં હોવા છતાં. **'સદાય સર્વથી ભિન્ન શુદ્ધ એક દ્રવ્ય છે.'** લ્યો. આહા..હા...!

**'વળી માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** જુઓ ! શબ્દનું કારણ છે. કોણ ? એક પરમાણુ, હોં ! શબ્દનું કારણ આત્મા છે એમ નહિ. આ હોઠ શબ્દનું કારણ છે એમ નહિ. શબ્દનું કારણ પરમાણુ છે. આહા..હા...! આત્મા શબ્દનું કારણ નથી. શબ્દની ઉત્પત્તિ આત્મા છે માટે થાય છે એમ નથી. આહા..હા...! ભારે ભાઈ વાત છે.

**શ્રોતા :–** હોઠ ચાલે તો થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોઠ ચાલે તો થાય. હોઠ છે એ વર્ગણા બીજી છે, આહારવર્ગણા છે, ઓલી શબ્દવર્ગણા છે. આહારવર્ગણાથી શબ્દવર્ગણાની ઉત્પત્તિ ન થાય. આહા..હા...! ભારે આકરું કામ જગતને. હજી તો બહાર પરદ્રવ્યનું કર્તા ન માને તો દિગંબર જૈન નહિ, એમ કહે. અર..ર...! શું કર્યું ભગવાન તેં ? અરે..! એકલો વ્યવહારે ભિન્ન છે એટલો ખ્યાલમાં લેતા તને આકરું પડે છે. આત્મા શરીરમાં હોવા છતાં શરીરથી તદ્દન જુદો છે. રાગ સાથે દેખાવા છતાં રાગથી તદ્દન જુદો છે અને પર્યાયવાળો દેખાવા છતાં દ્રવ્ય, પર્યાયથી જુદો છે. એવી દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થશે નહિ. કહો, સમજાણું કાંઈ ? લ્યો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** અહા ! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, ક્યે પ્રસંગે નથી ? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે, તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે–એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે. ૪૦.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી અષ્ટપાહુડ, ભાવપાહુડ, ગાથા–૭૮, ૭૯,
## પ્રવચન નં. ૧૨૩, તા. ૨૫-૧૦-૧૯૭૦
## [૨૧]

'અષ્ટપાહુડ' 'ભાવપાહુડ'ની ૭૮મી ગાથા. **'આગે કહતે હૈં કિ જિનશાસનકા ઇસપ્રકાર માહાત્મ્ય હૈ :–'** જૈનશાસન એટલે ? આત્મા વીતરાગસ્વરૂપ છે, એની વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થવી એ જૈનશાસન છે. એ જૈનશાસન મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે ? અનંત દુઃખથી મુક્ત થવાનો અને અનંત આનંદની પ્રાપ્તિ થવાનો એ એક ઉપાય છે. એ જૈનશાસન એટલે વસ્તુનું સ્વરૂપ. સચ્ચિદાનંદ આત્મા જાણન સ્વરૂપ જ્ઞાન, એની અંતરમાં રાગાદિ વિકલ્પથી ભિન્ન પડી અધિકપણે આત્માને જુદો અનુભવવો, એનું નામ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. એ જૈનશાસનનું મહાત્મ્ય શું છે એ કહે છે.

**पयलियमाणकसाओ पयलियमिच्छत्तमोहसमचित्तो।**
**पावइ तिहुवणसारं बोही जिणसासणे जीवो।।७८।।**

આ જીવ જે છે, એ જૈનશાસનને વિષે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ હતો, એમણે જે માર્ગ કહ્યો એ જિનશાસનમાં ત્રણભુવનમાં એ માર્ગ સાર છે. 'ઐસી બોધી કહીએ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ...' જિનશાસનનો સાર–બોધિ. બોધી એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. સ્વભાવ–અતીન્દ્રિય આનંદ સ્વભાવ ભગવાનઆત્મા, એનો અંતર વિશ્વાસ ને અનુભવની પ્રતીત, એના સંબંધીનું જ્ઞાન અને એમાં લીનતારૂપ ચારિત્ર એ દર્શન-જ્ઞાન-ચારિત્રને બોધિ કહેવામાં આવે છે. એ જૈનશાસન ત્રણ ભુવનમાં સાર છે.

'બોધિ કહીએ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ...' તેને પામે છે. પણ કેવો થકો પામે છે ? આત્માનો એવો દુઃખથી મુક્ત થવાનો માર્ગ અને પરમ આનંદની પ્રાપ્તિ થવાનો માર્ગ, જે રત્નત્રયરૂપ બોધી–મોક્ષમાર્ગ કઈ રીતે પામે છે ? **'प्रगलितमानकषायः'** પ્રકષ્ટ કર ગયા હૈ માન કષાય જાકા. જેને આત્માના આનંદ સ્વભાવ સિવાય કોઈપણ પુણ્ય-પાપનો વિકલ્પ, શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ફળ, એમાંથી જેનું અહંપણું ટળી ગયું છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ, એ સિવાય–આત્માના સ્વભાવ સિવાય– કોઈપણ રાગ દયા, દાન, વ્રત, વિકલ્પ, એનું બંધન પુણ્ય, એનું ફળ આ બહારની ચીજો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્યાંય પણ આત્માના સ્વભાવ સિવાય કોઈ નાનામાં નાની ચીજમાં વિશેષતા અધિકપણે ભાસે તો એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ? કેમ કે ભગવાનઆત્મા આનંદ સ્વભાવ સિવાય કોઈ આ જગતમાં એનાથી અધિકપણું, વિશેષપણું કોઈ ચીજ છે જ નહિ. સમજાણું કાંઈ ?

કહે છે કે જેણે પ્રકર્ષ માન ગળી ગયું. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપના ભાનમાં જેને ગમે તે પ્રકારનો પુણ્યનો શુભરાગ હો, એ એનાથી માંડીને આ હું છું, એ પુણ્યભાવ હું છું, શરીરની સુંદરતા આદિની અધિકતા દેખીને એને એમ થઈ જાય કે આ પણ મને ઠીક છે. એ બધું મિથ્યાત્વનું અભિમાન છે. સમજાણું કાંઈ ? એ અભિમાન જેની અંદરથી, પોતાના આનંદ સ્વભાવના ભાન અને રાગ અને પરથી ભિન્ન અધિક જુદો જાણતા પરપણાના અભિમાન, અહંકાર, ગર્વ જેને ગળી ગયો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એક આત્મા આનંદસ્વરૂપ એ સિવાય કોઈ ચીજમાં એને અધિકપણું, મારાપણું, અહંપણું ભાસતું નથી. સમજાણું કાંઈ ? એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

**શ્રોતા** :– આ અહં ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– માનનો અર્થ જ પર હું એમ. રાગ હું, પુણ્ય હું, વ્યવહાર હું – એ બધું અભિમાન મિથ્યાત્વનું અભિમાન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? માન શબ્દે આ હું—અહં. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ હું. એ માન છે–અભિમાન. અનંતાનુબંધીનું માન. આહા..હા...! અરે..! સમજાય છે કાંઈ ? જે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર છે, એનું અહંપણું–આ હું–એમ મૂકી દઈને, એના સિવાયના કોઈપણ પુણ્યના વિકલ્પથી, રાગથી માંડી કોઈપણ ચીજને અહં– આ મારી છે–એમ ભાસે એ અનંત સંસારના કારણનું મિથ્યાત્વનું માન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે કે મોક્ષનો માર્ગ એટલે દુઃખથી મુક્ત થવાનો ઉપાય... અનાદિથી અજ્ઞાની પ્રાણી દુઃખી છે. એ રાગનો વિકલ્પ કે શરીર, વાણી કે પુણ્યના ફળના સંયોગોની ફાટમાડ જામી હોય, એમાં ક્યાંય પણ હું છું અને એને લઈને મને ઠીક પડે છે, એ મિથ્યાત્વ સંબંધીનું માન છે. '...ભાઈ'! ઝીણી વાત તો છે બધી. પણ આવ્યા છો બરાબર ઠીક હવે આમાં. આ સાંભળે તો ખરા કે આ શું કાંઈક કહે છે. દુનિયાના ભણતરથી આ ભણતર જુદી જાતનું છે. આહા..હા...!

ભાઈ ! તું કોણ છો ? અને શેનાથી તારી ચીજ ભરેલી છે ? તારો સ્વભાવ તો આનંદ, જ્ઞાન, દર્શન, વીર્યથી ભરેલો છે. ઊણો નથી, વિપરીત નથી એવું વસ્તુ સ્વરૂપ–અંદર તારો સ્વભાવ છે. એને છોડીને ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એવી જ એની ચીજ અને એવી જ એનું સ્વરૂપ અને એના ભાવમાં એ ભરેલું છે. એને છોડી કોઈપણ વિકલ્પથી માંડી પરચીજની સુંદરતા, નમણાઈ, વિશેષતા, સ્વભાવથી બીજી કોઈ ચીજ અધિકપણે ભાસે, એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નામ અહીંયાં અહંકાર, માન, અનંત સંસારનું કારણ, એને માન કહેવામાં આવે છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

ભગવાન જિનેશ્વરદેવ એમ ફરમાવે છે. માથે કહ્યું હતું ને ? જિનનો ઉપદેશ છે ઇ. **'जिणवरिंदेहि'** **'जिणवरिंहि'** ૭૭મા હતું. ૭૬મા અહીં **'जिणसासणे'** જીવો પામે છે એમ કહે છે. આહા..હા...! કહે છે કે ભગવાનઆત્મા, એમાં આનંદ અને સુખ છે; એ સિવાય કોઈપણ ચીજમાં ક્યાંય પણ પુણ્યના ભાવમાં પણ સુખપણું, ઠીકપણું, અધિકપણું, વિશેષપણું, અતિશયપણું લાગે, તો એ અનંત સંસારનું માન છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કહે છે, **'કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં કરતા હૈ'** **'કિસી પરદ્રવ્ય...'** એટલે આત્મદ્રવ્ય સિવાય ભગવાનઆત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ શુદ્ધ ધ્રુવ અખંડાનંદ આત્મા, એ સિવાય પરદ્રવ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ બધા પરદ્રવ્ય.

**શ્રોતા :–** શરીર, મન, વાણી બધું આવી ગયું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મન, વાણી તો સ્થુળ છે. એ સ્થુળ ધુડ (છે). આ તો અંદરમાં પુણ્યના પરિણામ – દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનાથી માંડીને બધું પરદ્રવ્ય. આહા..હા...! ભાઈ ! તારા દ્રવ્યના મહાત્મ્યની તને ખબર નથી. અંદર તે શું ચીજ છે ? એના મહાત્મ્ય મૂકીને જેને પરવસ્તુ, રાગાદિ, પુણ્યાદિ કે એના ફળાદિમાં મહાત્મ્ય દેખાય છે, એ મૂઢ જીવ પરવસ્તુને હું છું એમ માનીને ગર્વમાં ગળી ગયો છે. આત્માની શાંતિને એ ગાળી દે છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? છે 'વજુભાઈ'! પુસ્તક છે કે નહિ ? ઠીક. આહા..હા...!

અહીં તો કહે છે, કોની સ્ત્રી ? કોનો દીકરો ? કોનો રાગ ? કોનું શરીર ? કોની વાણી ? કોના રંગ ? કોના રૂપ ? આહા..હા...! એ બધા જડના અથવા પરના. એ સ્વદ્રવ્યને છોડીને જેનું અભિમાન–માન એટલે કે એ પર રાગાદિ, દયા, દાન, વ્રતાદિથી માંડીને, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સમ્મેદશિખર ને.. શું કહેવાય ? સિદ્ધગીરી, 'પાલિતાણા' 'શેત્રુંજય', ક્યાંય પણ હું છું અને એનાથી મને લાભ થશે (એ મિથ્યાત્વ છે). આહા..હા...!

**શ્રોતા :–** દાદા આપે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દાદા કોણ આપતો હતો ? તારી પાસે ક્યાં નથી તે દાદો તને દે. એમ પુણ્ય માગે છે. 'શિવપદ અમને દે જો રે મહારાજ' એમ માગે ત્યાં. ભાન ન મળે કાંઈ. શિવપદ કાંઈ ત્યાં રહેતા હશે ? આવે છે ને ? 'મણિભાઈ' ! ત્યાં ભગવાન પાસે માગે. 'શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો.' ભગવાન કહે પણ તારું શિવપદ મારી પાસે છે કે તારી પાસે છે ? આહા..હા...!

**શ્રોતા :–** ભગવાનને સાચવવા નહિ આપ્યું હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાનને સાચવવા આપ્યું હશે ? પોતાનું શિવપદ ભગવાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આપ્યું હશે ? આહા..હા...! સમજાણું કાંઈ ? એક પૈસાથી માંડીને કરોડ-અબજો અને ત્રણલોકનું મોટું રાજ, પણ મને ઠીક છે, એ મારા છે, એનાથી મને હરખ અને સંતોષ થાય છે – એમ જેણે માન્યું છે એણે આત્માને ગાળ્યો છે અને ગર્વમાં એ ગરી ગયો છે. ભગવાનઆત્મા સિવાય કોઈપણ પરદ્રવ્યમાં વિકલ્પથી માંડીને પરચીજમાં મને ઠીક છે, મને મજા છે, કાંઈક મને એના તરફથી મારું વીર્ય ઉલ્લસિત થાય છે, મને એમાં મજા પડે છે – એમ જેની માન્યતા છે એણે આત્મા આનંદસ્વરૂપને ગાળી નાખ્યો, મારી નાખ્યો છે અને ગર્વમાં ગરી ગયો છે ઇ. આહા..હા...!

જુઓને, આચાર્ય ટીકામાં કેટલું કહે છે ! આહા..હા...! **'पयलियमाणकसायो'** આટલો શબ્દ મૂક્યો છે. ગળી ગયો છે એને. આહા..હા...! જેને પરમાં માન છે એને આત્મા ગળી ગયો છે. સમજાય છે ? જેને પરમાં માન નથી એને માન ગળી ગયું છે, બળી ગયું છે. આત્મા હું... આત્મા છું. હું તો સત્ અસ્તિત્વ, મારી સત્તા આનંદ અને જ્ઞાનવાળી છે. મારા જ્ઞાન અને આનંદને માટે કોઈ ચીજની મને અપેક્ષા નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! એમ જેને આત્માનો સ્વભાવ, પ્રભુ આનંદનો સાગર છે, જ્ઞાનનો દરિયો છે, શ્રદ્ધાથી ભર્યો છે, શાંતિનું સ્વરૂપ જ આત્મા છે. એને છોડીને જેને પરમાં માન થાય છે, સ્વભાવથી કાંઈ પણ બીજી ચીજ અધિક ભાસે, અધિક ભાસે–વિશેષ ભાસે, અતિશયવાળી એને લાગે, કહે છે કે અનંતાનુબંધી માન છે, હોં ! ભાઈ ! આહા..હા...! સમજાણું કાંઈ ? એ.. 'ભીખાભાઈ'! આ તો આત્માની રમતું છે. આહા..હા...!

ભગવાન ! તારામાં ક્યાં ખામી છે કે જેને પરથી તને કાંઈક સંતોષ થાય. રાગથી, પુણ્યથી, તેના ફળથી, તેની સામગ્રીના દેખાવ–પ્રદર્શનથી ! આહા...! ભગવાન ! તને એને લઈને સંતોષ થાય એવી તું ચીજ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો બધું પરદ્રવ્યે પ્રદર્શન માંડ્યું છે. આહા..હા...! એને દેખીને એમાં હું છું અથવા એ મને કાંઈક લાભદાયી છે અને મને એનાથી કાંઈક સંતોષ થાય છે, મને મારાથી એમાં કાંઈક અધિકપણું ભાસે છે, એને રાગથી પર પોતાનો અધિક જુદો સ્વભાવ છે એને હણી નાખ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ?

અંતરની દૃષ્ટિની ઉપર બધી વાત છે. બહારની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા...! જેની દૃષ્ટિમાં ભગવાન પોતે ભૂલી ગયો છે અને જેની દૃષ્ટિના પરિણામમાં બીજી ચીજ, ભગવાનઆત્માના આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ સિવાય કોઈ ચીજમાં કાંઈપણ ઉલ્લસિત વીર્ય થઈને ઠીક (છે એમ લાગે છે), એવું જે છે એને ભગવાન અનંતાનુબંધી, અનંત સંસારના દુઃખના પંથે પડેલો અનંતાનુબંધી માનવાળો છે. 'નવનીતભાઈ'! આહા..હા...! કહો, 'વજુભાઈ'! આહા..હા...! આવો માર્ગ, ભગવાન ! તારો છે પણ એની એને ખબર નથી. એક બીડી સરખી જ્યાં આવે ત્યાં.. સીગરેટ પીતો હોય. આમ પીતો હોય કે આમ પીતો હોય કાંઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખબર નથી. આપણે કોઈ દિ' પીધી નથી. આપણે કોઈ દિ' સિગરેટ શું બીડી પણ પીધી નથી. તમાકૂ-બમાકુ કોઈ દિ' સુંઘી નથી. આહા..હા...! સવારમાં ઊઠે અને બે-ચાર સિગરેટ પીવે ત્યારે તો દસ્ત સારો આવે એને. અર..ર..! ત્યારે એ પાયખાને જાય. કેટલા વ્યસનોની રુચિનો પ્રેમ ક્યાં અર્પાઈ ગયો છો, ભાઈ ! આહા..હા...!

અહીંયાં ભગવાન તો (કહે છે), **'प्रगलितमानकषायः'** એને બોધી પ્રગટ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? એને સમ્યગ્દર્શન એટલે સત્ય આત્માના સ્વભાવની સાક્ષાત્કારની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતામાં (કહે છે). જેને પરના માન ગળી ગયા છે, આત્મા સિવાય ઇન્દ્રના રાજ પણ જેને સડેલા તરણા જેવા લાગે છે. આ શરીર તો ધાનના ઢોકળા છે. બે દિ' ધાન ન ખાય ત્યાં આમને આમ સુકાઈ જાય. સમજાણું કાંઈ ? આઠ દિ' સરખાઈનો તાવ આવ્યો હોય, જેની સાથે વહાલપ કરવા જાતો, તે દિ' આમ જુએ તો શરીર સુકાઈ ગયું હોય, મોઢુ પડી ગયું હોય, પેટ મળી ગયું હોય, ચામડીમાં ફિકાશ આવી ગઈ હોય, આઠ દિ' પાંચ પાંચ ડિગ્રી સરખો તાવ આવ્યો હોય, ડોક્ટર કહે, કાંઈ લેશો નહિ. એક ઉકાળો લેજો. હાય.. હાય.. આહા..હા...!

એવામાં તો શું છે ? પણ ઇન્દ્રના ઇન્દ્રાસનો, જેને હજાર-હજાર વરસે તો આહારની ઇચ્છા ઊપજે છે. પંદર-પંદર દિવસે તો જેને ઊંચી-નીચી શ્વાસની ક્રિયા થાય. શ્વાસોશ્વાસ એક પખવાડિયે લે, એક પખવાડિયે શ્વાસ લે. એટલી શાતાની અનુકૂળતા છે તેમ કહેવું છે. પંદર દિ'એ તો શ્વાસ ઊંચો લઈને મૂકે એટલો બસ. હજાર વરસે આહારની ઇચ્છા ઊપજે, હજાર વરસે, એક સાગરોપમવાળાને. સમજાણું કાંઈ ? એમાં પણ કાંઈક ઠીક છે, એ અભિમાન મિથ્યાત્વ અને માનનું છે, ભાઈ ! તારા આનંદ સ્વભાવના સાગર આગળ દુનિયામાં કોઈ અધિક ચીજ છે નહિ. સમજાણું કાંઈ ? ચામડી જરી રૂપાળી, સુંવાળી દેખીને એને ગલગલીયા થઈ જાય. અરે..! ભગવાન ! ક્યાં ગયો તું ? ક્યાં ખોવાઈ ગયો તું ? સમજાણું કાંઈ ? તારી ચીજ અંદર જ્ઞાન અને આનંદથી ભરેલી અને આવા ચામડાના જરી માથે લેપ (હોય), આ તો લેપ છે. શેરડીનો છોલ જરી કાઢે નાખે. ઓલી તો જાડી હોય, હોં ! શેરડીનો માથે છોલ હોય એ જાડો હોય. શેરડી સમજો છો ? ગન્ના. એની છાલ હોય એ બહુ જાડી હોય. આ તો બહુ પાતળી છે. છ.. કાઢવા માંડે તો બહુ પાતળી નીકળે. પછી જોવા જાય તો સુંઘવા પણ ઊભો ન રહે એવું છે આ. આહા..હા...!

ભગવાન ! તને જો ચીરે તો એમાંથી આનંદ નીકળે એવો તું છો. એટલે કે તું આત્માના આનંદ સાગરમાં એકવાર ડૂબકી માર... ત્યાં અતીન્દ્રિય આનંદના દરિયા ઊછળે. એવો આત્મા ક્યાં ગયો ? તેં શું કર્યું ? કહે છે. પ્રગલિત માન. આહા..હા...! માન જેણે ગાળી નાખ્યું છે. મારામાં બીજી કોઈ ચીજ નથી અને બીજી કોઈ ચીજને લઈને હું છું કે એને લઈને મને ઠીક પડે છે એમ જેને માન ગળી ગયા. આહા..હા...! આ અનંતાનુબંધી. ભાઈ, 'ચંદુભાઈ' !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...!

**શ્રોતા :–** માનની આવી વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યાખ્યા આવી છે. આહા..હા...!

**'કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં કરતા હૈ...'** આહા..હા...! **'કિસી પરદ્રવ્યસે...'** ભગવાનઆત્મા સિવાય, ચિદાનંદ આનંદ સિવાય કોઈપણ દ્રવ્ય, એના ઉપર **'કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ...'** આ હું એમ માન કરતો નથી. પણ જેને ખબર પણ નથી કે હું શું કરું છું ? શું થાય છે ? અને ક્યાં જઈશ ? અને આના ભાવના ફળ ક્યાં જશે એની ખબર ન મળે. સમજાણું કાંઈ ? વળી **'જિસકા માન કષાય પ્રકર્ષતાસે ગલ ગયા હૈ, કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં રહતા હૈ ઔર જિસકે મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી..'** એણે એમ નાખ્યું. **'मिच्छत्तमोह'** એમ સાથે નાખી દીધું. સમજાણું કાંઈ ? બે જ લીધું. માન ગળી ગયું છે અને મિથ્યાત્વ ટળી ગયું છે. અનંતાનુબંધીનું માન અને મિથ્યાત્વ–બે વાત લીધી. આહા..હા...!

કહે છે, **'કૈસા ભયા સંતા ? કૈસા હોતા હુવા ? પ્રગલિત કહીએ નષ્ટ હો ગયા હૈ...'** શું ? મિથ્યાત્વનો ઉદયરૂપ મોહ. આનંદસ્વરૂપના અનુભવમાં જેને મિથ્યા ભ્રાંતિ તો ગળીને નાશ થઈ ગઈ છે. આહા..હા...! ક્યાંય ભ્રમ થતો નથી, કે આ મને સારું છે, આ મને ઠીક છે, આ મને લાભદાયી, આ મને સહાયક છે, આ મને મદદગાર છે, હું બીજાને મદદગાર છું. એવો જે મિથ્યાત્વભાવ.. વીતરાગનો માર્ગ આવો છે. લોકોને સાંભળવા પણ મળતો નથી. આખો દિ' ધમાધમ. આ કરું.. આ કરું.. આ કરું... અરે..! ભગવાન ! જે કરવાનું છે તે રહી જાય છે. જન્મ-મરણ ગાળવાનો મારગ એ કાંઈક રહી જાય છે. '...' ! આવું છે આ, જુઓ !

આ મારો દેહ. કહે છે કે એ મિથ્યાત્વ છે એમ કહે છે. પરદ્રવ્યમાં આવ્યું કે નહિ એ ? લ્યો, 'રામજીભાઈ' પહેલાં એમાં હતા. જુવાનિયામાં સલાહ આપી હતી કે ચાલો કેદ. ચાલો. બે મહિના નહિ ? એક વાર એક મહિનો અને એકવાર બે મહિનો. આહા..હા...! ભારે દુનિયા તે પણ ગાંડી છે ને. ગાંડાના ગામ કાંઈ જુદા હોય ? પાગલના ગામ જુદા ન મળે. ગામદીઠ પાગલ (હોય).

**શ્રોતા :–** ગામદીઠ પાગલ નહિ, ઘર દીઠ પાગલ. વ્યક્તિ દીઠ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યક્તિ દીઠ પાગલ, લ્યો ને. આહા..હા...! અરે..! ભગવાન ! તું કોણ છો, પ્રભુ ! ક્યાં છો ? કેમ છો ? એની તને ખબર વિના જે તારામાં કોઈ દિ' છે નહિ. પુણ્ય-પાપના વિકલ્પો આદિ તારામાં છે જ નહિ. એ તો કૃત્રિમ ઊભા કરીને મારું માને છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ બહારની મીઠાશ, એમાં બે-પાંચ કરોડની મૂડી હોય, છોકરા-બોકરા લાંબા પાંચ-પાંચ હાથના સારા પાક્યા હોય, રૂપાળા અને વેવાઈ વેવલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સરખા મળ્યા હોય.. આહા..હા...! હું પહોળો ને શેરી સાંકડી. આપણે બધાથી સુખી છીએ. આપણી બાદશાહી છે. મરી ગયો છો હવે સાંભળને હવે. બાદશાહી ક્યાંથી આવી ? સમજાણું કાંઈ ? એમાં એ છે. છે ? ૭૮ ગાથા. શબ્દનો બહુ અર્થ નથી પણ પાઠ છે ને પાઠ ? એમાં નથી. એ પાઠ છે.

કૈસા ભયા સંતા... કેવો છે એ બે પ્રકારે કહ્યું. પહેલાં એમ કહ્યું કૈસા ભયા સંતા કે પ્રગલિત માન કષાય પ્રત્યક્ષ. પ્ર એટલે વિશેષણ. વિશેષ કરી જેનું માન ગળી ગયું છે. અને કેવો થકો ? **'જિસકે મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી નષ્ટ હો ગયા હૈ...'** એમ લઈ લીધું. આહા..હા...! પર તરફની સાવધાનીનો મિથ્યાત્વભાવ ગળી ગયો છે. ભગવાનઆત્માના સ્વભાવસન્મુખ સાવધાન.. સાવધાન... સાવધાન... 'સમય વરતે સાવધાન' એમ નથી કહેતા ? આ લગન કરે ત્યારે કહે છે કે નહિ ? સમય એટલે આત્મા. આત્માને સમય કહે છે ને ? 'સમયસાર'. સમય વર્તે સાવધાન. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ તું સમય છો ને. એમાં વર્તવું તે સાવધાનપણું તે સમ્યક્ છે. ઓલું તો વળી બાયડી પરણવા જાય તો સમય વરતે સાવધાન (બોલે). એ તો ટાઈમ થયો (તો કહે), લાવો કન્યાને. આઠ વાગી ગયા. ટાઈમ થઈ ગયો. ટાઈપ પછી ચુકાઈ જશે. હારા.. માંસના હાડકા છે, એની સાથે લગન. આરે..! સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે જેણે રાગમાં લગની લગાડી, પુણ્યના પરિણામમાં લગની લગાડી એણે આત્માની લગનીને છોડી દીધી છે. 'બેચરભાઈ'! આહા..હા...! અરે..! તું કોણ, ક્યાં અને ક્યાં તું માનીને બેઠો છો ? જેની ભ્રમણા ગઈ છે. ક્યાંય પણ મારાપણું છે એવો મિથ્યાત્વભાવ જેને ટળી ગયો છે. એ જૈનશાસ્ત્રનો સાર, બોધી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામે છે. **'बोहि लाभं'** નથી આવતું ? લોગસ્સમાં આવે છે. **'आरोग बोहि लाभं समाहि...'** અર્થની ખબર ન પડે. એમ ને એમ બહારમાં ગાડા હાંકયે રાખ્યા. અરે..! અવતાર વયા જાય, ભગવાન ! સમય સમય ચાલ્યો જાય છે, ભાઈ ! એ સમય હવે પાછો નહિ આવે. મરણની સ્થિતિની સન્મુખ દોડ્યો જાય છે. કાળ તો મરણની સન્મુખ આમ ને આમ દોડ્યો જાય છે. આહા..હા...! વિસામા વિનાનો. તારે કરવાનું તો આ છે. લાખ દુનિયા ગમે તે હો, એની પાસે (રહી).

'છ ઢાળા'માં આવે છે ને ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' એ 'નવનીતભાઈ'ને આખું કંઠસ્થ છે. ભાઈને કંઠસ્થ છે તેથી આ બધું એને સરખું બેસી ગયું. આખું મોઢે કરેલું. આમાં પણ આ છે. આવે છે ને ભાઈ એમાં ? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ નિશ્ચય આતમ ઉર આણો.' અરે ભગવાન ! મહાપ્રભુ બિરાજે છે ને, ભાઈ ! ત્યાં એના દરબારમાં જાને. આ રાગ અને બાગના વેશ્યાઓ જેવા ભાવ, વ્યભિચારી ભાવ (છે) એમ ભગવાને કહ્યું છે. પુણ્યનો ભાવ વ્યભિચારી ભાવ (છે). આહા..હા...! એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યભિચાર સાથે તને પ્રેમ કરવાનું કેમ સૂઝે છે ?

**'મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી નષ્ટ હો ગયા હૈ...'** શું કહે છે ? મિથ્યાત્વનો મોહ જેનો ગળી ગયો છે. ભ્રમણા પણ ન મળે. હું ભગવાન છું. મારો આનંદ અને મારી શાંતિથી ભરેલો હું છું. મારી શાંતિ ક્યાંયથી મળે એવી નથી. ક્યાંય ત્રણલોક, ત્રણકાળમાં મારા સિવાય ક્યાંય શાંતિ છે નહિ. મારામાં શાંતિ છે એમ જેને સમ્યગ્દર્શનમાં ભાસ્યું છે એનું મિથ્યાત્વ ગળી ગયો છે. **'ઇસીલિયે 'સમચિત' હૈ,...'** જુઓ ! એમ કીધું છે ને ? **'पयलियमिच्छत्तमोहसमचित्तो'** અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ જેને પ્રગટ્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

આ મિથ્યાત્વ મોહ જેને ગળી ગયો છે, **'ઇસીલિયે 'સમચિત' હૈ, પરદ્રવ્યમેં મમકારરૂપ મિથ્યાત્વ ઔર ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગદ્વેષ જિસકે નહીં હૈ,...'** લ્યો. પરદ્રવ્ય વિષે મિથ્યાત્વ એટલે મમતારૂપ મિથ્યાત્વ, રાગના વિકલ્પ ઊઠે, એના પ્રત્યેનું અહંપણું અને ત્યાંથી ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ. આ ઇષ્ટ છે અને અનિષ્ટ છે એવો જે રાગદ્વેષ છે એ બધો છૂટી ગયો છે. જગતમાં કોઈ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જગતની ચીજો એની પર્યાયપણે પરિણમી રહી છે. એમાં કોઈ વિષ્ટા અનિષ્ટ છે, કસ્તુરી ઇષ્ટ છે, મિત્રો ઇષ્ટ છે, દુશ્મન અનિષ્ટ છે – એવું કાંઈ છે જ નહિ. બધા જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. ઇષ્ટ કોણ ? અનિષ્ટ કોણ ? બહારમાં ઇષ્ટ-અનિષ્ટપણું છે જ ક્યાં ? તારો વિકારભાવ તે અનિષ્ટ છે, સ્વભાવભાવ તે ઇષ્ટ છે. સમજાણું કાંઈ ? 'જયંતીભાઈ' આવ્યા છે ને ? આ તો કીધું 'ભાવનગર'ના આવ્યા અને આ રવિવારનો અધિકાર છે ને એટલે.

**શ્રોતા :–** રળવાના સાધન બરાબર હોય તો ઠીક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રળવાના આ સાધન છે. ઓલા મરી જવાના સાધન છે. ચક્રવર્તી છ ખંડનો ધણી, એ રોટલા માગે, રે મને આપજો, મને રોટલી આપજો. અર..ર...! એક રોટલી આપજો. પણ તારા ઘરે પકવાન પાકે છે ને ? સવારના નવ વાગે દાણા થઈને તારા ઘરે રોટલીઓ થાય. ચક્રવર્તીને ઘરે સવારે વાવે, સવારે વાવે... નવ વાગે તૈયાર ... દેવ છે ને ? એના ... પછી દેવ છે. એક હજાર દેવ સેવા કરે છે. આ બધા શાંતિનાથ, અરનાથ, કુંથુંનાથ, ભરત ચક્રવર્તી. સવારે ઊઠે ને વાવે. તમારે જુના ઘઊં ને. 'અમરેલી'થી શું કહેવાય એ ? અમેરીકા. જુના આવે, સાધારણ ... આવે, પાતળા આવે, ઢીકણા આવે. એમ નહિ ત્યાં તો સવારે એના દેવો વાવે ... નવ વાગે ઘઉંની રોટલી થઈને તૈયાર. લાખો કરોડો રૂપિયાની ભસ્મ એ રોટલીમાં નાખે. ઘીમાં ભસ્મ તળે. એવી ઔષધિ હોય કે જેમાં પાંચ શેર ઘી નાખે અને એમાં પચાસ-સો દાણા ઘઉંના નાખે અને એમાં ભસ્મ નાખે, સોનું નાખે, મોતી નાખે એ ઓગળી જાય, ઘઉં પી જાય. એ ઘઉંની રોટલી કરે. એ ઘઉં ખાય. આહા..હા...! ધૂડમાં પણ નથી, કહે છે સાંભળને. શું થઈ જાય છે તને ? સમજાણું કાંઈ ? એ ચક્રવર્તી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેને ઘરે આવું, એ ભીખ માગે, એ મને આપજો આ. અરે..! આ શું છે તને આ ? ત્રણલોકનો નાથ પરમાત્મા તું બિરાજે છો અને ભિખારી થઈને કાંઈક મને માન આપો, મોટો કહો, મને કાંઈક ગણતરીમાં ગણો. હું ગણતરીના માણસોમાં કાંઈક થોડા હોય એમાં હું આવી જાઉં તો ઠીક. અરે..રે..! ભારે ભાઈ આ તો ! ગામમાં કો'ક મંત્રીના માણસ ગણાય ને એમાં હું આવી જાવ, પણ શું છે તારે ? આહા..હા...! ભાઈ ! વીતરાગની આજ્ઞામાં ગણતરીમાં આવી જા, પછી ખલાસ. ભગવાને ગણ્યા કે આટલા આટલા સમકિતીઓ ભક્ત છે. એમાં તું આવ્યો એટલે ખલાસ થઈ ગયું, જાવ. સમજાણું કાંઈ ?

કહે છે, **'ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગદ્વેષ જિસકે નહીં હૈ,'** સમકિતની વ્યાખ્યા કરી. એક તો મિથ્યાત્વ નથી, માન ગળી ગયું છે અને જ્ઞેય પદાર્થના જ્ઞેયની અનુકૂળતા-પ્રતિકૂળતાને દેખીને જ્ઞાનીને રાગ-દ્વેષ થતો નથી. સમજાણું કાંઈ ? ચીજને લઈને થતો નથી. જ્ઞાનીની કોઈ નબળાઈને લઈ થાય, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું કાંઈ ? પણ પરવસ્તુને લઈને મને આ અનુકૂળ માટે રાગ, એ મિથ્યાત્વભાવનો રાગ છે. આ પ્રતિકૂળતા માટે દુશ્મન છે માટે દ્વેષ. પ્રતિકૂળતાનો દ્વેષ મિથ્યાત્વનો દ્વેષ છે. આહા..હા...! **'રાગદ્વેષ જિસકે નહીં હૈ,...'**

**'ભાવાર્થ :-મિથ્યાત્વભાવ ઔર કષાયભાવકા સ્વરૂપ અન્ય મતોંમેં યથાર્થ નહીં હૈ.'** સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા દેવાધિદેવ, એના સિવાય જેટલા માર્ગો છે એમાં આવું સ્વરૂપ છે નહિ, ક્યાંય નથી, ક્યાંય નથી, ભાઈ ! સમજાણું કાંઈ ? **'મિથ્યાત્વભાવ ઔર કષાયભાવકા સ્વરૂપ અન્ય મતોંમેં યથાર્થ નહીં હૈ. યહ કથન ઇસ વીતરાગરૂપ જિનમતમેં હી હૈ...'** આહા..હા...! આવી પદ્ધતિની શૈલી એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જ હોય છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

જેણે ત્રણકાળ, ત્રણલોક જોયા અને જેને વીતરાગભાવ વર્તે છે, એની વાણીમાં જે આવ્યું, એવું સ્વરૂપ ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. આહા..હા...! કહો, 'જયંતીભાઈ'! વાડામાં પડ્યા એને પણ ખબર નથી કે વીતરાગ શું કહે છે. આહા..હા...! જોયું ? એક તો મિથ્યાત્વભાવનું સ્વરૂપ, કષાયભાવનું સ્વરૂપ અન્યમત વિષે યથાર્થ છે જ નહિ ક્યાંય. બધા નામ તો બધા ઘણા લે. ભાઈ ! 'નવનીતભાઈ'! કબીરે શબ્દ બોલ્યા હતા ને સવારમાં ? ક્યાંય વસ્તુની યથાર્થતા છે જ નહિ. એ ભાષા ઉપરથી લઈને આવો આત્મા અને આવો આત્મા એમ બધાએ વાત કરી છે. સમજાણું કાંઈ ?

**'ઇસલિયે યહ જીવ મિથ્યાત્વ કષાયકે અભાવરૂપ મોક્ષમાર્ગ તીનલોકમેં સાર...'** મિથ્યાત્વ અને કષાયના અભાવરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ **'તીનલોકમેં સાર...'** આવે છે ને ? 'છ ઢાળા'માં આવે છે ને પહેલું ? 'ત્રણભુવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા' એ 'છ ઢાળા'માં આવે છે. 'ત્રણભૂવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા.' **'તીનલોકમેં સાર જિનમત કે સેવનહી સે પાતા હૈ,...'** વીતરાગ માર્ગે કહેલા માર્ગથી આત્મા પમાય છે. સમજાણું કાંઈ ? જોયું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જિનમતનું સેવન. વીતરાગનો મત એટલે અભિપ્રાય. વીતરાગનો અભિપ્રાય રાગાદિ પરદ્રવ્યથી છૂટીને તારા સ્વ-ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ કર એ વીતરાગનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ ?

**'જિનમત કે સેવનહી સે પાતા હૈ, અન્યત્ર નહીં હૈ.'** બીજે આવો માર્ગ મળે એવો નથી. સાંભળવાના ઠેકાણા ન મળે, સંભળાવનારનાએ ઠેકાણા ન મળે કે શું ચીજ છે ? એ બીજાને ક્યાંથી સમજાવે અને ક્યાંથી પામે ? બહુ ઝીણું, ભાઈ ! આહા..હા...! ભારે ગાથા. બહુ સરસ ગાથા છે.

**'આગે કહતે હૈં કિ જિનશાસનમેં એસા મુનિ હી તીર્થંકર પ્રકૃતિ બાંધતા હૈ:–'** લ્યો. કહે છે કે આવા સમ્યગ્દૃષ્ટિ જીવો, જૈનશાસનમાં, કોઈ શુભભાવ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. બીજે સમ્યગ્દર્શન વિના, જૈનશાસનમાં ક્યાંય એની પ્રકૃતિ બાંધે નહિ. સમજાણું કાંઈ ? એમ એક પુણ્યની વિશેષતા બતાવે છે. આવું પુણ્ય પણ જૈનશાસનમાં હોય. મિથ્યાદૃષ્ટિ જેની ઉંધી માન્યતા (છે), એમાં તીર્થંકરગોત્રના પરિણામ એને હોઈ શકે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનીને એવા પરિણામ હોય.

**શ્રોતા :–** એકલા મુનિ જ બાંધે ? શ્રાવક નથી બાંધતા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, બાંધે જ. આ તો મુનિની મુખ્યતાની વાત છે. સમજાણું કાંઈ ? આ તો મુખ્યતાથી વાત છે. ચોથે ગુણસ્થાને બાંધે. આ તો મુનિથી ઉપાડીને બધી વાત કરી છે. એ બધા મુનિઓ ..., દ્રવ્યલિંગી... સમજાણું કાંઈ ?

**विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।**
**तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।**

આહા..હા...! જુઓ ! મોક્ષમાર્ગ બતાવ્યો, એની સાથે તીર્થંકરપ્રકૃતિ પણ આવા જીવને હોય એમ કહે છે. બીજા અજ્ઞાનીને હોય નહિ. પછી ગમે તેવા કષાય મંદ હોય, નાગા હોય, બાવા હોય, મિથ્યાદૃષ્ટિ નગ્ન દિગંબર મુનિ હોય એને તીર્થંકરપ્રકૃતિના પરિણામ હોઈ શકે જ નહિ.

સમ્યગ્દર્શન એ જૈનમતે કહ્યું તે. સમ્યગ્દર્શન નામ તો બૌદ્ધમાં પણ આવે છે. સમજાણું કાંઈ ? બૌદ્ધમાં પણ સમ્યગ્દર્શન, સમાધિ, બોધિ, લાભ એવું બહું આવે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે અખંડ પરિપૂર્ણ માર્ગ અનાદિથી કેવળી જોતા આવે છે. અનાદિના કેવળીઓ થતા આવ્યા છે, કાંઈ નવા નથી. એવા સર્વજ્ઞે જે માર્ગ જોયો, જાણ્યો અને કહ્યો એ સિવાય ક્યાંય સમ્યક્ માર્ગ હોઈ શકે નહિ. એના વિના તીર્થંકરપણું બીજે હોઈ શકે નહિ. આવ્યું ને ?

**'જિસકા ચિત્ત ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હૈ...'** એટલે કે આ ભાવ જ્યારે.. સમકિતીને તીર્થંકરપણાનો શુભભાવ છે ને ! એ વખતે ઇન્દ્રિયના વિષયની આસક્તિ નથી. અમુક વખતે સમકિતીને આસક્તિ હોય, પણ આ વખતે એને નથી. એ ઇન્દ્રિયના વિષયથી વિરક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયેલો છે. સમજાણું કાંઈ ? બીજી રીતે કહીએ તો સમકિતી તો ઇન્દ્રિયના વિષયથી વિરક્ત જ છે. કારણ કે ઇન્દ્રિય પરદ્રવ્ય છે ને ! અને રાગ પરદ્રવ્ય છે. એનાથી વિરક્ત જ છે. દૃષ્ટિમાંતો એનાથી જુદો જ છે. આહા..હા...!

**શ્રોતા :–** ... વિષય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા વિષય છે. બહાર વિષય છે, બહિર વિષય છે. આહા..હા...! વીતરાગ માર્ગ !

કહે છે, '**ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હે...**' પર તરફના વિષયવાળો ભાવ એનાથી જુદો પડ્યો છે, ચિત જાકા... જેનું ચિત્ત. એ તો શ્રમણ મુનિની મુખ્યતાથી વાત કરી છે. '**અર્થાત્ મુનિ હૈ વહ સોલહકારણ ભાવનાકો ભાકર...**' સોળકારણના એવા વિકલ્પો એને આવી જાય છે, એને 'ભાય' એમ કહેવામાં આવે છે. "**'તીર્થંકર' નામ-પ્રકૃતિકો થોડે હી સમયમેં બાંધ લેતા હૈ.**' આહા..હા...! થોડા કાળમાં સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરપ્રકૃતિ બાંધી, થોડે કાળે કેવળજ્ઞાન પામી તીર્થંકરપ્રકૃતિનું ફળ સમવસરણ આદિ આવી છૂટી જશે. સમજાણું કાંઈ ? અહીં તો એમ કહે છે કે ત્રણલોકની મહા ઋદ્ધિવાળું તીર્થંકરપણું. બીજી તારી ઋદ્ધિ તો ક્યાં રહી એમ કહે છે. એવી જે ઋદ્ધિ, જેને એની રુચિ નથી. જેને રાગનો ભાવ– આદર નથી એને એવો રાગ હોય છે. સમજાય છે કાંઈ ?

જેને ઇન્દ્રના ઇન્દ્રાસન હાલે, ભગવાન જ્યાં જન્મે, ઇન્દ્રાસન ડોલે. શું છે ? ઓહો..! અવધિજ્ઞાનથી જોવે છે. ભરતક્ષેત્રમાં કે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરનો જન્મ થયો. સિંહાસનથી એકવાર નીચે ઉતરી જાય. સિંહાસન સમજો છો ? સિંહ-સિંહ. ચાર બાજુ સિંહ હોય એવું એનું આસન હોય. હીરાના સિંહ હોય. સિંહાસન કહે છે ને ? સિંહાસન. કાલે ભક્તિમાં આવ્યું હતું. ખબર છે ? હરિઆસન. ભાઈ ! કાલે ભક્તિમાં આવ્યું હતું. હરિઆસન. હરિ એટલે સિંહ. સિંહનું આસન. બેસવાના એવા આસનો હોય કે જેના ચાર ખૂણે હીરાના સિંહ હોય. આમ પાટ હોય, પાટ. એના ઉપર ઇન્દ્ર બિરાજતા હોય. ઇન્દ્ર, ઇન્દ્રાણીઓ. કહે છે કે એ પણ તુચ્છ છે. જેનામાં સર્વોત્કૃષ્ટ તીર્થંકરપણું છે, એવી જે ઋદ્ધિ, જેને ઇન્દ્રો નમે છે. કાલે આવ્યું હતું કરોડો મનુષ્યો અંજલિ નામ હાથ જોડે. એવા પુણ્ય પ્રકૃતિના પરિણામ સમકિતીને હોય છે. સમજાણું કાંઈ ? છે રાગ. તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ છે એ રાગ છે. પણ અહીં એ કહેવું છે કે ભાવ તો સમ્યગ્દૃષ્ટિ હોય એને આવો ભાવ હોય. જેને રાગનો પ્રેમ છે, રુચિ છે અને પરનો અહંકાર છે તે મિથ્યાદૃષ્ટિને આવો ભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સોળ બોલ આવે છે ને ? સોળ બોલ. શોડશકારણભાવના. નીચે આવે છે. સોળ ભાવના. સમ્યગ્દર્શનના અનુભવ સહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** કયો ભાવ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગભાવ.

**શ્રોતા :–** એનો અર્થ કલ્યાણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના ના એ તો રાગ એવો આવે છે. એ રાગ આ સોળભાવ છે. એવો રાગ આવે બસ. દુનિયાનું કલ્યાણ થાવ એમ કહેવાય. અજ્ઞાન થાવું છે ? મારું પૂર્ણ થાવ એનો અર્થ એવો છે. મારું કલ્યાણ પૂર્ણ થાવ એવો વિકલ્પ આવે. એ વિકલ્પમાં તીર્થંકરગોત્ર બંધાઈ જાય. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'યહ ભાવકા મહાત્મ્ય હૈ.'** જુઓ ! એ સમ્યગ્દર્શનના અનુભવમાં આવો ભાવ હોય.

**શ્રોતા :–** પુણ્યનું મહાત્મ્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુણ્યનું મહાત્મ્ય નથી, સમ્યગ્દર્શનનું મહાત્મ્ય છે. એના મહાત્મ્યમાં આવો ભાવ હોય છે. અજ્ઞાનીને એ ભાવ હોતો નથી. જેને સો ઇન્દ્રોના માથા નમે. પ્રભુ ! ધન્ય અવતાર. સમજાય છે કાંઈ ? જેણે તીર્થંકરને પેટમાં રાખ્યા, એ માને ઇન્દ્ર આવીને પહેલાં નમસ્કાર કરે. એ સમકિતીને એવો ભાવ હોય, એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? જુઓ પાઠ છે ને ? જુઓ ! **'तित्थरनामकम्मं'** ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો ચોખ્ખો પાઠ છે.

અહીં સાબિત તો એ કરવું છે કે જે તીર્થંકરગોત્ર છે એ પરિણામ સમ્યગ્દર્શન વિનાના પૂર્ણ હોય નહિ. ચોથે હોય, પાંચમે હોય, છટ્ઠે હોય, સાતમા સુધી બંધાય. આઠમા ગુણસ્થાનથી નહિ. પણ મિથ્યાદૃષ્ટિ ગમે તેવો દ્રવ્યલિંગી મુનિ હોય, અઠ્ઠાવીશ મુળગુણ પાળતો હોય અને ચામડા તોડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે, તોપણ એને સમ્યગ્દર્શન નથી એટલે એને આવા પરિણામ હોય શકે નહિ. આહા..હા...! એમ કરીને સિદ્ધ એ કરવું છે.

**'યહ ભાવકા મહાત્મ્ય હૈ. વિષયોંસે વિરક્તભાવ હોકર...'** વિષયની રુચિ જ નથી એમ કહે છે. આત્માના આનંદ આગળ બીજી વિષયમાં રુચિ શેની હોય ? ધૂડની ? આહા..હા...! **'સોલહકારણ ભાવના ભાવે તો અચિંત્ય હૈ મહિમા જિસકી એસી તીનલોકસે પૂજ્ય તીર્થંકર નામ પ્રકૃતિકો બાંધતા હૈ ઔર ઉસકો ભોગકર..'** ભોગવી એટલે મળે છે. ખરેખર તો તીર્થંકર પ્રકૃતિનું ફળ તો તેરમે (ગુણસ્થાને) ઉદયમાં આવે છે.

**શ્રોતા :–** તેરમે ગુણસ્થાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કેવળજ્ઞાન થાય ત્યારે તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવે. શું ભોગવવું ? સમજાણું કાંઈ ? તીર્થંકરના પરિણામ ચોથે, પાંચમે, છટ્ઠે ગુણસ્થાને આવે પણ એ બાંધેલી પ્રકૃતિનું ફળ તેરમે ગુણસ્થાને આવે. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રકૃતિનું ફળ સમવસરણ આદિ ઉદયમાં આવે. હવે એને ક્યાં ભોગવવું છે ! આહા..હા...! એય...!

**'ઔર ઉસકો ભોગકર મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ.'** તીર્થંકરપણું જેને પ્રાપ્ત છે એને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષે જાય છે. એ તો અહીં શુભભાવની વિશેષતા બાકી હતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ એને અટકાવે દે છે. પણ અહીં કહે છે, આવો ભાવ જૈનશાસનમાં સમ્યગ્દષ્ટિ જીવને આવો હોય. એટલી વાત છે. સમજાણું કાંઈ ?

**'દર્શન વિશુદ્ધિ,...'** લ્યો, પહેલો બોલ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ. આ દર્શનવિશુદ્ધિ વિકલ્પ વાળી છે. શુભરાગ ભેગો (છે). સમ્યગ્દર્શન છે, આત્માનું ભાન છે. આત્મા પૂર્ણાનંદનો નાથ, મારા આનંદની આગળ બધી દુનિયા, ઇન્દ્રના ઇન્દ્રાસન, ચક્રવર્તીના પદો... ઓલામાં આવે છે નહિ ? 'ચક્રવર્તી કી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોગ.' આહા..હા...! પણ એને હોય ને માને આવું એમ કહે છે. અજ્ઞાનીને એવું હોય નહિ. આહા..હા...! કાગવિટ સમ. કાગડાની વિષ્ટા ખાવા પણ કામ ન આવે. માણસની વિષ્ટા તો ભૂંડ પણ ખાય. કાગડાની વિષ્ટા છે એ ખાતરમાં પણ ન નખાય. ખાતર સમજો છો ? ખાત. એ ખેતમાં ન નાખે. બગાડી નાખે. 'ચક્રવર્તી કી સંપદા ઇન્દ્ર સરીખા ભોગ.' પુણ્યના ફળ. છતાં 'કાગ વિટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.'

**શ્રોતા :–** દ્વેષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના, દ્વેષની વાત નથી એ તો જ્ઞેય છે એમ કહે છે. એ તો જ્ઞેય છે, એને કાંઈ એના ઉપર મહિમા નથી.

**શ્રોતા :–** .. સમ્યગ્દર્શનનો મહિમા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, વાત એ છે. અને સમ્યગ્દર્શનમાં એવા બંધના પરિણામ આવે એટલું અહીં જણાવવું છે. સારા છે અને ઠીક છે એમ કહેવું નથી. સમજાણું કાંઈ ? પણ આવા જે પરિણામ સર્વોત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિ, ૪૨ પ્રકૃતિ. એમાં તીર્થંકરપ્રકૃતિ સર્વોત્કૃષ્ટ છે. એ સમ્યગ્દર્શનના આત્માના ભાનની ભૂમિકામાં એવો ભાવ આવી જાય. એવી ઋદ્ધિ હોય કે ઇન્દ્રોને ન હોય. ઇન્દ્રો પણ એની પાસે પાણી ભરે. ખમા અન્નદાતા એમ કહે. સમજાણું કાંઈ ? જેના મુગટ નમી જાય, જેના ચરણકમળમાં સો-સો ઇન્દ્રો આવીને નમે. વાઘ અને સિંહ આમ...

**શ્રોતા :–** થોડા સમય માટે નારકીઓને પણ શાતા થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહારની શાતા, આત્માની નહિ, બહારની. સમજાણું કાંઈ ? આત્માની શાતા એક સમયે મળી જાય તો થઈ રહ્યું, જન્મ-મરણ ટળી જાય. બહારની મળે. દર્શનવિશુદ્ધિ આ છે વિકલ્પવાળું, હોં ! સમકિતમાં એક વિકલ્પ હોય એને અહીં દર્શનવિશુદ્ધિ કીધી છે. કારણ કે દર્શનવિશુદ્ધિ બંધાય પછી સમકિતી બંધાય નહિ. પણ એમાં વિકલ્પ-ભાવ હોય છે કે હું પૂર્ણ થાઉં, મારું સ્વરૂપ પૂર્ણ થાવ. બહારથી કહે કે જગતનું કલ્યાણ થાવ, હિત થાવ. સર્વજીવ કરું શાસન રચી... આવે છે ને ? સર્વ જીવ કરું શાસન રચી, એવી ભાવદયા મન ઉલસી. એ વિકલ્પ-રાગ છે. સર્વ જીવ કરું શાસન.. બધા જીવો, આખી દુનિયા ધર્મ પામો ને. આખા ભગવાન સર્વ જીવો સિદ્ધપદને પામોને. આહા..હા...! એ સિદ્ધપદથી પાછા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કેમ ફરો ? સિદ્ધપદ. આહા..હા...! સાગમટે નોતરું આપે છે. બધા જમવા આવજો. બધાને કહે છે કે આવજો આવજો મારો લાભ લેવા. સમજાણું કાંઈ ? તમારો લાભ લેવા એમ એનો અર્થ છે.

'**(૨) વિનયસંપન્નતા,...**' બીજો બોલ. પણ આ બધું દર્શન હોય તો વિનયસંપન્નતા. નહિતર એના વિના કાંઈ નહિ. નીચે લખશે એ. '**ઇનમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ, યહ ન હો ઔર પન્દ્રહ ભાવનાકા વ્યવહાર હો તો કાર્યકારી નહીં હૈ.**' સમજાણું કાંઈ ? '**વિનયસંપન્ન,...**' એ વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન હોય. વિનય... વિનય... વિનય.. વિનય... દાસાનુદાસ છું. સર્વજ્ઞ, તીર્થંકરો, સંતો એનો હું દાસાનુદાસ છું. સમજાણું કાંઈ ? એવો ભાવ, સમ્યગ્દષ્ટિને એવી ભૂમિકામાં આવો શુભભાવ હોય છે, એટલું બતાવવું છે. એવો ભાવ મિથ્યાદષ્ટિને હોતો નથી. નગ્ન મુનિ નવમી ગ્રવૈયક જાય, તો પણ એને આ ભાવ ન હોય. એનો એ શુક્લલેશ્યાભાવ હોય કે નવમી ગ્રૈવેયક જાય. પાછો નીચે પડે. આહા..હા...!

'**(૨) શીલવ્રતના અણઅતિચાર...**' શીલવ્રત અતિચાર રહિત પાળે છે. અતિચાર ન હોય એવું નિર્દોષ. એવો વિકલ્પ હોય. '**(૩) અભીક્ષણ જ્ઞાનોપયોગ...**' વારંવાર જ્ઞાનનો ઉપયોગ અંદર.. છતાં ઓલો જ્ઞાન ઉપયોગ છે એ બંધનું કારણ નથી. વારંવાર જ્ઞાનના ઉપયોગનો વિકલ્પ આવે. રાગ એ તીર્થંકરગોત્ર બાંધે. એવો સમકિતી સિવાય આવો અભિક્ષણ જ્ઞાનોપયોગનો ભાવ હોય નહિ એમ કહે છે. બીજા ઘણા કહે છે. ઓ..હો..! શું .. સજ્જાય ! પણ દૃષ્ટિની ખબર વિના. સમજાણું કાંઈ ? લ્યો, ચાર બોલ થયા. વિશેષ બોલ કહેશે. આવા ભાવ હોય તો તીર્થંકરગોત્ર બંધાય. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યાં છે, આનંદના વાજા વગાડ્યા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે, શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે. ૩૯.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી અષ્ટપાહુડ, ભાવપાહુડ, ગાથા-૮૮, ૮૯, પ્રવચન નં. ૧૨૭, તા. ૩૦-૧૦-૧૯૭૦ [૨૨]

'અષ્ટપાહુડ' 'ભાવપાહુડ'ની ૮૮મી ગાથા. આજ તો ભગવાનનો મોક્ષનો દિવસ છે. .. છે ને ? આસો વદ ૧૪ના પાછળના ભાગમાં ભગવાન મોક્ષ પધાર્યા. આ કારત ... આસો વદ ૧૪ અને કારતક વદ ૧૪ ... એની સવારના પાછળના ભાગમાં ભગવાન મોક્ષ પધાર્યા. એટલે આત્માની પવિત્રતા પૂર્ણ પ્રાપ્ત થઈ ગઈ. મોક્ષની વ્યાખ્યા એ. આત્માનો જે સ્વભાવ મોક્ષસ્વરૂપ જ ત્રિકાળ છે એવી પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ એનું નામ વ્યવહાર બાહ્ય મોક્ષ કહેવામાં આવે છે. પર્યાયમાં મોક્ષ. દ્રવ્યમોક્ષ ત્રિકાળ છે. એવા ભગવાન અનાદિ જે સંસાર હતો એનો અંત આવી ગયો અને મોક્ષની પર્યાય સાદિ થઈને અનંત રહેશે. અનંતકાળ એ મોક્ષની પર્યાય અતીન્દ્રિય આનંદની દશા (રહેશે), એનું નામ મોક્ષ કહેવામાં આવે છે. અહીંયાં ભાવ પણ એ આવ્યો છે, જુઓ! **'भावह जिणभावणं'** ચોથું પદ છે ને ? કઈ ગાથા ચાલે છે ? '...ભાઈ'! ૮૮મી ગાથા ચાલે છે.

બાહ્ય આગળ કહે, બાહ્ય સાબિત કરેલું હિંસાદિ ન કરે તોપણ **'અશુદ્ધભાવ કે માહાત્મ્ય સે તન્દુલ મત્સ્ય જૈસા અલ્પજીવ ભી...'** અશુદ્ધ ભાવથી તાંદુલ (ચોખા) જેટલો મત્સ પણ **'સાતવેં નરક કો ગયા તો અન્ય બડે જીવ ક્યોં ન નરક જાવેં,...'** ભાવપાહુડ છે ને એટલે ભાવની પ્રધાનતાથી કથન છે. બાહ્યની ક્રિયા એમાં કાંઈ સાધન છે નહિ.

**मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महाणरयं।**
**इय णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं।।८८।।**

**'હે ભવ્યજીવ ! તૂ દેખ શાલિસિક્થ (તન્દુલ નામકા મત્સ્ય)...'** ચોખા જેટલી માછલી. એ **'અશુદ્ધભાવસ્વરૂપ હોતા હુઆ મહાનરક (સાતવેં નરક) મેં ગયા, ઇસીલિયે તુજે ઉપદેશ દેતે હૈં...'** એથી તને ઉપદેશ કરે છે **'કિ અપની આત્માકો જાનને કે લિયે નિરંતર જિનભાવના કર.'** આ મહાસિદ્ધાંત. **'અપને આત્મા કો જાનને કે લિયે નિરંતર જિનભાવના કર.'** એક શબ્દની અંદર અર્થ આવી ગયો. સમજાણું કાંઈ ? અનંત તીર્થંકરો, અનંત વીતરાગીઓ, અનંત કેવળીઓ એનો જે સાર જિનભાવના ભાવ એમ કહે છે. એનો અર્થ એ થયો કે આત્મા જિનસ્વરૂપ જ છે. વીતરાગસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, એની ભાવના. શ્રદ્ધા અને જ્ઞાનમાં ત્રિકાળી ધ્રુવને વિષય બનાવી,.. સમજાય છે કાંઈ ? આ સવારમાં પણ કહ્યું હતું. 'શશીભાઈ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહોતા.

આ આત્મા છે એ એક સમયમાં અંદર નિત્ય ધ્રુવ વસ્તુ છે. નિત્ય ભાવના કરવી કહે છે ને અહીંયાં. એ વસ્તુ પોતે ત્રિકાળ નિત્ય ધ્રુવ છે. એ ધ્રુવની અપેક્ષાએ એક સમયની પર્યાય પણ પરદ્રવ્ય કહેવામાં આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને તીર્થંકરો તો પરદ્રવ્ય પૃથક્ (છે), પણ એક સમયમાં ભગવાનઆત્મા નિત્યાનંદ ધ્રુવ જેનો નિત્ય સ્વભાવ પિંડ એવો સ્વભાવ, એ સ્વદ્રવ્ય છે; અને એની એક સમયની અવસ્થા છે – રાગ વિનાની, નિમિત્ત વિનાની, સંયોગ વિનાની પોતામાં થયેલી પર્યાય નિર્મળ પર્યાય જે છે, એ પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા...! સવારે બીજું કહ્યું હતું. એ પછી આવશે. એ કાલમાં આવશે. સમજાણું કાંઈ ?

એમ આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન એમ કહ્યું છે ને ? એ ચૈતન્યઘન એ અસંખ્યપ્રદેશી ધ્રુવ છે. શુદ્ધ બુદ્ધ એ ભાવ અને ચૈતન્યઘન જે છે એ અસંખ્યપ્રદેશી ધ્રુવ. એ ધ્રુવ અસંખ્યપ્રદેશી તે સ્વક્ષેત્ર છે, સ્વક્ષેત્ર એટલે પોતાનું છે અને એ અસંખ્ય પ્રદેશમાં એક સમયની ક્ષેત્રમાં અવસ્થા થાય એ પણ પરક્ષેત્ર છે. શરીર, વાણી, મન એનું તો પરક્ષેત્ર ભિન્ન રહી ગયું. પણ આત્મામાં અસંખ્ય પ્રદેશ ધ્રુવ ચૈતન્ય ભગવાનઆત્મા એના પવિત્ર પ્રદેશનો સ્કંધ પિંડ એ સ્વક્ષેત્ર છે અને એની એક સમયની ક્ષેત્રની અવસ્થાના પ્રદેશોનો અંશ એ પરક્ષેત્ર છે. એ પરદ્રવ્ય અને પરક્ષેત્રનો આશ્રય કરવા લાયક નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ સર્વજ્ઞ પરમાત્મા અનંત વીતરાગીઓ, કેવળીઓનો સારમાં સાર આ ભાવ છે. એમાં કાળ હોય એ કાળની વાત કરી. એ આત્મદ્રવ્ય.. છે ને ? ભગવાનનો કાળ પૂર્ણ સિદ્ધ થઈ ગયો. સર્વજ્ઞપદ પામી મોક્ષ તો પહેલેથી પામ્યા હતા. આગળ એની પર્યાયનો કાળ શુદ્ધતાનો પૂર્ણ થઈ ગયો. પણ અહીં તો કહે છે કે ભગવાનઆત્મા ત્રિકાળ ધ્રુવ તે એનો સ્વકાળ છે. ત્રિકાળ ધ્રુવ વસ્તુ તે દ્રવ્યનો તે સ્વકાળ તે સ્વ સમય છે; અને એક સમયની જે પર્યાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિની જે પર્યાય, એ પરકાળની અપેક્ષાએ પર્યાય સ્વકાળ છે, પણ ત્રિકાળી દ્રવ્યના સ્વકાળની અપેક્ષાએ એક સમયની પર્યાય પરકાળ છે. આહા..હા...! એટલે કે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ આશ્રય કરવા જેવો નથી. ગજબ વાત છે. 'હિંમતભાઈ'! સમજાણું કાંઈ ?

જેને આત્મા વસ્તુ, એની ભાવના એટલે શ્રદ્ધા-જ્ઞાન, એનો વિષય જે ત્રિકાળી ધ્રુવ, એનો આશ્રય કરવા લાયક છે. જે 'કુંદકુંદાચાર્ય' 'સમયસાર'ની ૧૧મી ગાથામાં કહે છે, **'भूदत्थ मस्सिदो खलु'**. ભગવાન એક સમયમાં પૂર્ણ ધ્રુવ (છે) એનો આશ્રય કરવો. એ આશ્રયથી જીવને ધર્મની દશા પ્રગટ થાય છે. બાકી ધર્મની દશા કોઈ પરને આશ્રયે થતી નથી. ત્રિકાળ વસ્તુ ભગવાનઆત્મા, એનો એને સ્વકાળ એટલે વસ્તુ જે કાળની વસ્તુ જ પોતે એવી છે. એક સમયની વીતરાગી પર્યાય એ પણ સ્વકાળમાં ત્રિકાળની અપેક્ષાએ પરકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, પરદ્રવ્ય છે, પરક્ષેત્ર છે માટે તેને પરકાળનું, પરદ્રવ્યનું... પોતાના, હોં ! પરક્ષેત્રનું જ્ઞાન જેને યથાર્થ કરવું હોય એને સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે ત્રિકાળી તેનો આશ્રય કરવો પડશે. 'નવરંગભાઈ'! આહા..હા...!

એમ આત્મા ભાવસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આદિ ત્રિકાળ ભાવ (સ્વરૂપ છે). ત્રિકાળભાવ છે તે પોતાનો સ્વભાવ છે અને એની એક સમયની વીતરાગી પર્યાય એ ભાવ પણ પરભાવ છે. ભારે વાત, ભાઈ ! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ તો પરભાવ (છે), એ તો ક્યાંય બહાર ગયો. આહા..હા...! આ વીતરાગ માર્ગ. કહે છે કે જેને એક સમયમાં વીતરાગી દશા ક્ષાયિક સમકિત પ્રગટ્યું હોય અને ચારિત્રની પર્યાય પ્રગટી હોય, તો દ્રવ્યના (આશ્રયે), છતાં તે પ્રગટેલો ભાવ ત્રિકાળ મહા પુંજ ભાવ, આનંદના ત્રિકાળી ભાવની અપેક્ષાએ એક સમયનો ભાવ તેને પરભાવ કહેવામાં આવે છે. એટલે કે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, ત્રિકાળી ક્ષેત્ર સ્વભાવ, ત્રિકાળી કાળ ભાવ અને ત્રિકાળી ભાવ ભાવ. એમાં પર્યાય પરદ્રવ્ય, ક્ષેત્ર પર્યાય પરદ્રવ્ય, એક સમયની પર્યાય પરકાળ અને એક સમયનો ભાવ પરભાવ. એ ચારેયની ત્રિકાળી દ્રવ્યમાં નાસ્તિ છે. આમાં બધું ઊંડુ ઉતર્યા વિના સમજાય એવું નથી. બહારના બધાં પૈસા જટ મળી જાય એમ મળી જાય (એમ નથી). એ તો પુણ્યના પરમાણુને લઈને દેખાય. મળે છે ક્યાં ? દેખાય.

**શ્રોતા** :– મળતા નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મળે કોને ? ધૂળ મળે. અહીંયાં પરદ્રવ્ય મળે કોને ? અહીં તો એક સમયની પર્યાય દ્રવ્યમાં ભળતી નથી. આહા..હા...! એય..! '...ભાઈ'! એક સમયની પર્યાય પણ દ્રવ્યમાં ભળતી નથી, તો વળી આ પરવસ્તુ આવે અને મળે એ વાતમાં કાંઈ માલ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી ક્ષેત્ર, ત્રિકાળી કાળ અને ત્રિકાળી ભાવ. એ ચાર ભેદ પાડ્યા એ પણ વ્યવહાર છે. એને ચારને એકરૂપ અભેદ, એનો આશ્રય કરવાથી ધર્મની પર્યાય સમ્યક્ પ્રગટ થાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ. 'અમરચંદભાઈ'! ત્યાં તો આવું નહિ ચાલતું હોય. પોણા ત્રણ મહિના રખડવામાં હતું કાંઈ ?

**શ્રોતા** :– ત્યાં તો સાહેબ હવા-પાણી બહુ સરસ હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ધૂળમાં હવા-પાણી નથી. આહા..હા...! એ હવાના વાયરા ધ્રુવમાં પડ્યા છે એના વાયરા વાય એ હવા-પાણી છે. આહા..હા...!

અહીં તો કહે છે કે હે જીવ ! **'અપને આત્માકો જાનને કે લિયે નિરંતર જિનભાવના કર.'** એમાં એ જ વાત છે. **'અપને આત્મા કો જાનને કે લિયે...'** આત્મા જે વસ્તુ ત્રિકાળ (છે)... જાણવાની પર્યાય વર્તમાન છે. સમજાણું કાંઈ ? પણ ત્રિકાળી દ્રવ્ય જે છે એને જાણવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રયત્ન કર. આહા..હા...! જે વસ્તુ એક સમયની દશામાં આવતી નથી અને જે એક સમયની અવસ્થા ત્રિકાળીમાં ભળતી નથી, એવી જિનસ્વભાવ વસ્તુ આત્મા, એને શ્રદ્ધા-જ્ઞાનમાં વિષય બનાવ, એ ત્રિકાળીને શ્રદ્ધા-જ્ઞાનમાં ધ્યેય બનાવ, એને જિનભાવના કહેવામાં આવે છે. આવી વાત છે. આ દયા, દાન અને ભગવાનની ભક્તિના જે વિકલ્પ એ તો ક્યાંય વિકાર-મેલમાં ગયા. કહો, સમજાણું આમાં ?

**'અપની આત્માકો...'** આમાં એ આવશે. **'જાનનેકે લિયે નિરંતર જિનભાવના કર.'** એટલે ? કે આત્માની એક સમયની પર્યાયને જેને પરદ્રવ્ય, ત્રિકાળીની અપેક્ષાએ કહ્યું, એનું જ્ઞાન પણ સ્વદ્રવ્યનું જ્ઞાન કરે તો તેનું જ્ઞાન થાય. એક સમયની ક્ષેત્ર અવસ્થા અસંખ્ય પ્રદેશ, જેમાં અનંતો આનંદ ભર્યો છે, એવું જે સ્વક્ષેત્ર ભગવાન અસ્તિપણે (છે), એની એક સમયની ક્ષેત્રની દશા જેમાં નિર્મળ પર્યાયનું રહેવું છે, એ પરક્ષેત્રનું જ્ઞાન પણ સ્વક્ષેત્રી આત્મા ત્રિકાળીનું જ્ઞાન કરે તો પરક્ષેત્રનું જ્ઞાન થાય. અર્થમાં આવશે. પોતાનું અને પરનું સ્વરૂપજ્ઞાન. આમાં અર્થમાં આવશે. **'અપના ઔર દૂસરે કે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞા કી ભાવના નિરન્તર ભાને સે હોતા હૈ...'** આહા..હા...! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ ?

કહે છે કે એક સમયની અવસ્થા જે છે, એનું જ્ઞાન જે સમયે, જે અવસ્થા, તે કાળ, તે દ્રવ્યની થવાની તે પર્યાયનો સ્વકાળ સ્વતંત્ર છે. એ સ્વકાળનું જ્ઞાન પણ ત્રિકાળી જ્ઞાયકભાવ જે કાળ વસ્તુ પોતે જ આખી વસ્તુ છે, એનું જ્ઞાન અને એના આશ્રયથી જ્ઞાન થાય, ત્યારે પર્યાયનું જ્ઞાન, પરનું જ્ઞાન થાય. સ્વનું જ્ઞાન થાય ત્યારે પરનું જ્ઞાન થાય. આહા..હા...! ભારે ઝીણું. સમજાણું કાંઈ ? એમ ભગવાનઆત્મા અનંત ભાવસ્વરૂપ એકરૂપ... ઓલામાં ... કર્યું થોડું. ... અષ્ટપાહુડ પુસ્તકમાં .. કર્યું છે. ... એમાં અર્થમાં છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ. સંસ્કૃત છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ, એક સ્વભાવ, એને વિષય બનાવીને જે ધર્મપર્યાય પ્રગટ થાય, એનો પણ આશ્રય કરવા જેવો નથી. આહા..હા...! 'મગનભાઈ'! બહુ આઘું ગયું આ તો. .... એ તો .... આ તો પર્યાયની વાત છે. ૨૧ વર્ષ થઈ ગયા. આહા..હા...!

ભગવાન ! અહીં કહે છે, આવા અશુદ્ધ ભાવથી જે તાંદુલ જેવો મત્સ આટલો, એ સાતમી નરકમાં જાય. હિંસા આદિની ક્રિયા કાંઈ નથી, જીવને મારવાનો નથી, જૂઠું બોલવાનું નથી, માંસ ખાવાનું નથી, ફક્ત અશુદ્ધ ભાવ. એ મોટી કથા છે. સમજાય છે કાંઈ ? એ કથા અંદરમાં છે.

રસોયો હતો અને એક રાજા હતો. તો રસોયો માંસ ખાવા માટે રાંધતો અને એનો રાજા હતો એને માંસ ખાવાની બંધી હતી. પણ .. ભાવ થયો. ... રાંધીને આપતો. એ રસોયો હતો એને સર્પ કરડ્યો. સમજાણું કાંઈ ? કાલે છોકરો .. પરમદિ' એક દિ' ... છોકરો કહે ઓલા .. હતો. બધા કહે ... એને કાંઈ ખબર નહિ. ...

એ અહીં કહે છે કે રસોયાને સર્પ કરડ્યો. એ મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં મહામત્સ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હજાર યોજનનો થયો. સમજાણું. અને ઓલો રાજા જે હતો એ પણ મરીને સાતમી નરકે ગયો. પણ એ સાતમી નરકે કેમ ગયો અહીંથી ? કે તંદુલ મત્સ તંદુલ મસ્ત થયો હતો. ચોખા જેટલો કાનમાં મેલ ખાતો અંદર. હજાર યોજનમાં. અને મોઢુ આમ ફાડે તો કેટલાય મત્સ અંદર આવે. ઓલો વિચારે કે આ મત્સ આવે છે .. કાઢી કેમ નાખે છે આ ? તંદુલ આટલો હો ચોખા જેટલો. મને છે. વજ્ર ઋષભનારાચ સંહનન છે. આટલો મત્સ છે. પહેલું સંહનન.

ભાવના એવી છે કે ઓલો હજાર યોજનનો મત્સ હતો. આમ ઓલા મોઢું ફાડે તો ... આમ કાઢી નાખે. અરે..! આવડો હું હોઉ તો તો એકેય ને ન જવા દઉં. ભાવની અહીં વાત છે. ભાવપાહુડ છે ને ? ક્રિયાની સાથે એને કાંઈ સંબંધ નથી. એ તો જડની ક્રિયા છે. પરના અસ્તિત્વનું આ બધું છે. એના ભાવમાં એવા ભાવ.. સમજાય છે કાંઈ ? કે મરીને પાછા બે સાતમી નરકે ગયા. આહા..હા...! એ મત્સ તો જાય પણ ઓલોએ તંદુલ મત્સે ગયો. એ ભાવનાનો અહીં ભાવ આપીને. એવી અશુદ્ધભાવનાથી. અશુદ્ધભાવનાનો એક ભાગ અશુભભાવ. અશુદ્ધભાવનાનો એક ભાવ અશુદ્ધભાવ અને અશુદ્ધભાવનાનો બીજો ભાવ અશુદ્ધભાવ. એ બેય અશુદ્ધભાવ, બે ચારગતિના કારણરૂપ સાધન છે. શુભ હો કે અશુભ હો. આહા..હા...!

આ ભાવપાહુડ છે. શુદ્ધભાવ, શુભભાવનો અધિકાર નથી. જે ભાવે સ્વર્ગ મળે એ શુભભાવ પણ અશુદ્ધ છે. જે ભાવ તીર્થંકરગોત્ર બાંધવાનો છે એ ભાવ પણ અશુદ્ધ અને મેલો છે. તીર્થંકરગોત્રનો ભાવ પણ અધર્મ છે, ધર્મ નથી. એય..! એ બે અશુદ્ધભાવની ભાવના છોડ એમ કહે છે. આહા..હા...! જિનભાવના વીતરાગમૂર્તિ, પ્રભુ ! જેમાં વીતરાગતા ભરી છે, પડી છે, સત્વરૂપે બધું સત્ જ છે, એનો આશ્રય કર તો વીતરાગતા પ્રગટ થશે. નિમિત્તનો રાગનો અને પર્યાયનો આશ્રય કરીશ તો રાગ ઉત્પન્ન થશે અને લાભ માનીશ તો મિથ્યાદૃષ્ટિ થશે. સમજાણું કાંઈ ? માટે જિનભાવના, બસ પરમાત્મા પોતે શુદ્ધ આનંદનું ધામ, જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ, એવા ભાવની ભાવના કર. આહા..હા...! આવી વાત, ભાઈ! આ વીતરાગની આજ્ઞા છે. અનંત કેવળીઓ, તીર્થંકરો, પરમાત્માઓ થયા અને થશે. એની આ આજ્ઞા છે. સમજાય છે કાંઈ ?

પોતાના આત્માને જાણવા માટે. આત્મા દ્રવ્ય ત્રિકાળી છે. એને જાણવાની નિરંતર જિનભાવના, વીતરાગભાવમાં, શુદ્ધભાવમાં ધ્યેય બનાવીને નિરંતર ભાવના ધ્રુવની કર. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? એ આત્માના પકવાન છે. બાકી બધા પકવાન વિષ્ટા થઈને નીકળી જશે. આહા..હા...! આ તો હાડકા-માંસના દેખાય, વિષ્ટા બનવાનો સંચો. ગમે તે નાખો, મોસંબીના પાણી નાખો, શું કહેવાય સમજાય છે ? માવો-માવો. ઘુઘરા થાય છે ને માવાના ! આમ ઘીમાં તળેલા ઘુઘરા, અંદર માવો, અને બદામ અને પિસ્તા ઉપર લવિંગ ચોડ્યા હોય. ... છે કે નહિ ? આ ધૂળેય નથી, ભાઈ ! એ તો જડની અવસ્થાનું રૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. એ ચૈતન્ય નથી, ચૈતન્યમાં એ નથી, ચૈતન્યનથી એ થતું નથી. ચૈતન્યથી થનારું હોય તો એ જિનભાવના કહી શકે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પુણ્ય-પાપનો ભાવ એ પરદ્રવ્યના લક્ષે થાય છે. એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા...! ભગવાનની ભક્તિ અને ભગવાનનું સ્મરણ પણ પરદ્રવ્યને લક્ષે.

**શ્રોતા :–** ભગવાન પરદ્રવ્ય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો હજી પર્યાય પરદ્રવ્ય કીધી. ભગવાન તો ક્યાંય પરદ્રવ્ય રહ્યા. એ ત્યાં ૧૦ની સાલમાં કહેતા હતા. ... એ કહેતા હતા. ૧૦ની સાલમાં .. વ્યાખ્યાન ચાલતું હતું. તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્ર પર ? એ તો શુદ્ધ છે. દેવ અરિહંત પરમાત્મા શુદ્ધ જે નિર્ગ્રંથ મુનિ નગ્ન દિગંબર આત્મ ધ્યાનિ જ્ઞાનિ અમૃતના રચનારા અને શાસ્ત્ર ! પણ દેવ-ગુરુ પર ? એ તો શુદ્ધ છે કહે. અરે...! અનંતવાર પર. એકવાર શું ? દેવ-ગુરુ પર છે. અહીં તો એ તો પર કહ્યું પણ પોતાની પર્યાય પર છે. આહા..હા...! કેમ કે જેનો આશ્રય કરવાથી જીવને લાભ નહિ એને અહીં પર કહેવામાં આવે છે. 'જયસુખભાઈ'! બહુ ઝીણું ! 'પ્રવિણભાઈ'! પર્યાયનો આશ્રય કરવાથી કાંઈ લાભ ન થાય માટે, એ અપેક્ષાએ પરદ્રવ્ય છે. આ 'નિયમસાર'ની ૫૦મી ગાથા છે ને ? મોક્ષનો માર્ગ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરદ્રવ્ય. આહા..હા...! સમજાય છે ને ? એનો આશ્રય કરવા જાય તો લાભ ક્યાં છે ? એ તો વિકલ્પ ઊઠ્યો. 'પ્રવીણભાઈ'! આ બધું ઝીણું છે. ... જેવું નથી આ કાંઈ.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... આ તો અમૃતના .. વાત છે. આહા..હા...! 'આશા ઔરનકી ક્યા કીજે ? જ્ઞાન સુધારસ પીજે આશા ઔરનકી ક્યા કી જે !' ભગવાન અનંત આનંદનો નાથ, પૂર્ણ પરબ્રહ્મ પરમાત્મા પોતે નિજસ્વરૂપે દ્રવ્યપણે બિરાજે છે. એનો આશ્રય કરવાથી આત્માને આનંદ અને સમકિત થાય. બાકી બીજો કોઈપણનો આશ્રય કરવાથી આત્માને સમકિત અને આનંદ થાય નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! કહો, 'શામજીભાઈ'! બહુ આકરો માર્ગ છે. અમે સામાયિક કરીએ છીએ, પોષા કરીએ છીએ, પડિક્કમણા કરીએ છીએ, ચોવિહાર કરીએ એ કાંઈ ધર્મ ખરો ? ધર્મ ધૂળમાં પણ નથી, સાંભળને. સામાયિક ક્યાંથી આવી ? પણ આત્મા જ્ઞાયકભાવ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ ! સચ્ચિદાનંદ સ્વરૂપ ધ્રુવકંદ પરમાત્મા, એનો જ્યાં સત્ નથી, અડ્યો નથી, આશ્રય લીધો નથી, જાણ્યો નથી, એને ધર્મ ક્યાંથી હોય ? સમજાણું કાંઈ ?

... આવે છે ને ... માં. 'મોટાને ..., બેઠાને શી ચિંતા ? પ્રભુ કષાય સેવક થયાની ચિંતા.' પણ એ પરની અપેક્ષાની વાત છે. એમ ભક્તિનો વિકલ્પ છે. 'મોટાને ઉત્સંગ...' ઉત્સંગ એટલે ખોળો. ખોળો કહે ને ? ગોદ. 'મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા !' માતાની ગોદમાં બેઠો હોય એને ચિંતા ન હોય કે ... આવશે તો મને .. કરશે. મારી મા રક્ષા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરશે. સમજાણું કાંઈ ? 'પણ પ્રભુ .....' પ્રભુ! તારો આશ્રય લીધો. એટલે તે જે કીધું એવો દ્રવ્યનો આશ્રય લીધો .. થઈ જાય. સમજાણું કાંઈ ? ભગવાને આજ્ઞા કરી કે એક દ્રવ્ય સ્વભાવ તારો પૂર્ણપરમાત્મા તે તારું સ્વદ્રવ્ય છે. એનો આશ્રય કર, એમાં દૃષ્ટિ પસાર, એને જ્ઞેય બનાવ. ખલાસ થઈ જઈશ. .. સંસાર જ નથી. ભવ જ નથી. ભવનો ભાવ જેને નથી ને. અરે..! જેના મોક્ષની પર્યાય અથવા કેવળજ્ઞાન પર્યાય પણ જેને નથીને...!

કેવળજ્ઞાન એ સત્ વ્યવહાર છે, એ અસત્દભૂત વ્યવહારનો વિષય છે, નિશ્ચયનો વિષય નથી. આહા..હા...! 'રવજીભાઈ'! એ આ અપેક્ષાએ છે. .... આહા..હા...! કારણ પ્રભુ પૂર્ણાનંદ બિરાજે છે ને. એમાં તો કહ્યું છે ને ? 'અલિંગગ્રહણ'માં. કારણદ્રવ્ય પર્યાયને સ્પર્શતી નથી, આહા..હા...! આલિંગન કરતું નથી. તારો વીતરાગી પર્યાય ધર્મ જે થયો, એ દ્રવ્યને આશ્રય થયો, એ વીતરાગી પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા...! ગજબ વાત કરી. વીતરાગના પેટ ઊંડા છે. મૂળ વીતરાગ પુરુષનો ધર્મ આત્માના દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય, એ વીતરાગી પુરુષોનો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે. હાય.. હાય.. હવે ત્યારે મારે કરવું શું ? આ બધું .. અંદરમાં સમજવું. અંદરમા વસ્તુ છે એને સમજવી એ કરવાનું નથી ? એય..!

**શ્રોતા :–** કોઈ દેખતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ દેખતા નથી. દેખતા નથી એવો તે કોણ નક્કી કરનારો ? દેખતા નથી એવો નિર્ણય કઈ ભૂમિકામાં થયો ? કોની ભૂમિકામાં ? – દેખનારની ભૂમિકામાં છે. સમજાણું કાંઈ ? આ 'જયસુખભાઈ'ના ભત્રીજા છે. .... કરે જ છે. સાત વર્ષ પહેલાં. અત્યારે ચૌદવર્ષનો થઈ ગયો. સાત પહેલાં એણે પૂછ્યું હતું. ત્યારે તો અહીંયાં આ કોઈ સામું નહોતા જોતા.

**શ્રોતા :–** રખડતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રખડતા હતા. 'વીરજીભાઈ'ને કારણે ગયા અને એમાં .. હોય નહિ! એ 'પરેશે' પ્રશ્ન કર્યો હતો. એમના ભત્રીજા. છે તો હોશિયાર. એના ઘરમાં ... થયા છે. કહે કે મહારાજ ! તમે આત્મા દેખો... આત્મા દેખો... આત્મા દેખો... કર્યા કરો છો પણ અમારે આત્મા ક્યાં દેખવો ? બહાર જોઈએ તો આ દેખાય, આંખ મીચીએ તો અંધારું દેખાય. 'ભાઈ'? સાત વર્ષનો છોકરો પ્રશ્ન કરે. ... આમ દેખીએ તો આ દેખાય અમારે આત્મા ક્યાં જોવો ? જો અંધારુ દેખાનાર કોણ છે ? અંધારું દેખનાર અંધારા સ્વરૂપે નથી, અંધારું દેખનાર પ્રકાશસ્વરૂપે છે. અંધારામાં અંધારાનું જ્ઞાન થતું નથી, જ્ઞાનમાં અંધારાનું જ્ઞાન થાય છે. આ .. તે દિ' તમે નહોતા આવતા. ..

સત્યને સમજવું હોય અને હિત કરવું હોય તો માર્ગ જ આ છે. બાકી તો બધું આ જગતમાં રખડવાનું ચાલે છે. પૈસાવાળા હોય કે રાજા હોય બધા દુઃખીના દાળિયા છે. એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હશે કે નહિ '...ભાઈ'! ત્યાં જોયું હશે કે નહિ તમે ? ઓલા બાગ-બગીચા ને બધા. છોકરાના બાગ-બગીચા જોવા ગયા હતા. કેવું ? વૈભવ. અરે..! વૈભવ તો તારો નાથ અંદરમાં પડ્યો એને જો ને. આ તો હાડકાના વૈભવ બધા ધૂડના છે. એને સામું જોઈશ તો રાગ અને આકુળતા થશે. તારો અંતર વૈભવ અનંતગુણનો પિંડ પ્રભુ મહાવૈભવ. આત્મવૈભવ જેને કહ્યો છે. આહા..હા...! એવા આત્મભાવના વૈભવને તું જાણ અને એની ભાવના કર એમ કહે છે. પૈસા માટે તો જુઓને ત્યાં રખડતા હતા ને. ક્યાં ગયા હતા ? 'આફ્રિકા'ને બધે. એ તો ત્યાં ગયા. બીજા ઘણા રખડે છે ને. આહા..હા...!

ભાઈ! તારી લક્ષ્મી તો અંદરમાં પડી છે, ભાઈ! તને કમાતા આવડતું નથી. રળતા આવડતું નથી. બહારમાં ભટક્યા કરે છે. 'ભટકત દ્વાર દ્વાર લોટનકે કૂકર આશા...' દસ વાગે એટલે ઓલા કૂતરાની જેમ ઘરે ઘરે ... સામું નાખે. એમ જ્યાં ત્યાં ભટકે. એવા એવા .. આડતિયાને બોલાવા પડે. ... પિતાંબરી .. બહેનબા આવો આવો. .... બહેનબાને બોલાવે. આહા..હા...! ભિખારા છે. તે દિ' કહે છે હોં. .... આવો બહેન આવો બહેન જરા.... પણ ઓલા છ બીજા એક એક એવા આખો દિ' ઘણા ગ્રાહક આવે. અરે..રે..! ભિખારા.. ભિખારીની નાત કાંઈ જુદી કહવાતી હશે ? 'ચંદુભાઈ'!

અહીં કહે છ કે અરે..! નાથ! **'અશુદ્ધભાવકે મહાત્મ્યસે તન્દુલ મત્સ્ય જૈસા અલ્પજીવ...'** આટલો નાનો. **'સાતવીં નરક કો ગયા...'**

**શ્રોતા :–** અશુભભાવનું પણ મહાત્મ્ય ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે ને મહાત્મ્ય. મહાત્મ્ય એટલે કે આ અશુભભાવના ફળ તરીકે સાતમી નરક. આટલો મત્સ. કાનમાં મત્સ. હજાર યોજન મત્સના કાનના મેલ ખાય. કાનના મેલ ખાય. ... જાવું ન પડે. એના ઓલા માંસની ... મોઢામાં.. .. હોં ચોખા જેટલો. અહીં તો ચોખા જેટલો શું ચોખાના અસંખ્યમાં ભાગ જેટલો હોય. તંદુલના અસંખ્યમાં ભાગ જેટલો મત્સ્ય હોય છે. સાતમી નરકે જાય. .. પહેલી સમજણ હોય. એમ ભાવ. ક્રિયા-ક્રિયા કાંઈ ન મળે. આહા..હા...! એમાં ઓલી ... ના એ મોઢું આમ કરે. ... અર..ર..! ક્રિયા તો છે એમ કહે. ધૂળેય ક્રિયા ન હોય. આટલો નાનો મત્સ છે. ભાવ અંદરમાં એટલી મત્સ હિંસા.. આહા..હા...!

જે સાતમી નરકે બ્રહ્મદત્ત ચક્રવર્તી ગયો ત્યાં એ નરકે ગયો, ત્યાં એ મત્સ ગયો. શરીરનુ.. જરૂર નથી. સાધક ઘણા હોય તો પાપ ઘણા થાય એવું કાંઈ નથી. પરિણામ ઉપરની વાત અહીં તો છે. તો કહે છે, **'અન્ય બડે જીવ ક્યોં ન નરક જાવેં, ઇસલિયે ભાવ શુદ્ધ કરનેકા ઉપદેશ હૈ.'** તેથી ભાવ શુદ્ધ કરવાનો ઉપદેશ છે, ભાઈ! ભગવાનઆત્મા પરમાત્મા શુદ્ધ ચૈતન્ય છો, એનું જ્ઞાન અને શ્રદ્ધા કર તે શુદ્ધ કહેવામાં આવે છે. એ વિના શુદ્ધતા પ્રગટશે નહિ, અને શુદ્ધતા વિના ધર્મ નથી. પુણ્ય-પાપના પરિણામ એ ધર્મ નથી. તે ધર્મનું કારણ પણ નથી. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ભાવ શુદ્ધ હોને પર...'** જુઓ! **'ઇસલિયે ભાવ શુદ્ધ કરનેકા ઉપદેશ હૈ. ભાવ શુદ્ધ હોને પર અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જાનના હોતા હૈ.'** ભાવ ત્રિકાળી જ્ઞાયકભાવની શ્રદ્ધા-જ્ઞાન થાય, ત્યારે તેને શુદ્ધ દ્રવ્ય અને પર્યાયનું સાચું જ્ઞાન થાય. ત્યારે તેને રાગ હતો એનું જ્ઞાન થાય, દેવ-ગુરુ આ છે એનું એને જ્ઞાન થાય છે, પણ ભાવશ્રુત તેને આશ્રયે પ્રગટ કરે તો. સમજાણું કાંઈ ? **'ભાવ શુદ્ધ કરને કા ઉપદેશ હૈ.'** પુણ્ય-પાપભાવ અશુદ્ધ છે, મલિન છે. આહા..હા...! ભગવાનની ભક્તિના ભાવ પણ મલિન છે, પંચમહાવ્રતના પરિણામ પણ મલિન છે, અચેતન છે, જડ છે. કારણ કે એમાં ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવનો અંશ આવતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'ભાવ શુદ્ધ હોને પર...'** એ .. ધર્મ સત્ય ભગવાનઆત્મા એની શ્રદ્ધા-જ્ઞાન થયે.. **'અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જાનના હોતા હૈ.'** ત્રિકાળી આત્માનું જ્ઞાન થાય, એક સમયની અવસ્થાનું જ્ઞાન થાય, રાગ બાકી રહ્યો એનું જ્ઞાન થાય, નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન પોતાથી પોતામાં થાય, પણ સ્વનું જ્ઞાન કરે તો. સમજાણું કાંઈ ? આ 'અષ્ટપાહુડ' છે ને ? **'ભાવ શુદ્ધ હોને પર અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જાનના હોતા હૈ. અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરન્તર ભાને સે હોતા હૈ,...'** જિનદેવની આજ્ઞા એ છે કે ધ્રુવનો આશ્રય લે. આહા..હા...! ભગવાન કહે છે કે તું મારુ સામું જોવાનુ મૂકી દઈશ. આહા..હા...!

ભગવાનની આજ્ઞામાં એમ આવ્યું છે કે તું મારી સન્મુખ જોવું ભૂલી જા. તારા ભગવાનની સામે જા તો તને જ્ઞાન થશે. આહા..હા...! સૂક્ષ્મ શલ્યો હોય છે, એની એને અનંતકાળની ખબર પડી ગઈ છે. સમજાણું કાંઈ ? એવું લાગે અંદરથી. આહા..હા...! લાગણી ઓછી થઈ જાય. અરે..! 'કાન્તિભાઈ'! .... 'શ્રીમદ્' કહે છે ને એક ઠેકાણે, 'વચનામૃત વીતરાગના પરમશાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના .. પણ કાયરને પ્રતીકુળ' કાયર હોય તો રાડ નાખે. અર..ર..ર..! હાય હાય આ તો બધો વ્યવહારનો લોપ-લોપ. લોપ નથી, છે તેમ જાણવા જેવું છે. પણ ક્યારે તેને જાણે ? કે સ્વદ્રવ્યનું જ્ઞાન યથાર્થ કરે તે પરને યથાર્થ જાણે. સમજાણું કાંઈ ?

**'અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી ભાવના...'** આજ્ઞાની ભાવના. મર્યાદા સ્વરૂપ જે ચૈતન્ય ભગવાનઆત્માનું, એની શ્રદ્ધા-જ્ઞાન કરવું, એમાં સ્વનો આશ્રય કરવો એવી વીતરાગની આજ્ઞા છે. અનંત તીર્થંકરો, અનંત વીતરાગીઓ, અનંત કેવળીઓની એવી આજ્ઞા છે કે તારું પૂર્ણ દ્રવ્ય ધ્રુવ છે તેનો આશ્રય લે. સમજાણું કાંઈ ? આ છેલ્લા માં છેલ્લો ભગવાનના ઘરનો ચુકાદો છે. **'અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી...'** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે આજ્ઞા કરી કે સ્વરૂપનો આશ્રય લે. **'भूदत्थमस्सिदो खलु'** (શ્રી સમયસારની)૧૧મી ગાથા. ભૂતાર્થનો આશ્રય લે તો સમ્યગ્દર્શન થશે, ત્રિકાળનો આશ્રય લે તો સમ્યગ્જ્ઞાન થશે, ત્રિકાળનો આશ્રય સત્ છે તો ચારિત્ર થશે. એવી વીતરાગની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આજ્ઞા.. કહો, 'જેઠાભાઈ'! આમાં બહારનું કાંઈ રહેતું નથી.

**'અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જ્ઞાન જિનદેવની...'** પહેલા એમ કહ્યું કે **'ભાવ શુદ્ધ હોને પર અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જાનના હોતા હૈ.'** પહેલાં એમ કહ્યું. પછી એમ કહ્યું કે **'અપને ઔર દૂસરે કે સ્વરૂપકા જ્ઞાન જિનદેવની આજ્ઞાકી ભાવના...'** ભગવાને વીતરાગ સ્વભાવ આત્માનો એની ઉપર મીટ માંડ, એને ધ્યેય બનાવ, એનો વિષય કર તે ભગવાનની આજ્ઞા છે. આહા..હા...! આચાર્યોની .. છે. પછી એના બધા વાંધા ઊઠ્યા. ..... એવું .. છે. આચાર્યમાં છે. એ વખતે તો એમ કહેતાં કે '...મુનિ' .. કહે છે. શ્વેતાંબર શાસ્ત્રની .. છે ને ? એના આચાર્ય બનાવી દીધા. સમજાણું કાંઈ ? એ 'જયચંદભાઈ'! એમાં એ શબ્દ આવે છે, .... આજ્ઞામાં એક ઉપર સિદ્ધ .. કરતાં નથી, અને અણાણા એટલે પુરુષાર્થ. આજ્ઞા વિનાનો પુરુષાર્થ જગતના પ્રાણિઓ કરે. .... એ તને ન હોય. ત્યારે અંગીકાર કરે. લ્યો એમાં ભગવાને એમ નથી કહ્યું કે પુરુષાર્થ કર. અરે..! ભગવાન! કીધું એનો અર્થ શું છે ? આજ્ઞા ભગવાનની છે કે આત્મા ત્રિકાળી છે તેનો આશ્રય લે. એનો ઉદ્યમ કરતા નથી તેમ તને ન હજો. દ્રવ્યમાં ઉદ્યમ કરતો નથી તે તને હજો અને દ્રવ્યના આશ્રય વિનાનો બીજો બધો ઉદ્યમ કરો છો તે પણ તને હજો. .... એ તીર્થંકરનું ... છે. આહા..હા...! એ તીર્થંકરનો અભિપ્રાય છે. અનંત તીર્થંકરનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ ? ... આવતા હો. જૈસેનાચાર્ય ટીકા કરતાં હોય ત્યારે. .... આજ્ઞા બહારનો ઉદ્યમ અને આજ્ઞામાં આળસ હે .. ન કર. આજ્ઞા શું ? પહેલાં પંચમહાવ્રત પાળવા અને આ ...સમિતિ... એ આજ્ઞા નહિ.

**શ્રોતા :–** જિનભાવના..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જિનભાવના તે આજ્ઞા છે. આહા..હા...! અમને ભૂલી જા અને તને સંભાર. એમ કહે છે, ભગવાન એમ કહે છે. તું તને ભૂલી ગયો છો અને અમને સંભારો છો એમાં કાંઈ માલ નથી. કહે છે, **'જિનદેવકી આજ્ઞાકી ભાવના...'** છે ... છે, જુઓ! નિત્ય એટલે શું ? કે જ્ઞાયકભાવ ત્રિકાળી છે તેની દૃષ્ટિ નિરંતર રહેવી જોઈએ. કોઈ સમયે પણ પર્યાય અને વિકલ્પનો આશ્રય હોય એમ બને નહિ. એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '...ચંદભાઈ'! ભારે ભાઈ! આહા..હા...!

કહે છે, **'इति ज्ञात्वा आत्मानं भावय' 'आत्मानं भावय'** ભગવાનઆત્મા. એને વિશ્વાસમાં લેતો નથી. આવો મોટો આત્મા છે એમ બેસતું નથી. રાંક થઈને પડ્યો છે ને. મોટો બાદશાહ છે. ત્રણલોકનો નાથ એક સમયમાં મારી પર્યાય જાણે એવી તો અનંતી પર્યાયનો કંદ હું છું. કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવડો હું નથી.

કેવળજ્ઞાન તો એક અંશ છે. એક સમયની અવસ્થા છે. એ અનંતી... અનંતી... અનંતી... અનંતી... અવસ્થાનો સાગર ભગવાનઆત્મા.. આહા..હા...! એનો આશ્રય કર. એ **'જિનદેવની આજ્ઞાકી ભાવના નિરન્તર ભાને સે હોતા હૈ,...'** લ્યો. શું કહે છે ? સ્વ-પરનું જ્ઞાન યથાર્થ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જિનાજ્ઞાની એટલે દ્રવ્યના સ્વભાવના નિરંતર આશ્રયથી સ્વ-પરનું સાચું જ્ઞાન થાય છે. નહિતર સ્વપરનું સાચું જ્ઞાન થતું નથી. **'ઇસલિયે જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર કરના યોગ્ય હૈ.'** લ્યો. જિનદેવની આજ્ઞા વીતરાગભાવ પ્રગટ કરવાને અને વીતરાગભાવનું પ્રગટપણું વીતરાગ સ્વભાવને આશ્રયે થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પછી કથા કહે છે. હમણા કીધીને ? એ કથા છે. છેલ્લો પેરેગ્રાફ.

**'ઇસલિયે આત્મજ્ઞાન કે બિના કેવલ પુણ્ય હી મોક્ષકા સાધન નહીં હૈ.'** છેલ્લો શબ્દ છે. આત્માના જ્ઞાન વિના કેવલ પુણ્ય, એ દયા, દાન, ભક્તિ, વ્રત, વિકલ્પ, શુદ્ધ એ કોઈ મોક્ષનું કારણ છે નહિ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ..... આરૂઢ કહેવાય છે. છે ક્યાં ? વ્યવહારે કહેવાય. આરૂઢ કહેવાય. આ સાધન કર્યું હોય, સ્વભાવને સાધન કર્યું હોય, તો રાગાદિ ભક્તિના વિકલ્પને, વ્રતના વિકલ્પને વ્યવહાર સાધને .. કહેવામાં છે. સાધન નથી એને સાધન કહેવું એનું નામ વ્યવહાર. સાધન છે તેને સાધન જાણવું અનું નામ નિશ્ચય. 'મૂળચંદભાઈ'! આહા..હા...!

કહે છે, **'ઇસલિયે આત્મજ્ઞાન કે બિના કેવલ પુણ્ય હી મોક્ષકા સાધન નહીં હૈ.'** એવા પુણ્ય તો અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે કર્યા. અગિયાર અંગનું જ્ઞાન કર્યું, નવપૂર્વ ભણ્યો અને ... કરે. લેવા જાય તો .. ખાય. .. ન ખાય. ચામડા ઉતારીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એવી બહારની જિનદીક્ષા અનંતવાર લીધી. એ કાંઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ ?

**'આગે કહતે હૈં કિ ભાવરહિતકે બાહ્ય પરિગ્રહકા ત્યાગાદિક સબ નિષ્પ્રયોજન હૈ :–'** આહા..હા...!

**बाहिरसंगच्चाओ गिरिसरिदरिकंदराइ आवासो।**
**सयलो णाणज्झयणो णिरत्थओ भावरहियाणं।।८९।।**

આ જ્ઞાન અને અભ્યંતરે બધું દ્રવ્યના શુદ્ધભાવની શ્રદ્ધા અને શુદ્ધભાવ .. એ બધું નિરર્થક–નિરર્થક. શાસ્ત્રના ભણતર નિરર્થક, શાસ્ત્રના અધ્યયન નિર્થક, શાસ્ત્ર વાંચવું નિરર્થક. 'સુજાનમલજી'!

**શ્રોતા :–** .. ગજબ કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગજબ છે.

**શ્રોતા :–** ... મરી ગયા બિચારા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મિથ્યાત્વભાવમાં મરી ગયા બિચારા. સમજાણું કાંઈ ?

**'જો પુરુષ ભાવ રહિત..'** ભાવ શબ્દે શુદ્ધ. **'શુદ્ધ આત્મા કી ભાવના સે રહિત હૈ...'** જુઓ! જેને ભગવાનઆત્મા .. એની ભાવના નથી એટલે શ્રદ્ધા નથી, તેનું જ્ઞાન નથી, તેમાં એકાગ્ર નથી, તેમાં સન્મુખતા નથી. એ વિનાના જીવો **'બાહ્ય આચરણસે સન્તુષ્ટ હૈ, ઉનકે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**બાહ્ય પરિગ્રહકા ત્યાગ હૈ વહ નિરર્થક હૈ.**' નગ્નપણું ધારણ કરે, હજારો રાણીઓ છોડે એ બધું નિરર્થક છે. માન્યતામાં છે, માન્યતામાં તો પોતાનો રાગ છે અને રાગનો આશ્રયે તો અંદર પડ્યો છે. શ્રદ્ધામાં તો રાગથી લાભ થાય એ દૃષ્ટિ પડી છે. રાગનો સ્વામી, રાગનો ધણી અને રાગનો જ કર્તા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**બાહ્ય પરિગ્રહકા ત્યાગ હૈ વહ નિરર્થક હૈ. ગિરિ (પર્વત) દરો (પર્વતકી ગુફા) સરિત (નદીકે પાસ)...**' નદીનું તટ.... આ કરે ને મહિના-મહિનાની તપસ્યા કરે. ... એમ લાગે ... પુણ્ય કરે છે. ધૂળમાં પણ નથી કાંઈ. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનો આશ્રય લઈને શુદ્ધભાવરૂપી સમ્યગ્દર્શન અને પર્યાય પ્રગટ કરી નથી, એને માટે એ બધું પર્વત, ગિરિ અને નદિ. '**કંદર (પર્વત કે જલસે ચીરા હુઆ સ્થાન)**' કંદર-કંદર. '**પર્વત કે જલસે ચીરા હુઆ સ્થાન)**' છે ને ? પર્વતના જળથી .. નીચું સ્થાન. '**ઇત્યાદિ સ્થાનોંમેં આવાસ (રહના) નિરર્થક હૈ.**' એ બધું રણમાં પોક મૂકવા જેવું છે. આહા..હા...!

'**ધ્યાન કરના,...**' ધ્યાન કરે બીજા. પણ હવે વસ્તુની શ્રદ્ધાની ચીજ જ્યાં દ્રવ્યનો આશ્રય નથી, ત્યાં તારા ધ્યાન કેવા ? એ એકડા વિનાના મીંડા છે. '**ધ્યાન કરના, આસન દ્વારા મનકો રોકના,...**' લ્યો. આસન લગાવી અને મનને રોકે. '**અધ્યયન (પઢના)...**' લ્યો. '**જ્ઞાનાધ્યયનં**' એમ છે ને ? જ્ઞાન એટલે ... જ્ઞાન અધ્યયન. ધ્યાનમાં મનને અશુદ્ધથી જરી રોકે અને '**અધ્યયન (પઢના) યે સબ નિરર્થક હૈ.**' વસ્તુના દ્રવ્ય સ્વભાવની શ્રદ્ધા શુદ્ધતા વિના એ બધું નિરર્થક-નિરર્થક છે. સમજાણું કાંઈ ?

'**બાહ્ય ક્રિયાકા ફલ આત્મજ્ઞાન સહિત હો તો સફલ હો,...**' તો નિમિત્તપણે એમ કહેવાય, '**અન્યથા સબ નિરર્થક હૈ.**' આત્માનું જ્ઞાન એટલે સ્વભાવ જ્ઞાન આત્મા, એને અડ્યા વિના, સ્પર્શ્યા વિનાનું જ્ઞાન એ બધું નિરર્થક છે, એનું ભણતર પણ નિરર્થક.

**શ્રોતા :–** સફળ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સફળ... સફળ... ચારગતિમાં રખડવા માટે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મટાડવા માટે નહીં; ચાર ગતિમાં રખડવા માટે છે. ... કર્યો હતો ને ? લાંઘણ કર્યું હતું ને. એણે લાંઘણ કર્યું હતું. હવે ભૂલી ગયા છો ને .... વર્ષિતપ કર્યો હતો, આવા હોશિયાર માણસો. ... આહા..હા...!

કહે છે, એ '**પુણ્યકા ફલ હો તો ભી સંસારકા હી કારણ હૈ,...**' ઠીક. રાગની મંદતા હોય તે સંસારનું કારણ છે. '**મોક્ષફલ નહીં હૈ.**' મોક્ષ નથી. સંસાર છોડ્યું એ તો અનાદિથી છોડ્યું તે પર છે. એમાં કાંઈ નવું છે. શુદ્ધભાવની શ્રદ્ધા-જ્ઞાન વિના અને શુદ્ધભાવને પ્રગટ કર્યા વિના આ બધું નિરર્થક... નિરર્થક... નિરર્થક છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૮૭,૮૮,૮૯, પ્રવચન નં. ૧૬૫
તા. ૧૫-૦૬-૧૯૬૯
[૨૩]

૮૭ ગાથાનો ભાવાર્થ. ભાવાર્થ છે. શું કહે છે ? કે આત્મા પોતાનો ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વભાવ જ્ઞાન છે. છતા કર્મનો ઉદય જડ છે, જડ. એ નિમિત્તમાં લક્ષ જવાથી તેની પર્યાયમાં મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતી પરિણામ ઉત્પન્ન થાય છે. એ ભાવ જીવનો છે અને ઉદય જડનો ભાવ છે. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા પોતાના શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છે, ઉપયોગ શુદ્ધ સ્વરૂપ. છતાં અનાદિ કર્મના સંગથી જે કર્મનો ઉદય આવે છે, એમાં જે રાગ, દ્વેષાદિ સ્વાદ જડનો, હોં ! જડનો. એમાં પોતાની સ્વચ્છતાના કારણે ઉપયોગમાં એ રાગ-દ્વેષાદિ ઝળકે છે, અથવા ઉપયોગ રાગ-દ્વેષાદિ થઈ જાય છે. સમજાણું કાંઈ ? એ જીવનો ભાવ છે અને ઉદયિક જે છે તે જડનો (ભાવ છે). બેને ભિન્ન બતાવવા છે. સમજાણું કાંઈ ?

**'પુદ્ગલના પરમાણુઓ પૌદ્ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે.'** જડ. પુદ્ગલ જડ પરમાણુ એ કર્મરૂપે પરિણમે છે. કાલે પ્રશ્ન કર્યો હતો કે મિથ્યાત્વ જડમાં કેમ ? પણ એ દર્શનમોહની પર્યાયને અહીં મિથ્યાત્વ કહેવામાં આવ્યું છે. કર્મની દર્શનમોહની પર્યાય એ જડની પર્યાયને જડ મિથ્યાત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એ **'પુદ્ગલના પરમાણુઓ પૌદગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક (ઉદય) થતાં...'** એ કર્મ સત્તામાં છે, એનો **'વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે...'** જડમાં. જડમાં મિથ્યાત્વ, અવિરત, રાગ-દ્વેષનો સ્વાદ જડમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? પંડિતજી ! ઝીણું પડે છે. જુઓને પણ શું કહે છે ?

**'પુદ્ગલના પરિમાણુઓ પૌદગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં...'** તેમાં નામ કર્મમાં, જડમાં. **'મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે...'** એ કર્મનો સ્વાદ નામ ઉદય-પાક એ કર્મનો સ્વાદ છે, એ અજીવ છે. એ પર્યાય અજીવ છે. દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય એ બધી જડની પર્યાય છે. આહા..હા...! અજીવ છે ને ? અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય અજીવ, ત્રણે અજીવ છે. દ્રવ્ય અજીવ છે, ગુણ અજીવ છે અને પર્યાય અજીવ છે.

**'તે મિથ્યાત્વાદિ અજીવ છે;...'** જુઓ ! એ દર્શનમોહ જડ છે, જે મિથ્યાત્વભાવમાં નિમિત્ત થાય છે. મિથ્યાત્વભાવ જીવમાં (થતો) જીવભાવ (છે). એમાં કર્મનો ઉદય–પાક નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે એ અજીવ છે, જડ છે. **'તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે; અને કર્મના નિમિત્તથી...'** હવે, જે અજીવ છે એના નિમિત્તથી **'જીવ વિભાવરૂપ પરિણમે છે...'** જીવ પોતામાં મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ, અવ્રત, કષાય, પ્રમાદરૂપ, વિભાવરૂપ પોતામાં પરિણમે થાય છે, એ જીવનો ભાવ છે, જીવનો ભાવ છે. અહીં તો એટલું સિદ્ધ કરવું છે ને. બે ક્રિયા ભિન્ન સિદ્ધ કરવી છે ને ? સમજાણું કાંઈ ?

**'કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે, તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે, તેથી તેઓ જીવ છે.'** સમજાણું કાંઈ ? મિથ્યાત્વભાવ, પરમાં સુખ છે, પુણ્યભાવમાં સુખ છે એવો જે મિથ્યાત્વભાવ એ જીવની વિકારી પર્યાય છે, અને કર્મનો પાક એ તો અજીવની પર્યાય છે. બન્ને એક સમયે, એક ક્ષેત્રે હોવા છતાં બન્નેનો ભાવ ભિન્ન છે.

**શ્રોતા :–** ઉદયરૂપ સ્વાદ એ અજીવનો છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અજીવનો છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જીવની પર્યાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એટલી વાત કરી.

**'અહીં એમ જાણવું કે :– મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ...'** જડ પરમાણુ. **'પુદ્‌ગલદ્રવ્યના પરમાણુ છે.'** એટલી વાત એક બાજુ. જેટલી મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે – દર્શનમોહ, ચારિત્રમોહ, જ્ઞાનાવરણી, અંતરાય વગેરે **'પ્રકૃતિઓ છે તે પુદ્‌ગલદ્રવ્યના પરમાણુ છે.'** બસ, એક તો એ વાત. **'જીવ ઉપયોગસ્વરૂપ છે.'** જીવ જાણન-દેખન ઉપયોગસ્વરૂપ છે, બસ એટલું. સમજાણું કાંઈ ? કર્મ પુદ્‌ગલરૂપ છે, પરમાણુરૂપ છે, જીવ ઉપયોગરૂપ છે. આ બે ચીજ (છે).

**શ્રોતા :–** હવે વિભાવ સાબિત કરવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હવે વિભાવ સિદ્ધ કરવો છે.

**'તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે...'** જાણન-દેખન ભગવાનઆત્માની ઉપયોગ સ્વચ્છતા એવી છે કે **'પૌદ્‌ગલિક કર્મનો ઉદય થતાં...'** કર્મનો વિપાક થવાથી **'તેના ઉદયનો જે સ્વાદ આવે...'** એ જડ છે. ત્યાં સુધી જડ છે. કર્મનો પાક-સ્વાદ આવે ત્યાં સુધી તો તે અજીવ છે. બે વાત કરી છે ને ? એક પુદ્‌ગલ પરમાણુ છે, એક જીવ ઉપયોગમય છે. બસ, આ બે વાત. હવે, પુદ્‌ગલકર્મમાં પર્યાય થઈ, પાક (થયો). મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અવ્રત એ જડની પર્યાય જડમાં (થઈ). એનો સ્વાદ જડમાં, એનો સ્વાદ અજીવ. **'તેના આકારે ઉપયોગ થઈ જાય છે.'** એ જીવ.

જાણન-દેખન ઉપયોગ રાગ-દ્વેષાદિ કર્મનો વિપાક છે, એ જડમાં છે, પણ સ્વચ્છતાના કારણે પોતામાં લક્ષ નથી, પરમાં લક્ષ છે તો ઉપયોગ રાગ-દ્વેષાદિ, મિથ્યાત્વાદિ (આકારે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપયોગ થઈ જાય છે. એનો આકાર એ જીવની પર્યાય છે. સમજાણું કાંઈ ? ઉપયોગ.

**'અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી...'** એ જડનો સ્વાદ અને પોતાના ઉપયોગની વિકારી પર્યાય, એની જુદાઈનું ભાન નથી. બહુ ધીરજની વાત છે. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા ઉપયોગ જાણન-દેખન **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं'** એ તો જાણન-દેખન ઉપયોગ સ્વરૂપ ત્રિકાળ સ્વરૂપ ભગવાન (છે), અને કર્મ પરમાણુ છે. બસ, બે વાત. હવે, કર્મ પરમાણુમાં કર્મનો પાક જ્યારે ઉદય થાય છે ત્યારે તેનો સ્વાદ, મિઠાશ મિથ્યાત્વની, અવ્રતની, કષાયની એ જડની સ્વાદ દશા છે. એ જડની સ્વાદ દશા તરફ ઉપયોગ જીવ સ્વરૂપ છે તેનુ લક્ષ ત્યાં છે તો ઉપયોગ એ આકારે થઈ જાય છે. મિથ્યાત્વ પરિણામ, રાગ પરિણામ, દ્વેષ પરિણામ એ રૂપે ઉપયોગ થઈ જાય છે. 'વજુભાઈ'! અહીં સુધી તો વાંધો નથી. જરી જીવભાવ અને અજીવ ત્યાં થોડો વાંધો છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** દૃષ્ટાંત આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દર્પણ લ્યો. એનું દૃષ્ટાંત આપ્યું હતું. સામે વસ્તુ છે તો વસ્તુની પર્યાય વસ્તુમાં છે. દર્પણમાં જે દેખાય છે એ દર્પણની અવસ્થા છે. સામે અગ્નિ છે તો અગ્નિ દર્પણમાં દેખાય છે ને ? એ અગ્નિ નથી, એ તો દર્પણની અવસ્થા છે, પણ ઉપાધિ છે.

એમ ભગવાનઆત્મા જાણન-દેખન ઉપયોગસ્વરૂપી પ્રભુ છે અને કર્મ પરમાણુ અજીવપણે ભિન્ન છે. જુઓ ! ક્યાં ભૂલ થાય છે એની વાત કરે છે. અજીવ કર્મનો વિપાક થાય છે, તો એને સ્વાદ મિથ્યાત્વનો, અવ્રતનો, રાગ-દ્વેષનો જડનો સ્વાદ જડમાં વિપાક થઈને આવે છે. ત્યારે આત્મા ઉપયોગસ્વરૂપ હોવાથી સ્વચ્છતા એવી કોઈ છે કે પર ઉપર લક્ષ હોવાથી જેવો જડનો સ્વાદ છે એવો આકાર પોતામાં થઈ જાય છે. જે રીતે અગ્નિ બહાર છે એમ અરીસામાં દેખાય છે. એમ સ્વચ્છતાની એવી શક્તિ છે કે સામે કર્મનો પાક થયો એ તરફનું લક્ષ (છે તો એ આકારે ઉપયોગ થઈ જાય છે). સ્વરૂપનું તો લક્ષ નથી. જ્ઞાનીની વાત અનાદિ... નથી. સમજાણું કાંઈ ?

કર્તા-કર્મ અધિકાર છે ને ? એ અજ્ઞાનીનું કર્મ છે. વિકારરૂપ, પુણ્ય-પાપરૂપ, દયા-દાનરૂપ, મિથ્યાત્વરૂપ થવું–ઉપયોગમાં એ આકાર થવો એ જીવની અવસ્થા છે. એ દુઃખરૂપ દશા છે, પણ છે પોતાની પર્યાય. સમજાણું કાંઈ ? **'અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી...'** કર્મનો પાક અજીવનો અને ઉપયોગમાં જે રાગ-દ્વેષ મિથ્યાત્વની આકૃતિ થઈ, તેની જુદાઈપણાનું ભાન નથી.

**શ્રોતા :–** ઉપયોગ તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકારી-વિકારી આકૃતિ. વિકારી આકૃતિ અને જડ. સમજાણું કાંઈ ? અહીં બે ભાવ ભિન્ન બતાવવા છે ને ? જીવભાવ અને જડભાવ. એટલું છે ને અહીંયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો ? બન્નેની પર્યાય ભિન્ન-ભિન્ન છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ ? ભગવાનની વાત થોડી અંતરની વાત છે ને ! આ કોઈ વાંચી લે અને ભણી જાય તો સમજાય એવી ચીજ નથી. આહા..હા...!

આત્મા ઉપયોગસ્વરૂપ હોવા છતાં સ્વચ્છતાની કોઈ એવી સ્થિતિ છે કે કર્મનો વિપાક કર્મમાં આવવા છતાં, પોતામાં તેનો સ્પર્શ ન હોવા છતાં અને આત્માનો ઉપયોગ ઉદયને સ્પર્શતો નથી તો પણ જેવો ઉદય આવે છે એમ પોતાનો ઉપયોગ એ આકાર, વિકારને ધારણ કરે છે. સમજાણું કાંઈ ?

**'અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું...'** જડનો (સ્વાદ) **'અને ઉપયોગનું...'** આકારનું. ઉપયોગમાં વિકૃત આકાર થયો એ અને સ્વાદ જડ. બેનું **'ભેદજ્ઞાન નથી...'** ભિન્નતાનું ભાન નથી. **'ઉપયોગનું ભેદજ્ઞાન નથી તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે.'** સમજાણું કાંઈ ? પોતામાં વિકારી મિથ્યાત્વાદિ થાય છે તેને તો જાણતો નથી. એટલે જે જડનો સ્વાદ છે એની ઉપર એનું લક્ષ છે. તે જ પોતાનો છે એમ માની લે છે. તે સ્વાદ નામ જડને **'સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે.'** એ પોતાની દશા છે, પોતાની પર્યાય છે એમ જડની અવસ્થાને માને છે. આહા..હા...! ભારે વાત, ભાઈ!

**શ્રોતા :–** ... પરિણતિ થઈ, તે પરિણતિને પોતાની માને છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાની માને છે. આત્મામાં–પર્યાયમાં આકાર થાય છે. છતાં એ હું છું એમ માને છે. જડના પરિણામ હું છું એમ માને છે. બે ક્રિયા ભિન્ન બતાવવી છે ને અહીં ? બે ક્રિયા બતાવવી છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એટલી ધીરજ જોઈએ. ધીરજ જોઈએ.

**'તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે.'** જડના ભાવને જ પોતાનો ભાવ સમજે છે. **'તે સ્વાદને....'** તે એટલે જડને. **'પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય...'** અહીંયાં જરી થોડું કઠણ છે. જડનો સ્વાદ અને વિકારી પર્યાયનું ભેદજ્ઞાન થાય છે એમ લેવું. **'જીવભાવને જીવ જાણે...'** છે અર્થાત્ વિકારી પર્યાય મારામાં છે એમ જાણે છે.

**શ્રોતા :–** છે તો આસ્રવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે ભલે. પણ મારી પર્યાયમાં છે એટલું સિદ્ધ કરવું છે ને ? અહીં તો જરી છે એમ જાણે. મારી પર્યાય મારાથી છે એમ જાણે. તો એનાથી રહિત દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી ભેદજ્ઞાન થઈ જાય છે. આસ્રવથી પણ ભદેજ્ઞાન થઈ જાય છે. ફરીને. શું કરે પણ આમાં જીવ અને અજીવના બે ભાવ જુદા બતાવવાના છે. એટલે ખરું તો અહીંયાં... અહીં ભાષા ભલે એમ હોય કે **'જ્યારે તેમનું ભેદજ્ઞાન...'** તેમનો અર્થ, વિકારી જડ અવસ્થા અને વિકારી ચૈતન્ય અવસ્થા. બેનું ભેદજ્ઞાન થવાથી. બસ, એટલું. એય..!

જડ છે ને જડ ? કર્મનો વિપાક થાય છે ને ? એ અજીવ છે. અજીવમાં થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને આત્માનો ઉપયોગ છે સત્ છે. તો તેનું સ્વ ઉપર લક્ષ નથી, પર ઉપર લક્ષ છે. તો મિથ્યાત્વ, રાગ-દ્વેષના આકારરૂપે ઉપયોગ થઈ જાય છે. તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપ ઉપયોગ થાય છે એ અને કર્મનો વિપાક સ્વાદ જડ. બેનું ભેદજ્ઞાન નહિ હોવાથી, બે વચ્ચેની એકતા માને છે. પણ બેનું ભેદજ્ઞાન નહિ હોવાથી... જરી સૂક્ષ્મ છે.

**શ્રોતા** :- આ ભેદજ્ઞાન છે એમ કઈ રીતે માનવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ પરની અવસ્થા મારી નથી અને અહીં વિકારી પરિણામ થાય છે એ ક્ષણિક છે. મારા દ્રવ્યમાં નથી એવું ભેદજ્ઞાન થાય છે.

**શ્રોતા** :- કર્તા-કર્મ માને છે કે વ્યાપ્ય-વ્યાપક માને છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કર્તા કોણ માને છે કે મારું કર્મ છે. મારું કર્મ વિકારી પર્યાય એમ ન માનીને જડની પર્યાય મારું કાર્ય છે એમ માને છે.

**શ્રોતા** :- તેને પોતાનો સ્વભાવ ન માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતાનો સ્વભાવને નહિ પણ પરની પર્યાયને પોતાની માને છે. અજ્ઞાનમાં પરભાવની પર્યાયને પોતાની માને છે. હવે ભેદજ્ઞાન થાય છે, તો પરની પર્યાયને પોતાની ન માને. પોતાની વિકારી પર્યાયને પોતાની માને ત્યારે તેની દૃષ્ટિ ક્યાં હોય છે ? દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે ત્યારે વિકારી પરિણામ પોતાનું છે એવું ભેદજ્ઞાન (થાય છે). પરથી ભેદજ્ઞાન થયું તો વિકારથી પણ ભેદજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ ?

**'જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય....'** તેમનું એનો અર્થ શું ? – કે વિકારી પરિણામ અને જડની અવસ્થા. બન્નેનું ભેદજ્ઞાન થાય છે ત્યારે **'જીવભાવને જીવ જાણે...'** વિકારી પરિણામ મારી પર્યાયમાં છે, મારા છે એમ જાણે છે અને અજીવને અજીવ જાણે છે. એટલી સૂક્ષ્મતા (થઈ) કે જીવ પરિણામ મારામાં છે એવી સૂક્ષ્મતા થઈ ત્યાં પરથી તો જુદો થઈ ગયો પણ એ પરિણામ મારા છે એવું સૂક્ષ્મ લક્ષ કરે છે ત્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા** :- ... આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવી ગયું. મારી પર્યાય વિકૃત આદિ મારામાં છે. કોઈ પર સાથે સંબંધ નથી. એમ થતાં પરથી ભિન્ન થયો તો પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં તો જીવભાવને જાણ્યો. ત્યારે જાણ્યો એમ કહેવામાં આવે છે. વિકારી પર્યાય મારામાં છે, જડની પર્યાય મારામાં નથી, જડથી મારામાં કાંઈ થયું નથી એમ પર્યાયની સૂક્ષ્મતા ઉપર જ્યાં લક્ષ ગયું ત્યારે તેનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ ? તો જેમ પરથી ભેદ થયો એમ રાગથી પણ ભેદ થઈ જાય છે. ભારે વાત ! સમજાણું કાંઈ ?

જીવભાવ. ક્યાં અહીંયાં જીવભાવ અને ક્યાં ઓલાને જીવભાવ. હજી આગળ લેશે કે જીવભાવ તો આત્મા રાગ-દ્વેષ જે વિકારી પર્યાય થાય છે એને જાણવો, અનુભવ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવભાવ છે. પણ એ તો પછી. પહેલાં આ સમજ્યા પછી રાગ-દ્વેષથી ભિન્ન પોતાનો સ્વભાવ છે. જેટલો વિકારી આકાર થયો એ પણ મારી પર્યાય નથી, એ તો જડની છે. ૯૧-૯૨ ગાથામાં એ લેશે. આહા..હા...! જેમ શિત અને ઉષ્ણ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે, એમ ઉપયોગ આકાર જે અહીં કહે છે એ પણ જડની અવસ્થા છે એ પરથી ભેદજ્ઞાન કરાવીને વાત કરી છે. સમજાણું કાંઈ ? ઓ..હો..હો..! ઘણી અપેક્ષાઓ એટલે લોકોને સમજમાં ન આવે (એટલે) કઠણ પડે.

ભગવાનઆત્મા પોતાના ઉપયોગસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આત્મા અનાદિથી પોતાનું સ્વલક્ષ નહિ હોવાથી અને પરલક્ષ હોવાથી કર્મના વિપાકની દશાને પોતાની માને છે. પોતાના જે વિકારી પરિણામ છે એ પોતાના છે એમ માનતો નથી. એમ જો માને તો સૂક્ષ્મ પરિણામ સમયના કે આ વિકારી પરિણામ મારા છે એવી દૃષ્ટિ થાય તો પરથી તો ભિન્ન થયો, પણ રાગથી પણ ભિન્ન થઈને રાગના પરિણામને જાણનારો થયો. સમજાણું કાંઈ ?

**'તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય...'** તેમનું અર્થ વિકારી પર્યાય અને જડની પર્યાય. વિકારી પર્યાય જીવનો મિથ્યાત્વભાવ અને દર્શનમોહનો મિથ્યાત્વભાવ જડનો. બે વચ્ચેનું ભેદજ્ઞાન થાય છે **'અર્થાત્ જીવભાવને જીવ જાણે...'** બેમાં ભેદ પાડવો છે ને ? **'જીવભાવને જીવ જાણે...'** વિકારી પર્યાય જીવની જીવમાં છે, જડની પર્યાય મારામાં નથી. **'અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને...'** ત્યારે પોતાની દૃષ્ટિ પરથી છૂટીને પોતાના દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી પરથી ભિન્ન થયો તેમ વિકારથી પણ ભિન્ન થયો. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે અને મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..હા...! હજી આ પહેલી ચીજ છે. સમજાણું કાંઈ ?

મિથ્યાત્વનો નાશ થયા વિના અને સમ્યગ્દર્શન થયા વગર કોઈ ચીજ સાચી છે જ નહિ. જ્ઞાન પણ સાચું નથી, ચારિત્ર નથી, વ્રત નથી, તપ નથી. કોઈ વસ્તુ છે જ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો પોતાના હિતની વાત છે. સમજાણું કાંઈ ? પોતાનું નામ સર્વ જીવનું. સમજાણું કાંઈ ? અ..હો..! આવો મનુષ્ય ભવ આવ્યો, અનંતકાળ ચાલ્યો ગયો. અ..હો..! ભવિષ્યનો અનંતકાળ માથે બાકી છે. એ અનંતકાળના ભ્રમણનું કારણ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? એ મિથ્યાત્વમાં અનંતકાળના ભ્રમણની શક્તિ પડી છે. છે મિથ્યાત્વ પોતાની પર્યાય પણ એમાં અનંત સંસાર, નિગોદ કરવાની શક્તિ છે. ભવિષ્યમાં ક્યાં જશે ? એ મિથ્યાત્વનો નાશ કરવા સ્વભાવનો આશ્રય કરવો, પરનું લક્ષ છોડીને જ્યારે પરનું લક્ષ છૂટ્યું કે એ મારું નથી તો હું કોણ છું ? હું તો જ્ઞાયક છું, શુદ્ધ ચૈતન્ય છું – એવી અંતરદૃષ્ટિ જામી જાય ત્યારે પરથી ભિન્ન થયો અને રાગથી પણ ભિન્ન થયો, ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે.

સંસાર નથી, સંસરણ–સંસાર કરવો એ જ્ઞાનીને નથી. સમજાણું કાંઈ ? આખો ભવિષ્યકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણવા-દેખવામાં જશે. આહા..હા...! સમજાણું કાંઈ ? અજ્ઞાનીનો ભવિષ્યકાળ રાગની એક્તા માન્યતામાં છે એવી માન્યતામાં કયો ભવ થશે એના ઠેકાણા નહિ રહે. એમ જશે. દુનિયા-દુનિયાની જાણે. દુનિયા શું કરે છે ? વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું કાંઈ ? આ તો સ્પષ્ટીકરણ કરવા કોઈ નામ લઈને કહે એવી માન્યતા છે, પણ એવું વસ્તુ સ્વરૂપ નથી. વ્યક્તિની સાથે શું છે ? કોઈની સાથે કાંઈ કામ નથી. સૌના પરિણામની જવાબદારી સૌની છે. કોઈનું જોખમ કોઈ ઉપર છે ? સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, પોતાના પરિણામના વિકાર અજ્ઞાનભાવે ભલે કર્મ માને પણ અજ્ઞાનભાવે પરના કર્મ પોતાના છે અને કર્તા આ છે એમ નથી. બસ, એટલી વાત છે. માન્યતામાં પરનું કર્તાપણું અને કર્મપણું છૂટી જાય, તો પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવાથી રાગ અને પરથી ભિન્ન થઈ ગયો, ત્યારે સમ્યગ્દર્શન થયું અને મિથ્યાત્વનો નાશ થયો. મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? એ ગાથા પૂરી થઈ.

**'હવે પૂછે કે મિથ્યાત્વાદિકને જીવ...'** મિથ્યાત્વભાવને જીવ, અવ્રત-પ્રમાદ-કષાયને **'જીવ અને અજીવ કહ્યા...'** દર્શનમોહની પર્યાય આદિને અજીવ કહ્યા. **'તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે ?'** એ છે કોણ ? એ ક્યા પ્રકારે છે ? આની કોર મિથ્યાત્વ એ જીવનું. એ બાજુ મિથ્યાત્વ એ જડનું. આ બાજુ અવ્રતના પરિણામ એ જીવના. એ બાજુ ચારિત્રમોહ ઉદયના અવ્રત (પરિણામ) એ જડના. આ છે શું ? શું છે ? આહા..હા...! **'તેનો ઉત્તર કહે છે :-'** જેની આવી જિજ્ઞાસા (થઈ છે), અંતરમાં સમજવાની ધગશ છે તેને આ ગાથા ઉત્તરરૂપ કહે છે. વેઠરૂપ નથી. વેઠ એટલે સમજાવો, તમે કહો અમે સમજી લઈએ, સાંભળી લઈએ, એમ નહિ. આ શું વસ્તુ છે ? મહારાજ શું કહે છે ?

જડ પરિણામ શું ? જડનું મિથ્યાત્વ શું ? ચૈતન્યનું મિથ્યાત્વ શું ? જડના અવ્રત શું અને જીવના અવ્રત શું ? આ બે ચીજ શું છે ? અવ્રત-ફવ્રત તો જીવમાં હોય. પણ જડમાં એક અવ્રત છે, એક જીવમાં અવ્રત છે. એક જડમાં મિથ્યાત્વ છે, એક જીવમાં મિથ્યાત્વ છે. એક જડમાં કષાય છે, એક જીવમાં કષાય છે. એક જડનો યોગ છે, એક જીવનો યોગ છે. એક જડનો મોહ છે, એક જીવનો મોહ છે. આ શું ?

**શ્રોતા :-** જડ પદાર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે શું ? શું એમાં અવ્રત છે ?

**पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।**
**उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु।।८८।।**

એ કહે છે ને. આ બાજુ. આ બાજુ છે, એમાં નથી. બાજુ ફરી ગઈ છે આમાં. જ્યાં ગાથા છે ત્યાં નીચે નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

એક ગાથાની વાત છે. અહીં તો બે સાથે લીધી છે.

'**ટીકા :– નિશ્ચયથી...**' ખરેખર '**જે મિથ્યાદર્શન,...**' અજીવ છે. દર્શનમોહની જડની પર્યાય (અજીવ છે). '**મિથ્યાદર્શન...**' જુઓ! જડની પર્યાય મિથ્યાદર્શન. દર્શનમોહ મિથ્યાત્વ પરિણામ એ પરમાણુની પર્યાય છે. '**મિથ્યાદર્શન, અજ્ઞાન,...**' જ્ઞાનાવરણીયનો ઉદય અજ્ઞાન, એ જડના પરિણામ છે. '**અવિરતિ...**' ચારિત્રનો અભાવ અને અચારિત્રનો ઉદય, ચારિત્રમોહનીયનો ઉદય જડ, એ અવિરતિ જડ છે, પુદ્ગલ છે. એમ યોગાદિ લઈ લેવા. '**जोगो अण्णाणं**' જોગ, અજ્ઞાન આદિ આવ્યું ને ? અજ્ઞાન તો આવી ગયું. યોગ. '**ઇત્યાદિ અજીવ છે...**' એ તો અજીવની જડની, પુદ્ગ્લની પર્યાય છે.

'**તે તો, અમૂર્તિક ચૈતન્યપરિણામથી...**' જુઓ! '**અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ છે;...**' અમૂર્તિક ચૈતન્યપરિણામમાં વિકારી લેવા. જુઓ ! વિકારી પરિણામ અમૂર્તિક ચૈતન્ય પરિણામ છે. સમજાણું કાંઈ ? મિથ્યાત્વ, અજ્ઞાન અમૂર્તિક ચૈતન્યપરિણામ છે. '**અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ છે;...**' આહા..હા...! '**અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જીવ છે...**' યોગાદિ, કંપન આદિ જીવના પરિણામ છે. '**તે, મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.**' બન્ને ભિન્ન થયા. એક તો દર્શનમોહની પર્યાય, ચારિત્રમોહની પર્યાય, યોગ-કંપનની પર્યાય, શરીર, કર્મ, ઉદય એ પુદ્ગલકર્મ મૂર્ત છે, એ ચૈતન્ય અમૂર્તથી ભિન્ન છે; અને ચૈતન્યના મિથ્યાત્વ અવ્રતાદિ પરિણામ જે છે એ મૂર્ત પુદ્ગલથી ભિન્ન ચૈતન્યના વિકાર (પરિણામ) છે. એટલું લીધું. અમૂર્તિક ચૈતન્યપરિણામ લીધા. '**ચૈતન્યપરિણામ તો વિકાર છે.**' છે ને ? એના છે ને, એમ કહે છે. એના સિદ્ધ કરવા છે ને ? '**ચૈતન્યપરિણામ તો વિકાર છે.**' કહો, સમજાણું કાંઈ ? આ ગાથામાં ફક્ત બે વાત કહી, બસ. એક જડની પર્યાય (છે). મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ જડની પર્યાય છે, એ ચૈતન્યથી ભિન્ન છે, અને ચૈતન્યના મિથ્યાત્વ અવ્રત-પ્રમાદ એ પુદ્ગલની જડની અવસ્થાથી ભિન્ન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**હવે, ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો ?**' ક્યાંથી થયો ? તમે તો પોતાની પર્યાયમાં સિદ્ધ કર્યો, પરથી ભિન્ન સિદ્ધ કર્યો અને વળી વિકાર કહે છે. આવ્યો ક્યાંથી વિકાર ? ક્યાંથી કર્યો ?

**શ્રોતા :–** કર્મમાંથી તો આવે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મની પર્યાય જડમાં છે, આ પર્યાય એનામાં છે. અને તમે કહો છો કે વિકાર ચૈતન્યના પરિણામ છે. મિથ્યાદર્શન, અજ્ઞાન, અવ્રત, કષાય, યોગ શું છે ઇ ? ક્યાંથી થયો ? ..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો ના પાડી. પર તો પર છે. એમાં શું છે ? એમ કે વિકાર જો રાગ-દ્વેષ મિથ્યાત્વ તો જીવમાં નથી, ગુણમાં નથી, દ્રવ્યમાં નથી તો ક્યાંથી આવ્યો ? ક્યાંથી આવ્યો ? તો કર્મમાંથી આવ્યો એમ સિદ્ધ કરવું પડે. એમ નથી. કર્મ તો જડપર્યાય છે. જડમાંથી આવે છે ? જડની પર્યાય અહીં આવે છે ? જડની પર્યાય અહીં ઘૂસી જાય છે ? જડની પર્યાય તો સમયે સમયે ઉત્પાદ-વ્યય થઈને ત્યાં જડમાં ધ્રુવ પડ્યો છે. સમયે સમયે ઉત્પાદ થાય છે, પૂર્વની અવસ્થાનો વ્યય થાય છે, ધ્રુવપણે પરમાણુ કર્મ પડ્યા છે. શું એમાંથી ઉત્પાદ કે અહીં ઉત્પાદ થાય છે ? તો છે શું ?

મુમુક્ષુ :- એના સ્વભાવમાં પણ નથી ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સ્વભાવમાં નથી તો પર્યાયમાં પરના સંબંધે ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરે છે. જુઓ!

**'મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો ?...'** **'मिथ्यादर्शनादिश्चैतन्यपरिणामस्य विकारः कुत इति चेत् -'** પ્રશ્ન છે ને ?

**उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।**
**मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णादव्वो।।८९।।**

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

**'ટીકા :- જોકે નિશ્ચયથી...'** ખરેખર. **'પોતાના નિજરસથી...'** પોતાની નિજ શક્તિના સ્વભાવના સામર્થ્યથી **'સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,...'** પહેલાં તો એ સિદ્ધ કર્યું. પછી વિકારની વાત કરી. સમજાણું કાંઈ ? ખરેખર જોકે એમ છે ને ? ખરેખર **'પોતાના નિજરસથી...'** પરમાણુ હો કે આત્મા હો, પોતાની નિજ શક્તિ–સ્વભાવથી જ સર્વ વસ્તુઓ. જેટલા અનંત પદાર્થ છે એ બધા પદાર્થ **'પોતાના સ્વભાવભૂત...'** અહીં વિકાર નથી, જુઓ ! **'પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,...'** ભગવાનઆત્મા તો પોતાના સ્વભાવભૂત સ્વરૂપ પરિણમનમાં સમર્થ છે. આનંદરૂપ, શુદ્ધરૂપ પરિણમનમાં સમર્થ છે. સ્વભાવ એ છે. યોગ્યતા નિમિત્તને આધિન ઉત્પન્ન કરે છે, ઇ કહેશે. સમજાણું કાંઈ ?

**'નિશ્ચયથી પોતાના નિજરસથી...'** નિજ શક્તિથી, નિજરસ, સ્વભાવ. દરેકનો રસ. જડનો રસ જડનો છે. પરમાણુનો નિજરસ એની શક્તિ છે કે નહિ ? છએ દ્રવ્યના નિજરસ નામ નિજ સ્વભાવની શક્તિના સામર્થ્યથી **'સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત...'** સર્વ પદાર્થમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતાના સ્વભાવભૂત **'સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ...'** એમ હોવા છતાં ભગવાનઆત્મા પોતાના સ્વરૂપ પરિણમનમાં એનું સામર્થ્ય નથી. સમજાણું કાંઈ ? સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમન. આનંદ ને જ્ઞાન ને શાંતિ ને વીતરાગતા એવો પોતાના સ્વભાવભૂત સ્વરૂપ. સ્વભાવભૂત સ્વરૂપ પરિણમનમાં સમર્થ છે.

શુદ્ધ ધ્રુવ, આનંદ અને જ્ઞાન, વીતરાગતાના રસથી ભરેલો, પ્રભુ ! એવો સ્વભાવભૂત પરિણમનમાં સ્વરૂપ સામર્થ્ય છે. સ્વરૂપ પરિણમનમાં સામર્થ્ય છે. ખરેખર તો એવું શુદ્ધરૂપ પરિણમનનું એનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ ? સ્વભાવ તો એવો છે. ભગવાનઆત્મા પોતાના જ્ઞાનમાં અમૃત આનંદના સ્વાદમાં, વીતરાગરસના સ્વભાવમાં સ્વરૂપ પરિણમનમાં, પોતાના સ્વભાવભૂત સ્વરૂપ, જે ત્રિકાળી સ્વભાવભૂત આનંદ જ્ઞાનાદિ સ્વભાવભૂત સ્વરૂપ, એના પરિણમનમાં સામર્થ્ય છે. ઓ..હો..! એક તો વસ્તુ કહી, પછી સ્વભાવભૂત કહ્યો, પછી પરિણમન કહ્યું. ત્રણ બોલ લીધા. ભગવાનઆત્મા એ વસ્તુ થઈ અને સ્વભાવભૂત સ્વરૂપ એ ગુણ થયો, શક્તિ થઈ, સ્વભાવ થયો. પરિણમનમાં પર્યાય થઈ.

**'સર્વ વસ્તુઓનું....'** અહીં તો સર્વ લીધું છે પણ આત્માને લેવો છે ને ? આત્મા **'વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત...'** તો વસ્તુ તો વસ્તુ થઈ, સ્વભાવવાન. હવે એનો સ્વભાવ. જ્ઞાન, દર્શન, આનંદ, વીતરાગરસથી ભરેલો ભગવાન ! એવો સ્વભાવભૂત સ્વરૂપ, સ્વભાવભૂત સ્વ-રૂપ. એવા પરિણમનમાં સામર્થ્ય છે. સમજાણું કાંઈ ? એમ હોવા છતાં પર્યયામાં કેમ ભૂલ થઈ ? એ બતાવે છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા પોતાના સ્વભાવભૂત. સ્વભાવભૂત નામ કાયમ રહેનારો સ્વભાવ. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, વીતરાગતા, રસ આદિ. એવો સ્વભાવભૂત, એવું જે સ્વરૂપ એના પરિણમનમાં સામર્થ્ય છે. એની આવી નિર્મળ પર્યાય થવામાં એનું સમર્થપણું છે. **'તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...'** જુઓ ! ભગવાનઆત્માની સાથે અનાદિથી અન્ય વસ્તુભૂત. ભગવાનઆત્માથી અન્યવસ્તુ. જુઓ ! અન્યવસ્તુ. મોહ, એની સાથે સંયોગ છે, સંયોગ છે. સંયોગનો લક્ષ કરવાથી... એમ કહે છે.

**'અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...'** સ્વભાવ સામર્થ્ય હોવા છતાં પણ પર્યાયમાં અન્ય વસ્તુભૂત... એ પણ ચીજ છે ને વસ્તુભૂત ? એ પણ વસ્તુ છે ને ? પદાર્થ છે. એ **'વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો...'** ભગવાનઆત્મા એના જાણન-દેખન ઉપયોગનો, જાણન-દેખન વેપારનો **'મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.'** લ્યો. આ વિકાર આવ્યો, જુઓ! એમાંથી અર્થ કાઢ્યો. કે **'મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...'** પણ સંયુક્તપણાનો અર્થ શું ? સ્વભાવ તરફ લક્ષ નહિ. મોહના સંયોગ ઉપર લક્ષ કર્યું, એમ કહે છે.

**શ્રોતા :–** કર્મે કર્યું નથી...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મ-ફર્મની (વાત) ક્યાં ? એ તો કર્મની પર્યાય કર્મમાં છે. એ તો સિદ્ધ કર્યું. એમાંથી લોકો આ કાઢે. જુઓ ભાઈ ! બીજા કર્મસંયોગ છે તો વિકાર થાય છે. પણ સંયોગ છે માટે વિકાર થાય છે પણ સંયોગ ઉપર લક્ષ જાય છે તો વિકાર થાય છે. તો તો સંયોગ કહેવાય. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પર્યાયમાં તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું. એના ઉપર લક્ષ જાય છે. ઉપયોગ અહીંયા નહિ જતા ત્યાં જાય છે. એ કંઈ આપે છે કે લે છે–દે છે એવો પ્રશ્ન નથી. પરની સાથે લેવા-દેવાનો પ્રશ્ન નથી. પોતાના સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન સ્વભાવભૂત, એવું પરિણમનમાં સામર્થ્ય હોવાથી પર્યાયમાં મોહકર્મના સંયોગના સાથને કારણે, પોતાના ઉપયોગમાં મિથ્યાદર્શન, અવ્રત, અજ્ઞાનના પરિણમનરૂપ વિકાર થાય છે. આહા..હા...! એમાંથી કાઢ્યું. મોહકર્મ વિના થાય છે ? મોહકર્મ વિના વિકાર થાય છે ? પણ મોહકર્મના વિકારનો અર્થ શું ? પરસંગ એવ. આવે છે ને એ ? ૨૭૮. પરસંગ એવ. જુઓ ! ત્યાં પણ કહ્યું છે, પરસંગથી. પણ પરસંગ શું ? કે પરસંગ વડે કે પસંગની મમતાના કારણે ? પરસંગ ક્યારે થયો ? કળશમાં આવે છે. એ ટીકામાં પણ એમ જ કહ્યું છે. આવે છે ને ? એમાં છે ને ? જુઓ ! ૨૭૮ છે ને ? ૨૭૮. એ ચર્ચા ઘણી ચાલી. ૨૭૮. જુઓ !

**जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**
**रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।**
**एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादिहिं।**
**राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।**

અહીંથી મહા સિદ્ધાંત લોકોએ ઉલ્ટો કરી નાખ્યો.

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**
**ત્યમ ‘જ્ઞાની’ પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

‘જ્ઞાની’ એટલે આત્મા. જુઓ! કળશમાં પણ છે, જુઓ! કળશ છે ને ? ૧૭૫. **‘નિમિત્ત કદી પણ થતો નથી, તેમાં નિમિત્ત પરસંગ જ (–પરદ્રવ્યનો સંગ જ) છે.’** અહીં મોટા વાંધા. મોટા પ્રશ્નો ઊઠ્યા હતા. જુઓ ભાઈ! આ પરસંગ જ વિકાર બનાવવા... પણ પરસંગ તેં કર્યો તો થાય છે, નહિતર પરસંગ શું કરે ? પાઠમાં છે ને ? **‘तस्मिन् निमित्तं परसङ्गः एव’**

**શ્રોતા :–** ‘બનારસીદાસે’ બહુ સરસ અર્થ કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સરસ અર્થ કર્યો છે. પરસંગ નામ પરની મમતા એવો અર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યો છે. ભાઈ 'બનારસીદાસે'. ... કોણે કીધું ? પરસંગ નામ પરની મમતા. **'परसङ्गः' 'पर एव'** નહિ પર સંગથી. પરથી વિકાર થાય એમ નહિ, પરસંગથી વિકાર થાય. પહેલા તો ફેરફાર હતો ... આહા..હા...! સમજાણું કાંઈ ?

**'આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો...'** ભેદથી. અહીં ત્રણ ભેદ લીધા. યોગ આદિ કાઢી નાખ્યા. જોગ આદિ સાધારણ છે ને ? આ મૂળ વાત છે. **'ઉપયોગનો તે પરિણામવિકાર,...' 'મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.'** એ જ દૃષ્ટાંત અહીં આવ્યું છે. ૨૭૮. બધી જગ્યાએ લોકો આવો અર્થ કરે છે. એ ત્યાં પણ કર્યો હતો. (સંવત) ૨૦૦૬ની સાલ. 'ચુનીભાઈ દેસાઈ' જુઓ, ભાઈ ! પરદ્રવ્યથી આત્મા... 'હિંમતભાઈ'એ હરિગીત ગુજરાતી કર્યા છે. પોતાથી રાગરૂપે ન પરિણમે, પરદ્રવ્યને લઈને રાગરૂપે પરિણમે. એમ બોલ્યા હતા. ખબર છે ? અરે..! ભગવાન ! પરમાં પરદ્રવ્યની પર્યાય શું કરે ? પરદ્રવ્યની સાથે સંબંધ શું છે ? તું સંબંધ કરી છો. એ કાંઈ સંબંધ આપે છે ? લેવા-દેવાની તો જડની પર્યાય છે. એને તો ખબર પણ નથી. કોણ મારા ઉપર લક્ષ કરે છે અને કોણ નથી કરતું એની તો ખબર નથી. એ તો જડ છે. એ જડનું લક્ષ કરીને... એ તો પહેલાં આવી ગયું. પોતામાં પોતાના મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ત્રણ પ્રકારના પરિણામ થાય છે. સામે જડની પર્યાયથી નહિ. જડની પર્યાય જડમાં છે. ઓહોહો..! કર્મનું ભારે, ભાઈ ! જ્યાં હોય ત્યાં જૈનમાં કર્મ એવું ગરી ગયું છે.

**શ્રોતા :–** કર્મ નડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સૌને કર્મ નડે છે.

**શ્રોતા :–** ભાવકર્મ નડે કે દ્રવ્યકર્મ નડે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાવ વિકારી પરિણામ કરે છે એ એને નડે છે. જડ બિચારા શું (નડે) ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ...' આવે છે ? 'ચંદ્રપ્રભુ'ની સ્તુતિ-ભક્તિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ...'

**મુમુક્ષુ :–** થોડા-થોડા ટૂકડા ભેગા કરીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' એમ કહ્યું છે કે નહિ ? 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' એકલી અગ્નિ ઉપર કોઈ ઘણ નથી મારતા. પણ અગ્નિ લોઢાનો સંગ કરે છે, લોઢુ અગ્નિનો સંગ કરે છે એમ નથી. અગ્નિ લોઢાનો સંગ કરીને અંદર પેસે છે તો ઘણ પડે છે. પંડિતજી ! આવે છે કે નહિ ? એવું આવે છે. એ બધું ૨૦૧૩ની સાલમાં ઘણું કહ્યું હતું. ઘણા માણસો હતા. શું કહેવાય એ ? 'મધુવન' 'મધુવન'માં ઘણું ચાલ્યું. ઘણા માણસો હતા, ઘણા પંડિતો પણ હતા. 'રતનચંદ', 'બંસીધરજી', 'ફૂલચંદજી' હતા, 'કૈસાલચંદજી' હતા. ઘણા હતા. એ વખતે કહ્યું હતું. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતી પાઈ.' સંગત કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તો ઘણનો માર સહન કરવો પડે.

ભગવાનઆત્મા આ સંગ-સંયોગ કરે છે એમ કહે છે તો દુઃખ થાય છે. સમજાણું કાંઈ ? સંયોગ કંઈ કરાવે છે એમ નથી. ત્યારે કહે કે ભાઈ! અમારે તો ઘણો ધર્મ કરવાનો ભાવ છે. દર્શનમોહ માર્ગ આપે તો થાય. વાત ખોટી છે. તારો ભાવ એવો હોય તો દર્શનમોહમાં એવી તાકાત નથી કે તને રોકે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો પહેલા એ કહ્યું છે કે પોતાના સ્વભાવસ્વરૂપ પરિણમનમાં સામર્થ્ય છે. કર્મ તેને પરિણમાવે એ તો છે જ નહિ. ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનાનંદના સ્વભાવથી ભરેલો, અનુભવ કરવામાં સામર્થ્યની શક્તિ એની છે. એમ હોવા છતાં અનાદિ મોહનો સંયોગ, અન્ય વસ્તુ–ચીજના સંગથી ત્રણ પ્રકારનો ઉપયોગ થઈ જાય છે. ઉપયોગ થઈ જાય છે, દ્રવ્ય-ગુણ તો છે ઇ છે. સમજાણું કાંઈ ?

**'આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.'** જુઓ ! પરિણામવિકાર શબ્દ લીધો છે. વસ્તુ દ્રવ્ય-ગુણમાં કોઈ વિકાર છે જ નહિ. ચારિત્રગુણ, સમ્યગ્દર્શન ગુણ, આનંદગુણ એ તો બધા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... (છે). કર્મનો સંયોગ કરવાથી, પરનું લક્ષ કરવાથી, એના પરિણામમાં ત્રણ પ્રકારનો વિકાર ભાસે છે. એ **'આત્માના ઉપયોગનો,...'** ભાષા જુઓ! **'ત્રણ પ્રકારના પરિણામ...'** આત્માના ઉપયોગના ત્રણ પ્રકારના પરિણામવિકાર છે.

**'ઉપોયગનો તે પરિણામવિકાર, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ, પરને લીધે...'** જુઓ ! પરના કારણનો ખુલાસો છે. **'ઉત્પન્ન થતો દેખાય છે.'** આ તો સ્ફટિકને માટે કહ્યું ને ? સ્ફિટકમાં જે લાલ આદિ રંગ દેખાય છે એ પરના નિમિત્તના સંગની ઉપાધિથી દેખાય છે, સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી. એ જ કહે છે. **'સ્ફટિકની સ્વચ્છતા પરિણામવિકારની જેમ, પરને લીધે ઉત્પન્ન થતો દેખાય છે. તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :–'** જુઓ! હવે સવળું લે છે.

**'જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં...'** એમ લીધું ને ? ઓલામાં લીધું હતું ને પોતના સ્વભાવભૂત પરિણમનમાં સામર્થ્ય. **'સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જવળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં,...'** સ્ફટિકનું તો સ્વચ્છ પરિણમન થવું એ જ સામર્થ્ય છે. સ્વભાવ ત્રિકાળી સામર્થ્ય એ છે. એની સાથે પહેલાં દૃષ્ટાંત લીધું ને. બધી વસ્તુના સ્વભાવભૂત. એની સાથે દૃષ્ટાંત લીધું.

**'કદાચિત્...'** જુઓ ! હવે **'કદાચિત્...'** સર્વથા નહિ. **'(સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના...'** તમાલ એટલે કાળા, કેળાથી લીલા અને સોનાથી પીળા. એ ત્રણ દૃષ્ટાંત છે. કાળું, લીલું અને પીળું. **'તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો...'** એમાં જો સ્ફટિક મૂકે. તમાલમાં, કેળમાં કે સોનામાં મૂકે. **'સ્ફટિકની સ્વચ્છતાનો,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...'** લ્યો. એનો સ્વભાવ તો શુદ્ધ પરિણમનનો છે, પણ સંગના કારણે એમાં કાળો, લીલો અને પીળો એવો રંગ દેખવામાં આવે છે. એ સ્ફટિકની પર્યાય છે. સ્ફટિક એ રૂપે થયો છે. સમજાણું કાંઈ ? લાકડી રાખો, જુઓ! આમ લાકડી રાખો. નીચે ખૂણામાં. એમાં ક્યારેય ઝાંય નહિ પડે. એની યોગ્યતા નથી. સ્ફટિકમાં એવી યોગ્યતા છે. સંગમાં જાય છે તો એમાં કાળી, રાતી ઝાંય દેખાય છે. લાકડી રાખો તો એમાં નહિ પડે. સમજાણું કાંઈ ? સ્ફટિક અહીંયા રાખો તો ઝાંય પડશે. એ એની પોતાની યોગ્યતાથી (પડે છે). એનાથી પડે તો આમાં પડવી જોઈએ. સમજાણું કાંઈ ?

**'ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...'** કોનામાં ? સ્ફટિકમાં. **'તેવી રીતે (આત્માને) અનાદિથી મિથ્યાદર્શન,...'** જુઓ ! પુદ્‌ગલ, હોં ! પુદ્‌ગલ. **'મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ...'** જેનો સ્વભાવ છે. **'એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી,...'** ખરેખર તો એનો સ્વભાવ છે એમ કહે છે. અહીંયાં સ્વભાવરૂપ પરિણમનનું સામર્થ્ય છે. અહીંયાં કર્મનો એવો સ્વભાવ છે. પર્યાયમાં એવી યોગ્યતા છે. કર્મના નિમિત્તથી પોતામાં એમ થાય છે. એનો તો સ્વભાવ છે, એમ કહે છે, જુઓ!

**'અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તૂભૂત મોહનો સંયોગ હોવાથી,...'** જુઓ ! સમજાણું કાંઈ ? **'આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.'** આ પ્રકારે ત્રણ પ્રકારનો વિકાર પોતામાં કર્મના સંગથી, સંયોગથી વિકાર દેખવામાં આવે છે. એ પરથી નહિ પણ પોતાની પર્યાયમાં એવી યોગ્યતા છે તો પરિણમન કરે છે. સ્ફટિક પોતાની યોગ્યાથી કાળા, લીલાપણે પરિણમે છે, પરના કારણે નહિ. એમ આત્મા પોતાના કારણે પરના સંગમાં મિથ્યાદર્શન આદિના પરિણામ પોતાથી થાય છે. એ પરિણામવિકાર આ રીતે થયો છે. કેમ થયો ? આ રીતે થયો છે. એ વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગકાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે ! ૪૩.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૯૨, પ્રવચન નં. ૧૬૮
## તા. ૧૯-૦૬-૧૯૬૯
## [૨૪]

આ 'કર્તા-કર્મ અધિકાર' ગુજરાતી ચાલશે. પહેલાં હિન્દી ચાલવાનું હતું. ગુજરાતી આવ્યા. ગુજરાતી આવ્યા. થોડું થોડું સમજવું. ગુજરાતી છે, નહિતર હિન્દી લીધું હતું પણ આ મહેમાન આવ્યા છે. લેવું હોય તો લો, નહિતર ગુજરાતી ચાલશે. આજે ગુજરાતી ચાલશે. જુઓ ! શું કહે છે ?

જેમ ટાઢી અને ઊની અવસ્થા પુદ્ગલની છે. આ જડ પુદ્ગલ છે ને ? એની ટાઢી અને ઊની અવસ્થા. ટાઢી-ઊની. આપણે તો ટાઢી–ઉની એને જ સમજીએ. ગુજરાતીમાં ટાઢી-ઊની કહે છે. ટાઢી અને ઊની જડની અવસ્થા છે. એ પુદ્ગલ સાથે ટાઢી-ઊની અવસ્થા અભિન્ન નામ એકમેક છે. બરાબર છે ? આ ટાઢું-ઊનું લાગે છે એ ટાઢુ-ઊનું જડ છે. આત્મા કાંઈ ટાઢો-ઊનો થતો નથી. માણસ કહે ને મને ગરમી બહુ લાગી ગઈ, મને ઠંડી લાગી. આત્માને ઠંડી-ગરમી છે નહિ, એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ઠંડી અને ગરમી... આ તો હજી દૃષ્ટાંત છે, હોં ! એ જડની અવસ્થા, જડ-પુદ્ગલની માટીની અવસ્થા છે. એમ ઠંડી અને ગરમી પુદ્ગલથી એકમેક છે. એ ઠંડી અને ગરમ અવસ્થા આત્મામાં જ્ઞાન કરાવવામાં એ નિમિત્ત છે. આત્મા પોતાનું કે એનું જ્ઞાન કરે, એ પોતાનું જ્ઞાન કરે એમાં એ ઠંડી-ઊની અવસ્થા નિમિત્ત છે. નિમિત્તપણાનું એનામાં સામર્થ્ય છે, પણ એ ઠંડા-ઊનાપણે આત્મા થાય એવી આત્મામાં શક્તિ નથી. સમજાય છે કાંઈ ? એ ઠંડા-ઊનાપણે આત્મા થાય (નહિ). ઠંડા-ઊનાના જ્ઞાનપણે આત્મા થાય. ઠંડા-ઊનાના જ્ઞાનપણે આત્મા થાય, પણ આત્મા જ્ઞાન છોડીને ઠંડા-ઊનાપણે થાય, એવું બનતું નથી. આ તો દૃષ્ટાંત છે. હવે એનો આત્મામાં સિદ્ધાંત (ઉતારે છે).

જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો. હવે જુઓ ! જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ ! જે રાગ, દ્વેષ, સુખ-દુઃખની કલ્પના જે થાય છે, પુણ્ય અને પાપના ભાવ થાય છે, દયાના, દાનના, ભક્તિના, હિંસાના, જૂઠાના, કામ, ક્રોધના એવા જે રાગ-દ્વેષના ભાવ અને સુખ-દુઃખની કલ્પનાના ભાવ; હું સંયોગે સુખી છું, સંયોગે દુઃખી છું, એવી જે અંદર કલ્પના છે, એ સુખ-દુઃખની કલ્પના અને રાગ-દ્વેષના પરિણામ, ખરેખર એ પુદ્ગલની દશા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. ઝીણું છે, ભાઈ ! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. સમજાય છે કાંઈ ? કેમ કે આત્મા વીતરાગસ્વરૂપ છે. એ પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ-ક્રોધના વ્યવહારુ ભાવ એ બધા જડ સાથે ખરેખર તો (સંબંધ ધરાવે છે). કેમ કે જડ જેમ અજ્ઞાન છે એમ એ દયા, દાન, વ્રત, ભક્તિ શુભાશુભભાવ પણ અ-જ્ઞાન (છે અર્થાત્) એમાં જ્ઞાન નથી. એથી એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખનો ભાવ તે પુદ્ગલ સાથે – અચેતન સાથે સંબંધ ધરાવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ, સુખ-દુઃખના ભાવ એ આત્મા જ્ઞાન કરે એટલે આત્માના જ્ઞાનમાં નિમિત્ત થાય, પણ આત્મામાં રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે આત્મા થઈ જાય એવો એનો સ્વભાવ નથી. ઝીણી વાત છે. આહા..હા...! **'ववहारो अभूदत्थो'** વ્યવહારપણે પરિણમવું એ આત્મામાં શક્યતા નથી, એમ કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને સુખ-દુઃખની કલ્પના, માને કે હું સુખી-દુઃખી એવો ભાવ, ખરેખર એ ભાવમાં ભગવાન જ્ઞાનસ્વભાવનો–જ્ઞાનનો એમાં અભાવ છે. ત્યારે એ જડભાવની સાથે તેનું તન્મયપણું (છે). કેમ કે જડ જેમ અજ્ઞાન છે, અચેતન છે એમ એ રાગ-દ્વેષ અજ્ઞાન અને અચેતન હોવાથી જડની સાથે તે રાગ-દ્વેષ, સુખ-દુઃખની અભિન્નતા–એક્તા છે. 'વૈદરાજજી'! આહા..હા...! જુદી જાત છે, ભાઈ ! કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું નહિ હોય. આ શું ?

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, ત્રિલોકનાથ, જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થયું, જાણ્યું, એવા પરમાત્મા કહે છે કે અમે તો વીતરાગ અને વીતરાગ વિજ્ઞાનઘન છીએ. તો તમારો આત્મા પણ વીતરાગ વિજ્ઞાનઘન છે, ભાઈ ! અમારી જાતનો એ આત્મા છે. એવો આત્મા પુણ્ય-પાપના અને સુખ-દુઃખના ભાવપણે થાય, એવું પ્રભુ ! આત્માના સ્વભાવમાં નથી. આહા..હા...! ભગવાનઆત્મા શરીરપણે અને કર્મપણે તો ન થાય. 'દેવચંદજી' ! થોડું થોડું ધ્યાન રાખવું. ગુજરાતી છે. છે તો સાદી ભાષા. આહા..હા...!

કહે છે કે જેમ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે ત્રિકાળ જ્ઞાનથી જાણ્યું એવું ફરમાવે છે કે ભાઈ ! આ આત્મા જેમ ટાઢી-ઊની અવસ્થાપણે ન થાય કેમ કે ટાઢી-ઊની અવસ્થા સ્પર્શની દશા છે અને સ્પર્શ તે જડ છે. એ જડની સ્પર્શની અવસ્થા જડ સાથે સંબધ ધરાવે છે. એ શીત અને ઉષ્ણનું જ્ઞાન આત્મામાં થાય. કે જેથી તે જ્ઞાનમાં શીત-ઉષ્ણ અવસ્થા નિમિત્ત કહેવાય. પણ આત્મા જેમ શીત-ઉષ્ણપણે થવાને શક્ય નથી, ઠંડી-ઊની અવસ્થા... દાખલો તો કેવો આપ્યો, જુઓને ! ઓહો..! પુદ્ગલની જડ અવસ્થા ટાઢી-ઊની એ પણે આત્મા થવાને લાયક નથી. લાયક કેમ હોય ? અરૂપી જ્ઞાન ભગવાન એ ટાઢા-ઊનાપણે કેમ થાય ? આત્મા... ટાઢા-ઊનાની અવસ્થાપણે થવું અશક્ય છે. એમ... આ વાત ઝીણી (છે) હવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માની દશામાં થતાં એમ લોકોને લાગે, લાગે, હોં ! એની દશામાં છે નહિ. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠ એવા વિકલ્પ એવો જે રાગ-દ્વેષનો ભાવ, એ અચેતન છે. એમાં આત્માના જ્ઞાન અને આનંદનો અભાવ છે. ઝીણી વાત છે, ભાઈ ! અને સુખ-દુઃખની કલ્પના માને છે કે પૈસા છે તો સુખી છું, નિર્ધન છે તો દુઃખી છું, રોગ છે તો દુઃખી છું, અરોગ છે તો સુખી છું. એવી જે અજ્ઞાનીની કલ્પના, સુખ-દુઃખનો ભાવ, ભગવાન એમ કહે છે કે ભાઈ ! એ સુખ-દુઃખનો ભાવ અને રાગ-દ્વેષનો ભાવ એ અચેતન પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. આહા..હા...!

જેમ ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલ સાથે સંબંધ રાખે છે એમ વ્યવહાર દયા, દાન, વ્રત, રત્નત્રયના વિકલ્પ, રાગ ને દ્વેષ કે સુખ-દુઃખની કલ્પના ભગવાનઆત્મા સાથે તે ભાવ સંબંધ રાખતો નથી. આહા..હા...! એ ભાવ પુદ્ગલ સાથે સંબંધ રાખે છે. ઝીણું છે, ભાઈ ! કેમ ? કે જેમ કર્મ અને શરીર પુદ્ગલ છે, અજીવ છે એમ પુણ્ય અને પાપ અને સુખ-દુઃખના ભાવ આસ્રવતત્ત્વ છે. જેમ એ કર્મ અને પુદ્ગલ અજીવ છે, આ પુણ્ય-પાપ અને સુખ-દુઃખની કલ્પના તે આસ્રવ છે. એથી તે અચેતન છે. તેથી તે અચેતન અજીવની સાથે સંબંધ ધરાવે છે. આહા..હા...! ભારે કામ, ભાઈ!

ભગવાનઆત્મા પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે. ઇન્દ્રોની અને નરેન્દ્રોની સભામાં પરમાત્માની આ વાણી આવી છે, ભાઈ ! તું આત્મા છો ને, પ્રભુ ! એ આત્મા... આહા..હા...! એણે કોઈ દિ' સાંભળ્યું નથી. આ શું છે આવું ? ભાઈ ! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એ જેમ ઠંડી-ઊની અવસ્થાપણે થવાને અશક્ય છે, દુર્લભ છે એમ નથી, ભાઈ ! એમ નથી કહ્યું. અશક્ય છે એમ કહ્યું, જુઓ ! આહા..હા...! જેમ આત્મા વસ્તુ–ભગવાનઆત્મા જ્ઞાનનો પિંડ–પૂંજ પ્રભુ એવો આત્મા ઠંડી-ઊની અવસ્થાપણે થવાને અલાયક છે, અશક્ય છે. આહા..હા...! એમ... એ તો દૃષ્ટાંત છે.

ભગવાનઆત્મા ચૈતન્યપૂંજ પ્રભુ ! વીતરાગ વિજ્ઞાનઘન આત્મા, એ પુણ્ય-પાપના અને સુખ-દુઃખના ભાવપણે થવું તે અશક્ય છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! પણ અજ્ઞાનને લીધે તે આત્મા તે રાગ-દ્વેષ સુખાદિકનો. રાગ-દ્વેષના પુણ્ય-પાપના ભાવ અને સુખ-દુઃખની કલ્પનાનો ભાવ, બન્ને આવ્યું. કર્તા અને ભોક્તા બન્ને લઈ લીધું. મૂળ તો એ લીધું. ઓહોહો..! શૈલી તે પણ..! સુખ-દુઃખનો ભોક્તા એ બે આત્માનું સ્વરૂપ જ નથી. રાગ-દ્વેષ સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો. એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના ભાવ અને તેનો અનુભવ એટલે તેનું જ્ઞાન આત્મામાં થાય, એ જ્ઞાનનો અને એ રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો ભાવનો, બેની જુદાઈની જેને ખબર નથી. સમજાણું ?

**'તેના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે...'** આહા..હા...! એ રાગ-દ્વેષના ભાવ, પુણ્ય-પાપના ભાવ, દયા-દાન, વ્રત, પૂજાના ભાવ કે સુખ-દુઃખના ભાવ એ બધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિકારીભાવ છે. અને વિકારીભાવ છે તેથી તેમાં અચેતનપણું છે. ચૈતન્ય જાગ્રત વીતરાગ વિજ્ઞાનઘન એમાં આવતો નથી. સમજાણું કાંઈ ? પણ એ રાગ-દ્વેષના ભાવ અને સુખ-દુઃખના ભાવ એક કોર ચીજ રહી. અને એનું જ્ઞાન આત્મામાં થાય. એ જ્ઞાન અને આ ભાવ બેની પરસ્પરમાં જુદાઈને ન જાણતો એવો અજ્ઞાની. આહા..હા...! અરે..! અનાદિથી કહે છે, ભાઈ! બેની જુદાઈને ન જાણતો અજ્ઞાની '**વિશેષ ન જાણતો હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે,...**' એકપણાનો એને અભ્યાસ એવો છે, અધ્યાસ છે, ટેવાઈ ગયો છે. આહા..હા...!

અંતર્મુખ ભગવાનઆત્મા, જેવા સર્વજ્ઞ પરમેશ્વરનો આત્મા, એવો આ આત્મા સ્વભાવે છે. એવો ભગવાનઆત્મા પોતાના સ્વભાવને અને વિકારીભાવને જે અચેતન છે, જે ખરેખર આત્માનો ભાવ-સ્વભાવ નથી. એમાં '**એકપણાના અધ્યાસને લીધે,...**' એ રાગ-દ્વેષ, સુખ-દુઃખના ભાવ અને એનું અહીંયાં જ્ઞાન (થયું), બે જાણે એક હોય (એમ અધ્યાસને લીધે લાગે છે). સમજાણું કાંઈ ? કહો, 'કનુભાઈ'! આવું ઝીણું છે. તમારા જજમાં પણ આવું નહિ આવતું હોય. આહા..હા...! કેટલાકે તો સાંભળ્યું પણ નહિ હોય. દયા, દાન પરિણામ એ જડના ? એ પુદ્ગલના ? ભાઈ ! કઈ અપેક્ષાએ વાત છે ? કે એ આત્માનો સ્વભાવ નથી. શુભ-અશુભભાવ અને સુખ-દુઃખનો ભાવ એ વિકાર છે, વિભાવ છે, વિભાવ છે. એ સ્વભાવ નથી. સ્વભાવ નથી માટે વિભાવને અચેતનમાં ગણીને પુદ્ગલની સાથે ગણવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા તો વીતરાગ વિજ્ઞાનઘન થવાને લાયક છે. વીતરાગ વિજ્ઞાનઘન થવાને લાયક છે. પણ ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના શુભ-અશુભભાવ, સુખ-દુઃખના ભાવપણાને પામે તે અશક્ય છે. આહા..હા...!

**શ્રોતા :–** ઉપચરિત સદ્ભૂત વ્યવહારથી તો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ જૂઠું. અસદ્ભૂત જૂઠા. વ્યવહાર જૂઠો. સમજ્યા ? એ અસદ્ભૂત ઉપચાર અને અનુપચારના બે બોલ છે. એ વળી આઘુ ગયું. શુભ-અશુભભાવ અને સુખ-દુઃખનો ભાવ અસદ્ભૂત, ઉપચાર અને અનુપચાર, બે પ્રકારનો ભાવ. અનુપચાર કે ઉપયોગરૂપે ખ્યાલમાં આવે છે માટે. ખ્યાલમાં ઉપયોગરૂપી નથી અને ખ્યાલમાં આવતો નથી તેથી તેને અનુપચાર કહ્યો. પણ છે બન્ને અસદ્ભૂત જુઠો. એ વાત છે. આકરી વાત, બાપા ! એણે કોઈ દિ' ધર્મનું વાસ્તિવિક સ્વરૂપ શું છે એ તેણે સાંભળ્યું નથી. માન્યું છે (કે) અમે ધર્મ કરીએ છીએ.. એ તો અનંતકાળથી ભ્રમણામાં ભગવાનને ભૂલમાં નાખ્યો છે. પોતે ભગવાન છે એને પોતે ભૂલમાં નાખ્યો છે. આહા..હા...! કહે છે, વાત તો બહુ ઊંચી આવી છે. 'કનુભાઈ'! કેમ 'વાસુદેવ'!

કહે છે, અહો..! ભગવાનઆત્મા અંદર જ્ઞાન, રાગ-દ્વેષના ભાવનું જ્ઞાન કરે, સુખ-દુઃખના ભાવનું જ્ઞાન કરે એ જ્ઞાન અને રાગ-દ્વેષ સુખ-દુઃખના ભાવ બેની જુદાઈને ન જાણતો અનાદિ અજ્ઞાની, બેની એક્તાના અભ્યાસમાં પડેલો... કારણ કે પર્યાય ઉપર દૃષ્ટિ છે. સ્વભાવ ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, જ્ઞાનાનંદ વીતરાગ-વિજ્ઞાન છે, એવી દૃષ્ટિનો જ્યાં અભાવ છે. એટલે બહિર્મુખ ભગવાનઆત્માથી બહિર્મુખ થતાં સુખ-દુઃખ અને રાગ-દ્વેષના પરિણામ તેનું જ્ઞાન મારું અને આ ચીજ બીજી, એમ એણે કોઈ દિ' ભિન્નતાનો અભ્યાસ કર્યો નથી. સમજાય છે કાંઈ ? એ ભિન્નતાનો અભ્યાસ નહિ હોવાને કારણે એકતાનો અભ્યાસ છે, એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),...'** જુઓને ! એ દૃષ્ટાંત તો જુઓ ! ઓ..હો..હો...! ભાઈ ! એ ટાઢા-ઊનાપણે આત્મા થાય, ટાઢી-ઊની અવસ્થા તો જડ છે ને પ્રભુ ! આત્મા તો અરૂપી છે ને ? એ અરૂપી આત્મા, જેમ રૂપી ટાઢી-ઊની અવસ્થાપણે ન થાય, એવો ભગવાન સ્વભાવ આત્મા, એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પનારૂપે ન થાય એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'વજુભાઈ'!

**શ્રોતા :-** કથંચિત્ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કથંચિત્ થાય એટલે શું ? બિલકુલ ન થાય. એ તો શેઠ સ્પષ્ટ કરાવે છે. સમજાય છે કાંઈ ? ભગવાન ! તારી વાત તેં સાંભળી નથી, પ્રભુ ! પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ ઇન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં આ વાણી નીકળી હતી. એ વાણી સંતોએ શાસ્ત્રમાં રચી અને કહેવાય છે, ભાઈ!

અરે..! તારી ભૂલ તો જો, એમ કહે છે. ભગવાન તારી ભૂલ તો જો તું. કે જેમ ટાઢી-ઊની અવસ્થાપણે અરૂપીનું પરિણમવું, થવું રૂપીપણે અશક્ય છે. આહા..હા...! ટાઢી-ઊની રૂપી અવસ્થા છે. અરૂપીનું રૂપીપણે થવું અશક્ય છે. એમ ભગવાન જ્ઞાન આનંદ સ્વભાવ છે. અહીં ભાવ સ્વભાવ છે. એ વીતરાગ-વિજ્ઞાન સ્વભાવનું એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના ભાવપણે થવું, પરિણમવું અશક્ય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

હજી તો શરીર જુદું અને આત્મા જુદો એ વાત બેસે નહિ. શરીરની ક્રિયા હું કરું છું... હું કરું છું.. એમ જ્યાં ત્યાં બેસે છે. આ બધું હાલે, ચાલે એ હું કરું છું. આહા..હા...! ભાઈ ! આ તો જડ છે ને, પ્રભુ! આ તો માટી છે. એ માટી હાલે-ચાલે એ માટી હાલે છે, આત્મા એને હલાવતો નથી. આહા..હા...! હજી તો જુવાનજોધ શરીર હોય, લાડવા ત્રણ-ત્રણ ચડાવતો હોય, ધમ ધમ આમ... આ બધી વાણી અમે કરીએ, અમે ચાલીએ છીએ. ભાઈ ! મોટી ભૂલમાં પડ્યો છે, પ્રભુ ! એ બધી જડની ક્રિયા જડથી થાય છે, તારાથી નહિ. એ તો એક બાજુ સ્થુળ વાત રહી ગઈ. આહા..હા...!

ભગવાન ! તારી ભૂલ તો એવડી મોટી.. તું મોટો એવડો કે કેવળી જેવડો. અરે...! અનંતા કેવળીને પેટમાં રાખે એવડો. અને આટલો હીણો કે રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના, વિકારી અવસ્થા જે ખરેખર તો પુદ્ગલ સાથે અચેતન સંબંધ રાખે છે. આહા..હા...! દાખલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો જુઓ ! અરૂપી રૂપીની ઠંડી-ગરમ અવસ્થાપણે ભગવાન અરૂપી કેમ થાય ? એમ ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, એ પોતાના સ્વભાવને છોડી, આવા રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે કેમ પરિણમે ? થાય કેમ ? એમાં હોય કેમ ? એ રીતે વર્તે કેમ ? એ અશક્ય છે, કહે છે. આહા..હા...! 'દેવચંદજી'! આહા..હા...! એવી વાત છે, પ્રભુ ! વાત તો (એવી છે). એવો માર્ગ વીતરાગનો સાંભળવા પણ મળે નહિ, વિચારે નહિ. હું પદ.. હું પદ.. હું પદના અભિમાનમાં અનાદિથી ચાલ્યો જાય છે. ચાર ગતિના ધોકા (ખાતો) ભવભ્રમણમાં પડ્યો છે. એક પછી એક, એક પછી એક, ક્યાંય એને સુખ નથી. માને છે મૂંઢ (કે હું સુખી છું). સમજાય છે ?

અહીં તો કહે છે, ભાઈ ! તારી એવડી ભૂલ છે ને કે, ભગવાનઆત્મા ઠંડા-ઊનાપણે કેમ થાય ? એ બરાબર છે. તો કહે છે કે આત્મા–ભગવાનઆત્મા રાગ-દ્વેષપણે કેમ થાય ? એ આકરું (પડે). કેમ કે આત્મા જેમ રૂપીપણે અરૂપી ન થાય, એમ વીતરાગી વિજ્ઞાનઘન આત્મા છે તે રાગપણે કેમ થાય ? એમ કહે છે. આહા..હા...! ઓ..હો..! કેટલું વ્યવહારનું પરિણમન છે, એવો વીતરાગી વિજ્ઞાનઘન પ્રભુ વ્યવહારપણે કેમ પરિણમે ? એમ કહે છે. આહા..હા...! છે એમાં ? છે કે નહિ એમાં ? એમાં છે એના અર્થ થાય છે. કેટલાક વળી એમ કહે કે આ 'સોનગઢ'વાળા ઘરનો અર્થ કરે છે. વળી એમ કેટલાક કહે છે.

**શ્રોતા** :– ઘરનો જ કરાય ને..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઘરનો એટલે આત્માનો ખરો. પણ આ તો કલ્પનાનો એમ કહે છે. 'વૈદરાજજી'! અરે..! પ્રભુ ! શાંત થા, નાથ ! તારા ઘરની વાત છે, ભાઈ ! આ તો જન્મ-મરણને ટાળવાની વાત છે, ભાઈ ! જન્મ-મરણ અનંતા કર્યા એમાં ક્યાંય સુખ છે નહિ. સ્વર્ગના કર્યા, મનુષ્યના કર્યા, ઢોરના કર્યા. આ મનુષ્યપણું હારીને ચાલ્યા જાય છે. ઢોરમાં, પશુમાં અવતાર (થાય). આ તે કાંઈ અવતાર છે ?

**શ્રોતા** :– આ તે કાંઈ જીવપણું કહેવાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, એ જીવ છે ? તેને અવતરવું પડે એ જીવ કહેવાય ? આહા..હા...! કલંક છે, કલંક છે, એમ કહે છે. 'યોગસાર'માં 'યોગીન્દ્રદેવ' કહે છે. સમજાય છે ? ભગવાનઆત્માને જન્મ એ કલંક છે. શરમજનક જન્મ ટળે, આવે છે ને ? એ પણ આવે છે. જન્મવું એ કલંક છે. ભવ એ કલંક છે.

અહીં તો કહે છે કે રાગ-દ્વેષ જે ભવનો ભાવ, સુખ-દુઃખ જે ભવનો ભાવ એ મારા માનવા, પ્રભુ ! મહા મિથ્યાત્વ કલંક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જેમ ભગવાનઆત્મા અજીવથી ભિન્ન છે, તેમ તે સુખ-દુઃખ અને રાગ-દ્વેષના પરિણામ જે વિકારી છે, વિભાવ છે, તેનાથી પણ પ્રભુ ભગવાન ભિન્ન છે. જો ભિન્ન ન હોય તો કોઈ દિ' વિભાવરહિત થઈને સિદ્ધ થઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે, તે **'જેમના રૂપે...'** **'જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે.'** આહા..હા...! જેમ ભગવાનઆત્મા અરૂપી પદાર્થ વસ્તુ છે, અસ્તિ છે, સત્તા અરૂપી છે. એ ઠંડી-ઊની રૂપીપણે થવાને અલાયક–અશક્ય છે. એમ ભગવાનઆત્મા જ્ઞાનનો પૂંજ પ્રભુ વીતરાગ વિજ્ઞાનઘન છે, એ રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ... **'જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગ-દ્વેષસુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...'** ભાષા જુઓ! વસ્તુ સ્વભાવ નહિ. એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ અને સુખ-દુઃખપણે (પરિણમવું) એ બધું અજ્ઞાનપણું છે, અજ્ઞાનપણું છે. એ અજ્ઞાનઆત્મા વડે આત્માના જ્ઞાનને ભૂલી એવા અજ્ઞાનસ્વરૂપ વડે પરિણમતો થકો. આહા..હા...! સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ ! વીતરાગનો માર્ગ સૂક્ષ્મ છે. પરમેશ્વર વીતરાગનો માર્ગ દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. આટલો બધો આકરો. ઓ..હો..હો..હો..!

હજી તો અહીં દયા, દાન અને વ્રતના પરિણામ ધર્મ છે અને કાંઈક ધર્મ કરીએ છીએ. ભાઈ ! એ શુભરાગપણે સ્વરૂપનું પરિણમવું અશક્યપણું છે. છતાં મિથ્યાત્વ ને અજ્ઞાનપણે કરી, રાગાદિ સુખ-દુઃખ જે કલ્પના અજ્ઞાન છે, એ જ્ઞાનને ભૂલીને અજ્ઞાનપણે પરિણમે છે એમ એ માને છે. **'અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...'** ખરેખર તો.. ભાઈ ! શીત-ઉષ્ણપણે થતો નથી. શીત-ઉષ્ણપણે જીવ થતો નથી, માને કે હું ટાઢો ઊનો થઈ ગયો. એ એની માન્યતા છે. સમજાય છે કાંઈ ? એમ પુણ્ય અને પાપ, સુખ-દુઃખના ભાવપણે થતો નથી, રસપણે જીવ થતો નથી, સ્પર્શપણે ઠંડો-ઊનો થયો એવી માન્યતા કરે છે. એમ ભગવાનઆત્મા પુણ્ય અને પાપના ભાવપણે થતો નથી. સમજાય છે કાંઈ ? ભારે ઝીણું, ભાઈ ! આને બેસાડવા માટે તો બહુ વખત જોઈએ. આહા..હા...!

અરે..! આવા મનુષ્યદેહમાં આ ચીજને ન સમજ્યો, (એના) એળે અવતાર છે. કીડા, કાગડાને જેમ માણસપણું નથી અને નિરર્થક છે, એમ આને પણ આ તત્ત્વની દૃષ્ટિના ભાન વિના એ અવતાર નથી મળ્યો એવું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? બહુ અલૌકિક ગાથા છે. પણ દાખલો તો કેવો ! કોઈ દિ' અરૂપી શીત-ઉષ્ણપણે થાય ? ઠંડો-ઊનો તો જડભાવ છે. એ આત્મા ઠંડા-ઊનાપણે થાય એમ માને, (પણ) થાય નહિ. સમજાય છે ? જુઓ, ખુબી જુઓ ! એમ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એ વ્યવહાર, દયા, દાન, વ્રતના પરિણામપણે થતો નથી, માને છે કે હું થયો. સમજાણું કાંઈ ? એટલી સૂક્ષ્મતા છે.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ કરે છે ? કરે છે કોણ ? કર્તા માટે તો અહીં ના પાડે છે. પરિણમવું એ કરવું, કરવું એ પરિણમવું, એનો અર્થ તો એ છે અહીંયા. આ કર્તાકર્મનો અધિકાર છે ને ? એ પણે કર્તાપણે પરિણમવું એમાં છે જ નહિ એમ કહે છે અહીંયા તો. આહા..હા...! અરે...! આકરું છે. ભાઈ ! માર્ગ તો એવો છે, બાપુ ! કોઈ માને કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન માને, સમજે કે ન સમજે પણ માર્ગ તો આ છે. આ માર્ગને સમજ્યા વિના એના ભવના આરા આવવાના નથી. આહા..હા...! આકરું તો શાસ્ત્રના અભ્યાસીઓને પડે એવું છે. એય..! 'વૈદરાજજી'! આહા..હા...!

કહે છે, ત્રિલોકનાથ સંતો અને મુનિઓ એમ કહે છે. ... આવે છે ને ? મહાશ્રમણો કેવળીઓ, 'પંચાસ્તિકાય'માં આવે છે ને ? મહાશ્રમણ એવા કેવળીઓ એમ કહે છે, ભાઈ! તું એક વસ્તુ આત્મા છો કે નહિ ? તારામાં કાંઈ છે કે નહિ ? તું છો તો તારામાં કાંઈક છે કે નહિ ? કે તારામાં છે તો શું છે ? જ્ઞાન, આનંદ અને વીતરાગતા તારામાં છે. સમજાય છે કાંઈ ? તું છો કે નહિ ? કે છે. તો છે એમાં કોઈ તારો ભાવસ્વભાવ છે કે નહિ ? છે. જેમ ત્રિકાળ આત્મા છે તેમ તેનો ભાવસ્વભાવ પણ ત્રિકાળ છે. જ્ઞાન, દર્શન, આનંદ, વીતરાગસ્વભાવ, શુદ્ધતા આદિ ત્રિકાળ ભાવ તારામાં છે, ભાઈ ! એ પણું છોડીને પુણ્યના ભાવપણે, પાપના ભાવપણે, સુખ-દુઃખના ભાવપણે આવો ભગવાનઆત્મા થવાને તો અશક્ય છે. સમજાય છે ? આકાશમાં ફૂલ થવાને અશક્ય છે. ફૂલ થાય ?

**શ્રોતા :–** એટલો ફરક છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એટલો ફરક છે. આહા..હા...! ઠંડી-ઊની અવસ્થાનું દૃષ્ટાંત તો જુઓ ! ઓ..હો..હો..! શાંતિથી સમજવાની ચીજ છે. આ તો કોઈ અપૂર્વ ધર્મની વાત છે. એમ ને એમ બહારથી પ્રગટી જાય, થઈ જાય એવી ચીજ નથી. સમજાય છે કાંઈ ?

અહીં તો કહે છે, ભાઈ ! તું આત્મા છો ને ! જેમ આ જડ છે, આ છે એમ તું છો કે નહિ ? તો જેમ જડ છે તો એ જડવાળા જડભાવવાળા જડ છે કે નહિ ? તો તું છો તો તારા ભાવવાળો તું છો કે નહિ ? તારો ભાવ છે એ કાયમી ભાવવાળો કોણ ? એ તો જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા એવા સ્વભાવવાળો તું ત્રિકાળી વીતરાગ વિજ્ઞાનઘન છો. એવો ભાવસ્વભાવવાળો આત્મા જેમ અરૂપી હોવાથી રૂપીપણે ઠંડી અને ગરમપણે થવાને અશક્ય છે, અસમર્થ છે, એમાં એવી શક્તિ નથી. એમ પુણ્ય અને પાપના વિકારીભાવ અને સુખ-દુઃખની કલ્પના એ પણે આત્માને પરિણમવું એટલે થવું એટલે કરવું. આત્મા પુણ્યને કરે એવી આત્મામાં અશક્યતા છે એમ કહે છે. ભાઈ ! આ કર્તા-કર્મ.. ...

ભાઈ ! આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ! એ રાગને કરે, અશક્ય છે. આહા..હા...! જેમ આત્મા શીત-ઉષ્ણ અવસ્થાપણે થવું અશક્ય છે, એમ આત્મા વસ્તુ પ્રભુ ! એ દયા, દાનના વિકલ્પપણે કરવું, કરવું એ અશક્ય છે. એવા સ્વભાવને દયા, દાનના વિકલ્પ કરવા, કરવા કહો કે પરિણમવું કહો. આહા..હા...! પરિણમે તે કર્તા એમ કહ્યું છે ને ? એ વાત સિદ્ધ કરે છે. આ દુનિયાની પંચાત એટલી બધી, બહારની એમાં વળી અહીં ધર્મને નામે આવે ત્યાં પણ મોટા વાંધે અને વચકા.. સંસારમાં પણ મોટા વાંધા અને વચકા નીકળે. છોડી મોટી થઈ છે ને ઠેકાણે નાખવી છે. ત્યાં તો પોતે મરી જાય. છોકરો મોટો થયો છે, હવે સગપણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સારા ઘરે કર્યું છે. સરખી રીતે લગન મારી હાજરીમાં થાય તો ઠીક, નહિતર સરખું થશે નહિ. ત્યાં પોતે મરીને ઢોરમાં ચાલ્યો જાય. એમ ત્યાં જે વાંધા અને વચકામાં નવરો થતો નથી, એમ આત્માની સમજણ માટે નવરો થતો નથી. અરે..! રાગ આત્મા કરે ? રાગ આત્મા કરે ? કોણ કરે ? ભાઈ ! કઈ અપેક્ષાથી વાત છે, બાપુ ! રાગ કરે છે તો અજ્ઞાનભાવે અજ્ઞાની. સમજાય છે ? પણ ભાવસ્વભાવ એનો (એવો છે) કે રાગનું કરવું અને રાગનું પરિણમવું એ છે નહિ. એ વાંધાને કાઢ, બાપુ ! એમ કહે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ તો કરે જ, જડનું તો ભલે ન કરે. શરીરનું ન કરે. લ્યો, પક્ષઘાત થઈ ગયો. અંદર પડ્યો. કાંઈ આંખ પણ ચલાવી શકે નહિ. આ તો જડ છે. એનું હલવું કે ન ચલવું એ આત્માના અધિકારની વાત નથી. આહા..હા...! જુઓને ! મેં તો જોયું ને. મેં તો મારી આંખે જોયું. આંખ મડદાની થઈ ગઈ હતી. આહા..હા...! અંદર આત્મા હતો ? કાંઈ કરી શકતો હતો ? આમ જ થઈ ગયેલી. જડ થઈ ગઈ. હલતી નહોતી. કલાક-દોઢ કલાક પછી દેહ છૂટવાનો હતો. મેં તો કહ્યું, આમાં કાંઈ છે નહિ. સમાધાન રાખજો, કીધું શાંતિ રાખજો. હવે આમાં તો કાંઈ (છે નહિ), એમ કેમ જટ દઈને કહેવાય. સમાધાન રાખજો, શાંતિ રાખજો. આમાં કાંઈ છે નહિ. સિરિયસ છે. આહા..હા...! અરે.. બાપા !

અહીં તો કહે છે, તને આ રાગ અને દ્વેષ અને સુખ-દુઃખે પરિણમવું એવો તને ભ્રાંતિનો રોગ ગરી ગયો છે. આહા..હા...! રોગ. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ; ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' ભગવાન ! એ રોગ તો બહારના, દેહના નાથ ! એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. એ રોગ જીવમાં નહોતો. એ તો જડનો રોગ છે, માટીનો રોગ છે. આત્માનો રોગ એને ભગવાન કહે છે, કે પુણ્ય અને પાપ, સુખ અને દુઃખની કલ્પના એનો હું કર્તા અને એ પણે હું પરિણમું એ માન્યતા તેને મોટો રોગ છે. આહા..હા...!

એ વાત વીતરાગ સિવાય ક્યાંય છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે જ નહિ. હજી આવી વાત જૈન વાડામાં બેઠા એણે સાંભળી નથી, સમજતો નથી. સમજાય છે ? અન્યમાં તો છે જ નહિ. એવી વાત છે, પ્રભુ ! આમ દેહ થંભી જાય. અંદર ભગવાન પડ્યો. કાંઈ આંગળી હલાવી શકે નહિ, આંખ હલાવી શકે નહિ. કેમ હલાવી શકતો નથી ? દેહનું અને રાગનું પરિણમન જીવનું છે નહિ. અહીં તો વાત આ કરી છે પણ એ 'જયસેનાચાર્ય'ની ટીકામાં નાખ્યું છે, ભાઈ ! દેહ અને અભ્યંતર બેયનું પરિણમન જીવનું નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** દેહનું અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભ્યંતર, આ રાગાદિ, બાહ્ય શરીર. બાહ્ય શરીરાદિ અને અભ્યંતર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગાદિ. બન્નેનું પરિણમન જીવનું નથી. બેયનું કર્તૃત્વ જીવનું નથી. બેયનો કર્તા જીવ નથી એટલે બેયરૂપે પરિણમતો જીવ નથી. આહા..હા...! ભગવાન ! તારી વાત આવી છે, પ્રભુ ! આહા..હા...! દુનિયાની સાથે મેળ ન ખાય પણ કાંઈ સત્ય બીજું થઈ જશે ? સત્ય તો સત્ય જ ત્રિકાળ રહેશે. આહા..હા...! કહે છે, એ ક્યાંક આમાં વાંચ્યું હતું. આમાં સંસ્કૃત ટીકા નથી, નહિ ? આપણે નથી લીધી. કહો, સમજાણું ?

કહે છે, આમાં પુનરુક્તિ દોષ નથી લાગતો. આ તો વિશેષ સ્પષ્ટતાની વિકાસદશા છે. આત્મા અંદર સ્પષ્ટ થાય છે. આહા..હા...! હું આત્મા, વસ્તુ, જ્ઞાન અને આનંદનું ઘર અથવા ચારિત્ર એટલે ત્રિકાળી વીતરાગ સ્વરૂપ મારું છે. એવો આત્મા... આહા..હા...! ભાષા તો જુઓ એક શાસ્ત્રની. જેમ ઠંડી-ઊની અવસ્થાપણે અરૂપી ન થાય, એમ ચારિત્રવંત એટલે વીતરાગસ્વરૂપ આત્મા અચારિત્રપણે ન થાય. આહા..હા...! એમ સમ્યગ્દર્શનરૂપ ભગવાનઆત્મા, ત્રિકાળ દર્શનરૂપ, હોં ! એ મિથ્યાત્વ શ્રદ્ધારૂપે ન થાય. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન અજ્ઞાનપણે ન પરિણમે. એ આનંદ સ્વરૂપ પ્રભુ એ દુઃખરૂપે ન પરિણમે, દુઃખનો કર્તા ન થાય. આહા..હા...! ગુજરાતી સમજાય છે કે નહિ ? સમજાય છે ? થોડું થોડું સમજવું, ભાઈ ! હવે જુવાનિયા તૈયાર થવા જોઈએ. આહા..હા...!

શરીર ક્યારે ચાલ્યું જશે એ ખબર છે ? યુવાન હોય કે વૃદ્ધ કોને કહેવું ? એ તો જડને કહે છે. શરીર ક્યારે ચાલ્યું જશે. ૨૫-૨૫ વર્ષની યુવાન અવસ્થામાં ચાલ્યા જાય, બાપા ! જુઓને આ ભાઈનું શરીર કેવું હતું ? ૨૨ વર્ષના યોદ્ધા જેવું હતું. એક સમયમાં પલટતા વાર શેની ? એ તો જડ છે હવે. આહા..હા...! હું તો વૈરાગ્ય માટે આવ્યો હતો હોં ! 'ચંદુભાઈ'! એની છેલ્લી સ્થિતિ કેવી છે ? જટ જોઈએ. આહા..હા...! આ ? જવા દે જાય ત્યાં. આપણા 'શાંતાબેન' છે ને ? ઘિયા. પ્રભુભાઈને થયું હતું ને. કરોડપતિ માણસ. ઘિયા 'રાજકોટ'. 'પ્રભુભાઈ'ની ૫૮ વર્ષની ઉંમર. કેટલા વર્ષ થયા ? બે-ત્રણ વર્ષ થયા હશે. એ ૩૬ કલાકથી અસાધ્ય હતા અને એમાં મને વિચાર થયો કે લાવ ને જાઉં. ગયા અને થોડા વખત પછી પા કલાક કાઢ્યા. પછી 'શાંતાબેન' એમ બોલ્યા. ઘરેથી એના બૈરા. મહારાજ અને અમારે ધર્મનો સંબંધ છે. આ આવ્યા માટે જીવે અને નિરોગ થઈ જાય એમ નહિ. આ આવ્યા અને પા કલાક સાધ્ય થઈ ગઈ. ૩૬ કલાક બંધ હતું. એટલે એની યોગ્યતા હતી. ૩૬ કલાકથી બંધ હતું. બિલકુલ મૌન. 'મુંબઈ'થી પંદરસો-પંદરસોના દનૈયાવાળા મોટા ડોક્ટરને બોલાવ્યા. મંગળીક સંભળાવ્યું ત્યારે કાંઈ નહિ. કોણ જાણે પછી કેમ થયું એકદમ 'ચંદુભાઈ'એ અવાજ કર્યો. 'શાંતાબહેન' બોલ્યા, આ જીવંત રહે અને નિરોગ થાય એમ અમારે કાંઈ સંબંધ છે નહિ. એનો અર્થ એ હતો, ભાઈ ! પછી જ્યારે દેહ છૂટવાનો કાળ આવ્યો, ત્યારે બહેન બોલ્યા, શાંતાબેન ઘરેથી. એ તો કરોડપતિ મોટા માણસ છે. ચાલ્યો જા. તું નિત્ય છો, તારો નાશ નથી. આહા..હા...! સમજાય છે ? ધણીના આત્માને કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, જુઓ એક ગૃહસ્થ કરોડપતિ. ચાલ્યો જા. તારો નાશ ક્યાં છે ? તારો નાશ ક્યાં છે ? તું અવિનાશી છો. સમજાય છે કાંઈ ?

હવે, નિત્ય એનો જે આનંદસ્વભાવ છે તે અનિત્ય એવા વિભાવપણે કેમ થાય ? આહા..હા...! વાત તે પણ વાત ! હજી તો અહીંયાં લોકોને વ્યવહાર કરવો છે અને વ્યવહારથી નિશ્ચય થશે એમ માનવું છે. આહા..હા...! હમણા ગુજરાતના ત્રણ પંડિતો આવીને આનું એકાંત છે એમ સિદ્ધ કરીને ગયા. બસ અરે..! ભગવાન ! બાપા ! ત્રણ આવ્યા હતા. દસ દિ' વ્યાખ્યાન કર્યા. ... 'બાબુભાઈ' હશે. નિયત નહિ. નિયત અને અનિયત બન્ને છે. નિમિત્ત અકિંચિત્કર નથી, નિમિત્તથી થાય છે અને વ્યવહાર નિશ્ચયનું સાધન છે. નિશ્ચય સાધ્ય છે, વ્યવહાર એનું સાધન છે. એમ શાસ્ત્ર આગમ છે. અરે..! ભાઈ ! એ તો નિમિત્તના કથન. આહા..હા...! અરે..! તને ખબર નથી, ભાઈ ! અહીં ભગવાન શું કહે છે ? જુઓને ! આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! વિભાવપણે થાય એ તારી મોટપ નહિ. એ તો તારી મિથ્યાત્વની માન્યતા છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! કોને કહેવું છે એમાં ? કોને માનવું ? તારું તું માન બાપા, એમ કહે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! આ તો જડ-માટી છે. આ તો બધી ધૂળ છે. ભગવાનઆત્મા અંદર જુદી ચીજ છે. આને ને એને કાંઈ ન મળે. રાખની માટી છે આ તો ભાઈ ! દાળ-ભાત રોટલામાંથી આ મોઢું ખડકાણું. રાખ થઈને મહાણમાં ઊડી જશે. એ ક્યાં આત્મા હતો ? આ તો માટી ધૂળ છે. એની વાત તો શું કરવી ? પણ અંદર વિકાર થાય એ ધૂળ છે. ચૈતન્ય અમૃતના સાગરની સાથે એ ધૂડનો મેળ ખાતો નથી, એમ કહે છે. આહા..હા...! થોડું થોડું ગુજરાતી સમજાય છે ને ? ફરીને આપણે લેશું, આપણે ક્યાં વાંધો છે. સમજાય છે કાંઈ ? અને પુણ્ય-પાપપણે હું થાઉં, કર્તા (થઈને) પરિણમું એ તારો મિથ્યાત્વનો રોગ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સમજાય છે ?

કહે છે, **'જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગદ્વેષ સુખ-દુઃખાદિરૂપે...'** સુખ-દુઃખ, રતિ–અરતિ. **'અજ્ઞાનાત્મા વડે...'** અજ્ઞાનાત્મા વડે. ભાષા જુઓ ! જ્ઞાન આત્મા નહિ. એ રાગ-દ્વેષ, સુખ-દુઃખ અજ્ઞાનસ્વરૂપ છે. એ અજ્ઞાનરૂપે પરિણમેલો, પરિણમતો માનતો. પરિણમ્યો હોવાનું માનતો થકો એ વાત અહીં બરાબર છે. જેમ ટાઢા-ઊનાપણે થતો નથી, માને છે. એમ પુણ્ય-પાપના, હરખ-શોક, દયા-દાન-વ્રતપણે પરિણમતો નથી, કરતો નથી, માને છે કે હું પરિણમું છું અને કરું છું. એ મિથ્યાત્વની માન્યતાની મોટી ભૂલ છે. આહા..હા...! એ રોગ છે. 'વૈદરાજજી' ! આ વાણી છે, ભાઈ !

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદગુરુ વૈદ સુજાણ; ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' જ્ઞાન ને સ્થિરતા એ એનું ઔષધ છે. આહા..હા...! પહેલું તો જ્ઞાન કરવું કે એ રાગપણે પરિણમવું એ મારા સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા...! વ્યવહારનું કરવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ મારા સ્વરૂપમાં છે જ નહિ. વ્યવહારનું પરિણમવું એ મારા માટે છે નહિ. એ તો ૭૩મા પહેલું આવી ગયું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કર્તા-કર્મનો અધિકાર એકવાર શાંતિથી મહિનો-દોઢ મહિનો સાંભળે તો ખબર પડે કે શું છે આમાં. આહા..હા...!

**'અજ્ઞાનાત્મા વડે...'** એટલે સ્વરૂપને ભૂલીને ભ્રમણા વડે **'પરિણમતો થકો...'** હું જાણે રાગરૂપે થાઉં છું અથવા રાગને કરું છું, પુણ્યને કરું છું, વ્યવહારને કરું છું, એમ માનતો થકો **'જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. તેને પર્યાયમાં ભ્રાંતિ વડે અજ્ઞાનપણું પ્રગટ કરે છે. હું તો રાગવાળો છું એમ મિથ્યાત્વને પ્રગટ કરે છે. **'જ્ઞાનનું અજ્ઞાનત્વ...'** ચૈતન્યબિંબ પરમાત્મા પોતે છે એનું **'અજ્ઞાનત્વ...'** એટલે રાગપણું, વિકારપણું, મિથ્યાપણું **'પ્રગટ કરતો,..'** થકો. આહા..હા...! **'પોતે અજ્ઞાનમય થયો થકો,...'** એવો આત્મા પોતે એટલે જાતે, જાતે અજ્ઞાનમય થયો થકો; એટલે કોઈ કર્મનો ઉદય છે, કર્મનું જોર છે માટે આ થાય છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ ?

**'પોતે અજ્ઞાનમય થયો થકો...'** ભાષા ત્યાં લીધી તન્મયતા. રાગની સાથે તન્મય થઈ ગયો. માન્યતાથી, હોં ! આહા..હા...! એથી કહ્યું છે ને 'શ્રીમદે', દિગંબરના આચાર્યોએ એવું માન્યું છે કે આત્માનો મોક્ષ થતો નથી. મોક્ષ સમજાય છે. ભ્રાંતિ હતી કે હું રાગરૂપ અને બંધન છું. એ ભ્રાંતિ હતી, ભ્રમ હતો. એ ભ્રમ વિચાર દ્વારા સમજાય ગયો, મુક્ત જ છું. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન થતાં મુક્ત છું એવું ભાન થઈ જાય છે. આહા..હા...! મિથ્યાદર્શનમાં મિથ્યાપણે પરિણમવું એવું એને ભાન થાય છે. ભાન થાય છે ને ? એક જાતનું ભાન થાય છે. બીજા પદમાં કીધું. **'जीवो चरित्तदंसणणाणठिदो'** રાગને જાણતો થકો. કારણ કે જ્ઞાન છે એટલે રાગને જાણતો થકો એમ લીધું છે. એવો **'चरित्तदंसणणाणठिदो'** તેણે જાણતો થકો રાગરૂપે પરિણમે છે એમ કહે છે. સમજાય છે ? એ વખતે એનું જ્ઞાનપણું તો છે, એ માનતો નથી. એની દૃષ્ટિ રાગ ઉપર છે. ખરેખર તો રાગ કાળે રાગનું જ્ઞાન છે. કારણ કે એનો સ્વભાવ જ એવો છે. પણ તેને જાણતો ખબર નથી. છતાં આચાર્ય એમ કહે કે રાગને જાણતો થકો, અજ્ઞાની રાગપણે પરિણમે છે. ('સમયસાર'ની) બીજી ગાથામાં છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'પોતે અજ્ઞાનમય થયો થકો, 'આ હું રાગી છું...''** એટલે હું વ્યવહારી છું, હું પુણ્યના પરિણમનવાળો છું, હું પુણ્યનો કર્તા છું. જુઓ ! એનો અર્થ કર્યો. **'(આ હું રાગ કરું છું)'** હું વિકલ્પ કરું છું, આ પુણ્યને હું કરું છું અથવા પુણ્યપણે હું પરિણમું છું **'ઇત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.'** અહીંયાં જડની વાત નથી. એ રાગાદિ પુણ્ય-પાપના કાર્યનો કર્તા અજ્ઞાની પોતાને ભાસે છે. વસ્તુ ભિન્ન છે એવો ભાસ થતો નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

❋

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર, ગાથા–૧૦૦, પ્રવચન નં. ૧૮૧
## તા. ૦૨-૦૭-૧૯૬૯
## [૨૫]

'સમયસાર' કર્તા-કર્મ અધિકાર. ૧૦૦મી ગાથા. ફરીને પહેલેથી ટીકા (લઈએ). આ કર્તા-કર્મ અધિકાર છે. કર્તા નામ કરનારો, પરિણમનારો અને કર્મ નામ કાર્ય નામ પર્યાય. એ કર્તા-કર્મ પરની સાથે કેમ છે અને પરની સાથે કેમ નથી એનું સ્પષ્ટીકરણ ૧૦૦મી ગાથામાં થોડું સૂક્ષ્મ છે.

ખરેખર તો દાળ, ભાત, શાક, મકાન, ગાડું, કાગળનું લખવું વગેરે એ જે ઘટ ક્રિયા છે એ જડની ક્રિયા છે. અને ક્રોધાદિક પરદ્રવ્ય. અને અંદર જે કર્મ જડ છે, ચારિત્રમોહ કર્મ જડ, ક્રોધ, માન, માયા, લોભ એટલે રાગ અને દ્વેષ એટલે ચારિત્રમોહની પરમાણુની જે પર્યાય જડની છે, **'એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ.'** પરદ્રવ્યસ્વરૂપ, પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. ઘડાના પરિણામ એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. ઘડાની અવસ્થા એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. કપડાની અવસ્થા થવી એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. એમ દાળ, ભાત, શાક, રોટલી બનવી એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. એમ કર્મમાં ચારિત્રમોહનીય, દર્શનમોહનીય, જ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિનું પરિણમન (થવું) એ પદ્રવ્યસ્વરૂપ અવસ્થા છે, એ પરદ્રવ્યસ્વરૂપ જ પરિણામ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. પરિણામ એ પરદ્રવ્યસ્વરૂપ સાથે તન્મય છે. એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. એનું સ્વરૂપ જ એ પરિણામ છે એમ કહે છે. આહા..હા...! પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. ઘડાનું બનવું એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. પરદ્રવ્યના સ્વરૂપનું એ પરિણામ છે, આત્માનું નથી, પરનું નથી. સમજાણું કાંઈ ? આ વાણીનું પરિણમન એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ (છે). પરિણામ પરદ્રવ્યસ્વરૂપ એમ. એ પરિણામ પરદ્રવ્ય સ્વરૂપ (છે). પર્યાય એ પરદ્રવ્યસ્વરૂપ પર્યાય છે. સમજાણું કાંઈ ? એમ સિદ્ધ કર્યું. એ સમયે પરદ્રવ્યસ્વરૂપ પરિણામ (થયા છે).

**'તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...'** ઘટની પરદ્રવ્ય સ્વરૂપ અવસ્થા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્ત્રની પરદ્રવ્ય સ્વરૂપ અવસ્થા, દાળ, ભાત થવાની પરદ્રવ્યસ્વરૂપ અવસ્થા, કર્મ થવાની પુદ્ગલરૂપ પરદ્રવ્યસ્વરૂપ અવસ્થા, તેને આત્મા વ્યાપ્ય નામ એ પરિણામ અને આત્મા પરિણામી, એ કર્મ અને આત્મા કર્તા એમ કરતો નથી. **'વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...'** સમજાણું કાંઈ ?

**'કારણ કે જો એમ કરે...'** ભગવાનઆત્મા પોતાના સિવાય શરીર, વાણી, કર્મ, ઘટ, પટ, વસ્ત્ર, દાળ, ભાત, મકાન આદિ કપડા, કાગળની અવસ્થા બનવી, અક્ષર લખવા, એ બધી પરદ્રવ્યની પર્યાય (છે). એમાં આત્મા પરિણામી અને એ પરિણામ એનું, એમ જો હોય તો તો **'તન્મયપણાનો પ્રસંગ આવે;...'** આત્મા પરદ્રવ્ય પરિણામમાં એકરૂપ થઈ જાય. સમજાણું કાંઈ ? આ તો હજી સ્થૂળ છે, સૂક્ષ્મ હવે આવશે. આહા..હા...!

ભગવાનઆત્મા પોતાની ભિન્ન સત્તા રાખનાર, એ પર ભિન્ન સત્તા રહેનારો પદાર્થ, એ સમયનું એનું જે પરિણામ એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ સિદ્ધ કર્યું. એ સમયે એ પરદ્રવ્યસ્વરૂપ જ પરિણામ (થાય છે). જુઓ ! ક્રમબદ્ધ પણ સિદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ ? કર્મનું અને ઘટપટાદિ બાહ્યનું, એનો જે આત્મા કર્તા બનીને એ પરિણામ પરદ્રવ્યસ્વરૂપ પરિણામને કરે અથવા એ પરિણામનો કર્તા થાય તો એ પરિણામમાં–પરદ્રવ્યની અવસ્થામાં આત્મા એકમેક થઈ જાય. આત્મા પર પરિણામમાં તન્મય એકરૂપ થઈ જાય તો સ્વદ્રવ્યનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ ? એમ કરે તો તન્મયતા–તન્મય નામ પરદ્રવ્યરૂપ થવાનો દોષ આવે છે, પરદ્રવ્યરૂપ થવાનો દોષ આવે છે. કહો, સમજાય છે ?

**'વળી...'** એક વાત કરી. **'નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...'** ઘડાની અવસ્થા પરદ્રવ્યસ્વરૂપ પરિણામ, કર્મની અવસ્થા પરદ્રવ્યસ્વરૂપ પરિણામ, વાણીની અવસ્થા પરદ્રવ્યસ્વરૂપ પરિણામ, શરીર હાલે છે, ચાલે છે એ પરદ્રવ્યસ્વરૂપ પરિણામ (છે), તેને ભગવાનઆત્મા નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ કરતો નથી. અર્થાત્ એ અવસ્થાના તે સમયના પરદ્રવ્યસ્વરૂપ પરિણામ, એમાં આત્મા નિમિત્તકર્તા હોય, નિમિત્તકર્તા હોય. પરદ્રવ્યમાં વ્યાપ-વ્યાપક (ભાવે) કર્તા તો નથી પણ નિમિત્તકર્તા હો એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી એ નિમિત્ત કર્તા હોય એ પરિણામને **'જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.'** એમ કરે તો ભગવાનઆત્માને એ પરિણામ કાયમ કરવામાં નિત્યપણું એમાં આવશે. પરિણામ તો એનું, એને કરે નહિ. પણ એ પરિણામમાં નિમિત્તપણે કર્તા હોય તો દ્રવ્યમાં કાયમ રાગાદિ, પુણ્યાદિનો કર્તા અને પર પરિણામ જ્યાં જ્યાં થાય ત્યાં ત્યાં નિમિત્તપણે કર્તા (થઈને) દ્રવ્યને રહેવું પડે. સમજાણું કાંઈ ?

નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ આત્મા ભગવાન દ્રવ્યસ્વરૂપ વસ્તુ, એ પરદ્રવ્યની સમયમાં થનારી અવસ્થા થાય છે. બસ, એમાં તો કાંઈ ફેરફાર નથી. વ્યાપ્યવ્યાપકનો તો નિષેધ કરી દીધો. એ સમયે જે પરદ્રવ્ય પરિણામ કર્મના, શરીર, વાણી આદિ પદાર્થના પરદ્રવ્યસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણામ એ નૈમિત્તિક અને આત્મા નિમિત્તકર્તા હોય, નિમિત્ત-નૈમિત્તિક કર્તા હોય તો દ્રવ્ય વસ્તુ કાયમ (રહે છે તો) પર પરિણામ જ્યાં જ્યાં (થાય) છે ત્યાં ત્યાં આત્માને રહેવું પડશે. સમજાણું કાંઈ ? નિત્યકર્તાપણાનો પ્રસંગ આવશે. ભગવાનઆત્મા પરપરિણામમાં કર્તા નથી, પણ પરપરિણામમાં નિમિત્તકર્તા હોય તો કાયમ નિમિત્તપણે કર્તાપણે એની સ્થિતિ રહેવી જોઈએ. સમજાણું કાંઈ ? 'ભગવાનજીભાઈ'! સમજાય છે આ ? આહા..હા...! નિત્યકર્તા. પેલું વ્યાપયવ્યાપક કર્તા, આ નિત્યકર્તા થઈ જાય. પરદ્રવ્યની પર્યાયના પરિણામ એ સમયે થનારી પર્યાય તે સમયે તેમાં થાય છે. બસ, એ નૈમિત્તિક. પણ દ્રવ્ય જો નિમિત્ત હોય, વસ્તુ નિમિત્ત હોય, તો કાયમ નિમિત્તકર્તાપણાની ઉપસ્થિતિ એમાં રહેવી પડે.

**શ્રોતા** :– કાયમ નિમિત્ત થાવું જ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— થાવું જ પડે. નિમિત્ત એટલે ત્યાં તો પરિણામ થાય છે. એમાં કોઈ ફેરફાર નથી. પણ નિમિત્તપણે હાજર રહેવું, દ્રવ્યને રહેવું પડે એવું નિત્યકર્તૃત્વનું આત્મામાં પ્રસંગ આવે છે. સમજાણું કાંઈ ? માટે ભગવાનઆત્મા પરદ્રવ્યની નૈમિત્તિક પર્યાય થવાવાળી એમાં થાય છે, એમાં ભગવાનઆત્મા નિમિત્તકર્તા પણ નથી. સમજાણું કાંઈ ? ઠીક આવી ગયા બરાબર, 'શામજીભાઈ'! 'દિલ્હી'થી. ૧૦૦મી ગાથાની ખબર નહોતી ને ? ૧૦૦મી ગાથા ચાલે છે.

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– 'દિલ્હી'માં ક્યાંથી ખબર પડે ? પહેલીવાર સાંભળો છો ? ઓહો..! એ દિગંબર સાધુ થવાના હતા. એ બીજા આવ્યા. કાલે 'દીપચંદજી' હતા એ બીજા. આહા..હા...! ગૃહસ્થ છે. સ્ત્રી છે, છોકરો છે, દિલ્લીમાં મકાન છે. નગ્ન દિગંબર મુનિ થવાના હતા. રોકાઈ ગયા. આ સાંભળ્યું કે વસ્તુ તો બીજી છે. બહુ શાંત છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

ભાઈ ! અહીં તો કહે છે કે આત્મા સિવાય પર આત્માઓ અને પર પરમાણુઓ કર્મ આદિ, ઘટપટ આદિ વગેરે બધા, એની જે સમયે નૈમિત્તિક અવસ્થા થવાની છે તે થાય છે. એમાં આત્મા દ્રવ્ય જો નિમિત્તકર્તા હોય તો દ્રવ્યને કાયમ નિમિત્તકર્તાપણે ધ્રુવપણે કાયમ નિમિત્તકર્તાપણે રહેવું પડે. તો ક્યારેય કર્તાપણું છૂટશે નહિ. કેમ કે ધ્રુવકર્તા થઈ ગયો, નિત્યકર્તા થઈ ગયો. સમજાણું કાંઈ ? તો એમ પણ નથી. ત્યારે છે શું ? આ બે છોકરાઓ આ સાંભળવા માટે આવ્યા છે. 'જીતુ' (સંકલનકાર) અને 'જ્યોતિ', 'જીતેન્દ્ર' અને 'જ્યોતિન્દ્ર' કોલેજમાંથી આવ્યા છે કે ૧૦૦મી ગાથા ચાલે છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...! હવે ત્યારે છે શું ?

જુઓ ! **'(સર્વ અવસ્થાઓમાં વ્યાપ્તા નથી...)'** શું ? આત્મામાં યોગ કંપન થાય છે અને રાગાદિ વિકલ્પ થાય છે એ આત્મામાં સર્વ કાળ થતા નથી. આત્મામાં યોગનું કંપન અને રાગ-દ્વેષાદિ વિકલ્પ આદિના ભાવ મલિન ઉપયોગ, એ ઉપયોગ અને યોગ આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વ અવસ્થામાં રહેનારી વસ્તુ નથી. સમજાણું કાંઈ ? આ અનિત્ય. અનિત્ય કેમ (કહ્યું) ? કે આત્મામાં કાયમ રહેનારી અવસ્થા નથી. યોગનું કંપન અને દયા, દાન, વિકલ્પ આદિ કે રાગાદિ ભાવ. એ અનિત્ય જે સર્વ અવસ્થાઓમાં વ્યાપ્ત નથી. યોગ–ઉપયોગ. ઉપયોગ શબ્દે અહીં રાગ લેવો. રાગ-દ્વેષ મલિન પરિણામ લેવા. યોગ શબ્દે કંપન. જુઓ ! અંદર છે. એ નિમિત્તરૂપથી એને.. શું કહે છે ?

ઘડો બને છે તો એ બનશે જ, પટ બને છે તો બનશે જ, હાથ ચાલે છે તો ચાલશે જ. વાણી થાય તો એ તો થશે જ, એના નૈમિત્તિકમાં આત્મદ્રવ્ય નિમિત્ત નથી. હવે, કાયમ નહિ રહેનારી કંપન અને વિકારી દશા, એ પરિણામ તો ત્યાં થવાના છે એ તો થાય જ છે. એમાં યોગ અને રાગ જે આત્માની કદાચિત્ થનારી પર્યાય છે, એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**'અનિત્ય યોગ અને ઉપયોગ જ...'** જુઓ ! ભાષા એમ છે. રાગ અને કંપન જ, વિકલ્પ અને યોગ–કંપન જ નિમિત્તરૂપે (હોય છે). એ પર્યાય તો ત્યાં નૈમિત્તિક જ છે. ત્યારે અહીંયા નિમિત્તરૂપે યોગ અને વિકારને પરદ્રવ્યસ્વરૂપ પર્યાયનો, પરદ્રવ્યસ્વરૂપ પર્યાયનો ઘટની પર્યાયનો કર્તા છે. જેમ ઘડાની પર્યાય તો થાય છે, પણ કુંભારનો આત્મા–એ દ્રવ્ય નથી કરતો. પણ એમાં કંપન અને રાગભાવ છે, એ પર્યાયમાં નૈમિત્તિકમાં નિમિત્તકર્તા પર્યાયને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ ? 'જ્યોતિ' ! લ્યો ઠીક, 'રામજીભાઈ' અમારે હોશિયાર કહે છે. કહો, આ શું સમજાય છે કાંઈ ? આહા..હા...!

વસ્તુનું સ્વરૂપ કે ભગવાનઆત્મા પોતાના સિવાય અન્ય અનંત પદાર્થની થનારી વર્તમાન અવસ્થા, તેનું કાર્ય અને આત્મા કર્તા એમ તો નથી. પણ એ કાર્યકાળમાં જીવદ્રવ્ય નિમિત્તપણે થતું નથી. એ કાર્યકાળમાં જીવનો કદાચિત થનારી વિકારી કંપન અને વિકારી રાગ-દ્વેષભાવ એ પર્યાય પરની પર્યાયના કાળમાં, પરના કાર્યકાળમાં એ યોગ અને રાગને, વિકારને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** દ્રવ્યમાં અને વિકારી પર્યાયમાં ફેર પડે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ તો કાદિચત્ પર્યાય થાય છે માટે. દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ છે. આ તો વિકારી પર્યાય કંપન અને રાગ તો ક્યારેક થાય છે. એ ત્રિકાળી આત્મામાં નથી. સમજાણું કાંઈ ?

**'યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના...'** તેના એટલે ? પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. પરદ્રવ્યસ્વરૂપ પરિણામ. ઘટ પરિણામ, દાળ, ભાતના પરિણામ, માટીની અવસ્થા, લખવાની અવસ્થા એ પરિણામ પરદ્રવ્યસ્વરૂપ પરિણામના જીવના યોગ, રાગ-દ્વેષ અને વિકલ્પ જે છે એ પરપરિણામના નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભારે ! **'(રાગાદિ વિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને...'** જુઓ ! રાગ-દ્વેષ આદિ પુણ્ય-પાપનો ભાવ વિકારયુક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય પરિણામ જે ભાવ એ '**પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી...**' હવે કદાચિત્ તો અહીંયાં આવ્યું. પહેલું કદાચિત્ પરમાં હતું. સમજાણું કાંઈ ? પરની પરિણતિમાં યોગ-ઉપયોગ કદાચિત્ હોય છે એને નિમિત્તકર્તા કહેવામાં આવ્યું. હવે આત્મા, આત્મા પણ યોગ-ઉપયોગને કદાચિત કરે છે, સદાય કરતો નથી. ન્યાય સાંભળો. આહા..હા...! સમજાણું કાંઈ ?

રાગાદિ, રાગ-દ્વેષ સહિત ચૈતન્ય પરિણામરૂપ પોતાના વિકલ્પ નામ મેલ પરિણામને વિકારને પુણ્યાદિ, દયા, દાનાદિ પરિણામને અને '**(આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને...**' પોતાના વ્યાપારને '**કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી...**' જુઓ ! આત્મા હજી તો પોતાના પરિણામની વાત કરે છે. '**કદાચિત્ અજ્ઞાન...**' યોગ અને રાગનો કર્તા અજ્ઞાની આત્મા અજ્ઞાનપણે છે. જ્ઞાની યોગ અને રાગનો કર્તા છે નહિ, સમકિતી (કર્તા) નથી. સમજાણું કાંઈ ?

કહે છે કે પોતાના વિકલ્પને, વિકારને અને આત્મપ્રદેશને પોતાના વ્યાપારને, પોતાની પર્યાયને '**કદાચિત્ અજ્ઞાનથી...**' પોતાની કેમ લે છે ? કે અહીંયાં પરની પર્યાય તો નથી, છે તો પોતાની. કંપન આત્મામાં થવું અને દયા, દાન, વિકલ્પ આદિનો વિકાર થવો, એને અજ્ઞાનપણે અજ્ઞાની કદાચિત કરે છે, જ્ઞાની તો કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ તો રાગ અને યોગનો કર્તા નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! પ્રદેશનું કંપન અને પુણ્ય-પાપનો રાગાદિ ભાવ, એનો આત્મા અજ્ઞાનપણે કદાચિત કર્તા છે, સદાય કર્તા નથી. કેમ કે રાગ અને વિકલ્પ છે એ તો મેલ છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હોય. સમજાણું કાંઈ ? શું કહે છે ? જુઓ ! ભગવાનની ભક્તિમાં આમ થાય છે ને ? સ્વાહા.. સ્વાહા... વાણીનો સ્વાહા અને આ સ્વાહા. એ તો જડની પર્યાય છે, એ જડની પર્યાય છે. એ સમય જડની પર્યાય નૈમિત્તિક પોતાથી પોતાના જડથી થઈ છે, આત્માથી નહિ. હવે એ પરિણામમાં આત્મા તો નિમિત્તકર્તા નથી. પણ એ પરિણામમાં અજ્ઞાની જે પોતાના કંપન અને રાગનો કર્તા છે, કેમ કે કદાચિત્ અજ્ઞાની અજ્ઞાનપણે કરે છે. એ અજ્ઞાનીના યોગ અને રાગ તેને અજ્ઞાનકર્તા છે, એ યોગ અને રાગ એ પરિણામે નિમિત્તકર્તા કહેવામાં આવે છે, અજ્ઞાનીનો.

**શ્રોતા :–** કદાચિત્ કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યારે કરે છે ને. અજ્ઞાનપણે હોય તો કરે ને. જ્ઞાનપણે હોય એ તો રાગ-દ્વેષ કરતાં નથી. બીજી વખતે સ્પષ્ટ આવશે. થોડું ઝીણું છે.

જુઓ! '**પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી...**' જ્યારે જ્ઞાન થાય છે, પોતાનું જ્ઞાન, સમ્યગ્દર્શન થયું, તો તો રાગ અને કંપનનો કર્તા નથી. પરના કર્તાની તો અહીંયાં વાત નથી. પરના કર્તાની વાત તો અહીંયા છે જ નહિ. અહીં તો અજ્ઞાની આત્મા, જ્યાં સુધી અજ્ઞાન છે, પોતાના ચૈતન્યનું ભાન જ્ઞાનાનંદ સ્વરૂપ સહજાનંદમૂર્તિ, એવો આત્મા જ્ઞાન પિંડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રભુ છે એનું ભાન નથી. અને તેનું અજ્ઞાન છે. તો અજ્ઞાનકાળમાં પુણ્ય અને યોગ, કંપન અને રાગ, યોગ અને કષાય. બેનો કર્તા અજ્ઞાની અજ્ઞાનભાવમાં છે. હવે પરની સાથે પછી કહેશે.

**શ્રોતા :–** કદાચિત્...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું ને અજ્ઞાનભાવે. અજ્ઞાન છે ત્યાં સુધી. જ્ઞાન થશે તો રાગ અને કષાયનો કર્તા નહિ થાય. આ તો હજી પોતામાં વાત છે. પરની સાથેની વાત હવે પછી કહેશે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'(આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી...'** પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી **'કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા...'** છે. પરનો કર્તા થાય એની તો ક્યાંય વાત જ નથી લીધી. અજ્ઞાની પોતાનો રાગ અને દયા, દાન, વ્રત આદિ શુભ-અશુભ વિકલ્પ અને કંપનનો અજ્ઞાની કર્તા છે, અજ્ઞાન છે ત્યાં સુધી. સમજાણું કાંઈ ? લ્યો. શું કીધું સમજાણું ? કે પરદ્રવ્યસ્વરૂપ પરિણામને અજ્ઞાનીના યોગ અને ઉપયોગ, વિકાર એ નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. અને અજ્ઞાની જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગ અને યોગનો કર્તા થાય છે. અરે...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ચર્ચા શું ચાલે છે ? એ તમારે હજી વાર છે એટલું બધું ઝીણું પકડવાની. તમે વેપારી માણસ છો ને ? વાત ચાલે છે એ પકડાતી નથી. આ તો સૂક્ષ્મ વાત છે. આ કાંઈ વ્યાજ કાઢો અને રૂપિયા રળો એવી વાત નથી. અહીં તો હજી બહુ ધીરેથી સમજવા જેવું છે.

અહીં તો કહે છે કે પરદ્રવ્યના પરિણામ જે થાય છે એ તો થશે જ. બસ. એનો વ્યાપક-વ્યાપક (ભાવે) કર્તા તો નથી, કર્તા અને કર્મ તો નથી, આ કર્તા અને એ કાર્ય એમ તો નથી. એક વાત. એ પરદ્રવ્ય પરિણામમાં આત્મા કર્તા છે એમ પણ નથી. કેમ કે આત્મા તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છે. એ કર્તા હોય તો કાયમ ધ્રુવપણે એને કર્તા રહેવું પડે. તો શુદ્ધતા તો ક્યારેય થશે નહિ અને વસ્તુ તો શુદ્ધ છે. આહા..હા...! આ ઘટપટાદિ આ પરપદાર્થની પર્યાય, વાણી, લક્ષ્મી આદિની પર્યાય છે, એમાં યોગ અને ઉપયોગ એટલે કંપન અને રાગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. પણ એ યોગ અને ઉપયોગ કોના ? – અજ્ઞાનીના. કેમ કે અજ્ઞાની યોગ અને ઉપયોગનો કર્તા છે. યોગ અને રાગનો કર્તા અજ્ઞાની છે. તો અજ્ઞાનીના યોગ અને ઉપયોગ પરદ્રવ્યના પરિણામમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અલૌકિક વાત છે, ભાઈ ! વસ્તુનું સ્વરૂપ, તત્ત્વનું સ્વરૂપ આવું છે. આહા..હા...! મુદ્દાની વાત છે. મુદ્દાની રકમ. સમજાણું કાંઈ ? આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે, પહેલાં કહી ગયા. **'અનિત્ય યોગ અને ઉપયોગ નિમિત્તપણે તેના કર્તા છે.'** એ તો પહેલાં કહી ગયા. હવે યોગ અને ઉપયોગ કોના ? એમ કહે છે. પરની પર્યાય થાય છે એ તો થશે. લખવાની, પુસ્તક બનાવવાની, વાણી બોલવાની, હાલવા-ચાલવાની, ભગવાનની પ્રતિમા પધરાવવાની, સ્વાહા એમ હાથ અને વાણી થશે તે તો એ સમયે થશે. સમજાણું કાંઈ ? એ પરિણામમાં યોગ અને ઉપયોગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. પરનો કર્તા તો નહિ, આ તો નિમિત્તકર્તા, યોગ અને રાગ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. હવે યોગ અને ઉપયોગ કોના ? – અજ્ઞાનીનો. કેમ કે અજ્ઞાની યોગ અને ઉપયોગનો કર્તા છે. અજ્ઞાની અજ્ઞાનપણે રાગ અને કંપનનો કર્તા છે. એ કંપન અને રાગનો કર્તા અજ્ઞાની અજ્ઞાનપણે છે. એ યોગ અને રાગ પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આરે.. ભારે વાત, ભાઈ !

આમાં ક્યાં આપણને પુનરુક્તિ દોષ લાગે છે. ફરીવાર કહીએ. એમાં શું છે ? વસ્તુ એવી મૂળ મર્મ છે, ભાઈ ! આહા..હા..! કહે છે કે આ આત્મા જે વસ્તુ છે, વસ્તુ છે. એ તો શુદ્ધ ચિદાનંદ આનંદકંદ જ્ઞાયકભાવ સ્વરૂપ પરમાત્મા છે. એ તો પરપરિણામના કાળમાં નિમિત્તપણે પણ આત્મા કર્તા નથી. હવે નિમિત્તપણાનો અર્થ શું ? નૈમિત્તિક અવસ્થા થાય છે એ તો થશે. એમાં નિમિત્તકર્તા કોને કહે છે ? – કે યોગ અને ઉપયોગને, કંપન અને વિકારને. કંપન અને વિકારને પરની પર્યાયમાં નિમિત્તકર્તાનો આરોપ એમાં આવે છે તો નિમિત્તકર્તા કહેવામાં આવે છે. ખરેખર એનો કર્તા નથી. ખરેખર હોય તો તો પર વ્યાપ્ય-વ્યાપક થઈ જાય. સમજાણું કાંઈ ? પણ એના પરિણામકાળમાં, પરદ્રવ્યની પર્યાયના કાળમાં આત્માના કંપન અને વિકારભાવ, એ પર્યાયકાળમાં આ ભાવ નિમિત્તકર્તા કહેવામાં આવે છે. હવે એ નિમિત્તકર્તા કહેવામાં આવે એ યોગ અને ઉપયોગ કોના ? કે અજ્ઞાનીના. સમજાણું કાંઈ ? કેમ કે એ અજ્ઞાની એ રાગ અને કંપનનો કર્તા છે તો એ અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ઓહોહો..!

કેમ કે જ્ઞાનીના તો યોગ-ઉપોયગ જ નથી. ધર્મી સમ્યગ્દૃષ્ટિ છે, એને તો કંપન પણ એનું નથી અને દયા, દાન, કામ, ક્રોધનો રાગ પણ એનો નથી. ભક્તિના કાળમાં, સ્વાહા આદિ પરિણામમાં કે વંદન આમ કરે એ તો પરદ્રવ્યની પર્યાય થઈ. તો પરદ્રવ્યની પર્યાયમાં આત્મદ્રવ્ય છે એ તો નિમિત્તકર્તા નથી. હવે એનો નિમિત્તકર્તા–એમાં નિમિત્તપણું કોને કહેવામાં આવે છે ? – કે યોગ અને રાગને, યોગ અને કષાયને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એ યોગ અને કષાય કોના છે ? – અજ્ઞાનીના. જ્ઞાનીને તો છે જ નહીં. આહા..હા...! વાત તો આવી છે. આહા..હા...! ભગવાન ! આ તો હિતની વાત છે, પ્રભુ ! સમજાણું કાંઈ ? આહા..હા...! કોણ છે ? ક્યાં કેમ થાય છે ? આહા..હા...!

કહે છે કે ભગવાન ! પ્રભુ ! તું જો રાગ અને કંપનનો કર્તા અજ્ઞાનભાવે થાય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરદ્રવ્યની પર્યાયકાળમાં એ યોગ અને રાગને નિમિત્તકર્તા, નિમિત્તકર્તા (કહેવાય). વસ્તુ તો એને કારણે થાય છે. એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. પણ એ નિમિત્તકર્તા કોને કહે છે ? જે દયા, દાન, વ્રત, શુભ-અશુભ વિકલ્પ ઊઠે છે, એનો કર્તા થાય છે અથવા જેની બહિર્દૃષ્ટિ છે, જેની વિકલ્પ અને રાગ, કંપન ઉપર દૃષ્ટિ છે, એવો અજ્ઞાની રાગ અને કંપનનો અજ્ઞાનભાવે કર્તા થાય છે. તો એ રાગ અને કંપન પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. હવે તો બહુ ઘૂંટાવ્યું. એય...! 'મલુકચંદભાઈ'! આવડે કે નહિ આ ? શેઠિયા માણસ બરાબર છે એમ કહે છે. પાછું આવડે છે કે નહિ એ બહુ સરખું ન કીધું. આ તો ન્યાયથી જરી (સમજવાની વાત છે). આમાં કાંઈ ભાષા એવી કડક નથી, કઠણ નથી. સમજાય છે કાંઈ ?

**શ્રોતા** :– ભાવ ઊંડો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ભાવ તો એવી ચીજ છે. વસ્તુની, તત્ત્વની ચીજ એવી છે. તત્ત્વ ભગવાનઆત્મા તત્ત્વ, તેને પરની પર્યાયમાં નિમિત્ત માનવું, નિમિત્તકર્તા માનવું એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ? પણ એ પરની પર્યાયમાં યોગ અને ઉપયોગને નિમિત્તકર્તા માનવા એ બરાબર છે. પણ કોના ? જે રાગ અને કંપનનો કર્તા છે, એવા અજ્ઞાનીનો યોગ અને રાગ પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. 'બ્રહ્મચારીજી'! બરાબર છે ? આહા..હા...! વસ્તુ એવી છે. તત્ત્વની વસ્તુસ્થિતિ એવી છે એમ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ' !

અહીં તો કહે છે કે રાગ, પુણ્ય-પાપનો વિકલ્પ અને યોગ, એનાથી ભિન્ન નહિ પડેલો એવો આત્મા, ભિન્ન નહિ પડેલો એવો આત્મા, એ અજ્ઞાની છે. એ અજ્ઞાનીનો યોગ અને રાગ કે વિકાર વિકલ્પ પરની પર્યાયના કાળમાં પર્યાય નૈમિત્તિક તો થશે જ. એટલે હું નિમિત્ત થયો, હું નિમિત્ત છું એમ નથી એમ કહે છે. થાય કેમ ? એ તો થાય છે ત્યારે રાગાદિ યોગનો નિમિત્તકર્તાનો આરોપ અપાય છે. પણ કોના ? અજ્ઞાનીના યોગ અને રાગનો કર્તા અજ્ઞાની છે, અજ્ઞાની રાગ અને યોગનો કર્તા છે તો યોગ અને રાગ કર્તા અજ્ઞાનીમાં પરની પર્યાયમાં નિમિત્તકર્તાનો આરોપ યોગ અને રાગમાં આવે છે.

**શ્રોતા** :– ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ના. વ્યવહાર એટલે દ્રવ્ય તો કર્તા નહિ, નિમિત્તકર્તા. પરનો કર્તા નહિ. પરનો નહિ પણ નિમિત્તકર્તાનો આરોપ એને આવે છે. અજ્ઞાનીને એટલો વ્યવહાર છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એનો અર્થ એ થયો કે સમ્યગ્દૃષ્ટિને યોગ અને વિકાર સમ્યગ્દૃષ્ટિને નથી. કેમ કે યોગ અને વિકાર તો દોષ છે. એનાથી તો દૃષ્ટિ મુક્ત થઈ છે. સમ્યગ્દૃષ્ટિ યોગ અને રાગથી મુક્ત થયો છે. તો મુક્ત થયો છે માટે શુદ્ધચિદાનંદ આત્મા છે. આવા જ્ઞાનીને પરની પર્યાયમાં નિમિત્તકર્તાનો આરોપ પણ નથી લાગતો. શું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાની યોગ અને રાગનો કર્તા નથી એવો જે આત્મા, એવો આત્મા સ્વ-પરનું જ્ઞાન જ્ઞાની કરે છે, એમાં જે પર્યાય થાય છે એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે, જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહા..હા...! અવસ્થા ફરી ગઈ. 'સુમનભાઈ' ગયા ? બહુ ગાથા સમજવા જેવી હતી. 'સુમનભાઈ' ગયા હશે. સમજાણું કાંઈ ?

ભાઈ ! ભગવાન પર્યાયદૃષ્ટિવાળો એમ અહીંયાં કહે છે. જેની દૃષ્ટિ પર્યાય ઉપર, રાગ ઉપર, કંપન ઉપર છે, એ પર્યાયદૃષ્ટિવાળો અજ્ઞાની પરની પર્યાયના કાળમાં પરની પર્યાય નૈમિત્તિકનો કર્તા તો નથી, પણ એના કાળમાં નિમિત્તકર્તા અજ્ઞાનીનો રાગ અને કંપન કહેવામાં આવે છે. કેમ ? – કે રાગ અને કંપનનો કર્તા અજ્ઞાની છે એ કારણે. એ કારણે પરની પર્યાયમાં તેના રાગ અને કંપનને નિમિત્તકર્તા કહે છે. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનથી પોતા સિવાય પરદ્રવ્યની પર્યાયનો કર્તા તો નથી, દ્રવ્યરૂપે કર્તા નથી પણ એની પર્યાયરૂપ પણ એનો કર્તા નથી. કેમ કે સમ્યગ્દૃષ્ટિની પર્યાય તો નિર્મળ છે. આહા..હા...! એ નિર્મળ પર્યાય તેની છે, રાગ અને કંપન એના નથી. તો નિર્મળ પર્યાય પરમાં નિમિત્તપણું કરે છે એમ નથી.

ત્યારે ઉલ્ટુ શું થાય છે ? કે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે અને સમ્યક્ નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે. તો નિર્મળ પર્યાય સ્વ અને પરની પ્રકાશક શક્તિ પ્રગટ થઈ છે. તો જે પરિણતિ તેમાં છે એ જ્ઞાનમાં નિમિત્ત પડે છે. પોતાના જ્ઞાનમાં એ નિમિત્ત પડે છે. આ પરમાં નિમિત્ત પડતો હતો, જ્ઞાનીના જ્ઞાનમાં એ વસ્તુ નિમિત્ત પડે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'કાંતિભાઈ'! સમજાય છે કે નહિ ? આ ગાથા કોઈ દી સાંભળતી નહોતી ? નહિ ? આપણે લખાણમાં આવી ગયું છે. આ પ્રવચન જ્યારે થયું ત્યારે બધું આવી ગયું છે. આનું હિન્દી પ્રવચન ચાલ્યું છે ? કર્તા-કર્મ. થઈ ગયું છે. ગુજરાતી પ્રવચન તો (સંવત) ૧૯૯૯ની સાલમાં થયા છે. હિન્દી ઘણા વર્ષ પછી થયું. આજે તો ઘણા પુસ્તક આવી ગયા છે. સમજાણું કાંઈ ?

જુઓને ! સંતોની સ્પષ્ટીકરણ કરવાની ટીકા કેવી છે ! 'અમૃતચંદ્રાચાર્ય' આહા..હા...! ભગવાન તું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છો ને પ્રભુ ! અને જ્ઞાનને અને આનંદના જાણનારા, વેદનારા, કરનારા, થનારા એ પરદ્રવ્યની પર્યાય તો કર્તા નથી, પણ પરદ્રવ્યની પર્યાયમાં નિમિત્તકર્તા પણ નથી. એનું દ્રવ્ય તો નિમિત્તકર્તા નથી પણ એની પર્યાય પણ નિમિત્તકર્તા નથી. આહા..હા...! 'ભગવાનજીભાઈ'! આ તો ઘણા બોલ છે. ઉલટાની જ્ઞેય પરિણતિ છે એ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. પોતાનું પરિણમન પોતાથી છે. જ્ઞાનીને પોતાના સમ્યગ્દર્શનપૂર્વક સ્વ-પરપ્રકાશક પરિણમન પોતાથી છે. પણ એ પરપ્રકાશક પરિણામ પોતાથી થયું, એમાં પરપરિણતિ તો અહીંયાં નિમિત્ત થઈ. જ્ઞાનમાં નિમિત્ત બની. જેમ કેવળીને લોકાલોક નિમિત્ત છે. કેવળજ્ઞાની ભગવાનનું કેવળજ્ઞાન તો પોતાથી થયું, કાંઈ લોકાલોકી નથી થયું; પણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત કહેવામાં આવે છે. લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે, એ બીજી ચીજ છે. નિમિત્તકર્તા નથી, નિમિત્ત છે. થોડી સૂક્ષ્મ વાત છે. લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. એ તો પૃથક્ ચીજ બતાવે છે. નિમિત્તકર્તા એ નહિ, એ બીજી ચીજ છે. ભારે વાત ! ભારે વાત !

ફરીને. આમ કેવળજ્ઞાન થયું તો એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણવાની વ્યક્ત પ્રગટ દશા થઈ. એમાં લોકાલોક નિમિત્ત કહેવામાં આવે છે. અને લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત કહેવાય છે. એ નિમિત્તકર્તા નથી. તો અજ્ઞાન થઈ જાય. પરની પર્યાયનો નિમિત્તકર્તા અજ્ઞાનીનો યોગ અને રાગ પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમ કે અજ્ઞાની યોગ અને રાગનો કર્તા થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ૧૦૦મી ગાથા તો એવી છે, ભાઈ ! અલૌકિક ! કર્તા-કર્મનું અંદર આખુ રહસ્ય છે. જોકે ૭૫-૭૬-૭૭-૭૮-૭૯ ઘણી અલૌકિક છે. થઈ ગઈ. અહીંયાં એકદમ સૂક્ષ્મ.

ભગવાન ! તું આત્મા છો ને, પ્રભુ ! આત્મા છે તો એમાં જ્ઞાન અને આનંદ પડ્યો છે. એમાં કંપન અને રાગ ક્યાં પડ્યો છે ? એવું વિકારના પરિણામ ચાહે તો શુભાશુભ હો કે કંપન હો, એનાથી ભગવાન ભિન્ન પડ્યો, ભગવાન ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું, એવું જ્ઞાનીના જ્ઞાન પરિણામ પરમાં નિમિત્તકર્તા પણ નથી. પરમાં પરના પરિણામ તો થાય જ છે. એનું કાર્ય તો નથી (કરતો) પણ એનો નિમિત્તકર્તા પણ નથી. ત્યારે જ્ઞાનીના જ્ઞાનમાં, કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. તો અહીંયાં થોડું જ્ઞાન છે. પૂરું જ્ઞાન નથી. તો એટલા જ્ઞાનમાં જે પરિણતિ સામે જડ કે આત્માની થાય છે, પર આત્માની, તેને અહીં નિમિત્ત કહેવામાં આવે છે. આ જ્ઞાનની પર્યાય એમાં નિમિત્ત છે, કર્તા નથી. નિમિત્ત તો કહ્યું પાછું જુઓ ! નિમિત્તકર્તા બીજી ચીજ છે, નિમિત્ત બીજી ચીજ છે. આહા..હા...! એમ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકમાં નિમિત્ત છે, નિમિત્તકર્તા નથી. એમ લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત છે, પણ લોકાલોક જ્ઞાનની પર્યાયનો કર્તા નથી. એમ સમ્યગ્જ્ઞાનમાં.. એ પૂર્ણની વાત થઈ. એમ નીચે સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક અલ્પ જ્ઞાન છે. તો એ પર્યાય પરપરિણતિમાં નિમિત્ત કહો. એ તો બંધ અધિકારમાં આવે છે ને ? એ અપેક્ષાએ વાત છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. ૨૫૧-૨૫૨-૨૫૩-૨૫૪ આદિ બંધ અધિકારની ગાથામાં આવે છે કે જ્ઞાની સ્વરૂપમાં ઠરી શકતા નથી. ભાન છે પણ ઠરી શકતા નથી. અશક્ય અનુષ્ઠાન પ્રમાદને કારણે પરને મારું એવો વિકલ્પ પ્રમાદને કારણે આવી જાય, તો જ્ઞાની એમ જાણે છે કે એ સમયે એનું મૃત્યુ થવાનું હતું એમાં હું નિમિત્તમાત્ર છું. નિમિત્તકર્તા નહિ. ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? એ બંધ અધિકારમાં છે. 'જયસેનાચાર્ય'ની બંધ અધિકારની ટીકા છે ને. ૨૫૨-૨૫૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** સમયસાર ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'સમયસાર'. અહીં તો આપણે બધું 'સમયસાર' જ છે ને. 'જયસેનાચાર્ય'ની ટીકા. જુઓ !

**'किं च ज्ञानीना पुरुषेण स्वसंवित्तिलक्षणत्रिगुणत्रिगुप्तसमाधौ स्थातव्यं तावत्।'** અંદરમાં સ્થિર કરવું. **'तद्भावे'** અંતર સ્વરૂપમાં જ્ઞાની સ્થિર ન થઈ શકે તો **'चाशक्यानुष्ठानेन प्रमादेन अस्य मरणं करोमि,'** લડાઈ કરવા પણ સમકિતી જાય છે ને ? જ્ઞાનીને વિકલ્પ આવ્યો. લડાઈ કરવા પણ (જાય). ક્ષાયિક સમકિતિ હોય, રાજકુમાર હોય, અબજો રૂપિયાના દાગીના પહેરીને હાથી ઉપર બેઠો હોય. તીર-બાણ છૂટતા હોય, તો કહે છે કે અંતરમાં સ્થિરતા નથી. **'चाशक्यानुष्ठानेन प्रमादेन अस्य मरणं करोमि, इति यदा विकल्पो भवति'** **`मरणं करोमि, इति यदा विकल्पो भवति'** ભાઈ ! મરણ કરી શકે એ પ્રશ્ન નથી. **'यदा विकल्पो भवति तदा मनसि चिंतयति अस्य शुभाशुभकर्मोदये सति'** એ તો એના કર્મનો ઉદય છે. **'अहं निमित्तमात्रमेव जातः'** અમે તો નિમિત્તમાત્ર છીએ. કર્તા તો નથી, પરનું કારણ નથી, નિમિત્તકર્તા પણ નથી. નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું **'अहं निमित्तमात्रमेव जातः इति मत्वा मनसि रागद्वेषरूपोअहंकारो न कर्तव्य'** આહા..હા...! ભારે વાત, ભાઈ! અલૌકિક વાત છે, બાપા ! કહો, સમજાય છે કે નહિ ? એય..! 'ચુનીભાઈ'! આ બધું સમજવા જેવું છે. આ વેપારીને કઠણ પડે એવું છે. એમ હોય ? આ હળવે... હળવે.. હળવે... તો વાત ચાલે છે, બાપા ! ધીમે-ધીમે સ્પષ્ટીકરણ કરતાં-કરતાં (તો ચાલે છે). અમારે ... કહે, આટલું સ્પષ્ટીકરણ તો થાય છે. સમજમાં આવે, ખ્યાલમાં આવે કે આ કહે છે એમ ખ્યાલ આવે. આ સ્થિતિ છે, વસ્તુની સ્થતિ આ છે. એમ તો ખ્યાલ આવે ને. ઓહોહો..!

કહે છે, બે જગ્યાએ આમાં કહ્યું. આમાં આયુષ્યને કારણે છે, ઓલા શુભાશુભકર્મ. શુભાશુભ છે ને ? બીજાને સુખ દઈ શકું, દુઃખ દઈ શકું. સુખ-દુઃખ તો નથી દઈ શકતો. એના પુણ્યના ઉદયે અનુકૂળ સામગ્રી મળે છે, પાપના ઉદયે પ્રતિકૂળ મળે છે. હું એમાં નિમિત્ત થયો. નિમિત્ત, કર્તા નથી. એમ જ્ઞાની જાણે છે. યોગ અને કષાયનો કર્તા અજ્ઞાની છે, તો એ કષાય અને યોગને પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. દ્રવ્યને નહિ, નિર્મળ પર્યાયને નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

અજ્ઞાનીની વિકાર અને કંપનની બહિર ઉપર દૃષ્ટિ છે, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિનો અભાવ છે તો વસ્તુની દૃષ્ટિના અભાવને કારણે વસ્તુમાં નથી એવા કંપન અને વિકારનો કર્તા થાય છે. પર્યાયદૃષ્ટિવંત, બહિરદૃષ્ટિવંત, બહિરાત્મા. બહિરાત્માનો રાગ અને યોગ કર્તા અજ્ઞાનપણે છે, તો બહિરાત્માના રાગ અને યોગ પરની પર્યાય તો પરના કાળે ઉપાદાનથી થાય છે. અજ્ઞાનીની પર્યાયને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? કહો, 'જીતુ'!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** અજ્ઞાની અજ્ઞાનભાવે રાગ અને યોગનો કર્તા થાય છે માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માટે એને નિમિત્તકર્તા કહેવાય છે. એમ તો ગળકા ખાધા. જુઓ ! તારા ભાઈએ હા પાડી. કહો, સમજાણું કાંઈ ? એ બે ભાઈઓ છે. ભાઈઓ જેવો પ્રેમ છે ને ? જુઓ ! ઓલાનું ઓલાને સારું લાગે, ઓલાને ઓલું સારું લાગે. આ શું કહે છે સમજાણું કાંઈ ? આહા..હા...! ઓલું યાદ આવી ગયું એક.

એક કોળી હતો. છે ને ? કોળી એક અમારે બોટાદ પાસે કોળીની નાત હતી. કોળી તો શિકાર કરે અને ઘણા પાપ કરતા. પાછળ 'સમઢિયાળા'માં એમાં નાગરભાઈ હતા. બહુ સજ્જન માણસ. એને માંસ છોડાવ્યું. મૃત્યુ વખતે એવું થયું, તેની સ્ત્રી મરી ગઈ. ૮૦ વર્ષની ઉંમર. એ મરી ગઈ તો ઠાઠડીમાં બાંધે. ઠાઠડી સમજો છો ? નનામી. ઠાઠડી બાંધતા હતા. તો ડોસો કહે, ઘરમાં કોઈ રહ્યું નહિ. અમે બે રહ્યા. અમે ત્યાં એ ગામ જોયું છે. એ પરમેશ્વર ! અહીં આવ, અહીં. મને લઈ જા. દેહ છૂટી ગયો. દુનિયાને ભ્રમ પડી જાય. સમજાણું કાંઈ ? 'બોટાદ' પાસે ગામ છે. 'ઢિકવાળી' નામનું ગામ છે. ત્યાં કોળી હતો. બન્ને વૃદ્ધ હતા. ૮૦-૮૦ વર્ષની ઉંમર. ડોસી મરી ગઈ. તો રાંધનાર કોઈ નહિ. નનામી બાંધતા હતા તો એને યાદ આવ્યું કે હે પરમેશ્વર ! અહીંયાં આવ. મને લઈ જા. એમ કહ્યું ત્યાં ખલાસ થઈ ગયા. આ તો બનવાયોગ બને છે. લોકો માને છે કે આ પરમેશ્વર લઈ ગયા. ધૂળેય પરમેશ્વર નથી. આયુષ્યની સ્થિતિ એમ થવાની હતી માટે એને એવો વિકલ્પ આવ્યો અને આમ થઈ ગયું. દુનિયાને એમ કે.... શું કરે. પાલખી બાંધી. ઓ..હો..! આ તો પરમેશ્વર લેવા આવ્યા, લોકો એમ માને ને. ધૂળેય નહિ. નિરોગી માણસ હોં. બેઠા અને બોલ્યા હે પરમેશ્વર! અહીંયાં આવ અહીંયાં. એને લઈ જા છો અહીંયાં મને રાંધી દેનારું કોણ છે ? મને પણ લઈ જા. એય..! 'ચંપકભાઈ' એ 'નાગરભાઈ' કહેતાં હતા. આપણા નાગરભાઈ છે ને ? નાગરભાઈએ એને માંસ અને દારૂ છોડાવ્યા હતા. દારૂ પીતો હતો. એ છોડાવ્યો. આ ખવાઈ નહિ. બિચારાના છેલ્લે આવા પરિણામ થઈ ગયા. પરમેશ્વર કોઈ કર્તા-બર્તા નથી, હોં ! આહા..હા...!

એમ પરની પર્યાયમાં કર્તા આત્મા અજ્ઞાની પણ નથી. જ્ઞાની તો નિમિત્તપણે કર્તા છે નહિ, પણ અજ્ઞાની નિમિત્તપણાના કર્તાનો અર્થ એ પર્યાયનો કર્તા છે જ નહિ. આહા..હા...! કહો, શાંતિભાઈ ! સમજાય છે કે નહિ ? આ તો ખૂબ બે-ચારવાર ઘૂંટીને વાત ચાલે છે. આહા..હા...! આ તો આપણે ઘણીવાર ચાલ્યું છે. આ લખાઈ ગયું છે, આ કાંઈ નવું નથી. આ તો વળી જ્યારે આવે ત્યારે ચાલે ને ? આ સોળમી વાર ચાલે છે.

**શ્રોતા :–** આ ફેરે થોડું વધારે સ્પષ્ટ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વધારે સ્પષ્ટ થાય, એ તો વધારે થતું જાય ને. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** નૈમિત્તિક તો થાય જ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો થાય જ. એની પર્યાય નૈમિત્તિક થાય એની તો વાત છે. આ કરે, વ્યાપ્ય એનું તો છે જ નહિ. કર્મ તો એનું નથી. એ પ્રશ્ન તો થઈ ગયો. પરની પર્યાયનું કર્મ, આત્માનું તો એ પર્યાયનું કાર્ય છે નહિ. એ તો પ્રશ્ન ખલાઈ થઈ ગયો. હવે આત્મા જે ત્રિકાળી છે એ પણ એમાં નિમિત્તકર્તા પણ નથી. તો ધ્રુવ થઈ જાય, ધ્રુવકર્તા થઈ જાય તો ધ્રુવપણું મલિન થઈ જાય, એમ કદી બનતું નથી. હવે આત્માના, અજ્ઞાનીના વિકાર અને યોગને પરની પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવ્યું. કેમ કે અજ્ઞાની યોગ અને રાગનો કર્તા થાય છે એ કારણથી પરની પર્યાયના કાળમાં એના યોગ ઉપયોગને નિમિત્ત કહેવામાં આવ્યું. કેમ કે એનો કર્તા છે માટે. પોતાના પરિણામનો કર્તા વિકારીનો થાય છે માટે પરની પર્યાયમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનું કાંઈ નહિ. તેથી તો આ પ્રશ્ન મૂકાય છે. નિમિત્તકર્તા કહેવાય છે એનો અર્થ કે એનું તો કાંઈ કર્યું નથી. નિમિત્તપણે આરોપ એને દેવામાં આવે છે. કેમ કે પોતે રાગ અને યોગનો કર્તા બને છે માટે. સમજાણું કાંઈ ? આહા..હા...! સમજાય છે કે નહિ ? એય...! 'જયંતિભાઈ'! રાતે પૂછશે તો આવડશે કે નહિ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પહેલાં કહ્યું, જુઓને, કે અનિત્યકર્તા છે એ તો પહેલાં કહી ગયા.

**'અનિત્ય યોગ અને ઉપયોગ જ નિમિત્તપણે તેના કર્તા છે.'** પરની પર્યાયનો નિમિત્તરૂપથી કર્તા છે. એ તો પહેલાં કહી ગયા. હવે નિમિત્તરૂપે કર્તા કોણ છે એની વાત સિદ્ધ કરે છે. જે **'પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી યોગ અને ઉપયોગનો તો આત્મા પણ કર્તા..'** છે એમ પાછું સિદ્ધ કરવું છે. પણ પરનો કર્તા તો છે જ નહિ. એમ કહે છે. જુઓ! **'ઉપયોગ તો આત્મા પણ કર્તા ભલે હો તથાપિ પરદ્રવ્યસ્વરૂપ...'** કાર્ય, પરદ્રવ્યસ્વરૂપ પરિણામ, પરદ્રવ્યસ્વરૂપ અવસ્થા, પરદ્રવ્યસ્વરૂપ અંશ તેનો **'કર્તા તો (નિમિત્તપણે પણ કદી) નથી.'** આત્મા તો નિમિત્તરૂપે પણ કદાચિત કર્તા નથી. સમજાણું કાંઈ ? આ તો નિમિત્તપણાનો આરોપ પણ આત્માને નથી આવતો એમ કહે છે.

અજ્ઞાનીના રાગ અને કંપનનો કર્તા બહિરબુદ્ધિ થાય છે. પોતાનું અસ્તિત્વ રાગ અને કંપનથી ભિન્ન છે એનું હોવાપણાનું ભાન નથી, એવો અજ્ઞાની, એના વિકાર અને કંપન પરની પર્યાયના કાર્યકાળમાં એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે, કેમ કે એ રાગ અને કંપનનો કર્તા થાય છે માટે. સમજાણું કાંઈ ? જુઓ ! એ ટીકા પૂરી થઈ. ભાવાર્થ બાકી રહ્યો. આહા..હા...!

આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને કહ્યું માટે એવું છે એમ નથી. આવું વસ્તુનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? આ તો કહે કે અમે નિમિત્ત તો થયા ને. એનો અર્થ કે એ અમે નિમિત્ત થયા તો એ પર્યાય થાય છે એમ. અમારે ભાઈ છે ને એ કેવા ? 'ઢેબરભાઈ' હા, 'ઢેબરભાઈ'. આ વાત અહીંયાં સાંભળવા આવે. નેતા છે ને ? કાર્યકર્તા. મહારાજ કહે છે કે કર્તા નથી પણ આપણે નિમિત્ત તો થઈએ ને ? એનો અર્થ શું ? શું તું નિમિત્ત છે માટે ત્યાં પર્યાય થાય છે ? એમ તમારું કહેવું છે ? કહેવાનો અર્થ શું છે ? એ તો પર્યાય થાય છે, ત્યારે જાણનારો જોડે નિમિત્ત છે એ કહે છે કે આ એક નિમિત્ત છે. એમ જાણવામાં આવે છે. પણ અમે નિમિત્ત તો ખરા ને. નિમિત્તનો અર્થ કે હું ત્યાં છું માટે એમ થયું. અમે નિમિત્ત થયા માટે ત્યાં આમ થયું. સમજાણું કાંઈ ? એમ નથી. ભાવાર્થ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

* સાધ્ય એવો જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધભગવંતો છે. દ્રવ્યસ્તુતિ દ્વારા 'હે સિદ્ધ પરમાત્મા !' એમ કહે છે ત્યાં ભાવસ્તુતિ દ્વારા પોતાના આત્મામાં પડઘો પડે છે કે 'હે સિદ્ધ પરમાત્મા !' આ રીતે સાધ્ય તો માત્ર પોતાનો આત્મા જ છે પણ સિદ્ધભગવંતો સાધ્યના પ્રતિચ્છંદના સ્થાને છે. એવા તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે, સિદ્ધરૂપે જ મારું સ્વરૂપ છે, એવા સિદ્ધસ્વરૂપ નિજ આત્માને ધ્યાઈને, સંસારી જીવો તેમના જેવા થઈ જાય છે. ૮૪.

* ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને–જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે; હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ. ૮૬.

* અહો પ્રભુ ! તારામાં પ્રભુતા પડી છે, તું પોતે જ પ્રભુ છો. તારા પેટમાં પરમાત્મપણું પડ્યું છે, તેમાંથી સંસાર પ્રસવે એવી તારામાં શક્તિ જ નથી. કેવળી થવાની તારામાં ખાણ પડી છે. ૯૩.

--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com